५८

विलासस

१८८५

२०११२

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે જાનેવારી સન ૧૮૮૯. અંક ૧લો.

1. THE POEM.

૧. પ્રભુ પ્રાર્થના.

છંદ ઉપજાતિની ચાલ.

કૃપાળુ કર્તાર કૃપા કરીને, ભર્તાં સદા ભાવ ભલો
હર્તા દુખો વીઘ્ન થતાં વિદારો, પ્રભુ નવું વર્ષ
વિભુ તમે વિશ્વ વસાવનારા, ન ભુમિ ને વ્યો
અજોમીયાને પણ એ ઇસારો, પ્રભુ નવું
અખંડ છો વ્યાપક ખંડ ખંડે, ભાલ વિધે
ન તોય તેથી વળગે વિકારો, પ્રભુ નવું વ
અનેકમાં આપ સ્વરૂપ એકે, વસી રહ્યા
હરેકની હામ પુરો હજારો, પ્રભુ નવું વર્ષ
મહાન માયા પ્રભુ છે તમારી, ભુલાં પડે
કૃપા તમારી વણ નહીં કિનારો, પ્રભુ
પુરાણ ને વેદ પુરા ન પ્રીછે, શું જા
પોચતાં વાણિ અને વિચારો, પ્ર
સદા પાપથી તારનારા, વિ
.ામને આશ્રય છે તમારો,
રૂર છો અંતરજામી જેથ
ણીપણે ધ્યાન વીનંતી
હાયતા જો ન કરો તો

ફરે નહીં નીમ કશો તમારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૯.
ક્ષણે ક્ષણે આપ ક્ષમા કરોછો, મિનિટમાં માત્ર દુખો હરોછો;
પળેકમાં પાર તમે ઉતારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો ૧૦.
ગયું ગયું વર્ષ ઘણા ઉતાપે, વસ્તી રડે તેથી હજી વિલાપે;
અપલ્ય આપત્તી થકી ઉગારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૧૧.
રડાવીયા રહાડથી રોગ ચાળે, ડરાવીયા દુસ્તર મોઘ...રે,
નડયા કરે તસ્કર ત્રાસકારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૧૨.
કરે ગ્રહો કષ્ટ તમામ કાપી, પ્રજા થવા સર્વ રીતે પ્રતાપી;
સુહોંસ ને હર્ષ સદા વધારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૧૩.
ઉમેદ ને ઉદ્યમ બહુ પ્રફુલે. ખુશી વિષે વસ્તિ સદૈવ ખીલે;
...વેકથી મેળવી સદ્ વિચારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૧૪.
...હરો અર્જ શુણી ઉતાપ, સ્વદેશીનો શ્રેષ્ટ થવા પ્રતાપ;
... સંતાપથી સઘ તારો, પ્રભુ નવું વર્ષ પુરૂં સુધારો. ૧૫.

પ્રતાપરાય શીવલાલ માંકડ.

જામનગર.

——oOo——

... DURGADAS.

...૨. દુરગાદાસ.

(...સાંધણ પૃષ્ટ ૨૨૫મેથી).

...તાની સાથે આવવા માટે પચીશ સવારોને હુક-
... આવતા સૂધી રોહિતમાં રહેવાની તાકીદ
... લાલબા ને તેજાને માટે મ્યાનો તૈયાર
... પણ તૈયાર થયા. સઘળો ખ... ...ડોર
...મુસલમાનનું ચલીયું સરખું ... ...ક
... માગી લીધો કે કોઠ...
...ા મજબુત ને ચાલ...
...રતાં રાત્રી પડી. ખા...

ખાઇ લેઇ થોડો વિસામો ખાઇ વળી આગળ ચાલ્યા તે મોટી પ્રભાતમાં મંડો-
ર આવી પહોંચ્યા. કિલ્લાના દરવાજા હમણાંજ ઉઘડયા હતા, એટલે તેમને
અંદર જવાને અડચણ પડી નહિ.

તેજબાનાં પીયરીઆં જો કે રાઠોડ નહોતાં, તોપણ તેઓ પોતાની
દીકરીને, જમાઇને અને તેમના જીવ ઉગારનારા દુરગાદાસને જોઇ રાજી થયાં.
સર્વએ એક બીજાને મળી ભેટી ખુશાલી બતાવી. દુરગાદાસે પાછા જવા
માટે તાકીદ કરી. એટલે તેજબાએ કહ્યું કે કેમ, મારા પીયરનું અંન પણ
નહિ ગમે કે? જમ્યા વગર જવાનું નથી. આજે થાક્યા પાક્યા આરામ લો
ને કાલે અહીંથી જવાશે. પૃથીસિંગ તેજબાનો ભાઇ થતો હતો, તેણે આ
વાતને ટેકો આપ્યો. વિજયસિંગ ઠાકોર પણ સંમત્ત થયા; તેથી દુરગાદાસથી
ના કહેવાયું નહિ. એટલે તેજબાએ સર્વને માટે જમણ કરવાનો હુકમ કર્યો.

વિજયસિંગ ને દુરગાદાસ એકાંતમાં બેશી હવે પછી લઢાઇની કેવી
યોજના કરવી તેના વિચારમાં ગુંથાયા. લાલબા પોતાને માટે આપેલા ઓર-
ડામાં એકાંતમાં પ્રભુ પ્રાર્થના કરવા લાગી કે તે મારવાડનો જલદી છૂટકારો
કરે. તેજબા તો દુરગાદાસની ખાનગી મુલાકાત શી રીતે લેવાશે તેની યોજના
ઘડવામાં ગુંથાઇ.

જમવાનો સમય થયો ને સઘળા પાટલે બેઠા. માનસિંગ ને ગંભિર
દુરગાદાસની આસપાસ બેઠા. વાતોના તડાકા મારતાં જમણ ઉપર હાથ પડ-
વા લાગ્યા. સર્વ રોહિતગઢની લઢાઇની હકીકત વર્ણવા લાગ્યા. તેજબાના
પીયરીઆં ગંભિરની જુવાની તરફ જોતાં તેની બહાદુરીનાં વખાણ કરવા
લાગ્યા. ગભિરે નીચે મોંઢે સાંભળ્યા કર્યું. જમી રહ્યા ને પાન સોપારી આ-
વ્યાં. વળી પાછા વાતોના તડાકા ચાલ્યા. દુરગાદાસને પોતાની પ્રિય માતાનુ
મૃત્યુ યાદ આવ્યું. તે દુશ્મન ઉપર વેર લેવાના આવેશમાં આવ્યો. તેણે
ઉઠીને વિચાર સાગરમાં ડોલતાં પોતાના પગ ધીરે ધીરે આગળ ચલાવ્યા.
થોડા વખતમાં તે મહેલની એક અગાસીમાં આવી ચઢયો. તેજબા જે દુર-
ગાદાસના પગ કયી તરફ જાયછે તે તપાસ્યા કરતી હતી તે, દુરગાદાસને એક-
લો [illegible] જોઇ તેની પાછળ ચાલી. તે વખતે સૂર્યાસ્ત થયો હતો. આકાશનાં
[illegible] વાદળાં થોડે થોડે વીખરાઇ જઇ તારા પ્રકાશતા હતા. ચંદ્રમા પ્રકા-
[illegible] થોડીવાર હતી. પૃથ્વી ઉપર અંધારૂં પથરાયું હતું. દુરગાદાસ અગા-
[illegible] એક બેઠક ઉપર આવી બેઠો. એવામાં પગલાંની પડઘી પડતી સંભળા-

ઇ. તેજબા કોઇ દેખે નહિ તેમ દુરગાદાસની પાછળ આવી ઉભી ને તેના ગળા ઉપર હાથ નાંખી બેઠી. એટલે દુરગાદાસ એકદમ ચમકીને ઉભો થયો, તો તેજબાને દીઠી.

ચંદ્રમાએ પોતાનાં શીતળ કીરણો પ્રકાશવા માંડયાં ને દુરગાદાસની આસપાસ પથરાવા માંડયાં. તેજબાએ દુરગાદાસને પૂછ્યું કે તમે આ જગાએ કેમ આવ્યા. દુરગાદાસે કહ્યું કે ઘરના ખળભળાટમાં અને ત્યાં મળેલા લોકોની વાતોમાં રસ ન પડવાથી વગર વિચારે ચાલતાં આ અગાસીમાં આવી ચઢયો. એટલામાં તમે આવ્યાં. તેજબાએ કહ્યું કે પેલા હવડ કુવામાં હીમતકુંવર કરીને એક સુંદર સ્ત્રીએ આપઘાત કર્યો હતો. દુરગાદાસ કહે શા માટે? તેજબા કહે તે જે મરદને ચહાતી હતી તેણે તેને તુચ્છકારી કહાડી બીજી સાથે લગ્ન કર્યાથી. દુરગાદાસે કહ્યું ગરીબ બિચારી અબળા. તેજબાએ કહ્યું, ત્યારે તમને તેની દયા આવેછે કેમ વારૂ? દુરગાદાસે કહ્યું એવી સ્થિતિમાં એ સ્ત્રીની દયા નહિ ખાનારને માણસજ કહેવો ન જોઈએ. તેજબાએ કહ્યું કે ત્યારે એ મરદની જગાએ તમે હોત તો તેને એ દશાને પામવા નહિ દેત કેમ? આ સવાલથી દુરગાદાસ અચકાયો. તેને રોહિતગઢની મુલાકાત યાદ આવી. તેની જાતને અને કુળને લજાવનારો આ સવાલ સાંભળી જાણે એ સવાલ સમજ્યો ન હોય, તેમ દુરગાદાસે આડો તેડો જવાબ દેઇ વાત ઉડાવી, ચાલવા માંડયું.

આ પ્રમાણે એકાંતમાં મળેલો લાગ, આ પ્રમાણે ગુમાવતી જોઇ, અને સવારે જશે તો કદાચ ફરીને કોઇવાર મળશે નહિ, એવો વિચાર આવ્યાથી તેના અંતઃકરણમાંથી લાજ ને શરમ જતાં રહ્યાં. ડહાપણ તેનામાં હતુંજ નહિ. જેવો દુરગાદાસ જતો હતો તેવોજ તેજબાએ પોતાનો હાથ તેના ખભા ઉપર મૂકયો ને તેને ચાલતો અટકાવ્યો. તેના મનમાં ગડભાંગ થાવા લાગી ને તે સ્તબ્ધ ઉભી રહી. તેના ખભા ઉપર માથું મૂકયું ને આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. દુરગાદાસ પણ સ્થિર થઇ ઉભો. તેજબા વધારે ડુસકાં ભરી આંસુ ખેરવા લાગી. શરમ અને આશ્ચર્યથી દુરગાદાસની જીભ બંધ થઇ હતી તે છૂટ કરી તે નરમાશથી બોલ્યો કે તમને આ પ્રમાણે દુઃખ થવાનું કારણ શું છે? શું મારા ગયાથી અહીં તમારી સલામતી નહિ રહે સાથે આવતા તમારા ભાણેજ ને ભત્રીજાની સલામતી માટે ભય—

તેજબા તેને બોલતો અટકાવી બોલી ઉઠી કે નહિ નહિ, તે ક

નહિ, પણ તમારા ગયા પછી હીમતકુંવરની સ્થિતિ મારી થશે. આ સાંભળી વળી દુરગાદાસ મુગો રહ્યો. તે આ છેલ્લા બોલથી આશ્ચર્ય પામ્યો. આ શરમ ભરેલું તેજબાના હૃદયનું સત્ય તેના સમજવામાં આવ્યાથી તેનો શો ઉત્તર આપવો તે તેને સુજ્યું નહિ. તેજબાનું હૃદય એટલું ધડકવા લાગ્યું કે જેથી દુરગાદાસ સમજ્યો કે હમણાં એને મુર્છા આવશે. તેથી તેનાથી છૂટા થઇ એક બે વાર તેણીને નીચે બેસાડવાનો યત્ન કરતો હતો તેવામાં તેજબા તેને વળગીને બોલી ઉઠી, નિર્દય દુરગાદાસ, તમારૂં અંતઃકરણ વજ્ર જેવું જણાય છે. નહિ તો તમે મારૂં મન જાણ્યા વગર રહો નહિ. કાંઇ નહિ તો મારી આ દયામણી હાલતની દયા ખાધા વગર પણ રહો નહિ. પણ જ્યારે તમે મને ધિક્કારો છો, તો હીમતકુંવરની હાલત મારી પણ થશેજ.

આવા ખુલ્લા શબ્દો સાંભળ્યા છતાં હવે પોતાના વિચાર છૂપાવી પેચ રમવો એ મૂર્ખાઇ છે એમ દુરગાદાસને જણાયું. તેથી દુરગાદાસે ધીમેથી તેજબાને દૃઢતાથી બેઠક પર બેસાડીને કહ્યું. તેજબા, તમારો સ્વામી મારો મિત્ર છે. ને તમે મારાં ભગ્ની તૂલ્ય છો આવાં બેશરમ વાક્યો સાંભળીને મને કંપારો છૂટેછે. મિત્ર ધર્મ ભંગ કરવા જેવું પાપ બીજું એકે નથી. વિજયસિંગને મારા ભાઇ તમને મારાં ભગ્ની તૂલ્ય ગણુંછું ને ગણીશ.

તેજબાનાં આસું નરમ પડયાં. તે બોલી, પણ જો તેમ ન હોય તો—મારી મરજી નહિ છતાં મારાં માબાપે મને ફૂળ જોઇ આ વૃદ્ધને માથે માર્યી છે, અને તેની મિલ્કત બતાવી મને બંધનમાં નાંખી છે, તે બંધનથી હું મુક્ત થાઉં ત્યારે હું આ આંસુ પાડું છું તે શું વ્યર્થ જશે કે કેમ, તે કહો. આ સવાલનો જવાબ દેવાને દુરગાદાસ વિચારમાં પડયો. એટલે તેજબાના અંતઃકરણમાં આશાના ફણગા ફૂટવા લાગ્યા. તે તેના ખભા ઉપર માથું મૂકી બોલી કે દુરગાદાસ મને શું કહોછો? મને નિરાશ કરો ના નહિ. મેં કોઈ ઉપર હજુ પ્રેમ કીધો નથી અને હવે તમારા ઉપર કરૂંછું તો ધિક્કારશો નહિ. પ્યારા દુરગાદાસ, ગમે તો મને મારી નાંખો, પણ તમે મને ચહાશો નહિ એવું કારી વાક્ય બોલશો નહિ.

તેજબાનાં ગુસ્સાળાં વેણથી દુરગાદાસ ભયભીત થયો. તે બોલ્યો, તેજબા, મારા પ્રિય મિત્ર તરફની તમારી ફરજ વિરૂદ્ધ કાંઇપણ કહેવાને હું અશક્ત છું. હું આ દુઃખદાયક વાતચીત ભૂલી જઇ મારા પ્રિય મિત્રને જેવો ચાહુંછું તેવોજ તેની પત્નિને પણ જન્મપર્યંત ચાહીશ. તેજબા ગુસ્સામાં બોલી

ઉઠી કે. ત્યારે એમ બોલી તમે શું મારો ઘાત કરાવશો ?

દુરગાદાસે કહ્યું, નહિ નહિ તમને ધીરજ આપવાને કહુંછું. આ વખતે તમને એક માણસ નહિ, પણ આરસ હૃદયનો દુરગાદાસ કહેછે. મને તમારાં આંસુની કે ડુસકાંની કાંઇ અસર થવાની નથી. તમારા સ્વામીના હક લેઇ લેવામાં પાપ નથી એવું સમજવાની કદાચ મારામાં મૂર્ખાઇ આવે, તોપણ હવે તમારા સૌંદર્યની મને કાંઇપણ અસર થવાની નથી. જો કે મારામાંથી સદ્‌ગુણો નાશ પામે, તોપણ જે હૃદય, જે પ્રેમ એકવાર હું બીજાને આપી ચૂકયો છું, તે બીજાને મળનાર નથી. તેના વિભાગ પડનાર નથી.

તેજબા આ જવાબથી ગભરાઇ, પણ ધીરજથી બોલી, જેવી તમારી પત્ની છે તેવીજ, તે, ને હું એક રૂપ થઇ રહીશું. હું તેની આજ્ઞામાં રહીશ, તેની દાશી થઇને રહીશ. પણ દુરગાદાસ તમે કહો કે જ્યારે સમય મને બંધનથી મુક્ત કરે ત્યારે તમે મને પોતાની કરીને રાખશો. ત્યાંસુધી હું તમારા ઉપર પ્રેમ વૃત્તિથી રહી સુખી થઇશ

દુરગાદાસેં કહ્યું કે તમે આવા બોલથી તમારી આબરૂ ગુમાવો છો; તમારા આત્માને તમે પાપી ઇચ્છામાં ડુબાવો છો, તમે મૃગજળ માટે તમારૂં સુખ અને આબરૂ ગુમાવો છો. કેમકે હું ફરીથી કહુ છું કે મારો પ્રેમ અવિભાજ્ય છે, તે બીજી કોઇપણ સ્ત્રી ઉપર થનાર નથીજ. આમ બોલી તે ઉઠયો. તેજબાનું હૃદય ભેદાયું, ને તેની ઇચ્છા નિર્મુળ થઇ એમ જણાયું, તેથી તે હવે શું કહેવું તેનો વિચાર કરતી હતી, એટલામાં માનસિંગ ગાભરો ગાભરો દુરગાદાસને ખોળતો ત્યાં આવી પહોંચ્યો.

માનસિંગનો ગાભરો ચહેરો જોઇને દુરગાદાસે પૂછ્યું કે કેમ શી ખબર છે ?

રૂપગઢની ખબર લેઇ એક ખેપીઓ આવ્યો છે. ત્યાં ત્રાસદાયક ખુન થયાં છે ને તેમાં ઘણાં ખાનદાન કુટુંબના આગેવાનો મરાયા છે. એમ બોલી અટકયો. તેનાથી આગળ બોલાયું નહિ. એટલે દુરગાદાસે કહ્યું કે એ તો હુ સમજ્યો કે મારા સસરા નાહરસિંગ એમાં મરાયા છે. ખેપીઆને અંદર બોલાવો

માનસિંગ બહાર ગયો, દુરગાદાસ જમીન ઉપર એકી નજરે જોઇ રહ્યો. તેજબા તેની આ દીલગીરીના સમયમાં કાંઇપણ બોલી શકી નહિ. એવામાં ખેપીઆને લેઇ માનસિંગ અંદર આવ્યો એટલે દુરગાદાસે તેજબા-

ને કહ્યું કે આ ખુની વાતો સાંભળવી આપને યોગ્ય નથી માટે આપ અંદર જાઓ. એટલે તેજબા અંદર ગઇ.

માનસિંગે પેલા અજાણ્યા માણસને બતાવી કહ્યું કે આ નાવન પુરૂષ તે ગુલાબસિંગ રાઠોડ છે. તેઓ ખુન થયાં કે તરતજ ત્યાંથી નીકળી આવ્યા છે.

ગુલાબસિંગે કહ્યું કે હું તમારા વિજયી બાહુને બોલાવવા આવ્યો છું જેથી તમે તમારા સસરાનું વેર લો. તમારા સસરા સાથે બીજા અરાડ રાઠોડ ઠાકોરોનાં ખુન રૂપગઢમાં થયાં છે. એમ કહી તેણે ટુંકામાં એ ઘાતકી હકીકત કહી સંભળાવી કે—

હું અને મારો પિતા ગોંદવાડથી મારે ગામ જતા હતા, ત્યાં રાત પડવાથી રૂપગઢમાં મુકામ કર્યો. રોહિતગઢથી નાઠેલો ઇનાયતખાન જે દિવસે રૂપગઢમાં પેઠો તેજ દિવસે અમે પણ ત્યાં આવ્યા. ઇનાયતખાનને તમારી જીતની અને પોતાની હારની વાત છૂપી રાખવાને ઘણોએ યત્ન કર્યો પણ વ્યર્થ, ત્યાંથી નાશી આવેલા બે ત્રણ સિપાઇઓએ રોહિતની સખત લઢાઇની વાત ચલાવી ને તેવામાંજ ઇનાયતખાન નાસતો રૂપગઢમાં આવ્યો. એટલે સઘળા રાઠોડો સમજ્યા કે મારવાડની સ્વતંત્રતાની શરૂઆત થઇ. રાત્રે એક બીજાને ઘેર રાઠોડો આનંદભર વાતો ચલાવા લાગ્યા ને કેટલાકતો તમારી જીત માટે તમારા સસરાને મુબારકબાદી આપવા લાગ્યા. મારા પિતા ને હું પણ એ મુબારકબાદી આપવામાં હતા. મારા પિતાએ કહ્યું કે ઠાકોર, જ્યારે બધું મારવાડ તાબેદારીમાં ગરક છે ત્યારે જુલમીનો નાશ કરવાનો ગુણ દુરગાદાસ કયાંથી શીખ્યો? તેમણે કહ્યું નાનપણથીજ એ મોટા મનનો ને નિર્બળનો બેલી હતો. બળવાન છોકરા, નિર્બળને મારતા જોઇ તે હમેશાં નિર્બળની સહાય કરતો. મુંગા પ્રાણી ઉપર પણ જો કોઇ જુલમ કરતો તો દુરગાદાસ તે અવાચક પ્રાણીની મદદે જતો. એના મોસાળમાં એને એવો સદ્‌ગુણી જોવાથીજ મારી વહાલી દીકરી પદ્મણી એનેજ દેવાને મારૂં મન ઉશ્કેરાયું હતું.

બીજે દિવસે સવારે રૂપગઢના કિલ્લેદારે નાહરસિંગ અને બીજા રાઠોડ ઠાકોરોને તેડું મોકલી દરબારમાં બોલાવ્યા. નાહરસિંગ વૃદ્ધ હોવાથી સર્વથી પાછળ ગયા. મેં દરબારગઢના દરવાજામાં જતા દીઠા. હું તેમની રાહ જોઇ ઉભો રહ્યો, એટલામાં મારો ચાકર સાસભેર મને ખોળતો આવ્યો. રસ્તામાં

તેણે ખબર આપી કે મારા પિતાને પણ નાહરસિંગ સાથે સંપ કરી બળવો કરવાના અપરાધ માટે કેદ કર્યા છે. મારા ચાકરે કહ્યું કે નાહરસિંગ ને તેમના બરાડ સોબતીનો શીરચ્છેદ કર્યો છે. અને તેનું વેર લેવાને અને તમારા પિતા અને તેમના સોબતી કેદીઓને છોડાવવાને દુરગાદાસને તેડી લાવવાને તાકીદે જવાને તમને હુકમ કર્યો છે. તે ઉપરથી લાગલો સવાર થઇ હું રોહિત ગયો તો ત્યાંથી તમે અહીં આવ્યાની ખબર મળી કે હું અહીં દોડતો આવ્યો છું. દુરગાદાસે કહ્યું કે ચાલો જલદી તૈયાર થઇ રોહિતગઢ જઇએ.

ગુલાબસિંગે કહ્યું રોહિતગઢ શા માટે? દુરગાદાસ કહ્યું કે લશ્કર લાવવાને. ગુલાબસિંગે કહ્યું કે રોહિતમાં તમને ના દીઠા એટલે રૂપસિંગ અને કલ્યાણસિંગને સર્વ લશ્કર લેઇ પાછળથી મંડોર આવી પહોંચવાનું કહી હું અહીં આવ્યો કે વખત ન જાય. એથી સર્વ લશ્કર દરવાજા બહાર તમારી રાહ જુએછે. આ પ્રમાણે તમારૂં મન વરતવાની હીમત કર્યા માટે મને માફ કરશો. દુરગાદાસે કહ્યું કે તમારા જેવા મારૂં મન વરતનાર હમેશાં મારે પડખે હોજો. એમ બોલી માનસિંગને કહ્યું કે તમારા કાકાને મળવા જેટલો વખત નથી. તમે તેમને સમાચાર કહી પાછળથી આવી પહોંચો. હું લશ્કર લેઇ જાઉંછું. ગંભિર દુરગાદાસની પુઠે ચાલ્યો. માનસિંગે કહ્યું હું રસ્તામાંજ તમને પકડી પાડુંછું.

(અધુરૂં).

---

3. ART OF PROLONGING LIFE.

૩. આયુષ્ય વધારવાની યુક્તિ.

(સાંધણ પૃષ્ટ ૨૬૪મેથી).

આયુષ્ય વધારવાને જીવન શક્તિના ખાસ ગુણોથી સંપૂર્ણ વાકેફગારી મેળવવી આવશ્યક છે, કે પછી આપણને તે શાથી પોષાય કે નબળી થાય તેની તજવીજ કરવાનો માર્ગ મળવો શક્ય થાય. પણ એ કામ કાંઇ સહેલું નથી. ઘણા જીજ્ઞાસુ માણસો એ તજવીજ કરવામાં નાઉમેદ થઈ તેઓ અતે એટલુંજ કહી ગયા છે કે "કુદરતના છુપા ઉંડા ગુણ કોઇપણ નાશવંત પ્રાણીને માલમ પડવાના નથી."

પણ એથી આપણે નિરાશ થવું ન જોઇએ. કુદરત એ માયાળુ માતા તુલ્ય છે. જેઓ તેની તજવીજ કરેછે તેને તે ચાહીને બદલો વાળેછે. જો કે આપણે કુદરતના અતિ છૂપા ગુહ્ય જાણવાને તો કદાચ શક્તિવાન નહિ થઇએ, તોપણ તે જાણવાના યત્નથી ઘણું નવું ને મનોરંજક જાણી શકીશું કે જેથી આપણા યત્નનો બદલો મળ્યો ગણીશું. માત્ર આપણે એ યત્ન કરવામાં સાચવીને પગલાં ભરવાં જોઇએ, આપણું મન એક તરફી થયા વગરનું ને શ્રદ્ધાળુ જોઇએ, મનની છેદરપંડી અને તરંગોથી સાવધ રહેવું જોઇએ, અનુભવના અને નિયમિત પુરાવાના માર્ગે જવું જોઇએ-કાલ્પનીક માર્ગથી પાછા હઠવું જોઈએ. જો આ નિયમે ચાલ્યા તો અંધારામાં દેખનારા ને દીવસે અંધ થનારા ઘુવડ જેવા તત્વજ્ઞાનીઓની દશા આપણે પામીશુ નહિ.

આ રસ્તે જવાથી અને મનની એવી સ્થિતિમાં મનુષ્યો કુદરતના છૂપા ભેદની શોધ કરવામાં કેટલાક ફતેહ પામ્યા છે તથા કુદરતની છૂપી શક્તિઓને મનુષ્યના ઉપયોગમાં લેઇ શક્યા છે. લોહચુંબક અને વીજળી જેવી અજાણ્યાં તત્વોને કામમાં લેઇ એકથી દરિયો ખેડે છે ને બીજાથી દીવા બાળેછે. તેજ પ્રમાણે આયુષ્ય વધારવાના કુદરતી નિયમોની લગભગ જવાને આપણે કદાચ શક્તિવાન થઇશું. તે નિયમો ખોળવાને નીચેના ક્રમે શોધવું જોઇએ, એમ જણાય છે. પ્રથમ જીવ અને જીવન શક્તિ એટલે શું અને તેના ગુણ શા છે તે બરાબર જાણવું, જૂદા જૂદા સેંદ્રિય જીવ કયા કુદરતી નિયમાનુસાર ટકે છે તે તપાસવું, તેના દાખલા એકઠા કરી મુકાબલો કરવો, અને જે બનાવોમાં ને સ્થિતિમાં લાંબી કે ટુંકી જીંદગીવાળાં પ્રાણી, લાંબી કે ટુંકી જીંદગી શાથી ભોગવે છે તેનું સંભાવિત કારણ શું હશે તે ખોળવું. આ પ્રમાણે તજવીજ કર્યા પછી, માણસનું આયુષ્ય લંબાવી શકાય? ને શી રીતે લંબાવી શકાય? તે સવાલોનો સંતોષકારક અને બુદ્ધિ કબુલ કરે એવા જવાબ આપી શકાય.

કુદરતની શોધમાં જીવ એટલે શું અને જીવન શક્તિ એટલે શું એવા સવાલો ઉત્પન્ન થાયછે. આ સવાલો જોકે દેખીતા સાદા અને હમેશની જાણીતી ચીજને લગતા છે, તથાપિ તેનો જવાબ આપવો મુશ્કેલ છે. જીવન શક્તિ એ શબ્દ જો કે સાધારણ છે, તોપણ કુદરતની શક્તિઓમાંની સૌથી બળવાન ને અભેદ્ય શક્તિછે એ વડે દરેક ચીજને ગતિ મળેછે. શારિરિક શક્તિઓનું અને સેંદ્રિય વસ્તુઓનું મૂળ જીવન શક્તિ છે. એ વડે સર્વ વસ્તુ ઉત્પન્ન થાયછે,

ટકેછે, અને ફરીને થાયછે.

એ અખૂટ અને અપાર છે. સર્વે સેંદ્રિય વસ્તુઓની બારીક નજરથી તપાસ કરતાં જીવન શક્તિના નીચે લખેલા ગુણ અને નિયમો માલમ પડેછે.

૧. જીવન શક્તિ એ કુદરતનો જાણભેદુ અદૃષ્ય આડતીઓછે. એ બાબતમાં તે પ્રકાશ, વીજળી અને આકર્ષક શક્તિથી ચઢીઆતી છે, તે છતાં તેમને નજીકનો સંબંધ જણાય છે.

૨. જોકે એ દરેક પદાર્થમાં છે તોપણ કેટલાકમાં તે વધારે અને કેટલામાં ઓછી છે. તેથી કેટલાકમાં તે ખાસ હોય એવી બહાર પડતી જણાય છે. પદાર્થની આ બનાવટને સેંદ્રિક મિશ્રણ અને અવયવ રચના કહેવાય. અને જે સ્થુળમાં તે હોય છે તેને સેંદ્રિક સ્થુળ—છોડ ને પ્રાણી કહેછે.

૩. એ સ્વતંત્ર કે સ્થાયી સ્થિતિમાં રહી શકે છે. એ બાબતમાં તે ઉષ્ણુતા અને વીજળીને મળતી છે. ઉષ્ણુતા અને વીજળી જેમ કોઇપણ સ્થુળમાં જ્યાંસૂધી તેમને યથાવિધિથી બહાર કહાડીએ નહિ ત્યાંસૂધી સ્થાયી રહી શકે છે, તેમ જીવન શક્તિ પણ સેંદ્રિય સ્થુળમાં લાંબી મુદ્દત સૂધી સ્થાયી રહેછે, છતાં તે નાશ થતી બચે છે. તે સિવાય બીજી રીતે તે છે એમ માલમ પડતું નથી. આ બાબતના આપણને કેટલાક આશ્ચર્યકારક દાખલા મળે છે. એક દાણો કેટલાક વરસ સૂધી અને ઇંડું કેટલાક માસ સૂધી જીવી શકે છે. તે સુકાતું કે બગડતું નથી. તેમાં બંધાઇ રહેલી શક્તિને ગરમી છૂટી પાડેછે, અને ત્યારેજ તે વધે છે.

૪. ભિન્ન ભિન્ન સેંદ્રિય સ્થુળોમાં તે ભિન્ન ભિન્ન પ્રમાણમાં રહેલી છે. કેટલાકમાં વધારે ને કેટલાકમાં થોડી છે, તેથી કેટલાક સ્થુળોનું મિશ્રણ મજબુત અને કેટલાકનું નબળું છે.

૫. જે સ્થુળોમાં તે હોય છે તેમાં વિલક્ષણ ગુણ આવે છે અને તેથી તે દેહમયી દુનિઆના બીજા અવયવો કરતાં ખાસ શ્રેષ્ટતા પામેછે. તેથી તેમાં લાગણી અને પ્રત્યાઘાત શક્તિ આવે છે. તેમજ તે નિર્જીવોના શારિરિક અને રસાયણિક નિયમોથી મૂકત થાય છે, તેથી આપણે કહી શકીએ કે જીવન શક્તિની મદદથી એક સ્થુળ યાંત્રિક અને રસાયણિક દુનિઆથી જૂદું પડી સેંદ્રિય અને જીવવાળી દુનિઆમાં જાયછે. આ રીતે કુદરતના શારિરિક કાયદા અમુક હદમાં લાગુ પડે છે. નિર્જીવ કરતાં સજીવ સ્થુળોમાં સર્વ જાતની અસર જૂદેજ પ્રકારે થાયછે. સજીવ સ્થુળને યાંત્રિક કે રસાયણિક કોઇ ક્રિયા થવી

શક્ય નથી. એક આંચકો કે ગરમ કિંવા થંડી અસર સજીવ સ્થુળમાં ખાસ નિયમાનુસાર થાયછે અને તેથી થતું પરિણામ બાહ્ય લાગણી અને જીવન શક્તિની પ્રત્યાઘાત શક્તિના મિશ્રણથી થાય છે એમ જાણવું. એજ કારણથી ભિન્ન ભિન્ન જાતમાં અને જૂદા જૂદા માણસમાં વિલક્ષણ ગુણો હોય છે. એકજ જમીનમાં એક બીજાની પાસે ઉગેલા છોડવા એક જાતનો પોષક પદાર્થ મળ્યા છતાં કદમાં, રસમાં અને ગુણમાં ઘણા તફાવતવાળા હોયછે. તેજ પ્રમાણે પ્રાણીઓમાં પણ હોય છે. અને તેજ ઉપરથી એવી કહેવત પડી છે કે "માણસ માણસમાં વિલક્ષણ ગુણ હોય છે."

૯. જે સ્થુળમાં જીવન શક્તિ હોયછે તેનો તે મૂખ્ય ટકાવ કરનાર છે. તે સઘળી સેંદ્રિય રચનાને સાથે સાચવી રાખે છે એટલુંજ નહિ પણ તે કુદરતની બીજી નાશક શક્તિથી થતી અસર જે રસાયણિક નિયમોપર આધાર રાખે છે તેને, અથવા જેનો તે નાશ કરવાને કે સુધારો કરવાને શક્તિવાન હોયછે તેને, નુકશાન કરતી અટકાવે છે. તેમાં મૂખ્યત્વે હવા અને બરફથી થતી નુકશાની અટકાવી શકેછે. કોઈ સજીવ પ્રાણી કોહી જતું નથી. સજીવ પ્રાણીમાં બિગાડ થવાને જીવન શક્તિની નબળાઇ કે નાશ થવો જરૂરનો છે. સ્થાયી કે જડ અવસ્થામાં પણ જીવન શક્તિ બિગાડ થતો અટકાવી શકેછે ઈંડું જ્યાંસૂધી જીવન શક્તિ હોયછે ત્યાંસૂધી બગડતું નથી. તેમજ અનાજનો દાણો, કોશેટામાં રહેલો રેશમનો કીડો, મૃતવત્ દેખાતો કીડો બગડતો નથી. માણસનું ખોળીયું જે બિગાડ થવાને લાયક છતાં સાઠ, એંશી કે સો વરસ સૂધી શી રીતે ટકી શકેછે એ બહુ આશ્ચર્યકારક છે. તેનામાં સબંધક શક્તિ હોવાથી તે હવા—બીજા નાશક પદાર્થની શક્તિની અસર અટકાવી શકે છે. તોપણ એજ હવા અંતે સખતમાં સખત સ્થુળના અવયવો જૂદા પાડી તેના કટકે કટકા કરી નાંખેછે. એજ રીતે સ્થુળમાં રહેલી ગરમીના રજકણો બરફની અસર થતી અટકાવેછે. કોઇ સજીવ સ્થુળ બરફમાં ઠરી જતું નથી—એટલે જ્યાંસૂધી જીવન શક્તિ જાગૃત હોયછે ત્યાંસૂધી બરફ તેનો નાશ કરી શકતો નથી. ઉત્તર ને દક્ષિણ ધ્રુવની પાસેના મુલકમાં જ્યાં સર્વ કુદરત ઠરી ગએલી સ્થિતિમાં જણાય છે, ત્યાં પણ જીવતાં પ્રાણી અને મનુષ્ય પણ—કે જેને સામાન્ય ઠરી જવાની અસર થઇ નથી તે જીવી શકે છે. * જીવનશક્તિનો

* મી. હંટરે પાણીની અંદર માછલીને પણ ઠરી જવા દીધી. પણ જ્યાંસૂધી તે જીવી ત્યાંસૂધી, બીજી બધી જગાએ પાણી થીજેલું છતાં પ્રવાહી

આ ગુણ માત્ર તેની જાગૃત સ્થિતિમાં હોયછે, એટલુંજ નહિ પણ તેની સ્થાયી સ્થિતિમાં પણ હોય છે. સજીવ ઇંડું કે અનાજનો દાણો, નિર્જીવ કરતાં ઘણો મોડો ઠરી જાયછે. રીંછ, અર્ધ એહેર મારી ગએલી અવસ્થામાં આખો શિયાળો બરફમાં ગાળેછે. દેખીતી મુરદાલ ચલ્લી અને કીડાનો કોશેટો ઠરી ગયા વગર બરફમાં રહી શકે છે. જ્યારે બરફનું જોર એટલું વધે છે કે, જ્યારે જીવન શકિત નબળી થઇ જાયછે ત્યારેજ તે સજીવ પ્રાણીને અસર કરી શકે છે. ગરમી આપવાની જે શક્તિ જીવન શક્તિમાં રહેલી છે તેને લીધે આ બનાવ બને છે.

૭. સ્થુળની સેંદ્રિય રચના જે પ્રથમ બનેલી હોય છે તે જીવન શક્તિનો બીલકુલ નાશ થવાથી તૂટી જાય છે. ત્યારે તે સ્થુળનો પદાર્થ નિર્જીવ પદાર્થના નિયમોને અનુસરે છે. કેમકે એ સ્થિતિમાં તે નિર્જીવ હોય છે. એ સ્થુળનું પ્રથમ બંધારણ તૂટીને છૂટું પડેછે, અને પછી તેમાં વિકાર થવા માંડે છે, એટલે આપણી ખાતરી થાય છે કે અમુક સ્થુળની જીવન શકિત જતી રહી છે. પણ નિરીક્ષાથી એ આશ્ચર્યકારક જણાય છે કે વિકાર જે જીવનો નાશ કરેછે તેજ નવા જીવ ઉત્પન્ન કરવામાં સહાયભૂત છે. જે અવયવો વિકારી હાલતમાં સજીવ થવાને અશક્ય છે, તે અવયવોને જલદીથી છૂટા પાડવાને એ ક્રિયા આવશ્યક છે, કે જેથી તેઓ નવા સેંદ્રિય મિશ્રણ અને જીવ ઉત્પન્ન થવાને લાયક કરેછે. જેવું એક સ્થુળ આ પ્રમાણે નાશ થાય છે કે તેવાજ તેના સારા રજકણોમાં નાના હજારો જીવ ઉત્પન્ન થાય છે અથવા તેમાં નવી જીવન શક્તિ આવ્યાનો દેખાવ સુંદર ઘાસમાં જણાય છે. ચંચળ જુવાનીઆ પણ એજ રીતે સેંદ્રિય જીવોના ગોળમાં ફરેછે. અને થોડાક ફેરફારો થયા પછી એક વરસમાં તો કદાચ પોતે જેવા સ્થુળમાં વિકાર પામેલા તેવાજ મનુષ્ય સ્થુળના અવયવોના ભાગ થઇ પડશે. તેમનું દેખીતું મોત તે માત્ર નવા જીવ માટે સ્થિત્યાંતર હતું. અને જીવન શક્તિ માત્ર એક સ્થુળ તજી સારી રીતે બીજા સ્થુળમાં જઇ વસે છે.

૮. જીવનશકિત કેટલાંક કારણથી નબળી થાય છે અને વખતે બીલકુલ નાશ પામેછે, તથા કેટલાંક કારણથી તે વધે છે, મજબુત થાયછે ને પોષાય છે. નાશ કરનારાં કારણોમાં સઘળા જીવોનો મોટો શત્રુ અમુક હદની ઠંડીછે. સાધારણ થડી તો ઉલટી જીવન શકિત મજબુત કરી વિકાર પામતી અટકાવે

હતું, પણ તે મરી ગઇ કે ત્યાંનું પાણી પણ ઠરી ગયું.

છે. અને ઘણી થંડી તેનો નાશ કરે છે. શીતમાં જીવન શક્તિનો વધારો થતો નથી, ઇંડું સેવાતું નથી અને અનાજમાંથી ફણગો ફૂટતો નથી. આ વગર વળી કેટલીક વિકૃતિઓથી કેટલીકવાર જીવન શક્તિનો નાશ થાયછે, અથવા સેંદ્રિય સ્થુળોના રજકણોની આંતરિક રચનાનો નાશ થાયછે. આ પ્રમાણે વિજળીનો જબરો આચકો કે વિજળી પડવાથી છોડવા ને પ્રાણીઓ એકદમ જીવરહિત થઇ જાયછે. છતાં તેનાં અવયવોને કાંઇપણ નુકશાન થએલું જણાતું નથી. આજ પ્રમાણે મનુષ્યનાં મનને એકદમ ભય કે ખુશીનો આચકો લાગ્યાથી જીવન શક્તિનો નાશ થાયછે.

૯. છેવટે કેટલાક એવા જડ પદાર્થો છે કે જેથી જીવન શક્તિ નબળી થાયછે કે બીલકુલ નાશ પામે છે. તેમને આપણે ઝેર કે વિષ કહીએ છીએ. જેમકે ચેપી રોગ, કડવી બદામનું તેલ, ઝેરકચોલું, સોમલ ઇત્યાદિ.

---

4. DISPOSITION OF MAN ABOUT MORALITY.

૪. મનુષ્યોનો નીતિ સંબંધી આત્મિક સ્વભાવ.

(સાંધણ પૃષ્ટ ૨૭૯મેથી.)

મનુષ્યોનો નીતિ સંબંધી આત્મિક સ્વભાવ.—મનુષ્યને નીતિ સંબંધી આત્મિક સ્વભાવ હોવાથી, તે જનાવરો કરતાં વધારે શ્રેષ્ઠ છે. યોગ્યાયોગ્ય એનો ભેદ સમજવાની જે સત્તા તેનામાં છે, તે કોઇપણ જનાવરમાં નથી. અમુક કામ અમુક પ્રકારે કર્યું તો યોગ્ય છે, એ મનુષ્ય સમજે છે. ને તે પ્રમાણે વર્તીએ તો આપણું મોટું હિત થાશે; એ પણ આપણા મનુષ્યનેજ સમજાય છે. જનાવરોમાં જે સર્વ કરતાં બુદ્ધિમાન છે તેને પણ યોગ્ય કયું ને અયોગ્ય કયું એની કાંઇ પણ સમજ નથી. અમુક એક કામ મારા ધણીને પસંદ પડશે અને અમુક બીજું કામ નાપસંદ પડશે, એ કૂત્રાને શીખવવામાં આવેછે; અને એ પ્રમાણે શિક્ષાના ભયથી અથવા પસંદ રાખવાની ઇચ્છાથી તે એકાદું કામ કરેછે; ને બીજું કામ તજી દે છે. પરંતુ એમાંનું એક કામ વાજબી અને બીજું કામ ગેરવાજબી છેએ સમજ તેને થઇ શકતી નથી. અને

તેની માનસિક શક્તિ જો કે હજાર ગણી વધી તોપણ યોગ્યાયોગ્ય (સાચું ખોટું) એની કાંઇ સમજ તેને થવાની નહીં. એટલા માટે એ ઉઘાડું છે કે મનુષ્યમાં જે આત્મિક સ્વભાવ છે તે સર્વ જનાવરોના સ્વભાવ થકી તદન જૂદો છે. જેમ જીવ સંબંધી સ્વભાવ એ પદાર્થ સંબંધી સ્વભાવ કરતાં શ્રેષ્ટ છે, તે પ્રમાણે આત્મિક સ્વભાવ એ જીવ સબંધી સ્વભાવ કરતાં શ્રેષ્ટ છે. જીવીત્વનો આરંભ થયાં પહેલાં નિર્જીવપદાર્થોને ચલાવનારી જે શક્તિ હતી તેનાથી જેમ જીવ ચલાવનારી શક્તિ જૂદી છે તે પ્રમાણે જીવ ચલાવનારી શક્તિનાથી આત્મિક શક્તિ, એ જૂદી છે. આ જૂદાપણું તે પર્યાયથી નથી પણ પ્રકારથી છે જેમ વાયુને અથવા પથ્થરને, ઝાડના અથવા જનાવરના સ્વભાવ વિષે સમજ થઇ શકતી નથી; તેમ સર્વ કરતાં પૂર્ણતાએ આવેલા જનાવરોને પણ મનુષ્યના આ નવીન સ્વભાવ વિષે સમજ થઇ શકતી નથી. આપણે જનાવરો સાથે વ્યવહાર કરતાં નિરંતર એ જૂદાપણું સમજીને વર્તીએ છીએ. જનાવરોના એકાદા ટોળામાં વઢવાડ કે મારામારી કરતાં અથવા પરસપરને લૂટતાં કે જીવ મારતાં પણ આપણે જોઇએ છીએ; ત્યારે મનુષ્યની પ્રમાણે એને આપણે દોશી ઠરાવી શકતા નથી અથવા તેના એવાં કર્મ ઉપરથી આપણા અંગ ઉપર દ્વેશ આદિકનો કાંટો ઉભો થતો નથી. આપણે સ્વભાવે કરીને માણસોને જનાવરો કરતાં અધિક દોશી ઠરાવીએ છીએ એનું કારણ એજ છે કે માણસો યોગ્ય કાંઈ કરેછે; ત્યારે તે યોગ્ય છે એમ પોતાની સત્યાસત્ય પરીક્ષણ બુદ્ધિના માનસિક શક્તિવડે સમજીને એ કરતાં હોયછે.

મનુષ્યને પોતાનો સંબંધ બીજા મનુષ્યો સાથે ને જનાવરો સાથે કેવી રીતેછે; એ, આપણા નીતિ સંબંધી આત્મિક સ્વભાવના યોગથી સમજવામાં આવેછે. જેમ આપણને તેમ બીજાઓને પણ હક છે. તેની સાથે આપણો સંબંધ જેમ જેમ છેટો અથવા પાસેનો હોય તે તે પ્રમાણે આપણે તેનાં કાંઇ કર્તવ્ય કરીએ છીએ, એ વાત સર્વ મનુષ્યો કબૂલ કરેછે. તેને સદ્વિચાર શક્તિ હોય ને બીજાઓ સાથે જે પોતાનો અનેક રીતનો સંબંધ છે; તેમાં યોગ્ય રીતિથી વર્તવું તે, એ સૂચવે છે.

જ્યારે તે વાજબી કૃત્ય વર્તન આદિ કરેછે; ત્યારે એ, (નીતિની સત્યાસત્ય ને યોગ્યાયોગ્ય પરીક્ષણ શક્તિ) તેનું કામ પસંદ કરેછે. અને જ્યારે, તે અયોગ્ય કૃત્ય કરેછે; ત્યારે તે તેનો નિષેધ કરેછે. સદ્વિચાર શક્તિની સૂચના માન્ય કરવાથી તેને શાંતિ, ને સુખ એ પ્રાપ્ત થાયછે. પણ જ્યારે તેને એ સૂ-

ચના માન્ય કરવામાં આવતી નથી ત્યારે તે અશાંત ને અસુખી થાયછે. એટલા માટે જે યોગ્ય તે મેળવવાને અને અયોગ્યને ત્યાગ કરવા સારૂ તેને જાણવાને માટે એ સદ્વિચાર શક્તિ મનુષ્યને વિષે નીતિ-સંબંધી માર્ગ દર્શક મુજબ મૂકેલીછે. આ સદ્વિચાર શક્તિના ખરાપણા વિષે ને અન્ય સાથે જે તેનો સબંધ તે વિષે જેને જેવી સમજ હોયછે; તે, તે પ્રમાણે યોગ્યાયોગ્ય એ વિષે નિર્ણય, તે કરતી હોયછે. જો તેની સમજ વગર ચૂકની હોય, તો તેનો નિર્ણય પણ વગર ચૂકનો થાયછે. પણ જો તેની સમજ ભૂલ ભરેલી હોય, તો તેના નિર્ણય ઉપરથી એવાં કર્મો બનેછે, કે આગળ અધિક પ્રકાશ યુક્ત થવા પછી તેને એ સત્યાસત્ય ને યોગ્યાયોગ્ય જે નીતિ સંબંધી પરીક્ષણ છે, તેથી પસ્તાવો થાયછે. યોગ્ય કર્મનું ઉત્તેજન થાય ને અયોગ્ય કર્મનો નિષેધ થાય માટે પરમેશ્વરે મનુષ્યને વિષે એ શક્ત મૂકેલી છે. આ ઉપરથી યોગ્ય કર્મની લાગણી ને અયોગ્ય કર્મનો કંટાળો એમ તેને દર્શાવ્યું છે. અમંગળ પાસેથી બચાવ થવા સારૂ એ સાધન દેવા ઉપરથી પરમેશ્વરે મનુષ્યનું સર્વના કરતાં મોટું શ્રેયસ વિચારેલું છે. પણ એ સાથે મનુષ્ય તે નીતિ સંબંધી સ્વતંત્ર કરતા છે. પોતાના સત્ અસત્ વિચારની સૂચના અમાન્ય કરવાથી તે કોઇપણ અયોગ્ય કર્મ સમજીને તે ઉલંઘન કરવાનું તેનામાં સામર્થ્ય છે. સારૂં ને નરતું એમાંથી ગમે તે કરવા વિષે એ સ્વતંત્ર છે. એની ઇચ્છા હોય તો તે સત્યાસત્ય પરિક્ષણને જે યોગ્ય તેનું અનુસરણ કરવું; અને તે ઉપરથી નિરંતર સુખ થાશે. અથવા જો તેની ખુશી હોય તો જે અયોગ્ય એની પાછળ લાગવું; અને તે ઉપરથી દુઃખ ને વિપત્તિ એ પ્રાપ્ત થાયછે. પરંતુ તેનાં સર્વ નીતિ સંબંધી કર્મોમાં તેનો સદ્વિવેક (શાક્ષી ભૂત) તેને એમ સૂચવે છે, કે જે મહાન દેવે તુંને ઉત્પન્ન કર્યો, ને પોતાની પ્રીતિ હિતેચ્છા સત્યાસત્ય ને યોગ્યાયોગ્ય પરીક્ષણ શક્તિઓ આદિ તારા અંતઃકરણમાં મૂકેલી છે, તેનો તું જવાબદાર છે.

તેમજ મનુષ્યોનો મહાપ્રભુ સાથેનો સંબંધ એ આ નીતિ સંબંધી આત્મિક સ્વભાવ ને બુદ્ધિના યોગથીજ તેને જાણવામાં આવેછે. સર્વ કરતાં ઉંચ પ્રતનાં જનાવરોને પણ ઉત્પન્ન કરતા વિષે કાંઇ સમજ નથી. જનાવરોને મનુષ્યો કરતાં કોઈ મોટું પ્રાણી માહિત ન હોઇને, તે સર્વને મનુષ્યોનો ભય છે. પરંતુ સર્વ મનુષ્યના અંતઃકરણમાં એવી ભાવના છે કે આપણા કરતાં મહાન એવો સર્વ પદાર્થનો ઉત્પન્ન કરતા કોઇ પ્રાણી છે. અને, એ

આપણી ભક્તિને યોગ્ય છે. એ મત જેનામાં નથી એવો રાષ્ટ્ર (દેશ)નો અથવા મનુષ્ય કુળનો ક્યારેય ક્યાંય શોધ લાગેલો નથી. જેનામાં ભક્તિનો કોઇપણ પ્રકાર નથી એટલું નીચ લોક ક્યાંય પણ નથી. સર્વથી મહાન ને શ્રેષ્ટ એવા એક પ્રાણી સાથે આપણો સંબંધ છે; ને આપણા કર્મો વિષે તેના આપણે જવાબદાર હોઇને એની ભક્તિ ને સેવા કરવામાં બધાએલા છીએ. એ સમજ મનુષ્યોના અંતઃકરણમાં સર્વત્ર જોવામાં આવેછે.

વૈદ મ. સું.

---

5. HOME EDUCATION.

૫. ગૃહ કેળવણી.

ગૃહ કેળવણી લેવી એ પ્રત્યેક મનુષ્યની ઉમદા ફરજ છે. ને તે અદા કરવા માટે સર્વેએ પરપૂર્ણ પ્રીતિથી મથવું જોઇએ. કેળવણી શિવાય આપણે પશુવત્ છીએ એમ કહીએ તો કંઇ ખોટું નથી. (વિચારોઃ આપણે જ્યારે બાળક હતા ત્યારે આપણા માબાપે આપણને વિદ્યાનો સગ કરવા દીધો નહત, ને સારી કેળવણી નહીં આપતાં કુસગમાં વર્તવા તથા રઝળવા દીધા હોત તો આપણને સ્વલ્પજ્ઞાન ક્યાંથી મળત? નજ મળત. એક પશુ તુલ્ય રહેત. આપણને આટલી પણ કેળવણી મળવાથી આપણે માબાપનો પૂરો આભાર માનવો જોઇએ. જે પુરૂષ વા સ્ત્રી પોતાના બચ્ચાંઓ સામું વટીક જોતાં નથી અર્થાત્ તે તરફ કાંઇપણ લક્ષ આપતાં નથી, તેને તેનાં બચ્ચાંઓ મોટી ઉમરે પહોંચ્યા પછી શ્રાપ આપેછે અને વગોવે છે. સારાં, કેળવાયેલ છોકરાં થાય તો માબાપનો ઉપકાર માનવા સાથે આજ્ઞાનુસાર વર્તે છે. આમ બચ્ચાં તથા માબાપની અન્યોઅન્ય 'લ્હાઇને લેવું તથા ખાઇને ખવરાવવું' એ કહેણી મુજબ ગાઢ સંબંધ છે. જેમ બાપ પુત્રને સારી કેળવણી આપેછે—પાળેછે, તેમ પુત્ર પણ તેમની વૃદ્ધાવસ્થાએ તન મન ધનથી સારી આમન્યાસર પ્રવર્તે છે; માટે સવ માબાપોએ પોતાના પુત્રના ભવિષ્ય તથા પોતાના પણ ભવિષ્ય માટે સારી કેળવણી આપવી એ ફરજ અનુસરવા રૂડો પ્રયત્ન કરવો જોઇએ.

ગૃહ કેળવણીમાં મુખ્ય ભાગ સ્ત્રીનો છે, જો કે પુરૂષની પણ જરૂર છે. ઘરના દરેક કામમાં, બચ્ચાંને ઉછેરવામાં, ધાર્મિક આચરણમાં અને આડોશી પાડોશી તથા સગાં સહોદર સાથે ભલમનસાઇથી વર્તવામાં પુરૂષે પણ કેળવણી યુક્ત થવું જોઇએ પરંતુ સ્ત્રીની વધારે જરૂર છે, ઘણો ને મુખ્ય ભાગ તેનોજ છે; ને કહીશું તો ચાલશે કે આ બોલવુ પણ સ્ત્રી કેલવણીને લગતું છે. મુખ્ય ભાગ સ્ત્રીનો છે એમ ધારી પ્રથમ તે વિષેજ બોલવું ઉચિત છે.

સ્ત્રીએ પ્રથમતો પ્રભાતમાં ઉઠી દાતણ પાણી, સ્નાનવિધિ વગેરે કરી ઇશ્વર સ્મરણ કરવું જોઇએ. બાળકને ઉઠાડવાં, તેને સંભાળવાં, મુખ ધોવરાવી કપડાં પહેરાવવાં, ને શિયાળો કે ચોમાસાને માટે ગરમ કપડાની ગોઠવણ રાખવી જોઇએ. વખત થાય કે બચ્ચાંને ભોજન દેવું, નાનાં બાળકોને રમવાનાં સાધન આપવાં ને શરીરે સ્વચ્છ રહે માટે નવરાવવાં, વળી કોઇ બચ્ચાં સાજાં માંદાં હોય તો તેની પતિને જાણ કરી તેની સારવાર કરવી જોઇએ; મોટાં સમજણાં બાળકને પાઠ કરાવવા, જ્ઞાનદાયક વાર્તા ટુચકા કહેવા ને નિશાળે મૂકવાં. પ્રભાતમાં આટલું કામ હાલના વખતમાં કોઇ સ્ત્રી કરેછે? વિદ્યાવતી એવી તો કોઇ ભાગ્યેજ ? સામાન્ય તો પ્રથમ વહેલું ઉઠવુંજ મુશ્કેલ, કદાચ કોઇ ઉઠે તો બીજી સ્ત્રી સાથે વાત ચીતની મજામાં ઉતરી પડી દાતણ કરવામાં મોડું કરે, સ્નાન તો મોડુંજ ! ઇશ્વર સ્મરણ કયાંથી હોય ? જ્યારે બચ્ચાં પોતાની મેળે આંખો ચોળતાં ઉઠે ત્યારે ખાવાનું માગે તો આપે ! નવરાવવાની વાતજ કેવી ? બચ્ચું રડતું હોય તો ધવરાવવા દોડે ! પણ જુએ નહિં પેટમાં દુખેછે કે માથું ! તેની પરવાજ શું કામ ? આમ બેદરકારી ત્યારે સારવાર તો ક્યાંથી ! મોટા રોગ થાય ત્યારે આંખ ઉઘડે પણ પ્રથમની સાહુચેતી રાખી શકે નહિ ! કાંતો વ્હેમ તણાય ! ! ઘર સાફ કરવું, પથારી નિત્ય પ્રમાણે ઉપાડી બીજી જગોએ મૂકવી, ઠામવાસણ માંજવાં, ધુડીયાં ઘર હોય તો અમુક દહાડે ગાર માટી કરવી, સર સામાન સંભાળવો, ઘરના કામમાં સાહુચેતી રાખવી, પેટીને તાળાં વાસી કુચી પોતાની પાસે યા ઠાઉકી જગ્યાએ મૂકવી, સુતી વખત કે બહાર જતી વખત ઘરને તથા ખડકીને સાંકળ વાસવી, રસોઈ પાણી નિયમસર કરવાં, અન્ન જોઇએ તેટલું રાંધવું, રાંધેલું સંભાળથી રાખવું, ઘરની જણસો પણ સંભાળથી રાખવી, કાંઇ જણસ થઇ રહે તો પતિને અગાઉથી ખબર આપવી, પર્વ પર્વણી કે સપરમો દિવસ હોય તો ઘર સંપત ખરચ કરવો, ઘરનું તમામ નામું પોતે માંડવું ને પરોણો ઘેર

આવેતો તેનો યોગ્ય આદર સત્કાર કરવો એ પણ સ્ત્રીએ અવશ્ય જાણવું જોઇએ. આમાંનું કાંઇપણ છે? હાલ તો આળસ વધ્યું છે જેથી ઘરની કે ઘરના કામની સભાળ ક્યાંથી રહે? આળસ એક દુર્ગણ છે. પથારી તો ઢાળ્યા ઢોલીઆ પ્રમાણે સદા પડીજ છે! ગાર કરવી એતો છઠે ચોમાસે ને પરોણાનો સત્કાર કેમ કરવો? તેની ખબરજ નહિ? નામું તો ભણ્યા હોય તો માંડેના? વળી સ્ત્રીએ કોઇની ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ; કોઇની વાતો સાંભળવી તો પોતાના પતિ શિવાય બીજા કોઇને કહેવી નહિ, તેમજ આઘા પાછી, ચાડી ચુગલીની ટેવ હોય તો પોતાની ને પોતાના ઘરના માણસોની ટાળવી જોઇએ. નહિતર તે મોટો શત્રુ છે. દુષ્ટ સાથે વ્યવહાર તથા સહવાસ કરવોજ નહિ, અજાણતાં તેમ બને ને જણાય કે બીજાથી જાણવામાં આવે તો તે પરિવર્જવું. સ્ત્રીએ પુરૂષની ભૂલ હોય તો કહેવી ને પુરૂષે પણ સ્ત્રીની ભૂલ કહેવી. અન્યોઅન્ય વિવેક રાખવો. કોઇ દીવસ કાંઇ અટસ પડે ને તેમાં ભૂલ હોય તો તે કુટેવ સુધારવા ગંભીરતાથી કહેવું, મોટી ભૂલ હોય તો જરા ભારથી કહેવું પણ ગાળા ગાળી કે હોજાતોજી કરવી નહિ; વિનય જાળવવો. ઘરમાં કોઇને તુંકારે કે તોછડાઇએ બોલાવવાં નહિ અને બચ્ચાંને પણ નમ્રતા ભરેલું બોલતાં શીખવવું. ભાષાપણ શુદ્ધ બોલાવવી. અપશબ્દો બોલતાં ન શીખે માટે ખરાબ બાળકથી દુર રાખવાં તેમ છતાં રમત ગમત માટે ગોંધી ન રાખતાં ચાર ઘડી ફરવા પોતા સાથે યા અંગીત માણસ સાથે મોકલવાં. પુરૂષ પ્રત્યેના ધર્મ સ્ત્રીએ વિવેક સહ પાળવા, તેની આજ્ઞાનુસાર વર્તવું ને પૂર્ણ પ્રીતિ રાખવી. ફુરસદ મળે ભરત કામ તથા વાંચવાના કામ માટે પણ ચૂકવું નહિ. વાંચવા માટે ભણેલ હોવાં જોઇએ માટે પુત્ર તથા પુત્રીને બન્નને ભણાવવાં. નિશાળે જેટલી ફીકર દીકરા માટે રાખવી તેટલીજ દીકરી માટે પણ રાખવી, ભણી આવે તે તપાસવું, જરા રમવા પણ દેવાં ને ધર્મ, નીત અને જ્ઞાન સંબંધી પુસ્તકો ઘરમાં વંચાવવાં—શીખવવાં ને નામું હીસાબ કરવામાં પહેલે પાયે પ્રવીણ કરવાં આની દરેક સંસારીને જરૂર છે; તેમજ દાખલા દલીલથી વ્યવહાર પણ શીખવવો, ધર્મ વિષે સારી માહિતી આપવી ને વિનયને પણ બચપણથીજ સોબતી કરવો જોઇએ.

સ્ત્રી વિષે બહુ લંબાણથી કહેવાથી પુરૂષ વિષે ટુંકજ કહુંછું કે પુરૂષે પણ વિનય, સંપ ને સંતોષ રાખવા જોઇએ. બચ્ચાંને સુખદાયી સાધનો આપવાં, આડોશી પાડોશી તથા સગાં સહોદર સાથ હળી મળી રહેવું, ખરચ

ખુટણમાં ખર્ચ ઘટીત કરવા ધ્યાન રાખવું, સુસંગતિસજવી, પોતાના કામમાં કુશળ રહેવું (પણ એકલપટાપણું નહિ) સ્ત્રીને ખુશી રાખવી, સ્ત્રીને સદા બોધદાયી વાક્યો કહેવાં, સ્ત્રીની ભૂલ હોય તો ગંભીરતાથી સુધારવી, તુંડાઇ ધારણ કરવી નહીં, અપશબ્દ બોલતાં ડરવું, મશકરી મજાખ કરવી નહીં, દયા રાખવી, બચ્ચાં તરફ માયાળુ થવું, તેની ચૂક હોય તો પઢાવીને સમજાવવી, તેને ઉંચ કેળવણીના ચાંપતા ઉપાય યોજવા, ઘરમાં સરસામાન જોઇએ તે લાવવાને ધ્યાનમાં રાખવું, સંભાળથી વર્તવું, કુસંપથી સદા દુર રહેવું, કોઇ કામ આરંભતા પહેલાં સ્ત્રીનો મત લેવો ને ધર્માચરણમાં સર્વદા કુશલ રહેવું. અભિમાન પરિવર્જવું, સ્ત્રીને પણ પુરૂષેજ કેળવણી આપવી ને બચ્ચાંની કેળવણી માટે પણ પુરૂષે પણ માથું મારવા ભાવ રાખવો જોઇએ.

સ્ત્રી પુરૂષે જેમ ઘરસંસારક વ્યવહારમાં, સગાં સંબંધીઓના સંબંધમાં ને સંપ, વિનય, ધર્મ ને જ્ઞાનમાં નિપુણ થવું જોઇએ તે કરતાં વિશેષ ઉત્સાહ બચ્ચાંની કેળવણી માટે રાખવો જોઇએ. તેને સંભાળવા ને તંદુરસ્ત રાખવા માટે બનતું પ્રયોજન કરવું જોઈએ, તેનાં કુમળાં મગજમાં વ્હેમ કે બ્હીક ન ગરે માટે ભૂત કે બાવો કહેવો યા ઢોંગ સોંગની કાંઇ પણ વાર્ત્તા ન કરવી જોઈએ ને સારી રીતે સાચવી, બોધદાયી વચનો સંભળાવી, પહેલેથીજ ધર્મ માટે સારી ભાવના બેસારવી જોઇએ. તેમજ સંસારિક વ્યવહારમાં પણ થોડે થોડે જાણીતાં કરવાં જોઇએ. જૂઠું બોલવું, કુકર્મ કે કુસંપને તો તેના મનમાં ઠસવાજ ન દેવાં તેમજ ચોરી, લુચ્ચાઇ ઇ૦ કાંઇ પણ કરતાં અટકાવી સારે રસ્તે ચડાવી સંપ, વિનય, ધર્મ, જ્ઞાન ને નીતિનાં જાણીતાં કરી તે રસ્તે પ્રથમ ચડાવવાં ને તેમ થવાથી આગળ ઉપર એટલે મોટી ઉમરેં પણ દુર્ગુણથી દુર રહે. બચ્ચાંનું ભવિષ્ય તેના માબાપ ઉપરજ છે. જેમ નાનો છોડ વાળીએ તેમ વળે તેમજ બચ્ચાંનું કુમળું મગજ જેમ દોરવીએ તેમ ચાલેછે. હાલના માબાપો બચ્ચાંને જાણી બુજીનેજ બગાડે છે. ચોરી, પ્રપંચ, તોફાન ને તુંડાઇ શીખવેછે! ને સંપ, નીતિ ને વિનયને પડખે પણ ચડવા દેતાં નથી. ધર્મજ્ઞાન માટે તો વાતજ કેવી? આગળનો વિચાર કરવા વિચારજ ક્યાંથી? આ કેવી અધમતા! માબાપે બચ્ચાંની ભવિષ્ય જીંદગી માટે વિચાર કરવો એજ માબાપની ફરજ છે પણ અરે! માબાપો સમજે તો કરેના? પોતાનેજ સારી કેળવણી નહિ હોવાથી ક્યાંથી સારી કેળવણી લાવે? તે ખરૂં છે. પણ પોતેજ વિદ્યાને પકડી કેળવણીના માહીતગાર થવા ઇચ્છે તો હું નથી ધારતો કે તે

માહિતગાર થયા શિવાય રહે. અલબત માહિતગાર થાયજ ને પછી કેળવી શકેજ; તેમાં નવાઇ શી? માટે પ્રથમ પોતે જાણીતા થાય ને પછી બચ્ચાંને જાણીતાં કરવા માટે પ્રથમથીજ એવી સોઇ રાખે ને વિદ્યાદેવીની આરાધના કરાવે તેમાં શું ખોટું છે! પછી ભલે પુત્ર હોય કે પુત્રી! માબાપો! ખરૂ તો પુત્રીનેજ શીખ્વવવાનું છે માટે અવસ્ય તે માટે તમો કેળવાઇ તમારાં પુત્ર પુત્રીને કેળવો. ભાઇઓ! વિચારો ઇંગ્રેજો પોતાના બચ્ચાં માટે એટલું બધું વિચારે છે કે તેના ભવિષ્યમાં તે સુખી થાય ને પોતે પણ સુખી થાય, તેમજ તે પાછાં તેના બચ્ચાંને પણ કેળવે એવી કેળવણી આપે છે. જ્યારે તે એટલો બધો વિચાર કરેછે ત્યારે આપણે બચ્ચાંના તથા પોતાના ભવિષ્ય માટે તો વિચારો? તેના બચ્ચાંની વાત પછી. અરે! તમે પોતે કેળવાશો તો બચ્ચાંને ઉચ કેળવણી આપવા સમર્થ થશો. ને કેળવણી લેવા માટે વિદ્યા શિવાય એક પણ સારો રસ્તો નથી માટે તન મન ધનથી વિદ્યારણ્યમાં ઘુમવા ઇચ્છા દર્શાવો ને તે માટે પરિપક્વતાએ પ્રવર્તો ને ધારજો કે પ્રયત્ન કર્યો કે ઇશ્વર કૃપા સાનુકુળજ છે. ભવતુ.

B.

6. PAST YEAR.

૬. ગત વર્ષ.

ગયું વર્ષ ગુજરી ગયું છે અને આ નવા વર્ષની શરૂઆત થઇ છે, તેથી પાછલાં વર્ષમાં જાણવા જોગ બનેલા બનાવોની અમારા હમેશના નિયમ પ્રમાણે નોંધ કરવી અમને યોગ્ય જણાય છે.

ઉનાળાની મોસમમાં આ વરસમાં ગુજરાતમાં કોલેરાએ કાળો કેર વરતાવ્યો હતો. કાઠીઆવાડમાં એ દુષ્ટ રોગે ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી. ગુજરાતના બીજા ભાગ અમદાવાદ ને સુરતમાં પણ એનું જોર ઓછું નહોતું. હજુ તો એ દુષ્ટ રોગ સમ્યો નહોતો એટલામાં ચોમાસામાં ખેતીને પૂરતો વરસાદ નહિ પડયાથી ગુજરાતમાં દુકાળ પોતાનું કાળું મોં લેઇ ડોકીયાં કરવા લાગ્યો. ગરીબ ગરબાં ઘરબાર છોડી ભટકવા લાગ્યાં ને અમદાવાદ, મુંબાઇ વગેરે ઠેકાણે જવા લાગ્યાં. હવે શી વલે થશે, ઓ પ્રભુ અમારા સામું જો, અમારા ઉપર મેહેર કર એવી ઠામ ઠામ બુમો પડવા લાગી. ખેતરોમાં મોલ સુકાવા માંડયો. ખેડુતો આકાશ સામું એકી ટગરે જોવા લાગ્યા ને તે ખુલ્લું

જોઈ નિરાશ થઈ ઘરભણી જવા મંડયા. ઘેર ઘેર નિરાશ ને નિશાશાના અવાજ ઉઠવા લાગ્યા. આ અવાજ ગુજરાતમાંજ નહિ પણ મહારાષ્ટ્ર ને ઓઢીઆમાંથી પણ આવવા લાગ્યા. ત્યાં પણ વરસાદની તાણથી દુકાળ દુકાળનો પોકાર ઉઠી રહ્યો. સર્વે પરમેશ્વરની સહાય માગવા મંડયા. અને ખરેજ પરમેશ્વરે એ કંગાળ લોકની સામું જોયું. એ પરમ દયાળુ દેવને તેમની દયા આવી. તેમણે વરસાદના દેવ ઇદ્રને એ દુઃખીઓનું દુઃખ ટાળવાને આજ્ઞા કરી. એટલે ઇદ્રે તૈયારી કરી નવેબરની શરૂઆતમાં આકાશમાં માંડવો ઘાલ્યો. જાણે ફરી ચોમાસું બેસતું હોય તેમ આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું. અને ઝપાટા બંધ આકાશમાંથી પાણી તૂટી પડવા માંડયું. આખા ચોમામામાં પણ જેટલું પાણી પડયું નહોતું તેટલું એ દીવસમાં પડયું વાવેતર ને ઘાસ લીલું થઇ ગયું. તળાવો ભરાઇ ગયાં ને નદિઓ જોસબંધ વહેવા લાગી. નિરાશ થએલા ખેડુતોને આશા આવી. શિઆળુ પાક સુધર્યો અને મુંગાં પ્રાણીઓ ઘાસ પાણી વગર મરવા પડયાં હતાં કે મરવાની ચિંતામાં પડયાં હતાં તેમની ચિંતા ચિતામાં બળી ગઇ. સઘળે આનંદ આનંદ થઇ રહ્યો અને દુકાળે પોતાનું કાળું મોં છૂપાવ્યું.

એ વરસના છેલ્લા માસમાં આપણા માજી વાઇસરાય લાર્ડ ડફરીન સાહેબ દેશને છેલ્લી સલામ કરી વિલાયત વિદાય થયા અને નવા વાઇસરાય લાર્ડ લેંડસડાઉન આ દેશમાં પધાર્યા. જતા આવતા બંને સાહેબોને ધારા પ્રમાણે માનપત્રો મળ્યાં પણ વિદાય થતા વાઇસરાયને લાર્ડ રીપન જેવાં માન પત્રો પ્રજા તરફથી ન મળ્યાં. નવા વાઇસરાય સાહેબ તેવાં માનપત્રો મેળવવાને ભાગ્યશાળી થાય એવી અમારી તે સર્વ શક્તિમાન પ્રભુ પાસે પ્રાર્થના છે.

સન ૧૮૮૮ના વરસમાં લાર્ડ ડફરીન સાહેબે હિંદમાંજ બે નાની લડાઇઓ ઉઠાવી હતી. એક સિકિમ ઉપર અને બીજી હિંદના વાયવ્ય કોણમાં વસતા પહાડી લોકો ઉપર. એ બંને લઢાઇઓ પતી ગઇ છે, અને હિંદના કરજમાં વધારો થયો છે.

એજ વરસમાં આ ઇલાકાના મધ્ય પ્રાંતના રેવીન્યુ કમીશનર મી. ક્રાફર્ડ ઉપર લાંચ લેવાનું તોહમત મૂકી તેની તપાસ કરવાને મુંબાઇની સરકારે એક કમીશન નીમ્યું છે. વરસ પૂરૂં થતાં એ કમીશનનું કામ પણ પુરૂં થવા આવ્યું પણ હજુ પરિણામ જણાયું નથી. આવા મોટા અધિકારી ઉપર

આવાં તોહમતો મૂકી આવી રીતે સરકારે તજવીજ ચલાવ્યાનો આ પહેલોજ દાખલો છે.

ડીસેંબરના છેલ્લા અઠવાડીઆમાં આ દેશના જૂદા જૂદા ભાગના લોકો તરફથી નિમાયલા ડેલીગેટોની એક સભા અલહાબાદમાં મળી હતી. એને કોંગ્રેસ કહેછે. પ્રથમ કોંગ્રેસ ૧૮૮૫ના ડીસેંબરમાં મુંબાઇમાં, બીજી ૧૮૮૬-માં કલકત્તામાં, ને ત્રીજી ૧૮૮૭માં મદ્રાસમાં મળી હતી. શરૂઆતમાં એ કોંગ્રેસમાં ભાગ લેનારાની સંખ્યા થોડી હતી. પણ દરેક વરસે એ સંખ્યામાં વધારો થતો જાયછે. ગયા સાલમાં હિંદમાં હિંદવાસીઓજ એ કોંગ્રેસની સામા રહ્યા. કેટલાક અંગ્રેજ અધિકારીઓએ પણ કોંગ્રેસની સામા પોતાનો અભિપ્રાય જણાવ્યો. તેથી હિંદવાસીઓ—કોંગ્રેસની પક્ષના વધારે જોરપર આવ્યા. અને મદ્રાસમાં મળ્યા હતા તે કરતાં બમણી સંખ્યામાં (સુમારે ૧૫૦૦) એકઠા થયા. અને સમાધાનીમાં તેમણે પોતાનું કામ પૂરૂં કર્યું.

આ દેશ છોડી પરદેશો તરફ નજર કરતાં ત્યાં કાંઇ જાણવા જોગ બનાવો બન્યા નથી. યુરોપ ને અમેરિકામાં સમાધાની રહી છે. આફ્રિકામાં સુઆકિ-માં નાની સરખી લઢાઇ થઇ એ સિવાય ત્યાંપણ કંઇ વિશેષ બનાવ બન્યો નથી. અમે તે પરમ દયાળુ મહા પ્રભુ પાસે માગીએ છીએ કે તે આ ચાલતું વર્ષ સુખ શાંતિમાં ને સમાધાનીમાં ગુજારે.

અસ્તુ.

7. USE OF MENTAL POWERS.

૭. મન શક્તિનો ઉપયોગ.

જગતના પેદા કરનારે આ નાશવંત દુનિઆની અંદર જે જે ચીજો પેદા કરી છે તથા પશુ પક્ષિ અને બીજાં પ્રાણી સરજ્યાં છે તે સર્વ ઉપર માણુસ સરદારી ભોગવેછે. આથી હરકોઇ વાંચનારાના મનમાં વિચાર ઉઠશે જે એવું તે માણુસમાં શું પરાક્રમ છે. તથા એવી તે ઉમદા બક્ષીસ માણસને જગત-કર્ત્તાએ શી આપી છે કે માણુસ જાત પોતાથી ઉતરતી પંક્તિનાં પ્રાણી ઉપર સર્વોત્તમ સરદારી ભોગવે છે. તો તે સંબંધી આપણને ખાત્રી થાયછે કે માણુસને પરમ કૃપાળુ ઇશ્વરે વાચા અને મનશક્તિ એ બે આપ્યાંછે. તે સર્વત્ર ઉમદા બક્ષીસ છે.

જ્યારે આપણે આપણી આસપાસ નજર પહોંચાડીએ છીએ ને આપ-

ણાથી ઉતરતાં જનાવરોની હાલત તપાસવા બેશીએ છીએ ત્યારે આપણે અને આપણાથી ઉતરતાં વર્ગના જનાવરોની વચ્ચેનો અંતર આરીસાના પેઠે નજર આવેછે. આપણને જેમ વાચા છે તેમ આપણાથી ઉતરતા પ્રાણીઓને નથી. તથા આપણી આસપાસની ચીજોનું જ્ઞાન મેળવવાને આપણને મન શક્તિ અથવા તર્ક શક્તિ છે તેમ તેઓને નથી. એ ઉપરથી આપણને પ્રત્યક્ષરીતે માલમ પડેછે કે વાચા અને મનશકિતને લીધેજ આપણે આપણાથી ઉતરતા પ્રાણીઓ ઉપર સરદારી ભોગવીએ છીએ. જો આપણામાં ઇશ્વરે એ બે વાનાં મૂક્યાં ન હોત તો આપણામાં અને જનાવરોમાં બીજો થોડોજ તફાવત જોવામાં આવત.

જો આપણને સર્વજ્ઞ ઇશ્વરે માત્ર વાચાજ આપી હોત અને મન શક્તિ જેવી ઉમદા બક્ષીસથી અંધારામાં રાખ્યા હોત તો આપણે પશુઓ કરતાં ખરેખર થોડાજ ચઢતા દરજ્જાના કહેવાત કેમકે મનશક્તિ વિના વાચાનો કાંઇ ઉપયોગ થાત નહિ મનશક્તિ વિના માત્ર એકલી વાચાથી આપણે થોડું ઘણું ગરજ પડતું બોલત ચાલત. પણ મન શક્તિના તેજી હથીઆરથી જેજે મહાભારત શોધો થઇ છે અને હાલ થાય છે, જેજે વિદ્યા નીકળી છે અને હમણા ચોતરફ ફેલાઇ ગઇછે, જૂદી જૂદી લાખો બાબતો ઉપર જે કરોડો પુસ્તકો લખાયાં છે અને હજી લખાય છે એ સરવે મનશક્તિ વિના કદી સ્વપ્નામાં પણ થાત નહિ. તેમ એ સઘળું આપણે જાણત પણ નહિ જેથી માનવી જગત્માં સર્વોપરી શ્રેષ્ટ ગણાય છે તે નહિ ગણાતાં અજ્ઞાનરૂપી અંધારામાંજ ગોથાં ખાયા કરત એ ખરેખર હતુ.

વળી એટલા બધા આપણે છેટા શું કરવા જઇએ. આપણી નજર આગળનાજ દાખલા જુઓ. જો આપણને મનશક્તિ ન હોત તો જેણે આપણને આ દુનિઆમાં પેદા કર્યાછે તેનું ડહાપણ આપણે કેમ પીછાની શકત? આખી સૃષ્ટિ તેણે કેવી રીતે રચીછે, તે માંહેલી ચીજો કયા કયા નિયમ પ્રમાણે ચાલેછે, એ બધું આપણે જાણી શકત નહિ. આ ઉપર કહેલી દલીલથી આપણને માલમ પડશે જે મનશક્તિ એ સર્વોત્તમ ઉંચું જવાહીરછે અને જવાહીર આપણ માણસ જાતને આપવામાં જગત્કર્ત્તા ઇશ્વરે અપાર ડહાપણ વાપર્યું છે.

જેમ મન શક્તિ વિના વાચા નકામી થઇ પડેછે તેમ વાચા વિના મનશક્તિ નિરૂપયોગી છે. જો આપણને વાચા આપી ન હોત ને માત્ર મનશક્તિજ

આપી હોત તો મનશક્તિથી આપણે જેજે વિચાર બાંધત, તથા નવી નવી શોધો કરતાં અનેક બાબતો ઉપર જે તરેહવાર કલ્પના કરત તે બધું કાંઇ કામ આવત નહિ માટે જેમ વાચાથી મનશક્તિને મદદ મળેછે તેમજ મનશક્તિથી વાચાને મદદ અને પુષ્ટી મળેછે.

આ ઉપરથી આપણે સમજીએ છીએ જે વાચા અને મનશક્તિથી પણ ખરેખરૂં તો ઘણું કરીને મનશક્તિથીજ માણસો પોતાથી ઉતરતી પંક્તિના પ્રાણીઓ ઉપર સરદારી ભોગવે છે.

જો આપણે મનશક્તિ જેવી ઉમદા બક્ષીસનો લાભ ન લઇએ ને જેમ વગર વાપરવે લોઢું કટાય, તેમ કાટ ખાવા દઇએ તો તેની કીમતી બક્ષીસ વૃથા જાય છે તેથી આપણું કાંઇ સાર્થક ન થતાં તે કીમતી બક્ષીસ કાંઇ કામ આવતી નથી. માટે આપણી પહેલી ફરજ એ છે જે આપણે તેનો સારો ઉપયોગ કરી હમેશાં મન શક્તિને ખેડવી અને તેનાં મીઠાં ફળ ચાખવાં. કહેવત છે કે "વપરાતી કુંચી ચળકે ઘણી" એ પ્રમાણે મનશક્તિનો ઉપયોગ કરવાથી અને તે સદા કસ્યાથી તેજસ્વી રહેછે. અને તેનાં ઉપર કહ્યા મુજબ દિન દિન પ્રત્યે સર્વોત્તમ ફળ પ્રાપ્ત થાયછે. માટે આપણે માણસ જાતને તે ઉમદા બક્ષીસનો ખરો ઉપયોગ કરવો. મનશક્તિને લીધેજ આપણે ઇશ્વરના ડહાપણથી વાકફ થયા છીએ, ને એથીજ આપણી આસપાસની કુદરતી ચીજોનું જ્ઞાન મેળવીએ છીએ. પરમ કૃપાળુ ઇશ્વરે આપણને જે ધારણાથી ઉત્પન્ન કર્યા છે તે ધારણા મનશક્તિથીજ પાર પડેછે. મનશક્તિની મદદ વિના કાંઇ થઇ શકતું નથી. કેમકે એથીજ આપણે લોકોને ઉપયોગી થઇ પડીએ છીએ. જે જે શાસ્ત્રો રચયાં છે અને મહાભારત શોધો થઇ છે તે બધા મનશક્તિના તેજી હથિઆરથીજ થયા છે. ટુંકામાં એટલુંજ કે બધા સુધારાનું મૂળ મનશક્તિ છે કારણ કે જેમ જેમ મનશક્તિ વધારે વધારે ખેડાય છે તેમ તેમ જ્ઞાનનો વધારો થતો જાયછે ને જ્ઞાનનો વધારો થાયછે તેમ સુધારાનો પણ ઓહોળો ફેલાવો અને પસારો થાયછે.

આ ઉપરથી માલમ પડે છે કે મનશક્તિનો આપણે ખરો ઉપયોગ કરવો જોઇએ, કાંકે, જે મતલબથી આપણને કિરતારે પેદા કર્યા છે તે મતલબ સંપૂર્ણ રીતે પાર પાડવાનું મનશક્તિ એ અમુલ્ય સાધન છે.

પરભુદાસ રણછોડજી

કચ્છ—લાએજા.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ. ૧	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવલી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શઇ	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ	૧—૮—૦	૦—૨—૦

ચોપડીઓનું લીષ્ટ.

	ફીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૭—૨—૬ ...	૦—૦—૬
નિબંધ રીતિ...	૦—૬—૦ ...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮ ...	૦—૦—૬
શંકર દિગ્વિજય મૂળ સહિત ભાષાંતર...	૪—૦—૦ ...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦ ...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬ ...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦ ...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦-૧૦—૦ ...	૦—૧—૦

શાળોપયોગી સહેલું ને સસતું ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. ફ્રિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચ આના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦મું. માહે ફેબ્રુઆરી સન ૧૮૮૯. અંક ૨જો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ ભ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.	Subjects.	Page.
૧. સને ૧૮૮૯ના વર્ષ વિષે............	૨૫	1. The Poem................	25
૨. આયુષ્ય વધારવાની યુક્તિ.......	૨૭	2. Art of prolonging life....	27
૩. સજ્જન સમાગમ................	૩૧	3. To be in company of learned and virtuous man........	31
૪. નાનામાંથી મોટા કેમ થયા......	૩૯	4. How insignificant men became Famous	39
૫. પુસ્તકોની પહોંચ	૪૪	5. Acknowledgement of books	44
૬. પરચૂરણ........................	૪૮	6. Miscellaneous	48

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
ઝીંઝુવાડા લાઇબ્રરી	૨-૩-૦	પુ. ૨૦
વોરા લક્ષ્મીચંદ પ્રભુ	૧-૦-૦	,, (અરધી કીમતે)
રા. ખુશાલદાસ ગોકળદાસ	૨-૩-૦	,,
પા. લીલાધર લાલજી	૧-૦-૦	,,
સંસ્થાન ધ્રાંગધરા	૮-૦-૦	,,
મે. મેકનોટન સાહેબ રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ	૨-૦-૦	,,
વઢવાણ સ્ટેશન એંગ્લો વર્નાક્યુલર સ્કુલ માસ્તર	૨-૩-૦	,,
લીમડી ફ. ગ્રે. એંગ્લોવર્નાક્યુલર સ્કુલ માસ્તર	૨-૩-૦	,,
આ. મે. રાવ સાહેબ કૃષ્ણલાલ ગોવિંદલાલ ઝાલાવાડ પ્રાંતના ડે. એ. ઇન્સ્પેક્ટર સાહેબ	૨૦૦-૦-૦	,,

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે ફેબ્રુઆરી સન ૧૮૮૯. અંક ૨જો.

1. THE POEM.

૧. સને ૧૮૮૯ના વર્ષ વિષે.

સવૈયા એકત્રીશા.

અઠ્ઠાશીનું વર્ષ વિત્યું પણ તેનો તનમાં હજીએ ત્રાસ,
કોલેરાના ક્રૂર રોગથી મુઆ ઘણા [1]થયા ઘણા નિરાશ;
એ સમ વ્યાધી અલગ કરી દૂર આધી ઉપાધી કરો અવિનાશ,
ઇચ્છે છે અંતરમાં એવું પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૧.
વળી વર્ષાદ તણી આ વરસે ન્યુનતા દીસે ઠામે ઠામ,
તૃણ જળની તેથી થૈ તંગી કણ મોઘારત ગામે ગામ;
પણ નેવાશીમાં અવિનાશી સરજો સૌની સઘળી આશ,
ઇચ્છે છે અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૨.
મુજ ગ્રાહક ચાહક મુજપર છે તેથી અધીક વધો વારૂ,
સરસ વિષય પર કસે કલમને જોને હું ઊત્તમ ધારૂં;
નરસ [2]પરસથી રહી વેગળા સજો પરસ્પર સંપજ ખાસ,
ઇચ્છે એ અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૩.
સંપ કરી સત્વર સૌ થાયે સભા નવી સુધરેલ વિચાર,
કાપે દુર્બળ જનના દુખને [3]આપે હિકમત કરે હજાર;
ઝટપટ ખટપટને વરજી સૌ મરજી જણુવે ધરી હુલાસ,
ઈચ્છે એ અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૪.

---

૧ ચયા. ૨ સ્પર્શ. ૩ પોતે.

સદય વસો સુવિચાર જનોમાં ખસો -હૃદયથી ખળતા દૂર,
ઉન્નતિ આર્ય જનોની ઇચ્છે ધરજો એવા નરમાં શૂર;
[1]ફરજોની [2]અરજો આદરજો કરજો પાર્લામેંટ પ્રયાસ,
એ ઇચ્છે અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૫.
વરજો લક્ષ્મી વરમાં વૃત્તિ હરજો હરકત વાર હજાર,
ઠરજો અચળપણે સૌ થાનક ડરજો દુશ્મનથી ન લગાર;
ધરજો વિદ્યા વેલૅ વિશેષે કરજો પુસ્તક રૂપ પ્રકાશ,
એ ઈચ્છે અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૬.
વૈભવ આપ વિવિધ વસ્તીને સરતો કર સઘળો સુખ સાજ,
રસ્તા સુખકારક થાવા પ્રભુ પૂરો આશ અમારી આજ;
[3]રિધરિધ દ્યો સંપુર્ણ સ્વદેશે [4]લેશે ભયમાં વસો નવાસ,
એ માગે અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૭.
થાપો ઇંગ્લીશ અમલ અધિક ને આપો રીપન સમા સરદાર,
[5]ઊત્થાપે અવળા ધારાને જેથી હિંદ બને હકદાર;
સદ્‌ગુણી સાદીરામ અને વિદ્યા ગુણ વધતો કરો ઊજાસ,
એ માગે અવિનાશી પ્રત્યે પ્રતિદીન આ વિજ્ઞાન વિલાસ. ૮.
વર્ષ થજો સુખ શાંતી વાળું હર્ષ હજો જગમાં જનને,
[6]કર્ષણ [7]વર્ષણ દ્યો પુરતાં [8]નિત નિર્ભય થૈ ભજીએ તમને;
નિયમિત [9]રત થાવા વર્ષા શિત ઉષ્ણ સુધાં વિનતી વળી ખાસ,
ગીરજાશંકર દાસ પ્રભુ તુજ ગુજરો વર્ષ સુખે અવિનાશ. ૯.

દોહરો.

અમલ વિત્યો અઠ્ઠાશીનો નેવાશીમાં નાથ,
કરજે હે કરતાર તું સુખીઓ સઘળો સાથ. ૧૦.

ગી. કુ. ભટ્ટ.

---

૧ ફરજનું બહુવચન. ૨. અરજીનું બહુવચન. ૩ રિદ્ધસિદ્ધ ૪ જરાએ. ૫ ખશેડે. ૬ દાણા. ૭ વરસાદ. ૮ નિત્ય. ૯ ઋતુ.

2. ART OF PROLONGING LIFE.

૨. આયુષ્ય વધારવાની યુક્તિ. (ગયા અંકથી ચાલુ)

આ જગતમાં જેમ જીવનશક્તિને હાનીકારક કેટલીક ચીજો છે તેમ કેટલીક ઉત્તેજક અને પોષક પણ છે. તેમાં પ્રકાશ, ગરમી અને ઓકસીજન હવા એ મૂખ્ય છે. આ ઇશ્વરી બક્ષિસ જીવવશક્તિના મિત્ર કે રક્ષક કહીએ તો ચાલે.

એ ત્રણમાં પ્રકાશ એ બેશક જીવનશક્તિનો આધારભૂત છે. દરેક પ્રાણી જેમ પ્રકાશનો વધારે લાભ લેઇ શકેછે તેમ તેની જીંદગી વધારે સંપૂર્ણતા પામે છે. જો કોઇ પ્રાણી કે છોડને ગમે તેટલું પોષણ આપો ને સંભાળ રાખો તોપણ તેને પ્રકાશ નહિ મળ્યો તો પ્રથમ તેનો રંગ બદલાશે, પછી તે અશક્ત થઇ નાશ પામશે. તેજ પ્રમાણે કોઇ મનુષ્ય અંધારકોટમાં પૂરાય ને તેને પ્રકાશ ન મળે તો તે પ્રથમ પીળો પડી જઈ અશક્ત થાય છે ને તેની સર્વે ચપળતા જતી રહેછે. આપણા દેશમાં જે સ્ત્રીઓ ઓઝલ પડદામાં હમેશ પૂરાઇ રહી સૂર્યનો પ્રકાશ જોવા પામતી નથી તે સ્ત્રીઓનો ફીકો ચેહેરો ને અશકત શરીર ઉપલી વાતને પુષ્ટિ આપેછે.

સર્વ સેંદ્રિય જીવને પ્રકાશ-વગર ચાલેજ નહિ. કેમકે પૃથ્વીના પોપડામાં, ઉંડી ગુફાઓમાં કે જ્યાં કોઇવાર સૂર્યનો પ્રકાશ જણાતો નથી ને નિરંતર રાત્રીજ રહેછે ત્યાં ઇંદ્રિ રહિત જીવ રહે છે. ત્યાં ફુગ કે લીલ વગર કાંઇ જણાતું નથી. અને તે પણ પુરાનાં ખવાઇ ગએલાં લાકડાં ઉપર હોયછે.

પ્રકાશ જેવીજ જીવનશક્તિને બીજી ઉપયોગી વસ્તુ ગરમી છે ને તેનાથીજ જીવનશક્તિની પ્રથમ હાલ ચાલ થાયછે. થંડા દેશમાં જ્યારે શિઆળામાં સર્વ કુદરત મુરદાલ જેવું બનાવી મૂકે છે, ત્યારે તેને વસંત ઋતુની ગરમી જાગૃત કરેછે. આપણે જેમ જેમ ધ્રુવની નજીક જઇએ છીએ તેમ તેમ સર્વે ચીજો મડદાં જેવી જણાય છે અને છેવટે કેટલાક ભાગમાં તો કોઇ પણ છોડ, જીવડાં કે પ્રાણી રહી શકે નહિ એવો મુલક આવેછે. ત્યાં તો માત્ર વ્હેલ, સીંછ ને એવાંજ પ્રાણી જીંદગીને ઉપયોગી ગરમી રાખી શકેછે. ટુંકામાં જ્યાં સજીવ પ્રાણી વસતાં હોય ત્યાં થોડી કે ઘણી ગરમી હોયજ. એ બંનેને અતૂટ સંબંધ છે. ગરમી જીંદગી લાવેછે અને જીંદગી ગરમીને પ્રદિપ્ત કરેછે, તેથી એ બેમાંથી પ્રથમ શું તે નક્કી કરવું મુશ્કેલ લાગેછે.

ગરમીમાં જીંદગીને પોષક અને ઉત્તેજક ગુણ છે તેના પુરાવામાં નીચેનો દાખલો બસ છે. તા. ૨જી આગસ્ટ ૧૭૫૦ને રોજ પાછલા પહોરના ત્રણ વાગે સ્ટ્રાસબર્ગની લશ્કરી ઇસ્પિતાલની બારીએથી પીટીટ નામે સિપાઇએ નગ્નવસ્થામાં રહાઇન નદીમાં પડતું મૂક્યું. તે અરધો કલાક પાણીમાં રહ્યો, પછી તેને કહાડયો ત્યારે બીલકુલ મડદા જેવો જણાતો હતો. પછી ઉશીકા ઉપર માથું મૂકી તેને ગરમ બીછાનામાં સુવાડયો, તથા તેના હાથ પડખામાં અડાડીને મૂક્યા ને પગ પણ ભેગા કરીને રાખ્યા. પેટ ને પગ ઉપર ગરમ કપડાં રાખ્યાં ને ગરમ પથરા લુગડામાં વીંટી પથારામાં જૂદી જૂદી જગાએ રાખ્યા. એ શિવાય બીજી કાંઇ દવા કીધી નહિ. સાત આઠ મિનિટમાં તો તેની આંખ ફરકવા લાગી ને તે પછી થોડી વારમાં તો તેનાં જડબાં છૂટાં થયાં ને મોંમાંથી ફીણ નીકળવા લાગ્યું ને થોડો દારૂ પી શક્યો. નાડી ચાલવા લાગી ને એક કલાકમાં તો બોલવા લાગ્યો. એ રીતે દેખીતા મડદામાં પણ ગરમી તેમાં રહેલા જીવન શકિતના અંશને પોષણ આપેછે, તેને ઉતેજન આપેછે અને અંતે સજીવ બનાવે છે.

જીંદગીને ત્રીજી પોષક વસ્તુ હવા કે ઓકસીજન છે. બીલકુલ હવા વગર કોઇપણ જીવને ચાલે નહિ એકદમ હવા મળતી બંધ થવાથી, એકદમ કે કેટલીકવાર તાત્કાલિક મોત થયાના દાખલા પણ બનેલા છે. જે પ્રાણીઓ શ્વાસ લેછે તે પ્રાણીઓની જીવન શકિત વધારે અને સંપૂર્ણ હોય છે ને જે શ્વાસ લેતાં નથી તેમને તેમ હોતું નથી તેથી જીવન શક્તિ ઉપર હવાની કેવી અસર છે તે જણાય છે. જે હવા જીવન શકિતને મજબુત ને સારૂં પોષણ આપનારી છે તેજ હવા સ્વચ્છ હવા કહેવાય. એવી સ્વચ્છ હવા શ્વાસમાં નહિ મળવાથીજ કલકત્તાના બ્લાકહોલમાં પૂરેલા ૧૪૬માંથી ૧૨૩ માણસો મરણ પામ્યા હતા.

જીવન શકિતને જે હવા જરૂર છે તેને ઓકસીજન કહે છે. એ હવા શ્વાસોશ્વાસ વાટે લોહીમાં જાયછે. પાણીમાં ઓકસીજન હોવાથી ઓકસીજનવાળું પાણી પણ જીવન શકિતને જરૂરનું છે. કેમકે પ્રવાહીત્વ વગર જીવન શકિતનું સ્ફુરણ શકય નથી. આ પ્રમાણે પ્રકાશ, ગરમી, ઓકસીજન ને પાણી એ જીવન શકિતનાં આધાર ભૂત તત્વો છે. બીજી જાતના પોષક પદાર્થો ઇદ્રિઓને આધાર આપી તેનો ઘસારો પૂરો પાડે છે, અને તેથીજ એ પોષક પદાથો વગર માણસ લાંબા વખત સુધી રહી શકેછે. આપણા દેશમાં જૈન ધર્મીઓ મહીના મ-

હીનાના અપવાસ કરી શકે છે તે તેથીજ. પરદેશોમાં પણ લાંબી મુદત ઉપવાસ કર્યાના ઘણા દાખલા બનેલા છે એક ફ્રેંચ અધિકારી દુઃખનો માર્યો ભૂખે મરવાનો ઠરાવ કરી ખોરાક બંધ કર્યો ને ૩૯ દીવસ સુધી માત્ર પાણી પીને રહ્યો ને તે પછીના સાત દીવસ તો પાણી પણ ન લીધું. એવામાં ૪૬મે દીવસે એક છોકરાને રોટલી ને માખણ ખાતો દીઠાથી તેને ખાવાની ઇચ્છા થઇ અને થોડે થોડે ખાતાં એની તનદુરસ્તી સુધરી. એના ઉપવાસના છેલ્લા દીવસોમાં તો અશક્તિને લીધે એની આંખે પણ ઝાંખ વળી હતી. તેનું શરીર અશક્ત થાતાં તેના ભ્રમિત વિચારો ને કુતર્કો જતા રહ્યા હતા પણ પાછી શક્તિ આવતાંજ તે પણ દાખલ થયા.

જીવન શકિતને નબળી ને ઓછી કરનાર એક બાબત રહેછે. તે એજ કે તેને મેહેનત આપવાથી જે ઘસારો લાગે તે. દરેક જાતની મેહેનતથી તેની શકિત ઘસાય છે એ ઘસારો નિરંતર અથવા એકદમ ઘણો લાગે ત્યારે તે જલદીથી થાકી જાય. જેમકે આપણે લાગલાગટ ચાલીએ કે વિચાર કરીએ તો આપણને થાક જણાયજ છે. માટે જીવન શકિતને આરામની જરૂર છે.

જીવન શકિત તાજી ને મજબુત હોય છે ત્યાં સૂધી તેને ઘસારો જણાતો નથી કેમકે ઘસારા કરતાં વધારાનું પ્રમાણ વધારે હોય છે. તેથી સ્થુળદેહ પણ વધતું જાયછે. પણ આગળ જતાં ઘસારો વધારો સરખો થઇ સમતુલ રહેછે. પરિણામે ઘસારો વધીને શરીર ઘસાઇ જાયછે ને જીવન શકિત ઘટી જાયછે તથા છેવટે નાશ પામેછે.

સઘળા સજીવો એ રીતે તેમની જીંદગીમાં ત્રણ સ્થિતિમાં પસાર થાયછે. પ્રથમ જીવન શકિતનું વધવું, પછી ઘસારા વધારાનું સમતોલ રહેવું ને છેવટે ઘસારાનું વધી નાશ થવો.

જીંદગીનું ટકવું મૂખ્યત્વે નીચેની બાબતો ઉપર આધાર રાખેછે

૧ જે પ્રમાણમાં જીવન શકિત ઓછી કે વધારે હોય તે ઉપર. જીવન શકિત વધારે હોય તો લાંબી મુદત ને થોડી હોય તો ટુંકી મુદત ચાલેછે. કેટલાંક સ્થુળોમાં જીવન શકિત વધારે ને કેટલાંકમાં ઓછી હોયછે. તેમ કેટલાક કારણો જીવન શકિતને મજબુત ને કેટલાંક નબળી કરેછે. આ પ્રમાણે જીંદગીના ઓછા વધતાનો બનાવ બનેછે.

૨. જીવન શકિત સિવાય ઇંદ્રિયો પણ ઘસાઇને ક્ષય પામે છે. માટે સ્થુળની ઇંદ્રિઓ વધારે મજબુત હોય તેનો ક્ષય, નાજુક બાંધાના સ્થુળ કરતાં

મોડો થાય એ કુદરતી છે.

૩. આયુષ્ય વધવા ઘટવાનો ત્રીજો આધાર જીવન શકિતના ધીમા કે જલદી ઘસારા ઉપર રહેછે. જીવન શકિત સરખી છતાં એકમાં ઘસારો જલદી ને બીજામાં ધીમે થાય તો તેનો ક્ષય જલદી કે ધીમો થાય છે. જેમકે એક મીણબતી બંને છેડા ઉપર સળગાવે તો ને બીજી એક તરફ સળગાવે તો બીજી કરતાં પહેલી બમણી ઉતાવળી બળી જશે.

૪. ઘસારાનો બદલો નવિનના વધારાથી થાયછે. માટે જે સ્થુળોમાં એ નવિન વધારો મેળવવાનાં બાહ્યાંતર સાધન સારાં, સરલ, અને સંપૂર્ણ હોય છે તે સ્થુળો, તેવાં સાધન વગરનાં સ્થુળ કરતાં વધારે ટકે એ સ્વાભાવિક છે.

એ પ્રમાણે આયુષ્ય ટુંકું કે લાંબું થવાના મૂખ્ય આધાર ચાર છે. તેથી જો જીવન શકિત અને ઇંદ્રિઓને મજબુત કરે, તેને ઘસારો થોડો લાગવા દે અથવા ઘસારાના પ્રમાણમાં નવિન વધારો ઘણો કરે તો આયુષ્ય લાંબું થાય. ખોરાક, કપડાં, હવા અને રહેવાની રીત એ ઉપર કહેલાં ચાર સાધનોને અનુકુળ હોય તો આયુષ્ય વધે અને પ્રતિકુળ હોય તો જીંદગી ટુંકી થાય.

જીવન શકિતના ઘસારાનો અટકાવ એ આયુષ્ય વધારવાનો મૂખ્ય ઉપાય છે. જે માણસ બીજા કરતાં એક દિવસમાં જીવન શકિત બમણી ઘસવે અને તેની ઈદ્રિઓ બમણી ત્વરાથી વાપરે તે અરધા વખતમાં નકામો પડી જવાનો. પરમેશ્વરે પણ જીવન શકિતનો જલદી ઘસારો થઇ ન જાય માટે સર્વ પ્રાણીઓમાં નિદ્રા આપેલી છે, તેથી જીવન શકિતના ઘસારાનો અટકાવ થાયછે. અથવા એ શકિત તેટલો વખત સચવાય છે. બાર કે સોળ કલાક દીવસના મજુરી કરવાથી એ શકિતનો એટલો ઘસારો થાય છે કે તેથી નાડી પણ ઉતાવળી ચાલે છે ને થાકનો તાવ આવ્યાની માફક શરીર ગરમ થઇ આવેછે. એટલે ઉંઘ એ સ્થુળને વિસામો આપનાર છે. સાત આઠ કલાક ઉંઘ લીધાથી શરીરને વિસામો મળેછે, જીવન શકિતનો ઘસારો બંધ પડેછે અને તેટલા વખતમાં વધારો ચાલુ રહેવાથી દિવસે થએલા ઘસારાનો બદલો વળી રહેછે અને તેથી નાડી નિયમિત થાયછે અને દરેક ઇંદ્રિ પહેલાંની માફક શાંતિમાં ચાલેછે. આ ઉપરથી માલમ પડશે કે લાંબા વખત સુધી ઉંઘ ન લીધાથી ઘસારો ને નુકશાન વધારે થઇ જીંદગીનો નાશ જલદીથી થાયછે.

3. TO BE IN COMPANY OF LEARNED AND VIRTUOUS MAN.

૩. સજ્જન સમાગમ.

આ સૃષ્ટિની અંદર કેટલાંક મનુષ્યો સારાં હોય છે અને કેટલાંક મનુષ્યો નઠારાં હોયછે, જેને સજ્જન અને દુર્જન એવા નામથી ઓળખી શકાય છે. સજ્જન શોધ કરવાથી હાથ લાગે છે અને દુર્જન તો સ્થળે સ્થળે પોતાનાં દર્શન દે છે. તેથી સજ્જન સમાગમનો લાભ મેળવવો એ હીરાના લાભની પેઠે દુર્લભ છે અને દુર્જનને મેળવવા એ કાંકરા મેળવવાની પેઠે સુલભ છે. દુર્જનનાં અંતઃકરણમાં હમેશ એવાજ વિચારો ગોઠવાયા કરે છે કે ગમે તેવાં પ્રયત્નોથી પણ મનુષ્યને વશ કરી તેમાંથી સ્વાર્થ સાધવો. આવા વિચારને લીધે તેઓ મોઢેથી ભલે મધુર મધુર ભાષણ કરે પણ મધુર રસ વાળા વિષ પદાર્થની પેઠે ત્યાજ્ય છે. કારણ કે નહિતો તે મોહ પેદા કરી પોતાના કબજામાં લઇ અંતે મરણ તુલ્ય સ્થિતિએ પહોંચાડે છે. માટે પોતાનું પ્રિય ઇચ્છનાર સર્વે પ્રાણીઓએ તેથી દૂર રહેવું અને સજ્જનોનો સમાગમ કરવો એમાંજ શ્રેય છે.

સજ્જનોનો સમાગમ કલ્પ વૃક્ષની પેઠે ઇચ્છિત ફળ આપે છે અને અમૃતની પેઠે અજર તથા અમર કરેછે, તેથી તેને સ્વર્ગ સમાન કહેવામાં કાંઇપણ અડચણ નથી. આપણા લોકવ્યવહારમાં બધાં સુખ કરતાં સ્વર્ગ સુખ શ્રેષ્ટ ગણાય છે. તો ઉપર કહ્યા પ્રમાણે આ સંસારમાં તેવું સુખ ભોગવવાનું સાધન પણ સજ્જન સમાગમ છે. જ્યારે સજ્જનોનું દૂરથી પણ દર્શન થાયછે ત્યારે તેનાજ પ્રભાવ વડે આપણાં અંતઃકરણની વૃત્તિઓમાં પણ કોઇ વિચિત્ર પ્રકારનીજ અસર ઉપજે છે. તે વખત આપણી બુદ્ધિની અપવિત્રતા દૂર થાય છે, પાપ વૃત્તિ નાશ પામેછે, પુણ્યના અંકુરો પેદા થવા માંડેછે, મગજની મલિનતા હણાય છે, મન સારા સંકલ્પો કરેછે અને નિર્ભયતાનો પ્રકાશ થાયછે; જ્યારે સાવ સમીપમાં પ્રાપ્ત થાયછે ત્યારે નેત્ર પ્રસન્ન થાયછે, વ્યવહાર કલેશનું વિસ્મરણ થાયછે, ઇંદ્રિયો અવળે રસ્તે જતાં અટકી ઉત્તમ રસ્તો ગ્રહણ કરેછે, અનેક સદ્વિચારો અંતઃકરણમાં આવવા લાગે છે, મનોવૃત્તિ શાંત થાય છે, તથા તેના મુખથી મધુર વચનો સાંભળવાની ઇચ્છા ઉપજે છે; જ્યારે તેની

સાથે બોલ ચાલ થાયછે ત્યારે શ્રવણેંદ્રિયની તૃપ્તિ તથા અતૃપ્તિનો અનુભવ કરેછે. મનના વલણમાં ફેરફાર થાયછે, રૂવાડાં ઉભાં થાયછે, અલભ્ય ઉપદેશ મળેછે, વાણી પ્રમાણિકપણું ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરેછે અને અપરિચિત આનંદનો અનુભવ થાયછે; તે બોલતાં વિરામ પામેછે ત્યારે તેના શબ્દે શબ્દનું મનન મનની અંદર થયા કરેછે તથા તેની ઇશ્વરી સત્તા આપણા જાણવામાં આવેછે; અને જ્યારે તેથી જૂદા પડીએ છીએ ત્યારે આગળ ચાલવામાં આળસ થાય-છે. બીજો કોઈપણ દૃશ્ય પદાર્થ મનને ગમતો નથી, ઉત્તમ વિચારોના ઉભરા અંતઃકરણમાં આવ્યા કરેછે, પરોપકાર કરવાનું સૂજે છે તથા ફરીને પણ સજ્જન સમાગમ કરવાની ઉત્કંઠા થાયછે. આ પ્રમાણે સર્વાંશે સુખદાયક તથા અહિત આચરણથી અટકાવનાર સજ્જન સમાગમ સમાન કોઇપણ બીજો પદાર્થ આ સંસારમાં નહિ હશે એમ કહીએ તો તે કાંઇ અતિશયોક્તિ ગણાશે નહિ. જ્યારે મનુષ્ય ખરેખરાં સંકટમાં આવી પડેલ હોયછે અને તેમાંથી મુક્ત થવા માટે પોતાના પ્રયત્નોમાં નિષ્ફળ થાયછે ત્યારે તેના અંતઃકરણમાં સજ્જનની સલાહ લેવાનુ સૂજે છે. કારણ કે સજ્જન કોઇપણ દિવસ કોઇને માઠી સલાહ બતાવતાજ નથી. વળી પોતાની મદદને મેળવવા ઇચ્છનારાં મનુષ્યોને તેઓ ગમે તેટલાં દુઃખને વેઠીને પણ કાંઇ આંચ આવવા દેતા નથી. તેઓ પોતાના વેરીનું પણ વખત આવ્યે ભલું કરવા ચૂકતા નથી! જુવો! કપટથી રાજપાટ હરી લઇને વનમાં કાઢનાર તથા તેટલેથી પણ સંતોષ નહિ પામતાં પોતાને દુઃખી જોવાને વનમાં આવેલા દુર્યોધનને મહાત્મા ધર્મ રાજાએ ગંધર્વના બંધનથી મુક્ત કર્યો. અહો! સજ્જનની મહત્તાની કેવી ખુબી! જ્યારે તેઓ શત્રુઓપર પણ ઉપકાર કરવાને ચૂકતા નથી ત્યારે જેઓ પોતાના આશ્રયવાળા હોયછે તેઓનું ભલું કરે તેમાં તો આશ્ચર્યજ શું? સજ્જનોના સ-માગમથી કોઇપણ હિત પદાર્થ અલભ્ય નથી. કહ્યું છે કે,—

जाड्यंधियोहरातिसिंचतिवाचिसत्यंमानोन्नतिंदिशातिपापमपाकरोति ॥
कीर्तिंचदिक्षुवितनोतितनोतिलक्ष्मींसत्संगतिःकथयकिंनकरोतिपुंसाम् ॥

ભાવાર્થ કે,—જે બુદ્ધિની જડતાને હરેછે, વાણીમાં સત્યનું સિંચન કરેછે, મોટાઇ આપેછે, પાપને કાપેછે, દિશાઓમાં કીર્તિને વિસ્તારે છે તથા લક્ષ્મીને વધારે છે એવી સજ્જનની સંગતિ કહો કે પુરૂષનું શું શું હિત નથી કરતી? અર્થાત્ બધું હિત કરેછે.

સજ્જનના સમાગમમાં નીતિ શાસ્ત્ર, ઇશ્વર ભક્તિ આદિક બાબતો ચર-

થવાને લીધે તેનાં અપ્રમેય તેજથી બુદ્ધિનાં જાડ્યરૂપ અંધારાનો એકદમ અંત આવેછે.

અસત્ય વાણી બોલવાથી પ્રમાણિકપણાંપર પાટુ વાગેછે એવું તેઓના ઉત્તમ ઉપદેશ ઉપરથી જાણી હમેશ સત્ય બોલવામાં વિશેષ પ્રીતિ બંધાતી જાયછે.

નિર્શદિન સદ્વિચારોનું મનન થવાથી મન કેળવણી પામી ઉત્તમોત્તમ બનેછે અને સારા સંકલ્પોપર ઉતરે તેથી પુરૂષ ખરી મ્હોટાઇને પામે છે. કારણ કે મહાત્મા પુરૂષો કેવળ મનથી મ્હોટા પુરૂષનીજ મ્હોટાઇ કબુલ કરેછે પણ તનથી અને ધનથી મ્હોટા પુરૂષની મ્હોટાઇ કદી કબુલ કરતા નથી. માટે મનથી મ્હોટા પુરૂષની મ્હોટાઇ એજ ખરી મ્હોટાઇ છે. આવી મ્હોટાઇવાળા પુરૂષો દુર્જનની દુર્ગુણી મંડળીના માનને ઈચ્છતા નથી તેમજ ધનવાન લોકોમાં મ્હોટા થઇ બેસવાની ધારણા કરી ભારે ભપકામાં અંજાતા નથી. તેઓ તો ફક્ત સદ્‌ગુણી સજ્જનોની ગણતરીમાં ગણાવાનેજ માન માનેછે. આવું માન બધાં માન કરતાં ઉત્કૃષ્ટ છે એવું જણાવા માટે શ્લોકમાં માનોન્નતિ એવું પદ રાખેલું છે. માનવડે કરીને ઉત્કૃષ્ટતા તો ફક્ત મનની મ-હોટાઇ વાળાઓનેજ મળેછે. જે ઉત્કૃષ્ટતા અવિનાશી ગણાય છે, અને તન તથા ધનનીમહોટાઇવાળાઓને મળતાં માન વડે કરીને જે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાયછે તે તો ક્ષણિક એટલે નહિ જેવી છે. માટે એવી ઉન્નતિને સુજ્ઞ પુરૂષો કદીપણ ઉન્નતિ એવું નામ આપી શકતા નથી. તેથી સહજ સિદ્ધ થાયછે કે સજ્જનના સમાગમથી મળતું માન એ એક અનિર્વચનીય વસ્તુછે, અને તે માનને મેળવવા માટેજ ડાહ્યા પુરૂષો પ્રેમથી પ્રયત્ન કર્યા કરેછે.

શાસ્ત્રમાં કાયિક, વાચિક અને માનસિક એવા ત્રણ પ્રકારનાં પાપ કહ્યાં છે. તેમાં પરસ્ત્રી ગમન, નિરપરાધી પ્રાણીઓને મારવાં વગેરે પાપોને કાયિક એવું નામ આપેલું છે. જૂઠું બોલવું, કોઇનું કુડું કહી તેના પર આળ ચડાવવું, કોઇને ગાળ આપવી વગેરે પાપોને વાચિક એવું નામ આપેલ છે. તથા અસત્સંકલ્પાદિક પાપોને માનસિક એવું નામ આપેલ છે. આ ત્રણે પાપોમાં કાયિક તથા વાચિક એ બન્ને પાપોનું મૂળ માનસિક પાપછે. એટલે પ્રથમ માનસિક પાપ ઉત્પન્ન થઇ પછી તેમાંથી કાયિક અથવા વાચિક પાપ ઉત્પન્ન થાયછે અર્થાત્ માનસિક પાપ પોતેજ તેઓને ઉત્પન્ન કરેછે. આ પ્રમાણે કાયિક તથા વાચિક પાપ એ ઉત્પાદ્ય (ઉત્પન્ન કરવા લાયક) છે અને માનસિક પાપ

તેઓનું ઉત્પાદક (ઉત્પન્ન કરનાર) છે. માટે જો માનસિક પાપનો નાશ થાય તો પછી કાયિક અને વાચિક એ બન્ને પાપો તો હોયજ ક્યાંથી? કારણ કે ઉત્પાદક વગર ઉત્પાદ્યની ઉત્પત્તિનો કદી પણ સંભવ હોતો નથી. તેથી તાત્પર્ય એટલોજ નીકળે છે કે, દુનિયામાં દરેક મનુષ્યે પહેલા પ્રથમ માનસિક પાપનો નાશ કરવામાંજ તત્પર રહેવું, જેથી કાયિક તથા વાચિક એ બન્ને પાપોનો નાશ તો એની મેળેજ થઇ જાયછે. આ માનસિક પાપ રૂપ દૈત્યોનું ટોળું કે જે મનુષ્યોને ખાઇ જવા માટેજ સદા તૈયાર હોયછે, તેથી બચવાને મનુષ્યોએ જેમ બને તેમ પુણ્યવૃત્તિરૂપ દેવીની સેવા કરી તેના હાથથી તે દુષ્ટ પાપરૂપ દૈત્યોના ટોળાંનો નાશ કરાવવો, જેથી પોતાનું રક્ષણ થાય. પણ આ મહાન કાર્ય સિદ્ધ કરવામાં અડચણ ફક્ત એટલીજ છે કે, પુણ્યવૃત્તિ રૂપ દેવીનું દર્શન પણ પોતાની મેળે અત્યંત દુર્લભ છે, માટે તે પુણ્યવૃત્તિરૂપ દેવીના સેવક રૂપ સજ્જનો કે જેઓ આ પૃથ્વીપર પ્રાણીઓને પીડાથી પરાઙ્મુખ કરવા માટે પોતે હમેશ પરિક્રમણ કર્યા કરેછે, તેઓને શોધી તેમની સહાયતાથી તેઓ બતાવે તે રસ્તે પુણ્યવૃત્તિરૂપ દેવીનું દર્શન થાયછે, અને તેણે કરીને સર્વ પાપોનો નાશ થાયછે. આ પ્રમાણે પાપોનો નાશ કરવામાં સજ્જનોનો સમાગમ એજ મૂળ છે એમ વિચાર કરતાં સિદ્ધ થાયછે. તેથીજ સજ્જન સમાગમને પાપ નાશક કહેલોછે.

कीर्त्तिर्यस्यसजीवति જેની કીર્તિ છે તે જીવેછે. અર્થાત્ આ ક્ષણ ભંગુર સંસારમાં જે મનુષ્યની કીર્તિ છે તે જોકે મરણ પામેલ છે તોપણ તેને જીવતો સમજવો અને તેથી ઉલટું એટલે જેની આ સંસારમાં કીર્તિ નથી અને તે જીવતો છે તોપણ તેને મૂવા સરખોજ સમજવો. કીર્ત્તિ બે પ્રકારથી મેળવાય છે. પરાક્રમે કરીને તથા સત્કૃત્યો કરીને. પરાક્રમે કરીને એટલે સર્વ પ્રજાને સુખ થવા માટે પોતાના શત્રુ આદિકોના નાશથી પોતાની અભીષ્ટ સિદ્ધિ કરીને કીર્ત્તિ મેળવનારાઓ ઘણુંકરીને નીતિમાન શૂર પુરૂષો ક્ષત્રી આદિક હોયછે, અને સત્કૃત્યો કરીને એટલે મનની મહેનતથી ઉપજતા અનેક સદ્વિચારોથી સંયુક્ત ઉત્તમ ઉપદેશો વડે આખી દુનિયાને દરેક દુઃખથી દૂર રાખી તેનું અવિનાશી કલ્યાણ કરીને કીર્ત્તિ મેળવનારા જ્ઞાની વિદ્વાન પુરૂષો હોયછે. જ્યારે આ બન્ને પુરૂષો પૃથ્વી પરથી પોતાનો હાથ ઉઠાવી ચાલ્યા ગયા હોય છે અને તેને વિસારે પાડવા માટે કેટલોક કાળ પણ વચમાં પોતાના સ્વરૂપને વધારતો ગયો હોય; તે વખત જ્યારે મનુષ્યોના અંતઃકરણમાં તે તે સંબં-

ધને લઇને તેઓનું સ્મરણ થાયછે ત્યારે તે મહાત્માઓનું સ્વરૂપ પણ તેમના મનમાં લગાર લગાર આવવા માંડેછે અને તેઓની ઉત્તમતા સૂચવનારા શબ્દો પણ તેના મુખથી વારંવાર નીકળે છે. પણ જ્યારે પરાક્રમ કરીને કીર્ત્તિ મેળવનાર મહાત્માઓનું તેના સંબંધથી એટલે તેઓનાં પરાક્રમ આદિકના શ્રવણથી સ્મરણ થાયછે ત્યારે મનુષ્યોના મનનો જુસ્સો બહાર તરી આવી તેને માટે ઉચું મત બાધેછે, તથા સત્કૃત્યો આદિકથી કીર્ત્તિ મેળવનાર મહાત્માઓનું તેના સંબંધને લીધે એટલે તેઓના ઉપદેશક નિબંધાદિકને લીધે સ્મરણ થાય છે ત્યારે મનુષ્યોની મનોવૃત્તિ શાંત થઇ રહેછે તથા જ્યાં ત્યાં નહિ દોડતાં તેને માટે અત્યંત ઉંચું મત બાંધે છે જેથી કીર્ત્તિ મેળવવાના આ બન્ને રસ્તામ જે સત્કૃત્યો આદિક કરીને કીર્ત્તિ મેળવવાનો રસ્તોછે તેની ઉત્તમતા અધિક ભાસે છે. માટે મનુષ્યોએ તે રસ્તે કીર્ત્તિ મેળવવા સારૂ જ્ઞાની તથા વિદ્વાન થવાની બને તેટલી હોંશ ધરાવવી એવો તાત્પર્ય છે. જ્ઞાની તથા વિદ્વાન એ બન્ને સાથે લેવાનું કારણ એવું છે કે ફક્ત જ્ઞાની હોય અને વિદ્વાન ન હોય તો તેનામાં તત્વ સમજવાની શક્તિ હોય પણ તે પ્રમાણે કોઇને સમજાવવાની શક્તિ ન હોય, અને ફક્ત વિદ્વાનજ હોય તથા જ્ઞાની ન હોય તો તેનામાં પોતાની વિદ્યાની સહાયતાથી કોઇને ગમે તેવા તર્ક વિતર્ક વડે સમજાવવાની શક્તિ હોય પણ પોતે ખરૂં તત્વ ન સમજતો હોય એટલે તે બધુ વ્યર્થ છે. જેમકે આપણે કોઇ ગામ જતા હોઇએ ત્યાં રસ્તામાં નદી આવે તે વખત આપણે તો સાવ અજાણ્યા છીએ એટલે ત્યાં મુંઝાવું પડે અને ઉતરવાનો આરો કયો હશે એમ ખાત્રી ન થાય આવી રીતે મુંઝાતા હોઇએ તેવામાં ત્યાં હમેશનો અનુભવી કોઇ આંધળો પુરૂષ બેઠો હોય તથા બીજો કોઇ અજાણ્યો દેખતો પુરૂષ બેઠો હોય તેમાંથી આપણે દખતાને જઇ પૂછીએ કે ભાઇ! આ નદી ઉતરવાનો આરો ક્યાં છે? ત્યારે તે ખબર વિના ખરો આરો તો શું બતાવે? પણ તર્ક વિતર્ક કરીને અટકળથી એવો આરો બતાવે કે તેમાં ચાલતાં આપણે કદી ઉતરીએ તો ઉતરીએ પણ ખરા, અને કદાચ વચમાં ખાડ આવે તો ડૂબીએ પણ ખરા; તથા પેલા આંધળાને જઇને પૂછીએ તો તે બિચારો એમ કહે કે આટલામાં આરો ક્યાંક છે ખરો. પણ તે કાંઇ આંગળી ચીંધીને બતાવી શકે નહિ. પછી છેવટે જો કોઇ અનુભવી અને દેખતો પુરૂષ મળે અને તેને પૂછીએ તો તરત તે આપણને ખરો ઉતરવાનો આરો આંગળી ચાંધીને બતાવી દે. આ ઉદાહરણમાં જેમ પેલો આંધળો

અને દેખતો એ બન્ને ત્યાજ્ય હતા અને પેલો અનુભવી અને દેખતો ગ્રાહ્ય હતો તેમજ આ સંસાર સમુદ્ર ઉતરવામાં ફક્ત જ્ઞાની કે જે શાસ્ત્ર રૂપ દૃષ્ટિથી હીન છે તે અને ફક્ત વિદ્વાન કે જે સંસાર સમુદ્રમાંથી તરી જવાના રસ્તાને જાણતો નથી તે બન્ને ત્યાજ્ય છે, અને જ્ઞાની તથા વિદ્વાન એજ કેવળ ગ્રાહ્ય છે. માટે તેવા થવાને હમેશ ઉત્કંઠા રાખવી અને તે ઉત્કંઠા ખરેખર સજ્જનોના સમાગમથીજ પાર પડેછે; કારણકે ભક્તિ અને નીતિ એ બન્ને તેમાં પ્રાધાન્યપણે રહેલ છે તથા વિદ્યા તો તેમની વહાલી ઇષ્ટ દેવતા છે માટે તેઓના સમાગમથી જ્ઞાની અને વિદ્વાન બની ઉત્તમ કીર્તિ મેળવાય છે અને તે કીર્તિ ઉત્તમ હોવાને લીધે સાધારણ કીર્તિ કરતાં વધારે વિસ્તાર પામેછે અને વિશેષ ટકી રહેછે. એટલાજ માટે શ્લોકમાં પણ "સત્સંગતિ સર્વ દિશાઓમાં કીર્તિનો વિશેષ વિસ્તાર કરેછે" એવા અર્થનું વાક્ય ગોઠવેલુ છે. આ વાક્યમાં "સર્વ દિશાઓમાં" એવું કહ્યાથી સ્થળે સ્થળે તેનો વિસ્તાર સમજાય છે છતાં વિશેષ એવુ પદ નાખેલું છે તેથી એમ જણાય છે કે વિશેષ વિસ્તાર કરેછે એટલે વધારે વખત ટકાવેછે. આથી કીર્તિ થવાનું મૂળ પણ સજ્જન સમાગમ છે એમ સિદ્ધ થાયછે.

હવે સંસારિક વ્યવહાર ચલાવવામાં લક્ષ્મી એ એક મુખ્ય સાધન ગણાય છે એટલે ભલે નિવૃત્તિનુ સુખ લેનારાઓને તેની જરાપણ દરકાર ન હોય અને તેને માટે તેઓ તેથી અળગા રહે; પણ પ્રવૃત્તિમાં પડેલા પુરૂષોને તો તે વગર પગલે પગલે પીડા પ્રાપ્ત થાય છે. ભલે ગમે તેવો હુશિયાર પુરૂષ હોય પણ તેની પાસે લક્ષ્મી ન હોય તો પછી તેની હુશિયારી પણ હમેશ હઠતી જાય છે. કહ્યું છે કે—दारिद्रदोषोगुणराशिनाशि. દરિદ્રતારૂપી દોષ ગુણના સમૂહનો નાશ કરનાર છે. તેમજ જગતમાં જેની પાસે લક્ષ્મી હોય છે તેજ પોતાની મરજી પ્રમાણે ધારેલા મનોરથો પાર પાડવા સમર્થ થઇ શકે છે અને જે દરિદ્ર હોય તે ભલે હુશિઆર હોય તથા તેના મનની અંદર અનેક તર્ક વિતર્કો સૂજતા હોય પણ તેથી લક્ષ્મીની સહાયતા વગર કાંઇપણ બની શકતું નથી. કહ્યું છે કે—उत्पद्यंतेविलीयंतेदरिद्राणांमनोरथाः દરિદ્ર પુરૂષોના મનોરથો ઉત્પન્ન થાયછે અને પાછા લય પામેછે. માટે સાંસારિક વ્યવહાર ચલાવનારે નીતિથી લક્ષ્મીનું અવશ્ય સંપાદન કરવું જોઇએ. કેટલાક કહેછે કે હાલતો દુષ્ટ પુરૂષોપરજ લક્ષ્મી ચાહના રાખે છે અને સાલસ માણસને જોઇ તેની પાસે જવામાં આળસ કરી જાયછે. ખરેખર આ બાબત ઉપર ઉપરથી જોતાં તો માણસને

સાચી લાગે તેવી છે પણ, ખરી રીતે તેમ નથી. જે દુષ્ટ પુરૂષોની પાસે લક્ષ્મી રહે છે એમ આપણે દેખાયછે તે ખરી લક્ષ્મી નથી પણ તેઓને રાત દિવસ ચિંતા કરાવનારી લક્ષ્મી છે, અને લક્ષ્મી કે જેથી આ જગતની સ્થિતિ છે તો તેનાથી અવિનાશી સુખ ઉપજવું જોઇએ તેને બદલે તો તેઓ દુઃખના આગમનને સૂચવનાર ક્ષણિક સુખોનો અનુભવ લઇ શકે છે. અને કહેવાતી લક્ષ્મી તેમને એવા બનાવી દેછે કે જ્યારે તેઓની સ્થિતિ બદલે ત્યારે તેઓ પોકેપોક રડેછે, ઘેલા બની જાયછે તથા ક્ષણિક સુખો સંભારી સંભારીને નિઃશ્વાસ નાખેછે, તેમજ કાંઇ પુરૂષાર્થ પણ કરી શકતા નથી અને બાયલા જેવા બની જાયછે. જો દુષ્ટ પુરૂષોપર લક્ષ્મી ચાહના રાખતી હોત તો તેઓને કદી પણ તે આવાં દુઃખના પાત્ર બનાવત નહિ. ત્યારે હવે લક્ષ્મી દુષ્ટ પુરૂષોપરજ ચાહના રાખેછે એમ કેમ કહેવાય? અને સાલસ પુરૂષોને જોઇ તેની પાસે જવામાં લક્ષ્મી આળસ કરી જાયછે એમ પણ કેમ કહેવાય? ખરેખર દુષ્ટ પુરૂષો પાસ રહેનારી પેલી કહેવાતી લક્ષ્મી સાલસ માણસથી દૂર રહેતી હશે તો ભલે રહે. સાલસ પુરૂષો તેવી લક્ષ્મીને તો સ્વપ્નમાં પણ ઇચ્છતા નથી. તેઓ તો ધર્મ, અર્થ અને કામ, આ જે ત્રિવર્ગ છે તેને મેળવી આપનાર લક્ષ્મીની ઇચ્છા કરે છે. અને તે પ્રમાણે તેઓ નીતિ તથા ઉદ્યોગની સહાયતાથી મેળવી શકે છે. આ લક્ષ્મી એજ છે કે જે સાલસ પુરૂષોના ઘરમાં ભારે ઠાઠમાઠ નહિ કરતાં સાધારણ રૂપે રહી તેઓને ક્ષણિક સુખના વધારે ફાંસામાં નહિ ફસાવતાં તેના અવિનાશી સુખના વિચારોનું અહર્નિશ પોતાના અંતઃકરણમાં આકર્ષણ કરેછે આ લક્ષ્મીને જો એમને એમ હમેશ તેની સહિયર નીતિ અને તેના સહાયક ઉદ્યોગના પ્રભાવથી તેને પુષ્ટિ આપવામાં આવે તો તે દિન પ્રતિદિન પુષ્ટ થતી જાયછે અને પોતાને પુષ્ટ કરનારનું પૂરતી રીતે કલ્યાણ કરતી જાયછે. માટે તેને પુષ્ટ કરવાનાં સાધનોની શોધ કરવી જોઇએ. એ સાધનો અતિશય મોંઘાં છે અને તે કાંઇ રસ્તામાં નથી પડેલાં કે સહેલથી ઉઠાવી લેવાય તેતો જ્યારે તેની ખરેખરી ચાહના થાય ત્યારેજ મેળવી શકાય છે. જોકે લક્ષ્મી મેળવવાના કામમાં નીતિ અને ઉદ્યોગ એ બન્નેની જરૂર છે તોપણ નીતિ એ વધારે બળવાન સાધન છે. જો નીતિ નથી હોતી તો કેવળ ઉદ્યોગથી ખરી લક્ષ્મીનાં દર્શન પણ થતાં નથી. માટે નીતિમાં પ્રીતિ ઉપજવા સારૂ સજ્જનોનો સમાગમ કરવાની અત્યંત જરૂર છે. નીતિનો એવોજ સ્વભાવ છે કે તે સજ્જન વગર બીજે ક્યાંય રહી શકતી નથી. અને સજ્જન વગર તેને

બીજે ક્યાંય શોધવા નીકળી પડીએ તો તે આપણી શોધ સર્વથા નિષ્ફળજ થાય એમાં કાંઇ સંશય નથી. માટે જે વસ્તુ જેના પાસે હોય તેના સમાગમ વગર તે વસ્તુનો લાભ કદી પણ થાયજ નહિ. આ પ્રમાણે લક્ષ્મીનું મૂળ નીતિ છે અને નીતિને રહેવાનું સ્થાનક સજ્જનો છે. માટે જો સજ્જનોનો સમાગમ કરીએ તો નીતિ મળે અને નીતિથી લક્ષ્મીનો વધારો થાય એ નિઃસંશય છે.

આ સંસારમાં સજ્જનોને લીધેજ અનીતિ આખી દુનિયાને પોતાના પીડાકારક ફાંસામાં ફસાવી શકતી નથી તથા અધર્મ સુધર્મનું સત્યાનાશ વાળવા સમર્થ થતો નથી. વળી જો સ્વયંભૂએ સજ્જનોને આ સૃષ્ટિની અંદર ન સરજ્યા હોત તો સુનીતિ સ્વયંવરમાં કોની સાથે સ્નેહ બાંધત? દુર્જનોથી દુઃખ પામતી દુનિયા પોતાની દીન દ્રષ્ટિથી કોના સામું જોઇ તેની સહાય માગત? તથા અધર્મ અવસ્થાને ભોગવતી દયા ક્ષમા આદિ અબળાઓ પોતાનો-આર્ત્ત સ્વર કોને સંભળાવત? માટે વિધિને પણ ધન્ય છે કે જેના ભંડારમાં આવાં અમૂલ્ય રત્નો ભરેલાં છે; અને તેને કોઇ કોઇ વખત આ દુનિયામાં પોતાનું મહત્વ બતાવવા માટે મેલી દેછે; કે જેના આભાસથી મનુષ્યોનાં ચક્ષુ આગળ ફરતું અજ્ઞાનરૂપી અંધારૂં નાશ પામી જ્ઞાન રૂપ પ્રકાશ થઇ જાયછે. વળી તે સજ્જનોનો સમાગમ કરનારાઓને પણ ધન્ય છે કે તેઓ પ્રથમ તેવા નહિ હોવા છતાં સજ્જનરૂપ પારસમણિનો સંગ કરવાથી સુવર્ણ બની જાયછે. એટલા માટે હું હમેશ અખિલ લોકના આધાર ઇશ્વર પાસે એવીજ પ્રાર્થના કરૂંછું કે સર્વને અભય આપનાર સજ્જનોના જય ઉદય પામો અને મનુષ્યો પણ તેઓના અનુપમ સમાગમનું સુખ લઇ દરેક દુઃખથી વિમુખ થઇ આ સંસારમાં અપાર ઉત્તમ કીર્તિ મેળવી અજર તથા અમર બનો.

તથાસ્તુ.

શાર્દૂલ વિક્રિડિત છંદ.

સેવા સજ્જનની સદૈવ કરવા જે હોંશ ઝાઝી ધરે,
દુઃખો દેશ તણાં તમામ હરવા જે સત્પ્રયત્નો કરે;
જેમાં જ્ઞાન વધારનાર વિષયો દીપી રહેલા દિસે,
તે વિજ્ઞાન વિલાસ સર્વ જનને રાખો સુનીતિ વિષે.

4. HOW INSIGNIFICANT MEN BECAME FAMOUS.

૪. નાનામાંથી મોટા કેમ થયા?

જે જે માનવ—એક કાર્યથી કે અનેક કાર્યથી આ દેશના ઈતિહાસથી ઓળખમાં આવ્યા છે તેને આ ભારતવર્ષના આજના પ્રાતઃસ્મરણમાં લેવા યોગ્ય લાગે છે. એજ માણસ શ્રેષ્ઠ છે, કે જેણે પોતાના કામથી ચીરનામ રાખેલું છે!!

माघपंडित—એ પ્રથમ બહુજ બારીક સ્થિતિમાં હતા, અને માગેલી સાહીવડે શાસ્ત્ર લખવાના તાકડા થતા હતા પરંતુ તે તેવા પોતાના સતત્ ઉદ્યોગથી આગળ જતાં મહારાજ્યમાન્ય થઇ પડયા હતા. તેના રચીત શાસ્ત્રોથી આપણે ઘણું શીખી શકયા છીએ એ સર્વ તેની ઉદ્યોગી ટેવના ઉપકાર છે. તેથી તેણે પોતાનું ચીર નામ રાખ્યું છે તેને રાજ્યમાન મળવા પછી પણ પોતાની પૂર્વ ટેવ ને સાદાઇ તજી ન હતી.

काळिदास—પ્રથમ આ એક દુર્બળ બ્રાહ્મણ કુટું"ના માણસ. પરંતુ તે પોતાનાં સતત વિદ્યાભ્યાસના યોગથી મહાન્ સંસ્કૃત રાજ કવિ થઇ ગએલા છે. અને આગળ જતાં માઘકવિની દીકરી પરણવાને સમર્થ થયા હતા. આ પંડિતને માઘની પંડિત પુત્રી પત્નિ રૂપે મળવાથી એણે સંસારનો અત્યાનંદ ભોગવ્યો હતો. તેના કરેલાં મહાકાવ્યોથી આપણને જે લાભ થએલા છે તે આ ણે સર્વ કોઇ જાણીએ છીએ. આ સર્વ તેવા સ્વપરાક્રમીઓના સતત પ્રયત્નોના પ્રતાપથીજ. મનુષ્ય આમ નાનામાંથી મોટું થઇ પડેછે.

भवभूति, त्रिविक्रमभट्ट, महाकविमोरारि, मयूर, भारवी, પ્રખ્યાત કાદમ્બરીનો કર્તા बाणभट्ट, दंडिकवि, એ સર્વ પ્રથમતો સાધારણ બ્રાહ્મણ કુળોમાંજ ઉછરેલા, ને મોટા થઇ વિદ્યાભ્યાસ કરેલો, પરંતુ તે પ્રયાસી પુરા, તેથી તેમાંના કેટલાક તે વખતે રાજમાન્ય થએલા, અને એ સર્વ આજ નામધારી નિવડેલા છે. જે મનુષ્યના હાથથી યોગ્ય કામ થાય છે, તે તેનું મહત્વ તે વખતે કે તે પછી યોગ્ય વખત આવતાં પ્રકાશ્યા વિના રહેતું નથી. પછી તેને મહત્વની પરવા ન હોય કે ખ્યાલ ન હોય એ જોવાનું નથી. પરંતુ દેશ શ્રેયસનાં, પાંડિત્યનાં મહત્ કાર્ય કરનાર મનુષ્યોને, મનુષ્ય સમુદાય માન આપેછેજ. કેમકે તે તેના

ઉદ્યોગનાં ઉપકારી થએલાં હોવાથી તેનાથી તેમ બન્યા-બોલ્યા વિના રહેવાતુંજ નથી.

અમરસિંહજી—જેણે અમર કોષ કર્યો છે. તે પ્રથમ એક પુન્જને ત્યાં ગરીબ વિદ્યાર્થી પ્રમાણે હતો. પરંતુ તેથી શું થયું. અમર થયો. તે તેના યોગ્ય ગુરૂથી એવા વિદ્યાપ્રવર્તક જૈન જતિઓ ત્યાર કેડે થોડાજ નીપજ્યા છે. અમરકોષના પ્રયત્નથી તેની કીર્તિ આજ અવિચળ ગણવાઈ રહેલી છે ને રહેશે. નાના પ્રયત્નોથીજ મોટા થઈ શકેછે.

ભાસકવિ, સુબંધુપંડિત—તેઓ કેવા વિચારવાન થઈ ગયા; કે જેના વિચારપર આજ આપણે માનસિક ઇમારતો ચણી શકીએ છીએ. તેઓને ધન્ય છે? પણ તેઓ આજના રંક જેવાજ મરેલ મનના રહ્યા હત, અમ ગરીબોથી શું બને? એવાં દીનતાનાં વાક્ય કાઢી વર્ત્યા હત, અથવા કુમાર્ગે ચડી આજના ટચાકો જેવા થયા હોત તો તેથી એવી નામના કેમ બનત વારૂ? તેઓ સાદાઇ રાખી યોગ્ય પ્રયત્નોમાંજ વર્ત્યા તેથી તેઓ, એવાં કાર્યમાં સફળ ને નામધારી નીવડી ગયા છે.

શેખરકવિ જો કે રાજા હતા પણ જ્ઞાન વિદ્યામાં રાજા ઘણે ભાગે દૂર્બળ હોયછે, તેમ આણે તથા ભોજ રાજાએ ન રહેતાં વિદ્યા ઉદ્યોગથી તેમાં પોતાની મોટાઇ મેળવી ગએલા છે.

ગુરુદત્તાત્રેય પ્રથમ તો ઘણાજ સાધારણ માણસ. પણ આગળ જતાં પોતાના તત્વ અભ્યાસથી દરેકથી કંઇને કંઇ લક્ષ લેતા ગયા, અને તેથી ઊંચા જ્ઞાની નીવડ્યા. જેથી આજે પણ આપણે તેના સંશોધનપણાથી તેને સ્મરણમાં લાવીએ છીએ દત્તાત્રેય કોઇ વાતમાં પૂરો વિચાર કર્યા વિના વંદતા નિંદતા નહીં. અને તેથીજ તેઓ વિચારની વાતોમાં મોટા કહેવાઇ ગયા છે. તેણે ચોવીશ સ્થળેથી લક્ષ લીધા હતા તેનાં નામ—પૃથ્વી, પવન, આકાશ પાણી, હરણ, માછલી, પિંગળા, વેશ્યા, સમડી, અજ્ઞાન બાળક, કુંવારી કન્યા, તીર બનાવનાર-પારધી, કરોળીઓ, શર્પ, ભમરો, એવી રીતે દરેકમાં વસતા ગુણ દોષ ગ્રહીને જ્ઞાની થયા હતા.

પાણીની—પ્રખ્યાત સંસ્કૃત વ્યાકરણ કરનાર પાણીની પંડિત પણ સાધારણ મનુષ્યમાંથીજ મોટાઇમાં પહોંચ્યા. તે પોતાના ઘણા કાળના સતત્ પ્રયત્નને યોગે કરીનેજ.

ભતૃહરિ—આ રાજા પ્રથમતો બીજા વિલાશીન નામના રાજા જેવોજ

પડી હતી પરંતુ પાછળથી તે વિદ્યામાં ને શૃંગાર, નીતિને વૈરાગ્યમાં ઉદ્યોગી પણાથી મોટા કહેવાયા.

કુમારીલભટ્ટ, ભાસ્કરાચાર્ય, શંકરાચાર્ય, માધવાચાર્ય, સાયનાચાર્ય ઇત્યાદિ એ લોકહિતના એકેકા કાર્ય વડેજ મહત્વ પામી ગએલા છે. તેણે પોતાના મનને બીજી બાબતોમાં ન ઘાલતાં એકેકાજ જનહિતના કામમાં અથાગ ઉદ્યોગ કર્યો જેથી એવું કામ બીજાથી થોડા વખતમાં બની શકતું નથી. આજ ખરી મોટાઇ તેથી થઇ છે.

વિક્રમ—આ રાજા પોતાના મોટા રાજથી વખણાઇ ગયો નથી. તેવાતો ઘણા મોટા રાજાઓ થઇ ગયા હશે, તેનાં આજ આપણને નામ પણ યાદ નથી. કેમકે તેઓ પારકાં દુઃખ ઓછાં કરવામાં દુર્બળ હતા તેમ થવામાં ઉદ્યોગ જોઇએ. એથી ઘણાથી તેમ બનતું નથી. પરતુ વિક્રમ પારકાં દુઃખ ભાગવામાંજ પરિશ્રમ કરતો રહ્યો જેથી તેણે તે માટે અથાગ મહત્વ મેળવેલું, જે આજે પણ કાયમ છે. ધન્ય છે તેને?

ધનવન્તરિવૈદ્ય, ચરક, વાક્ભટ્ટ, શુશ્રુત, શારંધર. માધવ, ભાવમિશ્ર વગેરે વૈદ્યો થઇ ગયા અને પોતાની મોટાઇ કાયમ રાખી ગયા એ સર્વ તેના અથાગ પ્રયત્નનાંજ ફળ છે. નહિતો તેને, જેમ મહારાણી કેટલાકને આજ ઉમરાવ પદ્વિઓ આપી મોટા કહેવરાવે છે તેમ તે માટે બનતું નહતું. વધુ તો શું; ખરી તેજ મોટાઇ જ્યારે એઓએ વગડાઓમાં ગીચ ઝાડી વચ્ચે સર્પો, સાવજોની પરવા ન રાખતાં અમૂલ્ય ઔષધીઓ ખોળવાની મહેનત કરી, અને મોટા મોટા ઝેહેરો ખાઇ ખાઇ તેના ગુણ દોષને વજન નિર્માણ કર્યા, અને એથી મનુષ્યોના દુઃખદાઇ રોગ મટવા માટે શોધ ખોળ કરી અને રોગ ઓળખવાના તથા તેની જાતિ બાંધવાના નિદાન કર્યા ત્યારેજ તેઓ મનુષ્યના મુખે અપાયાં. અહાહા!!! ધન્ય ધન્ય છે! એમ તેઓને માટે મહત્વ છે. જે મનુષ્ય મોટાઇ આડંબરથી લેવા જાયછે તેને કદિપણ ખરી મોટાઇ મળી શકતી નથી. એ તો જ્યારે હજારો ને લખો મનુષ્યના ફાયદાની વાતો, જે સતતને અથાગ ઉદ્યોગવડે, પાર પાડેછે ત્યારેજ તેવાને ઇચ્છા હો, યા ન હો, પણ એથી મેળે મહત્વ મળે છેજ.

બૃદપાયન, મહાવીર, મલ્લમયૂર, મૂળરાજ, અકબર, વનરાજ, ઇત્યાદિ ઇત્યાદિ ઘણા મોટાઇને પામ્યા છે તે પોતાની જાતી મોટાઇથીજ નહીં પણ સર્વે મનુષ્યોમાં પ્યારા અથવા મનુષ્ય હિતકર્યં કરનાર થઇ ગએલા હોવાથીજ તેમ થયું

છે. પછી કોઇ વિદ્યામાં, કોઇ પરદુઃખભંજનપણામાં, કોઇ જ્ઞાન માર્ગમાં, કોઇ શૌર્યમાં ને દેશ બચાવવાના કામોમાં, કોઇ ભવિષ્યના રૂડા માટે તો કોઇ ધર્મ બચાવને માટે, કોઇ, કોઇ કામ માટે પણ, મુદ્દે દેશ હિતકારી કે માનવ હિતકારી કાર્ય-પોતાના નિરંતર પ્રયત્નથી કર્યાને લીધે મનુષ્ય સમુદાયથી મોટાઇના પોકારને પામેલા છે અને એવા જે જે હશે ને થશે તેપણ પામ્યા વિના રહેવાના નથી. પછી કોઇને મોટાઇ મેળવવાની ઇચ્છા હોય કે ન હોય એ જોવાનું નથી, મહત્કાર્યથી મોટાઇ માન હમણાં કે આગળ મળેછે-જ.——જુઓ જુઓ આ કાળે પણ રાજા "રામમોહનરાય" બાબૂ કેશવચંદ્રસેન, બાબૂ પ્રતાપચંદ્રશેન, બાબૂ મહર્ષિ દેવેંદ્રનાથ ઠાકુર, બાબૂ ક્રિસ્તોદાસપાળ; સ્વામી દયાનંદ સરસ્વતિ, ભાસ્કરાનંદ સરસ્વતી, કરશનદાશ મુળજી, મહેતાજી દુર્ગારામ મંછારામ, દલપતરામ કવિ, કવિ નર્મદાશંકર, વળી મહિપતરામ ભાઈ અને નવલરામ ભાઇ, હરગોવન દ્વારકાદાસ, ભોળાનાથ સારાભાઇ, ગાયકવાડ શીયાજીરાવ મહારાજા, ગોંડળ મોરબી ને વઢવાણ વગેરેના ભુપાળ, વગેરે સર્વ જે આજની પ્રજામાં પ્રસિદ્ધ થએ જાયછે અને તેનાં નામ, કામ, માન પામ્યે જાયછે અને મોટા! મોટા?? અને મોટા મનના!!! તથા અથાગ ઉદ્યોગી, એમ કહેવાવા લાગ્યા છે તે શાથી અને તેવાજ અધિકારવાળા બીજા તેમ કહેવાતા નથી તે શાથી,? તે આપણે સર્વ કોઇ જાણીએ છીએ. જે પોતાની ફરજો અદા કરતાં અને પોતાના હાથમાંનાં કામકાજ કરતાં છતાં તેથી મળતા વખતમાં બીજો દેશ શ્રેયના કોઇ એકાદ કામ લઇ તેપર સતતને અથાગ પરિશ્રમ પેલા કરેછે અને બીજા તેવાજ કરી શકતા નથી, તેથીજ આમ બનેછે અને તેથી પેલાને પ્રજા પ્યાર, ચાહ, માન, ને મોટાઇથી વધાવે છે, અને બીજા તેવાનું નામ પણ જવલ્લેજ લેવામાં આવેછે. જુઓ ફારબસ સાહેબે કેવા કામથી કેવું નામ રાખ્યું. એમજ રીપન વાયસરાએ પણ યશ લીધો. તે લોકનાં; લોકથી ઝટ ન થઇ શકે તેવાં કાર્યોનાં મૂળ નાખ્યાથીજ. આપણા સર જમસેદજી જીજીભાઇ, આપણા પીટીટ, દાદાભાઇ નવરોજજી, બાબૂ લાલમોહન ઘોસ, લાર્ડ રે વગેરે જે આજે માન લે છે તે પણ લોકહિતનાં કાર્યો વડેજ. ખરા વર્તન વિના પ્રજાનો પ્યાર મેળવી શકાતો નથીજ. પ્રજા, એ પારેખ છે અને તે ખોટાની નખમાંથી ખોટાઇ પારખે છે. પછી તે માન ક્યાંથી દે વારૂ? વળી કેટલાંક કામોમાં કેટલાક સમુદાયના ધિક્કાર તળે પ્રથમ આવવું પડેછે ત્યારેજ પછી માનને પાત્ર થવાય છે. તેવા માન એ અવર્ણ્ય

છે. સોક્રેટીસ, હરીચંદ્ર, ગાલેલીઓ, લુથર, રાજા રામમોહનરાય વગેરે ઘણા તેવા મહદ્‌માનને પૂર્ણપાત્ર ગણાય છે.

મહિલા જાતિમાં આ દેશમાં ઘણાં મનુષ્ય સાધારણમાંથી મોટાઇ મેળવી ગયાં છે. સીતા. દમયંતિ, દ્રુપદિ, મંદોદરી, અહલ્યા, તારા, સરસ્વતિ, વજ્રા કુમારી. ઉત્તરા, જયા, રાણકદેવી, મીરાંબાઇ. વીરાંગના પાન્ના રાણી, વીરબાળા કર્મદેવી, ક્ષત્રાણીકર્મદેવી, તારાબાઇ રાજમાતા. વીરા, બાઇ દુર્ગાવતી, ક્ષત્રાણી ઝવેરબાઇ, રાણી વીરનારી ચંદા ઇત્યાદિ ઘણી નારીઓ પણ પોતાના અતિ લોકપ્રીય પરાક્રમો વડે નામના રાખી ગએલછે અને હજુ ભારતવર્ષમાં જોશી આનંદીબાઇ જેવીઓ આ કાળે ને આવતે કાળે અનંત થાય.

આપણા દેશ માટે કોઇ પરદેશી એમ કહેછે કે, આ દેશ યુદ્ધ કૌશલ્ય, અને શૌર્ય માટે મોળો છે, તો, તે તેનુ કહેવું રામાયણ, મહાભારત જેવાં પુસ્તકો વાંચવાથી, કેટલું ખોટું છે તે સહજ જાણવામાં આવેછે. એટલુંજ નહીં, પણ હમણાંની ચારસો પાંચસો વરસ ઉપરની વાત કરીએ તો તેમાં પણ એવા ઘણા દાખલા હાથ આવેછે એ પણ ઠીક, પણ બે અઢી સેંકડાના રણવીર ગણાવીએ તોપણ ઘણા થયાછે અને તે સાથે તેનાજ મનુષ્યો તે વખતે બે સુમાર હતાં. જેમાં પૃથ્વીરાજ, અમરસિંહ, કુંભાજી, ન્યાયવીર રાયમલ્લ, પ્રતાપસિંહ, મહારાષ્ટ્રની મહા શક્તિ શીવાજી, તન્નજી, બહાદૂર રાજમલ્લ, ગોવિંદસિંહ, શિખ શિરોમણી ગોવિંદસિંહ, રણજીતસિંહ, ફુલસિંહ, અને બંગાળી રંગરાવ. રાજા સીતારામરાય વગેરે વગેરે ઘણા પોતાના ને પોતાના દેશ રક્ષણ માટે મથેલા છે. જે માનવના મુખે સ્મરણીય થએલછે.

જે જે માનવહિતનાં અવર્ણ્ય ને અસાધ્ય મોટાં કામ કરવાં જોઇએ છીએ તે જેવા તેવા હાજીહા કહેનારા—હિચકારાઓથી થતાં-કે-પાર પડતાંજ નથી, અથવા ઘણાને તે સામે ટકવાનું સામર્થ્યજ હોતું નથી. તેતો સમર્થ વીરલાં માનવોથીજ થઇ શકેછે. પછી તેવાં કાર્ય પાર પડો કે ન પડો એ એક જૂદી વાત અને જેવો કાળનો યોગ, પરંતુ પરાક્રમી માનવ પોતાથી થઇ શકે તેવાં અદ્‌ભુત કાર્ય કરવાને સતત મથવા પરિશ્રમને લોકાપવાદથી કંટાળીને પાછી પાની કરતા નથી. તે તેની ફરજ અદા કરેછેજ અને સત્ય પ્રયત્નના ઘણા કામોમાં ઘણે ભાગે સિદ્ધિછેજ. વળી જનશ્રેયના મહદ કામો એકલા બળથીજ થતાં નથી, તેમાં વિદ્યા, શૌર્ય, ધૈર્ય, અને સંપ, ઐક્ય અથવા સમય સ્વરૂપ જાણવાની, તથા કષ્ટ ભોગવવાની ને મન-કબજ-કષ્ટતર રાખવાની પણ

જરૂર પડેછે વળી કેટલાંક કામો તો સંસારી કરતાં બ્રહ્મચારી વ્રતવાળા (વાંઢા-નફ્કરા) જ કરી શકેછે. તેથી દેશમાં તેવા વ્રતચરીત પણ જોઈએ. અરે! આજ સમય આ દેશના રૂઢી બંધનમાં તેવા રહે એમ નથી. જ્યાં લાં બાળલગ્નથી સત્યાનાશ વળતું જાએછે! તેવાં રાજસુખ, વ્યવહાર સુખ ને ધર્મ સુખ દેશ તાબે ને ઘરમાં ક્યાંથી લાવે વારૂ! એ પરમેશ્વર આ ભારત-વર્ષ ઉપર નાનામાંથી મોટા થાય એવા ઘણાને જન્માવ. કે જેથી અમારૂં ને અમારા દેશનું પરમ મંગળ થાય ને સર્વ બાબતમાં શ્રેષ્ટ નીવડીએ ઉપરનાં વર્ણનમાં થોડાજ ગણ્યા ગાંડ્યાં નાનામાંથી મોટા થએલાં કહી શક્યોછું, પણ લખવા બેશીએ તો ગત કાળના ને આ કાળના ઘણા મહા પુરૂષો છે. જે દેશ વિદેશનાં શુભમાં મંડ્યા છે. અને તે માટે વિશેષ તેનાં ચરિત્ર વાંચ્યે જાણી શકાય કે તેણે કેવી રીતે કષ્ટ ભોગવી તથા ઉદ્યોગ કરી મહત્ કાર્ય સાધ્યાં. વધુ શું?

દોહરો.

"જનની જણજે ભક્ત જન, કાં દાતા કાં શૂર;
નહિંતો રહેજે વાંઝણી, રખે ગમાવે નૂર." ૧.

લા. વૈદ્ય મયારામ સુંદરજી. કુંડલેથી.

5. ACKNOWLEDGEMENT OF BOOKS.

૫. પુસ્તકોની પહોંચ.

જૈન ધર્મનું પંચાંગ.—આ નામનું પંચાંગ શ્રા. કેશવજી લેહેરાભાઈ સાયલા વાળાએ છપાવી બહાર પાડયું છે. એની કીમત અઢી આના છે ને કદ ચાર ફારમનું છે. એ કાર્તિકી પંચાંગમાં પંચાંગ ઉપરાંત જૈન ધર્મનું ઐતિહાસિક વૃતાંત આપ્યું છે તે પણ જાણવા જોગ છે. વળી તેમાં જૈન ધર્મીઓને ખાસ ઉપયોગી બાબતો પણ છે.

હિંદની હાલત.—દુર્લભદાસ શ્યામજીએ એજ બાબતની એક નાની કાવ્ય પોથી છપાવીછે. તેનું કદ એક ફારમ ને કીમત સવા આનો છે. એમાંની કાવ્ય સહેલી ગુજરાતીમાં ને સારી છે.

કાઠીઆવાડ ઇલાકાની ભૂગોળ વિદ્યા.—પુરૂષોત્તમ કહાનજી ગાંધીએ છપાવી પ્રસિદ્ધ કરી છે. એનું કદ બે ફારમા ને કીમત બે આના છે.

શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ઉપયોગી કરવાના હેતુથી આ ચોપડી છપાવી છે. એમા ૪થે પાને બંદરમાં માધવપુર, સીલ, ને પ્રભાસપાટણ બંદરમાં લખ્યાં છે, પણ નકશામાં દરિયાકાંઠે હોય તે બધાં બંદર હોતાં નથી. ૬ ઠે પાને જુનાગઢથી વેરાવળ સૂધી થનારી રેલવેનાં થનારાં સ્ટેશનો આપ્યાં છે, તેમાં ચોરવાડ છે, પરંતુ જુનાગઢ ને વેરાવળ વચે ચોરવાડ આવતું નથી. ૭મે પાને એવડાં નામમાં પ્રભાસપાટણ–વેરાવળ આવું લખ્યું છે તે ખોટું છે. એ બને ગામ જૂદાં જૂદાં છે. વળી એ ચોપડીનું નામ કાઠીઆવાડ ઈલાકાની ભૂગોળ આપ્યુ છે. છતાં તેમાં થાનો ને ડિવિઝનના શબ્દો શા માટે આપ્યા છે તે સમજાતું નથી. જો ખાસ કારણસર હોય તો ચોપડીનું નામ ફેરવવું હતું. એમાં કાઠીઆવાડની હકીકતનો સંગ્રહ સારો હોવાથી તે વિદ્યાર્થીને ઉપયોગી થાય એમ જણાય છે.

હુંનર પોથી.—રચીને પ્રસિદ્ધ કરનાર બરજોરજી સોરાબજી છાપગર. એમાં ૧૮૦ પૃષ્ટ ને તેની કીમત આઠ આના છે. એની પહેલી આવૃત્તિમાં ૭૦૦ હુંનરો હતા તેમાં ૩૦૦નો વધારો કરી આ બીજી આવૃત્તિમાં ૧૦૦૦ હુંનરોનો સંગ્રહ કર્યો છે. એમાં નીચેની બાબતોના હુન્નરોનો સમાવેશ કરેલોછે.

વાળને લગાડવાનાં તેલ	જાતજાતના ધાતુ સાંધવાનાં ડાંખ
જાતજાતનાં પોમેટમ	સારા સાથે હલકા ભેળેલો માલ પારખવાની રીત
કોલ્ડક્રીમ અથવા મીલ્ક આવ રોઝીસ	દાંત મંજન
અત્તર અને સુગંધી એસેન્સ	સાબુ
સઘળી જાતની શાહી	અર્ક
બ્લાકીંગ	સીમેંટ (સાંધવાની મેળવણી)
સીલ કરવાની લાખ	જૂદી જાદી ચીજ ઉપરના ડાઘ કહાડવાની રીત
વારનીશ	ઝીણાં પીડાકારી જીવડાં ઓછાં કરવાની રીત
ફ્રેંચ પાલીસ	જાદુઇ ને રસાયણી અખતરા
આગની દીવાસળી	પરચૂરણ બનાવટ ને હુન્નર
એસેન્સ	વૈદક વિચાર

આ પ્રમાણે ૨૨ જાતના ૧૦૦૦ હુનરો છે. તેમાંની ભાષા ને લખાણ પારસી શાહી છતાં સમજાય એવું છે.

આમાં આપેલા અખતરા પ્રગટ કરનારે અજમાવીને આપ્યા હોય તો તે અમે વધારે પસંદ કરીએ છીએ. કેમકે નહિ તો પુસ્તકની કીમત સાથે નવા જીજ્ઞાસુઓ અખતરા કરવામાં બીજા ઘણા પૈસા ખરાબ કરેછે ને તે છતાં નિરાશ થાયછે. અમારો અભિપ્રાય એવો છે કે કોઇપણ જગાએ વાંચ્યું કે અજમાવ્યા વગર તેનો સંગ્રહમાં સંઘરો કરવો એ ઠીક નહિ. તેને અજમાવી જોઇનેજ જાહેરમાં મૂકવું જોઇએ. આ ગ્રંથ કરતાએ પોતે આપેલા ૧૦૦૦ અખતરા કેવી કીસમના છે તે જાહેર કર્યું નથી, તેથી અમે તે ઉપર વધારે વજન રાખી શકતા નથી

સમશ્યા સંગ્રહ.—આ નામની ચોપડી દામોદર મહાશંકર ભટ્ટે છપાવી છે. એમાં ૭૪ પાનાં ને કીમત ચાર આના છે. એમાં ઘણી સમશ્યાઓ શામળ ભટ્ટની છે; ને તે કાવ્ય દોહનમાં ને શામળની કાવ્ય સંગ્રહમાં આવેલી છે ને કેટલીક બીજા ચોપાનીઆં વગેરેમાં આવેલી તેનો સંગ્રહ છે

ચંદ્ર પ્રભા ચરિત્ર.—શીઘ્ર કવિ શાસ્ત્રી શંકરલાલ મહેશ્વરે રચેલા સંસ્કૃત ઉપરથી તરજુમો કરી આ વાર્તારૂપ બોધક ગ્રંથ જટાશંકર વિઠ્ઠલજી વૈદ્યે છપાવ્યો છે. એમાં ૨૦૬ પૃષ્ટ ને કીમત દોઢ રૂપિઓ છે. આ તરજુમો સારો છે ને ભાષા પણ સારી છે. તોપણ તેમાંની ભાષા ને લખાણ જાણી જોઇને લંબાવ્યાં જણાય છે જ્યાં જેટલી જરૂર ત્યાં તેથી વધારે લંબાણ કર્યું છે. કેટલેક ઠેકાણે તો એવા લંબાણ લખાણથી કંટાળો આવે એવું થયું છે. પ્રુફ તપાસવામાં પણ કોઇ કોઇ સ્થળે ભૂલ રહેલી જણાય છે. વળી ભાષા કોઇ કાઠીઆવાડીની હોય એમ માલમ પડેછે. ભૂતકાળમાં ચુકયા, લાગ્યા વગેરેને બદલે ચુકા, લાગા વગેરે શબ્દો વાપર્યા છે. આ વાર્તાનો સમય પ્રાચીન લીધો છે તથાપિ તેમાં બતાવેલા વિચારો ચાલતા સૈકાના હાલના સમયના છે.

આટલું છતાં તે ગ્રંથના સદ્‌ગુણો ઘણા છે. શીઘ્ર કવિ શાસ્ત્રી શંકરલાલે ઘણા ગ્રંથો કર્યા છે ને તે સઘળા વાંચનારને અસરકારક ને સદુપદેશ આપનારા છે. આ ગ્રંથ પણ એ વર્ગનો છે. એમાં ઠેકાણે ઠેકાણે રાજ્ય ધર્મ, મંત્રી ધર્મ, વિદ્યાદાનનું શ્રેષ્ટત્વ, પ્રજા ધર્મ, પુત્ર ધર્મ, પતિવ્રતા ધર્મ, મિત્ર ધર્મ, ગુરૂ શિ-

ચ્યના મર્મ, સત્સંગનું ફળ ઇત્યાદિ ધર્મો સારી રીતે ને અસરકારક બતાવ્યા એ ગ્રંથ વાચક વર્ગને બહુ ઉપયોગી થાય એવો કર્યો છે.

હિંદુસ્તાનની રાજ્ય પદ્ધતિ.—આ નામનું અંગ્રેજીમાં ને ગુજરાતીમાં જુદું જુદું છપાવી પુસ્તક મી. મલ્હાર ભીખાજી બેલસરેએ બહાર પાડ્યું છે. એ પુસ્તક પાબ્લિક સર્વિસ પરીક્ષા આપનાર ઉમેદવારને ઉપયોગી થવાના હેતુથી લખ્યું છે, પણ ખરૂં જોતાં સર્વે જણને તે વાંચવા ને જાણવા જોગ છે. એમાં હિંદની રાજ્ય પદ્ધતિ યથાસ્થિત વર્ણવી છે. એમાં પ્રુફ તપાસતાં ક્યાંહીં ક્યાંહીં ભૂલ રહી ગઈ છે. અંગ્રેજીમાં ૧૧મે પાને ૧૮૫૯ને બદલે ૧૮૫૮ ને ૧૨મે પાને ૧૮૫૩ને બદલે ૧૭૭૩ જોઇએ. ગુજરાતીમાં ૧૦મે પાને ૧૮૫૩ને બદલે ૧૮૬૧ જોઇએ. વળી અંગ્રેજીમાં ૪૩મેં પાને અને ગુજરાતીમાં ૪૪ પાને લખનારે લખવું જોઇતું હતું કે કાઠીઆવાડની રાજ્યસ્થાનિક કોર્ટ ઉપર પણ હાઇ કોર્ટનો અધિકાર નથી. એ ચાર ફરમાની ચોપડીની આઠ આના કીમત રાખી છે તે અમને વધારે જણાય છે.

સુબોધ સંગ્રહ.—કલાનજી ધર્મસિંહે રચીને છપાવ્યો છે. એમાં ૧૨૪ પૃષ્ટ ને કીમત બાર આના છે. એનું પાકું પુઠું ને કદ જોતાં વધારે નથી. એમાં આપેલો સુબોધ કાવ્યમાં છે. એ કાવ્ય સહેલી, સમજાય એવી ને સુબોધકારક છે ને તે ઘણુંકરીને ભૂલ વગરની ને રસિક છે. એમાં આપેલા સુબોધના વિષયો ઉપયોગી છે.

સેવ્યસેવક ધર્મ.—આ નામના શીઘ્ર કવિ શાસ્ત્રી શંકરલાલ મહેશ્વરે રચેલાં સંસ્કૃત નિબંધનું ભાષાંતર કરી કેશવલાલ હરિરામ ભટ્ટે છપાવી પ્રસિદ્ધ કર્યું છે. એમાં પ્રથમ અસલ સંસ્કૃત આપી પાછલા ભાગમાં તેનું ભાષાંતર આપ્યું છે. એ બને ભાગ ભેળા છપાવ્યા છે તેને બદલે સંસ્કૃત જાણનાર માટે સંસ્કૃત ને ગુજરાતી જાણનાર માટે ગુજરાતી એમ જુદા જુદા છપાવ્યા હોત તો સારૂં. એ બંને ભેળાં છપાવ્યાથી તેની કીમત છ આના રાખવી પડીછે, પણ જુદા જુદા હોત તો ત્રણ આના કીમત રાખી શકાત. અને થોડી કીમત હોવાથી ઘણા જણા એનો ઉપયોગ કરી શકત.

એમાં સેવ્ય ને સેવકના ધર્મ બરાબર બતાવ્યા છે. સેવ્ય બે પ્રકારના બતાવ્યા છે. પારમાર્થિક ને વ્યવહારિક. પારમાર્થિક સેવ્યમાં પરમેશ્વર ગણ્યો છે. પણ અમારા વિચાર પ્રમાણે પારમાર્થિક સેવ્ય બે ગણવા જોઇએ. ૧

પરમેશ્વર ને રજો જેના ઉપદેશથી ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે ફળની પ્રાપ્તિ થાય એવો ધર્મ ગુરૂ. વ્યવહારિક સેવ્યમાં પિતા, ગુરૂ (વિદ્યા ગુરૂ), શેઠ કે અન્નદાતા, ને સ્ત્રી ને સ્વામી એ ચાર બતાવ્યા છે. આ ગ્રંથમાં આપણાં ધર્મ શાસ્ત્રોના દાખલા આપી સઘળા પ્રકારના સેવ્ય ને સેવકના ધર્મો બરાબર વર્ણવ્યા છે. એ ગ્રંથ સર્વ સ્ત્રી પુરૂષોને વાંચી મનન કરી તે પ્રમાણે વર્તન કરવા યોગ્ય છે.

---

6. MISCELLANEOUS.

૬. પરચુરણ.

ઘણા જણ ઉપર અજમાવી જોએલો વીંછીનો ઉપાય.

"ઘણુંકરીને સરખે ભાગે લસણની કળીઓ, મીણ, ને આકડાનું દૂધ લઇ તેને વાટી મિશ્ર કરી કરડેલ આદમીને ડંખે તેનો ધુપ (ધુમાડો) દેવો. એટલે થોડી વારમાં વીંછી ઉતરી જાયછે. આ ધુપ દેતો વખત તેને કામળા જેવું જાડું લુગડુ ચારે મેરથી વીંટી લેવું. કેમકે તેમ કરવાથી વીંછી તરત ઉતરી જાયછે સદરહુ મિશ્રણ તાજું હોય તેમ સારી અસર કરેછે. પણ પ્રથમથી તૈયાર રાખવુ હોય તો એક પખવાડીઆ સુધી તે ગુણ કરેછે."

ગોરજાશંકર કુરણાશંકર ભટ્ટ.
થોરડી સ. ગૂ નિશાળના મહેતાજી.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦ ...	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦ ...	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦ ...	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ. ૧ ...	૦—૪—૦ ...	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦ ...	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦ ...	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦ ...	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦ ...	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦ ...	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦ ...	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦ ...	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬ ...	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦ ..	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦ ...	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦ ...	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦ ...	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી	૦—૬—૦ ...	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦ ...	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ ...	૦—૪—૦ ...	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦ ...	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦ ...	૦—૨—૦
કચ્છ ગરબાવલી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦ ...	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦ ...	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦ ...	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦ ...	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦ ...	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦ ...	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦ ...	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦ ...	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦ ...	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦ ...	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦ ...	૦—૦—૬
હસાહસ	૦—૬—૬ ...	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦ ...	૦—૦—૬
દલપત શત શઈ	૦—૭—૦ ...	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦ ...	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦ ...	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦ ...	૦—૨—૦

ચોપડીઓનું લીષ્ટ.

	કીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬	૦—૦—૬
નિબંધ રીતિ...	૦—૬—૦	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮	૦—૦—૬
શંકર દિગ્વિજય મૂળ સહિત ભાષાંતર...	૪—૦—૦	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦-૧૦—૦	૦—૧—૦

શાળોપયોગી સહેલું ને સસતું ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. ફિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચ આના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ.

॥ विज्ञान विलास ॥

VIGNYAN VILAS.

પુસ્તક ૨૦મું. માહે માર્ચ સન ૧૮૮૯. અંક ૩જો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमों, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ ભીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જાદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપીઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.	Subjects.	Page.
૧. હાલના સુધારા વાળા	૪૯	1. The Poem	49
૨. દુરગાદાસ	૫૨	2. Durgadas	52
૩. વિદ્યાર્થી ભૂષણ	૫૭	3. Student's ornaments	57
૪. આયુષ્ય વધારવાની યુક્તિ	૬૧	4. The Art of prolonging life	61
૫. સત્ય પ્રેમ દર્શક એક ચમત્કારીક વાર્તા	૬૪	5. Truth and love (a story)	64
૬. ભુંડાને બદલે ભલાઈ	૭૧	6. To do good to the wrong-doer	71

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
ભાદરણની સ. ગુ. નિશાળ	૨—૩—૦	પુ. ૨૦
સંસ્થાન નવાગર	૩૦—૦—૦	,,
બલેશ્વરની સ. ગુ. નિશાળના	૨—૩—૦	,,
મે. ખા. બા. ધનજીશા હોરમસજી	૨—૦—૦	,,
પાલીતાણાની સ. ગુ. નિશાળના દીવાન સાહેબ તરફથી આવ્યા	૨૦—૦—૦	,,
લીખુડાના મેહેતાજીના બાટવાના મેહેતાજી મારફત	૦—૨—૮	સ. ૧૮૮૫ના અંક ૧ના
રા. પ્રેમચંદ કમરચંદના હથુ વેચાણી તેના.	૦—૫—૮	સ. ૧૮૮૮ના અંક ૧-૪ની નકલ એકેકીના
મે. લીમડીના ઠાકોર સાહેબ તરફથી	૪—૬—૦	પુ. ૨૦
શેઠ. કેશવજી ગોબર રંગુન વાળા	૨—૩—૦	,,
સંસ્થાન જસદણ નિશાળના	૧૨—૦—૦	,,
સંસ્થાન જુનાગઢ	૨૬—૦—૦	,,
રા. લલુભાઇ અંબાલાલ	૨—૦—૦	,,
મે. હરીસિંહજી જેસાભાઇ વજીર	૨—૦—૦	,,

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે માર્ચ સન ૧૮૮૯. અંક ૩ જો.

1. THE POEM.

૧. હાલના સુધારા વાળા.

મનહર છંદ.

બોલમાં સુધારાવાળા ચાલમાં સુધારા વાળા,
લખાવે સુધારા વાળા આજતો ઘણાય છે;
બોલે બોલ તેનો તોલ આપ તો કરેજ નહિ,
બોલેલા જે બોલ નિજ નીરમાં તણાય છે;
કહેશે કરોને આમ કરે નહિં પોતે કામ.
સુધારાવાળામાં નામ જાહેર જણાય છે;
કહેછે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૧.
બાળલગ્ન કરો નહિં બાળકીનો ભવ બળે,
બાળી દેવા ચાલ આપ બોલતા જણાય છે;
પણ નીજ બાળકીના બાળપણે વીવા કરે,
પુત્રને પર્ણાવા પ્રીત કારમી કરાય છે;
નાતમાં થવાને ધારો રીવાજ જોવાને સારો,
ઇચ્છે પણ કરે નહિં સુખમાં સદાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૨.

પુનર્લગ્ન રીત થવા બોધ કરે પ્રીત ધરી,
પણ તે કરવે નીજ નાતથી ડરાય છે;
દ્વાર કરો ખુલ્લું આજ વિલાયતે જવા કાજ,
બોલે ખરા બોલ પણ કહો કોણ જાયછે;
નારી કરો નહિં બેય એમ તો પોતેજ કહે,
શોખ માટે આપ ચાર રાખતા સદાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૩.
હુન્નર કળામાં હીત થવા પોતે પ્રીત ચહે,
આમ કરો આમ કરો એમ તો બોલાય છે;
એક ચીજ આમ થાય એક ચીજ તેમ થાય,
એક ચીજ જડે અહિં એમ તો થાય છે;
કહે પણ કરે નહિં દેશીને બતાવે નહિં,
જ્યાંહિ ત્યાંહિ રહી કોણ શોધતા જણાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજ સંભળાય છે. ૪.
વેંમ ન વધારો એમ કહી પોતે ટીકા કરે,
પણ નીજ ઘર મધ્યે વેંમ વખણાય છે;
દાડા તણો દુષ્ટ ચાલ બંધ કરો કહે હાલ,
એમાં કાંઇ નહિં માલ દુઃખમાં ડોલાય છે;
કહે પણ કરે નહિં જગતમાં જુવે નહિં,
જૂની રૂઢી તણે માટે તંતમાં તણાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૫.
કેક બૈરી કૂટી મરે માથા ફોડ કેક કરે.
કેક સ્ત્રીએ છાજીયામાં પછાડી ખવાય છે;
માટે મણ પછાડી ન રોવું એમ બોધ કરે,
કારણ કે રીત એથી હેરાન થવાય છે;
કહે પણ કરે નહિં રૂઢી ઘેર તજે નહિં,
પારકાં જતી થવાને ઝંખતા જણાય છે;

કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૬.
પાઠશાળા, ગ્રંથ શાળા, ચૈદ શાળા થવા કહે,
ભાવે કરી ભાષણ ને ફાયદા ગણાય છે;
દેશીઓને આમ દુ:ખ દેશિઓને તેમ દુ:ખ,
થાય જેમ સુખ તેમ બોધતા જણાય છે;
ફંડ કરો એમ કહે થાય જ્યારે ફંડ સારે,
પાઇ ભરવામાં આપ સૂમ તો સદાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવળા આજે સંભળાય છે. ૭.
પ્રથમ સુધારાવાળા ઇંગ્રેજીમાં જાણુ હતા,
કહેલું તેણેજ તે તો કરેલું જણાય છે;
આજના × સુધારાવાળા ગુજરાતી જાણે નહિં,
કહે પણ કરે નહિં તંતમાં તણાય છે;
પ્રથમ સુધારાવાળા લખવામાં પ્રાઢ હતા,
આજના સુધારાવાળા નકલે ગણાય છે;
કહેછે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૮.
પ્રથમ સુધારાવાળે કોડ ધરી કામ કર્યા,
જગતે જાહેર આજ જનમાં જણાય છે;
પુસ્તકમાં વાંચીશું તો નામ તે નોંધાઇ રહ્યાં,
આજે પણ ભાવ થકી નામ એ ભણાય છે;
આજના સુધારાવાળા કહો કેવું કામ કરે,
માંચીના માંકડ હોય? જનમાં જણાય છે;
કહે છે કાનજી આમ સાંભળો સાહેબ તમે,
એવા તો સુધારાવાળા આજે સંભળાય છે. ૯.

+ મરહુમ, આખેર અને તરૂણ ખરા સુધારાવાળાને માટે આ બોલવું નથી પણ બૂટ, સ્ટોકીન પહેરી ફોકટની શીશીયારી કરનારા સુધારાવાળામાં ગણાવા તત્પર રહેલા માટે આ બોલવું છે.

છતી આંખે અંધ બની, આંખપર ચસ્મા ધરી,
પે'રી બુટ ઇસ્ટાકીંગ, સુધારાવાળા થાય છે;
જુવાની છતાં જણાય લાકડી ધર્યાથી વૃદ્ધ,
કાળા કોટ પે'રી અંગે, બાયેલા જણાય છે;
સંસ્કૃત ન શબ્દ જાણે, શાસ્ત્રતો ન સુણ્યું હોય.
તોય શાસ્ત્ર ખોટું એવું બોલતા ઘણાય છે;
જ્ઞાનનો ન અંશ તોય, જ્ઞાની તણો દંભ રાખે,
એવા સુધારાવાળાથી સુધારો વગોવાય છે.* ૧૦.

કાનજી માધવજી ભટ્ટ. રંઘોળા.

---

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાંધન પાને ૭મેથી)

દુરગાદાસ મંડોરના દરવાજા બહાર આવ્યો કે સર્વ લશ્કરે જયજયકારના અવાજથી આકાશ ગજાવી મૂક્યું. મારૂ દેશની જે, દુરગાદાસની જે, આવા પોકાર પડી રહ્યા. દુરગાદાસે સંજ્ઞા કરી કે સર્વ ચૂપ થઇ ગયા. તેણે કહ્યું કે ભાઇઓ, આપણા દેશ ઉપર મુસલમાનો જુલમ ઉપર જુલમ ગુજારતા જાયછે. આપણે તે જુલમનુ મૂળ કહાડવાને ઉઠયા છીએ. આ મારે

*હાલને વખતે કોઇપણ માણુસ સુધારાને પાત્ર નથી અને હુંજ ઉત્તમ છું એમ મનાવાને માટે આ કવિતા લખી હું દાવો કરતો નથી. અર્ધું થાય તો અર્ધું કરવું એ સારૂં, પણ આખાની બુમો પાડી કરવું કાંઇએ નહિં એ કેવળ નિરૂપયોગી દંભ છે. બોધ કરનારા ઘણા છે થોડું—અલ્પ, પણ કાંઇએ કરી બતાવે છે તેનેજ સુધારકો—સાચા સૌ કોઇક કહે છે. કહેનારા કોઇવાર કરી બતાવી દાખલો આપનારા થશે એમ કહેવામાં આવેછે પણ બોલવામાં બહાદુર આડંબરી સુધારકો–નવ લોહીયા નિશાળેથી ઉઠી તરતજ સુધારાવાળામાં ઘુમવા જાયછે તેમને આ તકે ચાનક મળવા આ વિષય લખ્યો છે.

પડખે ઉભેલા બહાદુર ગુલાબસિંગ ઠાકોર આપણા દેશ ઉપર એક નવો જુલમ ગુજર્યાની ખબર લઇ આવ્યા છે. એમાં અરાડ બહાદુર રાઠોડ ઠાકોરોનો ઘાત કર્યાના સમાચાર છે. મારા પોતાના સસરા જેને હું પિતા તુલ્ય ગણુંછું તેનો ભોગ પણ લીધો છે. અને ભોગ લેનાર પાપી ઇનાયતખાન છે. રોહિતથી મેં મરતો ઉગાર્યો તેનું ફળ તેણે મને આ રીતે આપ્યું છે. આપણે અત્યારે તેનો બદલો લેવા જવાનું છે. રાત્રે ચુપકીથી ગઢમાં દાખલ થઇ, ઇનાયતના કામનો બદલો ઇનાયત કરવો એમ મારા ધ્યાનમાં આવેછે. ભાઇઓ, હું આગળ થાઉંછું. અને તમે મારી પાછળ પાછળ કાંઇપણ બોલ્યા ચાલ્યા વગર આવો. રૂપગઢ મજબુત છે. આપણી ખબર તેમને પડી તો આપણને ગઢમાં દાખલ થવું ભારે પડશે. ગઢમાં મુસલમાની લશ્કર છે અને તેમાં ઇનાયતના નાસી આવેલા માણસથી વધારો થયો હશે. આપણી સંખ્યા થોડી છે, માટે આપણે ડહાપણથી રસ્તો કહાડવો એમાંજ ડહાપણ છે. માટે કાંઇપણ ખડખડાટ ભડભડાટ વગર એકદમ મારી પાછળ ચાલો.

સઘળા ચુપકીથી એવા ચાલતા હતા કે ઘોડાની ખરી સરખી પણ ખખડતી નહોતી. મધ્ય રાત્રીએ રૂપગઢમાં દાખલ થયા. શેહેરમાં સર્વ ચુપાચુપ હતું. લોક સર્વ નિદ્રાને વશ થયા હતા. માત્ર દરબાર ગઢમાં ગાન તાન ને હસાહસનો ગડબડાટ થતો દૂરથી શાંત રાત્રીમાં સંભળાતો હતો. ગામને કોટ નહોતો, પણ દરબાર ગઢ મજબુત હતો. ગામમાં પેઠા કે દૂરના એક મકાનમાંથી રૂદન કરનારનો અવાજ કાને પડયો. તે મકાનમાં ઝાંખો દીવો બળતો માલમ પડયો. દુરગાદાસે પોતાના માણસોને ગામની આસપાસ ચોકી માટે મોકલી બાકી વધેલાંને એક એકાંત જગામાં ઉભાં રાખ્યાં. પોતે, માનસિંગ તથા સોનંગ પેલા રૂદનના અવાજ તરફ ચાલ્યા. મકાનના બારણાં અદખોલાં પડેલાં હોવાથી દુરગાદાસ અંદર પેઠો તો ત્યાં એક બાઇ પડેલા મડદા પાસે રૂદન કરતી દીઠી. એ બાઇ તે દુરગાદાસની સ્ત્રીની ધાવ હતી. દુરગાદાસે ધાવને પીછાની કે તે બોલ્યો કે અરે! મોતી તું શા માટે રૂદન કરેછે અને આ લુગડામાં ઢાંકેલું મડદું કોનું છે? મોતીએ ઉંચું જોયું કે દુરગાદાસને દીઠો. તે બોલી ભાઇ તમે આવ્યા તે ઠીક થયું. પણ થોડા વહેલા આવ્યા હોત તો આ મારા અન્નદાતાનો પ્રાણ ઉગારત. આ મડદું તમારા સસરા નાહરસિંગનું છે. નાહરસિંગ સાથે અરાડ ઠાકરોનો ગઢમાં

શિરચ્છેદ કર્યો હતો. મને ખબર પડી કે હું દોડતી ત્યાં ગઇ ને દરવાન પાસે માગી લીધું કે ભાઇ આમાં મારો અન્નદાતા છે. હવે તેઓ મરણ પામ્યા છે. હવે તેઓ મુસલમાનોને શું કરનાર છે? પણ અમારા ધર્મ પ્રમાણે તેમને અગ્નિ સંસ્કાર તો કરવા દો. દરવાને કહ્યું કે તેમને મુસલમાની ધર્મ પ્રમાણે દટાવી દેવાનું મને ફરમાન થયું છે, માટે તેમને દટાવી દેવામાં આવશે. આ સાંભળી મેં તેના બહુ કાલાવાલા કર્યા કે ભાઇ મારા ગરીબ ઉપર દયા કરી માત્ર મારા અન્નદાતાનું મડદું લેઇ જવાની રજા આપો તો બહુ સારૂં. તમારે એટલું મડદું ઓછું દાટવાનું થશે. મારા કાલાવાલાથી ને આંખમાં આંસુથી એ દરવાનને દયા આવી. તેણે કહ્યું કે તું આમાંથી જલદીથી ઓળખીને લેઇજા કે બાકીના ઇનાયતખાન પૂછવા આવે તે પહેલાં દટાવી દેઉં. હું મારી બેનને બોલાવી લાવી મારા માલીકનું ધડ ને શીશ અહીં લેઇ આવી. મારા અન્નદાતારે! મારા માલીક જેવો દયાળુ ઠાકોર મારવાડમાં બીજો કયો છે? રૂપગઢમાં તો શું પણ આસપાસના દેશમાં એમની સર્વ કોઇ વાહવાહ કરનાર છે. એવા દયાળુ વૃદ્ધ ઠાકોરને મારીને મુસલમાનો શું કમાવાના હતા? પણ ભાઇ તેમણે તમારા ઉપરનું વેર એમના ઉપર વાળ્યું. હું તો નિરાધાર થઇ પડી. હવે મારી કે મારાં નાનાં બાળકોની સંભાળ લેનાર તમારા વગર કોઇ નથી. વારૂ આ જગાએ એમને અગ્નિદાહ દેનારજ કોણ હતું? દુરગાદાસ તમે અણીની વખતે ઠીક આવી પહોંચ્યાછો કે વારૂ તેમને તમારે હાથે અગ્નિદાહ તો મળશે.

આ હકીકત સાંભળી દુરગાદાસને વિચાર કરવા જેટલો વખત નહોતો. મકાનની નજીકમાંજ ચીના ખડકાવી દુરગાદાસે નાહરસિંગને અગ્નિ સંસ્કાર દીધો ને પેલી ધાવને ધીરજ આપી. એટલામાં ગુલાબસિંગ જે ગઢની ખબર લેવા ગયો હતો તે આવી પહોંચ્યો. તેણે કહ્યું કે આ વખતે ગઢમાં સર્વે દારૂ પી ગુલતાન થએલા છે. હસાહસ, ઠઠાબાજી ને ગાનતાન ચાલી રહ્યું છે. અરાડ નિરપરાધી ઠાકોરોનાં ખુન કરીને ગાનતાનમાં મશગુલ થનારા નફ્ફટ લોક ધિક્કાર છે તમને. દુરગાદાસ તરતજ ચીતામાંથી બળતું લાકડું લેઇ આગળ થયો કે સર્વે તેની પાછળ ચાલ્યા. ગઢના દરવાજા બંધ હતા, ત્યાં મજબુત ચોકી મૂકી, બંદોબસ્ત કરેછે કે ગંભિરે એક કાગળ દુરગાદાસના હાથમાં મૂકયો. તેમાં જે ઠાકોરોનાં ખુન થયાં હતાં તેમનાં નામ હતાં, તથા બીજી તરફ જે ઠાકોરોને કેદ કર્યા હતા તેમનાં નામ પણ હતાં.

એ ઠાકારોની નામની તપાસ ચલાવી સજા કરવાનો ઠરાવ રાખેલો હતો ગંભિરે કહ્યું કે આ કાગળ આવતાં રસ્તામાંથી મને જડયો છે. કેદ કરેલા ઠાકોરોમાં આ તમારા નાના ભાઇનો પિતા કિશોરસિંગ પણ છે. આ તેનું નામ, ભાઇ હવે તેમનો જલદી છુટકારો નહિ કરીએ તો સવારે કોણ્જાણે આપણને શાએ માઠા સમાચાર સાંભળવા પડશે. દુરગાદાસે કહ્યું કે તું ગભરાના. આપણે એજ વિચારમાં છીએ. આ દરવાજા વાટે પાપીઓ નાશી ન જાય માટે અહીં તમે બધા મજબુતીથી તૈયાર થઇ ઉભા રહો, અને બીજું કરવાનુ કામ હું ને સોનિગ કરીએ છીએ. એમ બોલી બંને ભાઇ દીવાલ ઉપર ચઢી અંદરના મકાનના છાપરા ઉપર ચઢયા ને ઘાસના પુળાથી ચારે બાજુએ છાપરૂં સળગાવી બહાર આવતા રહ્યા. એ મકાન લાકડ કામથી કરેલું હોવાથી તથા તે પુરાનું મકાન હોવાથી ભડભડાટ સળગવા લાગ્યું. એટલે અંદર વાળા ગભરાયા. તેમની દારૂની લેહેર જતી રહી, ગાનતાન ભૂલી ગયા અને મકાનમાંથી દોડાદોડ કરવામાં પડયા બહારથી ઘાસના બળતા પુળા, લાકડાં અને વાંસ મકાનમાં આવી પડવા લાગ્યાં એટલે દરવાનોએ દરવાજા ઉઘાડયા. બહાદુર રાઠોડો તેજ લાગ જોતા હતા. દરવાજા ઉઘડયા કે હરહર મહાદેવ, મારૂ દેશની જે, દુરગાદાસની જે, એમ બોલતાં આગળ ધસ્યા. દુરગાદાસ, સોનિગ, કરણસિંગ, માનાસંગ, ગુલાબસિંગ વગેરે મોખરે રહ્યા. દરવાનોનો ઘાણ કહાડી આગળ ચોકમાં આવ્યા. ઇનાયતખાન આગળ થયો. મુસલમાની લશ્કર થોડું જાગૃત થયું, થોડું સજ થયું, થોડાની લેહેર મટી ન મટી એટલામાંતો રાઠોડો મારો મારોનો પોકાર કરતા અંદર ધુસ્યા ઇનાયતનો વિચાર દુરગાદાસ પર વેર લેવાનો હતો. તેથી તે જુસ્સા બંધ આગળ ધસ્યો ને જેવો દુરગાદાસ ઉપર ઘા કરવા જાયછે કે પડખેથી પ્રથીસિંગે એક ઝટકે તેને હેઠળ પાડયો. દુરગાદાસ મસ્તાન હાથીની પેઠે પોતાના હાથ રૂપી સુંઢ ફેરવવા લાગ્યો. એનું જોઇ સઘળા રાઠોડો શૂરપર ચઢ્યા ને મુસલમાનોના ઢગલા પડવા લાગ્યા. તેમનામાં ભંગાણ પડયું. જેમ જેને ફાવ્યું તેમ તે નાસવા લાગ્યો. એટલામાં ગંભિરે બુમ પાડી કે મોટા ભાઇ આ તરફ તમારી જરૂર છે. ગંભિરનો અવાજ સાંભળતાંજ દુરગાદાસ રસ્તો કાપતો તે તરફ ધસ્યો. ગંભિર ઉપર કિલ્લાનો સરદાર શેરખાં તૂટી પડયો હતો. ગુલાબસિંગ ગંભિરને પડખે લડતો હતો. મુસલમાનોનું બળ વધારે જોઈ ગંભિરે સહાયની બુમ મારી હતી. દુરગાદાસ આવ્યો

કે મુસલમાનોના પગ નરમ પડયા. સોનિંગની સમશેરે પણ કેર કરવા માંડયો. મુસલમાનો સરદારને છોડી જવા લાગ્યા કે શેરખાંએ તે હીચકારાઓને બહુ ધમકાવ્યા, ડરાવ્યા, હીમત આપી, પોતાનો દાખલો આપવા લાગ્યો, પણ સર્વે વ્યર્થ. એક વખત નિરાશ થએલા મુસલમાનોમાં જીતની આશાનાં અંકુર ફુટયાંજ નહિ દુરગાદાસને જોઇને તેઓ ડરવા લાગ્યા. ત્યાં તેના મારા આગળ તેઓ ધીરજ શી રીતે રાખી શકે? અંતે શેરખાં મરાયો ને તેને અડીને રહેલા મુસલમાનો શરણ આવ્યા. તેમણે હથીઆર મૂકયાં કે દુરગાદાસે સંજ્ઞા કરી મારો બંધ કરાવ્યો. રાઠોડોએ એકીવારે તરવારો મ્યાન કરી. દુરગાદાસે મોટા મનથી શરણ આવેલા કોઇપણ મુસલમાનને દુઃખ દીધું નહિ. તેણે તેમનાં હથીઆર લેઇ જવાની રજા આપી પરંતુ તેમણે રાઠોડો સામાં હથીઆર નહિ ઉચકવાની પ્રતિજ્ઞા લીધી.

દુરગાદાસ જય પામ્યો. રૂપગઢ મુસલમાન વગરનું થયું. દરવાજા ઉપર રાઠોડ વાવટો ચઢાવ્યો, ને વિજય ઘોષ કરાવ્યો. એ વિજય ઘોષ આકાશમાં ગાજી ઉઠયો ને આસપાસના રાઠોડોને જાગૃત કર્યા. પણ કિલ્લાની અંદરના કેદખાનામાં તે વખતે જૂદોજ બનાવ બન્યો. કેદખાનાના દરવાનો હજુ મુસલમાનોજ હતા. મુસલમાન લશ્કર હારીને ગયું છે તે તેના સરદારના સમજવામાં આવ્યું હતું, પણ તે પોતાના કામપર દૃઢ રહ્યો. રાઠોડ લશ્કર જય પામ્યું, પણ દુરગાદાસ કિલ્લાના બંદોબસ્તમાં રોકાયો તેટલામાં ગંભિર, ગુલાબસિંગ ને માનસિંગ થોડાં માણસો સાથે કેદખાનાના ઉપરી પાસે આવ્યા ને કેદખાનાની કુંચી માગી. સમશેરખાન જમાદાર કહે કે મારો સરદાર નાઠો ને મુસલમાની લશ્કર ભાગ્યું છે, હવે હું મારાં આટલાં થોડાં માણસો વડે દીવામાં પતંગીઆની માફક ઝંપલાવી પડું ને વિના કારણ આ બહાદુર સિપાઇઓનાં લોહી રેડું તેથી કાંઇ લાભ નથી, માટે દુરગાદાસના મોટા દીલ ઉપર ભરોસો રાખી આ હથીઆર ને કુંચીઓ હું તેને શરણ કરૂંછું, ગંભિરે કહ્યું બહાદુર સરદાર, તમે તમારૂં કામ બરાબર બજાવ્યું છે. હવે આભમાં બાથ ભરતાં કાંઇ ફળ મળવાતું નથી તેથી તમે શરણ થાઓછો તે યોગ્યજ છે. હવે આ હથીઆર તમે લો અને તમારાં માણસો પણ હથીઆર સાથે જાઓ. હું દુરગાદાસ નથી, મારા જેવા તેની પાસે સેંકડો છે. પણ તે શરણે આવેલાને કોઇવાર દુઃખ દેતોજ નથી, અને અમે પણ તેનો દાખલો લેઇ તેમજ કરતાં શીખ્યા છીએ. અમે મુસલમાનો પર વેર

લેવાને લઢાઇ ઉઠાવી નથી, પણ અમારો દેશ મુસલમાનોએ જુલમથી છીનાવી લીધો છે, તેને સ્વતંત્રતા પાછી અપાવવા માટે આ લઢાઇ ઉઠાવી છે. તેથી વેર તે શું છે એ અમારામાંનું કોઇ સમજતુંજ નથી. માત્ર મારૂ દેશની સ્વતંત્રતા એટલુંજ અમે માગીએ છીએ ને તે મળતા સૂધી અમે ઠરી ઠામ થવાના નથી. સમશેરખાં બોલ્યો, કે જો દુરગાદાસ પાસે તમારા જેવા બાળકો પણ આવા જ્ઞાની ને બહાદુર પણ દયાળુ છે તો મારી ખાતરી છે કે હવે મારવાડમાં મુસલમાનો ટકવાના નથી. આજે જે હથીઆર તમે મને અને મારાં માણસોને લેઇ જવા દેઇ અમને માન આપો છો તે હથીઆર હવે ફરીને મારૂ દેશ સ્વતંત્ર થતા સૂધી તમારી સામા આવશે નહીં એ નક્કી સમજવું. એમ બોલી તે પોતાનાં માણસો સાથે આગળ ચાલ્યો.

અપૂર્ણ.

---

3. STUDENT'S ORNAMENTS.

૩. વિદ્યાર્થી ભૂષણ.

પ્રકરણ ૧૦ મું.

વાંચક વગેરે રાખવાની નોંધ બુક.

દરેક વાંચનારને પછી તે ઇતિહાસનો, ભૂગોળનો, વિદ્યાનો, અર્થ શાસ્ત્રનો, ગણિતનો કે ગમે તે વિદ્યાનો શોખીન હોય તોપણ તેને એક નોંધ બુક રાખવી જરૂરની છે. તેમાં પોતે જે વાંચ્યું હોય તેમાં જરૂરનું લાગે તે નોંધી રાખવું. એમ નથી કે તેમાં તરત ઉપયોગનું હોય તેજ નોંધવું પણ તે કોઇવાર, કોઇને પણ ઉપયોગી પડવાનો સંભવ સરખો પણ જણાતો હોય તોપણ તે નોંધવું. એ પ્રમાણે નોંધેલા ખીચડામાંથી કોઇવાર કશાની જરૂર પડે ત્યારે તે ખોળી કહાડવું બહુ મુશ્કેલ પડે, માટે એ નોંધેલી બાબતોની વર્ગવારી અનુક્રમણિકા કરવી જોઇએ કે જેથી એ નોંધમાંની જોઇતી ચીજ તરત જડી આવે. એટલે ઇતિહાસમાં દેશવાર કે સૈકાવાર, કિંવા ઇતિહાસ, ભૂગોળ, ભૂસ્તર, ખગોળ ઇત્યાદિ મૂખ્ય ભાગો પાડી તેના પેટા ભાગ પાડવા ને તેનાં

પાનાં તેની સામાં મૂકવાં. અથવા કાંતો બાબતોની અક્ષરવારી અનુક્રમણિકા કરી તેની સામાં પાનાં મૂકવાં આ પ્રમાણે કરેલી નોંધ તેને, તેના વારસોને કે તે જેના હાથમાં આવે તેને ઘણી કામમાં આવેછે. અનુક્રમણિકા વગરની નોંધ બુક ઘણુંકરીને નિરૂપયોગી થાયછે ને તે માટે રોકેલો વખત વ્યર્થ જાયછે એટલુંજ નહિ પણ તેમાં ખોળ કરવાને નકામો વખત રોકવો પડેછે અને તેટલું છતાં આપણો અર્થ સરતો નથી. અંગ્રેજ લોકોમાં આવી નોંધ કરવાનો રિવાજ ઘણો છે ને તેનો પ્રથમ ઉપયોગ લાક નામે અંગ્રેજે બતાવ્યો છે એમ કહીએ તો તે ખોટું નથી. પણ એણે નોંધ રાખવાની જે રીત બતાવી છે તે શરૂઆતની હોવાથી ગુંચવણી ભરેલી તથા આજે તે કામમાં નહિ આવે એવી છે.

આપણે વાંચેલું કેટલીક મુદતે ભૂલી જવાય છે અને તે એટલે સુધી કે એ બાબત કયી ચોપડીમાં વાંચી હતી. તે ચોપડીનું નામ પણ ભૂલાય છે. તેથી વાંચેલાની નોંધ કરવાથી તેમાં જ્ઞાનનો સંગ્રહ થાયછે. તે નોંધ નહિ ભૂલાય એવી સ્મરણ શક્તિ છે. એમાં સભ્યતાનો, નિરીક્ષાનો ને પુસ્તકોમાંની ઉપયોગી બાબતોનો સંગ્રહ થાયછે, જે નિયમ બંધ ગોઠવ્યાથી વાંચક વર્ગને ઘણો જરૂરનો થઇ પડે છે. વિદ્યાર્થીને તે વારે વારે જોવાના કામમાં આવેછે.

હાલના સમયમાં ઉપયોગી પુસ્તકો નીકળવા લાગ્યાં છે તે પુસ્તકોમાંથી ઉપયોગી વીણી કહાડેલી બાબતો એટલી બધી થાય છે કે તેની પૂર્ણ નોંધ કરવા જેટલી ધીરજ કોઇકજ રાખી શકે. વાંચીને વારંવાર ઉતારા કરતાં કંટાળી જવાથી ઘણા નોંધ પોથી રાખનારાએ પણ અપૂર્ણ રાખી નોંધ કરવી મૂકી દીધી હશે. નોંધ કરવામાં વખત, મહેનત ને ધીરજ જોઇએ છીએ. માટે એ નોંધ ટુંકીને જલદી થાય એવી જોઇએ.

આપણે વાંચી ગએલી બાબતની આપણને બીજીવાર જરૂર પડેછે પણ તે ઘણુંએ સંભારતાં યાદ આવતી નથી. આપણે તે વાંચ્યું છે, પણ શું ને શામાં તે કાંઇપણ સાંભરતું નથી. દરેક જણને આટલો તો અનુભવ થયોજ હશે કે આપણે જેટલું વાંચીએ છીએ તેટલું યાદ રહેતું નથી. જેમ જેમ વખત જાયછે તેમ તેમ તે ભૂલી જવાય છે ને છેવટે તે પુસ્તકનું નામ પણ ભૂલાય છે. માટે દરેક વાંચનારે પોતે જરૂરતુંજ વાંચવું ને જે વાંચ્યું તેની ટુંકી નોંધ રાખવી કે જે પૈસા ખરચતાં પણ ન મળે તેટલી તે ઉપયોગી

થશે.

આપણા પ્રખ્યાત કવિ દલપતરામ કહે છે કે "ટકાવવીતો રજ શોધન રીત" રજમાંથી પણ શોધ કરવાની રીત રાખવી. એટલે આપણે આજે જેને નિરૂપયોગી ગણતા હોઇશું તેવી નકામી ચીજનો પણ સંગ્રહ કરવો કેમકે આગળ જતાં કોઇવાર તે તમને બહુ ઉપયોગી થઇ પડશે. તેજ પ્રમાણે જ્ઞાનને માટે પણ છે. જે જ્ઞાન આજે તમન નકામું જણાતું હશે તે આગળ જતાં ઘણું ઉપયોગી થશે એમ ધારીને જે જ્ઞાન તમે મેળવી શકો તેનો સંગ્રહ કરો. કેમકે આપણી નિરીક્ષામાં આવેલું એવું એક પણ સત્ય કે વારતા નથી કે જે આપણને કોઇવાર પણ કામમાં ન આવે. અને જ્યારે તેનું કામ પડશે ત્યારે જો તે તમને નહિ સાંભરશે તો તમને તેની નોંધ નહિ કરી રાખ્યાનો જરૂર પસ્તાવો થવાનો.

એમ ધારો કે ઉપલું વાકય તમારા વાંચવામાં આવ્યા પછી તમને એમ લાગે કે આ વાક્ય બહુ ઉપયોગી છે. પણ એવાં ઉપયોગી વાક્યો તો ઘણીવાર ઘણાં ઘણાં આવે, તે જ્યારે જરૂર પડે ત્યારે શી રીતે યાદ લાવવાં? એ વાક્યો આખાં ઉતારી લેતાં તો ઘણો વખત જાય, ઘણી જગા રોકાય, કંટાળો આવે અને છેવટે નોંધ કરવી છોડી દેવી પડે.

આ ઉપરથી વાંચનારની ખાતરી થઇ હશે કે એવી નોંધ ઉપયોગની છે પણ હવે આપણે મોટા થયા, નાનાં છોકરાં જે રાખી શકે તે આપણાથી હવે કેમ બને એમ કોઇ કહે તો જાણવું કે છોકરાં કરતાં વૃદ્ધની સ્મરણ શક્તિ નબળી હોયછે, તેને તો એવી સ્મરણ પોથી વધારે જરૂરની છે. જરૂરની બાબતો વાંચવી, ને જરૂરને વખતે કામ લાગે માટે તેની નોંધ લેવી, એને ઉમરનો બાધ નથી. જ્ઞાન સર્વને ઉપયોગી છે. જ્ઞાનનું વાવેલું બીજ જલદીથી ફળ આપવાનુંજ.

પણ ત્યારે એ સ્મરણ નોંધ કેવી રાખવી કે જેથી તે કંટાળીને છોડી દેવી ન પડે! હું કહું છું કે તે અક્ષરવારી રાખવી. દરેક અક્ષર માટે બે કે ત્રણ પાનાં રાખવાં. દરેક પાનામાં બે ખાનાં પાડવાં. પહેલામાં તે બાબતનો પ્રથમ શબ્દ લખવો. તે શબ્દ એવો હોવો જોઇએ કે જેથી તે બાબત યાદ આવે. શબ્દથી તે બાબત યાદ ન આવે તેમ હોય તો એક આખું વાક્ય લખવું, ને બીજામાં તે બાબત કયી ચોપડી, કોની બનાવેલી, કયી આવૃત્તિ, કયું પાનુ ઇત્યાદિની નોંધ કરવી. એટલે જ્યારે તે બાબત જોવી હશે ત્યારે તે, તે

પુસ્તકમાંથી મેળવી શકાશે. પણ જો તે બાબત એકાદ બે વાક્યમાંજ પતી જતી હોય તો તે બધી બીજા ખાનામાં ઉતારી લેવી.

ટોડ નામે અંગ્રેજે આવી સ્મરણ પોથી માટે એક નોંધ આપી છે તથા તે કેમ રાખવી તે બાબત કેટલીક સૂચના આપી છે. નોંધની રીત તો આપણને કામમાં થોડીજ આવે એવી છે પરંતુ સૂચના બહુ ઉપયોગી હોવાથી તે આ નીચે ઉતરીએ છીએ.

"જે યાદ રાખવા જેવું ન હોય તે વાંચવુંજ નહિ. તમારી સ્મરણ પોથી પાસે રાખીને વાંચવું ને વાંચતાં વાંચતાં જે જરૂરનું જણાય તે બાબત, ચોપડીનું નામ, પાનું અને તે બાબત યાદ આવે એવો શબ્દ કે વાક્ય સ્મરણ પોથીમાં લખી લેવાં. વાંચતી વખતે સ્મરણ પોથી એ તમારો હમેશ સોબતી હોવો જોઇએ"

"વિષયો પ્રમાણે બનતા સૂધી સ્મરણ પોથીની ગોઠવણી રાખવી અને તે બાબતનો અર્થ યાદ આવે એવો શબ્દ કે વાક્ય પસંદ કરવાં."

"તમારી સ્મરણ પોથીનાં પાનાં રાતી કે વાદળી શાહીથી આંકી રાખવાં. તેમાં ડાબા હાથ ભણી નાનું ને જમણા હાથ ભણી મોટું એવાં બે ખાનાં પાડવાં. નાના ખાનામાં વિષયનો અર્થ સમજાય એવો શબ્દ કે વાક્ય લખવું ને બીજામાં પુસ્તકનું નામ, પાનું, બનાવનારનું નામ વગેરે લખવું" મથાળે અ, આ, ઇ, એવા અક્ષર લખવા. દરેક અક્ષર માટે બબે પાનાં રાખવાં. હવે ધારો કે આપણે અમેરિકાને માટે લખવું છે, તો પ્રથમ ખાનામાં અમેરિકા શબ્દ ને બીજામાં તે પુસ્તકનું નામ ઈત્યાદિ લખવું." પણ કેટલીકવાર એમ બને છે કે આપણે જે પુસ્તક વાંચતાં હોઇએ તે પુસ્તક ફરીને આપણા હાથમાં આવે તેમ ન હોય, તો તેમાંની ઉપયોગી બાબતની પૂર્ણ નોંધ કરવાની જરૂર છે. કેમકે એ ઉપયોગી બાબતની જ્યારે જરૂર પડે ત્યારે તે પુસ્તક ન મળે તો પૂર્ણ નોંધ વગર માત્ર પુસ્તકનું નામ ને પાનાં કાંઇ કામ ન આવે. માટે એવે સમયે તો તે બાબત આખી ઉતારી લેવી જોઇએ. આવી રીતે કરેલી નોંધ પોથી વિદ્યાર્થી અવસ્થામાં કે સંસારી અવસ્થામાં, નાના ને મોટા સર્વને ઉપયોગી થઇ પડશે.

(અધુરૂં.)

4. THE ART OF PROLONGING LIFL.

૪. આયુષ્ય વધારવાની યુક્તિ.

વનસ્પતિ.

પાછળ કહેલી બાબતો સાબીત કરવાને સર્વે સેંદ્રિય દુનિઆની રચના ઉપર વિચાર કરીએ. એ ઉપરથી આપણને માલમ પડશે કે આયુષ્ય વધવા ઘટવાના કયા બનાવો છે, તથા તેના નિયમો બાંધી શકાશે.

વનસ્પાતમાં પણ આયુષ્યનો કેટલો બધો તફાવતછે? ફુલ બે ત્રણ કલાકમાં મરી જાયછે અને વડ જેવાં વૃક્ષ હજાર વરસ સુધીનો આવરદા ભોગવેછે!! એ બેમાં કેટલો બધો તફાવત!! પણ એ તફાવત એ બંનેની રચનામાં રહેલો છે. એ તફાવત રમુજ ઉપજાવનાર અને અગત્યનો છે. માટે તે ઉપરથી આયુષ્ય વધવા ઘટવાના નિયમો ઉપર આપણે આવી શકીશું.

વનસ્પતિ દુનિઆમાં સર્વથી ઘણી જાતની ને ઘણીં છે. તે એની અંદરની રચનાથીજ પોતાનું પોષણ કરેછે. તેમનો આકાર, કદ, બનાવટ ને આયુષ્ય ભિન્ન ભિન્ન છે છેલ્લી ગણત્રી પ્રમાણે વનસ્પતિની ૪૦ હજાર જાતિ ગણાએલી છે. તે છતાં તેમનાં આયુષ્યના પ્રમાણમાં ત્રણ મૂખ્ય ભાગ પાડીએ તો પાડી શકાય. ૧. એક વર્ષની અંદરના આયુષ્યના, ૨. બે વર્ષની અંદરના આયુષ્યના ને ૩. બેથી વધારે વર્ષના આયુષ્યના.

સઘળા નરમ પ્રવાહી પદાર્થથી બનેલા છોડવા અને જેની નાજુક ઇંદ્રિઓ હોયછે તેમનું આયુષ્ય ટુંકું હોયછે, અને તે વધારેમાં વધારે બે વર્ષ સૂધી જીવેછે. જેમની ઇંદ્રિઓ મજબુત હોયછે અને ઘટ્ટ રસ વાળા હોયછે તેજ ઝાડ લાંબી મુદત જીવેછે. વનસ્પતિને દીર્ઘાયુષ્ય હોવાને લાકડું એ અવશ્યનું છે.

વળી એક કે બે વર્ષ જીવનારા છોડમાં પણ નવાઇ જેવો તફાવત માલમ પડેછે જેઓ ઠંડા ગુણના હોયછે, અને જેમાં વાસ હોતી નથી તેઓ, વાસવાળા, મજબુત, અને જેમાંથી તેલી રસ નીકળેછે તેમના કરતાં સરખી સ્થિતિમાં છતાં ટુંકી મુદત જીવેછે. ઘઉં, જવ, અને સઘળી જાતના અનાજના છોડ, એક વર્ષ કરતાં વધારે જીવતા નથી, અને કેટલાક ખુશબોદાર છોડવા જેવાકે, ગુલાબ, ગુલદાવરી, પીપરમેટ, વગેરે બે વર્ષ કરતાં પણ વધારે જીવેછે.

કેટલીક જાતની વેલ સાઠ વર્ષ અને કેટલીકતો તેથી બમણાં વર્ષ સુધી પણ જીવેછે. દ્રાક્ષના વેલા સાઠ વર્ષ અને કોઇવાર સો વર્ષ સુધી જીવેછે અને લાંબી મુદત સુધી ફળ આપેછે. તેજ પ્રમાણે બીજી પણ કેટલીક વેલ સો વર્ષ કે તેથી પણ વધારે વર્ષ જીવે છે. વડ જેવાં ઝાડ કે જેના મૂળીઆં જમીનમાં ચોટી નવાં થડ બને છે તેમનું આયુષ્ય નક્કી કરવું બહુ મુસ્કેલછે. કેમકે એનાં ઘણાં થડોમાંથી જૂનું ને નવું પારખી કાઢી શકાતું નથી.

જે ઝાડ સૌથી મોટાં મજબૂત અને કઠણ હોયછે. તે સૌથી વધારે વરસ જીવેછે જેમકે, રાયણ, આમલી, લીમડો, મવડો વગેરે. લેબાનન ડુંગરમાં થતાં સીડરનાં ઝાડ, અને સિસિલીનું પ્રખ્યાત મેલ્ટનટ ઝાડ તથા પ્રાચીન જર્મનો જે એક ઝાડની નીચે ધર્મ ક્રિયાઓ કરતા હતા તે ઝાડ હજાર વરસ કે તેથી પણ વધારે ઉમરનાં છે, જે ઝાડ જલદી વધેછે જેવાંકે ફર, બર્ચ વગેરે તેમનું લાકડું મજબૂત અને કઠણ થોડું હોયછે. અને તેથી તેમનો આવરદા પણ ટુંકો હોયછે. એક ઝાડ જે સઘળાં ઝાડો કરતાં ધીમે ધીમે વધે છે તેનું લાકડું સર્વથી વધારે કઠણ હોયછે. ને તેથીજ તેનું આયુષ્ય પણ લાંબુ હોયછે.

નાના છોડવા વિશેષે કરીને મોટાં, ઊંચાં, અને પખતાં ઝાડો કરતાં ટુંકા આયુષ્યના હોયછે. જેનું લાકડું વધારે કઠણ અને લાંબી મુદત ચાલે એવું કઠણ હોયછે. તેવાં બધાં ઝાડ દીર્ઘાયુષ્યનાં હોયછે એમ નથી. સરૂ ને અખોડનાં ઝાડ, લીંબોઇનાં ઝાડ કરતાં થોડી મુદત જીવે છે. તે છતાં લીંબોઇનું લાકડું નરમ હોયછે.

જે ઝાડનાં નાજુક, રસદાર, સુંદર ફળ હોય છે, તેઓ ઘણુંકરીને વાંઝીયાં અથવા નકામાં ફળ આપનારાં ઝાડ કરતાં થોડાં જીવેછે. ઉપયોગી ફળ આપનારાં ઝાડોમાં પણ જેના ફળમાં ઠળીઆ હોયછે તેમના કરતાં ઠળીઆ વગરનાં ફળ આપનારાં ઝાડો વધારે જીવેછે. ટુંકા આયુષ્યનાં ઝાડો પણ અનુકુળ સ્થિતિમાં હોય તો સાઠ વર્ષ સુધી જીવી શકે છે. જેવાંકે સફ-જંગ, જરદાળુ વગેરે.

આ ઉપરથી આપણે એક સાધારણ નીયમ બાંધીએ કે જે ઝાડોને ફળ મોડાં આવેછે, અને જેઓ ફળ આપતાં જલદીથી બંધ થતાં નથી તેઓ, જે ઝાડ જલદી ફળ આપે છે, અને જલદી ફળ આપતાં બંધ થાયછે, તેમના કરતાં વધારે જીવેછે, તેજ પ્રમાણે જેઓને ઉછેરવામાં આવેછે. તેમના કરતાં

જેઓ જંગલમાં એની મેળે ઉછરેછે તે ઘણુંકરીને વધારે જીવેછે. તેમજ જેમનાં ફળ બેસ્વાદ ને કડવાં હોયછે તેઓ સ્વાદિષ્ટ ફળ આપનારાં કરતાં વધારે જીવેછે.

જ્યારે ઝાડનાં મૂળીઆંની આસપાસ દર વર્ષે માટી ખોદવામાં આવેછે ત્યારે તે ઝાડ જલદીથી વધીને વધારે ફળ આપનારાં થાયછે પણ તેથી તેમનું આયુષ્ય ઘટેછે પણ જો મૂળીઆંની આસપાસની જમીન પાંચ, પાંચ, કે દશ, દશ, વર્ષે ખોદવામાં આવે તો તેઓ વધારે જીવે છે. તેજ પ્રમાણે વારંવાર પાણી સીંચ્યાથી અને ખાતર નાંખ્યાથી ફળદ્રૂપતા વધેછે પણ આયુષ્યને હાની પહોંચેછે. ઝાડની ડાળીઓ કે પાંખડીઓ વખતે વખત છેદી નાંખ્યાથી આ-યુષ્યમાં વધારો થાયછે. ટૂંકા આયુષ્યના નાના છોડવા જેવાકે લિવેંડર, હિસોપ વગેરે વાર્ષિક ખૂંટી નાંખવામાં આવે તો તેઓ વખતે ચાળીસ વર્ષ સુધી જીવેછે. જે ઝાડોની આસપાસની જમીન લાંબી મુદત સૂધી ખોદ્યા વગરની રહી હોય તે જમીન ખોદીને ઉથલ પાથલ કરી નરમ કરવામાં આવે તો તે ઝાડોને તાજાં, સારાં, પાંદડાં આવેછે અને જાણે ફરીને જુવાન બન્યાં હોય તેવાં દેખાયછે.

નિરીક્ષાથી "ઉપર કહ્યા પ્રમાણે" મેળવેલા અનુભવ ઉપર વિચાર કરતાં જીંદગી લાંબી ટુંકી હોવાનો નિયમ નીચે પ્રમાણે માલમ પડેછે.

જેમ જીવન શક્તિનો જથ્થો વધારે અને જીવનેંદ્રિની મજબૂતી વધારે તેમ તે વધારે મુદત જીવેછે. જેમકે ઓક, સિડર વગેરે. ઝાડના કદના પ્રમા-ણમાં જીવન શક્તિનો જથ્થો હોયછે અને તેથી તે જથ્થાને ખપતાં વધારે મુદત લાગેછે. તોપણ કેટલાક છોડવાને બહુ મજબૂત અને ટકાઉ ઇંદ્રિ છતાં, થોડી મજબૂત ઇંદ્રવાળા છોડવા વધારે જીવેછે જેમકે, સાયપ્રસ ને બીચ કરતાં લીંબોઇ વધારે જીવેછે.

હવે આ ઉપરથી આપણને સેંદ્રિય પ્રાણીની જીંદગી માટે અને હવે પછીની શોધને માટે એક અગત્યનો નિયમ મળેછે તે એકે સેંદ્રિય પ્રાણીમાં અમુક હદ સૂધીની મજબૂતી આયુષ્યને વધારેછે અને ઘણીજ કઠણાશ આ-યુષ્યને ટુંકું કરેછે. સેંદ્રિય પ્રાણીમાં આયુષ્યની લંબાઇનો આધાર ઇંદ્રિયોના હમેશના વપરાશ ઉપર અને રસના વહન ઉપર રહેછે, ને એ નિયમની પણ હદછે. ઇંદ્રિયોની વધારે કઠણાશ અને રસની ઘટ્ટતા, ઇંદ્રિયોને જલદીથી સ્થાયી, અને પોતાનું કામ કરવાને અયોગ્ય કરેછે, તેથી તેઓ જલદીથી ઘરડાં

થાયછે અને વખતે મરણ પામેછે.

આપણે પાછળ કહી ગયા છીએ કે પ્રાણીનું આયુષ્ય જીવન શક્તિના જલદી કે ધીમા ઘસારા ઉપર અને તેના થોડા કે વત્તા વળતર ઉપર આધાર રાખેછે. આ નિયમ વનસ્પતિના આયુષ્ય ઉપર વિચાર કરતાં ખરો ઠરેછે કે નહીં તે વિષે તજવીજ કરીએ..

અધુરૂં.

---

5. TRUTH AND LOVE (A STORY).

૫. સત્યપ્રેમ દર્શક એક ચમત્કારીક વાર્તા.

દુનિઆમાં સાચું અને જૂઠું એકજ ઠેકાણે રહેવાથી તેનો ખુલાસો કરવો ઘણો અશક્ય છે. જે લુચ્ચા લોક હોયછે તેઓ જૂઠો પ્રેમ દેખાડીને બીજાઓને ફસાવે છે પરંતુ જેનો પ્રેમ સ્થિર હોયછે તેના સમાગમથી ઘણું સુખ થાયછે. સાચો પ્રેમ હીરા જેવો છે. જેમ જેમ હીરો વધારે ઘસીએ તેમ તેમ તે વધતોજ પ્રકાશમાન થાયછે; તેમજ સાચો પ્રેમ દુઃખના પ્રસંગથી અધિક સ્પષ્ટ અને વિસ્મયકારક દેખાઈ આવેછે.

જોકે સાચો પ્રેમ કયો અને જૂઠો પ્રેમ કયો તે શોધી કહાડવું અશકય છે તોપણ માણસ જે સમાજમાં ઉપ્તન્ન થાયછે તે સમાજના રીત રીવાજ ઉપરથી તથા તેની ચાલ ચલણ ઉપરથી સત્યાસત્ય પ્રેમનો ખુલાસો સ્પષ્ટ થાયછે. દાખલા તરીકે જુઓ કે ઇષ્ટ મિત્રમાંનો પ્રેમ એક સાધારણ જેવો હોયછે પરંતુ માબાપનો છોકરાંપર પ્રેમ, છોકરાંનો માબાપ ઉપરનો અને સ્ત્રીનો પોતાના પતિ ઉપરનો પ્રેમ એ હમેશ સત્ય અને સ્થિર હોયછે એમ માનવાને કાંઇપણ હરકત નથી. કારણ કે તેમની સ્થિતિ, તેમના પરસ્પર સંબંધ એ તેમને ઠેકાણે સાચો પ્રેમ ઉપ્તન્ન કરેછે.

છોકરાંનો પોતાનો પ્રિય માબાપ ઉપરનો પ્રેમ એ વિષે હવે વિશેષ કહેવાની જરૂર છે એમ લાગતું નથી. કેમકે એ વિષેનો દરેકને અનુભવ છેજ. માત્ર સ્ત્રીનો પોતાના પતિ ઉપરનો પ્રેમ એ વિષે કેટલાકને સંશય આવેછે

તેથી તેનો આપણે વિચાર કરીશું. સ્ત્રીનો પોતાના પ્રિય પતિ ઉપરનો પ્રેમ સાચો હોયછે એમ કહેવાને અમને કાંઇ હરકત લાગતી નથી. એનાં કારણો મનુષ્ય સમાજ પ્રમાણે ઘણાંજ મળી આવશે. એક તો સ્ત્રી જાતિ ઘણી કોમળ, માયાળુ તથા રમણીય હોયછે અને તેના સંરક્ષણનું કામ બીજા પુરૂષને સોંપવામાં આવેલું હોયછે તેથી તેને બીજા ઉપર આધાર રાખી બેશી રહેવું પડેછે, અને બીજું સમાજના રીતિ રીવાજ પ્રમાણે મળેલા શિક્ષણ ઉપરથી સ્ત્રીનું મન પતિપ્રેમ દૃઢ કરવા હમેશ તૈયાર હોયછે. હવે જે થોડી ઘણી સ્ત્રી બદચાલની નીકળે છે તે ઉપરના કહેવાને અપવાદ જેવી છે એમ કહેવાની કાંઇ જરૂર નથી.

સંકટ સમયે સ્ત્રીના પતિપ્રેમ વિષેની સત્યતાની પરીક્ષા ખરેખરી થાયછે પોતાના પતિ ઉપર જો કાંઇ સંકટ આવે તો તેને સુખ આપવાને તે હમેશાં પ્રયત્ન કરેછે એટલુંજ નહિ પણ કોઇ વખતે પોતાનો પ્રાણ આપવા પણ તૈયાર થાયછે એમ કેટલીક વખતે આપણી નજરમાં આવેછે. એમ જો છે તો જે વખતે તેમના પતિને મૃત્યુ હરણ કરી લઇ જતો હશે તે વખતે તે બિચારીની કેવી સ્થીતિ થવી જોઇએ તેનું અનુમાન વાંચકજ કરશે. તેને દુનિયામાંની એક પણ વસ્તુ સુખકારક લાગતી નથી. તથા પ્રેમ ભંગ થયાથી તેનું હૃદય વિરહ વેદનાની જ્વાલાથી બળી જાયછે. પુરૂષ જાતે બળવાન તથા પોતાનું મન રંજન કરવાને તેને ઘણાં સાધનો હોવાથી આવી વાતોની તેને કાંઇ વધારે માઠી લાગણી થતી નથી. પરંતુ સ્ત્રીના સર્વ સુખની આશા તેના પતિ ઉપર હોયછે. અને એ આશા જો જતી રહે તો તેને સુખ શી રીતે થશે? વિરહથી તેનું જીવનસુખ ન થવાથી તેનું શરીર હળવે હળવે ક્ષીણ થઇ જઇને તરતજ મૃત્યુને સ્વાધીન થાયછે, એવા દાખલા આપણે હમેશ દેખીએ છીએ.

ઉપર કહેલી હકીકત ઉપરથી સ્ત્રીના સાચા પ્રેમ વિષે તથા વિરહશોકની સ્થીતિ વિષે આપણને કલ્પના કરતાં ફાવશે એમ લાગે છે. સ્ત્રીની સ્થીતિ તથા પ્રકૃતિ પ્રેમ વૃદ્ધિને અનુકૂલ હોવાથી પતિપ્રેમ આ એક તેનો ઉત્તમ અલંકાર થઇ પડયો છે. જે સ્ત્રી પોતાના શુદ્ધાચરણથી આ અલંકાર પહેરેછે તેને 'પતિવ્રતા' એવી ઉંચ્ચ પદવી પ્રાપ્ત થાયછે સીતા, દ્રૌપદી આદિ ઘણી પતિવ્રતા પ્રાચીન કાળમાં થઇ ગઇ છે, અને હાલમાં પણ કેટલીક એવી સાધવી સ્ત્રી ભરતખંડમાં માલૂમ પડી આવેછે.

થોડા દીવસ પર હું દક્ષિણમાં મુસાફરી કરવા ગયો હતો તે ઠેકાણે એક વિશ્વાસુ મિત્રે એવી પદવીવાળી સાધવી સ્ત્રીનું ચરિત્ર મને કહ્યું. તે વખત આ સ્ત્રીનું મૃત્યુ થોડા દીવસ ઉપર થયું હતું તેથી તેનું ચરિત્ર ત્યાંના સઘળા માણસોના મનમાં રમી રહ્યું હતું અને બધા લોકો તેની સાચા તથા અત્યંત પતિપ્રેમ વિષે કીર્તિ ગાતા હતા. આ બધી હકીકત અતિશય કરૂણાયુક્ત તથા મનોવેધક છે. આ ઉપરથી ભારતીય મહિલા જનોની કીર્તિનું યથાર્થપણું દેખાઇ આવશે. માટે તે વાત અહીંયા ટૂંકામાં કહું છું તે નીચે પ્રમાણે.

દક્ષિણમાં વિ—નગર નામનું એક નાહાનું સરખું ગામડું છે. ત્યાં પ્રોન્ય નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે ખાવે પીવે સુખી હતો. તે ભર જોબનમાં એટલે ૨૬/૨૭ વરસની ઉમરનો હતો. તે ઘણો ડાહ્યો તથા ઉમદા હતો. અને સ્વતંત્રપણા વિષે તથા સ્વદેશાભીમાન વિષે ઘણોજ ફાંકો ધરાવતો હતો. વર્તમાન પત્રમાં લખવું, જ્ઞાન પ્રસારાર્થ પુસ્તકો છાપીને પ્રસિદ્ધ કરવાં, દેશહિતનાં કામો પોતાને માથે લેવાં, દેશ કલ્યાણ સારૂ પોતાનો જીવ આપવો, સરકારી તથા ધનિક લોકોની દરકાર ન કરતાં લોકોના તરફથી લઢવું વગેરે વિષે તેને ઘણો પ્યાર હતો. એ ગૃહસ્થ આવી જાતના કામો ફક્ત પરોપકાર બુદ્ધિથી કરતો હતો એ વિષે તેની કીર્તિ હજુ પણ તેની પછવાડે ગવાય છે.

આપણી રીત પ્રમાણે તેજ પ્રાંતમાંના એક મોટા જાગીરદારની કુંવરી સાથે તેનું લગ્ન થયું હતું. પ્રો-રાયની સ્ત્રી ગોરી, સુંદર તથા શરીરે મજબુત હતી. તેના અવયવ ઘણા નાજુક તેમ ઘણા તેજસ્વી હતા. તેની શરીરની રચના તથા તેનું ચાલ ચલણ એવું તો સુંદર હતું કે તે મનોરમ તથા મોહક દેખાતી. લખવા વાંચવામાં, હિસાબ ગણવામાં તથા સ્ત્રીને બીજા ઘણા ઉપયોગી વિષયો તે નાહનપણથી નિશાળમાં શીખેલી હતી. અને ગૂજરાતી તથા મરાઠી ભાષામાં લખેલાં નાના પ્રકારનાં ચમત્કારીક તથા શાસ્ત્રીય પુસ્તકો વાંચવામાં આખો દિવસ તેનું મન રોકાતું. અને વળી એવું પણ કહેછે કે જો કે તેના ઉપર બધા સંસારનો ભાર પડયો હતો તોપણ નવરાસની વખતે સંસ્કૃત શીખવાને તે પ્રયત્ન કરતી હતી. આ સર્વે શિક્ષણનો પરિણામ તેના ઉપર સારો થયો હતો. તેથી તે સદ્ગુણી, કામમાં ચતુર, મર્યાદાવાળી, એવી નીકળી. તેનો પ્રો-રાય ઉપર બહુ પ્રેમ હતો અને પ્રો-રાય

પણ તે પોતાને અનુકૂળ છે એમ જાણીને તેના ઉપર બહુ પ્રેમ રાખતો અને યોગ્ય માન આપતો, એથી તે સ્ત્રી પોતાને ભાગ્યશાળી માનતી હતી. એવી રીતે તે બંને જણમાંનો પ્રેમ એક બીજાના સુખની વૃદ્ધિને કારણભૂત થયો હતો.

હિંદુસ્તાનવાસી લોક "લીટનશાહીની કારકીર્દીને કોઇ દહાડે પણ ભૂલશે નહીં. આ કારકીર્દીમાં અનેક જુલમી કર બેસાડવામાં આવ્યા હતા, દુઃખદાયક કાયદા પસાર થયા હતા અને આ વખતે બધા દેશમાં દુકાળ પડયો હતો. બહારથી કરનો ભાર અને ઘરમાં ખાવા પીવાના સાંસા એવી સ્થીત હોવાથી લાખો જીવ મૃત્યુ ને તાબે થયા હતા. એવી રીતથી આ કારકીર્દીમાં જે ગડબડ થઇ ગઇ તથા લોકોને જે અનર્થ સહન કરવા પડયા તેની યાદ લોકોના મનમાંથી હજુએ જતી રહી નહીં હશે. જોકે સર્વ દેશની એવી શોચનીય સ્થીતિ થઇ હતી તોપણ હિંદુસ્તાનમાંના દેશાભિમાની સુજ્ઞ તથ ડાહ્યા લોકોએ વર્તમાન પત્રના દ્વારથી અરજો કરીને સરકારને પોતાના હાલ જણાવ્યા. પ્રો-રાયને તે વખતના અધિકારીઓના વિરૂદ્ધ કેટલાક કડક લેખ પ્રસંગાનુસાર લખવા પડયા હતા તેમજ કેટલાક સાર્વજનિક કૃત્યોમાં આગેવાનપણું પણ લેવું પડયું હતું. પ્રો-રાય જાતે હુશિઆર, તેજસ્વી તથા પૂર્ણ દેશાભિમાની હોવાથી આ વખ્તે તે બેસી રહયો હશે એવી કલ્પના કરવીજ વ્યર્થ છે. સરકારની વિરૂદ્ધ લેખ લખ્વા નહીં એવી મતલબનો મુદ્રાનુશાસન નામનો કાયદો આ વખતે પ્રસિદ્ધ થયો હતો. તોપણ પ્રો-રાયે સ્વતંત્રપણાથી તથા બીનદરકારથી ઘણા લેખ પ્રસિદ્ધ કર્યા. તથા પોતાના પ્રાંતોમાંના લોકોની એક સભા સ્થાપન કરીને તે સભાની તરફથી સરકારને અરજી મોકલી ને બધી ખબર જણાવવી વગેરે અનેક પ્રયત્નો કર્યા. પરંતુ એના શત્રુઓને આ એનું કૃત્ય પસંદ પડયું નહિ. અને તેથી એને મારી પાડવાને તથા પોતાના પંજામાં લાવવાને તેઓએ ઘણા પ્રયત્ન કર્યા તેમાં તે ફતેહ પામ્યા. આખરે એક વખતે કોઇના વિરૂદ્ધ કાંઇ મજકુર છપાવવાનો તથા સરકાર વિરૂદ્ધ લેખ લખે છે વગેરે બાબતોનો ગુનોહ તેના ઉપર સાબીત થઇ તેને એક વરસની સખત મજુરીની શિક્ષા ઠરાવવવામાં આવી અને કેટલોક દંડ પણ તેની પાસેથી લેવડાવ્યો. જેલમાં ખાવા પીવાની વગેરે તેની બરદાસ્ત સારી રીતે ન લીધાથી શિક્ષાની મુદત પૂરી થઇ તે પહેલાં તે ઘણા બેહાલ રીતે જેલમાં મરણ પામ્યો.

તે જુવાન હુશીયાર, અભિમાની, પરોપકારી હતો તથા તેના ઉપર જે વખત ગુન્હાનો મુકરદમો ચાલતો હતો તે વખતની તેની ધીરજ, ગંભીરપણું તથા માનયુક્ત ભાષણ, ડાહપણની વર્તણુક એથી તે લોકોને એટલો તો પ્રિય થઇ ગયો હતો કે જે વખત તેના મરણની ખબર ચારે તરફ ફેલાઇ તે વખતે બધા લોકોને દુઃખ લાગ્યું ને તે દીવસ બધાએ શોકમાં કાઢયો. એથી તેના શત્રુને પણ દુઃખ થયું એમ કહે છે. પરંતુ પ્રો-રાયની સ્ત્રી જે સમજવાળી અને પુખ્ત જુવાન હતી તેને જે વખતે આ વાત ખબર પડી હશે તે વખતે તેની કેવી સ્થીતિ થઇ હશે. કેટલું દુઃખ તથા કેટલો શોક થયો હશે તેની કલ્પના પણ કરી શકાતી નથી.

ઉપર કહ્યા પ્રમાણે જે વખતે પ્રો-રાય ઉપર તેના શત્રુએ તોહોમત મૂકયું તે વખતે તેની પ્રિય સ્ત્રીનો પ્રેમ વધારેજ ચળકવા લાગ્યો. તે પોતાની બહેનપણીઓની સાથે હમેશ કહેતી કે હમણા મારા પતિ ઉપર પ્રેમ કરવાને ખરેખર મને એ જાતના હક્ક છે. કેમકે એ મારો પતિ છે માટે એના ઉપર હું પ્રેમ રાખું એ એક અને તે દેશનો હિત ઇચ્છનારછે માટે લોકો જેમ ચાહેછે તે પ્રમાણે હું પણ ચાહું છું એ બીજો. એટલે પતિ અને લોક કલ્યાણના કર્તા એ બે કારણોથી હું તેના ઉપર પ્રીતિ કરૂં છું. પ્રો-રાયને જે શિક્ષા થઇ તે જ્યારે તેની પ્યારી સ્ત્રીને ખબર પડી ત્યારે તેણીએ પોતાના મુખ્ય મુખ્ય મોટાં ઘરેણાં ચાકરોની સાથે પોતાના પ્રાણ પ્રિય તરફ મોકલી દીધાં અને ઘણો શોક કરવા લાગી. પ્રો-રાયને દંડની રકમ આપવા જેવી ઘણી મિત્ર મંડળી હતી માટે જે તેણીએ ઘરેણાં મોકલ્યાં હતાં તેની જરૂર પડી નહીં. તોપણ તે સાધ્વી સ્ત્રીએ પોતાનો પતિ ઘેર આવે ત્યાં સૂધી તે પહેરવાની બાધા લીધી. પરંતુ દુર્દૈવથી તે ફરીને પહેરવાને તે અબળાને પ્રસંગ આવ્યાજ નહી.

ભાઇઓ, જે વખતે તેના પ્રાણપ્રિયના મૃત્યુની વાર્તા તેણીએ સાંભળી હશે તે વખતે તેને કેટલું દુઃખ થયું હશે એની કલ્પના શી રીતે કરાય? બધા લોકોને જ્યારે તેના મરણથી શોક ઉત્પન્ન થયો ત્યારે તેની સ્ત્રી કે જેના હૃદયમાં તેના પ્રિય પતિની મૂર્તિ હમેશ રમી રહેતી હતી તે પતિનો શોક તથા વિલાપ કોણ વર્ણન કરી શકશે? મૂળથીજ પતિ ઉપર અતીશય પ્રેમ, દુષ્ટ લોકોનું તેના ઉપર તોહોમત, અને વળી સદા આવો અઘટિત પ્રસંગ, મરણ વખતે પતિની સેવા કરવા ન મળવી વગેરેથી તેનું મન એટલું તો

ફરી ગયું હતું કે દરેક વસ્તુને તે ધીઃકારી કાઢતી. જે પ્રમાણે એકાદ કડકડાટ કરતી વીજળી જે પદાર્થ ઉપર પડે તેનો નાશ કરી નાખે છે અથવા તેને એવા જોરથી ધક્કો મારે કે તેથી તે ચિરકાલ નિરૂપયોગી થાયછે તે પ્રમાણે આ હૃદયને ફાડી નાંખે એવી વાર્તા જે વખતે તેણીએ સાંભળી તે વખતે તેની સ્થિતિ નીચે પ્રમાણે થઇ હતી.

आशातन्तुर्नचकथयतात्यंतमुच्छेदनीयः ।

प्राणत्राणंकथमापिकरोत्यायताक्ष्याःसाएकः ।।

मालतिमाधवेनवमोङ्कः*

અર્થ "તું મારી અવસ્થા શી છે તે કહીને તેનો આશાતંતુ જે ફકત લગાર બાકી રહ્યો છે તેનો ભંગ કરીશ નહી. કારણ કે તે આશાતંતુજ માત્ર ગમે એમ કરીને તે કમલાક્ષીનું રક્ષણ કરેછે.

દક્ષિણના લોક ઘણું કરીને ઘણા દયાળુ હોયછે, વિશેષે કરીને તે પોતાના કુટુંબના માણસોને સારી રીતે કેળવણી આપેછે તથા તેઓની સારી રીતે કાળજી લેછે. આજ પ્રમાણે પ્રેમરાયના ઘરના માણસોએ તેની સ્ત્રીની સારી રીતે બરદાસ્ત લીધી અને હમેશ તે સ્ત્રીને તેનું દુઃખ તેના મનમાં રહે નહીં એવી વાતો તેની સાથે બોલીને તેણીને ખુશ રાખતા. થોડા દહાડા વીતી ગયા પછી પોતાના નશીબ ઉપર દોષ મૂકીને તેણીએ પોતાનું મન વાળ્યું અને કોઇને પણ તેણીએ પોતાનું દુઃખ દેખાડયું નહીં. ઘણા પુરૂષ તથા સ્ત્રી જે તેને મળવા આવતાં તેમની સાથે ખુલ્લાં મનથી તે બોલતી. પણ આપણે અગ્નિ વસ્ત્ર નીચે ઢાંકીએ તો તે શી રીતે રહેશે ? તેનું પ્રખર તેજ તેમાંથી નીકળ્યા વગર શી રીતે રહે ? તે પોતાના મોંમાંથી દુઃખના ઉદ્‌ગાર કાઢવાને ઘણા પ્રયત્નો કરતી પણ તે વ્યર્થ.

દહાડે દહાડે તેનુ શરીર બગડવા લાગ્યું. અને હવાનો તથા જગ્યાનો બદલ કર્યા શિવાય તેનું શરીર સારૂ થશે નહીં એમ જોઇને તેણીને તેના

*આ શ્લોકનાં ચરણ ભવભૂતીના માલતી માધવ નાટકમાંથી લીધેલાં છે અને તેનો સંબંધ સમજવા સારૂ તે આખો શ્લોક નીચે આપ્યો છે.

दैवात्पश्येर्जगतिविचान्निच्छयामत्प्रियांचे

दाश्वास्यादौतदनुकथयेर्माधवीयामवस्थाम् ।

आज्ञातन्तुर्नचकथयतात्यन्त मुच्छेदनीयः

प्राणत्राणंकथमपिकरोत्यायताक्ष्याः स एकः ।।

પીયર મોકલવામાં આવી હતી. ત્યાં ગયા પછી તેનું શરીર સારૂ થવા લાગ્યું એ સાંભળીને બધાને ઘણી હિમત આવી. આ વખતે સ્ત્રી પુનર્વિવાહનો પ્રસાર તે તરફ ઘણોજ ફેલાતો જતો હતો અને ત્યાં જે એક પુનર્વિવાહોત્તેજક મંડળી ઉભી થઇ હતી તેના ભાષણોથી અબળા જનોનું ઘણું કલ્યાણ થશે એવું લોકોના મનમાં ઠસતું હતું. પ્રોન્રાયના સસરા જો કે નવા લોકોના મતને અનુસરતા નહોતા તોપણ તે સુજ્ઞ તથા દયાળુ માણસ હતો. પ્રસ્તુત કાળ મહાત્મ્યના પ્રભાવથી પુનર્વિવાહનો મત દહાડે દહાડે વધતોજ જવાનો છે; એમ છે ત્યારે આપણે એકલાએ આડા આવીને શું થવાનું છે? અને વળી તેથી આપણો શો ફાયદો છે એમ તેને લાગ્યું હશે કે આ પ્રઘાતની જરૂર તરફ તેનું મન ગયું હશે. એ ગમે તેમ હોય તોપણ તેના મનમાં પોતાની દીકરીનો પુનર્વિવાહ કરવો સારૂ છે એમ લાગ્યું અને તે વિષે તે વિચાર કરવા લાગ્યો. આ વિચાર તેની દીકરીને જરા પણ ગમ્યો નહીં. તેના બાપે તેણીને ઘણુએ સમજાવ્યું તથા ઘણોએ આગ્રહ કીધો તોપણ શરમથી તેને કાંઇપણ જવાબ વાળી શકતી નહીં. ફકત તે પોતાની મા સાથે તથા પોતાની બહેનપણીઓ સાથે આટલું માત્ર બોલતી. કે "હવે આ બધું શું કરવું છે? જેને મેં પ્રથમ મારી પ્રીતિ અર્પણ કીધી હતી તેને તે પોતાની સાથે લઇ ગયા હવે હું બીજી પ્રીતિ કયાંથી લાવું?-એના બાપને એ એકજ છોકરી હોવાથી તેની આ સ્થીતિ જોઇને ઘણો કંટાળો ઉપજતો. તેને એમ લાગતું કે મારી છોકરીનું સારૂ થાય માટે સારા ઉપાય હું તેને કહું છું અને તે મારૂં સાંભળતી નથી એ સારૂં કહેવાય નહિ. તે પોતાનું કહેવું સાંભળતી નથી અને તેનો જવાબ વાળતી નથી એ જોઇને તેને ઘણો ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં એકદમ બોલી ગયો કે "હત ભાગ્યે" એમ જો તું કરીશ તો હું તારૂં મુખાવલોકન કરવાનો નથી. પ્રીતયુક્ત ગુસ્સો તે આનું નામ. આ શબ્દ જો કે પ્રીતિ યુક્ત ગુસ્સાથી કહ્યા હતા તોપણ તેણીને તે તીરના જેવા તેની કુમળા શરીરમાં ચોહોંટયા. આ માટે બાપને પછીથી ઘણો સંતાપ થયો. અને કહ્યું હવે જે થયું તે થયું. તેણીએ જો કે તે વખતે દુઃખની નિશાની બતાવી નહીં તોપણ અંદરથી તેનું શરીર ફરીને બગડવા લાગ્યું હતું. આ વખતે તે પ્રાંતમાં એક દેવીનુ મોટું મંદીર હતું ત્યાં દર વરસે મોટી જાત્રા ભરાતી હતી. આજ ઠેકાણે તેણીનો મોટો ભાઇ રહેતો હતો. તેણે પોતાની બહેનને દેવીના દર્શનને માટે અને તે સાથે ત્યાંની હવા સારી હતી માટે ત્યાં

પોતાની સાથે તેડી ગયો. આખરે ઘણા દહાડા ત્યાં રહ્યા બાદ એક દીવસે માતાજીનું દર્શન કરી આવ્યા પછી કાંઇ નજીવા કારણથી એકાએક લગાર તાવ આવવાથી તેના દેહનો અંત થયો.

સારા પ્રેમનું કેવું જોર હોયછે? જુઓ પતિ સ્વર્ગસ્થ થઇને પૂરતું દોઢ વરસ પણ થયું નથી એટલામાં તેના પછવાડેથી તેની પ્રિય સ્ત્રીએ તેને મળવા જવું એ કેટલો સત્ય, ઉત્કટ, અને નિરપેક્ષ પ્રેમ સમજવો જોઇએ. પવિત્ર મનનાં શૂર માણસોનું ચરિત્ર આવુંજ વિસ્મયકારક હોયછે

એલસરે.

---

6. TO DO GOOD TO THE WRONG-DOER.

૬. ભુંડાને બદલે ભલાઈ.

ભુમધ્ય સમુદ્રમાં જીનોવા નામનું એક મોટું શેહેર આવેલુંછે. તે પોતાના બહોળા વેપાર માટે વખણાએલું છે. તેનો રાજ કારભાર અમીર લોકોના ઉપરીપણા હેઠળ ચાલતો હતો પણ એકવાર અમીર લોકોએ પોતાનો અખતીઆર ખોઇ દીધો તેથી કેટલીએક મુદત સૂધી શહેરનો કારભાર રૈયતે ચુંટી કાઢેલા પુરૂષોથી ચાલતો હતો. રાજકારભાર ચલાવવામાં મુખ્ય પુરૂષ "ઉબરેટો" નામનો એક ચંચળ સખ્સ હતો. જોકે તે ગરીબ ખાનદાનથી ઉછરેલો હતો પણ પોતાની હુશિઆરીથી અને મહેનતથી માતબર અમલદારની પદવીએ ચડેલો હતો.

એવો બનાવ બન્યો કે અમીર લોકોએ ઘણી કોશીસથી પ્રજાસત્તાક રાજ પાછું છીનવી લીધું અને ફરીથી પોતાનું રાજ ન જાય એવા ઉપાય રચ્યા. ઉબરેટોને ફીતુરી જાણીને પકડયો. તેને જીનોવાથી દેશનિકાલ કરવો તથા તેની મીલકત અને ઘરબાર છીનવી લેવાનો ઠરાવ થયો. આ શિક્ષા કહી સંભળાવવાને ઉબરેટોને નવા ન્યાયાધીશ "એડોરનો" પાસે લઇ ગયા. આ ન્યાયાધીશ જોકે એક ભલો માણસ હતો, પણ તેને આ જે મોટી પદવી મળી હતી તેથી તેના દીલમાં બહુ અહંકાર વધ્યો હતો. વળી તેના હાથમાંથી

આગળ રાજ સત્તા ગઇ હતી તેથી તેને ઘણો ગુસ્સો ચડયો હતો. તે માટે તેણે ઘણાજ તુંડ મીજાજથી ઉબરેટોને કહી સંભળાવ્યું કે "તું એક નીચ કારીગરના છોકરાએ જીનોવાના અમીર લોકોને પગ તળે રાખવાની જે હીમત કરી તેની સજા તો ભારીછે પણ અમે તારી ઉપર મહેરબાની કરીને એટલું ફરમાવીએ છીએ કે તારે દેશનિકાલ થઇને જ્યાંથી પ્રથમ આવ્યો હતો ત્યાં પાછું જવું."

ઉબરેટો સભ્યતાથી કોર્ટને નમ્યો, અને એટલુંજ બોલ્યો કે "જે વચનો તમે મને કહી સંભળાવ્યાં છે તે માટે તમને પછવાડેથી ઘણો પસ્તાવો કરવો પડશે" પછી ઉબરેટો નેપ્લસ જવાને વહાણમાં ચડયો. કેમકે ત્યાં વેપારીઓ પાસે તેનું કેટલુંક લહેણું હતું. વેપારીઓએ ઉબરેટોને તેનું લેણું તરત અદા કર્યું. તે સઘળુ નાણું લઇ ઉબરેટો આરકીપેલેગોના ટાપુમાં ગયો. અહીંઆં તે પોતાની મહેનતથી અને બુદ્ધિથી પોતાના ધંધામાં વધ્યો. વેપારને માટે તે ત્યાંથી ટયુનીસ શહેરમાં ગયો. આ વખતે ઇટાલીના સંસ્થાનો સાથે ટયુનીસને દુશ્મનાઇ હતી તેમાં ઘણુંકરીને જીનોવા સાથે અતિ અદાવત ચાલતી હતી. ટયુનીસના લોકો મુસલમાની ધર્મ પાળતા હતા અને જે કોઇ લડાઇમાં ખ્રિસ્તિ પકડાય તો તેને તેઓ ગુલામ કરીને રાખતા હતા. ઉબરેટોને એ શહેરના એક દ્રવ્યવાન માણસની મુલાકાતે જવું પડયું. ત્યાં તેણે એક જુવાન ખ્રિસ્તિને બેડી સુદ્ધાં કામ કરતો જોયો. જેના દેખાવથી ઉબરેટોને ઘણુંજ લાગ્યું. પેલા જુવાન ખ્રિસ્તિનું અંગ ઘણુંજ નબળું હોવાથી જે કામ તેને સોંપવામાં આવ્યું હતું તે તેને ઘણુંજ સખત લાગતું હતું. તે વારેઘડીએ પાવડા ઉપર પોતાનું શરીર નમાવી તેના ઓઠીંગણથી પોરા ખાતો. અને શ્વાસોશ્વાસ થયાથી ડુસકાં ખાતો હતો ને તેથી ઉભો રહેતો હતો. ઉબરેટોએ તે પાસે જઇ પોતાની ભાષામાં વાત કરી. થોડીએક માયા ભરેલી વાતથી ઉબરેટોને માલમ પડયું કે એ જુવાન જીનોવાના ન્યાયાધીશનો પુત્ર છે. આ બીનાથી ઉબરેટોને ઘણોજ અચંબો લાગ્યો. અને થોડીક વારે ત્યાંથી પોતાને મુકામે ગયો.

અધુરૂં.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રો-કડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ. ૧	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ: ૨	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવલી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શહી	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ	૧—૮—૦	૦—૨—૦

જાહેર ખબર.

નિબંધરીતિ

(શ્રીનવલરામલક્ષ્મીરામકૃત)

મહેરબાન ડિરેક્ટર આવ પબ્લિક ઇન્સ્ટ્રકશન સાહેબે આ ચોપડી નિશાળોમાં ઇનામ અને લાઇબ્રેરીને સારૂ મંજુર કરવાથી એની ત્રીજી આવૃત્તિ છપાયછે.

એની કીમત પહેલાંની પેઠે આના ૭ અને ટપાલ ખરચ અરધો આનો પછીથી મંગાવનારને પડશે, પણ આવતા મે આખર સુધીમાં એ બહાર પડશે ત્યાં લગીમાં અગાઉથી નાણાં મોકલશે, તેની પાસેથી ટપાલ ખર્ચ સાથે આના સાડાચાર લેવામાં આવશે, અને દશ નકલે એક નકલ કમિશન દાખલ મળશે.

સુરત, ખપાટીયા ચકલા } હરિલાલ વલ્લભરામ

તા. ૧-૩-૮૯. } માજી માનેજર, ગુજરાત શાળાપત્ર.

શાળોપયોગી સહેલું ને સસતું ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. ફિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચ આના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ.

"સર્વોપયોગી"

સદ્બોધ વાર્તા સંગ્રહ.

તૈયારછે.

ઉપરના પુસ્તકમાં ધર્મે જય ને પાપે ક્ષય, અસત્ય મરે ને સત્ય તરે, પતિવ્રતી પ્રતાપ, ધીરજનાં ફળ મીઠાં છે. કુભાર્યાના ભવાડા, હીંમત મરદા તો મદદે ખુદા, આદિ બ્યાન વાર્તા તરીકે કરી માંહે કવિતા ને ગાયનો મૂકેલાં છે. આર્ય બંધુ, આ સુબોધદાયક ને અનીતિ રોધક પુસ્તક ખરીદો? છૂટક નકલના પોસ્ટેજ સુદ્ધાં સાત આના, જથાબંધ ખરીદનાર બુકસેલરો આદિએ અમોને પત્ર લખી ખુલાસો કરવાથી ઘણુંજ સારૂં કમીશન આપવામાં આવશે.

લવાજમ બાકી ગ્રાહકોને જલદી મોકલવા વિનંતિ કરવામાં આવેછે.

સેવક

મુ. સરધાર—રાજકોટ થઇને. ઉમીઆશંકર નથુ ઓઝા.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦મું. આહે એપ્રિલ સન ૧૮૮૫. અંક ૪થો.

दोहरो.

दीव्य विचार दीवेळथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विळास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ શ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સૂધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સૂધી રૂપૈઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. તૃષ્ણા વિષે	૭૩
૨. દુરગાદાસ	૭૫
૩. વિદ્યાર્થી ભૂષણ	૭૯
૪. ભુંડાને બદલે ભલાઈ	૮૪
૫. આરોગ્ય લક્ષ્મિ સાધના	૮૬

Subjects.	Page.
1. The Poem	73
2. Durgadas	75
3. Student's ornaments	79
4. To do good to the wrong-doer	84
5. Health is the true wealth	86

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
ગોંડલ ઍંગ્લો વર્નાક્યુલર સ્કુલ	૨—૦—૦	પુ. ૨૦
કલોલ તાલુકા સ્કુલ માસ્તર	૨—૩—૦	,,
સંસ્થાન કોટડાના કારભારી સાહેબ	૪—૬—૦	,,
મે. વિજયશંકર મણીશંકર મજમુંદાર	૨—૦—૦	,,
રા. હેમચંદ ધારશી	૨—૦—૦	,,
સસ્થાન ધ્રોલ	૪—૦—૦	,,
સોનગઢ થાણા તાબાની નિશાળોના રા. સા. ગો. પ્રાં. ડે. એ. ઈ. સાહેબ મારફત	૩૮—૦—૦	,,
રાજપીપળાની નિશાળના	૨—૩—૦	,,
મે. કુમારશ્રી અજીતસિંહજી સંસ્થાન ધ્રાંગધરા	૨—૦—૦	,,
મેલાવની સ. ગુ. નિશાળના	૨—૩—૦	,,
મહુવા ઍંગ્લો વર્નાક્યુલર સ્કુલ	૨—૩—૦	,,
લીલાપુરના મહેતાજી	૧—૩—૦	,, (અરધી કીમતે)
સંસ્થાન વળાની નિશાળોના	૧૪—૦—૦	,,
કોડાયના શા. હેમરાજ લીલાધર	૦—૩—૦	સન ૧૮૮૮નો અંક ૯મો
અંકલેશ્વર જે. એન પીટીટ લાઇબ્રેરીના સેક્રેટરી	૧—૩—૦	પુ. ૨૦ (અરધી કીમતે)
સોરઠ પ્રાંતની નિશાળોના રા. સા. સો. પ્રાં. ડે. એ. ઈ. સાહેબ મારફત	૨૪૨—૦—૦	,,
રાવ બહાદુર શેઠ મગનભાઇ કન્યાશાળાના	૨—૩—૦	,,

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું.   માહે એપ્રિલ સન ૧૮૮૯.   અંક ૪થો.

1. THE POEM.

૧. તૃષ્ણા વિષે.

મનહર છંદ.

વિકટ જગ્યામાં ભમ્યો તથાપી ન ફળ મળ્યું,
જાત અભિમાન છોડી મિથ્યા સેવા ધારી છે;
માન વિના શક ભર્યું કાગડા ને શ્વાન પેઠે,
ખાવા ધાવા પરને ત્યાં વાત મેં વિચારી છે;
જાતી કુળ છાજે નહિં એવું કાંઇ કૃત્ય કર્યું,
તો પણ મનમાં હામ હજુ અતિ ભારી છે;
કાનજી કહે છે પાપ કર્મ મધ્યે પ્રીત વાળા,
અરે! આશા તુંને નહિં સંતોષ લગારી છે. ૧.
*સદનમાં દ્રવ્ય સારૂં હશે એમ જાણી ખોદયું,
ધાતુ× સૈલ તણી ધીંગી ઓષધીને *જારી છે;
સમુદ્ર ઓળંગ્યો અતી રાજાઓ રંજન કર્યાં,
દુષ્ટ બોલ સાંખ્યા કૈક જોતામાં જે ભારી છે;
દીલગીર થતો બંધ દુષ્ટને હસાવા માટે,
આંસુ અટકાવી હસ્યો વાત જે અકારી છે;
કાનજી કહે છે પાપ કર્મ મધ્યે પ્રીતિ વાળી;

ઘર. ×બાળી. *પર્વત.

તથાપી ન આશા તુંને સંતોષ લગારી છે. ૨.
મંદ બુદ્ધિવાળા કહે તેમ તો અધિક કર્યું,
બંને હાથ જોડી નમ્યો એથી શું અપારી છે!
નીજ મુખે નીજ તણાં વખાણ વિશેષ્ય કર્યાં,
દ્રવ્યવાળા પાસે જતાં લાજને વિસારી છે;
ભોગ નહિં ભોગવ્યા ને ભોગ તો ઉલટા મળ્યા,
તપ નહિં કર્યું તપ્યા દુઃખ જે સંસારી છે;
વખત ગયો ન અમે પોતે ગયા આયુષ્યથી,
તથાપી ન આશા જૂની, જૂની દેહ મારી છે. ૩.
કરચલાં મુખ વળી માથે શ્વેત વાળ થયા,
શીથળ શરીર થતાં રૂચી અન્ય ન્યારી છે;
માન થયું બંધ સાથે હતા તે તો સર્વ ગયા,
મિત્ર ગયા સારા હાથ લાકડી વિચારી છે;
આંખે થયા અંધ અને શરીર દૂબળું થયું,
ચડાવી ચડાઇ *વેરી છૂટાવી કંપારી છે;
કાનજી કહે છે તોય મરી જશ માનવી કે'
આહાહાહા!!! દેખો કેવું આશ્ચર્ય એ ભારી છે! ૪.
મનોરથ જળવાળી આશા રૂપી મોજા વાળી,
સંસારમાં પ્રીતિ વાળી ઝૂડ વાળી જાણીયે;
તર્ક રૂપી પક્ષી વાળી ધૈર્ય વૃક્ષ ખોદનારી,
ચિંતા રૂપી કાંઠા વાળી પ્રીતથી પ્રમાણીએ;
ભમરીઓ મોહરૂપી પડવાથી મુશ્કેલ જે,
વીર ધીર તે શરીર તરે ન એંધાણીએ;
કાનજી કહેછે ઉંડી આશા રૂપી ‖નદી અરે!
તરીએ ન પાર તારી કેમ મોજ માણીએ? ૫.

કાનજી માધવજી ભટ્ટ. રંઘોળા.

---

*વૃદ્ધાવસ્થા રૂપી દુશ્મન. ‖આ કવિતમાં આશા અને નદીની તુલના છે (શ્લેષાલંકાર)

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાધન પાને ૫૭મેંથી.)

ગંભિર ને ગુલાબસિંગ કેદખાનું ઉઘાડી તેમાંના કેદીઓ જોવાને દોડયા. પ્રથમ ગુલાબસિંગનો પિતા મોહનસિંગ મળ્યો. મોહનસિંગે કહ્યું કે અરે તને પણ પકડી આણ્યો ગુલાબ? ગુલાબસિંગે કહ્યું કે પિતાજી હવે તમે ભય છોડી દો. દુરગાદાસ આવ્યા છે ને તેમણે વિજય મેળવી કિલ્લો સર કીધો છે મને એમણે પોતાના ભાઇની માફક ગણ્યો છે. પોતે કિલ્લાની વ્યવસ્થા કરવામાં ગુંથાયા ત્યારે તેમણે તમારો જલદીથી છૂટકારો કરવાને મને અહીં મોકલ્યો છે. હમણાં એ પણ અહીં આવી પહોંચશે. મોહનસિંગ ઠાકોર આ પ્રમાણે પોતાનો છૂટકારો થવાથી અને તે પણ પોતાનાજ પુત્રને હાથે-તે જોઇ ખુશી થયો. તે પોતાના પુત્રની સાથે દુરગાદાસને મળવા માટે જવાને બહાર આવ્યો આણી તરફ ગંભિર દોડતો દોડતો ને ઠેકડા મારતો મારતો પોતાના પિતાના કેદખાનાની કોટડી પાસે ગયો ને તાળું ઉઘાડી અંદર પેઠો. કિશોરસિંગે પોતાના દીકરાને દીઠો કે તેને વળગી પડયો. ગંભિરે કહ્યું કે પિતાજી મારા સરદાર દુરગાદાસે તમારો છૂટકો કર્યો છે. મુસલમાનોને મારી હઠાવી ગઢ તાબે કર્યો છે ને તમારા છૂટકારા માટે મને અહીં મોકલ્યો છે. માટે આપ ચાલો આપણે દીવાનખાનામાં જઇ દુરગાદાસના આવવાની રાહ જોઇ બેશીએ.

બંને દીવાનખાનામાં ગયા, પણ દુરગાદાસ હજુ પરવાર્યો નહોતો. અને આવવાને હજુ વાર હતી, તેથી કિશોરસિંગે ગંભિરને પૂછ્યું કે બેટા તું અહીં કયાંથી? દુરગાદાસ તારો સરદાર કયાંથી? તારી ને તેમની મુલાકાત શી રીતે થઇ? વગેરે વાતથી મને વાકેફ કર. ગંભિરે કહ્યું કે બાળપણથી આપના ઉપદેશને ઉદ્દેશથી મારા મનમાં સ્વદેશસ્વતંત્રયનો જુસ્સો તો હતોજ. મારૂ દેશમાં મુસલમાનો જુલમ કરતાં જોઇ મારૂં હૈયું બળતું હતું, પણ લાચાર. હું બાળક શું કરૂં? શું કરવું ને કેમ કરવું કે આ પરધર્મીઓનું રાજ્ય જઇ મારૂ સ્વતંત્ર થાય એ વિચાર ઘોળાયા કરતો હતો, તેવામાં દુરગાદાસ મારૂ દેશની સ્વતંત્રતાને માટે મેદાનમાં પડયાની બુમ મારા

સાંભળવામાં આવી. મહા મહેનતે સમાવેલા મારા જુસ્સાને હવે હું રોકી શક્યો નહિ, મારૂં મન દુરગાદાસ પાસે જવાને તલપ્યા કરવા લાગ્યું પણ તમારી પરવાનગી માગતાં કદાચ તમે નહિ આપશો, એમ વિચારી છોકરવાદી કરી તમને અંધારામાં રાખી હું એક રાત્રે ચાલી નીકળ્યો ને કેટલીક મહેનતે દુરગાદાસને જઇ મળ્યો. તમને કેદ કર્યાની અને નાહરસિંગ વગેરે સરદારોનાં ખુન કર્યાની ખબર મળ્યાથી તમારા છૂટકારા માટે દુરગાદાસ અહીં આવ્યા. મને તેમણે પોતાના નાનાભાઇ તરીકે ગણીને માન આપ્યું છે. તેઓ બીજા કામમાં રોકાયાથી આપનો જલદી છૂટકારો થાય તે માટે મને આપના તરફ મોકલ્યો. પિતાજી હવે મારવાડની સ્વતંત્રતાને ઝાઝો વિલંબ થાય એમ લાગતું નથી.

એમ વાતો કરેછે એટલામાં દુરગાદાસ આવી પહોંચ્યો. તેણે ગંભિરને પોતાના પિતાની પડખે ઉભેલો જોઇ કિશોરસિંગને ઓળખ્યા. ગંભિરે પોતાના પિતાને સાન કરી કે ઠાકોરે કહ્યું દુરગાદાસ તમારા જેવા બહાદુર મારૂ પુત્રો વડેજ મારવાડ સ્વતંત્ર થશે. તમે વાવેલા બીજનાં ફળ તમેજ ચાખશો. તમે મને બંધન મુક્ત કર્યાથી હું તમારો ઉપકાર માનું છું. દુરગાદાસે કહ્યું કે જેની કુખે આ મારા નાના ભાઇ જેવાં રત્ન નીવડયાં છે તેને બંધન મુક્ત કરવાની તક પરમેશ્વરે મને આપી તેથીજ મારવાડનાં સુભાગ્યનાં ઉદય ચિન્હ દષ્ટિએ પડેછે. વિજયસિંગ મારા મિત્ર છે ને તેના તમે બનેવી છો, વળી આ મારા નાના ભાઇના પિતા એટલે મારા મુરબી છો, તેથી તમારે ઉપકાર માનવા જેવું રહેતું નથી. ખરૂં કહું તો એમાં ઉપકારજ નથી. મેં મારી ફરજ બજાવી છે ને તમને બંધન મુકત કરી મારૂ દેશની સ્વતત્રતાની સાધ્યમાં ઉમેરો કર્યો છે. આવી વાતો કરેછે એટલામાં ગુલાબસિંગ, મોહનસિંગ ઠાકોરને લેઇ આવ્યો. રામરામ કરી મોહનસિંગ ઠાકોર ઉભા. મોહનસિંગ ઠાકોર વયે વૃદ્ધ હતા. પોણોસો થઇ ગયાં હતાં. એમણે દુરગાદાસના પિતાના અને દાદાને ઉજ્જન, કજવા ને આગ્રાની લડાઇઓમાં બહાદુરી બતાવતાં જોયા હતા. તેથી ઠાકોરે કહ્યું, બહાદુર પિતાના બહાદુર બેટા દુરગાદાસ તારા પિતાને અને દાદાને તો રણ સંગ્રામમાં સત્ય પક્ષે લઢી જય મેળવતા જોયા હતા. અને આ ત્રીજી પેઢીએ તને પણ જય મેળવતો જોઉંછું પ્રભુ તારા બાહુમાં બળ આપો અને તેં માથે ઉપાડેલા કામમાં તને ફતેહ આપો. એ આશિરવાદ વગર તેં કરેલા મારા છૂટકારાનો બદલો શી રીતે વાળુ? હવે

હું તો વૃદ્ધ થયો છું. મરણની પથારીએ પડયા જેવો છું. આ મારો ગુલાબ તારે આશ્રયે મૂકું છું. બેટા ગુલાબ તું દુરગાદાસને પડખે રહેજે, અને સહાય કરજે. દુરગાદાસે કહ્યું કે કાકા સાહેબ આપના વૃદ્ધપણાને જેમ આપનારી બહાદુરી આપના કુળને છોડી ગઇ નથી. આપનો પુત્ર મારા સોનિંગ કરતાં જાય એવો નથી અને હું પણ મારા સોનિંગ જેવોજ એને ગણીશ. એટલામાં ગંભિર બોલી ઉઠયો, મોટા ભાઇ, મને ભૂલતા ના હો. દુરગાદાસે કહ્યું કે અરે ? તને તે કેમ ભૂલીશ. મોહનસિંગે કહ્યું કે દુરગાદાસ એ કોણ છે? દુરગાદાસે કહ્યું કે એતો આ કિશોરસિંગ ઠાકોરનો સુપુત્ર ગંભિરસિંગ. એ વિજયસિંગ ઠાકોરની બેનનો દીકરો થાય છે. મોહનસિંગે કહ્યું કે અરે ! હું કિશોરસિગ ઠાકોરના કૂળને કયાં ઓળખતો નથી. કજવાની લઢાઇમાં મોખરે રહી લડતાં એમના પિતા ગુજરી ગયા હતા. એમનો ભાઇ ઉજનની લઢાઇમાંથી જસવંતસિંગ મહારાજે મુસલમાની લશ્કર ભેદીને જવાનો હુકમ કર્યો ત્યારે મોખરે મરાયો હતો. એમનું કૂળ કાંઇ જેવું તેવું નથી. એવા બહાદુર કૂળની કૂખે બહાદુરજ રત્ન પાકયાં હશે. દુરગાદાસે કહ્યું કે એની બહાદુરી, દેશદાઝ ને મમતાનાં જેટલાં વખાણ કરૂં તેટલાં થોડાં છે. એની ઉમરતો નાની છે પણ સમજ વૃદ્ધ કરતાં વધારે છે. માટેજ મેં એને મારા નાના ભાઇ તરીકે પહેલ વહેલો સ્વીકાર્યો અને આજે તમારા ગુલાબસિંગને મારા બીજા નાના ભાઇ તરીકે કબુલું છું. અને મારી ખાતરી છે કે તે, એ વિશ્વાસમાં ખામી પડવા દેશે નહિ.

આ પ્રમાણે વાતચીત કરી સઘળા સુઇ ગયા. સવાર થયું. રૂપગઢ ઉપર રાઠોડ વાવટો ફરકવા લાગ્યો જોઇ આસપાસના રાઠોડ જાગૃત થયા. રોહિત ગઢના જયમાં રૂપગઢના જયથી વધારો થયો. મુસલમાનોની હાર થતી જોઇને ત . ા રજપુતોનો વિજય સાંભળીને રજપુતો જોર પર આવ્યા. આસપાસના રજપુતો હથીઆરબંધ થઇ રૂપગઢમાં ભરાવા લાગ્યા. બે ચાર દીવસમાં તો પંદર હજાર કરતાં વધારે રાઠોડ લશ્કર રૂપગઢમાં દુરગાદાસની સરદારી નીચે જમા થયું. રૂપગઢના વિજયી રાઠોડો પણ આસપાસના દેશદાઝવા સરદારોને ઉશ્કેરી ભેળા કરવા લાગ્યા. કિશોરસિંગ, મોહનસિંગ અને જે બીજા રાઠોડ સરદારોનો છૂટકારો થયો હતો તેમણે પણ પોતપોતાનાં લશ્કર રૂપગઢમાં જમા ક્યાં. એ રીતે રૂપગઢ લશ્કરથી ભરાઇ ગયું.

એક દિવસ દુરગાદાસ, સોનીંગ, પ્રથી, માનસિંગ, ગંભિરસિંગ ઇત્યાદિ

રાઠોડ સરદારો બેઠા છે એટલામાં એક ખેપીઓ દોડતો કાગળ લેઇ આવ્યો. ગંભિરે આગળ જઇને કહ્યું કે લાવ કાગળ, કોનો છે? ખેપીઓ કહે તેતો દુરગાદાસ પંડને હાથોહાથ આપવાનો છે. ગંભિરે આ વાત દુરગાદાસને કહ્યાથી તેને અંદર બોલાવ્યો. ખેપીએ પૂછ્યું કે આપનું નામ દુરગાદાસઃ જવાબમાં હા કહ્યાથી ખેપીએ કાગળનું પાકીટ તેના હાથમાં આપ્યું. દુરગાદાસે ખેપીઓને ખાવાપીવાનેઃ બંદોબસ્ત કરી કાગળ ગંભિરના હાથમાં વાંચવાને આપ્યો ને વાંચવા ફરમાવ્યું. ગંભિર વાંચવા લાગ્યો.

"મુરબ્બી દુરગાદાસ, એક ઘડીની પણ વિલંબ કર્યા સિવાય એકદમ જોધપુર આવજો. હું, મારો પિતા ને માતા મંડોરમાં હતાં ત્યાં ઇનાયતખાન ને તેનાં નાઠેલાં માણસો આવી પહોંચ્યાં. મારા મામાએ ને પિતાએ કેટલીક મહેનત કરી પણ ઘણા આગળ થોડાનું શું ગજું? મારો મામો નાશી ગયો ને અમે ત્રણે પકડાઇને અહિં આવ્યાં છીએ. ઇનાયતે અમને પાકા બંદોબસ્ત-માં રાખ્યાં છે એ અમારા ઉપર કંઇક રહેમ દીલ રાખતો હતો. તેવામાં મારા પિતા ઉપર રાજ્યદ્રોહનું તોહમત મૂકી તપાસ કરવાનું ઠરાવ્યું તપાસમાં ગુન્હો સાબીત ગણી દેહાંતદંડની સજા કરવાનું ઠેરવ્યું છે. ત્રણ દીવસની વાર છે, તે દરમીયાનમાં તમે આવી અમારો છૂટકો કરશો તો ભલા, નહિતો, તમે જેનો એકવાર જીવ બચાવ્યો તે, જેને એકવાર કેદમાંથી બંધન મુકત કર્યા તેનો, એ પાપીઓ નાશ કરશે. પછી તમારો વિજય અમારે શા કામનો? તમારા દોસ્તને દેહાંતદંડ થતાં નહિ ઉગારો તો કોને ઉગારશો? એમના મરણ સાથે અમારૂં પણ મરણ થવાનુંજ. પાપી ઇનાયત મારા પિતાની ગેરહાજરીમાં પોતાની પાપી મુરાદ બર લાવવાને મારા ઉપર જુલમ કરશે એટલે મારે ઝેર પી મરવાનો વારો આવશે. મારી ફોઇને પણ કેદ કરી અહિં આણેલાં છે. અમને માત્ર તમારોજ આધાર છે. માટે જરૂર જલદીથી સહાય કરવાને આવજો. આજે અવાય તો કાલ ઉપર ને હમણાં અવાય તો આજ ઉપર રાખશો નહિ. કાગળ કેટલી મુશીબતે મોકલ્યોછે તે મારૂં મન જાણે છે. ફરીને લખવાનો વારો નહિ આવે.

તમારા મિત્રની પુત્રી લાલબા.

આ કાગલ વાંચતાંજ બહાર ડંકો વાગવા લાગ્યો. સૂર્યવંશી મહારાણાનાં નિશાનો ફરકવા લાગ્યાં. મહારાણા રાજસિંગની જય, મહારાજા અજીતસિંગની જે, મારૂ દેશની જે, એવા જયઘોષથી આકાશ ગાજી રહ્યું. દુરગાદાસ આ

અવાજથી સમજયો કે આપણી ઉદેપુરના રાણા ઉપરની અરજ ફળીભૂત થઇ. મહારાણાશ્રીનાં માણસો ડંકા નિશાન સાથે આવ્યાં છે. દુરગાદાસ તરતજ ઉઠીને સામો ભેટવા દોડયો ને મહારાણાના પાટવી કુંવર ભીમસિંગને સિસોદી સૈન્યને મોખરે દીઠા. મળી ભેટી વાતો કરી, જોધપુર કયે માર્ગે ને શી રીતે તાકીદે જવું તેની ગોઠવણી કરી. સિસોદી સૈન્ય પાંચ હજાર સ્વારોનું હતું ને વીશ હજાર રાઠોડ લશ્કર હતું તેમાંથી હજાર લશ્કર કલ્લાના રક્ષણાર્થે રાખી મોહનસિંગ ઠાકોરને કિલ્લાની રખવાળી માટે રાખ્વાનો ઠરાવ કરી બાકીના સર્વેએ લશ્કર સાથે રાતના કુચ મુકામે જોધપુર જવાનો દૃઢ ઠરાવ કરી દુરગાદાસ ઉઠયો.

3. STUDENT'S ORNAMENTS.

૩. વિદ્યાર્થી ભૂષણ.

પ્રકરણ ૧૧ મું.

ટુંક લખવાનો હુન્નર.

(સાંધન પાને ૬૧મેંથી.)

હાલમાં આપણા દેશમાં સભાઓ ભરાય છે ને તેમાં ભાષણો થાય છે. દરબારોમાં, કાયદા બાંધનારી સભામાં, ન્યાય કોર્ટોમાં, મ્યુનીસીપાલીટીઓમાં વગેરે સ્થળોમાં જે બોલવામાં આવે છે તેની અક્ષરે અક્ષર નોંધ વર્તમાન પત્રોમાં આવવાની જરૂર છે અને તેમ થાય છે તોજ વાંચનારને રસ પડેછે અને વકતાના ભાષણનો ખરો ભાવાર્થ મનમાં ઉતરી લાભ થાય છે. વર્ત્તમાન-પત્રો વાંચવાનો શોખ પણ ત્યારેજ વધે છે અને વાંચનને ઉત્તેજન મળી દેશને લાભ થાય છે. પરદેશોમાં અક્ષરે અક્ષર નોંધ લેનારાં ને સૌથી પ્રથમ ખબર આપનારા સાહસિક વર્ત્તમાનપત્રોનાંજ ઘરાકો વધારે થાય છે, અને ત્યારેજ તેમણે કરેલા મહાભારથ ખર્ચનો બદલો મળેછે.

યુરોપ ને અમેરિકામાં વર્ત્તમાનપત્ર ચલાવનારા પોતાના લેખકોને એવાં ભાષણોનાં સ્થળોમાં મોકલેછે, તેઓ ટુંકા લખાણમાં અક્ષરે અક્ષર ભાષણો ઉતારી લાવી ઘેર આવી ફરીને શુદ્ધ લખી છાપવા આપવા આપેછે અને વકતાનો એક બોલ પણ જવા દેતા નથી. બોલનાર બોલતો જાય તે પ્રમાણે લખાણની પદ્ધતિ પ્રમાણે કોઇ લેખક લખવા બેસે તો એ ભાષણનો ભાગ્યે

ચોથો ભાગ પણ લખી શકે. ભાષણ વખતે સાંભળેલું તે તે વખતે કદાચ કોઇ યાદ રાખી શકે, પણ ઘેર આવી લખતાં રહી ગએલું સુધારવા બેસે તો તેને યાદ આવે, એવી સંપૂર્ણ યાદશક્તિવાળા તો મળવા વીરલાજ હોયછે. ત્યારે તેઓ અક્ષરે અક્ષર ટુંકામાં શી રીતે લખી શકતા હશે એવો સવાલ સ્વાભાવિક રીતે થાયછે.

ટુંકામાં ભાષણ લખનારા કાંઇ લખાણના અક્ષર લખતા નથી. દરેક અક્ષરને માટે એવી ટુંકી ને સરળ નિશાનીઓ કે સંજ્ઞાઓ કરેલી હોય છે કે તે વડે તેઓ આખું ભાષણ વકતા બોલતો જાય તેમ એક પણ અક્ષર પડવા દીધા શિવાય ઉતારી શકેછે. મોંઢે ભાષણ કરનાર કાંઇ લખી લાવતો નથી. પોતાના વિચાર ગોઠવી ભાષણ કર્યો જાયછે. તેટલું છતાં તેના બોલેલા બોલેબોલ સવારમાંતો વર્તમાનપત્રોમાં બહાર પડેછે. તે એવી ટુંકા લખાણની સંજ્ઞા વગર કેમ બને? એવું લખનારા ચપળ, ઝડપથી હાથ ચલાવનારા, શરવા કાનવાળા ને કાને સાંભળી તરત હાથને ચલાવનારા સારી રીતે કસાયલા ટેવવાળા હોય છે. તેમના કાન સાંભળેછે ને હાથ કામ કરેછે. તેમનું મન બીજા કોઇ વિચારમાં નહિ રોકાતાં તેમનું સર્વ લક્ષ માત્ર ભાષણ સાંભળી તેના ઉતારામાં રોકાયલું હોય છે. તેમની દૃષ્ટિ માત્ર કાગળજમાં હોયછે, ને કાન ભાષણ કરતાના મુખસ્વર તરફ હોયછે. વકતાનાં મોંમાંથી પડતો બોલ તેના કાન સાંભળી લેછે ને હાથ ઉતારી લેછે.

આ પ્રમાણે અંગ્રેજી ભાષામાં કાંઇ નહિતો બસેં જાતની એવી ટુંકા લખાણની પદ્ધતિ છે. જૂદા જૂદા પદ્ધતિ બનાવનારે જૂદી જૂદી સંજ્ઞાઓ કરેલી છે, અને તે રીતે કામ કરનારા અનુભવીઓ તેમાં પોતાને ફાવતો ફેરફાર કરે છે. એક રીતે કામ કરનારાને તેજ રીતે કામ કરવાની ટેવ પડયાથી તે રીત તેને સુગમ પડે છે. બીજી રીત ગમે તેવી સરળ છતાં પોતાની અનુભવેલી રીતજ તેને ફાવેછે. અને નવા નવા લેખકો હજુ પણ ટુંકા લખાણની નવી નવી પદ્ધતિઓ બનાવતા જાયછે ને અનુભવથી તેમાં સુધારો કરતા જાય છે. તેથી પાર્લામેંટના વકતૃત્વ, સભાઓનાં ભાષણો અને મહા પુરૂષોના બોલ અક્ષરે અક્ષર વર્ત્તમાનોમાં આવે છે. આપણા દેશમાં પણ એવા અંગ્રેજી ટુંકા લેખકો કોઇ કોઇ જરૂરને ઠેકાણે હોયછે, ને તેઓ વાયસરાય, ધારા સભાના મેમ્બર અને બીજા અંગ્રેજી ભાષાના વકતાનાં ભાષણોના ઉતારા અક્ષરે અક્ષર કરી શકે છે.

પણ એવા ટુંકા લેખકો આપણી ગુજરાતી ભાષામાં જાણ્યામાં નથી. ગુજરાતી ટુંકા લખાણની સંજ્ઞાઓ કે નિશાનીઓ કરેલી જાણ્યામાં નથી. તેથી ગુજરાતીમાં થએલાં ઉપયોગી મુખ ભાષણોની અક્ષરે અક્ષર નોંધ ગુજરાતી વર્તમાન પત્રોમાં આવતી નથી અને તેથી આપણાં વર્તમાન પત્રોની અંગ્રેજી વર્તમાન પત્રો જેવી બુજ થતી નથી. ગુજરાતીઓમાં વાંચન શોખ વધવામાં તેથી કેટલોક નડાવ થાયછે. એટલું બને કે એવાં ઉપયોગી મુખ ભાષણો ધણાંખરાં અંગ્રેજીમાં થાયછે. ગુજરાતીમાં થતાં નથી, ને જે થાયછે તેનો સાર માત્ર પ્રગટ થાયછે. તેથી ગુજરાતીમાં પણ ટુંકા લખાણની નવી પદ્ધતિ કોઇ ખોળી કહાડે તો તે ઉપયોગી થાય ખરી. કેટલાંક લાંબા શબ્દો ટુંકામાં લખવાની, દરેક અક્ષર અને કાના માત્ર માટે ટપકાં કે લીટીની એવી સંજ્ઞાઓ ગોઠવવામાં આવે તો મહાવરાથી અંગ્રેજીની માફક ગુજરાતી ભાષણો પણ ઉતારી શકવાને શકિતવાન થવાય. તથા તેથી વર્તમાન પત્રોનો ઉપયોગ વધે અને કેટલાક લેખકોની રોજી જાગે.

પ્રકરણ ૧૨મું.

પુસ્તકો, પુસ્તક બંધન વગેરે.

એક અનુભવી લખનાર પુસ્તકો અને પુસ્તક બંધન માટે નીચેની સૂચના આપેછે, જે અમારા પુસ્તકોનાં શોખી વાંચનારાને ઉપયોગી થઇ પડશે, એમ માનીએ છીએ.

૧ જો ચોપડીઓનાં પાનાં કાડયા વગરનાં હોય તો તે અથવા કોઈ છાપેલો કાગળ બરાબર વાળ્યો ન હોય તો તે, તમારી આંગળી વતે કાડતા ના. કેમકે તેમ કર્યાથી કાગળની કોરી જશે અને પાનામાં વતી ઓછી થશે.

૨ ચોપડીની પહોંચ લીધા વગર કે નોંધી રાખ્યા વગર તમારી કોઇ ચોપડી બીજાને વાંચવાને ઉછીની આપતા ના.

૩ છાપખાનામાંથી આવી કે તરત ભીની ચોપડી બંધવતા નહિ, કેમકે નાહતો એક પાનાની શાહી બીજામાં ચોંટયા વગર રહેશે નહીં.

૪ ચિત્રાળી ચોપડી બાંધતાં દબાવતા ના, કેમકે તેથી ચિત્રો બગડવાનો સંભવ છે.

૫ પુસ્તકોમાં નકામી છાપો મારીને અથવા નઠારાં પત્રામાં રાખીને ડાઘા પાડતા નહિ.

૬ પુરાના વખતનું પુસ્તક બંધન ચાલતાસુધી તોડી નાંખતા નહિ. જો જરૂર પડે તો સંભાળથી સમરાવજો.

૭ જૂનું લખાણ બીલકુલ નકામું ન હોય ત્યાંસુધી નાશ કરતા નહિ. અથવા જૂનાં પુસ્તકોનાં ચિત્રો ફાડતા નહિ. જો જરૂર જણાય તો છેવટના પુંઠાની અંદરના ભાગમાં લગાવી ત્યાં આગળ તેમ કર્યાની સૂચના લખી રાખજો. જૂનાં પુસ્તક બંધનનો નાશ કરતા અગાઉ સુંદર પત્રો કે ચિત્રો માટે બરાબર તપાસ કરજો.

૮ પુસ્તક ફરીને બાંધતાં પુંઠાપરનાં પુસ્તકના નામ વગેરેની ટુંકી હકીકતનો નાશ કરવા દેતા ના, કેમકે તે પુસ્તકનો ભાગ છે.

૯ પુસ્તકમાંનાં ચિત્રો આડાં ચોટાડવા દેતા ના. પણ તે ચિત્રમાં છાપેલું સીધું ન આવે તોજ તેમ કરવા દેજો.

૧૦ નાના પુસ્તકમાં મોટો નકશો બંધાવતા કે ચોટાડાવતા નહિ. કેમકે નહિતો તે નકશો ફાટી જશે, અને પુસ્તકની મજબુતી ઓછી કરશે. નકશા તો જુદાજ સારા. તેથી સચવાય ને જોવું હોય ત્યારે જોવાય. નકશા કે આકાર, ચિત્રો પુસ્તકની છેવટે સારાં. પુસ્તકના પૃષ્ટ કરતાં મોટાં હોય તો સંભાળથી કપડાપર ચઢાવી વળાવવાં.

૧૧ સરખા કદ વગરની, થોડા વતા કદની ચોપડી ચોપાનીયાં સાથે બાંધતા નહિ.

૧૨ એક પુસ્તક ફરીને બંધાવવું પડે ત્યારે તેને કાપવા દેતા નહિ, કેમકે તેમ કર્યાથી તેના કદનું પ્રમાણ ઘટીને કીમતમાં ઘટાડો થાયછે.

૧૩ પુસ્તક વાંચી રહ્યા પછી તે પુસ્તક પૂરૂં કર્યાની તારીખ પુઠા ઉપર નાંખવી કે જેથી તે પુસ્તકને ફરીનેઉથામવાની મહેનત ન પડે ને ફેરવતાં થતો બિગાડ અટકે.

૧૪ કોઇ પુસ્તકમાં કાંઇ જાણવા જોગ બીના હોય ને નિશાની રાખવી હોય તો ત્યાં દોરી કે એવું કાંઇ ન રાખતાં ઘણી જગાએ ન હોય તો કાગળના કડકા રાખવા કે પાનાંને નુકશાન ન થાય.

૧૫ જે ચોપાનીયાંના પુંઠા ઉપર ચિત્રો હોય કે જે ચોપાનીઆમાં ન હોય તે પુઠાં ફાડી ન નાંખતાં રહેવા દેવાં, અગર તે ચિત્રો છેવટે રખાવ-

વાં. એમાંનાં ચિત્રો કે જાહેર ખબરો હાલ નહિ તો કોઇવાર પણ કામમાં આવશે.

૧૬ ચોપડી બંધાવતાં નીચેની પટીઓ મજબુત ચામડાની નખાવવી. ખોટી કે નકલના ચામડાની પટીઓ નખાવતા નહિ. કેમકે તે તૂટીને પુંઠું ખરાબ કરશે.

૧૭ ચોપડીને ભેજ લાગવા દેતા ના, નહિ તો તેને જલદીથી ફુગ લાગશે.

૧૮ પુસ્તકને લાંબા વખત સૂધી ગરમ જગામાં પણ ન રાખતા, કેમકે તેમને ગ્યાસ બહુ માઠી અસર કરેછે. પુંઠામાં રૂશિયન ચામડું હોય તો વિશેષે ખરાબ થશે. મોરોક્કો ચર્મ ગરમી સામું ટકી શકે છે.

૧૯ પુસ્તકની કોર ખરબચડી હોય તો ધુળ ઘણી લાગેછે. ગીલ્ટની કોર એ કામમાં ઉત્તમ છે.

૨૦ ચાપડાવાળી કે નકસી વાળી ચોપડી અથવા ઉપસેલા પુઠાની ચોપડી પાસેની બીજી ચોપડીઓને ખરાબ કરેછે માટે તેવાં પુસ્તક કબાટમાં પાસે પાસે ન રાખવાં.

૨૧ પુસ્તક વાંચતાં વાંચતાં અધુરૂં રહે, ત્યાં પાનાનો ખુણો વાળવો નહિ. પાનું ફેરવવાને તમારી આંગળી ભીજાવતા નહિ, પણ પાનાની નીચેની બાજુ તરફથી જમણા હાથના અંગુઠાની પાસેની આંગળી વડે ફેરવજો.

૨૨ પુસ્તકનાં પાનાં વચ્ચે પુસ્તકના બંધનને કે પાનાંને નુકશાન થાય એવી ચીજો રહેવા દેશો નહિ.

૨૩ ફાટેલાં પાનાં સંભાળથી લાહી વડે ચોંટી દેજો પણ ટાંકણી કે સોય વડે સાંધતા નહિ.

૨૪ પુસ્તકને લાંબા વખત સૂધી ઉભું કોર ઉપર રાખી મૂકશો નહિ, નહિતો એના બંધનની શોભામાં કે મજબુતીમાં ઘટાડો થશે.

૨૫ પુસ્તકને ઉઘાડીને જો તેની પીઠ કઠણ હોય તો કોઇવાર અમળાવશોમાં. નહિતો તેની કોર પગથીયાંની પેઠે ચડ ઉતરતી થઇ શોભા બગડશે, તેને ધીમેથી થોડાં થોડાં પાનાં ઉઘાડી નરમ કરવી.

૨૬ પુંઠું પકડીને કોઇવાર કોઇ પુસ્તક ઉપાડતા નહિ.

૨૭ કબાટમાંથી કોઇ પુસ્તક પીઠ પકડીને ખેંચતા નહિ. પુસ્તકને આતસ પર ધરતા નહિ, અથવા તેના ઉપર બેસતા નહિ. કેમકે પુસ્તકો આપણા

હમેશના મિત્ર ને સલાહકારછે.

---

4. TO DO GOOD TO THE WRONG-DOER.

૪. ભુંડાને બદલે ભલાઈ.

(સાંધન પાને ૭૨મે થી.)

આ શખ્સને ગુલામ કરનાર એક ચાંચીઓ કપતાન હતો. તેની તપાસ કરીને ઉબરેટોએ શોધી કાઢ્યો. અને તેને પૂછતાં માલમ પડયું કે આ જુવાન બંધવાને છૂટો કરવામાં બે હજાર ક્રાઉન લાગશે. તેથી બે હજાર ક્રાઉન પેલા કપતાનને આપીને પોતાની સાથે એક ચાકર હતો તેને એક ઉંચા પોશાકની જોડી આપીને પેલા જુવાન બંધવા પાસે મોકલ્યો. તેણે તેને કહ્યું જે હવે તું છૂટો થયો છે. ઉબરેટોએ પોતાને હાથે તેની બેડી કાઢી. અને નવો પોશાક હતો તે પહેરવા આપ્યો. આ સઘળું પેલા જુવાનને સ્વપ્ના સરખું લાગ્યું કેમકે તેના ગુપ્ત ભેદની તેને કાંઇપણ ખબર નહોતી ઉબરેટો પેલા જુવાનનો હાથ ઝાલી પોતાને ઘેર લઇ ગયો. તેને સારી રીતે જમાડી બરદાશ કરી. પોતાના ખરા સ્નેહીની જેવી રીતે બરદાશ થાય તેવી તેની સેવા ચાકરી કરી. પછી થોડેક દહાડે એક વહાણ ઇટાલી જવા હંકરાતું હતું તેમાં પેલા સખી ઉબરેટોએ વહાણનું નોર આપી પેલા જુવાન શખ્સને પોતાને વતન જવાને રવાને કીધો. અને વાટમાં જેટલી ખરચી જોઇએ તેટલી પણ ઉબરેટોએ આપી. વહાણમાં બેસાડતી વખતે સખી ઉબરેટો બોલ્યો મારા પ્યારા દોસ્ત હું તમને અહીંઆં ખુશીથી રાખત પણ તમે તમારાં માબાપને મળવાને ઘણા આતુર જણાઓ છો, માટે હું તમને રજા આપુંછું. તમારે મુસાફરી સારૂ જે ખોરાક તૈયાર રાખ્યો છે તે લો, અને આ કાગળ મારી સલામ સાથે તમે તમારા પિતાને આપજો. હું આશા રાખું છું કે તમે મને ભૂલી જશો નહિ તેમજ હું પણ તમને વિસારી મૂકીશ નહિ. પોતાનો છૂટકો કરનારનો પેલા જુવાન શખ્સે ઘણોજ ઉપકાર માન્યો અને તે પછી બેઉ જણ એક બીજાથી જૂદા પડયા.

આ જુવાન શખ્સની મા તથા બાપ એવા વિચારમાં હતાં કે જે

વહાણમાં તેનો દીકરો ગયો હતો તે વહાણ ડૂબી ગયું હશે અને તેથી પોતાનો છોકરો મરણ પામ્યો હશે. પણ જ્યારે એઓએ પોતાના છોકરાને પોતાની આગળ આવીને ઉભેલો દીઠો ત્યારે તેને શોકને બદલે હરખનો પાર રહ્યો નહિં. આનંદના આંસુથી છોકરાને વધાવીને ઘણી વાર સુધી પોતાની છાતી સાથે દાબીને બચીઓ કરી. પણ હરખના આવેશથી તેનાથી થોડી વાર તદન બોલાયું નહીં. જ્યારે તેઓનો જુસ્સો નરમ પડયો ત્યારે છોકરાએ પોતાની ઉપર વિતેલી મુસીબત યથાસ્થિત વર્ણવીને કહી સંભળાવી. તેનો બાપ બોલી ઉઠયો કે આવું પરોપકારી કામ કોણે કર્યું? તેના જવાબમાં છોકરે પેલા ઉબરેટોએ જે કાગળ આપ્યો હતો તે પોતાના બાપને આપીને કહ્યું કે આ પત્ર તમને તે વાત કહેશે. તેણે તે કાગળ ઉખેડીને નીચે પ્રમાણે વાંચ્યું.

"પેલા નીચ કારીગરના છોકરાએ તમને આગળ ઉપર કોઇ દહાડો અગમચેતી કીધી હતી કે જેને તમે બદશુકન કહોછો તે નો તમે પસ્તાવો કરશો એ અગમચેતી પાર પડેલી જોઇને મને ઘણોજ સંતોષ થયો છે. મગરૂર અમીર તું જાણજે કે તારા છોકરાને ગુલામગીરીમાંથી છોડાવનાર શખ્સ પેલો દેશનિકાલ થએલો ગરીબ ઉબરેટો છે."

આડોરનોએ એ કાગળ નાંખી દીધું અને પોતાને હાથે પોતાનું મોઢું ઢાંકયું. ઉબરેટોએ જે માયા દેખાડી હતી તે છોકરાએ સઘળી કહી સંભળાવી. ઉબરેટોએ જે ઉપકાર કર્યો હતો તેનો બદલો વાળવાને આડોરનોએ ઠરાવ કર્યો. અને ઉબરેટોને જે શિક્ષા કરી હતી તે શિક્ષા ફેરવવા સારૂ આડોરનોએ જીનોવાના અમીરોને ઉલટપાલટ સમજાવીને દોષ મુકત કર્યો. વખત ગુજરવાથી અમીરોનો ગુસ્સો નરમ પડયો હતો તેથી તેઓએ એની અરજ કબુલ રાખી. અને ઉબરેટોને તેની છીનવી લીધેલી મીલકત પાછી આપવા કબુલ કર્યું તેથી આડોરનોએ ઉબરેટોને લખી જણાવ્યું કે તમો તમારા દેશમાં પાછા આવો. અને તેજ કાગળમાં તેની ભલી ચાલચલણથી તેનો ઘણો ઉપકાર માન્યો. વળી તેની સાથે નિર્મળ દોસ્તી જીવતાં લગી રાખવા લખ્યું. તેથી ઉબરેટો તરત પાછો પોતાના દેશમાં આવ્યો અને પોતાની જીંદગીના બાકીના દહાડા ચેન અને આબરૂથી ગુજાર્યા. કહેવત છે કે "ભલાના કર્તાનું ભલું થાય."

પરભુદાસ રણછોડજી

કચ્છ-લાએજા.

5. HEALTH IS THE TRUE WEALTH.

૫. આરોગ્ય લાક્ષ્મે સાધના.

અથવા

(સંસારવિજય ધ્વજ.)

—o—

બ્રહ્મા, પ્રજાપતિ, અશ્વિનિકુમાર (દેવતાઓના વૈદ્ય), ધન્વન્તરી, ચરક, આદીમહાન વૈદક કર્તાઓને નમન કરીને હું નીચેના વિષય પર ટુંક વિવેચન કરૂંછું. આ આરોગ્યતાનો વિષય છે. અને તે સમજવાની દરેક મનુષ્યને કેટલી અગત્ય છે તે કહેતાં ઘણું લંબાણ થાય. ગમે તેટલી લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, અને રાજ્ય, તથા અનેક સુખ હોય, પણ શરીરસુખ સંપત્તિ ન હોય તો બીજી સર્વ નકામી છે

મોટાં કૃત્યો કરી અખંડ કીર્ત્તિ મેળવી અમરત્વ મેળવવાને તે સાધનભૂત છે. આપણા મહા મુનીઓ દીર્ઘાયુષી હતા તેમણે કેવી અક્ષય કીર્ત્તિ મેળવી છે તે રામ, ભગીરથ, હરીશ્ચંદ્ર, કરણ, ભોજ વગેરે મહા પુરૂષોનાં આખ્યાન અને ધર્મ પુસ્તકો વાંચ્યાં અગર સાંભળ્યાં હશે તેને સારી પેઠે ખબર હશે. તેનુ મૂળ કારણ તપાસશું તો આરોગ્ય લક્ષ્મીથી થતા દીર્ઘાયુષીપણાનો પ્રતાપ આજ પણ કેટલાક યુરોપીયનો લાંબી આયુષ્ય વાળા આપણે સાંભળીએ છીએ.

ઉપર કહેવા પ્રમાણે સંસારનાં સર્વ સુખોમાં શરીરની આરોગ્યતા એ પહેલે દરજ્જે છે માટે સંસાર સુખ ઇચ્છનાર દરેક પુરૂષે એ સંપત્તિ મેળવવાપૂરતો યત્ન કરવો એ પોતાનો ધર્મ છે. આથી ઉલટું કરનારનું જીવિત વૃથા સમજવું.

જો કે યુરોપીયન પ્રજાની પેઠે આર્ય પ્રજા મનની કેળવણી પર મંડી છે તે વખાણવા યોગ્ય છે, પણ તેની સાથે તનની કેલવણીમાં લક્ષ થોડું અપાય છે એ શોચનીય છે જો તેજ પ્રમાણે તનની કેળવણી પર લક્ષ આપે તો કેવું સારૂં? તેમ નથી થતું તેથી તેનાં કેવાં માઠાં ફળ નીપજે છે તે કોઈથી અજાણ્યું નથી. એમ. એ. અને બી. એ. વગેરેની ઉંચી પદવી મેળવી સંસાર

સુખ ભોગવવાના ઉત્સાહની શરૂઆતમાંજ તેના નવાંકુર પુષ્પ ખરી પડે છે એટલે અશકિતથી **ઉત્પદ્યન્તે વિલિયન્તે દરિદ્રાણાં મનોરથૈઃ બાળ વૈધવ્યદગ્ધાનાં કુલ સ્ત્રીણાં કુચાભિવ.** ।। જેમ કોઇ મોટું કૃત્ય આરંભવાનું મનમાં થાય અને થાય કે તરત કમતાકાતથી તે પાછું સમી જાય, અગર કોઇ વિષમ રોગના પ્રબળ સપાટામાં આવી, આયુષ્યનો અંત આવે છે. અરે આવી દશા જોઇકોનું કઠોર હૃદય શોકાગ્રસ્ત નહીં થાય? એવા દાખલા આપણે ઘણીવાર સાંભળીએ છીએ ત્યારે દુઃખમાં ખામી રહેતી નથી અરે આવી દશા થયે તેની વહાલી, વિદ્વાન, અને સદ્‌ગુણી સ્ત્રી, સુખ ભોગવવાને અધીરી થયેલી હશે તેનું શું થશે? તેનાં વૃદ્ધ માત, પિતા કે જેણે લાંબી આશાએ ઘણો પૈસો ખરચીને તથા પોતાની જાત મહેનતથી ગુજરાન થવા જેટલો પૈસો પેદાકરી કંગાલીયત વેઠી ઉંચી કેળવણી આપવા તન, મન, અને ધન અર્પેલું તેના દુઃખથી તો પરિસીમા છે. અરે કેવું હૃદય ભેદક છે! આવી તુલના તેના અનુભવીનેજ થાય. તેથી ભાઇઓ અને બહેનો, માતા અને પિતા, જુવાન અને વૃદ્ધ સર્વેએ આવાં વ્યાખ્યાન ઉપર લક્ષ આપી દરરોજ વાંચી ક્ષણે ક્ષણેતેનું મનન કરવું યોગ્ય છે, તેથી પોતાના, પોતાના કુટુંબના, તેમજ હરેક મનુષ્યના આગન્તુક વ્યાધીઓ વગર અડચણે દૂર કરવા ભાગ્યશાળી થશો.

હમેશાં શરીરની પ્રકૃતિ બગાડવી અગર સારી રહેવી તેનાં કારણોમાં મુખ્ય કારણ ખોરાક (અન્નપાન વિધિ)ના આધાર પર રહેલો છે અને બીજો યમસંયમથી વર્તવું તે છે તેથી આપણે**સુશ્રુત**માં કહેલી ટુંક અને ઉત્તમ "અન્નપાન વિધિ"નું અનુકરણ કરીએ.

સુશ્રુત. એટલે સારી રીતે સાંભળેલો. આ મહા ઉપયોગી ગ્રંથ આપણા મહા પ્રતાપી વૈદ્ય ભગવાન, ધન્વંતરીના અધ્યક્ષપણા નીચે રચાયલો છે તે ગ્રંથ મૂળ સંસ્કૃતમાં છે. તેની સંસ્કૃત ટીકા કે ગૂજરાતી ભાષાંતર પૂરેપૂરૂં હજી સુધી બહાર પડયું સાંભળવામાં નથી. તેનુ ગૂજરાતી ભાષાંતર થવું ઘણું ઉપયોગનું છે એમ ધારી મુંબાઇના ખંતી અને હોંસીલા ડાકટર જમનાદાસ પ્રેમચંદ કે જે મુંબઇ "હોમીયો પેથિક" દવાખાનામાં તે વિષયમાં પોતાની બુદ્ધિની વિચિક્ષણતા વાપરી જય મેળવી પ્રસિદ્ધ પામેલા છે તેમની સહાયતાથી મારા મિત્ર ત્રંબકલાલ ત્રિભુવનદાસ મુની શિહોરવાસીએ શુદ્ધ ગૂજરાતીમાં ભાષાંતર કરેલું છે. પરંતુ તેમાં કેટલીક દવા, રોગોનાં નામ વગેરે

ગૂજરાતી ભાષામાં વપરાતાં નામ મેળવવા વગેરે શુદ્ધ કરવું, અને કેટલાંક બીજાં કારણોથી છપાવવું બંધ રહ્યું છે.

ધન્ય છે તેનાં ભાષાંતર કર્તાને અને ડાકટર સાહેબોને કે અમુલ્ય દેશી વૈધક ગ્રંથો અદ્યાપિ પર્યંત અંધારામાં પડેલા છે તેને પ્રસિદ્ધ કરવામાં તન, મન, અને ધન ખરચી ખરો ઉત્સાહ ધરાવેછે

હાલના કેટલાએક ઈંગ્રેજી ડાકટરો ફક્ત ઈંગ્રેજી વૈધક વિદ્યામાંજ મશગુલ રહેછે. પણ જો તેઓ ખરો વિચાર કરશે તો તેમને માલમ પડશે કે ખરા અમૃત ઝરાનો અનાદર કરી ખાબોચીઆને ઇચ્છીએ છીએ, બેસવાની ડાળ ભાગીએ છીએ, ઉપકારને બદલે અપકાર કરીએ છીએ. ગંભીર અને ડહાપણના ભંડાર વડીલોની વારસામાં મળેલી મિલ્કત હાથે કરી ઉડાવી દઈએ છીએ. પણ ઉંડો વિચાર કરી તપાસતા નથી કે તે મિલ્કત કેવી અખંડ સુખ આપનારી છે.

જૂઓ કાપવા કોરવાની વિદ્યા ઈંગ્રેજીમાં છે તેમ સુશ્રુતના શલ્ય અને શાલાક્ય તંત્રમાં કેવી સરસ વર્ણવેલી છે. ગર્ભસ્થાન અને ગર્ભની ઉત્પત્તિ તથા સ્થિતિ વિષે કેવું જાણવા જોગ વૃત્તાંત છે. તેમજ કલ્પસ્થાનમાં અનેક જાતના ઝીણાં જીવ જંતુનાં ઝેર તથા સર્પ અને દરેક ઝેરી વસ્તુનું અને તેના નાશનું કેવું વિસ્તારીત વર્ણન છે. વગેરે ઘણા રોગનાં નિદાન અને ઔષધોના ગ્રંથો વિસ્તારથી ભરેલા છે આજ ફેર એટલોકે કાપવા કોરવાના યંત્રો બહાદૂર ઈંગ્રેજ ડાકટરોની શોધક બુદ્ધિથી સુધરેલાં છે તેથી બીન હરકતે કાપકોરનું કામ ચાલેછે બાકી બીજું બધું વારિનું વૉટર પ્રમાણે સમજવું. પરંતુ આપણા પ્રતાપી રાજ્યથી તેમાં દિન પ્રતિ સુધારો થયાથી ગરીબ અને શ્રીમંત સર્વ તેનો અલભ્ય લાભ લે છે. તેજ રીતે આપણા ડાકટર સાહેબો તેની શોધક અને વિચિત્ર બુદ્ધિનું અનુકરણ કરેતો કેટલો ફાયદો થાય તે કહી શકાતું નથી.

હાલમાં ઘણા સંસ્કૃત વૈધક ગ્રંથોનાં ભાષાંતર થતાં જાયછે એ આપણી પ્રજાની શોધક બુદ્ધિનો ચડેલો, કાટ ઘસાતો જાયછે. અને દરેક દેશ હિતેચ્છુ પુરૂષો ખરા અંતઃકરણથી ઇચ્છે છે કે કયારે તે તમામ કાટ ઘસાઇ તેનાં શુદ્ધ તેજનાં ચકચકીત કીરણોના પ્રભાવથી મગરૂર પ્રજાનાં નેત્ર અંજાઇ જાય? તથાસ્તુ.

હવે આપણે મૂળ જે તાત્પર્યની વાત છે તે ઉપર લક્ષ આપીએ.

પાણી—દાહ, તૃષા, મળ, અશુદ્ધતા, ને અતૃપ્તિ મટાડનાર, બળવિર્ય તેજ આપનાર અને શરીરને આધાર રૂપ છે. પણ તે રૂતુ, દેશ, દોષ, રોગ જોઇને વાપરવું સારૂં છે.

શરદ રૂતુમાં ગમે તેવું પાણી પીવું કારણ કે તે વખતમાં શુદ્ધ હોયછે. હેમંતમાં—સરોવરનું કે તળાવનું પાણી પીવું, વસંતમાં કૂવાનું કે ઝરાનું પાણી પીવું. મુત્ર, પુરીશ, ઈંડાં, શબ, કોથ, તેથી બગડેલા પાણીમાં; ને પાતરાના જથા વાળા પાણીમાં નહાવું નહીં. ડોળું ને વર્ષા રૂતુમાં જે નવું પાણી પીએછે તેને બાહ્ય ને આભ્યંતર રોગો થાય છે. જે પાણી ઉપર ચંદ્ર, સૂર્યનાં કિરણ ન પડતાં હોય ને હવા ન પામતું હોય તેવું પાણી કદી પીવું નહીં.

બગડેલા જળને અગ્નિથી ઉકાળી, સૂર્યના તડકામાં તપાવી, અથવા અંદર તપેલા લોઢાનો ગોળો તેમજ ગરમ રેતી અથવા પથરા નાંખી શુદ્ધ કરવું. તથા નાગકેશર, ચંપો, ગુલાબનાં ફૂલ આદિથી સુવાસિત કરવું, ને ઠીકરાના વાસણમાં ઠારેલું, ને સુશોભિત પાણી પીવું. રૂતુ વગરનું તથા બગડેલું પાણી હોય તો તેનો ત્યાગ કરવો કારણ કે તે અહિત છે ને જે તેવું પાણી પોતાની મરજીથી પીએ તો પાંડુ રોગ, ચામડીનાં દરદો, શ્વાસ, ઉધરસ, સલેખમ, શૂળ, ગોળો, ઉલટી અને ઉદર રોગ થાયછે.

બગડેલા પાણીને સુધારવાનાં સાત સાધન છે તે આ પ્રમાણેઃ—(નર્મળી, ગોમદમણી, કમળની ગાંઠ, સેવાળમૂળ, વસ્ત્રગાળ, ને મોતીમણી પાંચ મૂકવાનાં છે તે નામ અજાણ્યાં છે. ૧ ફૂલકાક્રયક, ૨ મુંજવલય, ૩ ઉદક-મંચીકા, વગેરે છે

સાત થંડા કરવાનાં સાધન છે, ઘણા વાયુવાળા સ્થાનમાં રાખવું, થંડું પાણી નાખવું, અંદર લાકડી ફેરવવી, વસ્ત્રો ધરણ કરવું, ગાળવું, રેતી નાખવી, અધર સીંકા ઉપર ટાંગવું ગંધ વગરનું અસ્પષ્ટ રસવાળું, તરસ મટાડનાર, ચોખ્ખું, હલકું, પવિત્ર, શીતળ ને-હદ પાણી ગુણવાળું છે તેમાં પશ્ચિમ તરફ વહેતી નદીઓનું પાણી હલકું, તેથી પથ્ય છે, પૂર્વ તરફનું પાણી ભારે તેથી પથ્ય નથી; દક્ષિણ તરફ વહેતી નદીઓનું પાણી સાધારણ હોવાથી તે ઘણો દોષ કરતું નથી. સહ્યાદ્રિ પર્વતમાંથી વહેતી નદીઓનું પાણી કોઢ કરેછે, વિંધ્યાચળ પર્વતમાંથી વહેતી નદીઓનું પાણી કોઢ તથા પાંડુ રોગ કરેછે.

નવજવર, હેડકી, તથા સ્નેહપાન કીધા પછી ટાઢા પાણીનો ત્યાગ કર-

વો, નદીનું પાણી વાયુ કરનાર, દીપન, હલકું, લેખન, અભીષ્યંદી, મધુર, જાડું તથા કફ કરનાર છે.

સરોવરનું પાણી–તરસ મટાડનાર, બળ, કામક, કષાય, મધુર અને હલકું છે.

તળાવનું પાણી–વાયુકર, સ્વાદ વાળું, કષાય, તે તીખા પાક વાળું છે.

વાવનું પાણી–વાયુ, વાત તથા કફને હરનાર, ક્ષાર યુક્ત, તીખું, તથા પી-ત કરનાર છે.

કુવાનું પાણી-જરા ખારૂં, પીત્ત કરનાર, કફને મટાડનાર, દીપન-હૃદ ને હલકું છે.

સમુદ્રનું પાણી–સર્વ દોષ વાળું છે અને ખારૂં છે.

ગરમ પાણી–કફ, મંદવાયુ, ને આમને મટાડનાર છે દીપન, વસ્તી શોધન, શ્વાસ, ઉધરસ, તથા જ્વરને મટાડનાર છે તથા હમેશાં પથ્ય છે.

વાસી પાણી કોઇ દહાડો વાપરવું નહીં અને ઉપર કહેવા પ્રમાણે શાસ્ત્ર જાણી તેવું પાણી ઉપયોગમાં લેવું. કસરત કરી, દોડી, સ્ત્રી સંગમ કરી, થાકીને, નાહીને, ને તરત ઔષધ ખાવા પીવા પછી ઘણું પાણી તેમાં પાણી તરત પીવું નહીં ઈતીવારિ વર્ણનમ્.

અન્નપાનવિધિ—પ્રાણી માત્રનાં બળ, વર્ણ, તથા ઓજ (તેજ)નું મૂળ અહાર છે, તે અહાર ૭ રસને આધીન છે, તે રસ દ્રવ્યનાં આશ્રિત છે ને દ્રવ્ય, રસ, વિર્ય ને વિપાકથી ક્ષય અથવા વૃદ્ધિ તથા દોષ ધાતુનું સરખાપણું થાયછે. બ્રહ્મા આદિ લઇ સર્વ લોકની સ્થિતિ તથા નાશનુ કારણુ અહાર છે. અહારથીજ બળ, વૃદ્ધિ, આરોગ્ય, વર્ણ, તથા ઇદ્રીયની પ્રસન્નતા કરે છે તે તેજ, અહાર વિષમ થયાથી અનેક પ્રકારના રોગો થાય છે.

આ રાજાને યોગ્ય છે. જે પુરૂષો સુખી, સુકુમાર, મંદકર્મ, અગ્નિ ને આરોગ્ય હોય તેને માટે છે, પરંતુ જે બળવાળા, તીક્ષ્ણ ખાનારા, તથા દીમાગ્નિ અને હમેશનું કામ કરનારા હોય તેને આનું કંઈ જરૂર નથી.

સ્વચ્છ અને ગોખલવાળું નહીં એવું પવિત્ર રસોડું કરાવવું તેમાં સર્વ સામગ્રી બનાવવાને યોગ્ય, દ્રઢ નીતિવાન રસોયા પાસે સ્કારવાળું અન્ન રંધાવવું, નેવૈદ્યે પવિત્ર જગામાં સારી રીતે સાચવીને રાખવું તેને વિશ નાશ કરનારાં ઓસડો અડાડવાં તથા ઉપર પંખો ને પાણી છાંટી ને સિદ્ધ મંત્રથી સીધેલું એવું અન્ન જમવું.

ઘી કાળા લોઢા વાસણમાં મૂકવું, દ્રવ (પાણી) જેવા અને રસ રૂપાના વાસણમાં નાખી ખાવા, સારી રીતે પકાવેલું ને થંડુ દૂધ તાંબાના વાસણમાં, સામે મૂકેલું મનોહર વીસ્તીર્ણું વિમળ પાત્રમાં રસોયાએ સુપોદન (ભાત)ના સારા સંસ્કાર કરેલા પ્રદેહ મૂકવા, ફળ, સર્વ ભક્ષ્ય, અને સુકી વસ્તુઓ જમનારને જમણે પડખે મૂકવી. દ્રવ, રસ પાનીય, પાનક, દૂધ, યુષ વગેરે પીવાની વસ્તુ ડાબે પડખે મૂકવી. બધા ગોળના વિકાર તે એની વચમાં મૂકે આ ભોજનની ઉપકલ્પના કહી.

તે એકાંત પવિત્ર, રમ્ય, શુભ, બાધા વગરના સુગંધી પુષ્પયુકત સરખા અને સુંદર સ્થળમાં અને જેમાં મંદવયુ આવજા કરતો હોય તેવા સ્થળમાં શાંતિથી જમવું. વિશેષ મીઠા સંસ્કારથી ને પથ્ય ને રસાદિથી યુકત પવિત્ર, ને મનહર એવું નવું ગરમ ભોજન ફાયદાકારક છે. પહેલું મધુર, વચમાં ખાટું ને ખારૂં ને પછવાડે બાકીનાં ખાવાં. દાડમ આદિ ફળ ખાવાં તે સૌથી પહેલાં, ત્યાર પછી પેય, ત્યાર પછી ભોજ્ય, પછી ભક્ષ્ય, ને પછી બીજી. પછી પહેલાં જાડી વસ્તુ ખાવી એમ કેટલાએક કહે છે ને કેટલાએક આથી ઉલટું કહે છે, પરંતુ ભોજનની આદિ અન્ત ને મધ્યમાં કંઇપણ બગાડ વગરનું તથા દોષને મટાડનાર આમળાનું ફળ ખાવું.

મૃણાલ, બીસ, શાલુકનાં કંદ, શેરડી, આદિ જમ્યા પહેલાં ખાવાં, પણ જમ્યા પછી કદી ખાવા નહીં. ભૂખ લાગી હોય ત્યારે યથા કાળ માત્રા પ્રમાણે શાસ્ત્ર જાણી સારૂં ઉંચું બેશી સરખું શરીર રાખી પોતાને સાત્મ્ય, હલકું, સ્નિગ્ધ, ઉષ્ણ તથા ઘણા દ્રવ વાળું અન્ન ભૂખ લાગે કે તરત ખાવું. યથા કાળ ખાધું હોય તો પ્રીતિ કરાવે છે ને પ્રસન્ન રાખે છે. સાત્મ્ય અન્ન બાધ કરતું નથી. હલકું ખાધેલું તથા સ્નિગ્ધ ને ઉષ્ણ બળ તથા અગ્નિ વધારે છે. જલદી તથા ઘણા દ્રવવાળું ખાધેલું સરખી રીતે પચી જાયછે. માત્રા પ્રમાણે ખાધું હોય તો તે સુખેથી પચે છે ને ધાતુને સરખી કરેછે. જે રૂતુમાં રાત્રી ઘણી લાંબી હોય તેમાં સવારમાં જમવું. ને જે રૂતુમાં દહાડા ઘણા લાંબા હોય તેમાં અપરાહ્ણમાં એટલે બપોરે મધ્યાન્હ કાળે જમવું. જે રૂતુમાં દહાડો રાત સરખાં હોય તેમાં સરખી રીતે ભાગ કરીને જમવું. અકાળમાં અથવા થોડું અથવા ઝાઝું ભોજન ન કરવું.

અકાળમાં ભોજન કરવાથી ભારે વ્યાધિ અથવા મરણ થાયછે. કાળ ગયા પછી જમનારને વાયુથી અગ્નિ વિટાઇ જવાથી ખાધેલું મૂશ્કેલીથી પચે

છે, ને બીજા ઉપર રૂચી થતી નથી. ઓછું ખાધેલું અસંતોષ, બળક્ષળ, આળસ. ગુરૂતા, આટોપ કરેછે માટે સારી રીતે સંસ્કાર પામેલું ને દોષથી રહિત આવું ગુણવાળું ભોજન બરાબર ભૂખ પ્રમાણે ખાવું.

બગડેલું, એઠું, પથરા, તૃણ ને લોષ્ટવાળું, અનીષ્ટ, વાસી, સ્વાદ વગરનું દુષ્ટ અન્ન ખાવું નહીં. લાંબા કાળથી રાંધેલું; સ્થીર, ઠંડુ થયેલું, ફરીથી ઉનું કરેલું અથવા દાઝી ગયેલું અન્ન સ્વાદ આપતું નથી. જે જે સ્વાદ કરતા હોય તે તે ઉત્તરોત્તર કરવા, જમનાર વારંવાર પાણીથી મોઢું ધૂએ, તો જીભ સાફ થયાથી અન્ન અપૂર્વ રીતે રૂચે છે. પહેલાં સ્વાદદાર વસ્તુઓથી તૃપ્ત થએલી જીભને બીજો સ્વાદ લાગતો નથી માટે ખાવાની વચમાં જીભ ધોવી એ અગત્યનું છે.

સ્વાદદાર અન્ન મનની સારી સ્થિતિ, બળ, પુષ્ટિ, ઉત્સાહ, હર્ષ ને સુખ ઉત્પન્ન કરેછે. જમ્યા પછી જે રૂચી થવી તે સ્વાદદાર ભોજનથી થાય છે. જમ્યા પછી યુકિતથી પાણી પીવું. દાંતમાં રહેલું અન્ન સળીથી કે બીજા કશાથી કાઢી નાંખવું. તે એમનું એમ રહેવા દીધાથી મોઢું દુર્ગંધી પામે છે. અન્ન પચ્યા પછી, વાયુ વિદગ્ધ થયા પછી ને જમ્યા પછી કફ થાયછે, માટે તે તરતતજ કાઢી નાખવો તેમ રહેવા દીધાથી ઉધરસ, આદિ રોગ થાયછે. ત્યાર પછી સોપારી, ધઉંલા, લવીંગ, જાયફળ, કપુર. ને એવા એવા તીખા કડવા ને મુખની શુદ્ધિ કરનારી વસ્તુ પાનની સાથે ખાવી ને જ્યાં સૂધી અન્નનો કલમ થાય ત્યાંસૂધી રાજાની પેઠે બેસવું.

પછી સો પગલાં ચાલી ડાબે પડખે શરીર ઢાળવું. જમ્યા પછી મનને પ્રિય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ સેવવા, તેથી અન્ન સારી રીતે રહેછે. ને શબ્દ, રસ, રૂપ, ગંધ સારાં ન હોય ને જમ્યા પછી હસ્યા હોઇએ તો ઉલટી થાયછે. અગ્નિ, તડકો, કૂદવું, દોડવું, વાહન, તથા એક રસની સેવા કદી કરવી નહીં. શાક તથા હલકાં અન્ન ને ખાટી વસ્તુ ન ખાવી. એક એક રસ વા બધાં અન્ન રોજ ન ખાવાં, એકવાર જમ્યા પછી ભૂખ ન લાગી હોય તો બીજીવાર ન ખાવું. જમ્યા પછી અન્ન પકવ થયા વગર જે ખાય તેનો અગ્નિ નાશ પામેછે.

માત્રા તથા દ્રવ્યથી ભારે અન્નનો ત્યાગ કરવો. ને લોટ ન ફાકવો, ભારે વસ્તુ અડધી ખાવી, ને હલકી વસ્તુથી તૃપ્તિ કરવી. ઘણો દ્રવ અથવા ભારે દ્રવ સારો નહીં. સૂકી વસ્તુ સાથે યથાયોગ્ય દ્રવ હોય તો સારી રીતે પચે

છે. ને ઘણું સુકું અન્ન ખાધું હોય તો તે પચતું નથી. પીંડ જેવું કરેલું તથા સારી રીતે ન પાકેલું પચતું નથી.

જેનાં અન્ન વસ્તો તસમાં અથવા પાચન સ્થાનમાં પીત રહે છે તેનું અન્ન અથવા બીજું કઇ ખાધેલું વિદાહ પામે છે. સુકું વિરૂદ્ધ, ને વિષ્ટંભી અન્ન અગ્નિ રોગ કરેછે. ઘણું પાણી પીવાથી, વિષમ ખાવાથી, સંધારણથી, ઉલટી રીતે સુવાથી, યથા કાળ સાત્મ્ય ને હલકું હોય તોપણ પચતું નથી. ઇર્ષા, ભય, ક્રોધ, લોભ, રોગ, દૈન્ય, ને દ્વેષયુકત પુરૂષે ખાધેલું અન્ન પચતું નથી.

અન્ન મધુર લાગે છે તે આમાજીર્ણ, ખાટું લાગે ને વિદગ્ધાજીર્ણ, થોડું પાકેલું તથા જેમાં શૂળ દુખારો ઘણો હોય તે સ્તંભી ને બધાઇ રહેલું અન્ન ને વાયુ વિરૂદ્ધ ચાલતો હોયતે વિષ્ટંભાજીર્ણ કહેવાય. ઘચરકા શુદ્ધ હોય પણ જમવાની રૂચી ન હોય ને છાતી ભારે હોય ને પ્રસેક હોય, આ રસ બાકી રહેવાથી ચોખું અજીર્ણ થાયછે. હવે શરીર આરોગ્ય રાખવા માટે હમેશાં કેવી રીતે વર્તવું તે તથા શું શું કર્મ કરવાં તે કહીએ.

આરોગ્ય ઇચ્છનાર સ્વસ્થ અને બુદ્ધિમાન પુરૂષે હમેશાં પરોઢીએ એટલે ચાર ઘડી રાત બાકી રહે ત્યારે ઉઠી મૂત્ર, પુરીશ છોડી બાર આંગળ લાંબું કનિષ્ટીકા આંગળીથી જરા પાતળું સીધું ગાંઠા વગરનું, ખાડા વગરનું, તાજું સારી જમીનમાં ઉપન્ન થાય તેવું રૂતુ દોષ, રસ, ને વિર્યને જોઇને વાપરવું. તે મધુર, કડવું, અથવા તીખું, તેમાં ઘણું કરી કડવામાં લીમડાનું અને તીખામાં કરંજનું ને બીજાં મધુર આદી કરવાં દાતણ કેવી જાતના ઝાડનું છે તે જાણ્યા વગર એકદમ ચાવવા મંડવું નહીં કારણ કે કેટલાંએક ઝેરી ઝાડ થાયછે કે તે ચાવવાથી માણસને ઝેર ચડે છે ને વખતે મરણ પામેછે. માટે તે બાબત તપાસ કરીને દાતણ કરવું. દાતણ સાથે સુંઠ, માલ કાંકણીનું ચર્ણ, સીંધાલુણ વગેરે મેળવી દાંત શુદ્ધ કરવા. એક એક દાંત કોમળ કુચાથી ને દાંત શુદ્ધ કરનાર ચૂર્ણથી દાંતના માંસને અડચણ થયા વગર ઘસવા. તે દૈર્ગંધ્ય કફનો નાશ કરેછે, તથા સફાઇ અન્નની અભિરૂચી તથા મન સ્વચ્છ રાખેછે. પણ ગળું, તાળવું, હોઠ ને જીભના રોગમાં દાતણ કરવું નહીં તેમજ મોઢું પાકયું હોય, શ્વાસ, ઉધરસ, હેડકી ને ઉલટીમાં પણ કરવું નહીં તથા દુર્બળ, જીર્ણ, મૂર્છાવાળો, શીરોરોગી, તરસ્યો, થાકેલો, પાકને અર્દીત કર્ણશૂળ ને દંત રોગીએ પણ દાતણ કરવું નહીં જીભને ઘસવા સારૂ રૂપાનું, સોનાનું

અથવા ઝાડનું કોમળ-દઢમળ મળ કાઢી નાખનારૂં જીવ્હાની લેખન (ઉલ ઉતારવાનું) રાખવું તેથી મુખની વિરસતા, દુર્ગંધતા, સોઝ્ન. તથા જીભનું જાડાપણું મટાડે છે, ને સુખ કરનાર છે, ને જો હમેશાં કે કોઇ કોઇવાર તેલથી કોગળા થતા હોય તો તેથી દાંત મજબૂત થાય છે તથા રૂચી લાવેછે.

આંખને આમળાના પાણીથી તથા થંડા પાણીથી છાંટી સાફધોવી તેથી સારી રીતે પ્રયત્ન પડયા વગર જોઇ શકાય છે, તથા આંખના રોગ થતા નથી. હીતકારક રસાંજન વગેરે આંખને તેજ આપનાર છે. માટે અંજન કરવું. જમીને, માથે નાહીને, મહેનત કરીને, ઉલટી અગર ભાર ઉપાડીને, ઉજાગરો કરીને, તાવ આવ્યા પછી, અંજન કરવું નહીં. ઘણી ઉજવળ વસ્તુ સામે એક ચિત્તથી ઘણીવાર સુધી જોવું નહીં. ગરમ પાણી માથે રેડી નહાવાથી આંખને ગેરફાયદો થાય છે માટે ગરમ પાણીએ નહાતી વખત માથે ઠંડુ પાણી રેડી શરીરે ઉનું રેડવું.

કપુર, જાયફળ, ધઉલા, લવંગ, તથા સોપારીનો ભૂકો, તેની સાથે નાગરવેલીનાં પાન ખાવાથી મુખની સફાઇ, સુગંધી. કાંતિ ને સૌષ્ઠવ તેમજ ઉત્સાહ વધે છે તથા હન્વટી ને સ્વરનામળને તથા જીવ્હેંદ્રિયને શુદ્ધ કરેછે પણ રકતપિત્ત, ક્ષતક્ષીણ, ઉષ્ણ, મૂર્છા, રૂક્ષ, દુર્બળ ને ક્ષય વાળાને તે સારાં નથી.

માથામાં તેલનું અભ્યંગ કરવાથી એટલે ચોળવાથી માથાનો રોગ નાશ પામેછે. કેશ કોમળ, લાંબા, ઘણા કાળા, ચીકાશવાળા, તથા મગજ ભરેલો રહેછે. તથા મોઢાની ચામડી સાફ રાખેછે. માથામાં તેલ ભરવાથી ઇંદ્રીઓ તૃપ્ત રહેછે એવાં માથામાં નાખવાનાં તેલ ઔષધોયુકત સુગંધી તેલ નાખવું ને કાંચકીથી ઓળવું. તેથી કેશવર્ધ, તથા ધૂળ, કીડા, મળ, તેનો નાશ થઇ શુદ્ધ રહેછે. કાનમાં તેલ પૂરવાથી હનવટી, ડોક, માથું, તથા કાનનાં શૂળ મટે છે માટે તેમ કરવું. શરીરે તેલ ચોળી નહાવાથી મૃદુતા થાયછે, કફ ને વાત વ્યાધીઓ મટાડે છે, ધાતુને પુષ્ટ કરેછે તથા સફાઇ, વર્ણ ને બળ વધે છે, સીંચન કરવાથી શ્રમ મટે છે, ભાંગેલા હાડ સાંધે છે.

જેમ ઝાડના મૂળમાં પાણી સીંચ્યાથી તેનાં અંકુર વધેછે તેમ તેલથી સીંચાએલા મનુષ્યની ધાતુ વધેછે. અને શીર્શના મોઢાના રૂવાડાંના કાણા ને ધમનીથી શરીરને તૃપ્ત કરેછે પણ તેમાં પ્રકૃતિ સાત્મ્ય દોષ, દેશ રૂતુ, ને વિકારથી જાણીને પછી તેવું કરવું. જો આમ દોષ હોય તો તેલ વાપરવું નહીં.

જ્વર અજીર્ણ જુલાબ ઉલટી વગેરે તેવા રોગોમાં તેલ ચોળ્યાથી તેને અસાધ્ય રોગો થાય છે માટે તે જોઇને વાપરવું સારૂં છે.

વ્યાયામ—જે કામથી શરીરને મહેનત પડેછે તેને વ્યાયામ એટલે કસરત કહેછે તે કરીને પછી શરીરને ચોળવું. તેથી શરીરની પુષ્ટિ, કાંતિ, ઇન્દ્રીઓનું છૂટાપણું, અગ્નિદીપ્તતા, અનાલસ, સ્થીરતા, લઘુતા, સફાઇ,શ્રમ, શીત ઉષ્ણ સહેવાથી ઘણી આરોગ્યતા થાય છે. જાડા માણસને પાતળો કરવામાં તેના જેવું બીજું કોઇ નથી. ને કસરતી માણસોને તેમનાશત્રુઓ બીકથી અડતા નથી તેમ તેને ઝટ વૃદ્ધપણું આવતું નથી ને માંસ સ્થીર થાયછે. કસરતથી ખુદાએલ શરીરવાળાથી ને પગે ફેરવાએલ શરીર વાળા પાસે જેમ સીંહ પાસે મૃગ તેમ તેની પાસે વ્યાધિ આવતા નથી તે વય, રૂપ, ગુણથી હીનને પણ શોભીતો કરેછે. હમેશ કસરત કરનારને વિરૂધ, કાચું, અથવા પાકું જે ખાધું હોય તે કંઇ પણ દોષ થયા વગર પચી જાયછે. બળવાન ને સ્નિગ્ધ ભોજન કરનાર પુરૂષને વ્યાયામ હમેશાં પથ્ય છે. તેમાં પણ શીત ને વસંત રૂતુમાં વધારે સારી છે.

બધી રૂતુમાં હમેશાં પોતાનું હીત ઇચ્છનાર પુરૂષે પોતાના અરધા બળથી કસરત કરવી, નહીંતો તેજ કસરત તેને મારી નાખે છે. કસરત કરતી વખતે હ્રદયમાં પોતાને ઠેકાણે રહેલો વાયુ જ્યારે મોઢામાં આવે ત્યારે અરધું બળ થયું જાણવું. વય, બળ, શરીર, દેશ, કાળ, ભોજન ઇત્યાદિ જોઇને કસરત કરવી, નહીં તો રોગ થાયછે. બહુ કરવાથી પણ તેમ થાયછે, રક્ત પીત્ત, ક્ષય, શ્વાસ, ઉધરસ, ભ્રમવાળો તથા હર્શ, સ્ત્રીમાં ક્ષીણ થયેલો ને જમેલા માણસે કસરત કરવી નહીં. જમેલો માણસ દોડે તો તેની વાંસે મૌત દોડે છે એમ જાણવું.

સ્નાન—નહાવું.—તેથી નિદ્રા, દાહ, શ્રમ, ચળ, સ્વેદ, તૃષા, મળ, તંદ્રી ને પાપનો નાશ કરેછે. બધી ઇંદ્રીઓને શુદ્ધ કરનાર તુષ્ટિ અને પુંસત્વ આપેછે. લોહી સાફ કરનાર ને અગ્નિ દીપન છે. ગરમ પાણીએ માથે નહાવાથી આંખને નુકસાન છે ને થંડે નહાવાથી ફાયદો છે. કફ અને વાયુનો કોપ હોય ત્યારે વ્યાધિનું બળાબળ જાણીને પછી ગરમ પાણીએ માથે નહાવામાં અડચણ નથી. શીયાળામાં ઘણા થંડા પાણીએ તથા ગ્રીષ્મ રૂતુમાં ગરમ પાણીએ નહાવું નહીં, કારણ કે તે તે રૂતુના તે તે દોષ કોપે છે. ઝાડો, તાવ, કર્ણશૂળ, વાયુના રોગો, આદમાન (પેટનું ચડવું) અરોચક અજીર્ણ ને જમ્યા

પછી તરત નહાવું એ નિંદિત છે. જેને નહાવાની ના કહી છે તેમણે પણ અનુલેપન કરવું.

સ્વચ્છતા, ફૂલ, સુવસ્ત્ર, ને રત્ન ધારણ, તેજ, સૌભાગ્ય, તે પ્રીતિ કરનાર છે, વધારનાર તથા રક્ષા દ્રઢ છે. મુખ લેપન કરવાથી પણ દ્રઢ આંખ, જાડા ગાલવાળું વ્યંગ ને પીડા વગરનુ શોભીતું કમળ જેવું મોઢું થાયછે. આખમાં અંજન કરવાથી તે પાંપણ વાળી, સ્વચ્છ, શોભીતી, મેલ વગરની ઉજવલ મંડવાળી નિર્મળ અને વિશાળ દ્રષ્ટિ વાળી, ઇતર જનના હ્રદયા ભાવ જાણી લેનારી, ને શુદ્ધ થાય છે.

આહાર—પ્રીતિ બળ, આયુષ્ય, તેજ ઉત્સાહ, સ્મૃતિ, કાંતિ, ને અગ્નિ વધારે છે તથા દેહને ધારણ કરનાર છે.

પગ ધોવાથી—પગના મેલ, રોગ, શ્રમ મટાડે છે ને આંખ સાફ રાખે છે.

પગે તેલ ચોળવાથી—ઉંઘ સારી આવેછે. તથા પ્રીતિ વધારે ને આળસ મટાડે છે ને પગની ચામડી કોમળ થાયછે.

જોડા—હમેશાં પહેરવાથી પગના રોગ તથા કાંટા, જીવ, જંતુ વગેરેથી બચી શકાય છે ને સુખેથી ચલાય છે. જોડા વગર રહેવાથી રોગ, આયુષ્ય ને આંખનો નાશ કરેછે.

મવાળા નખ ને રૂવાંડાં—કાઢી નાંખવાથી, પાપ દરિદ્રતા નાશ પામેછે, તથા હર્ષ, લઘુતા, સૌભાગ્ય ને ઉત્સાહ વધે છે.

પાઘડી—તે હલકી પહેરવાથી બાણ, વાયુ, તડકો, રજનો નાશ કરનાર, સફાઇ, વર્ણ, બળ, તેજ વધારનાર તથા કેશ વધારનાર છે. ભારે વજનમાં તેમજ મોટી પહેરે તો માથાને તથા આંખને નુકશાન પહોંચાડે છે.

છત્રી—વરસાદ, વાયુ, ધૂળ, તડકો, આદિથી બચાવે છે.

અપૂર્ણ.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિબંધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧...૦
શિરસ્તેદાર	૦—૫—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦...૬...૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શહી	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

ચોપડીઓનું લીસ્ટ.

	કીમત.		ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬	...	૦—૦—૬
નિબંધ રીતિ...	૦—૬—૦	...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮	...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો...	૦—૦—૮	...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮	...	૦—૦—૬
શંકર દિગ્વિજય મૂળ સહિત ભાષાંતર...	૪—૦—૦	...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦	...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬	...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦	...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦—૧૦—૦	...	૦—૧—૦

જાહેર ખબર.

निबंधरीति

(श्रीनवलरामलक्ष्मीरामकृत)

મહેરબાન ડિરેક્ટર આવ પબ્લિક ઇન્સ્ટ્રકશન સાહેબે આ ચોપડી નિશાળોમાં ઇનામ અને લાઇબ્રેરીને સારૂ મંજુર કરવાથી એની ત્રીજી આવૃત્તિ છપાયછે.

એની કીમત પહેલાંની પેઠે આના ૭ અને ટપાલ ખરચ અરધો આનો પછીથી મંગાવનારને પડશે, પણ આવતા મે આખર સુધીમાં એ બહાર પડશે ત્યાં લગીમાં અગાઉથી નાણાં મોકલશે, તેની પાસેથી ટપાલ ખર્ચ સાથે આના સાડાચાર લેવામાં આવશે, અને દશ નકલે એક નકલ કમિશન દાખલ મળશે.

સુરત, ખપાટીયા ચકલા
તા. ૧—૩—૮૯.

હરિલાલ વલ્લભરામ
માજી માનેજર, ગૂજરાત શાળાપત્ર.

શાળોપયોગી સહેલું ને સસતું દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. ફ્રિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચ આના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦મું. માહે મે સન ૧૮૮૫. અંક ૫મો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂ૧૫ઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. જીવને શીખામણ	૯૭
૨. સ્ત્રીનું શીયળ ભંગ કરવા સંબંધી હિંદુસ્તાનનો કાયદો	૯૮
૩. વાકેંદ્રિ (વાણી સ્થાનના અવયવો) વિષે	૧૦૩
૪. આરોગ્યતા લક્ષ્મિ સાધના	૧૦૯
૫. પુસ્કોની પહોંચ	૧૧૩

Subjects.	Page.
1. The Poem	97
2. The Indian law regarding the seduction of girls	98
3. Organ of speech	103
4. Health is the true wealth.	109
5. Acknowledgment of books	113

શાળોપયોગી સહેલું ને સસતું ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. બા. ફિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચ આના, પોસ્ટેજ ૬ પાઈ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે મે સન ૧૮૮૯. અંક ૫મો.

I. THE POEM.

૧. જીવને શીખામણ.

લલિત છંદ.

જરૂર જીવ તું જાગી જોયરે, તજતણું નહીં અંત કોયરે;
જગત આ બધું મોહ જાળ છે, શિરપરે મહા કાળ ફાળ છે. ૧.
વણસતાં નહીં વાર લાગશે, સકળ ધારણા ધૂળતો થશે,
ઉલટ ઊરની ઊરમાં રહે, જગતરાયની પાસ તું વહે. ૨.
કવણનાં કહો ભગ્નિ[1] ભ્રાતરે[2], કવણનાં કહો માત તાત[3] તે;
કવણનાં વળી મિત્ર પુત્ર છે, પુનિત[4] પત્નિ[5] તે કોણની કહે. ૩.
અખુટ સંપતી સંગમાં હશે, હુકમ જાંહગીરી જનમાં થશે;
વિવિધ જાતના વૈભવો થકી, અધિક ઓપતો તું હશે નકી. ૪.
અચળ અંતરે અંધ માનમાં, સબળ દ્રવ્યના દુષ્ટ તાન[6]માં;
તજી જવું કદા તે તમામ રે, વિરસ[7] દંભને આ દમામ તે. ૫.
પર હરી[8] જશે પ્રાણ જ્યાહરે, દહન દેહતો થાય ત્યાહરે;
વળી સ્મશાનમાં વાસ રે થશે, પુર પ્રચંડ[9] જ્યાં ખેલરે દિસે. ૬.
ખલક ખેલ આ ખાપ[10] રૂપ છે, મહત કષ્ટનો વિશ્વ કૂપ[11] છે;
દિપક હાથમાં તું ગ્રહી પડે, સુખદ સાર નેં અંતમાં જડે. ૭.
જળ જરૂર તેં મૂઠીરે ભરી, જન રહે નહીં હાથમાં જરી;

---

૧ બેન. ૨ ભાઇ. ૩ પિતા. ૪ પવિત્ર. ૫ સ્ત્રી. ૬ ધુન.
૭ રસ વગરતું. ૮ મૂકી. ૯ ભયંકર. ૧૦ સ્વપ્ન. ૧૧ કૂવો.

સમજ સુજ્ઞ તું સુવિચારથી, જરૂર ઊગરે મોહ જાળથી. ૮.
સત અસત્યને ખોળી કાઢજે, કુટીલ કાર્યથી દૂર ભાગજે;
કૃત અકૃત્ય તે ઇશરે જુએ, રજની દીન તે તો નહીં સુએ. ૯.
મન વિષે ધરે ક્રૂર કામના, જરૂર જાણવા માંહ શામના[૧૨];
ઉતર[૧૩] આપવો આકરો ખરો, ધરમ રાયનો ન્યાય ન્યારો. ૧૦.
જરૂર જૂઠ ને ચાલશે તહીં, રમત જૂઠની જાણજે અહીં;
સમજ સત્યના બેલી છે પ્રભો, નકી અસત્યથી ત્યાં નહીં નભો. ૧૧.
ચતુર ચેતીને ચિત્ત આજથી, પરમ પ્રીત તું જોડ નાથથી;
ઈશ અભિષ્ટ[૧૪] તો સૂખ આપશે, વળી કૃપા કરી કષ્ટ કાપશે. ૧૨.

વિ. શિવરામ વિ. લાલજી ત્રવાડી,
માણાવદર—સોરાષ્ટ્ર.

---

2. THE INDIAN LAW REGARDING THE SEDUCTION OF GIRLS.

૨. સ્ત્રીનું શીયળ ભંગ કરવા સંબંધી હિંદુસ્તાનનો કાયદો.

એ બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૬મી કલમમાં કહ્યું છે કે કોઇ સ્ત્રી દશ વરસની અંદરની ઉમરની હોય તેની સાથે તેનો પતિ, તે સ્ત્રીની સંમતિ કે વગર સંમતિએ સમાગમ કરેતો તેને જન્મ પર્યંત દેશ નિકાલ કરવામાં આવશે. અને ૩૭૫મી કલમમાં કહ્યુંછે કે જો કોઇ પતિ પોતાની સ્ત્રીની દશ વરસની ઉમર થયા પછી તે સ્ત્રીની અનુમતિ કે વગર અનુમતિએ સમાગમ કરેતો તેને કાંઇપણ સજા કરવામાં આવશે નહીં. અંગ્રેજી કાયદામાં આ બંને કલમ પ્રમાણે ગુન્હો ગણાયછે ને તેને જન્મ કેદની સજા ફરમાવી છે.

આપણા દેશમાં પણ ઇંગ્લાંડના કાયદા પ્રમાણે ગુન્હો ગણવાની જરૂર છે તે બાબત એક વિદ્વાન હિંદુ ગૃહસ્થે એક ચોપાનીયું કહાડી પોતાનો અભિ-

---

૧૨ પ્રભો. ૧૩ ઉત્તર. ૧૪ ઇચ્છેલું.

પ્રાય જણાવ્યો છે, તથા તે બાબત બીજા ગૃહસ્થોના અને ચોપાનીયાવાળાના અભિપ્રાય માગ્યા છે. તે ઉપરથી અમારો અભિપ્રાય પણ અમારા વાંચનારાની જાણ ખાતર આ નીચે પ્રગટ કરીએ છીએ.

કાયદા ઘડવામાં દેશના થોડા ભાગને લાગુ પડે અને ઘણાને લાગુ ન પડે તેવી બાબતો જોવામાં આવતી નથી. સર્વનું સામાન્ય હિત જોવામાં આવે છે. તે સાથે દેશ, કાળ, હવા, રીત રિવાજ, ધર્મ, લોકલાગણી, વગેરે ઉપર પણ વિચાર કરી કાયદા ઘડવામાં આવેછે. હિંદુસ્તાનમાં હિંદુ, મુસલમાન, પારસી, અંગ્રેજ, યાહુદી, યુરેઝીયન ઇત્યાદિ ભિન્ન ભિન્ન જાતિના લોકો વસેછે. પણ તેમાં વસ્તીનો ઘણુંકરીને સઘળો ભાગ હિંદુ ને મુસલમાનનો છે. બાકીના લોકની વસ્તી પ્રમાણમાં નહિ સરખી છે. તેથી કાયદા ઘડવામાં સર્વ લોકનું સામાન્ય હિત જોતાં કોઇ બાબત કોઇ અમુક કોમનેજ લાગુ પડતી હોય તો તે કોમને માટે ખાસ કાયદો ઘડવામાં આવે છે. હિંદુ મુસલમાનના વારસાના રિવાજ જૂદા હોવાથી બંનેના જૂદા કાયદા પ્રમાણે ઇનસાફ થાયછે. અંગ્રેજ પારસીના લગ્ન સંબંધી કાયદા જૂદા જૂદા છે. ચરોતરના લેઉવા કણબીઓના લગ્ન સંબંધી રિવાજના નિયમો સરકારે હમણાંજ મંજુર કર્યા છે વગેરે.

ઉપર કહેલી ૩૭૬મી કલમ આ દેશની હવા, સ્થિતિ, રીતરસમ વગેરે ઉપર વિચાર કરીને રચેલી છે. તેમાં એમ ઠરાવ્યું છે કે કોઇપણ સ્ત્રી દશ વરસની અંદર તેના પતિ સાથે ઘર માંડવા યોગ્ય થતી નથી અને ૩૭૫મી કલમમાં ઠરાવ્યું છે કે કોઇપણ સ્ત્રી દશ વરસની ઉમર થયા પછી પોતાના પતિ સાથે ઘર માંડવાને યોગ્ય થાયછે. હવે આ બે કલમોમાં ફેરફાર કરી પતિ સાથે ઘર માંડવાની ઉમર વધારવી જરૂરની છે કે નહીં તે ઉપર આપણે વિચાર ચલાવીએ.

ઈંગ્લાંડ દેશ થંડો છે અને આ દેશ ગરમ છે. ઈંગ્લાંડની સ્ત્રીઓ વીશ વરસ પહેલાં કવચિતજ પરણે છે અને તેમને રજસ્વળા પણ તે પહેલાં ભાગ્યેજ આવે છે. આપણો દેશ ગરમ છે, તેથી તેમને ઋતુ પ્રાપ્તિ જલદીથી થાય છે. આપણા શાસ્ત્રમાં રજસ્વળા થતા પહેલાં કન્યાને પરણાવવીજ જોઇએ એવું ફરમાન છે. ગામડામાં રૂતુપ્રાપ્તિ ઘણુંકરીને પંદર વરસની વયે આવેછે અને શહેરમાં ઘણુંકરીને દશ વરસની વયે આવેછે ગામડામાં ખુલ્લી હવા ને કસરત એ બે કારણથી રૂતુપ્રાપ્ત મોડી થાયછે અને શહેરમાં એ બેની ગેરહાજરીથી તે વહેલી થાય છે. એ વગર પણ શહેરમાં ઋતુપ્રાપ્તિ વહેલી થવાનાં બીજાં

કેટલાંક કારણો છે. વરકન્યા વહેલાં વહેલાં પરણાવી લાવો લેવાની ને દીકરીને જલદીથી સંસાર મંડાવી છોકરાંવાળી થએલી જોવાની ઇચ્છા ગામડા કરતાં શહેરમાં વધારે પ્રબળ હોયછે. તેથી ગામડામાં કન્યા કેટલાક અપવાદ જતાં શહેર કરતાં મોટી ઉમરે પરણાવવામાં આવે છે. અને તેથી ગામડા કરતાં શહેરવાળી જલદી સંસાર માંડી છોકરાંવાળી થાયછે. મારા જોવા સાંભળવામાં એવા પણ કેટલાક દાખલા આવેલાછે કે અગીઆર વરસની ઉમર થતાં પહેલાં સ્ત્રી છોકરાંવાળી થએલી.

ઇગ્લાંડ કે બીજા દેશોમાં અને આપણા દેશમાં પણ કેટલાક વર્ગમાં સ્ત્રી છોકરાં મૂક્યા વગર મરી જવાથી, અગર હયાત છતાં છોકરાં ન થવાથી મોટી ઉમરની વિધવા સાથે કે કોઇ સ્ત્રીના છુટા છેડા મેળવી તેની સાથે તેઓ સંસાર માંડેછે. બ્રાહ્મણ વાણિઆ ને પાટીદારની જાતિમાં તેમ થતું નથી. તેમને તો બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું પડેછે. એ નવી સ્ત્રી મોટી ઉમરની મળતી નથી, તેથી છોકરાં મેળવી, પોતાનો વારસ કરવા, ને પોતાના પીંડ મૂકાવવા (શાસ્ત્રમાં અપુત્રવાળો અવગતિ પામે એવું હોવાથી) નાની ઉમરની સ્ત્રી સાથે લગ્ન કરે છે, અને પોતાની ઉમર મોટી હોવાથી તથા વારસ થતા પહેલાં કદાચ મરી જવાશે એવા ડરથી તે બાળક સ્ત્રી સાથેજ સંસાર માંડેછે. આવા દાખલા કાંઇ થોડા બનતા નથી. દરેક ઠેકાણે દર વરસે એકાદ બે દાખલા બન્યાજ કરેછે.

ઉપર પ્રમાણે પતિ સમાગમની ઉમર વધારવામાં આવે તો અંગ્રેજ, પારસી ને યુરેઝિયન કે જેઓ પોતાની દીકરીઓને મોટી ઉમરે પરણાવે છે કે સ્વયવરે પરણે છે તેમને તો કાંઇપણ હરકત પડવાની નથી. પણ હિંદુ મુસલમાનને તો હરકત પડવાનીજ. એ કલમ દાખલ થતા પહેલાં લોકોના રીત રીવાજ ને લાગણી બદલાવાં જોઇએ. તે થયા વગર તેમને બહુ નુકશાન થવાનું ને તેમનાં દીલ દુભાવાનાં. મને હિંદુ સંસાર મંડળનો અનુભવ છે. એમાં મોટા વિદ્વાનો મોટા હોદ્દા ધરાવનારા પુત્ર ન હોવાથી બાળક સ્ત્રી સાથે સંસાર માંડવાની લાલચમાં પડેલા મેં ઘણા જોયા સાંભળ્યાછે. એક માણસના વિચાર ગમે તેવા હોય, પણ તે આખા મંડળના વિચાર ગણાયજ નહિ. એકના કે થોડાના વિચાર બદલાયાથી આખા મંડળના વિચાર બદલાયા મનાયજ નહિ. અને તેથી તે થોડાના વિચારને અનુસરી કાયદા ઘડવાની મોટી ભૂલ કરવાની સરકાર પાસે માગણી થાય પણ નહિ, અને સરકાર તેવી ભૂલ કરે તો તે વાજબી પણ નહિ.

સરકાર પાસે તેવી માગણી કરતા પહેલાં આપણી સંસાર બંધારણમાં ફેરફાર કરવો જોઇએ. હિંદુ સંસારનો મૂળ પાયો જાતિ બંધન ઉપર છે. એ જાતિ બંધન જ્યાં સૂધી તૂટે નહિ ત્યાં સુધી હિંદુ સંસાર સુધારણા થાય નહિ. એ બંધન તૂટવુંજ અશક્ય છે એટલુંજ નહિ પણ લાંબો વિચાર કરતાં તે તોડવાની જરૂર નથી અને તોડવાથી લાભ કરતાં નુકશાન વધારે જણાય છે. અને તેથી તે તોડવાની અમે હિમાયત પણ કરતા નથી.

હવે લગ્ન સંબંધી વિચાર ઉપર આવીએ. આ દેશમાં હિંદુ મુસલમાનમાં મૂખ્યત્વે અગીઆર વરસની અંદર પરણાવવામાં આવે છે. અને તેજ અરસામાં મૂખ્યત્વે તેઓ ધણી ધણીઆણી તરીકે પણ રહેછે. જેઓ પાકી ઉમરે પરણે છે તેઓ પુત્ર પ્રાપ્તિ જલદી થવાને જલદીથી સંસાર માંડે છે, કિંવા પોતાનાં છોકરાં જલદીથી છોકરાંવાળાં થએલાં જોવાની ઇચ્છાવાળાં પોતાનાં છોકરાંને જલદીથી સંસાર મંડાવે છે. આ છેલ્લો વર્ગ ગામડા કરતાં શહેરમાં ને દક્ષિણ કરતાં ગૂજરાતમાં વધારે છે. દક્ષિણના બ્રાહ્મણો તો પોતાની પુત્રીને રજસ્વળા પ્રાપ્ત થયા સિવાય સંસાર માંડવા દેતાજ નથી. અમે આ વિચારને મળતા આવીએ છીએ, કેમકે તે પ્રમાણે હિંદુ ધર્મશાસ્ત્રનું ફરમાન છે, એટલુંજ નહિ પણ હાલના સઘળા સમજુ પુરૂષો તે વાત માન્ય કરે એવી પણ છે. જો લગ્નની ઉમર અગીઆરની અને સંસાર માંડવાની ઉમર રૂતુપ્રાપ્તિ સૂધીની રાખે તો તે વિચારને અમે મળતા આવીશું. કેમકે તે પ્રમાણે કરવામાં કોઇ રીતે શાસ્ત્રનો બાધ નડતો નથી અને તે ઘણુંકરીને લોક લાગણી અને રીતરીવાજથી પણ ઉલટું નથી. બાળલગ્નથી બહુ નુકશાન થાય છે, તેથી દેશ દૈવત વગરનો કે નિર્માલ્ય થાય છે, અને એ વગર ઘણાં નુકશાન થાય છે તે આપણે કબુલ કરીશું પણ તેથી આપણી રીતો બંધ કરી આપણી બાળકીઓ માબાપની પરવાનગી વગર યુરોપિયન રીવાજ પ્રમાણે પરણી આપણામાં લગ્નની યુરોપિયન રીત દાખલ થઇ તેની સાથે તેની બદીઓ પણ દાખલ થએલી જોવાને અમે કદી ખુશી થઇશું નહીં.

પણ એ વાત પડતી મૂકી પતિ પત્નિના સમાગમની ઉમર વધારવા બાબત કાયદાની મદદ માગવી જરૂરની છે કે નહિ તે ઉપર ચાલીએ પાત પત્નિના સમાગમની હદ રૂતુપ્રાપ્તિ સૂધીની હોવી જોઇએ એવો અમારો અભિપ્રાય છે તે અમે ઉપર જણાવ્યુંજ છે, તોપણ તે માટે આપણે કાયદાની કે સરકારની સહાય માગવી એ વિચાર અમે પસંદ કરતા નથી. આપણામાં

સમજ ન હોય, કિંવા આપણાથી બને એવું ન હોય તે દરેક સંસારી બાબતમાં સરકારની કે કાયદાની મદદ માગવી એ આપણીજ હલકાઇ કે નિર્માલ્યપણું બતાવે છે. આપણે પારકાના દોરાયા દોરવાયાથી આપણે પારકાપર આધાર રાખનારા બનીએ છીએ. આપણામાંથી સ્વાશ્રય બળ જતું રહેછે. માટે જે કામ આપણાથી મોડું કે વ્હેલું થોડું કે ઘણું બને એવું હોય તે કામમાં કાયદો આડે લાવવાની માગણી કરવી, એ અમે નાપસંદ કરીએ છીએ. જે બાળક દરેક વખતે માબાપની બાંધે બેશીને જાયછે તે કોઇ દિવસ ચાલતાં શીખવાનું નહિ. તેણે ચાલણ ગાડીથી, ભાંખોડીઆં મારીને પણ પોતે ચાલવાનો યત્ન કરવોજ જોઇએ છીએ, અને ત્યારેજ તે ચાલતાં શીખેછે. તેજ પ્રમાણે આ સંસાર સાગરમાં આપણે આગળ ચાલવાને આપણી મેળેજ ભાંખોડીઆં મારવાં કે આપણે સ્વાશ્રયી થઇ શકીએ. એ બાબતમાં સરકારને વચે નાંખવાની કાંઇજ જરૂર નથી. આ રીવાજને શાસ્ત્રનો બાધ નથી અને સઘળા સમજુ પુરૂષો કબુલ કરે એવો છે. દક્ષિણીમાં તો તે પ્રમાણે ચાલેજ છે. તો હવે ગુજરાતમાં કેટલાક બ્રાહ્મણ વાણિઆ કે જેમાંના ઘણા સમજુઓ તે ધારો પોતાની મેળે પસંદ કરી વગર કાયદે અમલમાં લાવેજછે. અને થોડાજ નહિ લાવતા હોય તેમને માટે કાયદો કરાવવા માગણી કરવી એ અમે પસંદ કરતા નથી. પારસી, યુરોપયન, યુરેઝિયન વગેરેતો મોટીજ ઉમરે ઘણે ભાગે પરણાવે છે. ત્યાં પતિ સમાગમ મોટી ઉમરેજ થાય છે. એટલે તેમને કાયદાની જરૂર છેજ નહિ.

ચરોતરના લેઉવા પાટીદારને લાગુ પડતા હાલમાં સરકારે લગ્નનાં ખર્ચ ઘટાડવા માટે કેટલાક ધારા બહાર પાડયાછે. એ ધારા એ વર્ગને લાભકારીછે. એવાજ લાભકારી ધારા થોડીક મુદત ઉપર સુરત જીલ્લાના અનાવળા દેશાઇએએ પોતેજ કર્યા છે. આ બે વર્ગમાં અમે દેશાઇઓને વધારે શાબાશી આપીએ છીએ. તેમના આગેવાનોને વધારે વખાણીએ છીએ. જ્યારે પાટીદારો પારકાના આશ્રયથી સુધરશે ત્યારે દેશાઇઓ પોતાનીજ મેળે સુધરશે. તેથી પરાધીન કરતાં સ્વાશ્રયી વધારે સ્તુતિને પાત્ર છે. એવા સ્વાશ્રયીજ થવું એ આપણું કર્તવ્ય છે. અને તેજ માટે અમે આપણી સંસાર સુધારણામાં સરકારનો હાથ નાપસંદ કરીએ છીએ.

છેક ઢીંગલા ઢીંગલી પરણાવતાં હોય એવી નાતો હવે ઘણુંકરીને કોઇજ નથી. નવ કે અગીઆર વરસની ઉમરની કન્યા પરણાવવાનો રિવાજ

ઘણુંકરીને સઘળે દાખલ થયો છે. એ નવને બદલે અગીઆરની ઉંમરે પરણાવે એ ઇચ્છવા યોગ્ય છે, અને તેમ પણ ઘણા સમજુ કરે જ છે. તેથી પતિ સમાગમની ઉમર અગીઆર પછીથીજ થવાની. એ હદ રજસ્વળા થયા પછીની રાખે, એટલે માબાપ પોતાની દીકરી રજસ્વળા થયા પછીજ સાસરે વળાવે એવો જેમને જરૂર છે તે નાતોના આગેવાનો ઠરાવ કરે એટલુંજ કામ બાકી રહેછે. ગુજરાતની કેટલાક બ્રાહ્મણ વાણિઆની નાતોમાં એવા ઠરાવની જરૂર છે. એ નાતોમાં આ વિચાર સ્વીકારનારા કાંઇ ઓછા નહિ હોય, તો તેમણે એ વિચાર અમલમાં લાવવાને પોતાની નાતના આગેવાનોને ઉશ્કેરવા એટલુંજ કામ બાકી રહેછે, તેટલા માટે સઘળા હિંદુઓને બાળક ઠરાવી કાયદો કરવા સરકાર પાસે માગણી કરવી, એ વિચાર અમે તદ્દન નાપસંદ કરીએ છીએ. એટલું ખરૂં છે કે એ બાબત નવો કાયદો કરવાનો નથી. જે છે તે કલમોમાં ફેરફાર કરવાનો છે, પણ તે શા માટે કરવું? જે કામ આપણાથી બને એવું છે, તે માટે પરાધીન શા માટે થવું? લોક સ્વાશ્રયી થાય તેવો ઉપાય કેમ નહિ કરવો? સરકારને જાગૃત કરવાને બદલે લોક લાગણી જાગૃત કરવાને મેહેનત કેમ ન કરવી? આ કામ કાંઇ મોટું નથી. બને એવું છે. થોડું થોડું પણ આપ બળથી કરવાથી મહાભારત કામ થાય છે. સઘળાએ યાદ રાખવું કે કોઇપણ કામમાં પારકાપર આશા રાખવા કરતાં "આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ" ને તેમાંજ દેશનું કલ્યાણ છે. એથી આપણા સુધારાવાળા એ રસ્તે દોરવાય એવી અમારી અંતઃકરણની ઇચ્છા છે તે પ્રભુ સફળ કરો. તથાસ્તુ.

---

3. ORGAN OF SPEECH.

૩. વાકેંદ્રિય (વાણી સ્થાનના અવયવો) વિષે.

આ ઇંદ્રિનો યોજન વ્યાપાર એ વાણી છે. તાળમાં ગાવું એ, આનો વિષય છે; એમ કેટલાકનો મત છે. પણ, તેમાં સંશય છે; કેમજે, એ તાળનો માએનો પોતે જાણવાને સમર્થ નથી, પણ, તે વિષય કર્ણેંદ્રિ જાણેછે. જોકે, મનુષ્યો ઘણીવાર પોતાની મેળેજ, મોટા ઉલાસે ગાવામાં લાગેછે; પણ, તે સંબંધી વિષય લાગણી, એ કાનના જાણવામાં આવવાથીજ શરૂ થએલી હોય

છે. તેથી વ્યાજબી રીતે તેને એ વાકેંદ્રિનો વિષય ન કહીએ તો ચાલે. આના વડે મન સંબંધી વિચાર વાણી રૂપે, અન્યને દર્શાવી શકાય છે; અને તેમજ પવનની સહાય વડે પોતાની કર્ણેંદ્રિથી જાણેછે. આ વાણી રૂપમાં મનના વિચાર તે જ્યાં સુધી વાણી ચિન્હ (અક્ષરો)માં ગોઠવાએલ નથી; ત્યાં સુધી, આગલા મનુષ્યો કર્ણેંદ્રિ શિવાય અન્ય રીતે તે ઉચરેલો શબ્દ જાણવાને શક્તિ ધરાવી શકતા નથી. તેનો માએનો બહેરાંઓને સંભળાઇ ન શકવાથી યથાર્થ રીતે માલુમ હોયછે, જોકે, અન્ય શમસ્યાઓથી કહી શકાય; પણ, તે માએનાનું પૂર્ણ વિવેચન આપી શકવાના નહિ. અને તે વાકેંદ્રના ઉચાર વાણી ચિન્હમાં ગોઠવાય તો, તે પછી એ ચિન્હો મોઢેથી; ફરીને, એ પ્રમાણે વાકેંદ્રિ વડે ઉચરીને, પોતે પોતાના કાનથી સાંભળીએ છીએ ને અન્યને સંભળાવીએ છીએ. આપણે, તે લખેલું એમ વાંચી પોતે ન સાંભળતાં મનમાંજ વાકેંદ્રિના અનુભવ જ્ઞાનથી વાંચીને મન વડેજ નેત્રથી સમજી લઇએ તો, તે અવલોકન કરી લેવા ફક્ત નેત્ર ઇંદ્રિનોજ ખપ પડેછે, પણ, તે લખવું એમાં પ્રથમ કર્ણેંદ્રિની સહાયનો ખપ છે. એક એવો શોધ જાણીતો છે કે નેત્રેંદ્રિ ન હોય તોપણ તે વાણી ચિન્હનું જ્ઞાન સ્પર્શ ઇંદ્રિયથી, આંગળીઓના ટેરવાં વડે કાગળ આદિમાં ઉપાડેલા અક્ષરોના જે બિબાં હોયછે; તેનાથી જાણી શકાય છે. તેમજ દરેક પદાર્થ ઉપર તેના નામનાં વાણી ચિન્હો હોવાથી, તે ઉપર હાથ ફેરવતાં, તેનું નામ આ ચિન્હોથી જે છે; તે એ ધાણી હાથ બેઠા પછી, એ પદાર્થના ચિન્હોની એધાણી તે, નિરાળી, કાગળ ઉપર ખીબાંથી; દાબવા, ઉઠાવેલ હોય તો, તે ઉપર હાથ ફેરવી મુંગો, બહેરો ને આંધળો એવો અસમર્થ મનુષ્ય પણ, તે વિષેનું પોતાના સ્પર્શ જ્ઞાનથી જાણી શકે છે. પરંતુ, આ વાકેંદ્રિની પેઠે પૂર્ણપણે અને શિઘ્ર રીતે અર્થ સરી શકતો નથી. આ મનો જ્ઞાનની શક્તિનું સામર્થ્ય જાણવાનુ એ અપંગને કાંઇ પ્રકારે અચ્છો ઉપાય છે. આ ઉદાહરણ, હાલ ઇંગ્લાંડમાં શિક્ષણના યોગથી, તેવાઓમાં જોવામાં આવેછે. આમ જોતાં મનો ઇચ્છા દર્શાવવા વાકેંદ્ર, એ આપણને યોજના શક્તિનું વિશેષ સાધન આપેલું છે. તોપણ, એ પછી અન્ય યોજન અવયવો ને સ્પર્શેંદ્રિ વડે તેનો માએનો મેળવવામાં આવેછે. આ વાકેંદ્રરૂપ સાધન; એ, કર્ણેંદ્રિને પૂરૂં પડે એમ કરેલ છે. આપણે પ્રથમ ભાગમાં કર્ણેંદ્રિના વિષયમાં લખતાં; નાદની ઉત્પત્તિ, ને તે સંબંધી નિયમ તેનું વર્ણન કરેલું છે. અને વાચા શક્તિથી, જે નાના વિધાન નાદ ઉત્પન્ન થાયછે;

અને, તે કાનના યોગથી સાંભળવામાં આવેછે. તેની સમજ અનુક્રમે અહીં આપીએ છીએ. વાચા ઇંદ્રિ ને કાન, એનો પરસ્પર ઘણોજ નિકટ સંબંધ છે; કાને સાંભળવાના સામર્થ્ય વિના બોલવાની શકિત એ કાંઇજ ઉપયોગી નથી. પણ, જ્યારે બેઉ છે તોજ આપણે આપણો વિચાર એક બીજાઓને ઘણીજ સહેલી રીતે દરશાવી શકીએ છીએ.

હવા એ, વાકેંદ્રિના શબ્દોને કર્ણેંદ્રિ તરફ પહોચતાં કરવાનું સાધન છે,—પરમેશ્વરે કાન ને વાચા શકિતનો સંબધ જોડેલો છે, એટલુંજ માત્ર નથી; પણ, જે હવાનો આપણે શ્વાસોશ્વાસ લઈએ છીએ, તે શબ્દોને લેઇ જનાર સાધન છે. આ હવાના યોગથી અનેક જૂદાં જૂદાં કામો બનવાં; એ ખરેખરી ચમત્કારિક વાત છે. તેના યોગથી ઉષ્ણતાનું માન સમરાશ રહેછે, તેનાથી વાદળાં ને વરસાદ થાયછે, તેનામાં મહન ફેરફાર થઇ પવન (વાયરો) પેદા થાયછે, તેમાંથી તેજનો પ્રસાર થાયછે. વનસ્પતિ ને જનાવરોની વૃદ્ધમાં પણ એ સહાયભૂત છે; એ સર્વ કરતાં તેના વડે બુદ્ધિમાન પ્રાણીને એકબીજા સાથે બોલ ચાલના સંબંધથી વર્તન રાખવામાં આવેછે. એ સર્વ કામનો મનોવ્યાપાર થવા માટે; હવામાં અનેક પ્રકારનું ચલન વલન થવાની અગત્ય છે; તથાપિ, તે ચલનવલનથી પરસ્પરના કામોમાં કાંઇ પ્રતિબંધ થતો નથી. તે વડે આપણે શુદ્ધતાથી ને પૂર્ણપણે બોલાય સંભળાય છે. હવા એટલાજ કામ સારૂ માત્ર કરેલી હોત તો, તે છે તે કરતાં ઉત્કૃષ્ટ થએલ ન હત. હવાથી જે અનેક કામો બને છે, તેમાંથી કોઇપણ એક વિષે વિચાર કર્યો તો, તેમજ કહેવામાં આવે; જે હવા તેજ સારૂ કરેલ છે. હવાનો ને વાચા શકિતનો પરસ્પર એક બીજા સાથે એટલો સરસ મેળ બેસારેલ છે કે, આપણું બોલવું બીજાને સાંભળી લેવાને કાંઇ બીજાં ઉપાય કરવાનો શ્રમ લેવો પડતો નથી. હવામાં હાલ જે ગ્યાસ (વાયુ) છે; તેનાથી જૂદા હોય અથવા તેજ ગ્યાસ નોખા પ્રમાણથી મિશ્ર કરેલા હોય, તો એમ થવા સંભવ થતો નથી. વાચા શકિત, હવા ને કાન એ ત્રણ નોખનોખા યંત્રની પેઠે હઇને તે સર્વનું કામ એકાદા યંત્રના અનેક ચક્ર પ્રમાણે, એકત્ર મળીને અનુક્રમ રીતિએ થાય; એમ યોજના કરેલી છે, એ ઉપરથી ઇશ્વરનું મોટું ચાતુર્ય માલુમ પડેછે.

વાકેંદ્રિયનું સ્થાન અને તેને સહાયક અન્ય અવયવો આદિ.—કૃક (લેરિંકસ) જેને આપણે ગૂજરાતી ભાષામાં ગળાનો કાકડો કહીએ

છીએ; એ વાણીની વિશેષ ઈંદ્રિ છે. પરંતુ, તેનાથી પોતાનું કાર્ય કરવા સારૂ; શરીરમાંની બીજી પણ કેટલીક ઈંદ્રિઓ સહાય કરેછે. ફેફસાં શ્વાસ નળીમાંથી હવાનો પુરાવો કરાવે છે, અને તે ઉપર કૃકનો વ્યાપાર થઇને અવાજ ઉત્પન્ન થાયછે. પેટનો ઉપરનો પડદો અને પેટના સ્નાયુ એની સહાયથી ફેફસામાથી હવા જોઇએ તેટલા જોર વડે બહાર કાઢવામાં આવેછે. તે એવી રીતે કે, જેવી જેવી અગત્ય હોયછે; તે. તે પ્રમાણે અવાજ મોટો અથવા હલકો નીકળે. સારંગીના પોલા ભાગ વડે તેનો અવાજ યથાર્થ નીકળે છે; તે પ્રમાણે સપ્તથ (ફેરિંકસ)ને કપાળના હાડકાની પોલ એનાથી આપણી કંઠધ્વનિ પણ ગાજે છે. મસ્તકમાં ભારે સરદી (સળેખમ) આદિ કારણથી જો કપાળના હાડકાની પોલ તરફનો માર્ગ બંધ થયો, તો, સ્વર ઘણોજ બદલાય છે, અને બોલવામાં ઘણુંજ કઠણ પડેછે, નસકોરાંનો પણ સપ્તથ સાથે સંબંધ છે, અને અવાજ પૂર્ણપણે નીકળવા માટે, તેમાંનો માર્ગ મોકળો હોવાની અગત્ય છે મૂખની ખાંચ, જીભ, દાંત ને હોઠ એ સર્વ તરફથી બોલવામાં વિશેષ સહાય મળેછે. એટલે અવાજ ઉત્પન્ન કરવામાં નહિ પણ, તેના ઉચ્ચારમાં ફેરફાર કરવામાં તે ઉપયોગી થાય છે અને અવાજનાં જૂદે જૂદાં રૂપાંતરો દર્શાવે છે.

કૃક અથવા ગળાનો ઘાંટો (લેરંકસ).—આ ઈંદ્રિય શ્વાસ નળીના દ્વારમાં ને જીભના પછવાડાના થડમાં નીચે છે. ગળા આગળ જે બહાર આપણને હરડીયો છે; તેનેજ, ઘાંટો કહેછે. આ કૃકની રચના બહુ ગુંચવણ ભરેલી છે. જૂદે જૂદા આકારના અનેક કુર્ચા પરસ્પર એવી રીતે જોડાએલા છે કે, તેના યોગથી એક ગોપુચ્છાકાર નળી થએલી છે. બીજા તેમાં કંઠ ધ્વનિના રજ્જુ, એવાં બે પ્રકારનાં સંધી બંધનો છે. તે એવા ગોઠવાએલા છે કે, તેનો વ્યાપાર વાદ્યમાંની નળી મુજબ બનેછે. તેમજ તેમાં બહુજ નાજુક સ્નાયુ છે. એ સ્નાયુઓનું કામ એવું છે કે, જેણે કરીને નોખનોખા પ્રકારના અવાજ કાઢવામાં આવે, અને તેમાં ફેરફાર કરી શકાય. ઈંદ્રિયોના વિષે ઉત્પન્ન કરવા તે કુર્ચા એવી રીતિથી મોકળાશે બેસારેલ છે કે, તે બહુ મજબુત છતાં પણ અવાજની ગરજ પ્રમાણે તેનું ચલનવલન મોકળાપણાથી થાયછે. કંઠ ધ્વનિના રજ્જુ, આ કૃકની અંદરની ખાંચ ઉપર એક એક બાજુએ; બે, એ પ્રમાણે, આગળ પાછળ સૂધી આડા બેસારેલ છે. તેનામાં સ્થિતિસ્થાપક જાળીઓ ઘડયો હોઇને કફ આદિ મળોત્પાદક ત્વચાએ, તે મઢેલ છે, તેમાં મુખ્ય ઉપરની

ધડયો, પ્રત્યેક બાજુએ એક હઇને બંધ છે, ને અવાજ ઉત્પન્ન કરવામાં તેની અગત્ય નથી. નીચેની ધડયો એ બહુ નરમ હઇને તેનો ઉપયોગ બોલવાના કામમાં થાયછે. જે જે પ્રકારના અવાજ આપણને જોઇએ તે તે પ્રમાણે નાજુક સ્નાયુના યોગ વડે તે ધડયો ઢીલી અગર અકડ થાયછે, તેના મધ્યનું છિદ્ર સાંકડું અથવા પહોળું થાયછે.

શ્વાસ નળી ઉપરનો પડદો.—ફૂક ને શ્વાસ નળી, એના દ્વાર ઉપર 'એપિગ્લારિસ', એનામનો પડદો છે. તે પર પત્રના આકારની કુચા છે. અને સ્થિતિસ્થાપક ને સહજ લપટવા જોગ હઈને તે છિદ્ર ઉપર બરોબર બેસે છે. ફેફસા તરફ પવન જવા આવવાને તે મોકળો માર્ગ દેછે. અન્ન ગળવાનું કામ ચાલતું છતાં, જો તે અન્ન, તે છિદ્ર ઉપર જાયછે; તો, તેનો કણ અથવા બીજો કાંઇપણ બહારનો પદાર્થ અંદર જવાની બંધી કરવી; એ, તે પડદાનું કામ છે. જો અન્નનો જરા લેશ ફૂક ને શ્વાસ નળી, એમાં અકસ્માત જાય તો; આ ઇંદ્રિની બાજુની કફાદિ મજ્જોત્પાદક એટલી સચેતન છે કે નિયમિત શ્વાસોશ્વાસ તુર્તજ બંધ થાયછે; અને તે પદાર્થને બહાર કાઢવાના પ્રયત્ન કરવાથી, મોટા જોરથી ઉધરસ આવેછે. એ નળીના ઢાંકણ નીચેનો અવયવ, પોતાનું કામ એટલું અચૂક રીતિથી કરેછે કે, એ જોઇ આશ્ચર્ય જણાય છે. આપણે ખાવામાં, પીવામાં, અથવા થુંક ગળતાં, ગળવાનું કાર્ય સેંકડો વખત બને છે; તોપણ, તે પાધરે પટે ચાલે છે, તેથી કોઇનો પણ શ્વાસ અટકયો (અંતરાંશગયું), એમ કયારેકજ સાંભળવામાં આવેછે.

વાકેંદ્રિય અવયવોથી શબ્દની ઉત્પત્તિ.—નિરંતર નિયમિત શાંતપણે શ્વાસોશ્વાસ લેવાથી ફૂકમાં શબ્દ ઉત્પન્ન થતો નથી; પણ, આપણી ઇચ્છા મુજબ કંઠ ધ્વનિના રજ્જુ (તાર) એકત્ર થઇને બહુજ તંગ તણાય છે, અને શ્વાસ જોરથી બહાર ફેંકવામાં આવેછે, ત્યારે માત્ર ખરા નાદ યુક્ત સ્વર ઉત્પન્ન થાયછે. શબ્દ કાઢતાં, શબ્દ ધ્વનિની રજ્જુના મધ્યના અંતરની ચિર (ફાટ) જરા રહેછે, તે એવી રીતે કે કોઇ કોઇ વાર ઇંચના ૧/૧૦૦-ભાગ કરતાં પણ, અધિક પહોળાઇ હોતી નથી. અને શ્વાસથી નીકળનાર હવાના લોઢ તેમાંથી જોરભેર બહાર પડવા મંડે છે; ત્યારે, તેણે કરીને વાદ્યના તારની પેઠે, તે રજ્જુ તાર તુ-તંનાદ કરેછે. એ પ્રમાણે શબ્દ ઉત્પન્ન થઇને, અનેક પ્રકારના ને તાણીને સ્વર નીકળે છે. ફેફસામાંની હવા બહાર કાઢવા જેમ જેમ વધુઘટુ જોર થાયછે; તે, તે પ્રમાણે ઘણું કરીને શબ્દ નાનો મોટો કે

ભારે હળવો થાયછે. જ્યારે તે શબ્દ ઉંચો ને તીણો હોય છે; ત્યારે, વચેના અંતરની લંબાઇ પહોળાઇ કમી હોયછે. પણ જ્યારે, સ્વર નીચો ને હલકો હોયછે; ત્યારે, તે અંતરની લંબાઇ પહોળાઇ અધિક હઇને નાદની લહેરો તેટલીજ વખતમાં કમી થાય છે.!

શબ્દનો સ્પષ્ટ ઉચ્ચાર.—બોલવામાં જે સ્પષ્ટ શબ્દ નીકળે છે તે ફૂકના વડે નહિ પણ તે ઇંન્દ્રિના ઉપર હવાનો જે માર્ગ છે તેની આકૃતિમાં ફેરફાર થઇને તે ઉત્પન્ન થાયછે. જીભ, દાંત ને હોઠ એ સ્પષ્ટ ઉચ્ચાર થવાને સહાય કરનાર મુખ્ય ઇંદ્રિય અવયવો છે. હવાના લોઢ એ ગળું ને મોઢું એમાંથી જતાં જે અનેક રૂપાંતરો તેનામાં થાય છે, તેણે કરીને ઘણું કરી સ્પષ્ટ નાદ ઉત્પન્ન થાયછે. આ નાદના સ્વર ને વ્યંજન એવા બે પ્રકાર કરેલા છે. સ્વરનો ઉચ્ચાર ફૂકના યોગ વડે થાયછે. સ્વરનો ઉચ્ચાર કરવામાં મોઢાના ઇંદ્રિય અવયવોની જેવી સ્થિતિ હોય તે પ્રકારનો સ્વર બોલી શકાય છે. ઉદાહરણ માટે અ આ ઇ ઈ ઇત્યાદિ સ્વર એ વાણીના ઉચ્ચાર હઇને, જીભને હોઠ એથી તેમાં ફેરફાર થાયછે. પણ તેને તેનાથી કાંઇ પ્રતિબંધ થતો નથી. પણ વ્યંજનના ઉચ્ચારો સારૂ હવાના લોઢનો વધુઘટુ પ્રતિબંધ કરવો પડેછે અને જીભ દાંત ને હોઠ એ આદિ પ્રત્યેકના ઉચ્ચાર પ્રમાણે અમુક સ્થિતિમાં રાખવા જોઇએ છીએ. ઉદાહરણ માટે 'પ' અગર 'બ' એ અક્ષરોનો ઉચ્ચાર કરવામાં હોઠ ભીડીને એકદમ ઉઘાડવો જોઇએ છીએ. 'ત' અને 'દ' એનો ઉચ્ચાર કરતાં; જીભ, ઉપરના દાંતને અડવી જોઇએ. 'ક' અને 'ગ' એના ઉચાર સારૂ જીભનો પાછલો ભાગ તાળવાને અડવો જોઇએ. અને 'લ' એ અક્ષર ઉચ્ચારતાં જીભનું અગ્ર તાળવાને અડીને પડખેથી હવા બહાર જાયછે. આ પ્રમાણે વાકેંદ્રિના પાવામાં વાણી રૂપી નાના વિધાન સ્વર વ્યંજનોની સંખ્યાનો ઉચ્ચાર કરવા સારૂ, પરમેશ્વરની ચમતકારિક રચના વડે, જીભ આદિ કંઠને મુખાશ્રિત અવયવોના નાના પ્રકારના પાવા બની અવાજ થવાને; તેજ લોયાઓ વાજા ઉપરના ટેરવાની પેઠે, તે મુખ સ્થળ આદિમાં સ્વાભાવિક રીતે આપણી ઇચ્છા મુજબ ઉચ્ચારના અનેક રૂપાંતરોનાં કાર્યે બજાવે છે. આ ઇશ્વરી કેવી અમુલ્ય ચાતુર્યમય અંધિસ છે! આ પ્રમાણે ઘણું કરીને નાના વિધાન ફેરફાર થઇને બોલવામાં જે અવાજના રૂપાંતરની ગરજ હોય છે, તે ઉચ્ચાર ઉત્પન્ન થાયછે. એ મૂળના અવાજને વિલંબ ન થતાં અન્ય સાથે એકત્ર જોડાઇને અક્ષરો ને શબ્દ થાયછે. શબ્દ પણ પરસ્પર

જોડાય ને વાકય કરવામાં આવેછે, અને એ પ્રમાણે આપણને બહુજ સહેલી ને સાદી રીતિથી પરસ્પરના વિચાર એક બીજાને જણાવવામાં આવેછે.

અપૂર્ણ.

---

4. HEALTH IS THE TRUE WEALTH.

૪. આરોગ્ય લક્ષ્મિ સાધના.

અથવા

(સંસારવિજય ધ્વજ.)

(સાંધન પાને ૯૬મેથી.)

—0—

દંડ—લાકડી, સોટી, ધારણ કરવાથી તે કૂતરૂં, કીડા, સર્પ, તથા શીંગડાં-વાળાં જનાવરથી ભય મટાડનાર છે. શ્રમ પડવું તથા દોષ મટાડે છે. ઉત્સાહ, સ્થિરતા; અવષ્ટંભ કરનાર એટલે ટેકો આપનાર તેમજ ધારણા શકિત વધારનાર છે. તે વૃદ્ધ માણસને તો વધારે ઉપયોગી છે.

બેસી રહેવાથી—વર્ણ, કફ, સ્થૂળતા, સુકુમારતા ને સુખ થાયછે પણ કેવળ બેસી રહેવાથીજ નહિ.

રસ્તે ચાલવાથી વર્ણ, કફ, સ્થૂળતા ને સુકુમારતાનો નાશ થાયછે.

ઘણો રસ્તો ચાલવાથી ઉલટું બુઢાપો ને દુર્બળતા આવેછે. જે ચાલવાથી દેહમાં પીડા થતી નથી તે ચાલવું આયુષ્ય, બળ બુદ્ધિ, ને અગ્નિને વધારનાર છે ને ઇંદ્રીઓને ચેતના આપનાર છે.

સારી શયામાં—બેસવાથી શ્રમ અને વાયુનો નાશ થાયછે તથા બળ, પુષ્ટિ ને નિદ્રા તથા ધારણા શકિત વધે છે પણ ખરાબ શયામાં બેસવાથી તેથી ઉલટુંછે. પંખો તેજ વધારનાર માખી આદિનો નાશ કરનાર એટલે ખસેડનાર. પંખાનો પવન શોશ, દાહ, શ્રમ, પરસેવો ને મૂર્છાને મટાડે છે પણ સ્વાભાવિક આવતો હોય તેટલું સુખ થતું નથી. હમેશાં પવનમાં રહેવું, પણ અતિ પવનમાં રહેવાથી લુખાશ વિવર્ણતા, ને સ્તંભ કરેછે. તથા દાહ ને પાચન

શક્તિનો નાશ કરેછે, તે પરસેવો, દાહ, મૂર્છાને મટાડે છે ખરો. ગ્રીષ્મ ને શરદ ૠતુમાં માણસે સુખકારક પવન સેવવો. આરોગ્ય અને આયુષ્ય વાસ્તે ઘણા પવન વગરનું સ્થાન સેવવું. મૂળ કારણમાં હવા સ્વચ્છ હોવી જોઇએ. તડકામાં વિશેષ રહેવાથી પીત્ત, તરસ, અગ્નિ, પરસેવો, મૂર્છા, ભ્રમ ને લોહીને વધારે છે. તથા દાહ, વિવર્ણતા ને ઉકળાટપણું કરેછે. છાયામાં રહેવાથી તે બધાનો નાશ થાયછે. અગ્નિ, વાયુ, કફ, સ્તંભ, શીત, ને કંપનો નાશ કરેછે. કાચું તથા અભીષ્યંદીને પચાવે છે પણ રકત પીત્તને બગાડે છે. શરીર આરોગ્ય રાખવા માટે યથાયોગ્ય ને યથાકાળ નિદ્રા લેવી, યથા યોગ્ય કાળે કરેલી નિદ્રા પુષ્ટ, બળ, ઉત્સાહ, અગ્નિદીપ્તી, અતંન્દ્રીતા તથા ધાતુ સાત્મ્ય કરેછે.

હવે માણસે રસ્તામાં કેવી રીતે ચાલવું તે વિષે કહીએ. તેમાં પહેલાં નખ, રૂંવાડાં, નીચાંરાખી પવિત્ર થઇ શુદ્ધ વસ્ત્ર પહેરી હલકી પાઘડી, પાસે છત્રી ને જોડા પહેરી હાથમાં લાકડી રાખી ઉત્સાહ સાથે છાતી કાઢી બહુ ઉતાવળથી નહીં તેમ બહુ ધીમે નહીં તેવી રીતે અને યથાયોગ્ય કાળે હિત થોડું બોલનાર પણ મધુર વાકયવાળા તથા બધા પ્રાણીઓના ભાઇ જેવા, ગુરૂ તથા વૃદ્ધ જન તથા માત પિતા વગેરેની આજ્ઞા લઇ સારી સહાય રાખી બીજામાં મન ન રાખી સ્થિર ચિત્ત રાખી ચાલવું. તેમાં હાડકાં, કાંટા, પથ્થર, છોતાં, રાખ, ઠીકરાં, ઉકરડો, અગ્નિ, અપવિત્ર સ્થાન, ને બલીની જમીનમાં ચાલવું નહીં. રાજાને અણગમતું, ચાડી કરવી, તથા જૂઠું બોલવું તે પણ તજવું. દેવ, બ્રાહ્મણ, મોટા પુરૂષ, રાજાને અણગમતું, પતીત, ને નીચ માણસની તથા દુર્બુદ્ધિ અને નિરક્ષર રાજાની પણ નોકરી તથા ઉપાસના કદી કરવી નહીં. આ પણ આરોગ્ય રાખવા સાથે વધારે વાર જીવાડવાનાં સાધનો છે. તથા વૃક્ષ, પર્વત, વાંકી ચુંકી જમીન, રાફડા, ખરાબ ઘોડા, હાથી ઇત્યાદિ ઉપર ચડવું નહીં. ભરેલી નદી, સમુદ્ર, તળાવ, તેમાં અજાણ્યું તળાવ, તથા ભયંકર ઉંડા કૂવામાં ઉતરવું નહીં.

ભાગેલું તથા શૂન્ય ઘર, સ્મશાન, એકાંત, અરણ્યવાસ, અગ્નિ, ઉતાવળ, સર્પ અને ઝેરી કીડા, ગ્રામનો આઘાત એટલે ધીંગાણું, ધાડું, મારામાર, કજીઓ, શસ્ત્રની રમત, તથા પેટે ચાલનાર ને શીંગડાંવાળાં જંગલી જનાવર એટલાં વાનાંથી દૂર રહેવું. અગ્નિને મોઢેથી ફૂકવી નહિ કારણ કે તેથી અશક્તિ થાયછે.

વેગ વિધારણ એટલે મૂત્ર ઝાડાને કદી રોકવા નહીં તે બહુ ધ્યાન રા-

ખવું. ગામ, નગર, દેવાલય બજાર, જલાશય, તથા પાણીમાં અને પોતાના આંગણામાં કે પાસે મૂત્ર પુરીશ છોડવાં નહીં. તથા કોઇના દેખતાં છોડવાં નહીં. નખ ને મોઢાથી વાજું વગાડવું નહીં. સામો વાયુ, તડકો, ને પુરમાં ચાલવું નહીં. જમ્યા પછી તડકામાં રહેવું નહીં. વાંકું બેસવું તથા બહુવાર ઉભા રહેવું નહીં. શરીર વાંકું રાખી કાંઇ ખાવું નહીં તથા કામ કરવું નહીં. નિરંતર એક ચીજ સામું, સૂર્ય વાળી ને ઘણી ઝીણી વસ્તુ સામે વધારેવાર જોવું નહીં કારણ તેથી આંખને નુકશાન છે, ભાર વહેવો નહીં.

જાગરણ, શયન. આસન, સ્થાન, ફરવું, ચાલવું, વાહન, દોડવું, કૂદવું, બેસવું, ઠેકવું, હાસ્ય,બોલવું, મૈથુન, કસરત, આદિ ઘણા સેવવાં નહીં.

યોગ્ય હોય પણ અહિત હોય તો તે છોડી દેવું. અયોગ્ય હોય અને હીતકારક હોય તો તે કરવું. નીચું માથું રાખી સૂવું નહીં. ફૂટેલા તથા જૂના ને કાટેલાવાસણમાં જમવું નહીં. વખતસર હીતકારક, થોડું, સ્નીગ્ધ, મધુર, હલકું, તેવું વૈધને દેખાડી તથા પોતે જાણતા હોઇએ તો તપાશીને જમવું.

ગણીકા, શત્રુ, શઠ અને પતીતનું ભોજન કરવું નહીં. અનીષ્ટ, રૂપ, રસ, ગંધ, અસ્પષ્ટરસવાળું, ખરાબ મનવાળું જમવું નહીં તે બધું હોય પણ માખી, મળાવા, અને ઝેરવાળું કદાપિ પણ જમવું નહીં. હાથ પગ ધોઇ શુદ્ધ કર્યા સિવાય જમવું નહીં.

રાતે દહીં ખાવું નહીં અને કદી ખાવું તો, ઘી, સાકર, મગની દાળ, મધ, ગરમ વસ્તુ અથવા આમળા વગર જમવું નહીં. તેમ ન કર્યું હોય તો કોઢ, ખરજવાં, ધાતુ પાત, વગેરે દરદ થાયછે.

ઘુત, મધ, ઘણી ચાકરી, જામીન ને સાક્ષી થવાનું તેડું, બહુ વાત ને બહુ વાજીત્ર તે સેવવાં નહીં ને કોઇનું ઉછીષ્ટ જમવું નહીં. આ બધું સારી ચાલનું આરોગ્યતાનું સુખ પામવા માટે લખ્યું તે ખરાબ માણસ આયુષ્ય, આરોગ્ય, ને ધન મેળવતા નથી.

વર્ષા રૂતુમાં—વધારે પાણી પીવું નહીં કારણ કે તે રૂતુમાં સામાન્ય રીતે જઠરાગ્નિ મંદ ને તેથી તૃષા થોડી હોયછે. શરદ રૂતુમાં પાણી પ્રમાણથી પીવું ને વર્ષામાં ચાહેથી પ્રમાણમાં પીવું, હેમંત, વસંત ને શીત રૂતુમાં મરજી પ્રમાણે પાણી પીવું. ઉનાળામાં થંડુ પાણી પીવું. અથવા દોષ ને આહારના મત પ્રમાણે ચાલી સ્નેહમાં સીંધવ ને પીંપરીમૂલ નાખી તે અગ્નિ વૃદ્ધિને માટે પીવું. વેગ વિધારણ ન કરવું. વર્ષા, શરદ, ને વસંતમાં અગ્નદીપી ને રો-

ગ નાશ માટે સારી રીતે સ્નેહાદિ કર્મ કરવું.

કફ રોગમાં ઉલટી, પીતમાં જુલ્લાબ, વાયુમાં વસ્તી સારી છે એવા ત્રણે દોષમાં વ્યાયામ એટલે કસરત સારી છે. વિરૂદ્ધ અન્ન ખાધું હોય તોપણુ કસરતથી પચે છે, કોપતું નથી, ઇતિ અન્ન પાનાં.

॥ અથ મૈથુન વર્ણનમ્. ॥

માણસે ઉત્સર્ગ, મૈથુન, આહાર, ને શોધનમાં સંભાળ રાખવી ને રોગ થાય તે બીકથી શરીર અથવા મનને પીડા થવા દેવી નહિ ને સ્ત્રીના ઘણા સંગમથી પોતાની રક્ષા કરવી. ઘણા મૈથુનથી શૂળ, ઉધરસ, તાવ, શ્વાસ, કૃષતા, પાંડુ રોગ, ક્ષય ને આક્ષેપકાદિ વાયુના રોગો થાયછે. જે સ્ત્રીને માટે નિયમ રાખે તે આયુષ્યવાળા, મંદ ઘરડપણુવાળા, શરીર બળને વર્ણવાળા, સ્થિર ને આત્મવાન રહેછે.

સ્ત્રી પાસે ત્રણ ત્રણ દહાડે જવું અથવા બધી રૂતુમાં તેમાં ઘણું કરી ઉનાળામાં પંદર પંદર દિવસે જવું તથા હમેશ તે પ્રમાણે હોય તો સારૂં.

રજસ્વલા, કામ વગરની, મલીન, અપ્રિય, વર્ણે વૃદ્ધ, વયો વૃદ્ધ, રોગીણી, હીનાંગી, ગર્ભીણી, દૂષ્યયોની, રોષવાળીયોની, એકજ ગોત્રની, ગુરૂપત્નિ, બાવણ, તથા અગમ્ય, સંધ્યા પ્રાતઃ, પર્વણી, આટલામાં સ્ત્રી સંગ કરવો નહીં.

અર્ધ રાત્રિ, મધ્ય દીન, લજ્જા ઉપજાવનારા સ્થાનમાં, ઉઘાડું, ને અશુદ્ધ ઠેકાણામાં તથા ભૂખ, વ્યાધી, ચિત્તનો ક્ષોભ, વાયુ, પુરીશ, મૂત્રના વેગ ને તરસવાળો અને અતિ દુર્બળ પુરૂષે પોતાનું વિર્ય મૂકવું નહીં તેમજ તિર્યકયોની, અયોની, તથા દૂષયોનીમાં તો બળવાને પણ મૂકવું નહીં.

વિર્ય—માથાને ઢાંકીને રહેછે માટે ઉંધી સ્થતિમાં સૂવું નહીં માટે પીડામાં પણ ઉંધું સૂવું નિંદિત છે.

જે અનિયમિત ચિત્ત વાળો રજસ્વળા સ્ત્રી સાથે સંગમ કરે તેનું તેજ, આયુષ્ય ને દૃષ્ટિનો તથા ધર્મનો નાશ થાયછે. ગુરૂપત્નિ, એક ગોત્રી, તથા વૃદ્ધ સાથે ગમનથી તેમજ સંધ્યા ને પર્વણીમાં સંગમથી જીવિતનો નાશ થાયછે. ગર્ભીણી સાથે સંગમથી ગર્ભને પીડા થાયછે ને રોગીણીના સંગમથી બળનો ક્ષય થાયછે. હીનાંગી, મલીન ને દૂષ્ય ને વંધ્યા સાથે સંગમથી તથા ઉઘાડા ને અશુદ્ધ ઠેકાણાના સંગમથી વીર્યને મનનો નાશ થાયછે.

ભૂખવાળો, ચિત્ત ક્ષોભ વાળો, નિર્બળ, તેવો પુરૂષ મૈથુન કરે તેમાં

અધ્યાને કરે તો વિર્યની હાની ને વાયુનો કોપ થાયછે. સ્ત્રીના ઘણા સંગથી શોશ થાયછે ને તેથી વીર્ય નાશ થાયછે ને રોગ થઇ પીડા, વેદના, મૃત્યુ ને મૂર્છા થાયછે.

મળસકે ને અર્ધે રાત્રે મૈથુનથી વાયુ પીત્ત કોપે છે. તિર્યક યોની, અયોની, ને દુષ્ટ યોની સાથે સંગમથી ઉપદંશ વાયુનો કોપ ને વિર્યનો ક્ષય થાય છે.

વેગ વિધારણ ને ઉત્તાન શયનથી શુક્રાસ્મરી એટલે વિર્યની પથરી થાયછે માટે તે બધાનો આરોગ્ય ઇચ્છનારે ત્યાગ કરવો તે આ લોક અને પરલોકમાં હીતકારક છે.

નીકળવા આવેલા વિર્યને મોહથી રાખવું નહીં. જો રાખ્યું હોય તો તેને વિર્યની પથરી થાયછે તે અસાધ્ય જેવીજ છે.

વય, રૂપ, ગુણ, ને સરખા શીયળ વાળી ગુણ અલંકાર ને કામના વાળી એવી પ્રમદાને વાજી કરણ (પુષ્ટીકારક ઔષધ)થી શરીર જાડું ને મજબૂત કરી હર્ષ ને યુક્તિથી સેવવી.

મૈથુનને અંતે સાકરવાળા મિષ્ટાંન, સાકરવાળું દૂધ, રસ, સ્નાન ને પંખો હીતકારક છે.

ઉમીયાશંકર જીભાઇ દ્વિવેદી.

સિહોરવાસી.

---

૫. ACKNOWLEDGMENT OF BOOKS.

૫. પુસ્તકોની પહોંચ.

જાત મહેનત.—અંગ્રેજીમાં સ્માઇલ્સ નામના પ્રખ્યાત ગ્રંથ કર્તાએ "સેલ્ફ હેલ્પ" નામનું પુસ્તક છપાવ્યું છે તેનું ભાષાંતર સોરઠ પ્રાંતના ડી. એ. ઇન્સ્પેક્ટર મણીશંકર અનુપરામે કરીને છપાવ્યું છે. એની કીમત ત્રણ રૂપીઆ છે. એ આઠ પેજી એંશી ફારમનું પુસ્તક પાકા પુંઠાથી બાંધેલું છે તે તરફ તથા તેના ઉપયોગ તરફ જોતાં એની કીમત વધારે નથી.

આ પુસ્તક સંબંધી કાંઇપણ મત આપતા પહેલાં આ પુસ્તક કેવા

પુસ્તકનું ભાષાંતર છે તે સંબંધી બે બોલ કહેવા જરૂરના છે. ડા. સ્માઇલ્સ એક અપૂર્વ નીતિ બોધક છે અને તેનાં મુખ્ય પુસ્તકો **જાત-મહેનત, સદ્વ-ર્તન, કરકસર,** અને **કર્તવ્ય** છે. આ ચારે પુસ્તકો એક એકથી ચઢી-આતાં બોધદાયી છે. આ ચારે પુસ્તકોનો અભ્યાસ કર્યા પછી ગમે તેવો માણુસ હોય તોપણુ તે સુધર્યા વગર રહેજ નહિ. આવાં અતિ ઉપયોગી અને કીમતી પુસ્તકોમાંએ જાત-મહેનતનું પુસ્તક સર્વોત્તમ છે. એક ગૃહસ્થ કે જેણે જાત-મહેનતનું પુસ્તક પ્રથમ વાંચ્યું હતું તે ગૃહસ્થ એવી ટીકા કરેછે કે:-"જ્યારે હું યુવાવસ્થામાં હતો ત્યારે મેં આ પુસ્તક વાંચ્યું હોત તો હું કેવળ જુદીજ તરેહની જીંદગી ભોગવત". આવા ઉત્તમ ગ્રંથનું ભાષાંતર કરી રા. સા. ગણુપતરામે ગુજરાતી જેવી કંગાળ ભાષામાં એક ઉમદા ગ્રંથનો ઉમેરો કર્યો છે.

હાલના સમયમાં આવાં પુસ્તકોની ગુજરાતી ભાષામાં ઘણીજ ખોટ છે. કેમકે હાલમાં આપણો દેશ નિર્ધન, કળાકૌશલ્યમાં ઘણોજ પાછળ ને તે બાબતમાં પારકાપર આધાર રાખવા વાળો છે. હિંદુસ્તાનનો મુખ્ય આધાર ખેતીપરછે, ખેતીની બાબતનાં અસલની ચાલતી આવેલી રીતમાં કાંઇપણુ સુધારો થયો નથી, કેમકે હિંદુ લોક ચીના લોકની માફક જૂની રસમનેજ વળગી રહેવા વાળા છે. વેપાર સંબંધી બાબતમાં તપાસીશું તો માલમ પડશે કે હિંદુ લોકો મોટા વેપારી નથી. મોટો વેપાર પરદેશીઓના હાથમાં છે, અને આ દેશના લોકો બિચારા હિંદુસ્તાનમાં થતા કાચા માલની માંહોમાંહે આપ-લે કરી તે વડે પોતાનું ગુજરાન ચલાવવાવાળાછે. કેળવણી સંબંધી તપાસ કરીશું તો જણાશે કે દયાળુ ઇંગ્રેજ સરકારનું રાજ થયાથી તે બાબતમાં દિનપ્રતિદિન સુધારો થવા લાગ્યો છે એ દેશનું એક સુભાગ્યનું ચિન્હ છે. પણુ પશ્ચિમના હુન્નર આગળ આ દેશ ટકી ન શકવાથી હવે સૌ લોક નોકરી-ની આશા રાખેછે પણુ વિચારો કે સૌ લોક "પાલખીએ બેસે તો તેને ઉપાડે કોણુ". તેમ સૌ લોકને તો નોકરી કયાંથી મળે? જે હિંદુસ્તાન અસલ દેશ-પરદેશમાં મશહુર હતું, જેની કારીગરી આખી દુનિઆમાં વખણાતી તેની આવી દુ:ખદ્ અવસ્થા!! અને જે દેશો પ્રથમ કંઇપણુ ગણત્રીમાં નહોતા તે આજે દુનિઆમાં અનુપમ સુખ ભોગવેછે તેનું કારણ શું? આનો ટુંકામાં જવાબ એટલોજ છે કે તે લોકો સ્વાશ્રયી થયા ને આપણે પરાશ્રયી થયા. માટે હવે આ઼ઓ વખત ઉંઘવાનો નથી. ઇશ્વર આળસુને સહાય થતો નથી. ઉદ્યોગીને

સહાય થાયછે જુઓ તમારા પાડોશી જાપનના લોકો—પા સૈકામાં તેમણે પોતાની કેટલી સ્થિતિ સુધારી નાખી, જુઓ અમેરિકાની નવી ભૂમિ—યૂરોપમાંથી લોકો ધંધો રોજગાર ન મળવાથી અમેરિકામાં જાયછે પણ તેમના સ્વાશ્રયીપણાથી આજે નવા શોધોની બાબતમાં અમેરિકા પહેલો નંબર ધરાવે છે. તેમ આપણે પણ હવે સ્વાશ્રયી થવું જોઇએ, તો ઇશ્વર સહાય થશેજ. કોઇપણ વાત મોંએ કહ્યા કરતાં તે વાતનાં દૃષ્ટાંત આપીએ તો તે વધારે અસર કરેછે. તેજ કારણે રા. સા. ગણપતરામે સ્વાશ્રયથી ચડેલા સેંકડો માણસનાં ચરિત્રોથી ભરપૂર ગ્રંથ બહાર પાડી દુઃખમાં રીબાતા હિંદુ લોકો ઉપર મોટો ઉપકાર કર્યો છે. માટે દરેક માણસને તે ગ્રંથ વાંચી મનન કરવાની અમે ભલામણ કરીએ છીએ, આટલું બધું લંબાણથી કહેવાની અમારી મતલબ એવી નથી કે તેથી કર્તાને તેમાં લાભ થાય, પણ તેમાં વાંચનારનેજ લાભ છે. ગ્રંથ કર્તા તો તે પુસ્તકની અસર લોકો સ્વાશ્રયી થાય તો પોતાની મહેનત સાફલ્ય થઇ સમજશે, આજ હેતુથી કર્તાએ પોતે કરેલી મહેનત ને તેનો થયેલો ખર્ચ તેના પ્રમાણમાં તેની કીમત નહિ જેવી રાખીછે તેજ કહી આપેછે.

ભાષાંતર કરનારને પોતાની ભાષામાં નવો ગ્રંથ લખવો તે કરતાં કઠિણ કામ છે છતાં આ પુસ્તકની ભાષા શુદ્ધ ને સરળ ગૂજરાતી છે એમાં આપેલી બીના એટલી ઉપયોગી છે કે તેનો ઉતારો કરતાં આખા પુસ્તકનો ઉતારો કરવા જેવું થાય. અને તેમ કરવું અમે જગાની સંકોચને લીધે કરી શકતા નથી તેથી દીલગીર છીએ. એમાં તેર પ્રકરણમાં તેર જૂદી જૂદી બાબતો ઉપર પુષ્કળ દાખલા દલીલ આપી વિવેચન કર્યું છે અને વાંચનારને ખાતરી લાયક સિદ્ધ કરી આપ્યું છે એ તેરે પ્રકરણમાં શું શું છે એટલું તો બતાવ્યા વગર રહેવાતું નથી.

૧લા પ્રકરણમાં આખા દેશની મહેનત અને તેમાંના દરેક જણની મહેનત વિષે વિચાર બતાવેલા છે. આગ્રહ ને સતત્ ઉદ્યોગ વડે નીચ કૂળના માણસો પણ કેવા દીપી નીકળે છે તેના દાખલા આપ્યા છે. વળી ઇગ્લાંડના ધનવાન પણ આળસુ લોક નથી ઉદ્યોગ વડે એ વર્ગમાંથી પ્રકાશી નીકળેલા પ્રખ્યાત પુરૂષોનાં દૃષ્ટાંત પણ એમાં આપેલાં છે. બીજા પ્રકરણમાં ઉદ્યોગની રણભૂમિના નાયકો આપેલા છે. તેમા વાટ. આર્કરાઇટ, પીલ, લી, હીથકોટ, જાકર્ડ વગેરેનાં દૃષ્ટાંત વાંચવા યોગ્ય છે. ત્રીજા પ્રકરણમાં કુંભાર જાતિના

કુળ દીપક પાલીસી, અટજર અને હવેજ્વુડનાં સતત્ ઉદ્યોગ અને આગ્રહનાં દૃષ્ટાંત છે. તેમાં પાલીસીનો દાખલો તો એવા આગ્રહનો નમુનો છે કે એ વાત અમે સદાવરી આ ચોપાન્યામાં આપીશું, કેમકે આ દેશમાં ઘણા પાલીસીઓ થયા વગર આ દેશનો દીવસ વળવનો નથી. ૪થા પ્રકરણમાં અખંડ ઉદ્યોગ અને આગ્રહ વાળા સ્કાટ, બીડન, લાઉડન, હ્યુ ને હુમના દાખલા આપ્યા છે. પચમા પ્રકરણમાં સૃષ્ટિ જન્ય પદાર્થોનાં શાસ્ત્રો પાછળ સતત્ ઉદ્યોગ ને તીક્ષ્ણ નજરથી નિરીક્ષા કરવાની ટેવના ઉત્તમ દાખલા છે. ૬ઠા પ્રકરણમાં કળા કૌશલ્યના કારીગરોની હકીકત છે. તેમાં શિલ્પ, ચિત્ર ને સંગીત શાસ્ત્રના પ્રવીણ માણસોનાં ચરિત્રો આપી સિદ્ધ કર્યું છે કે જેઓ ગરીબ કે નીચ કુળમાં જન્મ્યા છે તેઓ પણ કોઇની સહાયતા વગર આપ બળથી ધીરજ, આગ્રહ ને હીમતથી સારા હુન્નરી થઇ પ્રખ્યાતિ મેળવે છે ને પોતાના રસ્તામાં નડતી ગમે તેવી અડચણો ખસેડી શકે છે. ૭મા પ્રકરણમાં ઉદ્યોગ અને અમીરાત વિષે છે તેમાં જે અમીરો હતા તે કાળ ચક્રથી હાલ કંગાળ હાલતમાં આવેલાના અને સ્વાશ્રયથી નીચમાંથી અમીર બનેલાના દાખલા આપ્યા છે. એમાં રીચર્ડ ફાલી નામના લુહારની વાત પણ તેના જેવા આગ્રહી ઉદ્યોગી થવાની પ્રેરણા વાંચક વર્ગને થવાને અમે ઉતારી લેઇશું. આઠમા પ્રકરણમાં હીમત અને હોંસ વિષે છે. એકલા છતાં હીમત અને હોંસથી માણસ કેવું પણ મહાભારત કામ, કેવી પણ અડચણો વચ્ચે કેવી ફતેહમંદીથી કરેછે તેનાં દૃષ્ટાંત આ પ્રકરણમાં છે. તેમાં ગુલામોની બેડી તોડનાર ગ્રાનવીલશાર્પનું દૃષ્ટાંત અમે ઉતરી લેઇશું. નવમા પ્રકરણમાં સંસાર વ્યવહારના વીર પુરૂષોનાં વૃતાંત છે, તેમાં નેપોલીયન ને વેલીંગ્ટનનાં દૃષ્ટાંત જાણવા જોગ છે. ૧૦મા પ્રકરણમાં નાણું સુમાર્ગે ને કુમાર્ગે વાપર્યું કયારે કહેવાય એ બાબત છે. નાણું કરકસરથી મેળવવું પણ કૃપણતાથી નહિ અને તે તેનો સદુપયોગ કરવો એ વાત દૃષ્ટાંત સાથે આ ભાગમાં સમજાવી છે. ૧૧મા પ્રકરણમાં જાત કેળવણી અથવા પોતે પોતાનાં પંડને સુધારવા વિષે છે. જાતિ સુધારો કરવામાં કાંઈ ઉમરનો બાધ નથી. નાનપણમાં ઠોઠ અને મોટપણમાં ભણીને પ્રખ્યાત થએલા એના દાખલા આ પ્રકરણમાં છે. બારમા પ્રકરણમાં દાખલા દૃષ્ટાંતથી કેવી અસર થાયછે એ બાબત છે. છોકરાં ઉપર માબાપની પ્રથમ અને પછી મિત્રોની અસર થાયછે તેનાં દૃષ્ટાંત આમાં છે, એમાં સરજાન સિંકલેરનું ચરિત્ર વાંચવા યોગ્ય છે. ૧૩મા

દેખે ને શીખ શીખે, સોબતે અસર અને તુખ્મે તાસીર, બાપ જેવા બેટા ને વડ તેવા ટેટા એ કહેવતો દાખલા આપી સાબીત કરીછે. તેરમા અથવા છેલ્લા પ્રકરણમાં ખરો સજ્જન કોને કહેવો તેનાં લક્ષણો અને દાખલા આપ્યા છે.

એ પ્રમાણે એ પુસ્તકમાં સમાવેલી બાબતો તરફ જોતાં વાંચનારને એ પુસ્તકની અગત્સતા સમજાઇ જશે. ગૂજરાતીમાં આવાં આવાં ઘણાં પુસ્તકો પ્રગટ થવાની જરૂર છે. એ પુસ્તકમાંની જે ત્રણ પુરૂષોનાં ચરિત્રો વાંચવા યોગ્ય ઉતારી લેવાનું અમે ઉપર કબુલ કર્યું છે તે બાદ કરતાં બાકીનાં પણ એવાં એટલાં બધાં દૃષ્ટાંતો છે કે તે વાંચ્યા વગર વાંચનારે રહેવુંજ ન જોઇએ. વળી એમાં ઠામ ઠામ મહાપુરૂષોએ આપેલી શીખામણ પણ ઘણી છે, તેમાંની થોડીક આ નીચે ઉતારી લેઇએ છીએ.

સ્વતંત્રતાનો સંગીન પાયો પ્રત્યેક મનુષ્યની વર્તણુક ઉપર ચણાવો જોઇએ. તે વિષે જાન સ્ટુઅર્ટ મીલ કહે છે કે "જ્યાં લગી દરેક પુરૂષમાં ખરૂં પુરૂષત્વ રહેલું છે—પોતે પોતાની ખાસ રહેણી અને રીતભાત યથાસ્થિત જાળવે છે અને પાળે છે ત્યાંસુધી જુલમગાર રાજાના જુલમી દોરમાં તે કદી પૂરેપૂરો દબાઇ મરવાનો નથી. પણ જે કારણથી તેનું પુરૂષત્વ લય પામે, જે સબબથી તેની ખાસીયત નાબુદ થઇ જાય, તેનેજ જુલમી રાજા જાણવો. તેજ તેની માણસાઇનો, તેની મર્દાઇનો અને તેની સ્વતંત્રતાનો લૂટનાર જાણવો."

દેશની ચઢતીનો આધાર દરેક માણસના પંડ ઉપરજ રહેલો છે તે વિષે વિલિયમ ડાર્ગન કહે છે કે "ખરેખરૂં કહુંછું કે જ્યારે જ્યારે 'સ્વતંત્રતા" એ શબ્દ મારે કાને પડયો હશે ત્યારે ત્યારે હરવખતે મારો દેશ, મારૂં વતન, અને મારા વતની ભાઇઓ મને સાંભર્યા વગર રહ્યા નહિ હોય. આમ કરવાથી અને તેમ કરવાથી આપણને સ્વતંત્રતા મળશે, ફલાણે ઠેકાણેથી અને ઢીકણે ઠેકાણેથી આપણને સ્વતંત્રતા મળશે, ફલાણા પરદેશીઓ આપણા દેશમાં આવવાના છે તેમનાથી આપણને સ્વતંત્રા મળવાની ઉમેદ રહેછે, એવી એવી મેં ઘણી વાતો સાંભળી છે. પરદેશમાં જવા આવવાથી અને પરદેશી માણસોના સમાગમથી ઘણા લાભ થાયછે, તે હું મારા મનમાં સારી પેઠે સમજુ છું. પણ આપણા દેશનાં કળાકૌશલ્ય, કારીગરી અને હુન્નરનું સ્વાતંન્યતો આપણા પંડના ઉપરજ રહેલું છે, એ વાત તમે સંપૂર્ણ ખાત્રીથી માન-

જો. આપણે જો ખરેખરી મહેનત કરીએ, અને પૂરી કાળજી રાખીને આપણી મહેનતને ખરે માર્ગે વાપરીએ, તો સુખી થવાનો, આબાદ થવાનો અને પૈસાદાર થવાનો આજના જેવો બીજો વખત નથી એમ સમજજો. પ્રદર્શન ઉઘાડીને આપણે એક ડગલું આગળ ભરી ચૂકયા, પણ ખંત રાખીને મંડયા રહેશો તોજ ફતેહનો ડંકો વાગશે, અને જો તમે અને આપણે સૌ ઉલટભેર આગળ ને આગળ ઝોકયા રહીશું તો થોડી મુદતમાં રિદ્ધિ સિદ્ધિમાં, સુખ ચેનનાં અને સ્વતંત્રતામાં આપણે રમતા ફરીશું આનંદ માનીશું અને બીજો ગમે તેવો સુખી દેશ હશે તેની હારે ગણાશું એમ હું ખરા દીલથી માનું છું." કામ વગર કે ઉદ્યોગ વગરના માણસની કેવી દુઃખદ સ્થિતિ થાયછે તે વિષે સર હારેસ વિયરનો ભાઇ મરી ગયો ત્યારે તેને કોઇએ પૂછ્યું કે તમારા ભાઇ શાથી ગુજરી ગયા? તેના જવાબમાં કહ્યું છે તેણે કહ્યું કે 'તેને કાંઇ કામ કરવાનું નહોતું તેથી ગુજરી ગયા". આ બોલ આળસુ માણસને કેટલા બોધક છે! શરમાળુ માણસ ઉંઘતા જેવો નકામો છે એ વિષે એક પ્રસિદ્ધ ગ્રંથ કર્તા વાશિંગ્ટન ઈર્વિંગ કહેછે કે "જે માણસો ગુણવાન છતાં શરમાળ છે તેમનો કોઇ ભાવ પૂછતું નથી એવું કેટલાક બોલેછે તે મિથ્યા લવારો સમજવો. જેઓ સુસ્ત છે અને જેમના મનનું કાંઇ ઠેકાણું નથી, જેઓ કાચા હૈયાના છે તેવા માણસો જ્યારે છક્કડ ખાયછે ત્યારે ખાલી દુનિઆનો વાંક કાઢેછે. જેમને તમે ગુણવાન છતે શરમાળ કહોછો, તેઓ ફુરતાઇ ન રાખે, અથવા બેકાળજી બતાવે, અથવા સંસારમાં ઉપયોગી થાય એવી રીતે પોતાના ગુણને કેળવે નહિ, ત્યારે તેમાં જગત્નો શો વાંક કાઢવો? જેમણે પોતાની બુદ્ધિને પરિપક્વ કરીને નિયમમાં આણી હોય તેનું મૂલ આ જગત્રૂપી બજારમાં ઉપજ્યા વિના રહેજ નહિ માત્ર એટલુંજ કે તેણે મહેનત કરીને આપ બળે પોતાનું નૂર બતાવી આપવું જોઇએ. પણ તે પોતાના ઘરની ચોયલીમાં ભરાઇ રહે, અને મને કોઇ શોધતું આવે એવી આશા રાખવી, એ ફોકટ છે. બહાર પડતા અને બક બકારો કરનારા બેશરમ માણસો ફાવી જાયછે અને શરમને માર્યે ખુણામાં રેહેનાર રત્ન જેવાં માણસોની સામું પણ કોઇ જોતું નથી, એવી બહુ વાતો ચાલેછે. પણ તપાસ કરવાથી ઘણીવાર એમ જણાશે કે એ બહાર પડતા માણસો બહુ ચપળ હોયછે અને જેતે કામમાં તત્પર થઇ જાયછે. ચપળતાના અને તત્પરતાના એવા કીમતી ગુણો જો પેલા શરમાળ ગુણવાનમાં નહિ હોય તો એના

બીજા બધા ગુણ નિષ્ક્રિય અને નિષ્ફળ છે. તેનાથી શો ફાયદો? આપણા ઘરની ચોકી પક્ષાધિપતિ સિંહ કરતો હોય, પણ તે ઉંઘ્યા કરતો હોય તો તે ચોકીદાર શા કામનો? એના કરતાં તો જાગતો ને ભસતો કૂતરો વધારે કામનો જાણવો." માણસને સારી સ્થિતિમાં આવવાનો અને ટકી રહેવાનો માર્ગ જાનબ્રાઇટ બતાવે છે કે "જો કોઇ માણસની સ્થિતિ સારી હોય તો તેમાં નભી રહેવાનો એકજ રસ્તો છે, તેમજ ગમે તેટલાં માણસ હોય તેમને પણ સારી હાલત હોય તો તેમાં ટકી રહેવાનો એકજ ઉપાય છે, તેની સાથે વળી એક માણસને અથવા સંખ્યાબંધ માણસને ખરાબ હાલત્તમાંથી નીકળીને ઉંચે ચડવું હોય તો તેમણે પણ ઉપર જણાવ્યા મુજબ એકજ રાહ પકડવો જોઇએ. તે એકે તેમણે સર્વેએ ઉદ્યોગી થવું જોઇએ, કરકસર, કરવી જોઇએ, સઘળી વાતે મિતાહારી રહેવું જોઇએ અને નેકીથી ચાલવું જોઇએ. × × × દારૂ પીવાના નુકશાન વિષે સરવાલ્ટર સ્કાટ કહેછે કે "સઘળા દુર્ગણોમાં દારૂ પીવાનો દુર્ગણ સહન થઇ શકે તેવો નથી. વડાઇને અને એને તો આદિ વેરજ સમજવું. દારૂના અગ્નિ રૂપ પ્રવાહમાં મોટાઇનુ ગંગાજળ ઉડી જાયછે. એટલુંજ નહિ પણ જ્યાં એ દુર્ગુણનો વાસ થાયછે ત્યાં કરકસર પગ ટકાવીને રહી શકતી નથી, વિવેક અને સભ્યતાને બીજો વાસ શોધવો પડેછે, આરોગ્યતા પોતાનું આસન રોગને આપીને હીંડવા માંડે છે અને ગત્ત સંપત પ્રમાણે રહેવાની નેક રીત રામરામ કરીને પુંઠ ફેરવે છે."

એ અને એ વગર કરકસર, સુટેવ, આરોગ્યતા, વગેરે બાબતો ઉપર શીખવા જોગ ઘણી શીખામણો આપેલી છે. જે ઉતારી લેતાં ઘણું લંબાણ થઇ જવાની ધાસ્તી લાગેછે.

પ્રુફશીટ તપાસવામાં ગ્રંથ કર્ત્તાએ સારી કાળજી રાખી છે, છતાં સરત ચૂકથી કોઇ ઠેકાણે ભૂલ રહી ગઇ છે તે નહિ જેવી છે. આને માટે સારા ગ્રંથકારનો તો ધર્મજ છે કે છેવટે શુદ્ધિ પત્ર આપવું જોઇએ. કેટલેક ઠેકાણે કેટલાક શબ્દો એવા વાપર્યા છે કે ત્યાં તેને બદલે બીજા વાપર્યા હોત તો વધારે સારૂં થાત. ૧૫૩મે પાને દેવતા રેડાયો એમ લખ્યું છે પણ તેને બદલે તેલ રેડાયું એમ વપરાય છે. ૧૫૭મે પાને ગુમાસ્તગીરી વાપર્યું છે પણ ગુમાસ્તાગીરી વપરાય છે. ૧૬૭મે પાને ઠીકામાંપીરૂદેશ એણે શોધી કહાડયો છે ત્યાં જીતી લીધો હોત તો ઠીક. ૧૭૦મે પાને અધસરતા છે ત્યાં અધમુવો હોત તો સારૂં. ૨૨૭મે પાને હદહદ્દમાં છે તે શબ્દ સમ-

જાય એવો નથી. ૨૨૯મે પાને ઘોડ ફોડીઆનો છે ત્યાં પથ્થરફોડીઆનો હોત તો સારૂં. ૨૪૯મે પાને ક્ણમણતી છે. ત્યાં અણગમતી જોઇએ. ૩૩૯મે પાને માઠી અવદશા છે તેમાં અને ૩૯૭મે પાને સંકટ, કષ્ટ છે ત્યાં પુનરૂકિત થઇ છે. ૨૩૧મે પાને શરૂઆત ના વાકયમાં 'નીવડશે' છે ત્યાં કાળ દોષ થાયછે માટે ત્યાં નીવડે હોત તો સારૂં.

છેવટે અમે જણાવીએ છીએ કે આ પુસ્તક બહુ ઉપયોગી અને અંગ્રેજીથી અજ્ઞાત દેશીઓને વાચી શીખામણ લેવા જોગ છે અને તેથી તે આશ્રય પાત્ર છે. સર્વ સજ્જનોની લાઇબ્રેરીઓને આ પુસ્તક શોભા આપશે, એમાં લગારે શક નથી, જે ત્રણવાતો પાલીસી, ફાલી અને ગ્રાનવીલશાર્પની ઉતારી લેવાનું અમારા વાંચનાર માટે અને આ પુસ્તકની અગત્યતા દર્શાવવાને અમે કબુલ કર્યું છે તે આવતા અંકોમાં આપી આ ઉપયોગી પુસ્તકની ટીકા અમે બંધ કરીશું.

બીજા ધોરણની ઉપયોગી નોટ. આ નામની ત્રણ ફરમાની ચોપડી લીમડીના ગોરીશંકર ઓધડે છપાવી છે. તેની કીમ્મત દોઢ આનો છે. તેમાં દોઢાંથી પાયલા સુધી આંક તથા ધાતો તથા ત્રીજી ચોપડીના અર્થ તથા ડિકટેશનના શબ્દો તથા સૌરાષ્ટ્રની નવા નકશા પ્રમાણે ભૂગોળ આપી છે. જે શબ્દાર્થો આપ્યા છે તેમાં કેટલાક તો નકામા છે. જે સહેલા શબ્દો હોય તેના પણ અર્થ આપી લંબાણ કરવું એ શા કામનું? પાંજરૂં, પોપટ, કબુતર, હલકી, રમકડાં, વાલ, વાવવું, વગેરે શબ્દોના અર્થ છોકરાને ઉલટા અઘરા થઇ પડે. એમાં આપેલા ડિકટેશનના શબ્દોમાં કેટલાક પડેજ અશુદ્ધ છપાયા છે, તેથી શીખનારને ખોટું શીખવે તેવું થયું છે. એ ભૂલો પ્રુફ સુધારવામાં થએલી છે. ચોપડી છપાવનારે ને તેમાં ડિકટેશન વાળાએ તો ખાસ ભૂલો સુધારવાપર ધ્યાન આપવું જોઇએ. ધની પછી ય્મ હોય તો ઇ દીર્ઘ અને ય હોય તો હ્રસ્વ આ નિયમ શાળાઓમાં ચાલતો છતાં આ ભાઇએ અ પહેલાં ઇ હ્રસ્વ કરીછે. દરિઓ, રૂપિઓ, વગેરે પણ ઇદીંઓમાં દી દીર્ઘ કરીછે. બંદરોમાં પ્રભાસપાટણ, શીલ, માધવપુર એ બંદરો નહિ છતાં લખ્યાં છે; તથા ધોલા કાઠીઆવાડમાં નથી, અમદાવાદ જીલ્લામાં છે તોપણ કાઠીઆવાડમાં આપ્યું છે. વખણાએલી વસ્તુનાં શેહેરમાં માંગરોળમાં સોપારી લખ્યું છે તે ખોટું છે. માંગરોળાં સોપારીની જાત ઉપરથી આ ભૂલ થઇ છે પણ તે મલબારનું મંગલૂર. કાઠીઆવાડના માંગરોળમાં તો સોપારીનું ઝાડ પણ ભાગ્યે હશે. ગોહિલવાડનાં બંદર ને ગામમાં ઘોઘા લખ્યું છે. તે ખોટું છે. દરેક ભાગમાં ગામો આપ્યાં છે તોપણ ૪૭મે પાને સામટા સંઘરો કર્યો છે તેની કાંઇ જરૂર અમને જણાતી નથી. આ સિવાય પ્રુફ તપાસવાની પણ ભૂલો ઘણી છે. આવી ચોપડીઓથી શીખનારને કાંઇ લાભ થાય એમ અમને જણાતું નથી.

શરીરના દરેક વ્યાધીને દુર કરી તંદુરસ્તી બક્ષનારૂં શુદ્ધ
વનસ્પતિનું બનેલું.

સર્વાંગમિત્ર.

આ દેશની તેમજ પરદેશની અતી ગુણકારી વનસ્પતિનીજ આ દવા બનેલી છે. લગભગ એક વરસ થયાં આબરૂદાર સદ્‌ગ્રહસ્થોએ તેમજ ઘણા નામાંકિત અને વિદ્વાન અંગ્રેજી ડાકટરોએ તથા દેશી વૈદ્યોએ એ દવા જુદી જુદી જાતનાં દરદો ઉપર સંપૂર્ણ રીતે અજમાવી જોઇ છે. અને તેનું પરિણામ ઘણુંજ ફતેહમંદ ઉતરી ચુકયું છે. વીર્ય વ્રધ્ધી કરવામાં, સ્ત્રીના બગડી ગયેલા ગર્ભાશય સુધારવા તથા બગડી ગયેલું વીર્ય સારૂં કરવામાં આ દવા સર્વોત્તમ છે. કોઇપણ કારણથી નપુંશક થઇ ગયેલા પુરૂષને ગયેલી શકિત પાછી આપ-વામાં આ દવા રામબાણ ઇલાજ છે. જુનો તથા નવો પ્રમેહ, તણખ, ઉનવા, પીશાબનું વારંવાર થવું તથા સ્વપ્નમાં ધાતનું જવુ તથા જીર્ણ જ્વર (તાવ) વ-ગેરે રોગ એ દવાથી આબાદ મટે છે, એટલુંજ નહીં પણ આદાશીશી, ચકરી, વાઇ, કળતર, સકણુ, વધરાવલ, બરોલ, સંધરણી, પીનસ (નાકમાંથી પડતા છોડ) ઉધરસ, દમ, ક્ષય, પાંડુરોગ, કમળો, દુજતા હરસ, ચાંદી, અંતરચાંદી, વીશફોટક, પથરી, સંધીવા, શુનબેરવા, નળબંધવા, તથા લોહી વિકારથી ઉત્પન્ન થતાં દરદો આ દવાના સેવનથી તાબડતોબ દુર થાય છે. ઉજાગરા તથા અ-ભ્યાસથી અથવા બીજા કોઇ કારણથી મંદ થયેલો જઠરાગ્નિને એ ગોળી ઘણી જડપથી પ્રદિપ્ત કરે છે. શ્વેત તથા રકત પ્રદરથી પીડાતી સેંકડો સ્ત્રીઓને એ-નાથી ટુંક મુદતમાં આરામ થાય છે. એ દવા ખાવામાં કોઇપણ જાતની કરી કરવી પડતી નથી. એ ગોળી વાપરવાની વિધ વગેરે હકીકતનું હેન્ડબીલ દવા સાથે મોકલવામાં આવશે. ઉપર કહેલા વ્યાધીમાંથી કોઇપણ વ્યાધી નાબુદ ક-રી શરીરમાં તંદુરસ્તી તથા પુષ્ટી આપવા માટે ૪૦ ગોળા ખાવી જોઇએ. તેથી ગરીબ, તવંગર સરવે આ અમુલ્ય ઔશધીનો લાભ લઇ શકે માટે ચાળી-શ ગોળીની કિંમત માત્ર રૂપીઓ ૧-૦-૦ રાખી છે.

નેત્રાંજન.

(ધોળા, કાળા તથા લાલ રંગના સુરમા)

આ અંજન આંખની દરેક નાડીને પુષ્ટી આપે છે અને અતી અભ્યાસ તથા વાંચવા લખવાથી પેદા થતાં દરેક દરદ ઘણી સફાઇથી મટાડે છે. રતાંધળા-પણું, તિમિર, આંખમાંથી પાણીનું ગળવું, ખીલ, પરવાળાં, ઝાંખ, ફુલાં, પડળ વગેરે આખનાં તમામ દરદો એ દવા વાપરવાથી જડમૂળથી નાશ પામે છે. અજવાળાથી આંખ જંખવાઇ જતી હોય, પાપણો ખરી પડતી હોય, તથા

આંખે ગરમી ચડતી હોય તો આ અંજન આંજવાથી થોડા દિવસમાં તદ્દન આરામ થાય છે. આ અંજન વાપરનારને નાની ઉમરમાં ચસ્મા લેવા પડતા નથી. આંખને પુષ્ટી આપવામાં, દીર્ઘદ્રષ્ટી બક્ષવામાં આ અંજન અકસીર ઉપાય છે. કિંમત ગમે તે રંગના અંજન તોલા ૧ના રૂપીઆ ૨-૦-૦ એ રાખવામાં આવી છે.

કલેફ.

આ કલેફ વાળને મજબુતી આપી ખરી પડતા અટકાવે છે. તેમજ ક્રમમાંક્રમ ત્રણ માસ સુધી વાળને કાળા રાખે છે. એ દવા વાપરતાં આસપાસની જગોપર કંઇપણ ડાઘ પડતો નથી. વળી વાળ વધારવામાં સરસ છે. એજ સોગઠી પાણી સાથે ઘસીને ચોપડયાથી ચાંદી, કાળા ધોલા કોઢ, ગુમડાં, દાદર, ચિત્ર (કરોળીઆ), ઉંદરી, મોહોડા ઉપર દાઘ પડે તે તથા ખસ વિગેરે ત્વચા વિકારો થોડી મુદતમાં તદ્દનુ નાબુદ થાયછે. તોલા એ ભારની સોગઠી ૧ની કિંમત રૂપીઓ ૧-૦-૦ એદ રાખીછે

ઉપર લખેલી દવાઓ જે સદગ્રસ્થોને મંગાવવી હોય તેમણે દવાની કિંમત તથા ટપાલ ખરચના પૈસા મોકલી નીચે સહી કરનાર પાસેથી મંગાવી લેવી. જે લોકોની દવા મળેથી પૈસા આપવા મરજી હશે તેમને વેલ્યુપેએબલ પારસલથી એ દવાઓ મોકલી આપવામાં આવશે. નાટપેડ કાગળ રાખવામાં આવશે નહીં.

આ દવાઓની પરિક્ષા કરી જામનગરની સરકારી ઇસ્પીતાલના ડાકટર સાહેબ, રાવ બહાદુર ગોપાળજી સુરભાઇ, પંચનદ ગટુલાલજી તથા બીજા કેટલાંએક નામાંકિત ડાકટરો, દેશી વૈદ્યો તથા સદ્ગ્રહસ્થોએ સરટીફીકટો આપ્યાં છે તે સર્વે અમરા હેન્ડબીલમાં દાખલ કરયાછે. જે સાહેબો એ દવા મંગાવશે તેમને દવા સાથે મોકલી આપવામાં આવશે.

"અમારી દવાનો લાભ લેનાર સાહેબો કૃપા કરી અમારા ઉપર સરટીફીકટ મોકલાવશે એવી અમારી ખાસ વિનંતિ છે."

આરોગ્ય વર્ધક દવા-
શાળા, જામનગર } વૈદ્ય જટાશંકર વી. પ્રેમજી

એજંટો જોઇએ છીએ.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦મું. માહે જુન સન ૧૮૮૯. અંક ૬ઠો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાશીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂ. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂ. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જુદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપીઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. પરસ્ત્રીનો સંગ ન કરવા વિષે	૧૨૧
૨. પાલિસિ	૧૨૨
૩. પોરબંદર પ્રદર્શન	૧૩૭
૪. મરહુમ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક	૧૪૩
૫. પરચુરણ	૧૪૪

Subjects.	Page.
1. The Poem	121
2. Palicy	122
3. The porbandar exhibition	137
4. The late Rao Saheb Vishvanath Narayan Mandlik	143
5. Miscellaneous	144

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
લાલપુરની સ. ગુ. નિશાળના મેહેતાજી.	૨—૬—૦	પુ. ૧૮-૧૯ અરધીકીમતે
મહુવા પ્રાંત નવશારીની સ. ગુ. નિશાળના મેહેતાજી.	૨—૩—૦	પુ. ૧૯
કોસંબામિત્ર મેલાપ સભાના સેક્રેટરી રણછોડજી લાલભાઇ તરફથી.	૧—૩—૦	પુ. ૨૦
પાદરાની સ. ગુ. નિશાળ.	૦—૩—૦	પુ. ૨૦ પોસ્ટેજના
આમોદ લાઇબ્રેરી.	૧—૬—૦	પુ. ૨૦ અરધી કીમતે પુ. ૧૯ માનુ પોસ્ટેજ
રા. હરજીભાઇ જમાલભાઇની પ્રાઇવેટ સ્કુલ.	૨—૩—૦	પુ. ૨૦
મે. વખતસિંહજી વળા ઠાકોર સાહેબ.	૨—૩—૦	પુ. ,,
બ્રહ્મચારીજી વલ્લભદાશજી.	૨—૩—૦	પુ. ,, અરધી કીમતે
મહુવા નેટીવ લાઇબ્રેરી.	૧—૩—૦	પુ. ,,
નામદાર દીવાન સાહેબ ભાવનગર.	૨—૧૧—૦	પુ. ૨૦
રા. ગીરધરલાલ ભાણાભાઇ કડી અને નવસારીના એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબ.	૨—૩—૦	પુ. ,,
વઢવાણ તાલુકા સ્કુલ.	૦—૨—૮	પુ. ૧૯ અંક ૯ માના
જાફરાબાદના મેહેતાજી ઉમીઆશંકર મુલજી તરફથી.	૩—૩—૦	પુ. ૧૮-૨૦

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે જુન સન ૧૮૮૯. અંક ૬ ઠો.

1. THE POEM.

૧. પરસ્ત્રીનો સંગ ન કરવા વિષે.

(પુરણ થયો છે ખેલ સજનો પુરણ થયો છે ખેલ) એ રાગ.

પરદારાની હાર સજનો કોઇ ન કરશો પ્યાર,
અણુચિતામાં આવી પડશો ખરે થાશો ખુવાર સજનો.
પ્રેમ ઘણો પરનારી સાથે અંતે થવાનો ખાર સજનો.
કામની કેરો નેહ નીહાળી વીર થશે વિકાર સજનો.
મોહ પમાડી એ પરદારા વિઘન કરે કોઇવાર સજનો.
પેહેલાં તમેં તો હશો તુરમાં, પડશો આવી યાર સજનો.
નજર મારી હાવ બતાવી સ્નેહ ધરાવે નાર સજનો.
અવર નારી પ્યાર જણાવી વદી જશે કોઇવાર સજનો.
સ્નેહ વધારી અબળા તારી થશે વેરણ કોઈવાર સજનો.
કદીજ પ્રાણુ પોતાનો ગુમાવે કુસંગતી કરનાર સજનો.
સુરંગમાં વળી ભંગ કરાવે વિયોગથી એ વાર સજનો.
પ્રીત થતાં એ નારી નરને ભાસે ભલી દીલદાર સજનો.
મહા મોહનો કુપજ જાણો પડો નહી ધરી પ્યાર સજનો.
કુમતી આવે સુમતી જાવે ભમે ભ્રષ્ટ વિચાર સજનો.
અપાર કષ્ટનો કિનાર નારી જાણી ન કરશો જાર સજનો.
પાપનું મૂળ એ વૃક્ષ પ્રમાણુી તજી કરો તુચ્છકાર સજનો.
વિશાળ ને વળી રસાળ ગુણ તે જાય કિધાથી જાર સજનો.

જાર કર્યાથી જરૂર થાશે કુળ તણો સંહાર સજનો.
એવી નારીથી અવર જનને નથી મળ્યો કંઇ સાર સજનો.
એ દુરગુણથી આગળ તમને હાની પોહોચે હજાર સજનો.
ઉદાસી અહો નિશ રહેશે જીંદગી થાશે ખુવાર સજનો.
સૂરા ભાઇઓ સાવધ તમને કરૂં છું આ વાર સજનો.
અરજ મારી ઉરે ધારી તજો પરનાર સજનો.

પરશોતમ વાલજી શુકલ.
ઉમરાળા, મહેતાજી કન્યાશાળા.

2. PALICY.

૨. પાલીસિ.

ફ્રાન્સની દક્ષિણે આગેન પરગણામાં[1] આશરે ઇ સ. ૧૫૧૦માં બર્નાડ પાલિસિ જન્મ્યો હતો, એમ કલ્પના બંધાય છે. એનો બાપ કાચનો ધંધો કરતો. તે તેણે દીકરાને શીખવવા માંડ્યો. એનાં માબાપ બાપડાં નિર્ધન હતાં; તે એવાં ગરીબ હતાં કે છોકરાને ભણવાને નિશાળે પણ મૂકી શક્યાં નહીં. પાલિસિ તેની પાછલી ઉમરે કહેતો કે, ગગન અને ધરતી વગર બીજાં કોઇ પુસ્તક મારી પાસે નહતાં. એ પુસ્તકો જેને જોઇએ, તેના આગળ સદા ઉઘાડાંજ છે. એમ છતાં તે કાચ રંગવાનું કામ શીખ્યો; તે પછી તે ચીતરવાનું કામ શીખ્યો; અને છેવટ જતાં વાંચતાં લખતાં શિખ્યો.

કાચનો ધંધો પડી ભાગવાથી આશરે અઢાર વરસની ઉમરે પાલિસિ ખાંધે ખાવાનું પોટકું મૂકીને બાપના ઘરમાંથી નીકળ્યો; અને જગતમાં કોઇ એના લાયકની જગા જડે, તો તે જોઇ કાઢવા મંડ્યો. તે પ્રથમ ગાસ્કની[2] તર્ફ ચાલ્યો. રસ્તામાં જ્યાં ધંધો જડે, ત્યાં તે કરતો જતો; વળી વખત આવે

---

૨ જેટલા વિભાગમાં ધર્માધ્યક્ષની સત્તા ચાલતી હોય, તેટલા એક વિભાગને 'ડાઓસીસ' કહેછે. ગૂજરાતી ભાષામાં એને મળતી સંજ્ઞા ન હોવાથી, 'પરગણું' નામ આપવું પડયું છે.

૨ ગાસ્કની, ફ્રાન્સના નૈરૂત્ય ખૂણામાં ફ્રાન્સનો જૂનો પ્રાંત.

તો જમીનની માપણીનું કામ પણ કરતો. પછી તે ઉત્તર ભણી જવા લાગ્યો. તેમાં ફ્રાન્સનાં ઘણાંક ગામોમાં તે કામ પ્રમાણે રોકાતો; અને એવીજ રીતે તે ફ્લાંડર્સ[3] અને લોઅર જર્મની[4]માં પણ અનેક ઠેકાણે રોકાતો રોકાતો ફર્યો.

એ પ્રમાણે પાલિસિએ દશેક વરસ ભમવામાં કાઢયાં. પછી તે પરણ્યો, એટલે ભટકવાનું તેણે મૂકયું. હવે લોઅર શારેંટના[1] સેંટસ નામના નાના કસ્બામાં રહીને કાચ ચીતરવાનો અને જમીન ભરવાનો તે ધંધો કરવા લાગ્યો. અહીં એને છોકરાં થયાં; તેથી તે ફિકરચિંતામાં પડયો, એટલુંજ નહીં, પણ તેને માથે ખરચનો બોજો વધવા માંડયો. એ ગમે એટલી મજુરી કરે, તોપણ તેના ખરચ કરતાં કમાણી બહુજ કમી હતી; તેથી તેને હવે જાગૃત થવાની જરૂર પડી. કાચ ચીતરવામાં તેને અનિશ્ચિત પેદાશ થતી. એવા ઢંગ વગરના ધંધા કરતાં કંઇ બીજાં મોટાં કામો મારાથી કેમ ન થાય, એવી લાગણી તેના મનમાં કદાચ્ ઉગી આવી હશે; અને તે સબબથીજ મટોડાનાં વાસણ ચીતરવાનો અને તે ઉપર મીનો દેવાનો હુનર અજમાવવા તર્ફ એનું મન દોડયું. પણ એ બાબતમાં તે કેવળ અજાણ્યો હતો; કેમકે તેણે આ ધંધો હમણાં હાથમાં લીધો, તે પહેલાં તેણે માટી પકવતાં પણ કોઇ દિવસ જોઇ નહતી; તેથી કોઇની પણ સહાયતા વિના આ કામ તેને નવેસરથીજ શીખવાનું હતું. પણ તે આશા ઉમંગથી ભરેલો હતો. તે નવું કામ શીખવાને આતુર હતો. તેનામાં અપરિસીમ આગ્રહ હતો; અને તેનામાં અક્ષય ધીરજનો ગુણ ઓપતો હતો.

ઇટાલિઅન બનાવટનો એક સુંદર પ્યાલો તેણે દીઠો. લ્યુકા ડેલા રાબિઆના હાથના હુનરનોજ ઘણું કરીને એ હશે. પાલિસિને એ નવો હુનર હાથ કરવાને એ પ્યાલો જોઇને મન થયું. દેખાઇતાજ આવા નજીવા બનાવથી સામાન્ય પ્રાતના માણસને કંઇ પણ વિચાર આવે નહીં. પાલિસિએજ જો એ વાસણ કોઇ બીજે સાધારણ પ્રસંગે જોયું હોત તો એનાજ મન ઉપર

૩ ફ્લાંડર્સ, હાલંડ દેશનો એક પ્રાંત, હાલ તે બેલ્જીઅમના તાબામાં છે.

૪ લોઅર જર્મની, હવે એ નાના વિભાગો સંધાઇને ઇ. સ. ૧૮૭૧માં મોટી જર્મન સહેનશાહત ખડી થઇ છે.

૧ શારેંટ આંફેરીયર અથવા લોઅર શારેંટ, ફ્રાન્સનો એક પ્રાંત, ક્ષેત્રફળ, ૨,૭૪૦ ચોરસ માઇલ, વસ્તિ, ૪,૬૫,૬૦૦.

કશી અસર થાત નહીં. પણ જે વખત તે પોતાનો અસલ ધંધો છોડીને બીજો ધંધો માંડવાના વિચારમાં હતો, તે અરસામાં આ એક પ્યાલો જોઇને તેના જેવો બીજો નમુનો બનાવવાને એને અત્યંત ઉત્કંઠા થઇ આવી. આ પ્યાલા ઉપર દૃષ્ટી પડવાથી તે આકુળ વ્યાકુળ થઇ ગયો; અને એ ઉપર મીનાનો ઓપ શી રીતે આ પ્રમાણે ઝળકી રહ્યો છે, તેનો ભેદ શોધી કાઢવાને તેણે દૃઢ નિશ્ચય કર્યો. તે ઠરાવ તેના મનમાં ભૂતની પેઠે ભરાયો. જો આ વેળા તે વાંઢો હોત, તો એ હુનર હાથ કરવાને તે ઇટલિ સુધી પ્રવાસ કરત; પણ તેની સ્ત્રી અને છોકરાં પ્રત્યે તેની જે ફરજો હતી, તેને લીધે તેનાથી નીકળાયું નહીં; તેથી તે તેમની પાસે રહીને માટીનાં વાસણ બનાવવાની અને તે ઉપર ચળકતો ઓપ દેવાની ક્રિયા શોધી કાઢવાની આશાથી અંધારામાં ફાંફાં મારવા મંડ્યો.

પ્રથમ તો મીનો કરવામાં કયી કયી વસ્તુઓ આવતી હશે, તેની તે માત્ર અટકળ કરવા લાગ્યો. ખરેખાત તેમાં કયી કયી જણસો હશે, તે નક્કી કરવાને તે સઘળી જાતના પ્રયોગ કરવા પાછળ મંડ્યો. એની બનાવટમાં ફલાણા ફલાણા પદાર્થો આવ્યા હશે, એમ ધારીને તે બધાનો તેણે વાટીને ભૂકો કર્યો. હવે તેણે મટોડાનાં સાધારણ વાસણ વેચાતાં લીધાં; તેના કટકે કટકા કરી નાખ્યા; અને તેમના ઉપર પોતે તૈયાર કરેલો રસ ચોપડીને, એ કામ સારૂ ભઠ્ઠી બનાવી હતી, તેના તાપમાં પકવવાને તે મૂક્યાં. આ અજમાએશથી કંઇ વળ્યું નહીં; તેમાં ફળ માત્ર એટલુંજ કે વાસણ મફતમાં ભાગ્યાં, બળતણ નકામું બાળ્યું, વસાણાનાં પૈસા છૂટી પડ્યા, અને એનો વખત ગયો તથા એને મહેનત પડી તે જૂદાં. બાપડાં છોકરાંને પહેરવાને લૂગડાં જોઇએ અને ખાવાને અન્ન જોઇએ; તેમને હેરાન કરીને વગર કારણે પૈસા ઉડાવી દેવાની અજમાએશનો ધંધો માંડવો બૈરાંઓને ગમતો નથી; તેથી પાલિસિની પત્ની બધી વાતે આજ્ઞાકારી હતી પણ ગેળા લઇ લઇને ભાગવા અને ખાલી પૈસા ફેંકી દેવાની વાત તેને ગળે ઉતરી નહીં. પણ અબળાજાતિ એટલે કબુલ ન કરે તો બિચારી કયાં જાય? કેમકે પાલિસિ તો નક્કી નિશ્ચય કરીને બેઠો હતો કે ઓપ ચઢાવવાની આંટી ખોળી કાઢવીજ છે; અને તે વિના મારે જંપીને બેસવું નથી.

મહિનાના મહિના સુધી અને વરસનાં વરસ સુધી પાલિસિ પોતાના પ્રયોગ પાછળ મંડ્યોજ રહ્યો. તેણે પહેલી વારની ભઠ્ઠી પોતાના ઘરમાં

કરી હતી, તે નકામી પડવાથી તેણે બીજી બારણા બહાર ઉઠાવી. આગળ કરતાં બીજી ભઠ્ઠીમાં તેણે બહુ લાકડાં બાળ્યાં, બહુ વાસણ અને વસાણાં બગાડ્યાં, બહુ વખત ગાળ્યો; અને છેવટ એ થયું કે દારિદ્રતા તેના ઘરમાં આવીને હાજરાહજૂર ખડી રહી. આ વખત પાલિસિ બિચારો બોલ્યો કે, શોક સંતાપ અને સંકટમાં ઘણાં વરસ મેં નકામાં ગાળ્યાં; કેમકે મારી ઉમેદ લેશ માત્ર બર આવી નહીં. તે આ અખતરા કરતો, તેમાં તેને જે નવરાશ મળતી, તેમાં તે પ્રસંગોપાત તેનો અસલ ધંધો કરતો; કાચ ઉપર ચિત્ર કામ કરતો, તસવીરો કાઢતો, અને ભોંય ભરતો; પણ તેમાંથી એનો ખરચ નીકળતો નહીં; પેદાશ બહુજ થોડી હતી. બળતણનો ખર્ચ એને એટલો ભારે પડવા લાગ્યો કે, તે પોતાના પ્રયોગ પોતાના ભઠ્ઠાથી અજમાવી શક્યો નહીં. માટીનાં વાસણના કટકા તેણે વળી વેચાતા લીધા. એ મોટા કટકા હતા, તે ભાગીને તેના ત્રણશે ચારશેં ઝીણા કટકા કર્યા. તે ઉપર તેણે ખરળ કરેલો રસ ચોપડ્યો; અને પોતાના સેંટસ ગામથી એ અઢી ગાઉ ઉપર નળીઆનો નીભાડો હતો, તેવી સાધારણ ભઠ્ઠીમાં અજમાએશ કરી જોવાને તે પોતાનાં કામઠીકરાં ત્યાં લઇ ગયો. નીભાડો ઓલવાયા પછી તે પોતાનાં ઠીકરાં જોવાને ગયો; અને જઇને જુએછે, તો એ પ્રયોગ પણ મિથ્યા ગયો; એથી એ કેવળ નિરાશ થઇ ગયો. એ નાઉમેદ થયો, પણ તે હારીને બેઠો નહીં; પણ ત્યાંને ત્યાંજ તેણે પુનરારંભ કરવાનું નક્કી કર્યું.

જમીન ભરવાનું કામ નીકળવાથી તેને થોડી એક મુદત સુધી બહાર જવું પડયું; અને તેથી તેના પ્રયોગનું કામ તેને મુલતવી રાખવું પડયું. સરકાર તર્ફથી એક જાહેરનામું નીકળ્યું હતું, તેને અનુસાર સેંટસ ગામની આડખેપડખે જે ખારો આવ્યો હતો તે માપવની જરૂર હતી, કેમકે ખેડાણ જમીન ઉપર કર મૂકવો હતો; તેથી જેટલો ખારપાટ હોય અથવા જે જમીનમાં ખારૂં પાણી ભરાઇ રહેતું હતું, તેટલી જમીન ભરીને નક્કી કરવી જોઇએ કે છેવટે તે સીમની કુલ જમીનમાંથી બાદ કરતાં બાકીની ખેડાણ જમીન કેટલી છે, તે જણાઇ આવે. આ પ્રમાણે માપ કરીને નકશો બનાવવાનું કામ પાલિસિને સોંપવામાં આવ્યું. એ કામ પાછળ એને કેટલીક મુદત રોકાવું પડયું; અને તેનો એને બદલો પણ સારોજ મળ્યો હશે; પણ એ ભરતરી વગેરેનું કામ પુરૂં થયુ કે તરતજ એવડા ઉત્સાહથી મીનાના માર્ગમાં પોતાની જૂની શોધ પાછળ તે લાગુ થયો. માટીનાં છત્રીશ નવાં ઠામના તેણે

કટકા કરી નાખ્યા; જૂદાં જૂદાં વસાણાં વાટીને તેણે રસ કર્યો હતો, તે તે ઉપર ચોપડયો; અને ગામમાં કાચની ભઠ્ઠી ચાલતી હતી તેમાં પકવવાને તે લઇ ગયો. આ પ્રયોગનાંથી કંઇ કંઇ આશાના કિરણ ફૂટયાં. કાચની ભઠ્ઠીના આકરા તાપથી તેનો ચોપડેલો રસ થોડો થોડો ઓગળ્યો હતો; પણ પાલિસિને તો સુંદર સફેદ ઓપનો રંગ જોઇતો હતો; તેનો પત્તો તેને કાંઇ લાગ્યો નહીં.

કંઇપણ સંતોષ થાય એવું ફળ ન મળતા છતાં, પાલિસિ હજુ બીજાં બે વરસ સુધી એ ધંધા પાછળ પ્રયોગ કરતોજ રહ્યો. ખારા પાણીનાં ખાબોચીઆં માપીને તેણે જે બે પૈસા પેદા કર્યા હતા, તે હવે ઉડી ગયા; અને એ પાછો કેવળ ગરીબ હાલતમાં આવી પડયો; પણ તેણે એક છેલ્લો મહાન પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. આ વેળા તેણે ઘણાં ઠામનાં ઠીકરાં કર્યાં. ત્રણસેંથીએ વધારે કટકા કરીને તે ઉપર પોતાનો મિશ્ર ભૂકો ચોપડીને કાચની ભઠ્ઠીને હવાલે કર્યો; અને તેની તપાસને માટે એ પંડેજ ગયો. ચાર કલાક લગી તે ભઠ્ઠી પાસે બેસી રહ્યો. ભઠ્ઠીને ટાઢી પાડીને તેણે જોયું તો ત્રણશેં કટકામાંથી એકજ કટકા ઉપર ચોપડેલો રસ ઓગળ્યો હતો, તેને થંડો પાડવાને બહાર મૂકયો. તે સૂકાતો ગયો, તેમ તેમ તે સફેદ રંગ પકડતો ગયો; છેવટ ધોળો ચળકતો રંગ ઉઠી આવ્યો! એ કટકા ઉપર સફેદ મીનો ઉપડી આવ્યો તે 'અજબ ખુબસુરત' મીનો પાલિસિએ પેલા પ્યાલા ઉપર દીઠો હતો, તેવોજ હતો; અને આટઆટલી સબુરી અને મહેનત પછી જે થયું, તે પાલિસિને ખૂબસુરતજ દેખાય, એમાં નવાઇ નથી. તે કટકો લઇને તે પોતાની વહુ પાસે દોડી ગયો. તે વખત જાણે હું જુવાન બની ગયો હોઉં, એમ મને લાગ્યું, એ પ્રમાણે પાલિસિ લખેછે. પણ હજુ ધારેલું ફળ તો ઘણું દૂર હતું. તે મેળવવું મુશ્કેલ હતું. તેણે આ પ્રયોગને છેલ્લો પ્રયત્ન ધાર્યો હતો. તેનું ફળ માત્ર એટલુંજ થયું કે જરાતરા ફતેહ મળવાથી તેને આશા આવી; અને આશા આવવાથી ઉપરના છેલ્લા પ્રયત્ન પછી પણ તેને ઘણા ઘણા પ્રયોગ કરવાનું મન થયું; અને **'હાર્યો જુગારી બમણું રમે'** તેની પેઠે, એકવાર નિષ્ફળ થયા, તો બીજો પ્રયોગ; તેમાં પાછા પડયા, તો વળી ત્રીજો; અને ત્રીજામાં હાર્યા, તો ચોથો; એમ તે હારતો છતાં પ્રયોગ કરતો આગળ ચાલ્યો.

તે હવે ધારવા લગ્યો કે હું શોધ–સાગરને કિનારે આવ્યો છું, તે પરિપૂર્ણ કરવાને તેણે પોતાના રહેણાક ઘરની પાસેજ એક કાચની ભઠ્ઠી

બાંધવાનો મન સાથે ઠરાવ કર્યો. એમ થવાથી તે પોતાના પ્રયોગ ગુપ્ત રીતે ચલાવવાને શકિતમાન થયો. ઇંટની ભઠ્ઠીમાંથી ઇંટો પોતાને માથે મૂકીને તે ઘેર લાવતો; અને પોતાને હાથેંજ તેણે ભઠ્ઠી બાંધવા માંડી. મજુરનું કામ, કડિઆનું કામ, બધું પોતેજ કરવા લાગ્યો. એમ કરતાં સાત આઠ મહિના થયા. હવે ભઠ્ઠી બંધાઇને કામને માટે લાયક થઇ એટલી મુદ્દતમાં પાલિસિએ કેટલાંએક માટીનાં ઠામ મીનો લગાડવાને માટે ઘસીઘસીને સાફસુફ કરીને તૈયાર કરી મૂક્યાં હતાં. એ કાચાં ઠામને પ્રથમ ભઠ્ઠીમાં પકવીને બહાર કાઢયાં; પછી તેમના ઉપર પોતાનું રસાયન–મિશ્રણ ચોપડયુ; અને છેવટનો અભિષ્ટ, મહા પ્રયોગ કરવાને તેણે તે બધાને ભઠ્ઠીમાં મૂક્યાં. પાલિસિ હવે તો બધી વાતે સાવ ખાલી થઇ ગયો હતો; તોપણ આ મહાસિદ્ધિની પ્રાપ્તિને માટે છેવટના પ્રયોગને સારૂ કેટલીએક મુદ્દતથી તે લાકડાં ભેગાં કર્યા કરતો હતો. તેણે તેનો પુષ્કળ જનાવ કર્યો હતો. ભઠ્ઠી તેણે સળગાવી અને કામ શરૂ થઇ ગયું. તે આખો દિવસ ભઠ્ઠી પાસે બેશી રહીને, તેમાં લાકડાં નાખ્યા કરતો. વળી, તે બધી રાત જાગતો. ભઠ્ઠી પાસે અડગો રહ્યો અને તેમાં લાકડાં ઉમેરતોજ ગયો. પણ તેનું રસાયન મિશ્રણ પીગળ્યું નહીં. આ અથાગ કષ્ટ અને ચિંતામાં સૂર્યનો ઉદય થયો. તેની વહુ તેને નાસતો કરવાને કટકો રોટલો લાવી અને તેના આગળ મૂકયો; કેમકે ખાવા જેટલો પરવાર મેળવીને એ તો ઘરમાં સરખો જતો નહીં. એણે તો ભઠ્ઠીમાં લાકડાં ઉપર લાકડાં ઝીકવાજ માંડયાં. બીજો દિવસ પૂરો થયો; પણ એ મેળવણી હજુ પીગળી નહીં. સૂરજ આથમ્યો, અને બીજી રાત પણ પૂરી થઇ. પાલિસિનું મોઢું ઉતરી ગયું હતું. તે ગાભરો બની ગયો હતો. તેના માથા ઉપર હજામત ઉગી હતી. એ પ્રમાણે હાર ખાધેલો પણ હારી નહીં બેઠેલો પાલિસિ મિશ્રણ ઓગળવાની આતુરતાથી વાટ જોતો ભઠ્ઠી પાસે હજુ બેઠોજ રહ્યો. ત્રીજો દિવસ અને ત્રીજી રાત વીતી. ચાર, પાંચ અને છ; એ પ્રમાણે છ દહાડા અને છ છ રાત લગી આ અજીત અને અજેય પાલિસિ ઉજાગરા અને સંકટ સહન કરતો ગયો; અને આશા નિર્મૂળ છતાં આશા સામા તેણે રણજંગ મચાવી મૂકયો; તથાપિ તેનો ચોપડેલો રસ હઠ કરીને હજુ ઓગળ્યોજ નહીં

આટલું થતાં તેનાં મનમાં એમ આવ્યું કે મીનાને માટે મિશ્રણ કરવાના પદાર્થમાં કંઇ ખામી હશે; એ મેળવણીને ઓગળે એવી પ્રવાહિ કરવામાં કંઇ દોષ આવ્યો હશે; તેથી ફરીથી બીજો પ્રયોગ કરવાને બીજી જણસો

લાવીને નવેસરથી તે વાટવા બેઠો. એમ કરતાં વળી બીજા પંદર વીશ દિવસ વીત્યા; પણ હવે વળી નવા ગોળા ક્યાંથી કાઢવા? તેણે આ મોટા પ્રયોગને માટે પોતાને હાથેજ ઠામ ઘડીને તૈયાર કર્યા હતાં; તે આટલા દિવસના આકરા અને લાંબા તાપથી તદન બગડી ગયાં હતાં. તે કોઇ પણ પ્રકારે બીજી અજમાએશના કામમાં આવે એવાં ન હતાં. એક દમડી સરખી તેની પાસે મળે નહીં; પણ કોઇ ધીરે, તો નાણું કરજે કાઢવાનો તેણે વિચાર કર્યો. તેની વહુ અને તેના આડોશીપાડોશી જાણતા હતા કે નમાલા પ્રયોગ કરવામાં તે મૂર્ખાઇ કરીને પોતાના પૈસા નાખી દેછે; એમ છતાં તેની શાખ હજુ સારી હતી; તેથી તેને પૈસા મળ્યા. બીજાં લાકડાં અને ઠામ ખરીદ કરવા જેટલી રકમ તેના એક મિત્રે એને ધીરી. હવે તે ફરી પ્રયત્ન કરવાને તત્પર થયો. નવા મિશ્રણને નવાં ઠામના કટકા ઉપર ચોપડીને તેને ભઠ્ઠીમાં મૂકીને તેણે દેવતા સળગાવ્યો.

તેણે જેટલા પ્રયોગ કર્યા હતા, તેમાં આ પ્રયોગ આખર નીશાનનો ઝબરદસ્ત હતો. દેવતા તો ભડભડ બળવા લાગ્યો; તાપ ઘણો આકરો થયો; પણ હજુ મીનો પીગળ્યો નહીં. બળતણ ખૂટયું! હવે તાપ આકરો શી રીતે રાખવો? તેની વાડીને લાકડાંના કઠેરાની વાડ કરી લીધી હતી. એ બાળ્યા હોય તો બળે ખરા. આ મહા પ્રયોગ નિષ્ફળ જાય, તેના કરતાં એ બધાં લાકડાંને હોમી ઘાલવાં, એ ઠીક. કઠેરાને ઉપાડી ઉપાડીને ભઠ્ઠીમાં નાખવા માંડયો. તેને પણ ફાકટ બાળી દીધો. મીનો ઓગળવાનું હજુ કંઇ ઠેકાણું નહતું. તેણે ધાર્યું કે દશેક મિનિટ જો આવો આકરો તાપ રહે તો વખતે ઓગળે. ગમે તે થાઓ, પણ બીજું બળતણ જોઇએ. ઘરના સરસામાન અને ભંડારીઆં તથા અવળાઇ ઉપર પાલિસિની નજર પડી. ઘરમાં ખેંચતાણનો અવાજ થયો. પાલિસિનું મગજ ખસી ગયું છે, તે ગાંડો થઇ ગયો છે, એમ જાણીને તેની વહુ તથા છોકરાં બૂમરાણ કરી રહ્યાં; તે ન ગણકારતાં ઘરમાં જે મેજો હતી, તેને પાલિસિએ ભાંગીને ભઠ્ઠીમાં નાખી! પણ હજુ મીનો ચોપડયો હતો, તેમને તેમજ રહ્યો. હવે અવળાઇ અને ભંડારીઆં રહ્યાં. ભીંતમાં જડેલાં લાકડાં કોઇ બહાર ખેંચી કાઢતું હોય એવો અવાજ થઇ રહ્યો; અને અવળાઇઓને તોડી પાડીને ટેબલ પાછળ તેને પણ દેવતામાં ફૂંકી મૂકી. હવે એનાં બાયડી છોકરાં ઘરમાંથી નાઠાં; અને આખા ગામમાં દિવાનાની પેઠે દોડતાં જાય અને બૂમો પાડા કહેતાં જાય કે, પાલિસિ

બાપડો ગાંડો બની ગયો છે, અને ઘરના બધા સામાનને ભઠ્ઠીમાં હોમીને બાળી દેછે.

પાલિસિના પોતાના શબ્દોમાં બોલીએ તો તે નીચે પ્રમાણે વાત હતી:[૧]—બળતણનાં લાકડાં થઇ રહ્યાં, એટલે મારી વાડીની આસપાસ વાડ કરવાને મેં લાકડાં ખોડયાં હતાં, તે મારે ઉપાડી લાવવાં પડયાં. એ લાકડાં બળી રહ્યાં ત્યારે મારા ઘરમાં ટેબલો અને અવળાઇઓને ભઠ્ઠીમાં નાખવાની મને જરૂર પડી. બીજી વારનો મહા પ્રયોગ કરવામાં મારે ઉપર મુજબ કરવું પડયું. આ ટાણે મારા મનને જે વેદના થતી, તે કહી જાય તેમ નથી. ઘણી મહેનતથી અને ભઠ્ઠીના તાપથી હું છેક થાકીને લોટપોટ થઇ ગયો હતો. એક મોહનાથીએ ઝાઝું થયું મારા ડીલ ઉપરનું બદન સૂકાવા પામ્યું નહતું; પણ મારા સૂકાવામાં કાંઇ બાકી નહતી. મારા દુઃખમાં દિલાસો મળવો તો રહ્યો, પણ સૌ મારી ઠેકડી કરતું; અને મારાં બાઇડી છોકરાંઓએ મને આ સમે ધીરજ આપવી જોઇએ,—મને મદદ કરવી જોઇએ; તે વાત તો એક કોરે રહી; પણ તેમણે તો ઉલટી ગામમાં દોડાદોડ કરી મૂકીને મારી ભવાઇની ભૂંગળ ફૂંકી. આમ થવાથી લોકોમાંથી મારી શાખ જતી રહી અને તેમના મનમાં હું હલકો પડી ગયો. વળી, બીજા એમ વાતો ચલાવવા લાગ્યા કે હું ખોટા શિક્કા બનાવવાના ભૂંડા ધંધામાં પડયો છું; આવા બોલ સાંભળીને મને પગથી તે માથા સુધી જ્વાળા લાગતી; અને જાણે કોઇ પાપી માણસ હોઉંની, તે પ્રમાણે નીચે મોઢે હું ગામમાં જતો આવતો. કોઇ પણ માણસે મને આશ્રય આપ્યો નહી; પણ સર્વે ભેગા થઇને મારી હાંસી કરવા લાગ્યા અને બોલવા લાગ્યા કે, આ પાલિસિના પ્રારબ્ધમાં ભુખે મરી જવાનું લખ્યું છે. એ એવો ધંધો લઇબેઠો છે કે એ ભૂંડે હાલે મરશે. જયારે હું ગામમાં કોઇ મ્હોલ્લામાંથી જતો આવતો હોઉં, તે વેળા ઉપરના જેવી બધી ખબરો મારે કાને પડતી.

ઇ. સ. ૧૮૪૪માં પારિસ નગરમાં પાલિસિના સંપૂર્ણ ગ્રંથો નામનું પુસ્તક છપાઇને બહાર પડયું છે, તેમાં 'કુંભાર કામની કળા'ના વિષયમાંથી ઉપરનો ઉતારો લીધો છે.

એક મહિનો થયો, તેણે તેના શરીર ઉપરથી બંડી સરખી કાઢી ન હતી. તે કેવળ ઘસાઇ ગયો હતો. મહેનત, ચિંતા, ઉજાગરા, અને રોટલા-

૧ પાલિસિના ફ્રેંચ ઉપરથી ગૂજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું છે.

ની તાણને લીધે તે છેક બેહાલ બની ગયો હતો. તેને માથે કરજ થયું હતું; અને તે ગગડીને છેક હેઠે બેસવાની તૈયારીમાં હતો. પણ છેલ્લી નિદાન તેને મીનાનો ભેદ માલમ પડયો; કારણ કે છેલા સપ્ત તાપની આકરી આંચથી ઓપ ઓગળ્યો. ભઠ્ઠી ટાઢી પડયા પછી, તેમાંથી ઘરમાં વાપરવાના ગોળાના કટકા બહાર કાઢીને જોયા, તો તે ઉપર ધોળો મીનો ચળકી રહ્યો હતો આ કામ પાર પડતા સુધી તેને માથે તિરસ્કાર અને ધિઃકારનો વરસાદ વરસ્યો, અને લોકોએ ન થાય એટલા વાના કર્યા; પણ સુખના દિવસ આવવા માંડયા, તેમ તેમ તે પોતાની શોધનું પારખું લેવા લાગ્યો; અને તેવો તક મળતા સુધી, તેણે ધીરજથી વાટ જોયા કરી.

પાલિસિએ એક કુંભારને પોતાને ત્યાં કામે રાખ્યો. તેને પોતાના મન ગમતા નમુના આપીને તે પ્રમાણે તે તેની પાસે ઠામ ઘડાવવા લાગ્યો અને પંડે માટીના કેટલાંએક ચિત્ર કામવાળાં ચોરસાં બનાવવા મંડયો. તે ઉપર પછી ધોળો ચળકતો ઓપ દઇને મકાનોના દરવાજાને માથે જડવાના કામમાં તે આવતાં. પણ એ વાસણો તૈયાર થઇને વેચાય, ત્યાંસુધી પેટની પૂજા શી રીતે કરવી? આખા કુટંબનો નિર્વાહ શી રીતે કરવો? દૈવયોગે એ વેળા સેંટસ ગામમાં એક માણસ રહેતો હતો. તે પાલિસિના આવા શેખસલ્લીના વિચારને અગર વખોડતો, તોપણ તેની સાચવટ ઉપર તેને પૂરો ભરોસો હતો. આ માણસ એક વીશીનો મૂખી હતો. પાલિસિ પોતાનું કારખાનું ચલાવે, તેવામાં છ મહિના સુધી તેને ખાવાને ધાન અને રહેવાને ઘર આપવાની તેણે હા કહી. પેલા કુંભારને પાલિસિએ રોજે રાખ્યો હતો; તેને તેના ચઢેલા રોજ આપવાને પાલિસિ પાસે પૈસા ન હતા. ઘર નાગું કરીને તેણે તેના કુટુંબને વીશીમાં મોકલ્યું; હવે માત્ર જાત નાગી કરવાની રહી; તેથી પેલા કુંભારને તેના માગણા પેટે એણે પોતાનાં કેટલાંક લૂગડાં આપ્યાં.

પાલિસિએ હવે એક સારી ભઠ્ઠી બનાવી; પણ તેના નસીબમાં વિટંબણા તેથી માંહેના થોડાએક ભાગમાં તેણે ચકમકના પથરા વાપર્યા. ભઠ્ઠી તપી, એટલે ચકમકના ફાટીને ચૂરા થઇ ગયા; અને તેમાંના અણીદાર ઝીણા કણ ઉડી ઉડીને ભઠ્ઠીમાં મૂકેલા ઠામને ચોંટી ગયા. ઓપ તો ઉઠયો; પણ ચકમકના કણ ચોંટી જવાથી તમામ કામ રદ થઇ ગયું; અને છ મહિનાની મહેનત છૂટી પડી વાસણો બગડી ગયા છતાં, લોકો

હલકી કીમતે લેવાને રાજી હતા પણ પાલિસિને એ વાત ગમી નહીં તે બોલ્યો કે એમ કરવાથી મારી આબરૂ હલકી થાય અને તેને ડાઘ લાગે; તેથી તેણે એ સઘળાં ઠામના કટકા કરી નાખ્યા. તે કહેછે કે આમ થયા છતાં, મારા મનમાં આશા અમર હતી; તેથી હું દૈવતવાન રહેતો; તેથી છાતીએ હિમ્મત રાખીને હું મંડયોજ રહ્યો. કોઇ કોઇ વખત જ્યારે માણસો મને મળવા આવતા, ત્યારે મારા હૈયામાં તો હોળી ધીકતી હોય; તોપણ મજાક ઠઠ્ઠાની વાતો કરીને હું તેમને ખુશી કરતો. મારાં પોતાનાંજ ઘરનાં માણસો મારી જે હાંસી કરતાં, અને મારી પછવાડે ખાઇપીને મંડતાં, એ દુઃખ મારે માથે બધાં દુઃખથી મોટું હતું. તેઓ એવા કમસમજનાં હતાં કે મારે પૈસા ખરચવા નહીં અને કામ કરવું, વગર સાધને ધારેલું કામ સાધવાને તેઓ હઠ કરીને મને કહેતાં. કેટલાંએક વરસ લગી મારી ભઠ્ઠીઓ ઉઘાડી, ખુલ્લી હવામાંજ રહી; અને જ્યારે તેમની આગળ રાત દહાડો બેસીને મારે જાગરણ કરવું પડતું, ત્યારે વરસાદ અને વાનું મારા ઉપર કરવાનું બાકી હોય, તે તે પૂરૂં કરતાં. એવા સંકટમાં મને કોઇ સહાય કરનાર કે દિલાસો દેનાર મળે નહીં. એક તર્ફથી બિલાડીઓની લડાઇના લાંબા પોકાર અને બીજી તર્ફથી કૂતરાં રડે, એ સિવાય બીજું કાંઇ મારે કાને પડતું નહીં. કોઇ કોઇ વખત તો તોફાન એવા જોરથી ઉપડતું અને ભઠ્ઠીઓની સામા વા એવા જુસ્સાથી ફુંકતો કે મારે ઘરમાં ભરાવું પડતું. જાણે કાદવ કીચડમાંથી મને ખેંચી કાઢયો હોય, એવી દુર્દશામાં, વરસાદમાં ગચકાબોળ થઇ ગએલો, મધ્ય રાતે કે પ્હો ફાટતાં હું ઘરમાં સૂવા જતો. દીવા વિના આમ તેમ ફાંફાં મારતો; અને જાણે દારૂ પીધેલા, છાકટા માણસની પેઠે આમ તેમ અથડાતો, કૂટાતો, અને ઠોકર ખાતો હું ઘરમાં જતો. આટ આટલી લાંબી મુદ્દત સુધી કષ્ટ ભરેલી મહેનત કરતા છતાં, કંઇ ફળ મળે નહીં તેથી છાતીમાં ડૂમો ભરાઇ આવે અને ઉજાગરે થાકીને લોથ જેવા થઇ જવાય અને ફેર આવે, તેથી ખરૂં કહીએ તો પીધેલ જેવા થવાય, એમાં નવાઇ નથી. પણ અરે હાય, મારે ઘેર પણ મને વિશ્રામ ન મળે; વરસાદ અને કાદવથી પલળીને ખરાબ થઇ ગએલો મારા સૂવાના ઓરડામાં જાઉં એટલે તો બહારના થોડા દુઃખમાંથી નીકળીને જાણે અંતઃપુરના અત્યંત અંતર્દુઃખમાં આવી ફસાયો, એમ મને જણાતું. હવે હાલ જ્યારે હું એ બધી વાતનો વિચાર કરૂંછું ત્યારે મને અજાયબી લાગેછે કે

આટલી બધી આફ્તોમાં હું ગળાઇને મરી કેમ ન ગયો!

આ વખતે પાલિસિ શોક નિમગ્ન બની ગયો; અને તે આશા-ભંગ થઇ ગયો તે સઘળી વાતે જાણે દુઃખ દરિઆમાં ડુબેલો હોય, એમ દેખાતું. સેંટસ ગામની સીમમાં તે ઉદાસ હાલતમાં આમ તેમ ભમતો. જાતે હાડકાંનો માળો બની ગયો હતો, અને ડીલ ઉપર લુગડાંનાં ચીથરાં લટકતાં હતાં. તેના પુસ્તકમાં એક તાજુબ થવા જેવી વાત તે લખેછે, કે મારા પગના ગોટલા એવા તો ગળાઇ ગયા હતા કે બધ બાંધ્યા છતાં પગે મોજાં રહેતાં નહીં. હું ચાલું એટલે મોજાં ઉતરી પડીને પગની પાની સુધી આવી પડતાં. વળી તે લખેછે કે,[1] ભઠ્ઠીના તાપથી ઠામ ઉપરનો મીનો એગળીને તેજદાર કરવામાં હું પાર પડયો, તે પહેલાં આ સઘળાં સંકટથી હું એવો નાઉમેદ અને મનભંગ બની ગયો હતો કે, કબરસ્તાનના દરવાજામાં દાખલ થવાને હું લાયક થયો હતો. આ ઉદ્યમ પછવાડે મંડતાં, દશ વરસના અરસામાં મારૂં અંગ જબરૂં અને મજબૂત હતું, તે એવું ગળાઇ ગયું કે મારા પગમાં ગોટલા કે માંસના લોચાનું નામ મળે નહીં. મારા પગ જાણે લાંબી લાકડીઓ જેવા થઇ ગયા. તેમના ઉપર હું મોજાં ચઢાવીને બધ બાંધતો, અને જેવો એકદમ ચાલવા જતો કે તે મોજાં મારી એડી સુધી ઉતરી પડતાં. એના ઘરનાં માણસ એને વારંવાર ઠપકો દઇને કહેતાં કે, ઘર સંસારની તમને કંઇજ ફિકર કે કાળજી નથી; એના આડોશીપાડોશી એનો મૂર્ખાઇ ભરેલો મમત જોઇને તેનો ફિટકાર કરતા. આમ થવાથી કેટલીએક મુદ્દત સુધી તે પોતાનો અસલનો ધંધો કરવા લાગ્યો. એક વરસ લગી ખંત રાખીને ઉદ્યમ કરી કરીને પોતાના કુટુંબનું તે ગુજરાન ચલાવવા લાગ્યો; અને પાડોશીઓમાં પોતાની ગઇ આબરૂને કાંઇક ઠેકાણે પાડીને તે પાછો તેના જીગરના કામ પાછળ મંડયો. અત્યાર સુધીમાં મીનાની શોધમાં તેણે દશેક વરસ તો ગુમાવ્યાં હતાં; તે ઉપર વળી બીજાં આઠેક વરસ સુધી અગણિત પ્રયોગનો પરિશ્રમ કર્યો, ત્યારેજ તે તેની શોધમાં સંપૂર્ણ વિજયી થયો. ઘણીવાર નિષ્ફળ થવાથી તેણે ઘણું ઉપયોગી જ્ઞાન મેળવ્યું; અને ઘણો અનુભવ થવાથી ધારેલું ફળ પ્રાપ્ત કરવાને તેનામાં ધીમે ધીમે ચપળતા આવી અને મનમાં પતીજ પણ પડતી ગઇ. દરેક દુઃખમાંથી તે બોધ લેતો. એક પ્રયોગ મિથ્યા ગયો, તો મી-

[1] પાલિસિનાં ફ્રેંચ પુસ્તક ઉપરથી ગુજરાતીમાં ભાષાંતર.

નાના મિશ્રણમાં જે પ્રાકૃતિક દોષ હતો, તે તેને સૂઝી આવ્યો; બીજો પ્રયોગ બગડયો, તો કુંભાર-કામનાં માટીના જૂદા જૂદા ગુણનું તેને જ્ઞાન થયું. ત્રીજા પ્રયોગથી જૂદી જૂદી મટોડીની કેવી રીતે મેળવણી કરવી, તે તેણે જાણ્યું; ચોથા પ્રયોગે તેને ભઠ્ઠી બનાવતાં અને ચલાવતાં શીખવ્યું. એ પ્રમાણે દરેક આફતમાંથી તેને કાંઇ કાંઇ પણ નવું શીખવાનું મળી આવતું.

ઉપર પ્રમાણે સોળેક વરસ સુધી જ્યારે પાલિસિએ મહેનત કરી, ત્યારે તેને હીમ્મત આવી, અને તે કુંભાર નામથી પોતાને કહેવા લાગ્યો. એ હુનર-દેવીની તેણે સોળ વરસ સેવા કરી, ત્યારે તે પ્રસન્ન થઇ. એ મુદ્દતમાં છેક કક્કેથી માંડીને આપ અકલ અને જાત-મહેનતથીજ એ હુનર એને શીખવો પડયો હતો. હવે એ પોતાના વાસણ વેચીને તેના કુટુંબનું સારી રીતે ભરણપોષણ કરવા લાગ્યો. પણ આટલેથી સંતોષ માનીને તે બેઠો નહીં. એક પગથીએથી બીજે અને બીજેથી ત્રીજે, એ પ્રમાણે એણે સુધારાગાં આગળ કદમ ભરવાજ માંડયાં. જેટલી સંપૂર્ણતા પોતાના કામમાં લાવી શકાય તેટલી લાવવીજ, એવી એની નિરંતર ધારણા હતી. પોતાનાં વાસણ ઉપર ચિત્રો આળેખવાની ખાતર કુદરતી પદાર્થોનો તેણે અભ્યાસ કરવા માંડયો; અને એ કામમાં તે એટલે સુધી પાર પડયો કે મહાન બૂફો[1] એને વિષે બોલ્યો કે, સૃષ્ટિની લીલાથીજ નીપજી શકે એવો એ કુદરતી ચીજો જાણનાર હતો. તેણે ચીતરેલાં કામ બનાવ્યાં છે, તે પ્રાચીન પદાર્થોનો સંગ્રહ કરનાર પુરૂષોના અભ્યાસ-ઓરડામાં હોય તો તે દુર્લભ રત્ન જેવો ગણાયછે; અને તેની કીમત કહી ન જાય એટલી ઉપજેછે. વાંચનારના સંતોષને માટે અમે એકજ દાખલો આપીએ છીએ. થોડાંએક વરસ ઉપર લંડનમાં મિ. બર્નલે પુરાતન દુર્લભ પદાર્થોનો સંગ્રહ કર્યો હતો, તે વેચાયો, તેમાં પાલિસિના હાથની એક નાની રીકાબી હતી. તેનો માત્ર એક ફુટનો વ્યાસ હતો. તેમા વચ્ચે ગરોળી ચીતરી હતી. એ રીકાબી ૩૧૬૨૦ની કીમતે વેચાઈ. એનાં ઘણાં ખરાં ચિત્ર-કામમાં કુદરતની ચીજોની આબેહુબ નકલ ઉઠાવેલી માલમ પડશે. સેંટસ ગામની સીમમાં જે જંગલી જનાવરો, ગરોળીઓ, ઝાડપાન તેના જોવામાં આવતાં તે કોઇ ઘુમચા કે ઘરેણાંની પેઠે જાળવી રાખવા

૧ જોર્જ લૂઇ લેકલેરિક કાઊંટ ડ બૂફોં, ઈ. સ. ૧૭૦૭-૧૭૮૮, પ્રાણી, વનસ્પતિ, ખનીજ વગેરે શાસ્ત્રો જાણનાર એક મહાન ફ્રેંચ પુરૂષ.

જેવા વાસણની બનાવટમાં એ ઘણી ચતુરાઇથી બીજાં બેસતાં આવે એવાં ચિત્રનાં આભૂષણ સાથે મેળવી દેતો. જ્યારે પાલિસિ તેની કળાની ટોચે ચઢ્યો, ત્યારે પોતે કુંભાર નામ કહેવડાવતો હતો, તે નામ ફેરવી નાખીને હું 'મૃત્તિકા-કારીગર અને દેશી વાસણનો શોધક' છું, એમ પોતાની મેળે તે કહેવા લાગ્યો.

પાલિસિના સંકટનો હજુ પાર આવ્યો નહતો. તે વિષે થોડુંક બોલવાનું બાકી રહે છે, તે હવે અમે પૂરૂં કરીએ છીએ. ફ્રાન્સની દક્ષિણે જ્યારે ધર્મ-વિગ્રહ અને ધર્મનિમિત્ત ઉગ્ર કાપાકાપી ચાલી રહી હતી, તે વેળા પાલિસિ નિર્ભયપણે જાહેરમાં બોલવા લાગ્યો કે હું પ્રૉટસ્ટંટ[1] પંથી છું, અને તેથી લોકો તેને સ્વધર્મછેદક ગણવા લાગ્યા. તેના શત્રુઓએ એ પ્રાચીન સ્વધર્મ વિરુદ્ધ છે, એમ સરકારમાં જણાવવાથી, સેંટસ ગામમાં તેનું ઘર હતું તેમાં સરકારી સિપાઇઓ પેઠા; તેના કારખાનામાં ઉન્મત્ત લોકોનું ટોળું ભરાયું. તેમણે તેનાં તમામ ઠામનો ભૂકે ભૂકો કરી નાખ્યો અને એને પંડને એકદમ રાતમાંને રાતમાં ઉપાડીને લઇ ગયા. એને જીવતો સળગાવી દેવો કે એને ફાંસીને લાકડે લટકાવવો, એ બાબતનો છેવટ હુકમ થતા સુધી તેને બોર્ડો[2]ની તુરંગમાં નાખ્યો. એને બાળી દેવાનો હુકમ થયો; પણ કૉન્સ્ટબલ ડ મૉંટ મોરેન્સી[3] નામના એક બળવાન અમીરે વચ્ચે પડીને તેનો જીવ બચાવ્યો. પાલિસિને વાસ્તે કે પાલિસિના ધર્મને વાસ્તે આ ગૃહસ્થને કંઇ ખાસ પ્રેમ હતો એમ નહીં; પણ પારિસથી ૭ કોસ ઉપર એકવાં ગામમાં તેનો બગીચાદાર, કિલ્લાકોટવાળો બંગલો ચણાતો હતો; તે ભવ્ય મકાનને શોભે એવી ચળકતી, ઓપદાર પથ્થરની એને સડક બાંધવી હતી; તે બાંધવામાં એને પાલિસિ જેવો બીજો

૧ ખ્રિસ્તિ ધર્મનો એક પંથ. ધર્મગુરૂ પોપની વિરુદ્ધ થઇને 'પ્રૉટસ્ટંટ' માર્ગ ચલાવનાર મહા પુરૂષ માર્ટિન લ્યૂથર જાતે જર્મન હતો. ઇ. સ. ૧૪૮૩-૧૫૯૪.

૨ બોર્ડો, ફ્રાન્સનું મોટું બંદર અને ઘણા વેપારનું મથક. વસ્તિ, ૧,૮૩,૦૦૦

૩ આન ડ્યૂક ડ મૉંટ મોરેન્સી, ઇ. સ. ૧૪૯૩-૧૫૯૭; એની બહાદુરી માટે એને ઇ. સ. ૧૫૩૮માં સિપાઇગિરીની કૉન્સ્ટબલની તરવાર ભેટ મળી હતી.

કારીગર મળે એમ નહતું. એનો જીવ ઉગારવાનું એ અમીરને ફક્ત આજ કારણ હતું. વળી એનાજ વગથી પાલિસિને માટે એક પાદશાહી ફરમાન બહાર પડયું. તે ઉપરથી તેને બોર્ડોની હદમાંથી લાગલોજ ખસેડીને પાલિસિની તે કૉન્સ્ટબલના અને પાદશાહના દેશી વાસણના શોધકની જગા ઉપર નીમનોક થઇ. એ પ્રમાણે પાલિસિ છૂટયો; પણ સેંટસમાં આવીને જુએછે, તો એનું ઘર ભાગી તૂટીને ખંડીએર થઇ ગયું હતું. એનાં કારખાનાં ઉપર આકાશનું છાપરૂં રહ્યું હતું, અને તેના કામના ચૂરેચૂરા થઇ ગયા હતા. સેંટસની ધૂળ પગેથી ખંખેરી નાખીને તે ગામમાંથી નીકળ્યો, તે ફરીને તેણે એની સામું જોયુંજ નહીં; અને પારિસમાં આવીને તેણે વાસ પૂર્યો. ત્યાં તેને ટયુએલરીઝમાં રહેવાને ઉતારો મળ્યો. એ ઠેકાણે કૉન્સ્ટબલે અને રાજ-માતાએ જે જે કામ સોંપ્યાં હતાં, તે કરવા પાછળ તે મંડયો.

ફ્રાન્સમાં પ્રૉટસ્ટંટ ધર્મને લગતી જૂની બાબતોનો શોધ કરવાનો મિ. ચાર્લ્સ રીડ નામના ગૃહસ્થને શોખ હોવાથી, તેણે થોડા મહિના ઉપર પાલિસિની ભઠ્ઠી ખોળી કાઢી છે. એ અંગેઠીમાં તે તેનાં મોટાં કામ બનાવતો. મુખ-મુદ્રા, છોડ, પ્રાણી વગેરેનાં બીબાં સારી હાલતમાં હાથ લાગ્યાં છે. તેમાં પાલિસિની પ્રસિદ્ધ મુદ્રા-છાપ સાફ માલમ પડેછે. પ્લેસ ડ કારૂસલને સ્થળે લૂવરના ચિત્ર-પ્રદર્શનના મકાનની હેઠે એ ચૂલો છે.

પોતાના બે દીકરાની મદદથી પાલિસિ કુંભાર-કામનું કારખાનું ચલાવવા લાગ્યો. પોતે આ હુનર હાંસલ કરવામાં જે જે ભૂલો કરી અને જે જે ઠોકરો ખાધી, તેવાં દુઃખ બીજા માણસને ન પડે અને પોતાના દેશી ભાઇઓને એ કળામાં કુશળ કરવાના હેતુથી પાલિસિએ તેની પાછલી ઉમરમાં એ વિષય સંબંધી કેટલાંએક પુસ્તક પ્રગટ કર્યાં. કૃષી કર્મ, કિલ્લા અને બીજાં લશ્કરી બાંધ કામ અને સૃષ્ટીજન્ય પદાર્થોના ઇતિહાસ ઉપર તેણે ગ્રંથો લખ્યા છે; અને કુદરતી પેદાએશની તવારીખ ઉપર તો તે કેટલાંએક માણસોને ભેગાં કરીને ભાષણો પણ આપતો. જ્યોતિષ, જાદુ, કીમીઆ અને એવી ખીજી ઠગવિદ્યાઓ સામાં તેણે લડાઇ મચાવી મૂકી. આથી વળી એની સામા ઘણા શત્રુઓ ઉભા થયા; એ લોકોએ કહ્યું કે એ સ્વધર્મ-છેદક છે; તેથી તેને ફરીથી પકડીને બાસ્ટીલના કિલ્લામાં પૂર્યો. હવે તે ઇઠ્ઠોતેર વરસની પાકી ઉમરનો બુઝુર્ગ આદમી કબરની કોર ઉપર ધૂજતે

પગે આવીને ઉભો હતો; પણ તેના હૈયામાં આગળના જેવીજ હિમ્મત હજુ હતી. તું તારૂં લખેલું પાછું ખેંચી લે, નહીંતો તને મોતની શિક્ષા કરવામાં આવશે, એમ તેને અમલદારોએ કહ્યું; પણ તે મીનાનો ગુહ્ય ભેદ શોધી કાઢવાને જેવો આગ્રહી હતો, તેવોજ તેના ધર્મમાં તે ચુસ્ત હતો. તેનો ધર્મ-મમત મૂકાવવાને સમજુત આપવાને માટે ત્રીજો હેન્રી[1] રાજા તેને પંડે કેદખાનામાં મળવા ગયો. રાજાએ તેને કહ્યું, હે ભલા માણસ, તેં મારી માની અને મારી પીસ્તાળીશ વરસ સુધી નોકરી કરી છે. અગ્નિદાહ અને શસ્ત્ર-છેદના સમરાંગણમાં અમે તારા ધર્મની આડે ન આવતાં, તને તારો ધર્મ પાળવા દીધો છે. હવે ગીસ[2]--પક્ષના માણસો અને મારા પોતાના માણસો મારા ઉપર એટલું બધું દબાણ કરવા લાગ્યા છે કે, તારા શત્રુના હાથમાં મારે તને મૂકવો પડેછે; અને તું જો તારો ધર્મ-મત ફેરવશે નહીં, તો તને તેઓ કાલે બાળી દેશે. એ અડગ જઈફ આદમીએ જવાબ દીધો કે, ખુદાવંદ બાપા સાહેબ, ઇશ્વરના મહિમાને માટે મારી જીંદગી હું અર્પણ કરવાને રાજી છું. આપે મને ઘણી વાર કહ્યું છે કે, આપને મારા ઉપર મહેર આવેછે; અને હવે જ્યારે આપ એમ કહોછો કે, 'મારા ઉપર દબાણ થયું છે, મારે આમ કરવું પડશે' એ સાંભળીને મને આપના ઉપર દયા આવેછે. ખુદાવંદ, આવાં વચન રાજાના મ્હોંમાં શોભે નહીં. એ કારણથીજ આપના કહેવાની કે આપના ઉપર જે ગીસ--ટોળી અને આપનાં માણસો દબાણ કરેછે, તેમની મારા મન ઉપર લવલેશ અસર થતી નથી, કેમકે કેવી રીતે મરણને આધીન થવું, તે હું જાણું છું. જગતનો ઇતિહાસ લખનાર ડોબીનીયા[3] વિશેષ એમ લખે છે કે, આ બકવા કરનારની ઉદ્ધતાઇ તો જુઓ! વાંચનાર કદાચ એમ ધારશે કે તેણે

૧ ત્રીજો હેન્રી, ફ્રાન્સનો રાજા; જન્મ, ૧૫૫૧; ગાદી ઉપર બેઠો, ૧૫૭૪; એક સાધુએ એને મારી નાખ્યો, ૧૫૮૯ ઇ. સ.

૨ હેનરી, ગીસનો હાકેમ; રોમન કાથોલિક ધર્મનો હીમાએતી, અને પ્રોટસ્ટંટ ધર્મનો દુશ્મન. જન્મ. ઇ. સ. ૧૫૫૦; તેની કતલ થઇ, ઇ. સ. ૧૫૮૮.

૩ થીઓડોર આગ્રિપા ડોબીનીયા, ઇ. સ. ૧૫૫૦-૧૬૩૦, એક પ્રસિદ્ધ શૂરવીર અને તવારીખ લખનાર ફ્રેંચ વિદ્વાન. તેના ફ્રેંચ ઉપરથી ઉપરનું ભાષાંતર કર્યું છે.

સેકનો[1]ની નીચેની પંક્તિ લીટી વાંચી હશે, 'જેણે કાળની ગતિ જાણી છે, તેને કોઇપણ શું કરનાર છે? જે કોઇ મરવું છે, એમ જાણે છે, તે વિચારવું જાણતો નથી; કારણ કે જે વિચાર કરી શકેછે, તે મરે કેમ? પાલિસિને અગર ચિતામાં તો બળવાનો વખત ન આવ્યો, પણ એ ટુંકી મુદ્દતમાં એક વીર પુરૂષને મોતે મરણ પામ્યો. એકાદેક વરસની કેદ ભોગવ્યા પછી તે બાસ્ટીલમાંજ મરી ગયો. પુરૂષાર્થે શ્રમથી અંકિત થએલી, અસાધારણ સહનશીલતાથી શાંત થએલી, અડગ પ્રમાણિકપણાથી પ્રસિદ્ધ થએલી, અને બીજા ઘણા દુર્લભ અને શ્રેષ્ટ ગુણોથી ઓપતી જીંદગીનો એ સ્થળે સ્વસ્થ અને શાંત રીતે અંત આવ્યો.

---

૩. THE PORBANDAR EXHIBITION.

૩. પોરબંદર પ્રદર્શન.

ચાલતા માસમાં પોરબંદર ખાતે એક નાના પાયા ઉપર પ્રદર્શન ભરાયું હતું હાથ કારીગરીની તથા સ્વાભાવિક પેદાશની વિવિધ ચીજોની સાથે સાંનઃ એડમિનિસ્ટર મે. લેલી સાહેબના ખાસ હુકમથી રેલવે વિષે કેટલાક કવિતા લખનારાઓએ કવિતાઓ લખી મોકલી હતી. અન્ય કારીગરીની સાથે મન કારીગરીવાળાઓને પણ ઉત્તેજન અપાયું હતું. આવેલી કવિતાઓમાંથી સારી કવિતા લખનારને ઇનામ આપવાનો ઠરાવ હોવાથી, સોરઠ પ્રાંતના રા. સા. ડે. એ. ઇ. સાહેબ તરફ મોકલી આપતાં, પોરબંદર કન્યાશાળાના પે. આ. ત્રીભોવનદાસ આત્માઆમ દવેની કવિતા પસંદ થઇ આવી હતી. તા. ૮ મેને રોજ મોટો દરબાર ભરાયો, તે વખતે તેનીજ પાસે બોલાવી. મે. રાણા સાહેબે તેને રૂા ૨૫ની પાઘડી શીરપાવ આપી હતી.

---

૧ લ્યુશીઅસ આનીઅસ સેનેકા, ઇ. સ. પૂ. ૩–ઇ. સ. ૬૫. મહાન રૂમી તત્વજ્ઞાની, સ્પેઇનમાં જન્મ્યો હતો. નીરો પાદશાહનો એ ગુરૂ હતો. તેની ઇતરાજીથી તે પોતાની નસો ખોલાવીને મરણ પામ્યો.

પહેલેથી છેલે તેમ છેલેથી પહેલે પણ વંચાય છે.

મહારી ધરાધરથી ધરી ઠામ, મનોહર આ શશીદેવ વિમાન; નમાવી વદે શીશ આ જય નામ, મહા દીપ થીર ધરાધરી ઠામ. ×

મોતીદામ છંદ.

ઓગણીશમો સદીનો આભાર.

મનહર છંદ.

ગાઉં બલીહારી જાઉં વારી તુજપર પ્યારી,
આલમ સારી આભારી તારી સદી ઓગણીશ;
કળાથી કળા ફેલાવી વાયુવત ગત લાવી,
જગમાંની જોત આવી વેણુ કયે વરણીશ;
રવી તો ચીતારો તારો ફોટોગ્રાફ પાડનારો,
ન્યારો જાદુગારો સારો વિસમ સમો ભણીશ;
અવાર નવાર સમાચાર વાર ન લગાર,
એમ આપનાર તાર દુત તાહરા ગણીશ. ૧,
પવન કવન વાહી ભવન ભવન જાય,
સ્તવન લવન ટેલીફોન કરે તેટલું;
જળ દળે જલદ બળદ બળ શું તે આગે,
અકળ સકળ કળાધરપણું કેટલું;
માનવીને લેઇ આસમાન જાયછે વિમાન,

તાનથી દે માન જન જોવા મળ્યુ જેટલું;
કારતીની કલગી લગી છે ઠામ ઠામ આમ;
વેલ તેની રેલ અનુમાન થાય એટલું. ૨.

રેલવેની ઉત્પત્તિ.

ઇંદ્રવિજય છંદ.

જ્યોર્જ સ્ટીવન્સનથી થઇ ઉત્પંન છે મૂળ મંડન દેશ વિલાતે,
આગની ગાડી અગાડી હતી નહીં ત્યાંજ લગાડી વગે શરૂઆતે;
વારી લુહાર અગાર અંગાર મધે ધરનારતણા ગુણગાતે,
જામી જશે જશ દેશ વિદેશ હમેશ નરેશથી બેશ ગણાતે. ૧.
વે'લ વિલાત વિષે વવરાવી પછી પસરાવી બધી જગમાંહીં,
ખણું પથાણું લવાણું ઘણું નિજ દેશ દટાણું ધરામધ જ્યાંહીં;
અંજનનું મન રંજન ભોજન કાષ્ટ ખનિજ સિવાય ન કાંહીં,
લોહ પટાપર થાય પલાયન જાય ન અન્ય જગાપર આંહીં ૨.

રેલવેની રચના.

હરિગીત છંદ.

સીધી અડગ કીધી સડક બે ધડક ચાલે ચાલવા,
પુર પોરથી ધોરાજી રસ્તે વસ્તીને સુખ આલવા;
છે માર્ગ ઉપર થર ગરથ પણ વ્યર્થ નહીંજ નિદાન છે,
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૧.
નદીઓ અને નદ મહદ કદનાં હોય જ્યાં સરહદ વચે;
ત્યાં પુલ પણ અણમુલ ને અનુકુળ ખરચે છે રચે;
સહુ માર્ગ દુસ્તર દુર્ગ તરતાં હરકતો હરવાન છે;
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૨.
સરવેની આગે અગ્ર ભાગે ધમક લાગે જોરમાં,
ભુંગળ બજાવે આગ ખાવે તેમ આવે તોરમાં;
શી થાય ખટખટ જાય ઝટપટ ઝડપવાન વિમાન છે,
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૩.
રે ભાળ ભાઇ વિકરાળ ખળ કળીકાળ માંય વરાળનું;
છે તાત જળ ને માત અગ્નિ જાત જગત વિશાળનું;

આ જહાંન કે અસમાન મધ્યે કોણ તેહ સમાન છે;
પુરવા મનોરથ અગ્નિરથ આ અકય સમરથવાન છે. ૪.

રેલવેમા બેસતાં આનંદ.

ભુજંગી છંદ.

બને સ્ટેશને સ્ટેશને ભીડ ભારી,
મળે તે થળે વેગળેથી પધારી;
જનો માજનો સાજનો કોઇ ધીરા,
દીસેછે વિદેશે જવાને અધીરા, ૧.
ધણણ ધણ ધણ્યો ઘંટ ને લોક ચોંકયા,
ધરમ્ પાપની બારીએ આપ ઝોંકયા;
તહાં ટીકટો વિકટો તો કરાવી,
કસ્યાથી ધસ્યા જીવ યત્ને બચાવી. ૨.
સમાલો સમાલો સિપાઇ વદે છે,
તથા તસ્કરો કાતરો તોય દે છે;
સુણોરે સુણો આ સીટી સાદ દે છે,
ગ્રહી પોટલી મોટલી સૌ જુએછે. ૩.
ધમમ્ ધર્ણી ત્યાં ધણધણી આવવાથી,
જુઓ આ ખડો છે વડો મસ્ત હાથી;
ચડી બેસતાં સર્વને સુખ શાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૪.
પડી થંડ તો બંધ બારી કરીને,
તથા તાઢનાં ગાઢ વસ્ત્રો ધરીને;
વધુ સ્વાદથી વાદથી કોઇ ખાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૫.
મટે તાપની આપદા એજ માટે,
કરે ઝાડ વૃક્ષો તણી બેઉ વાટે;
ભટો સુભટો સર્વને પાણી પાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૬.
ધરેછે વસુધા સુધા લીલ વાઘા,
ત્યાગથી ધરા આવીને જાય આઘા;

રતીના મતિ વર્ણવા વારી થાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૭.

જાતોભેદને લીધે સ્ત્રીઓની ગાડીમાં કોલાહલ.

મનહર છંદ.

હાય હાય માય આતો છાંયા વાળી ઢેયડી છે,
કાય અભડાય મારી અડકતાં એહને;
કેદારમાં જાવું પડે માથા બોળ નાવું પડે,
પછી ખાણું ખાવું પડે શુધ કરી દેહને;
બેશ અલા બાંમણી તું બકબક શાની કરે,
દોકડા તો રોકડા બધે દીધેલ તેહને;
શાણી વાણી આણી વાણીયાણી વદી તાણી હેવ,
ગાડીમાં ન આડી શાને ધરીએ સંદેહને. ૧.

સુદામાજીના આગમન રૂપે રેલવેનો દેખાવ.

(પોરબંદરના વર્ણનમાંથી)

ત્રીભંગી છંદ.

લાગેલો દર્ઓ, ત્યાં આવીઓ, લોહે ભરીઓ, રસ્તો છે,
ધોરાજી ધરીઓ, હા સાંભરીઓ, વાંટે કરીઓ, વસ્તો છે.
મારગમાં પાટા, ના ચળકાટા, સાપણુ આંટા, સોહાશે.
ભયભિત સદામો, અદભુત કામો, નવતર ધામો, થી નાસે. ૧.
ધમ ધમ ગમ ધરતી, અગમ વિચરતી, સરરર સરતી, ગત કરતી,
પંથી દુખ હરતી, વાટ વિહરતી, ભારણ ભરતી, ના ડરતી;
દીગમુઢ બનાવે, રેન્ન કહાવે, પાસે જાવે, કંપાશે,
ભયભિત સદામો, અદભુત કામો, નવતર ધામો, થી નાસે. ૨.

રેલવેથી ફાયદા.

નારાચ છંદ.

દુકાળ કાળીઓ કરાલ કો વિશાળ ભાગમાં,
પ્રજા પ્રજાળી આંક વાળી દે રસાળી જાગમાં;

અરે પુકાર કોણ સુણનાર અર્જદારના,
સિવાય જુથ શામ રેલ નામ ઠામ સારના. ૧.
અનાજ સાજ સૌ સમાજ કાજ જાય વાજથી,
ઉપાડી જાય દાડી પાડી લાવી દુર રાજથી;
બધાંય બીડ ઘાસ ચાસ ઢોર પાસ જે ધરે,
વળી ઉઠાવી ઢોર ઢાંક હાકથી હરે ફરે. ૨.
થતા બકોર શોર જોર ચોરનું હતું ઘણું,
કવચિત ગંગ જાય નાય તીર્થ ભાગ્ય તે તણું,
વસુની થેલ રેલમાં ધકેલતાં હવે જુએ,
દહાડી માડી ચોરની છુપાડી મુખને રૂએ. ૩.
મલીન દીન હીન હાલતે દીનો ગુમાવીઆ,
ફળ્યું નશીબ ફૂલ ફાલથી ફળો ફળાવીયા;
અપાર ઉપકાર કાર તારનાર તેહને,
કહોજી ધન્ય ધન્ય ધન્ય દીવ્ય દેવી દેહને. ૪.

વરાળ વાયુ ને વરૂણ દેવના પ્રતાપથી

પોરબંદરનો વૈભવ.

પદ.

ધન્ય ધન્ય ધન્ય ધામ આ સુદામ પુરી. ધન્ય ધન્ય ધન્ય ધામ.
ત્રીગુણવાન માન દેવના પ્રતાપ પુરા,
ભોગત સુખ ભોગ જોગ ના જરા અધુરા. ધન્ય ધન્ય ધન્ય ધામ ૧.
વહન થૈ વરાળ વાયુ જબર જસ્ત જેવા,
નમ્ર ભાવ ધારી કરે વરૂણ તારી સેવા. ધન્ય ધન્ય ધન્ય. ૨.
દાખવી બળ જળ થળપર સબળ દે બરાડા,
સમરથ રથ મલ્લ બેઉના જુઓ અખાડા. ધન્ય ધન્ય. ૩.
દરશનપર ચાઇ ધાઇ લોક થોક આવે,
વેગળે નિહાળી નયન કમળથી વધાવે. ધન્ય ધન્ય. ૪.

4. THE LATE RAO SAHEB VISHVANATH NARAYAN MANDLIK.

૪. મરહુમ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક.

માણસ માત્રની પરીક્ષા તેના કર્તવ્ય—રહેણી કરણી ઉપરથી થાયછે. તેનાં કર્તવ્ય ઉપરથી તેની સારી કે માઠી નામના થાયછે. સારાં કર્તવ્ય કરનારની આ જગતમાં ખ્યાતિ થાયછે અને તે અમર રહેછે. તેજ પ્રમાણે મરહુમ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિકનું નામ આ જગતમાં અમર રહેશે. મરનાર ગૃહસ્થ હિંદમાં અને વિશેષે મુંબાઇ ઇલાકામાં પોતાનાં સર્વોત્તમ કાર્યથી અને સર્વોત્તમ ગુણોથી પ્રખ્યાતિ પામેલા હતા. આ ઇલાકામાં કોઇપણ કેળવાયલો અને દેશના લાભાર્થે ચાલતી હીલચાલો ઉપર લક્ષ આપનાર ગૃહસ્થ મરહુમ રાવસાહેબના નામથી ભાગ્યેજ અજાણ્યો હશે. મરનાર ગૃહસ્થ હાઇકોર્ટના વકીલનું કામ કરતા એટલુંજ નહિ પણ એ કોર્ટના સરકારી વકીલ પણ એજ હતા. તે સિવાય તેઓ હિંદના હિતાર્થે થતી દરેક હીલચાલોમાં અગ્રેસર ભાગ લેનારા હતા. એવી કોઇપણ હીલચાલ નહિ હોય કે તેમાં રાવસાહેબ મંડલિકનું નામ નહિ હોય, તેઓ સંસારી સુધારાની બાબતમાં વખતને અનુસરીને સુધારો કરવાની તરફેણમાં મત ધરાવનારા હતા. મ્યુનીસીપાલીટીની કોર્પોરેશન ને ટાઉન કૌન્સીલમાં, યુનીવરસીટીની સેનેટ ને સીંડીકેટમાં, ઇલાકાની ને વાયસરાયની ધારા સભામાં, દેશહિતાર્થે ઉભી થએલી મંડળીઓમાં અને એવા બીજા દરેક પ્રસંગે પોતાના સ્વતંત્ર વિચાર બતાવવાને મરહુમ રાવસાહેબે ભાગ્યેજ પાછી પાની કહાડી હોય. તેઓ સ્વતંત્ર વિચાર બતાવનારા, દીર્ઘદર્શી, અડગ, નિસ્પૃહ, પ્રમાણિક, અને અથાગ ઉદ્યોગી હતા. તેઓ પોતાનો વખત લગાર પણ નકામો જવા દેતા નહિ. તેમ પોતાના સ્વતંત્ર વિચાર બતાવવામાં સ્વાર્થનો વિચાર આડે આવવા દેતા નહિ. આ સર્વ ગુણો તેમના ચારિત્ર ઉપરથી સ્પષ્ટ જણાયછે.

જીવન ચરિત્ર એ દેશના પૃથક પૃથક પુરૂષોનો ઇતિહાસ છે. એ ઈતિહાસ ઉપરથી દેશ બુદ્ધિબળમાં, સદ્ગુણોમાં, દેશ સુધારામાં ને રાજદ્વારી બાબતોમાં કેવો સધન છે તે જણાય છે. તેની સાથે એવાં દૃષ્ટાંતો આવતી ઓલાદને અનુકરણ કરવાનું સાધન થઇ પડેછે તથા તેમને તેવા થઇ તેમનીજ માફક પોતાનું નામ અમર કરવાની પ્રેરણા થાયછે. માટે એવા દૃષ્ટાંતરૂપ સદ્વર્તનોનું ચરિત્ર નોંધી રાખવું એ અતિ અવશ્યનું છે. અને તેથીજ અમે નેટીવ ઓપીનીયનને આધારે આવતા અંકમાં મરહુમ રાવસાહેબનું ચરિત્ર આપીશું. જે વાંચનારને રસિક સાથે ઉપયોગી થઇ પડશે એમ અમે માનીએ છીએ.

અધુરૂં.

5. MISCELLANEOUS.

૫. પરચુરણ.

શ્રી નાગજી માહારાજના સવંત ૧૯૪૬નો સાલના ભાવીક કુંડળીઆ.

સવંત્સર નામે સરવરી[૧], નીરખે આયો નીક[૨];
અન્ન તરણ ઘન[૩] એ સમે, જોર સમીરા[૪] જીક.
જોર સમીરા જીક, નીક નિરભય–નરનારી[૫];
તુલ[૬] લહત કચ્છુ-મુલ[૭], વિશ્વમેં વરસે વારી[૮].
કહે નાગજી વીપ્ર, ધાન તુલ તેલ તો ઘરપર;
જેષ્ટ ગ્રહન-રવીજોગ[૯], સરવરી નામે સવંત્સર. ૧.
છેતાળીસેં સમજીયો, આગમ બાત અનૂપ;
પાવસ[૧૦] પશ્ચિમ પ્રબલહે, ભુવણ[૧૧] ચંદ્ર વર્ધ ભૂપ[૧૨].
ભુવણ ચંદ્ર વર્ધ ભૂપ, તુપ[૧૩] તુલ[૧૪] તુંગી[૧૫] તાજા;
અષાડ પુનમ આત, રાહુ[૧૬] ગ્રસહીં વર્ષ-રાજા[૧૭].
કહે નાગજી વીપ્ર, નીરણે કીયાહે નીશ્ચે;
રહે દ્વાદસ[૧૮]-ઘટી રાત, સમય એ છેતાળીશે. ૨.

પ્રસિદ્ધ ક-તા,
મહેતાજી દેવજી ઉકાભાઇ મકવાણા.
કુવાડવા-કાઠિયાવાડ.

---

૧ સવંત્સરનું નામ. ૨ રૂડો આવ્યો છે. ૩ વરસાદ. ૪ પવનનું જોર. ૫ પુરૂષ-સ્ત્રી. ૬ રૂ. ૭ આકરો ભાવસે. ૮ જળ. ૯ સૂરજ ગ્રહણ. ૧૦ વરસાદ. ૧૧ પૃથ્વી. ૧૨ રાજા. ૧૩ ઘી. ૧૪ રૂ. ૧૫ પૃથ્વી. ૧૬ રાહુ નડે. ૧૭ ચંદ્રમા. ૧૮ બારઘડી રાત રહેતાં.

સામટો અર્થ—સવંત ૧૯૪૬ની સાલનો સરવરી નામે સવંત્સર છે, ને તે નીકનામ રૂડો આવ્યો છે. તેમાં અનાજ, ખડ ને વરસાદ થાય. સમી એવા પવનનું જોર છે. પુરૂષ-સ્ત્રી સો મંડળ બીક વિનાનાં રહે. રૂનો ભાવ આકરો થાય. જળની વૃષ્ટી સારી થાય જેથી પૃથ્વીમાં અનાજ, રૂ, તેલ થાશે. જેઠ માસમાં સૂર્યગ્રહણ થાશે. ૧

છેતાળીસની સાલનો આગળનો બનાવ સમજો. જે ઉજેણી નગરીથી પશ્ચિમ દિશામાં વરસાદ વધારે થાય. રાજા ચદ્ર છે. ઘી તથા રૂ તાજા નામ વખાણવા લાયક થશે. અષાડી પુનમે રાતની બારઘડી રહેતાં ચંદ્ર ગ્રહણ થાશે. બાકી જગકર્તા હરિ કરે તે ખરૂં.

મહેતાજી દેવજી ઉકાભાઇ મકવાણા.
કુવાડવા-કાઠિયાવાડ.

શાળોપયોગી સહેલું ને સસતું દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. બા. ફ્રિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચઆના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ

આઠમી આવૃત્તિ. આઠમી આવૃત્તિ. આઠમી આવૃત્તિ.

શીખવવાના કામમાં અતિશે ઉપયોગી સાબિત થઇ ચૂકેલી **"મુંબાઇ ઇલાકાની ભૂગોળ વિદ્યા"**ની આઠમી આવૃત્તિ સુધારા વધારા સાથે પ્રગટ થઇછે. એમાં **વાઘેલા વંશ સુધી ગુજરાતનો ઇતિહાસ પૂરેપૂરો દાખલ કીધો છે,** જેથી તે એવડી ઉપયોગી થયા વગર રહેશે નહીં. દર નકલના સવાબે આના. રૂપિઆની અગિઆર પ્રત. પોસ્ટેજ મફત. બે રૂપિઆ કરતાં વધારે રાખો તો દર પ્રતનો સવા આનો. પોસ્ટેજ માફ. ભરતખંડની ભૂગોળ વિદ્યાની ચોથી આવૃત્તિ છપાઇ છે. એક રૂપિઆની અગિઆર પ્રત, પોસ્ટેજ માફ.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી—લીંબડી. કાઠીઆવાડ.

શરીરના દરેક વ્યાધીને દુર કરી તંદુરસ્તી બક્ષનારૂં શુદ્ધ વનસ્પતિનું બનેલું.

સર્વાંગમિત્ર.

આ દેશની તેમજ પરદેશની અતી ગુણકારી વનસ્પતિનીજ આ દવા બનેલી છે. લગભગ એક વરસ થયાં આબરૂદાર સદ્ગ્રહસ્થોએ તેમજ ઘણા નામાંકિત અને વિદ્વાન અંગ્રેજી ડાકટરોએ તથા દેશી વૈદ્યોએ એ દવા જુદી જુદી જાતનાં દરદો ઉપર સંપૂર્ણ રીતે અજમાવી જોઇ છે અને તેનું પરિણામ ઘણુંજ ફતેહમંદ ઉતરી ચુકયું છે. વીર્ય વૃદ્ધ કરવામાં, સ્ત્રીના બગડી ગયેલા ગર્ભાશય સુધારવા તથા બગડી ગયેલું વીર્ય સારૂં કરવામાં આ દવા સર્વોત્તમ છે. કોઇપણ કારણથી નપુંશક થઇ ગયેલા પુરૂષને ગયેલી શકિત પાછી આપવામાં આ દવા રામબાણ ઇલાજ છે. જુનો તથા નવો પ્રમેહ, તણખ, ઉનવા, પીશાબનું વારંવાર થવું તથા સ્વપ્નમાં ધાતનું જવું તથા જીર્ણ જ્વર (તાવ) વગેરે રોગ એ દવાથી આબાદ મટે છે, એટલુંજ નહીં પણ આદાશીશી, ચકરી, વાઇ, કળતર, સકણુ, વધરાવલ, બરોલ, સંઘરણી, પીનસ (નાકમાંથી પડતા છોડ) ઉધરસ, દમ, ક્ષય, પાંડુરોગ, કમળો, દુજતા હરસ, ચાંદી, અંતરચાંદી, લીશફ્રાટક, પથરી, સંધીવા, શુનબેરવા, નળબંધવા, તથા લોહી વિકારથી ઉપન્ન થતાં દરદો આ દવાના સેવનથી તાબડતોબ દુર થાય છે. ઉજાગરા તથા અભ્યાસથી અથવા બીજા કોઇ કારણથી મંદ થયેલો જઠરાગ્નિને એ ગોળી ઘણી જલદીથી પ્રદિપ્ત કરે છે. શ્વેત તથા રકત પ્રદરથી પીડાતી સેંકડો સ્ત્રીઓને એનાથી ટુંક મુદતમાં આરામ થાય છે. એ દવા ખાવામાં કોઇપણ જાતની ચરી કરવી પડતી નથી. એ ગોળી વાપરવાની વિધિ વગેરે હકીકતનું હેન્ડબીલ દવા સાથે મોકલવામાં આવશે. ઉપર કહેલા વ્યાધીમાંથી કોઇપણ વ્યાધી નાબુદ કરી શરીરમાં તંદુરસ્તી તથા પુષ્ટી આપવા માટે ૪૦ ગોળી ખાવી જોઇએ. તેથી ગરીબ, તવંગર સરવે આ અમુલ્ય ઔશધીનો લાભ લઇ શકે માટે ચાળીશ ગોળીની કિંમત માત્ર રૂપીઓ ૧-૦-૦ રાખી છે.

નેત્રાંજન.

(ધોળા, કાળા તથા લાલ રંગના સુરમા)

આ અંજન આંખની દરેક નાડીને પુષ્ટી આપે છે અને અતી અભ્યાસ તથા વાંચવા લખવાથી પેદા થતાં દરેક દરદ ઘણી સહ્લાઈથી મટાડે છે. રતાંધળાપણું, તિમિર, આંખમાંથી પાણીનુ ગળવું, ખીલ, પરવાળાં, ઝાંખ, ફુલાં, પડળ વગેરે આખનાં તમામ દરદો એ દવા વાપરવાથી જડમૂળથી નાશ પામે છે. અજવાળાથી આંખ જંખવાઈ જતી હોય, તથા પાપણો ખરી પડતી હોય, આંખે ગરમી ચડતી હાય તો આ અંજન આંજવાથી થોડા દિવસમાં તદ્દન આરામ થાય છે. આ અંજન વાપરનારને નાની ઉમરમાં ચસ્માં લેવાં પડતાં નથી. આંખને પુષ્ટી આપવામાં, દીર્ઘદ્રષ્ટી બક્ષવામાં આ અંજન અકસીર ઉપાય છે. કિંમત ગમે તે રંગના અંજન તોલા ૧ના રૂપીઆ ૨-૦-૦ એ રાખવામાં આવી છે.

કલેફ.

આ કલેફ વાળને મજબુતી આપી ખરી પડતા અટકાવે છે. તેમજ કમમાંકમ ત્રણ માસ સુધી વાળને કાળા રાખે છે. એ દવા વાપરતાં આસપાસની જગોપર કંઈપણ ડાઘ પડતો નથી. વળી વાળ વધારવામાં સરસ છે. એજ સોગઠી પાણી સાથે ઘસીને ચોપડયાથી ચાંદી, કાળા ધોલા કોઢ, ગુમડાં, દાદર, ચિત્ર (કરોળીઆ), ઉંદરી, મોહોડા ઉપર દાઘ પડે તે તથા ખસ વિગેરે ત્વચા વિકારો થોડી મુદતમાં તદ્દન નાબુદ થાયછે. તોલા બે ભારની સોગઠી ૧ની કિંમત રૂપીઆ ૧-૦-૦ એક રાખીછે

ઉપર લખેલી દવાઓ જે સદ્‌ગૃહસ્થોને મંગાવવી હોય તેમણે દવાની કિંમત તથા ટપાલ ખરચના પૈસા મોકલી નીચે સહી કરનાર પાસેથી મંગાવી લેવી. જે લોકોની દવા મળેથી પૈસા આપવા મરજી હશે તેમને વેલ્યુપેએબલ પારસલથી એ દવાઓ મોકલી આપવામાં આવશે. નાટપેડ કાગળ રાખવામાં આવશે નહીં.

આ દવાઓની પરિક્ષા કરી જામનગરની સરકારી ઇસ્પીતાલના ડાકટર સાહેબ, રાવ બહાદુર ગોપાળજી સુરભાઇ, પંચનદ ગટુલાલજી તથા બીજા કેટલાંએક નામાંકિત ડાકટરો; દેશી વૈદ્યો તથા સદ્‌ગૃહસ્થોએ સરટીફીકટો આપ્યાં છે તે સર્વે અમરા હેન્ડબીલમાં દાખલ કરયાંછે. જે સાહેબો એ દવા મંગાવશે તેમને દવા સાથે મોકલી આપવામાં આવશે.

"અમારી દવાનો લાભ લેનાર સાહેબોકૃપા કરી અમારા ઉપર સરટીફીકટ મોકલાવશે એવી અમારી ખાસ વિનતિ છે."

આરોગ્ય વર્ધક દવા-
શાળા, જામનગર } **વૈદ્ય જટાશંકર વી. પ્રેમજી**

એજંટો જોઇએ છીએ.

પૃથ્વીની ભૂગોળ વિદ્યા.

ગુજરાતી પાંચમા અને છઠ્ઠા તથા ઇંગ્રેજી પેહેલા, બીજા અને ત્રીજા ધોરણના વિદ્યાર્થિને ઘણીજ ઉપયોગી થઇ પડે એવી અમારા તરફથી પ્રગટ થઇ ચૂકી છે. કિંમત એક નકલના ચાર આના. પણ સામટી રાખનારને કિફાયત ભાવે આપવામાં આવશે. જુઓ મહેતાજી સાહેબો, અને તમારી ખાતરી કરો. **ભૂમિતિની નોટ માટે પણ અમને જરૂર પૂછજો.** અમારા પુસ્તકના અમારે શું કરવા વખાણ કરવાં? પુરૂષોત્તમ કહાનજી ગાંધી—લીંબડી--કાઠીયાવાડ.

॥ विज्ञान वि… …ાસ.

…S.

VIJNYAN VILA… અંક ૭મો.

પુસ્તક ૨૦મું. માહે જુલાઇ સન ૧૮૮૯. અંક ૭મો.

દોહરો.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂ. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂ. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

માસે રૂ૦ ૧૫ સૂધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે
ી અરધી કીમત લેવામાં આવશે.

ના ભાવ આઠ છાપેલી લીટી સૂધી રૂપિઆ ને તે ઉપરાંત આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

	પૃષ્ટ.
તમતા	૧૪૫
સાહેબ વિશ્વનાથ ના-ડલિક..............	૧૪૬
....	૧૫૨
સાથના કોલકરારો......	૧૫૬
ય (વાણી સ્થાનના અવ-) વિષે..................	૧૫૯
રસથી ઉત્પન્ન થતાં માનસિક વરૂપ વિષે....................	૧૬૫
શ્રી જગદીશ્વર પ્રસન્ન...........	૧૬૭
પુસ્તકોની પહોંચ............	૧૬૭

Subjects.	Page.
1. The Poem............	145
2. The late Rao Saheb Vishvanath Narayan Mandlik..	146
3. Phali..................	152
4. Treaties with cholera.......	156
5. Organ of speech........	159
6. Human actions.........	165
7. May the Almighty be pleased..	167
8. Acknowledgment of books	167

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
ઊંટવડની દ. ખા. સ્કુલના	૧૦–૧૨–૦	પુ. ૧૬-૧૭-૧૮-૧૯નાચારવર્ષ
દેશાઇ ભવાનીલાલ માણેકલાલ લીમડી	૧—૩–૦	પુ. ૨૦ (અરધી કીમતે).
મે. વીરપરના ઠાકોર સાહેબ	૨–૧૧–૦	પુ. ૨૦
મેહેરબાન કનૈયાલાલ ગીરધરલાલ સં-સ્થાન ભાવનગર દરબાર શ્રીના કેળવણી ખાતાના ઉપરી સાહેબ	૨૬૪–૦–૦	પુ. ૨૦
રા મગનલાલ રવીદત	૫–૧૨–૦	પુ ૧૭-૧૮-૧૯-૨૦ (અરધી કીમતે) ચાર વર્ષનું
અમદાવાદ ટ્રેનિંગ કાલેજ સ્કોલર લાઇબ્રેરી.	૪—૬–૦	પુ. ૧૯-૨૦
શીહોર લાઇબ્રેરી.	૧—૩–૦	પુ. ૨૦ (અરધી કીમતે)

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે જુલાઇ સન ૧૮૮૯. અંક ૭મો.

1. THE POEM.

૧. ઉદ્યોગની ઉત્તમતા.

શાલિની છંદ.

દેશી લોકો દેશનું શ્રેય થાવા, તેનાં સર્વ સંકટો દૂર જાવા;
સારા સારા ઉદ્યમો જાય જારી, એવે રસ્તે ઉતરો સૌ વિચારી. ૧.
બેઠાં બેઠાં કામ એકે ન થાય, કેવી રીતે ભૂખ ને દુઃખ જાય;
ઉઠીને જો કામમાં ધ્યાન દેશો, તો ઇચ્છેલી વસ્તુનો લાભ લેશો. ૨.
હિંદુસ્તાને હાથથી દીનતાનો, પલ્લો ઝાલ્યો તે ખસે આમ શાનો;
માની લેવી મોજ આલસ્ય રાખી, બેઠા રે'વું સર્વનો માર સાંખી. ૩.
એવી રીતી દૂરથી સદ્ય છોડો, પ્રીતી રાખી ઉદ્યમે ચિત્ત જોડો;
માનો સાચું ઉદ્યમી માન પામે, તેની કીર્ત્તી વિશ્વમાં પૂર્ણ જામે. ૪.
ઇંગ્રેજોએ હાથ ઉદ્યોગ લીધો, તેથી તેને ઇશ્વરે ન્યાય દીધો;
કીધા સ્નેહે સર્વદા રાજ્યકર્તા, જેને તાબે છે બધા ભૂમિ ભર્તા. ૫.
ઉદ્યોગીની પાસ લક્ષ્મી રહેછે, કષ્ટો ભારે આળસુ તો સહેછે;
એવું જાણી ચિત્ત માંહી ખચિત્ત, ઉદ્યોગોમાં જોડજો નિત્ય પ્રીત. ૬.
જેથી પાછી પૂર્ણ પામો મહત્તા, વિદ્યા આદિ મેળવો સર્વ સત્તા;
ખોયા છે જે હુન્નરો પૂર્વજોના, તેની આજે હાલ બેહાલ કોના! ? ૭.
માટે રાખી હામ ચિત્ત સવાઇ, ઉઠી થાઓ ઉદ્યમી આર્ય ભાઇ;
પૂરી થાશે ધારણા સૌ તમારી, એવી રૂડી નિત્ય આશીષ મારી. ૮.

ગો. રા.

2. THE LATE RAO SAHEB VISHVA-NATH NARAYAN MANDLIK.

૨. મરહુમ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક.

(સાંધણુ પૃષ્ટ ૧૪૩મેથી).

એ નામાંકિત ગૃહસ્થ રત્નાગીરી જીલ્લાના મુરૂડ ગામમાં તા. ૮મી માર્ચ સને ૧૮૩૩ને રોજ એક આબરૂદાર પિતાને ઘેર જન્મ્યા હતા. એમને બે મોટા ભાઇ હતા. તેમના પૂર્વજોમાંની એક બાઇ છેલ્લા બાજીરાવ પેશ્વાની સ્ત્રી હોવાથી જણાયછે કે તેમના કુટુંબની સ્થીતિ સારી હતી.

દશ વર્ષની ઉમરે તેઓએ પોતાનો અભ્યાસ શરૂ કર્યો. ચૌદ વર્ષની ઉમર થતા સૂધીમાં તેમણે થોડું ઘણું અંગ્રેજી જ્ઞાન મેળવી મુંબાઇ આવી એલફિન્સ્ટન કાલેજમાં અભ્યાસ કરવા દાખલ થયા. તે વખતે કાલેજમાં પ્રોફેસર હાર્કનેસ, પાટણ વગેરે શિક્ષા ગુરૂ હતા તેઓ સર્વે તેમના અભ્યાસથી ખુશ થઇ ગયા. કાલેજની છેલ્લી પરીક્ષા આપી તેમાં તેઓ પહેલે નંબરે આવ્યા. તેમાં અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નૈતિકતત્વજ્ઞાન, ભાષા, ઈતિહાસ, રસાયન ને વનસ્પતિશાસ્ત્ર એટલા વિષયોમાં પહેલા હતા. પરંતુ કાલેજના નિયમાનુસાર તેમને માત્ર એજ વિષયોમાં ઇનામ મળ્યાં. એજ વર્ષમાં તેમણે મરાઠીમાં મીસ એડવર્થના લોકપ્રિય ગોષ્ટી પૈકી લાટરી નામની ગોષ્ટીને આધારે એક સુંદર પુસ્તક કર્યું. એ ઉપરથી તેમને સુંદરજી જીવજીનું પુસ્તકોનું ઇનામ મળ્યું. સન ૧૮૫૧માં પ્રોફેસર પાટણ રજા ઉપર જવાથી ગણિત અને સૃષ્ટિજ્ઞાનના વિષયો એમણે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને શીખવ્યા હતા. તેથી તે વખતની બોર્ડ આવ એજ્યુકેશને મુંબાઇના ગવરનરને રીપોર્ટ કર્યો તેમાં તેમના શિક્ષણ સંબંધી તારીફ કરી હતી. બીજે વર્ષે પ્રોફેસર હાર્કનેસે તેમની સીફારસ કરીને સિંધના પોલીટીકલ એજંટ કર્નલ જેકબના હેડ કલાર્કની જગા અપાવી. તે વર્ષે તેમનું વય ૧૯ વર્ષનું હતું. તે પછી મી. ગીબ્સ અને સર બાર્ટલ ફ્રીયર જે આગળ જતાં મુંબાઇનો ગવરનર થયો તેમના હાથ નીચે નોકરી કરી. એ ત્રણે અધિકારીઓની તેમના ઉપર નિઃસીમ પ્રીતિ હતી. તે

પછી પ્રથમ મુંબાઇ શેહેરની અને પછી થાણાની મરેઠી શાળાના દીપુટી એજ્યુકેશનલની જગા ઉપર તેમની બદલી થઇ. તે પછી વસાઇમાં મુનસફ થયા ને ત્યાંથી મુંબાઇની સેન્ટ્રલ બુક ડેપોના ક્યુરેટર થયા. ત્યાં ઇનકમટાક્સ કમીશનર મી. જેમ્સ ગીબ્સના આસિસ્ટંટ થયા. પણ આ પ્રમાણે સરકારી નોકરીમાં પોતાની ચઢતી જેટલી ત્વરાથી થવી જોઇએ તેટલી ત્વરાથી થતી નથી એમ જાણી તેમણે હમેશને માટે સરકારી નોકરીનું રાજીનામું આપ્યું ને મુંબાઇની હાઇકોર્ટના વકીલની પરીક્ષા આપી અને ૧૮૬૩માં હાઇકોર્ટના વકીલની સનદ મેળવી. ત્યારથી તે મરણ પર્યંત તેમણે તે કામ કર્યું. હાઇકોર્ટના વકીલ તરીકે તેમણે માત્ર મુંબાઇમાંજ નહિ પણ આખા ઈલાકામાં નામના મેળવી હતી. હાલના હાઇકોર્ટના જડજ નાનાભાઇ હરિદાસ એમના કરતાં ત્રણ મહીને જુના વકીલ હતા. તેથી ધીરજલાલ મથુરાંદાસની સરકારી વકીલની જગાએ કાયમ વકીલ નાનાભાઇ હતા પણ તેઓ હાઇકોર્ટના આક્ટિંગ જડજ હોવાથી તેમની જગાએ મંડલિક કામ કરતા હતા. જ્યારે જસ્ટીસ નાનાભાઇ ૧૮૮૪માં કાયમ જડજ થયા ત્યારે મંડલિક પણ સરકારી વકીલ કાયમ થયા. એમણે પોતાનું કામ બાહોશીથી ચલાવ્યું તેથી તેમને પુષ્કળ કામ મળવા લાગ્યું ને તેમની પ્રખ્યાતિ પ્રસરી. પરંતુ સન ૧૮૮૪માં કલકત્તાની ધારા સભામાં મેમ્બર થયાથી ત્યાં રહેવાની તેમને ફરજ પડવાથી તે સાલથી તેમણે પોતાનો ધંધો ટુંકાવી નાંખ્યો હતો, તોપણ મરણ પર્યંત તે બંધ કર્યો નહિ હતો.

એતો એમના ધંધાની વાત થઇ. પણ પોતાનો ધંધો કરતા છતાં નિઃસ્વાર્થે, પરોપકારાર્થે, પ્રમાણિકપણાથી, સ્વાતંત્ર્યતાથી ને અથાગ ઉદ્યોગથી જે જે લોકોપયોગી કાર્યોમાં એમણે ભાગ લીધો છે, તે વર્ણન કરવાની કોશેશ કરવી એ આ નાના ચોપાન્યાનું ગજુ નથી. તે છતાં એટલું બોલી સંતોષ માની બેશી રહેવું છાજતું પણ નથી. તેથી તે લખવાનો અમે યત્‌કિંચિતશ્રમ કરીએ છીએ.

સને ૧૮૬૫ની સાલમાં એમને મુંબાઇની સરકારે જસ્ટીસ આવ ધી પીસ ઇયાને સુલેહના અમલદાર નીમ્યા. ત્યારથી તેમની મ્યુનીસીપાલીટીના સંબંધની જીંદગી શરૂ થઇ. તે વખતે ક્રાફર્ડ સાહેબ કમીશનર હતા અને સુલેહના અમલદારોના પંચથી મ્યુનીસીપાલીટીનો કારભાર ચાલતો હતો. એ સમયે રાવસાહેબ વિશ્વનાથે જે નિસ્પૃહતા બતાવી તે સર્વમાન્ય છે. સન

૧૮૭૨માં એક મ્યુનીસીપાલ આક્ટ મંજુર થયો ને ૧૮૭૩ના સાલથી તે કાયદા પ્રમાણે કારભાર ચાલવા લાગ્યો. તે વખતથી મરહુમ રાવસાહેબ કોર્પોરેશનના અને ટૌન કૌન્સિલના મેમ્બર થયા. કોર્પોરેશનના મેમ્બર તેઓ મર્ણ પર્યંત હતા અને ટૌન કૌન્સિલના મેમ્બર પણ વચલાં ત્રણ ચાર વર્ષ બાદ કરતાં છેવટ સુધી હતા. મ્યુનીસીપાલીટીનીં સ્વતંત્રપણે કરેલી સેવાના બદલામાં કોર્પોરેશને તેમને બેવાર પોતાના પ્રમુખ નીમ્યા હતા જ્યારે મુંબાઇમાં ગટર બાંધવાનો વિચાર થયો ત્યારે એ ગંધાતા કામની વિરૂદ્ધ રાવસાહેબ મંડલિકે જબરી લડત ચલાવી હતી. નિરાધાર હિંદુના મડદાંને ભઠ્ઠીથી બાળવાની ચર્ચા મુંબાઇમાં ઉઠી ત્યારે રાવસાહેબે તે વિચારની વિરૂદ્ધ થઇ તેનું મૂળ ખોદી નાંખ્યું મ્યુનીસીપાલ ચેરમેન તરીકે તેમણે લોક ધારણા ફળીભૂત કરી. તેમના વખતમાં જે જે કામો થયાં તે સઘળાંમાં તેમણે પોતાના સ્વતંત્ર વિચાર બતાવવામાં પાછો પગ ભર્યો નથી. સ્વતંત્રતાથી ને પ્રમાણિકપણાથી બોલનાર ને ચાલનાર ઘણા જણનો ક્રોધ ખેંચી લેછે. પણ તે કશાની તેઓ દરકાર કરતા નહિ.

સન ૧૮૭૪ ની સાલમાં મુંબાઇના ગવરનર સર ફીલીપ વુડહાઉસે તેમને મુંબાઇની કાયદા બાંધનારી સભાના સભાસદ નીમ્યા. આજ પર્યંત કાયદા બાંધનારી સભામાં સધન વર્ગ દાખલ થતો હતો એ હાજીહા કરનાર વર્ગની જગાએ વિદ્વાન વર્ગમાંથી એ સભાના સભાસદ થવાનું પહેલું માન રાવસાહેબ વિશ્વનાથને મળ્યું. ત્યાં દશ વર્ષ પર્યંત સ્વતંત્રપણાથી ને નિર્ભયતાથી પોતાના વિચારો જાહેર કરવામાં તેઓનું નામ અગ્રેસર છે. સરકારી અધિકારીઓ નાખુશ થશે એવ ડરનું સ્વપ્નું પણ તેમને નહિ આવતું. લેંડ રેવીન્યુ કોડ, મહુડાં બીલ, લોકલ સેલ્ફ ગવર્નમેંટ બીલ વગેરેમાં એમણે જે અગ્રેસર ભાગ લીધો તથા જે નીડરતા ને નિસ્વાર્થતા બતાવી તે સર્વને જાણીતી છે. સન ૧૮૮૪માં હિંદના લોક પ્રિય ગવરનર જનરલ લાર્ડ રીપને એમને કલકત્તાની કાયદા કરનારી સભાના સભાસદ નીમ્યા. આ ઇલાકામાંથી આ માન પ્રથમ એજ ભાગ્યશાળી ગૃહસ્થને મળેલું જોઇ સર્વને આનંદ થયો. તેથી મુંબાઇમાં તેમના માનાર્થે તેમના જતા પહેલાં તેમને મોટી મીજબાની આપી. કલકત્તાની કૌન્સિલમાં પણ તેમણે પોતાના સ્વતંત્ર વિચારો જાહેર કરવામાં કોઇનો ડર ગણ્યો નથી. બેંગાલ ટેનન્સી ને ઇનકમ ટાકસ બીલ વખતનાં એમનાં ભાષણ એમની તેજસ્વી કીર્તિને જેબ આપનારાં છે. પોતાની

તનદુરસ્તી બગડ્યાથી સન ૧૮૮૭માં એ જગાનું રાજીનામું આપ્યું.

યુનીવરસીટી સ્થાપન થતા પહેલાંના રાવસાહેબ કેળવાયલા છતાં તેની સ્થાપના થઇ ત્યારથી તે આજ પર્યંત તેમનો તેની સાથે સબંધ હતો. સન ૧૮૬૧માં તેમને મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં મરાઠીના પરીક્ષક ઠરાવ્યા ત્યારથી તેમનો સંબંધ શરૂ થયો. તે પછી એફ. એ.ની પરીક્ષામાં પણ મરાઠી ને સિંધીના પરીક્ષક નીમાયા હતા. સન ૧૮૬૨માં તેમને યુનીવરસીટીના ફેલો બનાવ્યા. સન ૧૮૬૮માં તેઓ એલ. એલ. બી.ની પરીક્ષામાં પરીક્ષક નીમાયા ત્યારથી ૧૮૮૪ સુધીમાં ચૌદ વખત એજ પરીક્ષામાં પરીક્ષક નીમાયા હતા. સન ૧૮૭૩માં તેમને કાયદાના સીંડિક બનાવ્યા અને તે જગા ઉપર ૧૮૮૮ સુધી રહ્યા. ગયા ફેબ્રુઆરી માસમાં તેમને કાયદાની ફેકલ્ટીના ડીનનું મહાન પદ આપ્યું. જે પદ આજ સુધી આ ઇલાકામાં કોઇપણ દેશી મેળવવાને ભાગ્યશાળી થયો નથી. સન ૧૮૮૭માં રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિકનાં કરેલાં સર્વમાન્ય સર્વોત્તમ કાર્યોની સેવા બુજવા માટે એક સ્મારક ફંડ કરવામાં આવ્યું ને તેમાંથી ૬૦૦૦ રૂપીઆ યુનીવરસીટીને સ્વાધીન કરી મરહુમ રાવસાહેબના નામનું સંસ્કૃત ભાષાના સંબંધમાં કોઇપણ વિષય ઉપર જે ગ્રાજ્યુએટ ઉત્તમ નિબંધ લખે તેને ઇનામ આપવાનું ઠરાવ્યું.

પાછલાં ૩૦ વર્ષમાં જે જે મોટી બાબતો જાહેરમાં આવી તેમાં રાવસાહેબનો ભાગ નહિ હોય એમ બન્યું નથી. ૧૮૭૫માં ફાક્ટરી કમીશનમાં એ મેમ્બર હતા ને તેમાં તેમણે ફેક્ટરી આકટની વિરૂદ્ધ મત આપ્યું હતું. ૧૮૭૭નાં ટેકસ બુક કમીટીના મેમ્બર થવાને લાર્ડ લીટને પૂછાવ્યું હતું પણ તે લેવાની ના પાડી હતી એજ્યુકેશન અને પબ્લીક સર્વિસ કમીશનમાં શાક્ષી આપવા એમને બોલાવ્યા હતા, પણ તે બાબત તેમણે પોતાના વિચારો લખીને મોકલાવ્યા હતા. વળી મરહુમ રાવસાહેબનો સંબંધ નહિ હોય એવી કોઇપણ જાહેર સભા નહિ હશે. તેઓ મરણ સમયે રાયલ એશિઆટિક સોસાઇટી, લંડનની રાયલ જ્યોગ્રાફીકલ સોસાઇટી, સ્ટેટિસ્ટિકલ સોસાઇટી, ઇસ્ટઇંડિયા ને નેશનલ ઇંડિયન એસોસીએશન, બંગાળાની એશિયાટિક સોસાઇટી, કલકત્તાની બ્રિટિશ ઇંડિયન સભા એટલી સભાના મેમ્બર હતા. વળી રાયલ એશિયાટિક સોસાઇટીની મુંબઇની શાખાના ઉપાધ્યક્ષ હતા તથા પહેલાં ઘણા વર્ષ સુધી સેક્રેટરી હતા. સ્ટુડન્સ લીટરરી અને સાયંટિફિક સો-

સાઇટીના પ્રમુખ હતા ને ૧૮૭૪ પહેલાં તેના સેક્રેટરી હતા. મુંબાઇની નેટીવ જનરલ લાઇબ્રેરીના ચેરમેન, મરાઠી જ્ઞાન પ્રસારક મંડળીના, ને મુંબાઇની પ્રેસિડેન્સી એસોસિએશનના ઉપ પ્રમુખ હતા આ સભાઓ સાથે એમનો સંબંધ કાંઇ નામ ધારી નહોતો, પરંતુ તેઓ ઉત્સાહ પૂર્વક સભાનાં કામમાં ભાગ લેતા હતા.

આટલી સભાઓમાં જવું, કાયદા બાંધનારી સભા ને મ્યુનીસીપાલ સભામાં જવું, પોતાની વકીલાતનું કામ કરવું અને તે ઉપરાંત પુસ્તકો લખવાનું કામ કરવું એ મરહુમ રાવસાહેબ જેવા „અથાગ“ ઉદ્યોગી અને નિયમાનુસાર વર્તન રાખનાર મહા પુરૂષથીજ બની શકે. „કેમકે„ મરહુમ રાવસાહેબે પુસ્તકો લખવાનું કામ પણ થોડું કે જેવું તેવું કર્યું નથી. તેમનાં સ્વતઃ પુસ્તકોની એક મોટી સંખ્યા છે અને તે સર્વમાન્ય સર્વોપયોગી છે. એમણે પ્રથમ મરેઠીમાં હિંદુની ઉત્ક્રમણ સ્થિતિ અને મંત્રી અને અભ્યાસ એવા બે નિબંધો લખ્યા. તે પછી તેમણે ૧૮૬૧માં એલ્ફીન્સ્ટન કૃત હિંદુસ્તાનના ઇતિહાસનો મરેઠી ને ગૂજરાતીમાં તરજુમો કર્યો. એ તરજુમો યુનીવરસીટીની પરીક્ષામાં કેટલીક મુદત સુધી ચાલતો હતો. એ પછી પુરાવાના કાયદાનું એક નાનું પુસ્તક ગૂજરાતીમાં બનાવ્યું. દત્તક વિરૂદ્ધ ખાલસા (adoption is annexation) એ નામનું અંગ્રેજીમાં એક પુસ્તક લંડનમાં પ્રસિદ્ધ કર્યું. મૈસુરના દત્તક વિધાનના સવાલ ઉપરથી એ પુસ્તક એવી છટાથી ને જોરદાર ભાષામાં લખ્યું હતું કે સઘળે તેનાં વખાણ થયાં. ૧૮૬૭માં હિંદુ ધર્મ શાસ્ત્ર ઉપર મરેઠીમાં એક પુસ્તક લખ્યું. એ જાતનું પુસ્તક હજુ સુધી માત્ર એ એકજ છે. સન ૧૮૭૪માં એમણે બે નાનાં ચોપાન્યાં કહાડયાં. તેમાં એકમાં મુંબાઇની રેવીન્યુ જ્યુરીસડીકશન બીલનો રદીઓ અને બીજામાં રત્નાગીરી જીલ્લાના વતનદારી ખેતીનો સંપૂર્ણ ઇતિહાસ હતો. સન ૧૮૭૭માં મુંબાઇની લીટરરી સોસાઇટીની હકીકતના રીપોર્ટનાં ત્રણ ચોપાન્યાં છપાવ્યાં. સન ૧૮૮૦માં વ્યવહાર મયુખ અને યાજ્ઞવલ્કય સ્મૃતિ એનાં અસલ સાથે ભાષાંતર છપાવ્યાં. તેમાં એક મોટી પ્રસ્તાવના લખી તથા હિંદુશાસ્ત્રના જૂદા જૂદા વિષયો ઉપર નિબંધ લખ્યા છે. આ પુસ્તકોથી રાવસાહેબની વકીલ તરીકે ખ્યાતિ પ્રસરી. આ પુસ્તકો હિંદુ ધર્મ શાસ્ત્રનાં માત્ર મુંબાઇમાંજ નહિ પણ બીજા ઇલાકાના જડજવકીલોને પણ આધારભૂત થયાં. સન ૧૮૮૪માં મનુના કાયદાનાં બે પુસ્તક

છપાવ્યાં તેમાં સાત પ્રાચીન ટીકાકારોની ટીકા છપાવી છે તેમાંની છતો આજ પર્યંત અપ્રસિદ્ધ હતી. આ ગ્રંથ પણ હિંદી ને યુરોપિયન વિદ્વાનોનો માન્ય કરેલો છે. તેપછી તેમણે પદ્મપુરાણનો મોટો ગ્રંથ છપાવવા માટે તૈયાર કર્યો છે, પણ તે છપાવવા પહેલાં તેમણે આ નાશવંત દુનિઆ તજી છે. એ ગ્રંથ બહાર પડયાથી હિંદુઓની પ્રાચીન કાળની રહેણી કરણી તથા રીતભાત અને ઇતિહાસ પર ઘણો પ્રકાશ પડશે. આ પુસ્તકો સિવાય એમણે ઘણા ઘણા વિષયો ઉપર છૂટક લખાણ કર્યું છે તથા ભાપણો આપ્યાં છે તે જૂદાં.

રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિકને રાવસાહેબનો ઇલકાબ સરકારથી મળેલો હતો. તેઓ દીપુટી હતા ત્યારથી તે ઇલકાબ તેમને મળ્યો હતો તે નોકરી છોડયા પછી પણ સરકારે તેમને રહેવા દીધો હતો. એ પછી સન ૧૮૭૭ના દિલ્લીના દરબાર વખતે આપણાં મહારાણીશ્રીએ કેસરે હિંદ પદ ધારણ કર્યું ત્યારે સરકારે તેમને સી. એસ. આઇ.નો માન ભરેલો ઇલકાબ બક્ષીસ કર્યો હતો.

મરહુમ રાવસાહેબને જ્ઞાન મેળવવાની એટલી બધી જીજ્ઞાસા હતી કે તે તેમના મર્ણપર્યંત બંધ પડી નહોતી તેઓ નવીન સારાં ઉપયોગી પુસ્તકો જ્ઞાન મેળવવા માટે એટલાં બધાં ખરીદતા હતા કે એ વાંચન પુસ્તકોની એમની એક ખાનગી મોટી લાઇબ્રેરી છે. એ લાઇબ્રેરી એમની દોલતનો સારો ભાગ ગણતા ને તેના ઉપર બહુ પ્રીતિ રાખતા. એક લોભી માણસ જેટલી સોનાની સંભાળ રાખે તે કરતાં તેઓ પોતાનાં પુસ્તકોની વધારે સંભાળ રાખતા. પ્રથમ ઘણા વખત સૂધી તેઓ નેટીવ ઓપીનીયન પત્રના એડીટર હતા અને થોડાં વર્ષ પહેલાં ભાગીદાર પણ હતા. તે અથાગ મેહેનતુ હોવાથી તેમનું શરીર બગડયું અને મે મહિનાની ૯મી તારીખને રોજ સ્વર્ગવાસી થયા. પરમેશ્વર એમના આત્માને શાંતિ આપો અને એમના પુત્રમાં પિતા તુલ્ય સદ્‌ગુણો આપી કીર્તિ બક્ષો.

આ પ્રમાણે રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક નાની વયથી આત્મ બળવડે અથાગ શ્રમથી એક અઠવાડિક પત્ર ચલાવ્યું, જાહેર સભાઓમાં સ્વતંત્રપણાથી ભાગ લીધો, યુનીવરસીટીની મોટામાં મોટી ડીગ્રીની પદવી મેળવી, મ્યુનીસીપાલીટીના ચેરમન થયા, ઇલાકાની ને વાયસરાયની ધારા સભાના મેમ્બર થયા, કેટલાક ઉપયોગી ગ્રંથો પ્રસિધ્ધ કર્યા, વકીલ તરીકે નામજાદી નીકળ્યા. એ પ્રમાણે તેમણે કરેલાં સર્વ કાર્યમાં જય મેળ-

ગ્યો એ તેમના પ્રમાણિકપણું, નીડરતા, નિસ્પૃહતા, આગ્રહ ને ઉદ્યોગ એ સદ્‌ગુણોનું ફળ છે આવા પુરૂષો હિંદની ચઢતીના મકાનના સ્તભરૂપ છે. એવા સ્તંભો તૂટવાથી અને તેમની ખોટ પૂરનાર નવા નીકળે એવાં ચિન્હ જણાતાં નહિ હોવાથી હદભાગ્ય હિંદને દીલગીર થવાનુ છે. રાવસાહેબ મંડલિક જેવા સ્તંભના તૂટવાથી હિંદને ગએલી ખોટ ખચીત ન પૂરાય એવી છે. તેથી થતી દીલગીરી જણાવી આ ચરિત્ર અમે બંધ કરીએ છીએ.

---

3. PHALI.

૩. ફૉલિ.

ફૉલિ કુટુંબનો મૂળ પુરૂષ રિચર્ડ ફૉલિના બાપને ગણવો જોઇએ. તે પહેલા ચાર્લ્સ રાજાના વખતમા સ્ટૂરબ્રિજ[૧] પાસેના એક ગામમાં રહેતો. તેને સરકાર તર્ફથી થોડી પસાયતા જમીન પળતી. ઇંગ્લંડનાં મધ્યભાગે આવેલાં પરગણામાં એ ગામ લોઢાના કારખાનાનું મોટું મથક હતું; તેમાં રિચર્ડને ખીલા બનાવવાના કસબમાં દાખલ કરવામાં આવ્યો. એ કામમાં શામેલ થવાથી ફૉલિના જોવામાં રોજ આવતું કે, લોઢાના સળીઆ પાડીને ખીલા બનાવવામાં કઢંગી રીત ચાલતી; તેથી ઘણો વખત ખાલી જતો, અને ઘણી મહેનત પડતી. સ્વીડનમાંથી જથાબંધ જે ખીલા આવતા, તે સ્ટૂરબ્રિજના ખીલા કરતાં સ્ટૂરબ્રિજનાજ બજારમાં ઓછે ભાવે વેચાતા, અને તેથી એ ગામનો વેપાર ધીમે ધીમે ઘટવા માંડયો. ઇંગ્લંડમાં ખીલા બનાવવાને માટે પ્રથમ લોઢાના સળીઆ મહા મહેનતે તૈયાર કરતા; પણ સ્વીડનમાં તો ચક્રીઓ અને સંચાવડે લોઢાને ઝટઝટ કાપી નાખતા, અને તેમાં થોડી મહેનતથી અને થોડા વખતમાં ઘણું કામ થવાથી તેમના ખીલા સસ્તા પડેછે, એમ સૌને માલમ પડયું.

આ વાત રિચર્ડ ફૉલીએ ચોક્કસ રીતે જાણી, એટલે એ નવી ક્રિ-

---

૧ સ્ટૂરબ્રિજ, ઇંગ્લંડમાં ઉસ્ટર્શિઅર પરગણાનું ગામ, સ્ટૂર નદી ઉપર, વસ્તિ, ૯,૩૮૦.

યાનું જ્ઞાન મેળવવાનો તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. તે એકાએક સ્ટૂરબ્રિજમાંથી ગેબ થઇ ગયો; અને કેટલાંએક વરસ લગી તેનું નામ કે નિશાન જણાયુંજ નહીં. એ ભાઇ ક્યાં ગુમ થઇ ગયા, તેની ખબર કોઇને હતી નહીં. તેનાં માબાપ સરખાં પણ જાણતાં ન હતાં. રખેને મારી મતલબ પાર ન પડે, એવા વિચારથી તેણે પોતાની વાત કોઇને પણ કરી નહીં. તેની પાસે કાંઇ પૈસા ન હતા; અને હશે, તે પણ નહીં જેવાજ; પણ જેમ તેમ કરીને તે હલ[૧]બંદર સૂધી તો પહોંચ્યો. અહીં આવીને તે એક વહાણમાં નોકરી ઉપર દાખલ થયો; તે વહાણ સ્વીડનના એક બંદર સૂધી જવાનું હતું. એમ કરીને તેણે પોતાની સફરનો ખર્ચ વહાણમાં નોકર રહીને કાઢયો. તેની બધી મિલકતમાં જુઓ તો તેની એક સુંદરી હતી. જેવો તે સ્વીડનમાં ગયો કે ત્યાંથી સુંદરી વગાડતો અને ભીખ માગતો તે અપ્સલ[૨] પાસે ડાનેમોરા[૩]ની ખાણો હતી. ત્યાં સૂધી પહોંચી ગયો. તે ફક્કડ ગાયન કરતો; અને પંડે ખુશ મિજાસી હતો, તેથી ત્યાંના લોઢાના કારીગરોની તેના ઉપર તરતજ મહેરબાની થઇ ગઇ. તે કારખાનામાં આવતો, અને અહીં એને મરજી પડે, ત્યાં ફરવાની છૂટ હતી. આવી રીતે એને જે તક મળતો, તે તે જવા દેતો નહીં; ને તેનાથી બન્યું, તેટલું ખૂબ બારીક અવલોકન કરવામાં તેણે જરા કસર રાખી નહીં; અને એણે પોતાના મનથી જાણ્યું કે, હવે લોઢું કાપવાની હિકમત હું બરાબર સમજી ચૂકયો છું. એ મુદ્દા ઉપર તે કેટલીએક મુદ્દત સૂધી ત્યાં રહ્યો; અને પછી તેના માયાળુ મિત્રો-પેલા ખાણીઆની પાસેથી તે એકદમ સટકી ગયો. તે ક્યાં ગયો, તેની કોઇને ખબર પડી નહીં.

ઇંગ્લંડમાં પાછા આવીને તેણે પોતાની સફરનો સઘળો હેવાલ સ્ટૂરબ્રિજમાં મિ. નાઇટને તથા એક બીજા માણસને કહી બતાવ્યો. એ બંને ગૃહસ્થોને ફૉલીનાં વચન ઉપર પૂર્ણ વિશ્વાસ હતો; તેથી નવાં કારખાનાં બાંધવાને અને નવી ક્રિયાથી લોઢું કાપવાનો સંચો બનાવવાને તેમણે તેને

૧ હલ અથવા કિંગ્સ્ટન-અપૉન-હલ, યાર્કશિઅર પરગણાનું બંદર, વસ્તિ, ૧,૨૩,૪૮૦.

૨ અપ્સલ, સ્વીડનનું પ્રાચીન શહેર; સ્વીડનના રાજાઓને એ શહેરના દેવલમાં રાજ્યાભિષેક કરવામાં આવેછે.

૩ ડાનેમોરા, સ્વીડનનું એક નાનું ગામ, વસ્તિ, ૩,૦૦૦, આખી દુનિઆમાં સૌથી સરસ લોઢું એ ખાણમાંથી ત્રણશેં વરસથી નીકળ્યા કરેછે.

જોઇતાં નાણાંની મદદ કરી. પણ જ્યારે નવાં કારખાનાંમાં નવો સંચો ચાલુ કરવા માંડયો, ત્યારે તે ચાલ્યોજ નહીં; ગમે તેટલી મહેનત કરી, પણ તે સંચાથી લોઢાના સળીઆ કપાઇને બીલકુલ નીકળ્યા નહીં; તેથી સૌનાં મન ખાટાં થઇ ગયાં, અને રિચર્ડ ફૉલિ તો બિચારો છેકજ લેવાઇ ગયો. ફૉલિ ફરીને લોપ થઇ ગયો. લોકોએ ધાર્યું કે આ બધો ખર્ચ અને મહેનત બરબાદ ગયાં; તેથી ફજેતી થઇ માટે શરમનો માર્યો તે ગયો તે ગયોજ; હવે ફરી મોઢું દેખાડશે નહીં; પણ ખરી વાત એમ ન હતી. લોઢું શી રીતે સંચાવડે કપાય છે, તેનો ભેદ સમજવાનો ફૉલિએ પોતાના મન સાથે નિર્ણય કરી રાખ્યો હતો; અને હજુ તે તેના વિચારથી ડગ્યો નહોતો. આગળની માફક તે પોતાની સુંદરી લઇને સ્વીડન તર્ફ ફરી રવાને થયો; અને રવડતો રવડતો તે પાછો પેલી લોઢાની ખાણો આગળ આવી પહોંચ્યો; ત્યાં તેના જુના મિત્ર ખાણીઆઓએ તેને ઉમળકાથી પોતાની પાસે બોલાવ્યો; અને હવે ફરીથી તે નાસી જવા ન પામે, માટે ખાણમાંજ લોઢું કાપવાની ચક્રીની પાસે તેમણે તેને રાખ્યો. જાણે એને તો સુંદરી વગાડવાનીજ ધૂન લાગી છે, અને એ સિવાય, એ બીજું કશું સમજતો નથી, એવી રીતનું એણે એવું તો ડોળ ઘાલ્યું કે, આપણા ગવૈઆના પેટમાં શું છે, તેનો પેલા લોકને જરા પણ વહેમ આવ્યો નહીં અને તેથી તે પોતાની જીંદગીની ખરેખરી ધારણા–પોતાના મનની મુરાદ પાર પાડી શક્યો. તે બધો સંચો અને કારખાનું જરેજર તપાસી વળ્યો; અને પહેલાં તે શા કારણથી પાછો પડયો, તેનું કારણ તેણે હવે શોધી કાઢયું. તેને ચિત્ર કળાની કંઇજ માહેતી ન હતી; તોપણ તેને જેવું આવડયું તેમ, તે સંચાના નકશા અને ડોળ ઉતારી લીધાં. 'મેં જે જોઇ તપાસીને મારા મન સાથે ચોકસ કર્યું છે, તે ખરૂં છે કે ખોટું; અને મારા મનમાં આ સંચાની રચના, બનાવટ અને ગોઠવણ સંપૂર્ણ રીતે અને સ્પષ્ટ રીતે વસી ગઇ છે કે નહીં' એ બંને વાતનું નક્કી કરવાને તે ત્યાં ઘણા દહાડા સૂધી રહ્યો. નિશ્ચય થયા પછી પેલી ખાણમાંથી નીકળીને સ્વીડનના એક બંદર ઉપર તે આવી પહોંચ્યો; અને ઇગ્લંડ આવવાને તે વહાણે ચઢયો. આવી અડગ દૃઢતાવાળો પુરૂષ પાર પડયા વિના કેમ રહે? તેના ઓળખાણ પીછાણવાળા અને તેના સ્નેહિઓ તો એને જોઇને અચરજ પામ્યા. તેણે આવતાં વારને જે ફેરફાર, સુધારો અને ગોઠવણ કરવા ધાર્યાં હતાં, તે પેલા સંચામાં દાખલ કરી દીધાં, અને મન ધાર્યું કામ સફળ થયું. પોતાની ચતુરાઇ અને ઉદ્યોગના

જોરથી તેણે ઘણી મિલ્કત મેળવી; અને આખા પરગણાનો વેપાર ભાગી પડ્યો હતો, તે તેણે ઠામ પાડ્યો. તે જીવ્યો ત્યાં સુધી તેણે પોતાનો ધંધો ચલાવ્યો, અને આસપાસનાં ગામોમાં લોક કલ્યાણના અને ધર્માદા કામોમાં મદદ દેવા લાગ્યો અને ઉત્તેજન આપવા લાગ્યો. તેણે સ્ટૂરબ્રિજમાં નિશાળ સ્થાપન કરીને પોતાને ખર્ચે તે નભ્યા કરે એવી ગોઠવણ કરી. તેના છોકરાનું નામ ટૉમસ હતું. તે કિડર મિન્સ્ટર[૧] ગામનો ખરો કલ્યાણ-કર્ત્તા હતો. રમ્પ રાજ્ય સભા[૨]ના વખતમાં તે ઉવુર્સ્ટરશિઅર[૩] પરગણાનો વડો ન્યાયાધીશ હતો. તેણે જૂના સ્વિનફ્રૉર્ડ ગામમાં એક દવાખાનું કાઢ્યું; અને તે હમેશાં ચાલે એટલા પૈસા તેને ખાતે ભર્યા. તે હજુ પણ ચાલેછે; અને તેમાં વળી તે ગામનાં છોકરાંને મફત કેળવણીનો લાભ પણ મળેછે. પહેલાં આખું ફ્રૉલી કુટુંબ પ્યુરિટન[૪] પંથી હતું. રિચર્ડ બાક્સ્ટર[૫]ને એ કુટુંબનાં ઘણાં માણસો સાથે ઘાડો ઘરોબો હોય, એમ જણાય છે; કારણ કે 'મારૂં જીવન ચરિત્ર અને તે વખતનો જમાનો' એ નામનું એણે પુસ્તક લખ્યું છે, તેમાં એ ઘરના માણસોનાં નામ હરઘડી આવેછે. ટૉમસ ફ્રૉલી એ પરગણાનો વડો ન્યાયાધિકારી નીમાયો, ત્યારે તેણે બાક્સ્ટરને વિનતિ કરી કે, ચાલતા આવેલા વહીવટ પ્રમાણે તમે મને ધર્મબોધ કરો. બાક્સ્ટર પોતાના જીવન ચરિત્રમાં લખેછે કે, એ એવા અદલ ઇનસાફી દિલનો હતો અને તેની લેવડદેવડમાં તે એવો ચોખ્ખો હતો કે, જે માણસોને એની સાથે કામ પડતું, તે એની સાચવટ અને સાફ દિલ જોઇને રાજી થતા અને તેની વધારી વધારીને વાતો કરતા; એનામાં

૧ કિડર મિન્સ્ટર, ઉવુર્સ્ટર શિઅર પરગણાનું ગામ, વસ્તિ, ૨૦,૮૧૪.

૨ રમ્પ રાજ્ય સભા, ઇ. સ. ૧૬૫૯, રિચર્ડ ક્રૉમ્વેલના વખતમાં મળી હતી. એ ટુંકી મુદ્દત ચાલી, તે ઉપરથી 'રમ્પ' પાર્લમેંટ કહેવાય છે. પહેલા ચાર્લ્સના વખતમાં 'લૉંગ' પાર્લમેંટ મળી હતી. તેનો અર્થ લાંબી મુદ્દતની રાજ્ય સભા.

૩ ઉવુર્સ્ટર શિઅર, ઇંગ્લંડનું પરગણું, ક્ષેત્રફળ, ૭૩૮ ચોરસ માઇલ, વસ્તિ, ૩,૩૮,૮૫૮.

૪ પ્યુરિટન, ઇંગ્લંડમા પ્રૉટેસ્ટંટ ધર્મની શાખા, એલિઝાબેથ રાણીના વખ્તમાં પેદા થઇ. તેની ક્રિયા મૂળ ધર્મથી સાદી અને સરળ છે.

૫ રિચર્ડ બાક્સ્ટર, ઇ. સ ૧૬૧૫-૧૬૯૧; એક પ્રસિદ્ધ ધર્મોપદેશક, ઈંગ્લંડમાં ચાલતા પ્રૉટેસ્ટંટ ધર્મથી નોખા પડેલા મતનો એ હતો.

પ્રમાણિકપણું અને સત્યતા નિર્વિવાદ ઝળકી રહ્યાં હતાં. બીજા ચાર્લ્સ[૩] રાજાના વખતમાં એ કુટુંબને અમીર વર્ગમાં દાખલ કર્યું.

4. TREATIES WITH CHOLERA.

૪. કોલેરા સાથના કોલકરારો.

ઘડીમાં અહીં અને ઘડીમાં તહીં ગરીબ પ્રજાને પીડતા, રાંકને રીબાવતા, બાળક, જુવાન કે વૃદ્ધ મનુષ્યોને નહિ ગણકારતાં અને હવાની માફક ચોમેર પસરવાના પાંડિત્યમાં પ્રવીણતા પામેલા કોલેરાને જોઇ જામનગરના રહીસ **વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજીએ** વસ્તીની દાઝ દિલ ધરી દયાળુ અંતઃકરણથી અલંકારની ભાષામાં કોલેરા સાથે કરેલી સરતના શ્લોક.

शार्दुलविक्रिडितवृत्तम्

रेरेचांडिविसूचिकेऽखिलजनप्राणापहारोद्यते
सद्वैद्यैरपसारितापिबहुशोनानाविधैर्भेषजैः।।
दुर्दैवात्समवाप्तदैन्यमधुनार्याणामिमंनीवृतं
निर्लज्जेवसुनिर्दयेवमुहुरागम्यप्रमृन्दासिकिम्।। १ ।।
किंक्रुद्धासियदार्यशास्त्रविदितामारव्यांसुविस्मृत्यते
कोलेरेतिवदंत्यनार्यकागिरार्याअप्यतद्वेदनात्।।
किंवार्यावनिजामपीहभवतींयोगैरनार्योदिते
र्जंतुंयद्यततेजनोऽल्पाधिषणस्तुभ्यंनतद्रोचते।। २ ।।
श्वित्रींपुल्कसभार्ययेवभवतींसंयोज्यकिंवासुरा
द्यक्तैर्भेपजकैर्यदत्रपतितीकुर्वंत्यकुप्यस्ततः।।
किंवाकेचनवैद्यकास्तवनहिज्ञात्वानिदानादिकं
त्वांमिथ्योपचरंतितेनकुपिताक्लिश्नासिरेभारतम् ।।३।।
एवंचेच्छृणुनःप्रातिश्रवमिमंप्रौढंभवत्यैबली
नार्यायुर्निगमोक्तभेषजवरैस्तत्तन्निदानोचितैः।।
दास्यामोवयमत्रकिंचपुनरप्राप्त्यैप्रातिज्ञांद्रढा
मत्यंतंविषयादिसोविवासितुंमन्यामहेत्वत्कृताम् ।।४।।

---

૩ બીજો ચાર્લ્સ, ઈ. સ. ૧૬૩૦-૧૬૮૫; ઇંગ્લંડની ગાદીએ બેઠો, ઈ. સ ૧૬૬૦.

સર્વ માણુસોનાં પળવારમાં પ્રાણ હરવા પ્રવીણુતા ધરાવનાર નફ્ફટ કોલેરા! તને ઘણા દાક્તરો, વૈદ્યો અને હકીમો જૂદી જૂદી જાતના અકસીર આસવોથી હાંકી કહાડે છે તોપણ હાલ દુર્ભાગ્યને લીધે પરતંત્રતા વગેરે દીનતાથી દુઃખી થયેલા આર્ય લોકોના આ દેશને તું નિર્લજ્જ અને નિર્દય થઇ વિના આમંત્રણે વારંવાર આવી પાયમાલ કરેછે તેનું શું કારણ છે?

આર્યશાસ્ત્રોની અજ્ઞાનતાને લીધે આર્ય લોકો પણ તારૂં ખરૂં અને અસલ નામ વિસરી ગયા છે અને મ્લેચ્છ લોકોની ભાષાથી કોલેરા એવું નામ આપેછે. આ નામના અણગમાથી તું અતિ ક્રોધાતુર થયેલ છે કે શું? અથવા તું આર્ય ભૂમિમાં જન્મેલ છે તેથી તને આર્યોષધિના ઉપાયોથી વશ કરવો જોઇએ તેમ નહિ કરતાં અલ્પ બુદ્ધિવાળાં મનુષ્યો મ્લેચ્છ લોકોએ કહેલા તથા કરેલા ઉપાયોથી તને જીતી લેવાનો પ્રયત્ન કરેછે તે તને ગમતું નથી કે શું? આ દેશનો પીછો નહિ છોડવાનું કારણ શું?

ભરત ભૂમિના ભ્રાંતિવાળા લોકો ચીત્રી વગેરે રોગના પંજામાં સપડાયા હોય ત્યારે કેટલીએક વખતે એવી કલ્પના કરેછે કે આ રોગને અભડાવીએ તો જતો રહે એમ ધારી ઢેડીનું આલિંગન કરે છે. એજ મુદ્દો લઇ કેટલાએક નીમ હકીમો તારા આવવાનું તથા પ્રચંડ ઉત્પાતનું ખરૂં કારણ નહિ જાણતાં તારો ગુસ્સો વધે એવા અપવિત્ર ઉપાયોથી તને દૂર ખસેડવાની યોજના કરતા જાયછે. આ નાપાક આસવો વગેરે ઔષધોના મદથી ઉન્મત્ત થઇ તું તારી ધમાલ ચલાવેછે કે શું? જે તારો લાગો હોય તે લે અને આ અનાર્ય આચરણ છોડી દે.

તારા જન્મ કાળમાં આર્યોએ તને આર્ય નામ આપેલું છે અને આર્યૌષધથીજ ગળસુદી આપેલી છે તેથી તું શાંત થયેલો છે તે વાતનું સ્મરણ લાવી તેજ ઉપાયોનું બળીદાન આપવાની દૃઢ પ્રતિજ્ઞા અમોએ આજથી લીધી છે તો આ ઉપરથી અમને પણ તારો ખરો અભિપ્રાય તથા ઠરાવ જાણવામાં આવેછે કે જ્યાં જ્યાં આર્યૌષધનું બળિ તારા જોવામાં આવશે ત્યાં ત્યાં તું મનુષ્યોને પીડયા સિવાય તરત તારાં પગલાં ઉપાડી લઇશ. કારણ કે આજ દિવસ સુધી તારો પ્રસંગ પાડતાં અમારા જોવામાં એમજ આવ્યું છે. માટે હવે તો આજની તારીખથી તારી સાથે પાકો ઠરાવ કરી સર્વ મનુષ્યોની સમક્ષ બંદોબસ્ત કરવામાં આવેછે કે જ્યાં જ્યાં તું પગ પેસારો કરીશ ત્યાં ત્યાં અમો જેમ બને તેમ બળિ આપીશું અને તારે પણ હવે દિલ-

ની હદમાં રહેવું નહિ. આ લખ્યું બન્નેને કબૂલ મંજૂર છે.

વળી પણ વિશેષમાં આટલું સાંભળી લે.

શિખરિણી.

મહામારી ! તેં તો ગજબ બહુ માંડયો અમપરે,
ચલાવેછે કારી કતલ પલમાં તું ઘર ઘરે;
અરે શું ? આર્યોનાં અતુલિત મહા પાપ પ્રગટયાં,
જનો તેનાં જેથી વરસ દિનમાં તો બહુ ઘટયાં. ૧.
અમારે માથે તું વગર અપરાધે કયમ ધસે,
દયાના અંશો શું ? તુજ દિલ વિષે લેશ ન વસે;
અહીં આવી જાતાં હજુ મુદત ઝાઝી થઇ નથી,
ફરીને તેવામાં દરશન દિયેછે ઝડપથી. ૨.
નથી રે'વા દીધી તુજ વગર તેં હિંદ અવની,
ફરેછે સ્વેચ્છાથી સકળ સ્થળમાં સાવધ બની;
કરેછે કલ્પાતો નિજ જન ગયાથી કંઇ જણો,
મરેછે કોઇ તો હરદમ ધરીને ભય ઘણો. ૩.
કહે ? શાને લીધે અમ ઉપર ક્રોધાતુર થયો,
પડી છે શું ! ભૂલો અહરનિશ જેથી અહિં રહ્યો;
કહેછે કોલેરા પ્રથમનું ખરૂં નામ વિસરી.
અનાર્યોક્તિથી શું અધમ પદવી તેં દિલ ધરી. ૪.
મહા વ્હેમી લોકો જયમ તન તણો કોઢ હરવા,
ઉઠે ચાંડાલીને તરત જઇને બાથ ભરવા;
કરેછે આ આર્યો તમ ઝટ અનાર્યૌષધિ થકી,
હઠાવાને તુને મનમહિં ધરે હિંમત નકી. ૫.
હતો જ્યાંસુધી તું નિકટ મહિં આર્યૌષધિ તણા,
રહ્યો ત્યાંસુધી તો અમથી અળગો દિવસ ઘણા;
તને જુદો પાડયો કહિં કહિં સ્થળે તેથી હમણાં,
ફસાવ્યો ફાંદામાં અતિશય અનાર્યૌષધિ તણા. ૬.
ચડીછે શું આથી તુજ હૃદયમાં રીસ અતિશે.
અને તેથી માંડયો ગજબ બહુ આ ભારત વિષે;
કદી જો આ શંકા કંઇ પણ ખરી અંતર ગણે,

ખરે ત્યારે તો આ શુણુ અમ પ્રતિજ્ઞા દૃઢપણે. ૭.
પ્રસિદ્ધિમાં દેશું તુજ પ્રથમનાં નામ સઘળાં.
નહિ તારે માટે કદિ પણ અનાર્યૌષધિકળા;
મિલાવીશું તુને પરમ પ્રિય આર્યૌષધિ થકી,
હવે ત્યાંથી જાવા ઝટપટ પ્રતિજ્ઞા કર નકી. ૮.

---

5. ORGAN OF SPEECH.

૫. વાકેંદ્રિય (વાણી સ્થાનના અવયવો) વિષે.

(સાંધણ પૃષ્ટ ૧૦૯મેથી.)

વાકેંદ્રિના નાદનો વિકૃતિ ને રૂપાંતરોની સીમા.—વાકેંદ્રિના નાદભેદની ને તેના રૂપાંતરોની કાંઇ ગણના રૂપે હદ બાંધવામાં આવેછે; એટલે તેની સંખ્યા થઇ શકેછે. પરંતુ ઇશ્વરની આ રચનામાં તેની જોડણીથી, એ સંબંધી શબ્દો ને વાકયો, તેની સીમા થઇ શકતી નથી. કેમજે અનેક મોટા મોટા શબ્દકોશ જોઇએ તો તેનું મળતાપણું કે તેનો પાર લઇ શકતા નથી. નાના પ્રકારથી આની જોડણી વડે, અનેક પ્રકારની ભાષાઓ ને લીપિ બનેલી છે, ને તે વડે અરસપરસનો વ્યવહાર કળવે છે. હજી આ સંબંધી જ્ઞાનની વૃદ્ધિના પ્રમાણમાં જોડણી વડે નવી શબ્દ આદિની સંખ્યાનો સંગ્રહ વૃદ્ધિ ગત થતોજ જાયછે. આશ્ચર્યકારક તો એછે કે, આપણી ધારણા શક્તિ વડે આનો અનંત સમુહના સંગ્રહને, યાદમાં રાખી શકીએ છીએ. આ એક ઇશ્વરની ગહન વિચિત્રતા છે.

'અ' એનો પૂર્ણ સ્વર હોઇને મુખ્યત્વે અગિયાર તેનાં રૂપાંતરોછે, કેમજે એ રૂપાંતરોનો ઉચ્ચાર 'અ' ને મળતો હોઇને માત્ર તેમાં જરા ફેરફાર જોવામાં આવેછે. એ રૂપાંતરો નીચે પ્રમાણે—આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ. એ પ્રકારે રૂપાંતરો હોઇને તે મુખના સ્વર સાથે તેના જીવ્હાદિ અવયવોના પ્રસરણ આંકુચન ફેરફાર વડે, એવાં રૂપાંતરો થાય છે. કેટલીક વાર આ મુખના ફેરફાર વડે કેટલાકોને સ્પષ્ટ બોલવામાં વ્યંજનોની પેઠે હરકત પડે છે. કેટલાક વિદ્વાનો આની સંખ્યામાં તેના વિશેષ રૂપાંતરો બતાવે છે; જેમકે પ્રાણ વાયુને આકિસજન અગર ઓકિસજન, એમ ન ઉચારતાં

"ઑક્સિજન", એમ ઉચ્ચાર કરે છે. આમાં 'આ' અને 'ઓ' એ બે રૂપાંતરોની મધ્ય મેળવણીની કેળવણીથી ઉચારે છે. આમજ આ અન્ય રૂપાંતરોના મધ્ય મેળના ઉચ્ચાર ઉપજ્ન થાયછે. પણ સર્વ મનુષ્યો તેવા અલ્પ રૂપાંતરોને મુખ્યત્વે માન્ય ન કરતાં, તે પ્રસિદ્ધ રૂપાંતરોને માન્ય રાખે છે, તોપણ ઈંગ્લિશ આદિ ભાષાઓમાં, તે પણ, વપરાતાં જણાયછે. વ્યંજનોનું પૂર્ણગત થવું; એ પણ, આ સ્વર ને તેના રૂપાંતરો વડેછે. એ તેનાં રૂપાંતરો પણ સ્વરની પેઠે પોતે સહીત ૧૨ બારજ હોય છે. મધ્ય મેળના ભેળમય રૂપાંતરો પણ સ્વરની પેઠેજ કરી શકાયછે આની સંખ્યા મુખ્યત્વે ૩૩થી ૩૪ હોઇને, તે મૂખાદિ અવયવોનો આશ્રય લઈને, નોખ નોખાં પોતાનાં રૂપ ધારણ કરેછે. જેમકે ક, ખ, ગ, ઘ, ઙ. એ કંઠ એટલે કંઠની સહાયથી ઉપજ્ન થાય છે. ચ, છ, જ, ઝ, ઞ એ તાળવાના આશ્રયથી ઉપજ્ન થાયછે. ટ, ઠ, ડ ઢ, ણ. એ મુર્ધન્ય હોને ઉપલા દાંતના પેઢા સાથે જીભના પછાડથી ઉપજ્ન થાયછે. ત, થ, દ, ધ, ન; એ દંત્સ હોને જીવ્હાગ્ર ને દાંતના આશ્રયથી ઉપજ્ન થાય છે. પ, ફ, બ, ભ, મ. એ હોઠનો આશ્રય લઈને પોતાનું રૂપ પ્રકાશે છે. તેમજ અર્ધ સ્વરમાં ય્ એ તાળવ્ય છે; ર્ એ મુર્ધન્ય છે; લ્ એ દંત્સ છે; વ્ એ દંતોષ્ઠ્ય છે; તેમજ ઉષ્મ રૂપે શ્ એ તાળવ્ય છે. ષ્ એ મુર્ધન્ય છે. ને સ્ એ દંત્સ છે. અને હ એ મહા પ્રાણીની ગણનામાં છે. કેટલાક વર્ણોની છાયામાં ભેદ હોય છે. જેમ ળ્ એ લની છાયા છે, તેથી તેને તેનું રૂપ ટવે છે, અને તેને કોઇ નિરાળો પણ સમજે છે. અને ઙ. અક્ષરને કોઈ નાશિકા સ્વર પણ ટવેછે. એ વિષે વ્યાકરણ નિયમબંધ સવિસ્તર વર્ણન કરેલુ છે, તે ઉપરથી સરલપણે સમજવું. સ્વર ને વ્યંજનો મળી કે સ્વરજ મળી અગર વ્યંજનોનો મેળાપ થઇ અનેક વિધાન જોડાક્ષર થાય છે. ક્ષ અને જ્ઞ એ આદિ પણ જોડાક્ષર છે. કોઇ વાકેંદ્રિતે સહાયક મુખના અવયવના ફેરફારને લીધે ક, ખ, ગ, ઘ, ઙ., ને બદલે ત, થ, દ, ધ, ન, એ અક્ષરો પોતાના બોલવામાં વાપરે છે; તેને મનુષ્યો તોતળો કહેછે. કોઇ શુદ્ધ બોલેછે પણ તે અટકીને બોલતું હોયછે, એમ થવું એ તેના સ્નાયુઓના તિવ્ર વળણુની જે બોલવામાં કમતી, એ છે. આપણા મુખમાં અજ્ઞાત ઉચ્ચાર પણ થાયછે; તેમાં મુખ્ય પશુને હાંકવાનો ડચકારાનો શબ્દ, એ એક, અને બીજો જીભથી પાવો કે સિસોટી વગાડીએ તે. ડચકારાના પણ બે ભેદ છે. તેમજ એવા અજ્ઞાત ઉચ્ચારના બીજા ભેદ પણ છે. આફ્રિકાના હાતાંત દેશના મનુષ્યો, એ પોતાની વાણી

કાંઇ આવા અજ્ઞાત પ્રમાણે પણ ઊચ્ચરે છે. જેવી પ્રત્યેક મનુષ્યોના નાકની રચના હોયછે, તે પ્રમાણે મનુષ્યોમાં સાદ ફેર જોવામાં આવેછે. અને એથી આપણે જેમ પ્રત્યક્ષ મનુષ્યોને નાશિકા ને મુખ ચહેરાવડે પારખી શકીએ છીએ, તેમજ તે છેટે છતાં પણ, આ પ્રત્યેક મનુષ્યના સ્વર ભેદ વડે એને પારખી શકીએ છીએ. સ્ત્રી પુરૂષનો ભેદ પણ અભ્યાસે આ ઉપરથી સહજ પારખી શકાય છે. કેટલીકવાર મનની સ્થિતિઓ પ્રમાણે વાચાનાં રૂપાંતરો બને છે. જેમકે કોઇ કષ્ટની વેળાએ વાચાનું રૂપ જૂદા પ્રકારનું હોયછે. હસવામાં જૂદી સ્થિતિમાં હોયછે. તેમજ જેવી જેવી મનની લાગણીઓ, તે પ્રમાણે તેની સ્થિતિ જોવામાં આવેછે. મનની લાગણીઓ મુજબ વાચા ગાયન આદિ પ્રકારે મનના ઉભરા દર્શાવે છે. અને તે ગાયનમાં મોહિત કરી પ્રેમલુબ્ધ આનંદમય શૌર્યમાન કે શોકયુક્ત ઇત્યાદિ સ્થિતિઓમાં આવડે મનુષ્ય થઇ શકે છે. એ રૂપાંતરોના પણ કાંઇ પ્રકારે નિયમ હોયછે.

વાકેંદ્રિની બોલવાની શક્તિ.—વાંકેંદ્રિ એ રચઇતા પ્રભુની બક્ષિસ છે. અને પ્રારંભે બાળપણાથી એ પ્રત્યેકમાં વધુઘટુ હોયછે; પણ સ્પષ્ટ ઉચ્ચાર કરવાની શક્તિ હળવે હળવે ને અભ્યાસથી પ્રાપ્ત થાયછે. કોઇ મુખ રચનામાં ફેરફાર હોય તો, કે શિક્ષણ કમી હોવાને લીધે કેટલાક વર્ણોચ્ચાર સ્પષ્ટ ઉચ્ચારવાને અસમર્થ રહેછે બચ્ચું પોતાના આસપાસના મનુષ્યોને બોલતાં સાંભળે છે અને તેના જેવું કરવાને પ્રયત્ન કરેછે; એ પ્રમાણે બચ્ચાંને શબ્દ પછી શબ્દ એમ તેની માનસિક ધારણા શક્તિમાં ધારણ થઇ ભાષાનું જ્ઞાન થાયછે. ઘણાં વર્ષના શિક્ષણ પછી તેને વાણી સંબંધી ઇંદ્રિયો પોતાને સ્વાધિન રાખવામાં આવેછે. એ ઉપરથી જણાશે કે, વાંકેંદ્રિને કર્ણેંન્દ્રિ એને નિકટ સંબંધ છે; તે એટલે સૂધી કે, જે બચ્ચું બહેરૂં જન્મ્યું તેને અવાજ સાંભળવામાં આવીને શીખી શકાતું નથી; માટે, તે મુંગું રહેછે, એ ઉઘાડું છે. એનું કારણ તેની વાણી સંબંધી ઇંદ્રિયમાં કાંઇ અપૂર્ણતા છે, એમ નથી; પણ, ઉચ્ચારેલ વાણીના જ્ઞાનની તેને સમજણ થઇ શકતી નથી, એ છે.

વાકેંદ્રિ વિષે મનુષ્ય તથા અન્ય પ્રાણીમાં ફેરફાર ને તુળના.—જે જનાવરો શ્વાસનળીદ્વારે શ્વાસોશ્વાસ લેતાં હોયછે, અને જેને ફેફસાં છે; તે જનાવરોને માત્ર વાસ્તવિક રીતે જોઇએ તો, એક સરખી રીતના અજ્ઞાત ઉચ્ચારની કંઠ ધ્વનિઓ કાઢવામાં આવેછે. એમાં પણ તે કેવળ બરડાવાળા પ્રાણીમાં હેને તેમાં મુખ્ય પહેલા ત્રણ વર્ગ છે. એટલે સસ્તન પ્રા-

ણી, પક્ષી ને સર્પમાન પ્રાણી એને માત્ર ઉચ્ચાર કરવામાં આવેછે. તુળના કરીને જોયું તો જૂદી જૂદી જાતના જનાવરો જે અવાજ કાઢે છે, તેનામાં બહુ ભેદ જણાતો નથી. અને એ સ્પષ્ટ ઉચ્ચાર કરેછે તેમ પણ, કાંઇ જણાતું નથી. તથાપિ, વાંદરાં આદિ કોઇપણ એક જાતિના જનાવરોના મેળા (જમાવ) આપણે જોઇએ છીએ, ને તેનાં અનેક કામો થાયછે; તે બાબતમાં જે કિલબિલ તે કરેછે, એ આપણે જોઇએ છીએ; ત્યારે, તે કિલબિલ તેની ભાષા હોય ને તેનાથી તે પોતાના વિચાર એક બીજાને જણાવતાં નહોય, એમ પણ કહી શકાય. તેના અવાજમાં સ્પષ્ટ ઉચ્ચાર આપણા સમજવામાં આવતો નથી, એમાં સંશય કે આશ્ચર્ય નથી; કારણ, આપણી ભાષાથી તમામ જૂદી ભાષામાં કોઇ પરમનુષ્ય ત્વરાથી બોલવા મંડે છે. તો, તેનું બોલવું વાંદરાંના કલબલાટ મુજબ સ્પષ્ટ ઉચ્ચાર રહીત આપણને જણાશે. હવે જો કે, જનાવરોમાં સ્પષ્ટ ઉચ્ચાર કરવાની શક્તિ હો, વા નહો, તોપણ એ ઉઘાડું છે કે, પોતાના શબ્દના યોગ વડે, તે તેની ગરજો, તેના ભય, તેના આનંદ ને દુઃખો ને તેના મનોવિકાર એ આદિ, તેપણ પરસ્પરમાં એક બીજાને દર્શાવે છે. કેટલાક પ્રસંગમાં તે પોતાના કામમાં એટલે, ઘર બાંધવું, અન્ન મેળવવું ને બીજી ઘણીએક બાબતોની જે તેને જરૂર જણાય છે; તે સારૂ પોતાના વિચાર એક બીજાને દર્શાવતાં હોય એમ જણાય છે. તે ઘણા વિચાર ચિન્હો (ચાળાઓ) વડે દર્શાવતાં હોય; તોપણ, એ અવાજનો ઉપયોગ એજ કામ વાસ્તે કરેછે, એમાં સંશય નથી.

સસ્તન પ્રાણીની વાકેંદ્રિ.—સસ્તન જનાવરોમાં વાણીની ઇંદ્રિય રચના ઘણુંકરીને મનુષ્યના જેવી છે, પણ જૂદા જૂદા જનાવરોમાં તેની જૂદા જૂદા માનથી પૂર્ણતામાં પહોંચેલી હોઇને કેટલાકમાં તેની રચના ઘણીજ ગુંચવણ ભરેલી ને, કેટલાએકની તમામ સાધારણ છે. જિરાફ્ આન્ટઇટર અને સસલો આદિ કેટલાંક જનાવરોને, વાણી સંબંધી ઇંદ્રિઓ હોતી નથી; માટે, તે કેવળ મુંગાં હોયછે. પણ બીજાં કેટલાંકની વાણી સંબધી ઇંદ્રિ એટલી પૂર્ણતાએ પહોંચેલ હોય છે કે, તે ઘણા પ્રકારનો અવાજ કાઢે છે. કેટલીક જાતના જનાવરોના અવાજ ઘણાજ જબરા હોયછે, એનું કારણ એ છે કે, કૃકના સંબંધમાં તેને કાંઇ થેલી પડદા હોયછે, તેની પોલમાં અવાજ અથડાઇને ઘણોજ મોટો નીકળે છે. દક્ષિણ અમેરિકામાં કિકયાટી કરનારાં વાંદરાં આ પ્રકારનાં પ્રસિદ્ધ જનાવર છે, તેને જીભના થડે એક જીવ્હાસ્થિ

હોય છે, તે હાડકાની ઢોલ્ન મુજબ બનેલ હોઇને, તેનો સંબંધ શ્વાસ નળી સાથે છે; એટલે તેના યોગ વડે અવાજ જોરથી ગાજેછે. એવું કહેવાય છે કે, એવા એક વાંદરાના ખીલખીલાટથી (રાડ) એક મૈલ કરતાં પણ વધારે અંતર સુધી સ્પષ્ટ સાંભળવામાં આવેછે, અને જ્યારે તેમાંના ઘણા જણ એકઠા મળીને પોતાની ચાલ પ્રમાણે રાત્રે હુંકે છે; ત્યારે, તેના અવાજ એટલા બેસુર હોયછે કે, તે મનુષ્યોના કાનથી સહન થઇ શકતા નથી.

પક્ષીની વાકેંદ્રિ.—સસ્તન પ્રાણીમાંના કૃક મુજબ, જે કૃક પક્ષીમાં છે, તેનાથી અવાજ ઉત્પન્ન થતો નથી, પરંતુ હવાના માર્ગની રક્ષા કરવા સારૂ તેની મુખ્યત્વે યોજના કરેલી હોય એમ જણાય છે. તોપણ શ્વાસ નળી નીચેના અગ્રમાં તેને બીજો કૃક છે. અને જે અનેક પ્રકારના સ્વરો વિષે પક્ષી બહુ પ્રખ્યાત છે, તે સર્વ તેના યોગથી નીકળે છે. શ્વાસ નળીના નીચે બે ત્રણ અંગોઠી (પોલી કુલડીઓ) ઘટ જોડાએલ છે; અને તેમાં આગળની બાજુથી પછવાડેની બાજુ સુધી એક આડું હાડકું હોઇને; તેની ઉપરના કિનારા ઉપર એક નાની ત્વચા છે. તે એટલી મોકળી હોયછે કે, તે ઉપરથી પવન તુર્ત પસાર થવાથી એ લળક લઇ કંપે છે; અને તે ત્વચાના યોગથી ઘણાં ગાનારાં પક્ષીના સ્વરોનો તરેહવાર સ્વર કંપ, એ ઘણોજ મધુર થાયછે, પોપટ, કોયલ આદિ પક્ષી માણસની પેઠે કોઇ પ્રકારે ઉચ્ચાર કાઢી શકે છે, કોઇ લાંબાં લાંબાં વાક્યો પણ શીખવેલાં બોલી શકેછે, પણ તે શબ્દનો અર્થ તેના મનમાં સમજાય છે, એમ જણાતું નથી, કેટલાંક પક્ષી બીજાના સ્વરની આબેહુબ નકલ કરવામાં પ્રખ્યાત છે. અને આ એનો ગુણ વિશેષ મુલ્યવાળો સમજીને તેને પાળવામાં આવેછે, એક વિલ્સન, એ નામનો, પક્ષીવર્ણનવિધવેત્તા થયો છે; તેણે અમેરિકામાં માકિંગબર્ડ (નકલ પક્ષી) એનું વર્ણન કરતાં એવું લખેલું છે કે, "આ પક્ષી પાળ્યું હોય તો, જ્યારે, તે ગાવાનો ક્રમ ચાલુ કરેછે ત્યારે, પાસે ઉભેલા મનુષ્યનું લક્ષ તે તરફ લાગ્યા વિના રહેતું નથી. એ પક્ષી ધણીની પેઠે કૂતરાને બોલાવવા માટે સિસકારો કરેછે, તેથી કૂતરો એકદમ જાગી ઉઠે છે, પૂછડી હલાવે છે, અને ધણીની પાસે આજ્ઞામાં હાજર થવા દોડે છે. કૂકડાના દુઃખી બચ્ચા પ્રમાણે કળમળ અવાજ કરેછે, અને તેથી કૂકડી પોતાની પાંખ લાંબી ને પિંછડા ઉંચા કરીને તેની રક્ષા કરવા આસપાસ દોડેછે. કૂતરાનું ભસવું, બિલાડીનું મ્યાંઉં મ્યાંઉં કરવું, રસ્તા ઉપર જનાર ગાડીનું કણકણવું એ સર્વની નકલો તે આબેહુબ કરેછે. તેના ધણીના

ગાવા વગેરેના સ્વર એ તેને શીખવેલા હોયછે, તે સ્વર એ પૂર્ણપણે બરોબર કાઢેછે આપણા ગૂર્જરાષ્ટ્રમાં ચકલાની જાતિના (લંક્ષલેડા) પક્ષીઓની એક નિર્યામત જથાની ટોળીનો સમુદાય છે; તેને તાળ ગાનારાં પક્ષી પણ કહેછે. તે પક્ષીઓ પોતાના ગાવામાં; તેમાંનાં પક્ષીઓ પડધમ માફક જૂદે જૂદા તાળ ને વાદ્ય અવાજની નકલથી ગાયછે. તે જેમ, આરબની બેરખમાં નાના પ્રકારની લવરીનો નમુનો તે કરેછે; એ મુજબ, આ જાણે કેમ એક કુદરતી અચ્છો નમુનો હોય તેમ થઇ રહેછે, આનો ફક જાડો ઝીણો તેને લાયક હોય એમ છે. આ પોતાનો સ્વર નાનાં મોટા ને ઝીણા જાડા જોરથી અનેક તાળમાં નોખ નોખું ગાઇ શકેછે. આ પક્ષીઓ પોતાના ગાવામાં નોખ નોખી વ્હેંચણી કરી લઇ જે પક્ષીને જે ભાગ આવેલું હોય, તે પક્ષી એ પ્રમાણેજ ગાયા કરેછે.

સર્પમાન પ્રાણીની વાકેંદ્રિ.—સર્પમાન પ્રાણીની વાણી સંબંધી ઇંદ્રિઓ, એની રચના સાધારણ હૈઇને, તે પક્ષીને સસ્તન પ્રાણીના જેટલી પૂર્ણતા હોતી નથી. જે ઠેકાણે શ્વાસ નળી એ, ફેરિંકસ (સત્પથ)માં મળે છે તે ઠેકાણે તેનો ફક છે. સર્પમાન પ્રાણીનામાં જે અવાજ નીકળે છે, તેનામાં મુખ્ય દેડકાનો ડરાંઊ ડરાંઊ ને ગરોળનો ચુકચુક અવાજ એછે. સર્પનામાં કંઇ ધ્વનિના રજુ નથી. માટે તેનાથી માત્ર ફુસકાર કાઢી શકાય છે. એ તેનો મૃદુ ફક ને મુખ્ય ઈંદ્રિઓમાંથી જોરભેર શ્વાસ કાઢવાથી ઉત્પન્ન થાયછે. આ પ્રમાણે અનેક પ્રાણીથી મનુષ્યની પેઠે અન્ય પ્રાણીઓમાં પણ, પોતાની મનો-ઇચ્છા, ભય, દુઃખ, શોક, સંતાપ, આનંદ આદિ તેને જૂદા જૂદા રૂપના અવાજથી દર્શાવે છે. આપણા ઘરમાં કંસારી એ નામનો કિટક હોયછે, તે રાત્રીના સમય કે કોઇવાર દિવસે પોતાની રતમાં સ્વરનો પાવો ઘણી વખત તિણા સ્વરથી વગાડેછે. તેમજ ભાદ્રવા આદિ માસમાં તમરાઓ ઘણુંકરી બપોર વખતે પોતાના તિણા સ્વરનો પાવો પણ તેમજ વગાડેછે. કોઇ કોઇવાર વૃક્ષ નીચે વિશ્રામ લેનારને તે એટલો એના તિણા નાદથીં કંટાળા ભરેલો લાગેછે કે, તે એને ત્યાંથી ઉડાડી મૂકવા સિવાય ઠીક પડતું નથી. તેમજ મનો-રંજક સ્વરો કાઢનાર સ્થિર ડિટકના નાદોમું પણ છે.

વાકેંદ્રિ સિવાય અન્ય પ્રાણોઓમાં અવાજની ઉત્પત્તિ.—કિટક આદિ અન્ય પ્રાણી થકી જે અવાજ ઉત્પન્ન થાયછે, તેમ કંસારી, તમરાં આદિ સિવાય બીજામાં વાણી સંબંધ નથી. કારણ, તેને વાણી સંબંધી ઇંદ્રિ

છે નહિ. તે અવાજ એના અવયવના યોગથી થાયછે. મધમાખી અને મચ્છર તેનો ગણગણાટ તેની પાંખની શિઘ્ર ગતિથી ઉત્પન્ન થાયછે. મધમાખી ને માખી આદિ કિટકને છાતી ઉપર એક ત્વચાનું પડ છે. તેને સ્નાયુના યોગથી જોળ થાયછે. ઉડવાને લેવો એ નિરાળા તંગ જોળનો થરથરાટ એક મિનટની સરહદમાં ત્રણ હજાર પર્યંત થાયછે. એવી ગણત્રી કરેલી છે. કે, મધમાખીનું ગણગણવું જેવો પ્રસંગ હોય, તે પ્રમાણે જૂદા જૂદા પ્રકારનું હોયછે. એ ક્યારેક ક્રોધનું ક્યારેક શોકનું અને કોઇ વખત આનંદનું એમ હોયછે. મધમાખીની રાણી નરેહવાર અવ જ કાઢતી હોયછે એ તરફ બાકીની મધમાખીઓ લક્ષ આપીને તે મુજબ પોતાનું ચલન વલન કરેછે. તીડો આ મોટો ને કરકસ અવાજ કાઢેછે. તેની અગળની પાંખ ઉપર ઢોલની મુજબ પાંખ હેને તે પાંખ પરસ્પર ઘસાવાથી તે અવાજ ઉત્પન્ન થાયછે. બીજા અવાજ ચર્વણના યોગવડે પણ થાયછે. ઉદાહરણ માટે, તીડો જ્યારે ખાવા ઉપર મંડે છે ત્યારે, તે સંભળાય છે. અને તે અગ્નિમાંના તડતડાટ પ્રમાણે હોયછે. એક પ્રકારની મકોડી છે, તે પોતાનાં જડબાં કઠણ પદાર્થમાં અફાડીને કરકસને ઉતાવળો અવાજ કાઢેછે. પાણીમાંના પ્રાણીઓને અવાજ કાઢવાનાં કાંઇપણ વિશેષ સાધનો હોતાં નથી.

અન્ય પ્રકારે કુદરતી નાદોની ઉત્પત્તિના પ્રકાર ભેદ વિષે, આગલા ભાગમાં જ્ઞેય શક્તિની કર્ણેન્દ્રિના પ્રકરણમાં આપવામાં આવેલ છે, તેથી તેનું આહીં વર્ણન કરેલું નથી.

વૈદ મયારામ સુંદરજી.

---

6. HUMAN ACTIONS.

૬. નવરસથી ઉત્પન્ન થતાં માનસિક સ્વરૂપ વિષે.

નવરસ—શૃંગાર, વિર, કરૂણા, અદ્ભુત, હાસ્ય, ભયાનક, બિભિત્સ, રૌદ્ર, ને શાંત, એ પ્રકારે પ્રસંગ, કે તેને લાયક વર્ણન પ્રમાણે એ રસ ઉત્પન્ન થાયછે. અને તેથી એકથી વધારે મનો રૂપાંતર ઉભાં થાયછે. અને લાગણીઓ જન્મ લે છે. જેમકે શૃંગારથી હાવ ભાવ, મોહ, ઇચ્છા, આનંદ, કામ, એ મનોભાવ ઉત્પન્ન થાયછે. વીરરસ વડે ઉત્સાહ, આવેશ, શૌર્ય, હિંમત,

ધૈર્ય ને દૃઢતા એ મન રૂપ ઉત્પન્ન થાયછે. કરૂણા રસથી દયા, ઔદાર્યતા, પરદુઃખાશ્રુ, એ ભાવો ઉત્પન્ન થાયછે અદ્‌ભુત રસ વડે ગંભરતા, મહતાય, પ્રૌઢત્વ, ઇત્યાદિ મનોરૂપ ઉભાં થાયછે. હાસ્ય રસથી ચપલતા, આદરહાસ્ય, પ્રસન્નતા, અગર તમો ગુણ, દ્વેશ, તિરસ્કાર, અપમાન, ઇત્યાદિ, મન રૂપ થઇ આવેછે. ભયાનક રસથી ભય, વિકળતા, ચિંતા, ચંચળતા, કંપ, રોમહર્ષ ઉત્પન્ન થયછે. બિભિત્સ રસવડે નિંદા, તિરસ્કાર, અપમાન, અભાવ એવાં મનરૂપ ઉભાં થાયછે. અને શાંત રસથી સંતોષ, ધૈર્ય, સ્થૈર્ય વગેરે માનસિક સ્વરૂપ થઇ આવેછે. આ નવરસથી એવી એવી એકથી અધિક મનોલાગણી ઉત્પન્ન થાયછે, અને નવરસ પણ એવીજ રીતે ઉત્પન્ન થાયછે, અને તેનો આધાર કાવત્વ, વર્ણન; વાર્તા કે કાર્ય, પ્રસંગ ઉપર મુખ્ય હોયછે. મુર્ખ મનુષ્યમાં આ આવેશ ઝટ થઇ આવેછે પણ તેનુ સાર્થ ખોટું હોયછે અથવા ટકાઉ કે ઉપયોગી હોતું નથી. અને પઢેલમાં આ ખરી રીતે ને ધીમેથી થાયછે, પણ તે સાર્થને ઘણે ભાગે ઉપયોગી હોયછે. જે જે રસ ઉત્પન્ન કરવો હોય અથવા તે પ્રસંગમાં જે જે ઉત્પન્ન કરવાની જરૂર હોય તેને માટે તેને લાયક પ્રસંગ ઉભો કરવાની જરૂર પડેછે. નાટકાચાર્ય અને વાર્તાકાર, કાંદબરીઓ રચનારા ગ્રંથકાર, અને પ્રસંગને અનુસરીને કામ લેનાર, તથા લડાઇવાળા અગ્રેસરોને આ બાબત ખાસ શીખવી પડેછે અને નવરમમાંથી જે જેને ઉપયોગી તે તેઓ ઉત્પન્ન કરવાને સકળ સામર્થ્ય મેળવે છે. નાટકકાર, અને વાર્તા કાદંબરી ઇત્યાદિ, ખેલાડી, એને પ્રસંગ પ્રમાણે નવેચનો ખપ પડેછે તેથી તે નવેચને, સરસ રીતે ભજવી બતાવવા શીખવા પડેછે. અને લડાઇવાળાને નવનો ખપ ન પડતાં વીર, રૌદ્ર, ભયાનક, અદ્દભુત એવાજ, જે શૌર્ય, ધૈર્યાદિ માનસિક રૂપો ઉત્પન્ન કરાવે તે રસોનો અનુભવ જાણવો જોઇએ છીએ. તે ગાયન, વાજાં, તાન, નાદ, શબ્દ, અને હાકલ પડકારાથી અને દાબ, ભય આદિથી ઉત્પન્ન થાયછે ને ટકે છે. અને તે સિવાયના બીજા ભાવ માટે બીજા પ્રસંગ અને ઉપાય સૂચવેલા હોયછે. અને તે કાવ્ય શાસ્ત્રોમાં દર્શાવેલ છે. મદ્યાદિ કેફ વડે મનના આવેશ ઉશ્કેરાય છે. પણ તે પોત પોતાનું કાર્ય ફળીભુત કરવાને અસમર્થ હોયછે તેથી તે નિરર્થક માનસિક સ્વરૂપ કહી શકાય એવું છે.

લા. વૈદ્ય મયારામ સુંદરજી. કુંડલા--કાઠિયાવાડ.

ધૈર્ય ને દૃઢતા એ મન રૂપ ઉત્પન્ન થાયછે. કરૂણા રસથી દયા, ઔદાર્યતા, પરદુ:ખાશ્રુ, એ ભાવો ઉત્પન્ન થાયછે. અદ્ભુત રસ વડે ગંભરતા, મહતાય, પ્રૌઢત્વ, ઇત્યાદિ મનોરૂપ ઉભાં થાયછે. હાસ્ય રસથી ચપલતા, આદરહાસ્ય, પ્રસન્નતા, અગર તમો ગુણ, દ્વેશ, તિરસ્કાર, અપમાન, ઇત્યાદિ, મન રૂપ થઇ આવેછે. ભયાનક રસથી ભય, વિકળતા, ચિંતા, ચંચળતા, કંપ, રોમ-હર્ષ ઉત્પન્ન થયછે. બિભિત્સ રસવડે નિંદા, તિરસ્કાર, અપમાન, અભાવ એવાં મનરૂપ ઉભાં થાયછે. અને શાંત રસથી સંતોષ, ધૈર્ય, સ્થૈર્ય વગેરે માનસિક સ્વરૂપ થઇ આવેછે. આ નવરસથી એવી એવી એકથી અધિક મનોલાગણી ઉત્પન્ન થાયછે, અને નવરસ પણ એવીજ રીતે ઉત્પન્ન થાયછે, અને તેનો આધાર કાવત્વ, વર્ણન; વાર્તા કે કાર્ય, પ્રસંગ ઉપર મુખ્ય હોયછે. મુર્ખ મનુષ્યમાં આ આવેશ ઝટ થઇ આવેછે પણ તેનુ સાર્થ ખોટું હોયછે અથવા ટકાઉ કે ઉપયોગી હોતું નથી. અને પહેલમાં આ ખરી રીતે ને ધીમેથી થાયછે, પણ તે સાર્થને ઘણે ભાગે ઉપયોગી હોયછે. જે જે રસ ઉત્પન્ન કરવો હોય અથવા તે પ્રસંગમાં જે જે ઉત્પન્ન કરવાની જરૂર હોય તેને માટે તેને લાયક પ્રસંગ ઉભો કરવાની જરૂર પડેછે. નાટકાચાર્ય અને વાર્તાકાર, કાંદબરીઓ રચનારા ગ્રંથકાર, અને પ્રસંગને અનુસરીને કામ લેનાર, તથા લડાઇવાળા અગ્રેસરોને આ બાબત ખાસ શીખવી પડેછે અને નવરસમાંથી જે જેને ઉપયોગી તે તેઓ ઉત્પન્ન કરવાને સકળ સામર્થ્ય મેળવે છે. નાટકકાર, અને વાર્તા કાદંબરી ઇત્યાદિ, ખેલાડી, એને પ્રસંગ પ્રમાણે નવેચનો ખપ પડેછે તેથી તે નવેચને, સરસ રીતે ભજવી બતાવવા શીખવા પડેછે. અને લડાઇવાળાને નવનો ખપ ન પડતાં વીર, રૌદ્ર, ભયાનક, અદભુત એવાજ, જે શૌર્ય, ધૈર્યાદિ માનસિક રૂપો ઉત્પન્ન કરાવે તે રસોનો અનુભવ જાણવો જોઇએ છીએ. તે ગાયન, વાજાં, તાન, નાદ, શબ્દ, અને હાકલ પડકારાથી અને દાબ, ભય આદિથી ઉત્પન્ન થાયછે ને ટકે છે. અને તે સિવાયના બીજા ભાવ માટે બીજા પ્રસંગ અને ઉપાય સૂચવેલા હોયછે. અને તે કાવ્ય શાસ્ત્રોમાં દર્શાવેલ છે. મદ્યાદિ કેફ વડે મનના આવેશ ઉશ્કેરાય છે. પણ તે પોત પોતાનું કાર્ય ફળીભુત કરવાને અસમર્થ હોયછે તેથી તે નિરર્થક માનસિક સ્વરૂપ કહી શકાય એવું છે.

લા. વૈદ્ય મયારામ સુંદરજી. કુંડલા—કાઠિયાવાડ.

———

7. MAY THE ALMIGHTY BE PLEASED.

૭. શ્રી જગદીશ્વર પ્રસન્ન.

નેક હરિજન સદ્ ગૃહસ્થોને સદ્ગુણ ગ્રાહક બનો.

આ લોકમાં આપણી જીંદગી સ્વપ્ન વત્ હોઇને તે જગત્‌ના અવિછીન્ન પ્રવાહમાં વહેતા પૂરની માફક સડેડાટ ચાલી જાયછે. તેમાં જે વેળા ગઇ તે પાછી આવનાર નથી. અને આવતી ક્ષણ ભવિષ્યના ગર્ભસ્થાનમાંથી કેવી અવતરશે, તે આપણે જાણુતા નથી. તેમજ અંતકાળ ને મૃત્યુ પણ આઘાં નથી. માટે સાંપ્રત કાળમાં આપણી અવસ્થા ગમે તો સુખ સપાત્ત ને માનાદિવડે ફુલાઇને અહંકારી થઇ જવાય તેવી હોય, અથવા આધિ, વ્યાધિ, તંગી ને અપમાનાદિવડે મુંઝાઇને ચિંતાતુર થઇ જવાય તેવી હોય, કે ગમે તેવી હોય, તોપણ તેમાં ધીરજ રાખી આળસ, અનીતિ, વહેમ, વ્યસન, કુસંપ, નાસ્તિકતા ને કુડકપટાદિ દુષ્ટતાઇથી દુર રહી થઇ શકે તેવું ને તેટલું સારૂં કરવું. તથા સત્ય નીતિથી ચાલવું, ને શ્રીભગવાનની સુપ્રેમ સાહત ભકિત કરવી કેમજે શ્રીવિશ્વાત્મા બહુનામીની બીક રાખીને કુમાર્ગમાં ચાલતાં નેક પિતા પરમેશ્વરની સુપ્રેમ સહિત ભક્તિ કરવાથી અંતઃકરણ નિર્મળ થાયછે. ને અંતઃકરણમાં સમજ શક્તિનાં તત્વો (જ્ઞાન) ઉત્પન્ન થાયછે. ને કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, દંભ, ભય, માન ને મત્સરાદિ દુઃખરૂપને હાનીકારક ભુંડા વિકારોથી વેગળે રહી શકાય છે—કોઇ પ્રકારના વિકારમાં વીંટાઇને અંતઃકરણ ડોળાઇ જતું નથી. પણ સર્વ પ્રકારની હાલતમાં સ્વસ્થ ને શાંત રહી શકાય છે. તથા નેકી માર્ગ ને ભકિત ભાવ છે તે પરમ સુખરૂપને કલ્યાણકારી છે, તેથી સર્વજ્ઞ ને સર્વશકય પરમ મંગળ પરમેશ્વર પ્રસન્ન થાયછે. ને જીવાત્મા મુક્ત થાયછેજી એજ વિનંતિ ખુદા સર્વનું ભલું કરો. આમીન.

8. ACKNOWLEDGMENT OF BOOKS.

૮. પુસ્તકોની પહોંચ.

સસ્તી સુખડી ને સિદ્ધપુરની યાત્રા. બનાવનાર ઠક્કર દામોદર કેશવજી કચ્છ માંડવીના. છપાવી પ્રસિદ્ધ કરનાર જીવરામ હરિશંકર. સોળ

પેજી એ ફરમાની આ નાની ચોપડીની કીમત ત્રણ આના છે. આ નાની ચોપડી બનાવનારે જાણે ગોસ્વામી પંથના મહારાજોને ગાળો દેવાનેજ બનાવી હોય નહી તેમ છે. બનાવનારને પ્રસ્તાવનામાં શું શું આવવું જોઈએ તેની માહીતી હોય એમ જણાતું નથી, કેમકે એ ચોપડીની પ્રસ્તાવનામાં ઈશ્વર સ્તુતિ વગર બીજું કાંઇ છેજ નહીં. પ્રસ્તાવનામાં પણ અશુદ્ધ ઘણું છે. તેમાંનું છેલ્લું વાક્ય તો વ્યાકરણ દોષવાળું છે. એમાં છેલ્લો શબ્દ "કર" છે ત્યાં "થાય" હોય તો એ વાક્ય સુધરે છે. શરૂઆતના કુંડળીયાને દોહરા હિંદીમાં છે એમાં મહારાજોની નિંદા ને ભાટીઆને ગાળો છે, તે પછીનું કચ્છ ભાષાનું કવિત પણ તેવુંજ છે. સુધારાવાળાને અરજી છે તેમા સ્ત્રીઓને પુનર્વિવાહ કરાવવાની અરજ છે. જંગબારમાં રહેનાર ભાટીઆને પોતાની સ્ત્રીઓ વ્યભિચાર કરેછે માટે જંગબાર લેઇ જવાની સલાહ આપે છે. બાકીની કવિતા માત્ર મહારાજોની નિંદા તથા તેમને અને ભાટીઆંને ગાળોથી ભરેલી છે. એમાંની કવિતા પણ કોઇ કોઇ જગાએ કાવ્યદોષવાળી છે, ઇંદ્રવિજય તો માપ વગરતોજ છે. આ કાવ્યમાં ઠક્કર દામોદરની જે કાવ છે તે કાંઈક ગંભિર છે. અમારો વિચાર એવો છે કે કોઇને પણ ગાળ દઇને શીખામણ દેવી તે કરતાં ગંભિરતાથી શીખામણ દેવી એ સારૂં છે. ગાળો દીધાથી કાંઇ પણ અસર ન થતાં ચોપડીની કીમત ઘટે છે ને મહેનત નકામી જાયછે. બધા મહારાજો એક હારમાં ગણવા જેવા નથી. જેઓ સારા છે, ઉપદેશ કરે છે, શિષ્યોને અને પોતાને તથા પોતાના પંથને સુધારવા યત્ન કરેછે તેમનો દાખલો આપી બીજાને તેવા થવાને શીખામણ આપવી એ લાભ કરતા છે. માત્ર ગાળો દીધાથી લાભ ન થતાં ઉલટી હાની થાય છે.

પ્રેમની પરિસીમા. આ નામની નાની વારતાની ચોપડી તેના કરતા તરફથી અમને મળી છે. એમાં કીમત લખી નથી. એમાં બતાવેલો પતિ ને પત્નિ પ્રેમ સારો છે. વળી રસિક છે ને ભાષા શુદ્ધ ગૂજરાતી છે. એ ચોપડી બાંધવામાં પાનાં અવળાં સવળાં બંધાયાં છે. જો બધી એવીજ બંધાઇ હશે તો એ વાંચતાં અમને જેવો કંટાળો આવ્યો તેવો બધાનેજ આવશે. અમદાવાદમાં નીકળતા "હિંદુસ્તાન" પત્રના માલેકે આ ચોપડી પોતાના ગ્રાહકોને ભેટ આપવાને છપાવી જણાય છે ને તેથીજ તેમાં કીમત નહિ આપી હોય એવું અનુમાન થાયછે.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પધ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦...૬...૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શઇ	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

ચોપડીઓનું લીષ્ટ.

	કીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬ ...	૦—૦—૬
નિબંધ રીત......	૦—૬—૦ ...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮ ...	૦—૦—૬
શંકર દિગ્વજય મૂળ સહિત ભાષાંતર ...	૪—૦—૦ ...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦ ...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬ ...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦ ...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦—૧૦—૦ ...	૦—૧—૦

શાળોપયોગી સહેલું ને સસતું. ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી

આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. બા. ફિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચઆના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ

॥ विज्ञान  विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે ઑગસ્ટ સન ૧૮૮૯. અંક ૮મો.

दोहरो

दीव्य विचार दीवेलथी; मति दीप महत प्रकाश ;
करे हृद्‌यमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટ કરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઆ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. વર્ષા વર્ણન	૧૬૯
૨. દુરગાદાસ	૧૭૦
૩. આયુષ્ય વધારવાની યુક્તિ	૧૭૫
૪. ગ્રાન્વિલશાર્પ	૧૭૯
૫. આર્ય વૈદ્યક શાસ્ત્ર તથા આર્ય ધર્મ શાસ્ત્રનું ઐક્યમત	૧૮૬
૬. પુસ્તકોની પહોંચ	૧૮૯

Subjects.	Page.
1. The Poem	169
2. Durgadas	170
3. Art of prolonging life.	175
4. Granvilsharps	179
5. The aryau medicine and religion	186
6. Acknowledgment of books	189

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
અમદાવાદ સ્કોલર લાઇબ્રરી.	૨—૩—૦	સને ૧૮૮૮ પુ. ૧૯
સંખેડા તાલુસ્કુલના હેડ માસ્તર	૨—૩—૦	પુ. ૨૦
બાંધણી તાબે પેટલાદની સ. ગુ. નિશાળના મેહેતાજી	૨—૩—૦	પુ. ૨૦
વડોદરા ટ્રેનિંગ સ્કુલ હેડ માસ્તર સાહેબ	૨—૩—૦	પુ. ૨૦
વાઘોડીઆની સ. ગુ નિશાળના મેતાજી	૨—૩—૦	,,
ગીદડ સ્કોટ લાઇબ્રરી.	૨—૩—૦	,,
રાવસાહેબ હરીવલભ મુલજી હાલાર પ્રાંતના ડે. એજ્યુ. ઇ.	૨૯—૦—૦	,,
વડોદરા અને અમરેલી પ્રાંતના ડે. એજ્યુ ઇન્સ્પે. સાહેબ	૨—૩—૦	,,
કચ્છ પ્રાંતના એ. ઇ. સાહેબ તરફથી	૨૬—૦—૦	,,
ગોધરા સ્ટુઅર્ટ લાઇબ્રરી	૨—૩—૦	,,
કીલવાણીની ખાનગી સ્કુલ	૨—૩—૦	,,
ભલાડાની સ. ગુ. નિશાળના મેહેતાજી	૧—૩—૦	,, (અરધી કીમતે)
વાલા દેશા ભીમા તાલુકે બીલખા દરબાર	૨—૩—૦	,,
સંસ્થાન પોરબંદર ઇંગ્રેજી સ્કુલ	૨—૩—૦	,,
દેશાઇ નાનજી ગોકળજી પુસ્તકશાળા	૧—૩—૦	પુ. ૨૦ (અરધી કીમતે)

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે ઑગષ્ટ સન ૧૮૮૯. અંક ૮મો.

1. THE POEM.

૧. વર્ષા વર્ણન.

શાલિની વૃત્ત.

આ શા લાગે, તાપ આજે અતીશે?।
વાયુ કયાં છે, શાંત ચોમેર દીસે।
મેહૂલાની, થાય તૈયારિ આ શી?।
ઉડે જોજો, ધૂળ આકાશમાં શી?। ૧.
વૃક્ષો ડોલે, શીર શું આ નમાવે!
રૂડા બોલે, મોર શું તાન ગાવે!
આવે આવે, અન્ય પક્ષી ઉચારે।
ભાવે ભાવે, ખેડુ ઉંચુ નિહાળે! ૨.
ખૂલ્લે દીલે, એક વસ્ત્ર બિચારો,
હાંકે બેલો, ખેડતો ક્ષેત્ર ધારો,
આશા ધારી, પાકની ચિત્ત માંહી,
વેઠે આવું, ડોડિનાં પાન ખાઇ. ૩.
રામા નેનો, વિભ્રમોથી અજાણી,
જો કે ભોળી, છે તથાપીજ શ્યાણી,
રંગે કાળી, ખેડુતોનીજ રાણી,
ઉંચું ભાળી, ઈચ્છતી ખૂબ પાણી. ૪.
નાગાં કાળાં, ઉઘમી બાળ ભાગે,

મેલી દેવી, વિનવી પાય લાગે,
આપો પાણી, આર ઝાઝેરી થાયે,
પાળેલું આ, ઘેટું મારૂં ધરાયે! ૫.
આતો આવ્યો, ઝાપટાં શાં પડંતાં!
ગાજે કેવો, નીર ઉંચાં ચડંતાં!
શોભે કેવું, વોળયું આ રૂપાળું!
દીશે શું આ, પાણિ ઝાઝેરૂં કાળું! ૬.
ધૂધૂ થાયે, પૂર ઝાઝેરૂં આવ્યું!
એ બાજૂથી, કાંપને તાણિ લાવ્યું!
ક્ષેત્રો કીધાં, ખાતરેથીજ તાજાં,
નાળે છોડી, નીજની આજ માઝા! ૭.
પાણી માંહી, બુંદ નાના પડેછે
ચક્રો રૂડાં, તે થકી તો બનેછે!
ફીણો ઊડે, ક્રોધ જાણે થયેલો!
વાયુ વાયે, ખૂબ ઠંડો બનેલો! ૮.
વાયૂથી જે, ફૂંફરો આ ઉડે છે
અન્યોન્યોની, દૃષ્ટિ વચ્ચે પડેછે!
જાણે રેણું, મેઘ સૈન્યે ધરાએ
ઊડે જેથી, દેખિ નાહિ શકાયે! ૯.
નાદો થાયે, દન્દભાના ભરેલા,
લાગે જાણે, દુંદુભીથી થયેલા,
સ્વારી આવી, આ અતીશેજ મોટી,
જેમાં રૂડા, યોદ્ધ દીપેજ કોટી. ૧૦.

---

2. DURGADAS,

૨. દુરગાદાસ.

સાંધણ પૃષ્ટ ૭૯ મેથી.

મહારાણા રાજસિંગે પોતાની સહાયે પોતાના પુત્ર ભીમસિંગને મોકલી

પોતાની દેશ દાઝ જણાવી તેનો ઉપકાર માનવાને દુરગાદાસ ભીમસિંગના મુકામ ઉપર ગયો. બંને જણા મળી ભેટીને વાતો કરવા લાગ્યા. દુરગાદાસે કહ્યું કે આજના સમયમાં મુસલમાનો આખા દેશ ઉપર કેર વરતાવે છે. હિંદુ ધર્મનાં દેવળો તોડીને ત્યાં મસીદો બનાવી છે. બ્રાહ્મણોની જનોઇઓ બાળી નંખાવી છે, આપણાં પવિત્ર ધર્મ પુસ્તકો કૂવામાં નખાવી દીધાં છે. આપણી પવિત્ર મુર્ત્તિઓ મસીદોનાં પગથીઆમાં ચણાવી છે. હિંદુઓ ઉપર જુલમ ને કેર વરતાવી તેમને બળાત્કારે મુસલમાન બનાવે છે. પાદશાહે પોતાની પ્રજા માત્રને સરખી ગણી સરખા હક આપવા જોઇએ, તેને બદલે તેણે હિંદુઓ ઉપર જુલમ કરી મુસલમાનોને માન મરતબાથી નવજ્યા છે. હિંદુઓને નોકરીમાંથી કહાડી રઝળતા કર્યા છે. મુસલમાન ધર્મની જગાઓને વર્ષાસન બાંધી આપ્યાં છે ત્યારે તેણે હિંદુઓના જાત્રાળુ ઉપર કર નાંખ્યોછે. અગાઉના એના બાપદાદાનો સઘળો રીવાજ બંધ કરી તેથી ઉલટીજ વર્તણુક ચલાવી છે. તેમાં અધુરામાં પૂરું હમણાંજ તેણે હિંદુઓ ઉપર માથા વેરો નાંખ્યોછે. જે જુલમ અગાઉના અફગાન, સૈયદ કે લોદી કોઇ પાદશાહે કર્યો નહોતો તેવો જુલમ આ પાપી પાદશાહે માંડયો છે. અમારી રાઠોડનીજ વાત લો. મહારાજા અમરસિંગજીને મરાવ્યા, જશવતસિંગજીને બારવટો દીધો. કેમકે કાબુલમાં સુબાગીરી આપી તે માત્ર હિંદમાંથી તેમનો પગ કહાડવાનેજ માટે હતી. તેમના કુંવરોને દગાથી મરાવ્યા ને અજીતસિંગજીને પણ કેટલી મુશ્કેલીએ બચાવ્યા છે તે આપથી કાંઇ અજાણ્યું નથી. હજુ તે બાળક છે. પાદશાહ તેમની હયાતીથી હજુ અજાણ છે. અમારા મારૂ સરદારો પણ ઘણા જણા અજાણ છે. એટલે પાદશાહે મારૂ દેશ ખાલસા કર્યો. ખાલસા કરીને પ્રજાને જે સુખ આપવું જોઇએ તે આપ્યું નહિ. પોતાનું સ્વદેશી રાજ્ય ગયું ને પરધર્મી પરરાજ્ય થયું છે એવું પ્રજાના મનમાં ન લાગે એવી નવા રાજ્યસ્થાપકોએ રાજ્યરીતી ચલાવવી જોઇએ, તથા અમલદારો પણ એજ રાજ્યરીતી અમલમાં લાવે એવા નીમવા જોઇએ, તેને બદલે દુરાચારી, જુલમી, ક્રુર અને ધર્માંધ અમલદારોએ આખા દેશમાં ત્રાહ ત્રાહ પોકરાવી છે. પાદશાહે પડે પણ અરાજ્યરીતી ચલાવી છે. તે છતાં પણ સર્વે રાઠોડ સરદારો પોતાના રાજાના મરણથી અને પાદશાહના જુલમથી દબાઇ ગયા હતા. પાદશાહે કેટલાકને લાલચો આપી ફોડયાછે. નાગોરવાળાને અને પુરીહારોને રાજ્ય લોભથી લલચાવ્યા છે. પણ તે બાપડા પાદશાહની

કપટ જાળમાં ફસાયા છે. ઔરંગજેબની લુચ્ચાઈથી તેઓ વાકેફ નથી કીંવા લોભનાં પડળ આવ્યાથી તેઓ તેની લુચ્ચાઇ જોઇ શકતા નથી. નહિં તો અમરસિંગ મહારાજનો વંશજ દેશદ્રોહી થાય નહિ. પુરીહારો માટે તો નક્કી ન કહેવાય-ખેર હોનાર હોયા જાયછે. પણ મહારાણા રાજસિંગજીએ અમારી વિનતિ સાંભળી અને આપને અમારી સહાયે મોકલ્યા એ બહુ સારૂં થયું. આપની સહાય વગર અમારાથી એકલે હાથે આખા હિંદના પાદશાહને પૂરા પડાશે એવી આશા રાખવી એ ઊંડળમાં આભ લેવા જેવી હતી. પ્રભુ આપની નિષ્કલંકી ગાદીને જેય આપો અને આપની સુકીર્તિમાં વધારો કરો. અસ્તુ.

દુરગાદાસ બોલી રહ્યો કે મહારાણા ભીમસિંગજી બોલ્યા. દુરગાદાસ તમારા જેવા વીરનર મારૂ પુત્રોમાં છે એટલે અમારી મદદની જરૂર પડે તેમ નથી. તમારા બહાદુર સરદારો ને સૈન્યનો જુસ્સો જોઇ હું આશ્ચર્ય પામ્યો કે આવા પરાક્રમી મારૂ પુત્રો આગળ મુગલો કેમ ટકી શક્યા. વારૂ પણ તમારો પત્ર મહારાણા સાહેબે વાંચ્યો કે મને આજ્ઞા કરી કે તમે પાંચ હજાર સ્વારો સહીત દુરગાદાસને મદદ આપો અને બીજું વધારે સૈન્ય જોઇએ તો મંગાવજો. પાદશાહના જુલમથી માત્ર મારવાડજ ત્રાસી ગયું છે એમ નથી. આખા હિંદમાં સર્વ સ્થળે એવો કેર વરતાવ્યો છે. જજીઆ વેરા માટે અને અકબરાદ પહેલાં થઇ ગએલા મોગલ પાદશાહોની રાજ્યનીતિ છોડવા માટે મહારાણાશ્રીએ પાદશાહને એક શીખામણ પત્ર લખ્યો છે. પણ મને નથી લાગતું કે એથી એ ધર્માંધ પાદશાહને લગાર પણ શીખામણ મળે એથી તો તે ઉલટો વધારે ક્રોધાવેશમાં આવશે. પણ મહારાણાજીએ તો પોતાનો મિત્ર ધર્મ બજાવ્યો છે. પોતાનો મિત્ર ભુલતો હોય તો તેને વાકેફ કરવો એ મિત્રની ફરજ છે તે ફરજ બજાવ્યા છતાં તે ન ચેતે તો પછી આપણો ઉપાય નથી. જગત આપણને દોષ દેશે નહિ. રાણાજીનો શીખામણ પત્ર પહોંચ્યા છતાં પણ પાદશાહની અસલ વર્તણુકમાં લગાર પણ તફાવત પડયો નથી. ઉલટો તેમાં ઉમેરો થયો છે. રાણાજી તે સર્વ જાણતા હતા. પણ હવે કેમ કરવું. હિંદુઓ ઉપર થતો જુલમ અટકાવવા કયો ઉપાય લેવો તેના વિચારમાંજ હતા. દયાળશાહ દીવાનનો અભિપ્રાય તો વેર પર વેર લીધા વગર એ પાદશાહની આંખ ઉઘડશે નહિ એવોજ હતો. એવામાં તમારો પત્ર આવ્યો. એટલે દયાળશાહે કહ્યું મહારાજ આવો યોગ ફરી આવશે નહિ. દક્ષિણમાં મરેઠા ઉઠેલાજ છે. અને માળવામાં ને રાજ્યસ્થાનમાં રજપુતો ઉઠયા તો પાદશાહને

નમ્યા વગર છુટકો નથી. રજપુત શીરમણી આપ પાદશાહની સભા થયા એટલે એક પણ રજપુત રાજ્ય કોઇ પણ કારણથી પાદશાહનો પક્ષ ધરનાર નથી. બધા દેશમાં પાદશાહે દારૂ પાથરેલો છે, હવે માત્ર અગ્નિ મૂકવાની ખોટી છે, તે આપ ઉભ્યા એટલે ધડાકો થયા વગર રહેનાર નથી. રાણાજી એ વાતમાં સંમત થયા. તેમણે સીસોદી સૈન્યને તૈયાર થવાનો હુકમ આપ્યો. આખા સૈન્યના ત્રણ ભાગ કર્યાં છે. તેમાંથી એક ભાગ આપી મને તમારી સહાયે મોકલ્યો છે. બીજું લશ્કર લેઇ દયાળશાહ પડે મુસલમાનો પર વેર લેવાને માળવામાં ગયો છે, ને ત્રીજું લશ્કર રાણાજીએ પોતાની પાસે ઉદેપુરમાં રાખ્યું છે.

દુરગાદાસે કહ્યું કે આપણે આજે પ્રથમ જોધપુર જવું જોઇએ. મારો વિચારતો પ્રથમ અજમેર જવાનો હતો પણ જોધપુરમાં વિજયસિંગજી પોકરણના ઠાકોરને કેદ કર્યાના અને તેમના ઉપર રાજ્યદ્રોહનું તોહમત મૂકી થોડી મુદતમાં શુળીએ ચઢાવવાના છે એવા સમાચાર આવ્યા છે એમનો પ્રાણ ઉગારવો એ અમારી પ્રથમ ફરજ છે. પોકરણવાળા મારા સરદારોમાં મૂખ્ય સત્તાવાળા છે. તેમનો પ્રાણ બચાવવો એ જરૂરનું છે. માટે આજે રાત્રે કુચ મુકામે જોધપુર જવું જોઇએ. આપણો જે ઇરાદો હોય તે જણાવો. ભીમસિંગે કહ્યું કે મને તો હુકમ છે કે મારે તમારી આજ્ઞા પ્રમાણે ચાલવું. સીસોદી સૈન્યે બીજા કોઇના ઉપરીપણા નીચે આજ સુધી કામ કર્યું નથી. તથાપિ આજે હું તમારી આજ્ઞા પ્રમાણે ચાલવાને આવ્યો છું કેમકે મારા પિતાજીનો એવો હુકમ છે માટે તમે જ્યાં મોકલશો કે લેઇ જશો, જે કામ સોંપશો કે જ્યાં રાખશો તે પ્રમાણે કરવાને મારે કોઇ જાતનો વાંધો નથી. દુરગાદાસે કહ્યું કે આપ મારા મુરબ્બી છો. આપણે કાંઇ જુદા નથી. તેમ આપણ બંનેને એકજ કામ કરવાનું છે—પરધર્મીનો પરાભવ અને તમારા ભાણેજ અજીતસિંગજીનું રાજ્ય પાછું સ્વતંત્ર કરવું તે. આપ આપણા એકત્ર સૈન્યની સરદારી લો અને હું આપના તાબેદાર તરીકે આપની આજ્ઞા મુજબ વર્તીશ. ભીમસિંગજીએ કહ્યું કે તેમ બને નહિ. આજ સુધી જેણે જય મેળવી આપ્યો છે તેજ મારવાડને છેવટ સુધી જય મેળવી આપશે. સર્વ માન્ય સર્વોપરી સૈન્યાધિપતિ આજ સુધી તમેજ છો અને છેવટ સુધી તમેજ રહેશો. તમારી જે આજ્ઞા હોય તે મને જણાવો. દુરગાદાસે કહ્યું કે તો જેવી આપની ઇચ્છા- માન અપમાન કે ઉપરી તાબેદારીના ભેદથી આપણામાં અણગમો કે

ભેદ થવો ન જોઇએ. જ્યાં સંપછે ત્યાં જય છે. કુસંપથી હમેશાં નાશ થાય છે માટે કુસંપનું મૂળ, માન મરતબો કે ઉપરીપણું છે તે મનમાં લાવવું ન જોઇએ. જ્યાં સુધી આપણામાં કુસંપનાં બીજ રોપાયાં નથી ત્યાંસૂધી આપણે અજીત્યજ છીએ. આપણા સૈન્યમાંથી થોડું રૂપગઢના બચાવ માટે રાખી સર્વ સૈન્ય આપણે સાથે લેવું પડશે. જોધપુર મજબુત છે અને મુસલમાની લશ્કરનો જમાવ પણ ઘણો છે. વળી રૂપગઢની હારથી મુસલમાનોની સહાયે દિલ્લીથી પાદશાહી લશ્કર પણ વખતે આવતું હશે કે આવશે. માટે સર્વ લશ્કર સાથે જઇ એકદમ જોધપુર જીતી લેવું. રાજ્યધાની લીધી કે સર્વ મારૂ દારોમદાર પડશે. હજુ કેટલાક જયની આશા ન હોવાથી મુસલમાનોના જુલમના દબાણમા દબાઇ રહ્યા છે. એ સર્વે જોધપુર લીધાથી આપણને આવી મળશે. પછી મુસલમાનોનો ભાર નથી કે તેઓ મારવાડમાં પોતાનો પગ ટકાવી શકે. હરોલમાં હું રહીશ અને પાછળ આપ રહેશો એટલે મધ્યમાં બાકીનુ સર્વ સન્ય ચાલશે. જમણે પડખે માનસિંગ ને ડાબે પડખે ગુલાબસિંગને રાખવાથી આપણુ સર્વ બંદોબસ્તથી જઇશું. માનસિંગ ને ગુલાબસિંગ જોકે જુવાન છે તથાપિ તેઓ શૂરા ને સાવચેતી રાખનારા પહેલવાનો છે, માટે એ બંનેને બે પડખે રાખવા એવો મારો ઇરાદો છે. મહારાણા ભીમસિંગજીને એ વિચાર ગમ્યાથી બંને તૈયારી કરવાનો વિચાર કરી ઉભા થયા.

રાઠોડ લશ્કર જોકે ૨૫ હજાર માણસોનું થયું હતું તોપણ મુસલમાની લશ્કરની સંખ્યા આગળ તે ઘણું હતું. તેથી મારવાડી લશ્કરને માર્ગમાં શાંતિથી ચાલવાની દુરગાસે આજ્ઞા કરી હતી. ચંદ્રમાનો પ્રકાશ થયે સર્વે સજ્જ થઇ લશ્કરી વ્યવસ્થા પ્રમાણે ચાલવા લાગ્યા. રૂપગઢ, રોહીત, મંડોર ઇત્યાદિ સ્થળોનો બચાવ થાય તેટલું સૈન્ય તેમના કિલ્લેદારોને હવાલે સોંપી તથા વખતે વખત મુસલમાની લશ્કરની આવજાવની ખબર આપવાની સૂચના આપી દુરગાદાસ આગળ ચાલ્યો. જોધપુર નજીક પહોંચ્યા એવામાં મંડારનો ખેપીઓ ખબર લાવ્યો કે પાદશાહી જોરાવર સૈન્ય લેઇ તૈબરખાન તમારા ઉપર આવેછે, તથા તમને જોધપુર જતા રોકવા માટે પોતાના સૈન્યના ત્રણ ભાગ પાડી ત્રણ રસ્તે રવાના કર્યાં છે. અને તે ત્રણે જોધપુર નજીક તમને આવી મળશે એમ અનુમાન થાય છે. આ સમાચાર સાંભળી દુરગાદાસે જલદીથી જોધપુર પહોંચવાને ઉતાવળથી ચાલવા માંડયું. તૈબરખાન આવી પહોંચે તે પહેલાં જોધપુર જીતીને વિજયસિંગને છોડવવા જોઇએ. નહિતો તૈબરખાનનું

બળવાન સૈન્ય જોધપુરના રખવાળોને આવી મળ્યું તો સઘળી બાજી ધૂળ મળવાની. આ વિચારથી રાત્રીની મુસાફરીથી થાકેલા લશ્કરને તાજું કરવાને એક કલાકનો વિસામો આપી ત્વરાથી જોધપુર ઉપર ચાલ્યા, સઘળું સૈન્ય જુસ્સાભેર આગળ વધ્યું ને પહેલા પહોરના જોધપુરના કિલ્લા નજીક પહોંચ્યું. રજપૂત સૈન્ય આ પ્રમાણે અણચિંત્યું આવી પહોંચશે એવું મુસલમાનો ધારતા નહોતા. ઘણા મુસલમાનો હજુ તો મોં ધોતા હતા ને કેટલાક નીમાજ પડતા હતા. રજપુત સૈન્ય જાણે પૃથ્વીમાં નીકળી આવ્યું હોય તેમ દૃષ્ટિએ પડવાથી પ્રથમ તેઓ ગભરાયા ને કિલ્લો છોડી ભાગવા લાગ્યા. પણ તરતજ તેમને પોતાની ફરજ યાદ આવી. કિલ્લાનું રક્ષણ કરવું જોઇએ તેનું ભાન આવ્યાથી તેઓ સર્વે સાવધ થઇ એકઠા થયા ને કિલ્લાનો બચાવ કરવાની તૈયારી કરી. અપૂર્ણ.

3. ART OF PROLONGING LIFE.

૩. આયુષ્ય વધારવાની યુક્તિ.

વનસ્પતિ.

(સાંધણ પૃષ્ટ ૬૪મેથી).

જેમ છોડવો જોરબંધ વધે તેમ તેની અંદરની ટકાઉ શક્તિ જલદીથી ઘસાય અને તે જલદીજ નાશ પામે. અને જેમ છોડવામાં અંદરથી કે બહારથી પુનરૂત્પન્ન શકિત વધારે હોય તેમ તે વધારે મુદત સૂધી જીવી શકે. હવે આપણે ઘસારાના નિયમો ઉપર વિચાર કરીએ. છોડવાની ટકાઉ શકિત ઘસાવાનાં ત્રણ કારણો છે. વધવું, ફેલાવું અને પોષણ કરવું. તેમાં નવિન ફુટવાનો ગુણ એ સૌથી વધારો ઘસારો કરનાર છે.

ફૂલની બનાવટમાં કેવી નરમાશ અને કોમળતા છે! એક સાધારણ છોડવાના રંગમાં પણ કેવી શોભા ને ભવ્યપણું છે! છોડવાની આ શોભા જોકે સુંદર દેખાવ આપેછે પરંતુ તેથી તે કાંતો હમેશ સૂધી કાંતો લાંબા વખત સૂધી પોતાની જીવન રક્ષક શકિત ગુમાવે છે. આ પ્રમાણે થયા પછી એક પણ અપવાદ સિવાય સર્વે વનસ્પતિ પોતાની નવિન પાલો છોડવાની શકિત ગુમાવેછે ને સ્થાયી સ્થિત પામેછે કે જેથી તેમની હયાત શકિતના નાશની

શરૂઆત છે. સઘળા વાર્ષિક છોડવા તો મરણ પામેછે, અથવા છમાસની શુન્યતા પામેછે, અને પછી નવિન ઉત્પંન કરવાની અણહદ શકિતથી તેઓ નવિન પાંદડાં ને ફુલ ઉત્પંન કરી શકેછે. એજ ધોરણે આપણે ખુલાસો આપી શકીએ કે જે છોડવામાં નવિન પાલો છોડવાની શકિત જલદી હોયછે તે શી રીતે જલદી મરણ પામેછે. તે ઉપરથી વનસ્પતિની જીંદગીની લંબાઇ વિષે એવો ધારો ઠેરવાય કે જેમ છોડવા જલદીથી ફૂલ આપેછે તેમ તે ટુકી જીંદગી ભોગવે છે, અને જેમ લાંબી મુદતે ફુલ આપે તેમ તે લાંબી મુદત જીવી શકે.

જેઓ પેહેલેજ વર્ષે ફુલ આપેછે તેઓ તેજ વર્ષે મરણ પામેછે જેઓ બીજે વર્ષે પ્રથમ ફુલ આપેછે, તેઓ બીજે વર્ષે મરણ પામેછે. જે ઝાડો અને કાષ્ટમય છોડવા છઠે, નવમે અને બારમે વર્ષે ફૂટે છે તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે છે. અને તેમાં પણ જેઓ સૌથી મોડું પ્રસણ કરેછે તેઓ સર્વથી વધારે જીવેછે. આ ઉપરથી છોડવાની કેળવણી તેનું આયુષ્ય વધવા ઘટવાને શી અસર કરેછે? એ સવાલનો જવાબ આપી શકાશે.

કેળવણી અને માવજત સઘળી રીતે વિચારતાં છોડવાનું આયુષ્ય ઘટાડે છે. અને એ પણ કહેવું જોઇએ કે મૂખ્યત્વે કરીને સઘળા જંગલી છોડવા ઉછેરેલા છોડવા કરતાં વધારે જીવે છે. એમ છતાં દરેક જાતની કેળવણી છોડવાની જીંદગી ટુંકાવતી નથી. કેમકે જે છોડવો ખુલ્લી હવામાં એક કે બે વરસ જીવે છે તે બરાબર સભાળ રાખ્યાથી વધારે મુદત રહી શકેછે. આ ઉપરથી સાબીત થાયછે કે વનસ્પતિમાં પણ અમુક જાતની સંભાળથી જીંદગી લંબાવી શકાય છે.

પણ ત્યારે એ સવાલ ઉત્પંન થાયછે કે કેવી સંભાળથી જીંદગી લંબાવાય છે અને કેવીથી ટુંકી થાયછે? જેમ કેળવણી વધારે તેમ તેમાં જોર આપવાની અને ઘસાવાની શકિત વધારે આવેછે, તેમજ તેની ઇંદ્રિયો વધારે નાજુક થાયછે. અને તેથી જીંદગી ટકવાને હાની પહોંચે છે. ખાતર, પાણી સીંચવું, ગરમી આપવી વગેરે જાતની કેળવણીથી તેમાં નિરંતર આભ્યાંતરમાં ચપળતા રહે છે અને તેથી તેઓ સ્વાભાવિક કરતાં પહેલાં, વારંવાર અને ઉત્તમ ફળ આપેછે. તેમજ એ પ્રમાણે બાહ્યનાં કારણોથી તેને જરૂર પાડયા વગર પણ તેનામાં સ્વાભાવિક રીતે રહેલી પકવતા અને નાજુકાઇમાં કલમ કરવી, ટેકા આપવા વગેરે ક્રિયા અને કળાથી વધારો કરે તો એ જાતની કેળ-

વણી પણ જીંદગી ટુંકાવે છે.

બીજી રીતે કેળવણી જીંદગી લંબાવવાનું મૂખ્ય સાધન થઇ પડે. પરંતુ જો તે છોડવાની ભળ આપવાની શકિતને મજબુત ન કરે અથવા તે કોઇ રીતે તેના આભ્યાંતર ઘસારાને કમી અને ધીમો કરે. વળી જો તેના સત્વની સ્વાભાવિક સખતાઇ કે કઠણાશ ઘટાડીને તેને લાંબી મુદત સુધી વળે એવું કરે અને નાશકારક અસરો દૂર રાખે તથા નવિન પાલો લાવવાની શકિતને બીજાં સારાં સાધન પૂરાં પાડે તો એ રીતે કેળવવાથી તેઓ સ્વાભાવિક અવસ્થામાં જીવે તે કરતાં વધારે વખત જીવી શકે.

વનસ્પતિની જીંદગી નીચે લખેલા ત્રણ માર્ગે વધી શકેછે.—

૧ વનસપતિને વારંવાર ખુંટી નાંખ્યાથી તેનો જલદીથી ઘસારો થતો અટકે છે. ખુંટી નાંખવાથી તેની જીવન શકિત નાશ કરનારી ઇંદ્રિનો ભાગ આપણે કહાડી નાંખીએ છીએ, અને તેથી જીવન શકિતને એકત્ર કરીએ છીએ.

૨ તેની ફુલ લાવવાની શકિતને અટકાવવાથી અગર ધીમી પાડવાથી આપણે તેની પુનરૂત્પન્ન કરવાની શકિતનો નાશ થતો અટકાવી શકીએ છીએ. છોડવાની અંદર જીવન શકિતનો સૌથી વધારે ઘસારો એથી થાયછે. એ રીતે આપણે છોડવાની જીંદગી લંબાવવાનાં બે કામ કરીએ છીએ. પ્રથમ તે શકિતની ખરાબી થતી અટકાવીએ છીએ અને બીજી તેજ શકિતને આધાર અને પોષણ આપવાને સ્થળે મોકલીએ છીએ.

૩ જો તેને દવથી (હીમ), પોષણની જરૂરીઆતથી અને અનિયમિત હવાથી દૂર રાખીએ અને કોઇ કળાથી તેને માફકની યથાયોગ્ય સ્થિતિમાં રાખીએ તો તેની જીંદગી વધેછે. જો કે એ પ્રમાણે કરવાથી આપણે તેની બળ આપવાની શકિત વધારીએ છીએ તોપણ તેમાં પુનરૂત્પન્ન કરવાનું ફળવત સાધન પૂરૂં પાડીએ છીએ તેથી અડચણ આવતી નથી.

છેવટે ચોથી મૂખ્ય બાબત કે જેના ઉપર સઘળા પ્રાણી અને વનસ્પતિની જીંદગી વધવાનો આધાર રહેછે તે એ છે કે જેમ જેનામાં પોતાની શકિત પાછી મેળવવાની અને પોતાનાં અવયવો નવિન થવાની શકિત વધારે કે ઓછી તેમ તે ઓછી કે વધારે-મુદત જીવેછે.

આ બાબતમાં વનસ્પતિને મૂખ્ય બે વર્ગમાં વહેંચી શકાય. તેમાં પહેલો એ કે જેનામાં ઉપર કહેલી શકિત નથી, જેવાકે વાર્ષિક છોડ કે જેઓ માત્ર

એકજ વર્ષ જીવેછે, અને જેઓ ઉત્પન્ન કરવાની શકિતનું એક વખત કામ કર્યા પછી મરણ પામેછે. બીજા વર્ગમાં જેનામાં એ શકિત છે તે આવેછે; તેઓ દર વર્ષે નવાં પાંદડાં, ડાળીઓ, ફુલ વગેરે ઉત્પન્ન કરેછે. એ વર્ગનાં કોઇ કોઇ ઝાડ હજાર કે તેથી પણ વધાર વર્ષનું આયુષ્ય ભોગવે છે. આ જાતનાં વૃક્ષો સેંદ્રિય માટીનો ઢગલો છે એમ કહી શકાય, કે જેમાંથી દર વર્ષે દરેક એક બીજાને મળતાં એવાં હજારો ઝાડ થાયછે. આ નિયમો કરવામાં કુદરતનું ડહાપણ ભવ્ય અને અણહદ જણાય છે.

આપણને મળેલા અનુભવ ઉપર વિચાર કરતાં માલમ પડેછે કે ઝાડને ફુલ અને ફળ આપવા યોગ્ય રસની સ્વચ્છતા અને ઈંદ્રિયોની પૂર્ણતા થવાને આઠ દશ વર્ષ લાગેછે તેમ ન થતાં બીજા છોડવાની માફક એકજ વખત ફળફુલ આપી નાશ પામવાની સ્થિતિમાં ઝાડને પણ કુદરતે મૂકયાં હોત, તો તેની માવજત કરવાનો કેટલો થોડો બદલો મળત અને તેને તૈયાર કરવાને ખર્ચ અને વખત કેટલો જાત? જો એમ કર્યું હોત તો ફળો અસાધારણ થઇ પડત.

એમ ન થાય માટે કુદરતે ડહાપણથી એવું કર્યું છે કે છોડવો પ્રથમથી ધીમે ધીમે ઘટત્વ અને સમાનતા એવી રીતે મેળવેછે કે પરિણામે જમીનની જગા થઇ લે છે કે જેમાંથી દર વર્ષે નવા છોડવા રૂપી હજારો કળીઓ અને ટીસીઓ ફુટે છે. આ પ્રમાણે થવાથી બેવડો લાભ થાયછે. એકતો આ છોડવા સેંદ્રિય માટીના ઢગલામાંથી (વૃક્ષમાંથી) ફુટે છે, તેથી તેમને સંગ્રહ કરેલો તૈયાર રસ મળેછે અને તેથી તે ફુલ ને ફળ ઉત્પન્ન કરવામાં કામે લગાડી શકાય છે. પરંતુ માટીમાંથી બારોબાર મેળવેલા રસમાંથી તેમ થવું અશકય થાત. અને બીજો, આ નાજુક છોડવા (ટીસીઓ ને કળીઓ) કે જે ખરૂં જોતાં વાર્ષિકજ છે તેઓ ફળ આપવાનું કામ કરી રહ્યા પછી મરણ પામેછે તોપણ તે ઝાડતો કાયમજ રહેછે. એમાં કુદરતનો મૂળ નિયમ જળવાઇ રહેછે એટલે કે ઉત્પન્ન કરવાથી તે જીવની જીવનશકિત નાશ પામેછે તે છતાં તે આખું કાયમ રહેછે.

ટુંકામાં આ બધી નિરીક્ષાનું તારણ એ છે કે છોડવાના દીર્ઘાયુષ્યનો આધાર નીચેની પાંચ બાબતો ઉપર રહેછે.—

૧ તે ધીમે ધીમે વધવો જોઇએ.

૨ તેનું પ્રસરણ કે ઉત્પન્ન કરવાની શકિત ધીમે ધીમે અને મોડેથી

આવવી જોઇએ.

૩ તેની ઇંદ્રિયોમાં અમુક હદ સુધી ઘટત્વ અને ચીવટ ઘણું જોઇએ. તેના લાકડાની સંપૂર્ણતા જોઇએ અને તેનો રસ બહુ પાણીઆળન જોઇએ.

૪ તે મોટા અને વિસ્તાર વાળો જોઇએ.

૫ તે હવાની અંદર વધવો જોઇએ

આ પાંચે બાબતથી ઉલટું હોય તો તેની જીંદગી ટુંકી થાયછે.

---

4. GRANVIL SHARPS.

૪. ગ્રાન્વિલશાર્પ.

એક માણસ પોતાના જુસ્સાથી અને ઉત્સાહથી કેટલું કરી શકેછે, તેનું બીજું, આપણે હેરત પામીએ એવું દ્રષ્ટાંત ગ્રાન્વિલ શાર્પ[1]ના જીવન-ચરિત્રમાંથી જડશે. ગુલામગીરી નાબુદ કરવાને માટે મહેનત કરવાને કલાર્કસન,[2] ઉવિલ્બર્ફોર્સ,[3] બકસ્ટન અને બ્રૂઅમ જેવા મહાત્માઓનો નાનો વિરલ સદ્ગુણી સમાજ એકત્ર થયો; તેમનામાં શાર્પની એ પ્રેરણ સત્તા વ્યાપ્ત થઇ ગઇ. અમે જે પુરૂષોનાં નામ મોખ્રે મૂકયાં છે, તેઓ ગુલામગીરીની જડ કાઢવાને રાક્ષસની પેઠે મહેનત કરતા હતા; તથાપિ, એ સર્વેમાં ગ્રાન્વિલ શાર્પ પહેલે નંબરે બિરાજે છે; અને આગ્રહ, ઉત્સાહ તથા ધીટપણામાં પણ ઘણુંકરીને એજ સર્વોપરી હતો. ટાવર હિલ[4]માં એક કાપડીઆની દુકાન ઉપર એ પ્રથમ કામ શીખવાને રહ્યો; તેની બંધણીની મુદ્દત પૂરી થવાથી, તે ત્યાંથી નીકળીને તોપખાનાના કામમાં એક કારકુનની જગા ઉપર દાખલ થયો. આવી હલકી જગા ઉપર એ હતો, તેવામાં તેની નવરાશના વખતમાં તે

---

૧ ગ્રાન્વિલ શાર્પ, ઇ. સ. ૧૭૩૪-૧૮૧૩, એક અંગ્રેજ ગ્રંથકર્તા, અને ગુલામોનો વકીલ.

૨ ટામસ કલાર્કસન, ઇ. સ. ૧૭૬૦-૧૮૪૬, એક પરોપકારી પુરૂષ, અને હબશીઓનો મિત્ર.

૩ ઉવિલિઅમ ઉવિલ્બર્ફોર્સ, ઇ. સ. ૧૭૫૯-૧૮૩૩, સદર.

૪ ટાવર હિલ, લંડનના પૂર્વ ભાગમાં, ટેમ્સ નદીની પાસે.

હબશીઓને ગુલામગીરીની બેડીમાંથી છોડવવાના કામ પાછળ મંડ્યો રહેતો. જો કાંઇ ઉપયોગી કામ કરવાનું હોય, અને તેમાં ગમે તેટલી મજુરી કરવાની હોય, તો તે ખુશીથી કરતો. એવી ટેવ એ છેક શીખાઉ ઉમેદવાર હતો, ત્યારથી એને પડી હતી તેનું અમે એક ઉદાહરણ આપીએ છીએ. તે જેવામાં પેલા કાપડીઆની દુકાને ઉમેદવારી કરતો હતો, તેવામાં તેની જોડીઓ એક બીજો ઉમેદવાર તેની સાથે એકજ ઘરમાં રહેતો હતો. તે અદ્બુત મતનો હતો. તે શાર્પને ધર્મ-વિવાદમાં વારવાર ખેંચી જતો. તેણે શાર્પને કહ્યું કે, ધર્મશાસ્ત્ર અસલ ગ્રીક ભાષામાં લખાએલું છે; અને તને ગ્રીક ભાષા આવડી નથી, તેથી તેમાંનાં કેટલાંએક વચનોનો અર્થ બરાબર ન સમજતાં તું પિતા, પુત્ર અને પવિત્ર આત્મા, એમ ત્રણ નોખા ગણેછે. તેનો નિર્ણય કરવાને તે સાંજ સાંજના ગ્રીક ભાષા શીખવા પાછળ મંડ્યો, અને થોડી મુદ્દતમાં એ ભાષાનું બારીક જ્ઞાન તેણે મેળવ્યું. તેમની સાથે એક ત્રીજો ઉમેદવાર યાહુદી હતો. પૂર્વેના પેગંબરો જે ભવિષ્ય ભાખી ગયા છે, તેના માર્મિક અર્થ સમજવામાં તેની સાથે એવોજ વાદ થતાં, તેણે મહેનત કરીને યાહુદી અથવા હીબ્રુ ભાષા હાથ કરી

પણ તેણે પોતાની જીંદગી જે કામ પાછળ બહુધા કરીને વાપરી, તે શાથી ઉત્પન્ન થયું અને તેના તર્ફ એનું વલણ શા કારણથી થયું, તેનું મૂળ તેની ઉદારવૃત્તિ અને પરોપકારી સ્વભાવમાંથી નીકળેલું જણાશે. તેના ભાઇનું નામ વિલિઅમ્ હતું. તે લંડન નગરની મિન્સિંગ પોળમાં વૈદું કરતો. જે અનાથ ગરીબ દર્દી તેની પાસે આવતા, તેમને એ મફત દવા અને સલાહ આપતો. તે કાપકૂપનું કામ પણ સારી પેઠે કરતો. એવા કારણ સારૂ તેની પાસે ઘણા હેરાન થતા માણસો સુખ-શાતા મેળવવાને આવતા. તેમાં એક દિવસ તેની પાસે એક આફ્રિકાખંડ-નિવાસી આવ્યો. તેનું નામ જૉનથન સ્ટ્રૅાંગ હતું. એ હબશી-ગુલામનો શેઠ બાબડોઝ બેટમાં એક વકીલ હતો. તે આ ટાણે લંડનમાં આવ્યો હતો. તેણે એ બાપડા ગુલામને ઢોર-માર માર્યો હતો, તેથી તે લૂલો થયો; તેની આંખો પણ જવા બેઠી; અને તે કામ કરવાને અશક્ત થઇ ગયો. તેના શેઠને જણાયું કે આ શખ્સ હવે આપણને કઇ ખપ લાગે એમ નથી, અને નકામી વેઠ પાલવવાની છે; તેથી કઠોર હૈયાથી તેણે તે બાપડાને ભૂખે મારી નાખવાને લંડન નગરના મ્હોલ્લામાં હડસેલી મેલ્યો. આ કંગાલ માણસ રોગનો ઢગલો થઇ પડ્યો હતો. તેણે

કેટલાએક દિવસ ભીખ માગીને જેમ તેમ કરીને ચલાવ્યું એમ કરતાં કરતાં તે ઉવિલિઅમ શાર્પની પાસે આવી લાગ્યો તેણે તેને કંઇ દવાદારૂ દીધી; અને પછી તેને સેંટ બાર્થોલોમ્યુના દવાખાનામાં તેણે દાખલ કરાવ્યો. ત્યાં તે સાજો થયો. તેને દવાખાનામાંથી રજા મળ્યા બાદ પાછી ભીખ માગવી ન પડે તેથી બંને શાર્પ ભાઇઓ તેને રોટલો ખવડાવતા; પણ એ માણસના અંગ ઉપર કોઇનો પણ હક પહોંચતો હશે, એવો તેમને જરા પણ વહેમ ન હતો. તેઓએ વળી ફાંફાં મારીને સ્ટ્રૉંગને એક ગાંધી-વૈદને ઘેર ઓસડીઆં વાટીને તૈયાર કરવાની નોકરી અપાવી. ત્યાં તે બે વરસ સુધી રહ્યો. તેની શેઠાણી ઘોડાગાડીમાં બેસીને એક વાર કંઇ જતી હતી; તેની પાછળ તે ગાડીના પાછલા પગથીઆ ઉપર ઉભો હતો. તેવામાં તેના અસલ ધણીએ-પેલા બાર્બેડોઝના વકીલે તેને ઓળખી કાઢ્યો; અને હવે તો પાછો સાજો થયો દેખાયછે, અને આપણા કામમાં આવશે, એમ મન સાથે વિચાર કરીને તેણે તેને પોતાના કબજામાં લેવાનું ધાર્યું. લંડન નગરના મોટા કોટવાલ પાસેથી બે સરકારી માણસો લઇને તેણે સ્ટ્રૉંગને પકડાવ્યો; અને ઉવેસ્ટ ઇંડીઝ[1] ખાતે કોઇ વહાણ જવા નીકળે, ત્યાંસુધી તેને ચોકી પહેરામાં રાખ્યો. કેટલાંએક વરસ ઉપર ગ્રાન્વિલ શાર્પે તેના મહાસંકટ સમયે જે સેવા ચાકરી કરી હતી, તે તુરંગમાં પડયાં પડયાં પેલા હબશીને મનમાં સાંભરી આવી; તેથી તેણે તેને એક કાગળ લખીને તેની સહાયતા માગી. શાર્પતો સ્ટ્રૉંગનું નામ પણ ભૂલી ગયો હતો; પણ તે કાગળ ઉપરથી તપાસ કરવાને તેણે એક માણસને તુરંગ આગળ મોકલ્યો. તેણે પાછા આવીને શાર્પને કહ્યું કે, પહેરેગીર માનતા નથી; તેઓ કહેછે કે, તમે કહોછો એવો કોઇ માણસ આ કેદખાનામાં નથી. આમ થવાથી શાર્પને ઉલટો વહેમ પડયો. તે પંડે પેલા બંદીખાના આગળ ગયો; અને જૉનથન સ્ટ્રૉંગને મળવાનો મમત લઇ બેઠો. તેને હવે તુરંગમાં તેડી ગયા વિના છૂટકો ન હતો. તે અંદર ગયો; તેણે પેલા ગરીબ હબશીને ઓળખ્યો. તે પકડાઇને ગુલામની હાલતમાં ત્યાં કેદખાનું સેવતો હતો. મિ. શાર્પે તે બંદીખાનાના ઉપરીને કહ્યું કે, હું હમણાં લાગલોજ શહેરના મોટા કોટવાલ પાસે જાઉંછું; તેની પાસે હું જૉનથન સ્ટ્રૉંગને તેડી જઇશ; ત્યાં સુધી તમારે એને કોઇપણ શખ્સને સોંપવો નહીં. જો સોંપશો,

[1] ઉવેસ્ટ ઇંડીઝ, અથવા આંટલીઝ, અમેરિકાના ટાપુઓ, એમાં ઉવીંડવર્ડ તથા લીવર્ડ બેટના જથા આવેલા છે.

તો તેનું જોખમ તમારે શિર રહેશે. એમ કહીને તે તરતજ શહેરના કોટવાલ પાસે ગયો; અને સરકારના હુકમ વગર જે માણસોએ સ્ટ્રૉંગને પકડીને તુરંગમાં નાખ્યો હતો, તે માણસોને અદાલતમાં હાજર થવાના સમન્સ (હુકમ) કઢાવ્યા. તે મુજબ પક્ષકારો કોટવાલ આગળ હાજર થયા; અને મુકદ્દમો ચાલતાં જણાયું કે, એટલી વારમાં તો સ્ટ્રૉંગના અસલ ધણીએ એક બીજા માણસને ત્યાં એને વેચ્યો પણ હતો. તે નવા ધણીએ વેચાણનો દસ્તાવેજ અદાલતમાં રજુ કર્યો; અને એ હબશી મારી મિલ્કત છે, માટે તે મને સોંપી દેવી જોઇએ, એમ દાવો કરવા લાગ્યો. સ્ટ્રૉંગની સામા કંઇ ફર્યાદી હતી નહીં; તેના ઉપર કોઇ જાતનું તહોમત હતું નહીં; અને સ્ટ્રૉંગ ગુલામ ગણાય કે નહીં, માણસ જાતની સ્વતંત્રતાનું વેચાણ થાય કે નહીં, એ કાયદાનો એક મોટો સવાલ હતો. શહેર કોટવાલને એવી ભારે બાબતનો ચુકાદો કરવાનો અખ્ત્યાર હતો નહીં; તેથી તેણે સ્ટ્રૉંગને છોડી મૂક્યો; અને પેલો ગુલામ બેધડક તેના ભલું કરનારની પાછળ પાછળ ચાલ્યો ગયો. કોઇની મગદૂર નહીં કે તેને આંગળી અડકાડે. એ ગુલામના ધણીએ તરતજ શાર્પને ખબર આપી કે તમે મારો ગુલામ બથાવી પડયા છો, તેનો કબજો કરવાને હું તમારા સામો દાવો બાંધીશ.

આ સમયે એટલે ઇ. સ. ૧૭૬૭માં ઇગ્લંડની પ્રજામાંના દરેક અંગ્રેજને પોતાના પંડની કુલ સ્વતંત્રતા છે, એમ સદા સર્વદા કલ્પનામાં અને કાગળ ઉપર કહેવાતું હતું; પણ વ્યવહારમાં તે છૂટ ઉપર દુ:ખદાયક રીતે તરાપ મારવામાં આવતી હતી; અને ઘણું કરીને હરરોજ અંગ્રેજી સ્વતંત્રતાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હતું. દરિઆઈ ફોજમાં ભરતી કરવાને માણસોને હમેશાં જોરજુલમથી ઉપાડી લઇ જતા. એ કામને માટે સરકાર તરફથી જુલમગારનાં ખાસ ટોળાં ફરતાં હતાં; વળી તે ઉપરાંત લંડનમાં તેમજ બ્રિટિશ રાજ્યનાં સઘળાં મોટાં શહેરોમાં લૂટારૂ-પોલીસની ફોજજ ખરી કરી દેવામાં આવી હતી. તેઓ માણસોને પકડી પકડીને ઇસ્ટ ઇંડિઆ કંપનીની નોકરી માટે હિંદુસ્તાન ખાતે વહાણોમાં ધકેલી મેલતા; અને જ્યારે હિંદુસ્તાનમાં વધારે માણસોનો ખપ ન રહ્યો, ત્યારે જે માણસો વધારા ખાતે પડયાં હતાં, તેમને અમેરિકાના નવાં વસેલાં સંસ્થાનોમાં જમીનદારોની ચાકરી કરવાને ત્યાં હડસેલી મેલતા. લંડન અને લિવર્પૂલ જેવાં મોટાં શહેરોનાં વર્તમાનપત્રોમાં ખુલ્લી રીતે જાહેર ખબરો છપાતી

કે, હબશી-ગુલામો વેચવાના છે. જે ગુલામો નાસી ગયા હોય, તેને કોઇ ફરીથી પકડી આપે, તેમને ઇનામો આપવામાં આવતાં હતાં; અને નદીમાં ફલાણાં ફલાણાં વહાણો છે, તેમાં જે કોઇ એ ભાગી ગએલા ગુલામોને લાવીને હાજર કરશે, તેને અમુક ઇનામ આપવામાં આવશે, એમ જાહેર કરવામાં આવતું.

જે માણસ ગુલામ કહેવાતો, તેની સ્થિતિ, સ્વતંત્રતાદિકમાં, ઇંગ્લંડમાં અનિશ્ચિત અને સંશયયુક્ત હતી. ન્યાયની અદાલતોમાં એ સંબંધી જે જે ઠરાવ કરવામાં આવતા, તે ડામાડોળ હતા; અને જૂદી જૂદી જાતના હતા; કોઇ પણ મુકરર નિયમને આધારે થતા નહીં. અંગ્રેજ જન-સમૂહનો તો એવો મત હતો કે ઇંગ્લંડની સ્વતંત્ર ભૂમિમાં કોઇ માણસ ગુલામ કહેવાયજ નહીં; ગમે ત્યાં બીજે ઠેકાણે ગુલામ હો, પણ આપણા દેશમાં તે પગ મૂકે કે તરતજ તેની બેડી તૂટી જાયછે; તથાપિ તે સમયે વિખ્યાત ન્યાય-પંડિતો એથી તદ્દન ઉલટાજ વિચાર બતાવતા હતા. જોનાથન સ્ટ્રૉંગની બાબતમાં મિ. શાર્પ ઉપર દાવો બાંધવામાં આવ્યો હતો; તેમાંથી પોતાનો બચાવ કરવાને તે કેટલાએક વકીલો પાસે સલાહ લેવાને ગયો. તેઓ છેલ્લે જણાવેલા ન્યાયશાસ્ત્રીઓના વિચારને મળતા આવ્યા. વળી, જોનાથન સ્ટ્રૉંગના ધણીએ તેને કહ્યું કે, ધુરંધર ન્યાયવેત્તા વડા ન્યાયાધીશ લૉર્ડ માન્સફીલ્ડનો તેમજ શ્રેષ્ટ વકીલોનો નિશ્ચય એવો સિદ્ધાંત છે કે, પરદેશમાંથી કોઇ ગુલામ ઇંગ્લંડમાં આવવાથી છૂટો થતો નથી; પણ જ્યાંથી આવ્યો, ત્યાં પાછો અમેરિકાના જમીનદારોની ખેડ કરવાને કાયદાસર તેને બળ વાપરીને મોકલી શકાય. જો આ ઠેકાણે ગ્રાન્વિલ શાર્પના કરતાં કોઇ કમહોવતવાન અને કમજુસ્સાવાળો હોત, તો તે નાઉમેદ થઇને એ કામને પડતું મૂકત; પણ તેમ ન થતાં, બીજે નહીં, તો માત્ર ઇંગ્લંડની સ્વતંત્ર ન્યાય-ભૂમિ ઉપર હબશી-ગુલામો તરફથી યુદ્ધ મચાવવાને તે વિશેષ આતુરતાથી તત્પર થયો. તેણે કહ્યું કે, આવી રીતે મારો બચાવ કરવાને કોઇ વકીલ મારા પક્ષમાં ઉભો ન રહ્યો; અને જે રીતસર ન્યાયનો આશ્રય મળવાની હું વકી રાખતો હતો, તે જવાથી મારા પોતાના બચાવમાં મારાથી જે કંઇ ભાંગું-તૂટું થાય, તે કરવાની મારે માથે ફરજ આવી પડી. મને ન્યાયના મૂળ-તત્વોનું કે કાયદાનું કિંચિત્ માત્ર પણ જ્ઞાન હતું નહીં. મેં મારી ઉમરમાં ધર્મ-શાસ્ત્રના પુસ્તક ઉપરાંત બીજું કોઇ પણ કાયદાનું પુસ્તક ઉઘા-

ડયું ન હતું; અને હવે આ ટાણે મારે એ જોવાની જરૂર પડી. દુકાનેથી જે હું ચોપડીઓ લેતો હતો, તેના માલિકે એ અરસામાં ન્યાયના પુસ્તકોનો સંગ્રહ વેચાતો લીધો હતો; તે સઘળાની અનુક્રમણિકા ખોળી વળવાને મેં જેમ તેમ કરીને મારા કચુમણુતા મનને ઉભું કર્યું.

તે તોપખાનામાં જે જગા ઉપર હતો, તે બીજી બધી જગા કરતાં બહુ વહીતરા વેઠવાળી હતી; તેથી તેનો આખો દિવસ તો ત્યાં કામ કરવામાંજ જતો; તેથી કાં તો રાત્રે ઉજાગરો કર્યા સિવાય અથવા સવારમાં પાછલી રાતના ઉઠયાવિના ન્યાયનો નવો અભ્યાસ તેનાથી બને એમ ન હતો. ગુલામ તો છૂટતાં છૂટશે, પણ હમણાં તો મારેજ ખરેખરી ગુલામગીરી કરવી પડેછે, એમ તે બોલતો. તેનો એક મિત્ર હતો. તે પણ એની પેઠે કારકૂનજ હતો. તેનો એના ઉપર કાગળ આવ્યો હશે, તેનો પ્રતિ ઉત્તર વાળતાં તેને વાર લાગી; તેને માટે માફ માગીને તેણે લખ્યું કે, વિદ્યાદિ વિષયો ઉપર પત્ર-વ્યવહાર ચલાવવાને આજ કાલ હું કેવળ લાચાર બની ગયો છું, એમ કહ્યાવિના મારે ચાલતું નથી રાત્રે ઉંઘમાંથી હું થોડો ઘણો વખત બચાવુંછું; અને સવારમાં બહુ વહેલો ઉઠીને હું કાંઇક વખત મેળવુંછું; તે સઘળો વખત કાયદાના કેટલાએક મુદ્દાઓ તપાસવામાં મારે જરૂર કરીને વાપરવો પડેછે. એમાં જરા પણ ઢીલ થવા દેવાય તેમ નથી. એટલી ઉતાવળ છતાં પણ ન્યાયનાં પુસ્તકોમાં બહુ ખંત રાખીને ખોળ કરવી પડેછે. એવી તપાસ કર્યા વિના ચાલે એમ નથી.

એ પ્રમાણે બે વરસ સુધી એક પળ પણ નકામી ન જવા દેતાં, જેટલો વખત બચાવાય તેટલો બચાવીને મિ. શાર્પે મનુષ્યના અંગની સ્વતંત્રતાના જેટલા ન્યાયના ગ્રંથો ઇંગ્લંડમાં પ્રમાણ હતા, તે બધાનું બારીક અધ્યયન કરવામાં ગાળ્યો કાયદાનાં નિરસ અને કંટાળો ઉપજે એવાં પુસ્તકોની લાંબી, ઉંડી અને કાદવવાળી ખાહીમાં થઇને તે મહા પ્રયત્ને આગળ ચાલતો ગયો. ઇંગ્લંડની રાજ્ય-સભાએ જે અતિ અગત્યના કાયદાઓ મંજૂર કર્યા હતા, તે સઘળાના તે ઉતારા કરી લેતો. વળી, જેમ જેમ આગળ ડગ ભરતો ગયો, તેમ તેમ અદાલતોએ જે ઠરાવ કર્યા હોય તેનું અને શિષ્ટ ન્યાય-પંડિતોના મતનું ટાંચણ કરવા લાગ્યો. આ મથન બહુજ લાંબું પહોંચ્યું; કાયર થઇને મન પાછું હઠી જાય એવી એમાં મહેનત હતી; તથાપિ એ કામમાં તેને સારી સલાહ બતાવનાર, કે મદદ

કરનાર કિંવા રસ્તે ચઢાવનાર કોઇ ન હતું. તેણે જે કામ માથે ઉપાડી લીધું હતું, તેને પુષ્ટિ આપે એવો એને એક પણ વકીલ લંડન જેવા નગરમાંથી જડયો નહીં. એટલું છતાં પણ તેણે દરિઆ—ડહોળણ કરીને જે અભિનવ અમુલ્ય રત્ન શોધી કાઢ્યું, તેથી તેને પરમ સંતોષ થયો; અને ન્યાય-પંડિતો પણ તેટલેજ દરજ્જે અતિ આશ્ચર્ય પામ્યા. તેણે કોઇને કાગળ લખતાં લખ્યું કે, મારાથી જેટલી તપાસ થઇ તેટલી મેં કરી; તેમાં મને એવો એક પણ અંગ્રેજી કાયદો યા કાનૂન હાથ લાગ્યો નથી, કે તેથી કોઇ પણ માણસને ગુલામગીરીની બેડીઓ પહેરાવવાને કાયદો હા ભણે. એ પ્રભુનો પાડ સમજવો. તેણે પોતાનો પાયો મજબૂત ચણ્યો; અને હવે તેને કોઇના તર્કની બીક રહી નહીં. તેણે અથાક મહેનત કરીને જે ફળ મેળવ્યું હતું, તેનો સંક્ષેપમાં સપ્રમાણ સાર તેણે તૈયાર કર્યો. એ લઘુ પુસ્તક સરળ, સ્પષ્ટ અને મર્દાઇ ભરેલા ઇબારતમાં તેણે લખ્યું હતું. ઇગ્લંડનો ન્યાય ગુલામગીરી સહન કરી શકતો નથી. એ નામથી તેણે એ પ્રગટ કર્યું તેણે તેની ઘણીએક નકલો પોતાને હાથે લખીને તે સમયના મહાપ્રસિદ્ધ ન્યાય-પંડિતોમાં વહેંચી. સ્ટ્રૉંગના ધણીને માલમ પડયું કે: આ તો મારે કોઇ વિરલ નરની સાથે બાથ ભીડવાની છે; તેથી શાર્પની સામા તેણે જે દાવો બાંધ્યો હતો, તેની વષ્મા વષ્મ મુદ્દત પર મુદ્દત, બહાનાં કાઢી કાઢીને તે નખાવવા લાગ્યો; અને આખરે, તેણે ઘર મેળે પતાવવાની વાત કરવા માંડી, તે શાર્પે માની નહીં. પોતાના હસ્ત-લેખની નકલો ગ્રાન્વિલ શાર્પ વકીલ-મંડળમાં લખી લખીને આપતોજ ગયો; તેનું પરિણામ એ થયું કે, જેમણે જૉનથન સ્ટ્રૉંગની સામા વકાલતનામાં દાખલ કરાવ્યાં હતાં, તે હવે અટકી ગયા; અને દાવો બાંધનારે મુકર્દમો બંધ પાડી દીધો; તેથી અદાલતે તેની કસૂર બદલ તેને માથે ત્રમણો ખર્ચ નાખ્યો. તે પછી ઇ. સ. ૧૭૬૯માં એ ચોપાનીઉં છપાવીને બહાર પાડવામાં આવ્યું.

અપૂર્ણ.

5. THE ARYAN MEDICINE AND RELIGION.

૫. આર્ય વૈદ્યક શાસ્ત્ર તથા આર્ય ધર્મશાસ્ત્રનું ઐકયમત.

(લખનાર વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી—જામનગર)

હાલ આપણા આર્ય ભાઇઓના કેટલાએક જુવાનીઆઓ જેઓ કેવળ અનાર્ય ભાષામાં કેળવાએલા હોવાને લીધે આપણાં ધર્મશાસ્ત્રોનાં માર્મિક તત્વોને જાણતા નથી તેથી યથેચ્છ કહે છે કે "આપણાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં જે જે વિધિનિષેધો છે તેઓ આપણને કશો લાભ આપતા નથી પણ તેના બદલામાં આપણો અમૂલ્ય વખત નાહકનો ગુમાવે છે એટલુંજ નહીં પણ ધનનો વ્યર્થ વ્યય કરાવી વ્યવહારની સગવડમાં કેટલીએક ભાંજગડો નાખી દઇ આપણી તથા આપણા દેશની ઉન્નતિમાં આડા આવેછે."

આવી અતાત્વિક સમજણને લીધે ધર્મ માર્ગનું ઉલ્લંઘન કરી સ્વચ્છંદ રીતે વર્ત્તવાની તથા વર્ત્તાવવાની પેરવી કરતા નાસ્તિક લોકોને ધર્મશાસ્ત્રના માર્ગને અનુસારે વર્ત્તવાથી થતા અમૂલ્ય લાભો બતાવીને યોગ્ય માર્ગે ચાલવાની સૂચના કરવી ઘણી અગત્યની છે. જો એમ નહીં થાય તો ધર્મનો ધાગો તમામ ઉચ્છન્ન થઇ જવાનો. આધુનિક કાળમાં લોકોની ઉપર ટપકે જોવાની એક ટેવ પડી ગઇ છે તેથી વ્યવહારનું રહસ્ય પણ જાણતા નથી તો ધર્મશાસ્ત્રનું રહસ્ય તો કયાંથીજ જાણે. દાખલા તરીકે આપણે વિલાયતી કાપડ લઇએ તો તે ઉપર ઉપરથી નજર કરનારાઓને કેવું સુંદર સફાઇદાર દિવ્ય વસ્ત્ર લાગે છે અને દેશી કાપડ કેવું અળખામણું અને જંગલી ફેશનનું માલુમ પડેછે. તેમજ દેશી જોડા ટકાઉ અને મજબૂત છે તેની ઉપર અણગમો ઉપજે છે અને વિલાયતી જે નકટા બૂટ છે તે કેવા હોંશે હોંશે રોકડા દામ દઇ પહેરે છે.

જેમ પ્રાચીન વ્યવહારનો લોપ થતો જાયછે તેમ ધર્મનો પણ વિના કારણે ઉચ્છેદ થતો જાયછે. આર્ય ધર્મને વખોડનારા પૂરી રીતે ધર્મશાસ્ત્રોનું અધ્યયન તથા મનન કરી કહેતા હોય તો તેની વાત અમે અનાગ્રહથી સ્વીકારવાને બિલકુલ આનાકાની કરવાના નથી. પણ થાય છે એવું કે પ્રથમ વિદેશીની વિદ્યાનો વિચાર કરી વિવેક વિનાના થઇ વિભ્રાંત સ્થિતિમાં ઉપર

ઉપરથી આપણાં ધર્મશાસ્ત્રોનું અવલોકન કરેછે તેથી આપણાં ધર્મશાસ્ત્રો એક-દમ તેઓના મગજમાં ઠસતાં નથી અને અપ્રિય થઇ પડે છે જેમ કોઇએ લીંબડો ખાધો હોય અને તરત જો દૂધ પીએ તો તે દૂધ પણ તેને કડવું લાગેછે.

આ ઉપરથી અમારો કહેવાનો આશય એવો છે કે આર્યોએ પ્રથમ આપણાં આર્ય ધર્મશાસ્ત્રોનું સપૂર્ણ રીતે અવલોકન કરી પછી વિદેશીની વિદ્યાનો અભ્યાસ કરવો. આમ કરવાથી આપણી ધર્માનુસાર સ્થિતિ કેવા ઉત્તમ પ્રકારની અને ફાયદા ભરેલી છે તે સ્પષ્ટ દેખાઇ આવશે.

આપણાં ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે हेतुवादरहितंधर्मशास्त्रम् "ધર્મશા-સ્ત્રમાં જે જે વિધિનિષેધોનું વિધાન કર્યું છે તે શા કારણથી કર્યું છે એવી તકરાર કરવીજ નહીં પણ તેના ફરમાન પ્રમાણે વર્ત્યા કરવું." આ લખાણ ઉપરથી એમ સમજવાનું નથી કે ધર્મશાસ્ત્રોમાં કહેલા વિધિનિષેધો કારણ વગરનાજ છે. કેમકે વિચાર કરતાં ધર્મશાસ્ત્રના ધારાઓ નિરાધાર માલુમ પડતા નથી. જો ઉંડો વિચાર કરીએ તો તે ધારાઓમાં શરીરનાં સરંક્ષણને તથા આરોગ્યને લગતાં ઘણાં તત્વો જોવામાં આવછે.

ધર્મશાસ્ત્રોમાં કહેલા વિધિનિષેધોમાં કારણોની તકરાર કરવી નહીં એવી જે તે શાસ્ત્રોમાં આજ્ઞા કરીછે તેનો હેતુ એવો સમજાય છે કે જો કારણો સમજી તે પ્રમાણે ચાલવાનો લોકોને છંદ લાગશે તો ધર્મશાસ્ત્રોનું આજ્ઞાપક-પણું અને પ્રૌઢપણું જતાં રહેશે અને એ જતાં રહેશે તો કાચી બુદ્ધિના લોકો ઘણા ગૂઢતત્વોવાળા વિધિનિષેધોને છોડી દઇ જે પોતાને અનુકૂળ જણાશે તે રસ્તે ચાલવા લાગીને ધર્મશાસ્ત્રમાં કહેલી વિધિનિષેધોને અનુસરવાથી મળવાના અમૂલ્ય લાભો મેળવી શકશે નહીં. આવા દયાળુપણાથી ધર્મશાસ્ત્રમાં વિધિ-નિષેધોનાં કારણો પૂછવાનો જે નિષેધ કર્યો છે તેનો અવળો અર્થ સમજીને અપકવ બુદ્ધિના લોકો ચાલતા વિલક્ષણ સમયને લીધે ધર્મના માર્ગનું ઉલ્લંઘન ન કરે એ અમારા આ પ્રયાસનો હેતુ છે.

વૈદ્યક વિષયમાં મોટા આચાર્ય ચરકમુનિ, પોતાના 'ચરકસંહિતા' નામના પ્રખ્યાત ગ્રંથના સૂત્રસ્થાનના આઠમા અધ્યાયમાં કહેછે કે—

तस्मादात्महितंचिकीर्षतासर्वेणसर्वंसर्वदास्मृतिमास्थायसदवृत्तमनुष्ठेयम्। तद्धय नुष्ठानंयुगपत्संपादयत्यर्थद्धयमारोग्यमिंद्रियविजयंचेति।

યોગ્ય ઉપાયો વિના પોતાનું હિત કરી શકાતું નથી એટલા માટે

પોતાનું હિત કરવાને ઇચ્છનારા સર્વ પુરૂષોએ સર્વદા ધર્મશાસ્ત્રો ઉપર આધાર રાખીને સઘળું સદાચરણ કરવું જોઇએ કે જે સદાચરણમાં તે ઉપાયોનો સમાવેશ છે. સદાચરણ કરવાથી એક આરોગ્ય અને બીજું ઇંદ્રિયોનો જય એ બે પ્રયોજન સામટાં થાયછે. વળી—

देवगोब्राह्मणगुरुवृद्धसिद्धाचार्यानर्चयेत् । अग्निमनुचरेत् । द्वौकालावुपस्पृशेत् । मलायतनेष्वभीक्ष्णंपादयोश्चवैमल्यमादध्यात् । दुर्गेष्वभ्युपपत्ताहोतायष्टादाताऽतिथीनां पूजकःकालेहितमितमधुरार्थवादी इत्यादि ।

દેવ, ગાય, બ્રાહ્મણ, ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ અને આચાર્યોનું પૂજન કરવું, અગ્નિહોત્ર હોમવું પ્રાતઃકાળે અને સાયંકાળે સ્નાન કરવું. શિશ્ન અને ગુદા વગેરે મળના સ્થાનોમાં તથા પગોમાં નિર્મળતા રાખવી. સંકટના સમયમાં બીજાઓને હાથ દેવો, હોમ કરવો, પૂજન કરવું, દાન દેવું, અતિથિઓનું સન્માન કરવું તથા હિતકારી, થોડું અને મધુર અર્થવાળું બોલવું વગેરે.

વિચારશીળ વાંચનારાઓને તો ઉપર ટાંકેલા ટુંક ફકરા પૂરતા છે. એટલાથી ઘણી બાબતો સમજાય છે તથા વૈદ્યક અને ધર્મશાસ્ત્રની એકતા સ્પષ્ટ રીતે માલુમ પડી રહેછે. આ ઉમદા બોધનો સર્વને સ્ફુટ ખુલાસો જણાઇ આવે માટે નીચેની લીટીઓ લખીએ છીએ

પહેલા ફકરામાં स्मृतिमास्थाय એવું ચરકમુનિએ લખેલુ છે એટલે ધર્મશાસ્ત્રના ગૂઢ અભિપ્રાયોને તે સારી રીતે સમજેલ છે તેથી ધર્મના ધોરણ પ્રમાણે આચરણ કરવાની ભલામણ કરી છે. એક તરફથી વિચાર કરીએ તો વૈદ્યકશાસ્ત્રકારોને બીજાં ધર્મશાસ્ત્ર વગેરે શાસ્ત્રોથી કશું લેવા દેવા નથી. વૈદ્યક વિષય વિવેચન કરનારાઓનો મૂળ હેતુ એવો છે કે નિરોગી રહી લાંબી જિંદગી ભોગવવાને માટે જે જે ઉપાયો તથા આચરણો છે તે સઘળાં સંપૂર્ણ રીતે લોકોને સમજાવવાં. દીર્ઘાયુનાં તથા આરોગ્ય રહેવાનાં સાધનો બતાવતાં ગમે તે બીજાં શાસ્ત્રોનો બાધ આવતો હોય તેની તેઓ બિલકુલ દરકાર કરતા નથી. પણ ચરક મુનિ પોતાનો મુદ્દો પાર પાડતાં સૂક્ષ્મદૃષ્ટિથી વિચારી જોયું કે આ સંહિતા બનાવતાં ધર્મશાસ્ત્રોથી શું શું બાધ આવે છે આવું વિચારતાં તેનું બેઉ શાસ્ત્રોનું ઐકયમત જણાયું તેથીજ તેણે ધર્મશાસ્ત્રાનુસાર ચાલવાની ભલામણ કરી છે.

અપૂર્ણ.

6. ACKNOWLEDGMENT OF BOOKS.

૬. પુસ્તકોની પહોંચ.

ચાર કહેવતનો રમુજી વારતા.—આ એક કલ્પિત વારતાની સુમારે બે ફરમાની નાની ચોપડી તેના કર્તા જામનગરવાળા ગુલાબરાય લક્ષ્મીદાસ તરફથી મળી છે. લખનારે ભૂગોળની અજ્ઞાનતા બતાવી છે. ગૂજરાતની પૂર્વમાં દરિઓ ક્યાંથી આવ્યો કે ફુલચંદ વહાણો ભરીને જાવે ગયો અને આવ્યો. કલ્પિત વાતમાં ભૂગોળ પણ કલ્પિત!! ગામનાં નામ કલ્પિત પણ ભૂરચના પણ કલ્પિત? આમાંની ભાષા શુદ્ધ ગૂજરાતી છે. પરંતુ બે ફરમાની ચોપડીની છ આના કીમત ખર્ચવા જેટલો તેમાં માલ જણાતો નથી.

સુનાં બાઇ સુતારણ.—આ નામનું એક વારતાનું પુસ્તક અમને મળ્યું, તેની પહોંચ ઉપકાર સાથે માનીએ છીએ. એ વાત આત્મારામ નારણજી ભાવનગરવાળાએ બનાવી છપાવી છે. એમાં એ ભાઇએ પારસી ઘર સંસારનું ચિત્ર આપવાનો ઇરાદો રાખ્યો જણાય છે પોતે હિંદુ છતાં પારસી સંસારનું ચિત્ર આપવાનો યત્ન કરે તો તેમાં તેને કેટલી અડચણ પડે તથા કેટલાં ગોથાં ખાવાં પડે તે વિચારવું મુશ્કેલ નથી. પારસી ઘર સંસારનો જેવો અનુભવ પારસીને હોય તેવો હિંદુને હોયજ નહિ. એક બે પારસીઓના દાખલા જોવાથી એટલા ટુંકા અનુભવ વડે આખા પારસી ટોળાના સંસારનું ચિત્ર આપવાના યત્નમાં ખામી આવેજ. પારસી સંસારી ચિત્રના આ પુસ્તકની એજ કારણથી ખરી તૂલના કરવાને અમે પણ અશકય છીએ.

એ પુસ્તકમાંના સંવાદની વાકયરચના જેમ પારસી ચોપાનીઆમાં પારસીઓ અંગ્રેજી ઉપરથી ગૂજરાતી કરીને વાપરે છે તેવી છે તથાપિ તે શુદ્ધ ગૂજરાતી છે. દાખલા તરીકે ૧૩૪મે પાને "માથામાં દુઃખ થવાને લીધે સાહેબ", મેં કહ્યું, "હુંતો ખાવા બેઠીજ નથી"–અને આ ખરૂં હતું". વળી એજ પાનાની શરૂઆતમાં માંસ અને રોટલાની વાત પેસ્તનજીની કંજુસાઇ બતાવવાને લખીછે તે અમને વાજબી લાગતું નથી, બલકે અશકય જેવું જણાય છે. વળી ૧૪૬મે પાને દ્વંદ્વ યુદ્ધની વાત પારસી રીવાજમાં દાખલ કરીછે, તે અમારા જાણવા પ્રમાણે ખોટી છે. એ તો યુરોપી રિવાજ છે. આ વાતના બીજા ભાગો છપાવતા પહેલાં હવેથી ભાઇ આત્મારામ પોતાના કોઇ પારસી મિત્ર પાસે વાંચી જઇ, તેમના રિવાજ વિરૂદ્ધ ન હોય

તેની ખ.તરી કરે તો સારૂં એવી અમારી ભલામણ છે.

એ છતાં એ પુસ્તકની મૂખ્ય નાયકણ સુનાંબાઇ સુતારણની નીતિ-યુકત વર્તણુક પહેલેથી છેલ્લે સુધી બરાબર જાળવી રાખી છે, ને તે દાખલો લેવા જોગ છે. એ પુસ્તક સુમારે દશ ફરમાનું છે ને તેની કીમત પણ દશ આના છે; તે કાંઇક વધારે છે તોપણ તેથી તે વાંચવાની ભલામણ કરતાં અમે અચકાતા નથી.

માધવાનળ ભાષાંતર.—આ નામનું પુસ્તક તેના કર્તા બાટવા નિવાસી ભટ, આત્મારામ પ્રેમજી તરફથી મળ્યું, તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. આ વારતા મૂળ સંસ્કૃતમાં આપણા સર્વોત્તમ કવિ કાળીદાસની કરેલી છે. તેનું ભાષાંતર કરી તેમાં કેટલેક જગાએ જગાએ વધારો કર્યો છે. એ પુસ્તકમાં પ્રથમ અસલ સંસ્કૃત આપ્યું છે, તેમાં ૩૬ પૃષ્ટ રોકાયાં છે. તે પછી પોતે ભાષાંતર મિશ્રિત લખેલું તે છપાવ્યું છે. આ લખાણની ભાષા શુદ્ધ ગૂજરાતી ને સારી છે. એ ભાઇ માધવની ઉત્પત્તિ શામળ કવિએ જેવી આપી છે તેવીજ ટીકામાં ઉતારી લીધી છે. શામળ ભટે મૂળ સંસ્કૃત ઉપરથી કાવ્યમાં માધવાનળની વારતા લખી છે. તેમાં માધવની ઉત્પત્તિ પોતે કલ્પી કહાડી છે, તે આ પુસ્તકની ટીકામાં ઉતારી છે. એ ભાઇએ અસલ સંસ્કૃતના ભાષાંતરમાં જે વધારો કર્યો છે તે કેટલેક ઠેકાણે વર્ણનને લગતો છે. તથા પોતાની ભાષા તરજુમાની ન થાય તેવી સાવચેતી રાખી છે. તોપણ કોઇ કોઇ જગાએ સરત ચૂક થઇ ગઇ છે. એ ભાઇનો વધારો ઘણે ઠેકાણે અસર-કારક થયો છે તથાપિ માધવને પુષ્પાવતીથી નીકળેલો કામાવતી લેઇ જતાં રસ્તાનાં અનંતપુરમાં મોકલી પુષ્પાવતીની સ્થિતિની પુનરાવૃત્તિ કરાવી તે અમને ઠીક લાગતું નથી. વળી પુસ્તક છપાવનારે તે શુદ્ધ છપાય એવી ખૂબ કાળજી રાખવી જોઇએ. આ પુસ્તકમાં તેવી કાળજી રહી હોય તેમ જણાતું નથી. અને તે એની કીમતમાં ઘટોડો કરેછે. આ પુસ્તક રસિક ને વાંચવા યોગ્ય છે. વળી તેમાંથી શીખામણ લેવાની પણ ઘણી છે. એનું કદ સુમારે બાર ફારમનું ને તેની કીમત બાર આના છે.

જયાકુંવર.—આ એક ખરેખરી બનેલી વાર્તા—એ વાર્તા ઉપરથી જણાય છે કે તેના નાયકનીજ લખેલી વાર્તા—તેના કર્ત્તા તરફથી અમને મળી તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. વાર્તા ઉપરથી તેનો નાયક પોપટ કાઠી-આવાડી બ્રાહ્મણ અને તે ઘણું કરીને પ્રશ્નોરા જણાય છે. તેનો પિતા

મુંબાઇ નિવાસી હતો. એ પોપટનાં માતા એની બાલ્યાવસ્થામાં ગુજરી ગયાં તેનો ચિતાર ૧લા પ્રકરણમાં છે. માતા એ આ જગતમાં કેવું નિઃસ્વાર્થી પ્રેમી પ્રાણી છે તેનું ખરૂં ચિત્ર એમાં આપ્યું છે. દરેક સુપુત્ર, પુત્રીને તે વાંચી મનન કરવા જેવું છે. બીજા ભાગમાં પોપટના દૂરના સગામાં જયાકુંવર કરીને દશેક વર્ષની બાળા હતી તેની સાથે પોતાની અગીઆર વરસની ઉમરે પ્રથમ પરિચય શી રીતે થયો તે અને તેમનું લગ્ન એનું યથાસ્થિત વર્ણન સર્વે હિંદુ દેશીઓને દૃષ્ટાંત લેવા જોગ વર્ણવ્યું છે. ત્રીજા પ્રકરણમાં જયાકુંવર બાળક છતાં, પણ પોતાની શાળાને ગૃહ કેળવણીના પ્રભાવથી સાસરીઆં ઉપર કેવો પ્રેમ રાખેછે તે, પોતાની સખીઓનો મેળાવડો કરી ભાષણ કરેછે તે વાંચવા ને દાખલો લેવા જોગ બતાવ્યું છે. ચોથા ને પાંચમા પ્રકરણમાં સખી પ્રેમ, પતિપ્રેમ અને વિયોગ વગેરે શુદ્ધ ઉત્તમ ગુજરાતીમાં મન વેધક ચિતર્યા છે. તે વાંચી શિક્ષા લેવા જોગ છે. હિંદુ અભણ ને અજ્ઞાન સ્ત્રી વર્ગને પણ સારો ચિતર્યો છે. સારો સ્વભાવ, સદાચરણ, સદ્વૃત્તિને આસ્થાથી સગાંવહાલાંમાં કેવો સંપ ને તેથી ઉપજતું સુખ સતોષ મળેછે તેનો જયાકુંવર બરાબર પુરાવો આપેછે. ૬ઠા પ્રકરણમાં વિયોગી પ્રાણ પ્રિયાના પત્ર અને તેમની પુત્રીનો મંદવાડ અને મૃત્યુ કરૂણા રસથી ભરેલું આમાં વર્ણવ્યું છે જેમાં પોતાની પુત્રીના મરણથી થતા દુઃખમાં દિલાસો આપનારા પત્રો એજ જાતની વિપત્તિ સમયે વાચવા યોગ્ય છે. તેમાં પણ જયાકુંવરે પોતાની માતાને લખેલો પત્રનો સર્વોત્તમ નમુનો છે. ૮મા પ્રકરણમાં જયાકુંવરની સખી વખ્તુબા પોરબંદરના પાટવી કુંવરની પત્નિનું મરણ, તેથી થતી લાગણી, જયાકુંવરના બીજા બાળકનું મોત અને તે વખતે પતિ પ્રિયા થતી દીલગીરી તથા પ્રિયાની ધીરજ દૃષ્ટાંત લેવા જોગ છે. ૯મામાં જયાકુંવરનો મંદવાડ, તેથી ઉપજતી ચિંતા અને સ્થિતિનો ચિતાર ચિતર્યો છે. અને છેલ્લા ૧૦માં પ્રકરણમાં જયાનું મરણ ખેદકારક રીતે, ખિન્ન ચિતે વાંચનારની આંખમાં પાણી લાવે એવી રીતે કરૂણા રસથી વર્ણવ્યું છે.

આ પુસ્તક લખનાર એક વિદ્વાન છે તે તેમાંની ઉત્તમ અને વિદ્વતા ભરેલી ભાષાજ કહી આપેછે. જયાકુંવર પોતાના પતિથી થોડા અભ્યાસ વાળી છતાં શાળામાં અને તેથી ઉત્તમ પોતાની માતા તરફથી મળેલી કેળવણીવડે પોપટ કરતાં કોઇ રીતે ઉતરતી નહોતી. તેની લાગણી, તેના વિચાર અને તેની વર્તણુક એક પ્રાચીન કાળની સતી સ્ત્રીને છાજતી અને ખરી આર્ય ધર્મી

પુત્રી, પતિ, સખી, અને માતાને જેબ આપનારાં હતાં. જયા પુત્રી ધર્મ, પતિ ધર્મ, સખીધર્મ અને માતૃધર્મ બરાબર સમજતી ને પાળતી. વડીલો તરફ પ્રેમ ને મર્યાદા રાખતી. સર્વેને સુખી કરવાની ચિંતામાં રહેતી અને એજ ચિતામાં એનું શરીર ઘસાયું ને મહ્યાધિન થઇ. પોપટની તે વખતે વિદ્યાર્થી અવસ્થા હતી. પરંતુ તેણે ઉંચી કેળવણી લીધી હતી ને તેથી તેનામાં પતિને યોગ્ય સદ્‌ગુણો આવેલા હતા. તેના વિચારો ઉંચા ને લખવાની શાકત ઉત્તમ હતી. તે તેમના આ ઉત્તમ પુસ્તક ઉપરથી જણાય છે.

ભાઇ પોપટે આ પુસ્તક લખીને સ્વાર્થ ને પરમાર્થ બે કર્યાં છે. પોતાની યોગ્ય પ્રિયાના ચરિત્રનું સ્મરણ રહેવા માટે આ પુસ્તક લખી તેમણે સ્વાર્થ સાધ્યો છે. પણ એ પુસ્તક છપાવી તેમણે ગૂજરાતીઓની પૂર્ણ સેવા બજાવી છે એ ઉત્તમ પરમાર્થ કાર્ય કર્યું છે. એ પુસ્તક દરેક ગૂજરાતી સ્ત્રી પુરૂષ, બાળબાળા, ધની ને નિર્ધન, સુખી ને દુઃખી, સર્વને વાંચીને શીખામણની સાથે દૃષ્ટાંત લેવા યોગ્ય છે. આર્ય સુખી ઘર સંસારનું આ ખરૂં ચિત્રછે.

ખોટી, કલ્પિત અને અસંભવિત વાર્તાનાં પુસ્તકો વાંચવાથી જેટલો લાભ થાય તેના કરતાં આવાં સત્ય બનાવનાં સાચાં પુસ્તકો અંતઃકરણમાં કોરાઇ રહી સારી અસર કરેછે અને ઉત્તમ ફળદાયી થાયછે. આ પુસ્તકમાં ખરી બનેલી વર્ણવેલી હકીકત સત્ય યુગના સમયને અનુસરતી હોવાથી હાલના સમયમાં એવાં સ્ત્રી પુરૂષો હોયજ નહિ. એમ માની વાંચનાર શંકા ખાય એમ છે તથાપિ તે ખરેખરી સત્ય હકીકત હમણાંજ બની ગએલી છે અને તેથી તે વધારે ફળદાયી છે. એ આખા પુસ્તકમાં અમને જે દોષ "ગુજરાતી"ને લાગ્યો છે તેજ જણાયો છે. એ પુસ્તક ભાઇ પોપટે તેમની હવે પછી થનારી ભવિષ્યની પ્રિયાને અર્પણ કર્યું છે. પણ તેને બદલે તે તેની ગએલ પ્રિયાને કે તેની સખીઓને કે તેની વાંચનારી બેનોને અર્પણ કર્યું હોત તો ઠીક ગણાત એવું અમારૂં માનવું છે. એ પુસ્તકનું કદ. છપાઇ, પુઠું વગેરે તરફ જોતાં એની બાર કીમત કાંઇ ઘણી નથી. અમે તે સર્વ ગૂજરાતી સ્ત્રી પુરૂષોની હૈયા પોથી તરીકે રાખવા ભલામણ કરીએ છીએ. ગૂજરાતી કન્યાશાળાના ઉપલા વર્ગોમાં એ પુસ્તક ચલાવવા યોગ્ય છે. ગૂજરાતીમાં એવાં ઘણાં પુસ્તકોની ખોટ છે, તેનો કંઇક અંશ ભાઇ પોપટે પૂરો પાડેલો જોઇ અમને સંતોષ થાય છે. ગૂજરાતીઓમાં ઘણી જયાકુંવરો પ્રભુ આપે.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રો-કડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત્ર શત શહી	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

શાળોપયોગી સહેલું ને સસતું ☞ દેશી નામાની પદ્ધતિ ૩જી આવૃત્તિ. રચનાર પ્રેમચંદ કરમચંદ હે. મા. બા. ફિ. ટ્રે. કો. રાજકોટ. કિંમત પાંચઆના, પોસ્ટેજ ૬ પાઇ પણ ૫ નંગથી માફ. ૧૦ નંગથી ૧૦, ૧૫થી ૧૫, ૨૦થી ૨૦ ને ૨૫ નંગથી ૨૫ ટકા કમિશન. છૂટક નંગના પૈસા અગાઉથીજ

રૂા. ૫૦૦નું ઇનામ.

બાળમિત્ર.

આ દવા બાળકોનું જીવન છે, બાળકને થતા તાવ, ઉધરસ, ઝાડો, શરીરનું ગળી જવું, પીળું પડવું પેટનું વધવું, વગેરે દરદોને દુર કરી બાળકને હૃષ્ટ, પુષ્ટ, બનાવી નીરોગી બનાવે છે. લોહી સુધારે છે. ખરૂં કૌવત આપી, બાંધાને મજબુત કરી, બાળકને ચાલાક કરે છે આ દવાની ગોળી ૧૦૦નો પ્રથમ રૂા. ૧ લેવામાં આવતો હતો, પણ ઘણાં મનુષ્ય તરફથી એક બાજુ તેનાં ઘણાં વખાણ થવા લાગ્યાં અને બીજી બાજુ તેની ભારે કીમતની ફરીયાદ થવા લાગી અને ભારે કીંમતને લીધે ગરીબ લોકો આ અમૃતરૂપ ઔષધનો ઉપયોગ કરવા બેનશીબ રહેવા લાગ્યાં જેથી આ સઘળી અડચણ દુર કરી હાલ રૂા. ૧ની ગોળી ૩૦૦ આપવા ઠરાવ કરવામાં આવ્યો છે કે તેથી તેના વધતા ઓછા ઉપાડના પ્રમાણમાં અમોને દર વર્ષે પૈસા સંબંધી નુકશાનના ખાડામાં ઉતરવું પડશે તો પણ આવી ચમત્કારીક દવા આ પ્રમાણે આપવામાં આપણાં આર્ય બાળકો નીરોગી બની લાંબુ આયુષ્ય ભોગવે તેમાં સંતોષ માની તે નુકશાન સહન કરવા નિશ્ચય કર્યો છે. વળી આ દવામાં ચમત્કારીકપણાની વધારે ખાત્રીને લીધે એટલે સુધી કહેવાને હીંમત ધરીએ છીએ કે એ દવાની ઓછામાં ઓછી ૧ ને વધારેમાં વધારે ૩. ત્રણ ડાબલીનો ઉપયોગ કર્યા પછી કોઇ પણ જાતનો ફાયદો થયો નથી એમ ખાત્રી કરી આપનારને ઉપર લખ્યું રૂા ૫૦૦નું ઇનામ આપવામાં આવશે માટે આ દવા મંગાવવામાં જરા પણ વિચાર કર્યા વગર પોતાના બાળકોનુ હિત ઇચ્છી તરત અમોને લખી જણાવવું.

જામનગર
આતંકનિગ્રહઔષધાલય

વૈદ્યશાસ્ત્રી
મણીશંકરગોવિંદજી.

☞ આ ઉપર લખેલી અમારી બાળમિત્ર દવા તથા બીજી પણ આતંકનિગ્રહાદિક ઉત્તમ દવાઓ વિષે અમને મળેલાં અસંખ્ય સર્ટિફીકેટોમાંથી થોડાંજ નમુના દાખલ સર્ટીફીકેટોની ચોપડી જેમને ખાત્રી માટે જોઈતી હોય તેમણે મંગાવી લેવી. તેની સાથે એક અમૂલ્ય પુસ્તકની ભેટ આપવામાં પણ આવેછે. ટીકટ મોકલવાની પણ કાંઇ જરૂર નથી. ફક્ત એક કાર્ડથી ખબર આપવા એટલે મોકલવામાં આવશે.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે સપ્ટેંબર સન ૧૮૮૯. અંક ૯મો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, माति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટકરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨–૦–૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂા. ૨–૮–૦, ટપાલ ખર્ચ આના ૦–૩–૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઆ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. એક વિચિત્ર ભેટ	૧૯૩
૨. દુરગાદાસ	૧૯૪
૩. જીવનબીજ વીર્ય	૧૯૯
૪. ગ્રાન્વિલશાર્પ	૨૦૫
૫. આર્ય વૈદ્યક શાસ્ત્ર તથા આર્ય ધર્મ શાસ્ત્રનું ઐક્યમત	૨૧૦
૬. પુસ્તકોની પહોંચ	૨૧૩

Subjects.	Page.
1. The Poem	193
2. Durgadas	194
3. Semene virile	199
4. Granvilsharps	205
5. The aryan medicine and religion	210
6. Acknowledgment of books	213

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
સંસ્થાન મોરબીના પો. સુ. સા. (વિશ્વનાથ શંકરજી	૨-૧૧-૦	પુ. ૨૦
મે. નેટીવ પ્રેસના રીપોર્ટર સાહેબ તરફથી	૨—૩—૦	સને ૧૮૮૯-૯૦
વીરમગામ લાઇબ્રેરી	૨—૩—૦	પુ. ૨૦
ધંધુકા બારોડેલ લાઇબ્રેરીના	૧—૩—૦	પુ. ૨૦ (અરધી કીમતે).
રા. છબીલાલ છગનલાલ ઝીંઝ્રા	૧—૩—૦	પુ. ૨૦ (અરધી કીમતે).
વાલવોડ વિદ્યાર્થી શાહ. ગીરધરલાલ જેચંદ તરફથી	૧—૩—૦	,,
ભાણવડ નિશાળના મહેતાજી	૦—૫—૬	ચાલતી શાલના પુ. ૨૦માન અંક ૬ની નકલ રખેના
છાપરાભાઠાની નિશાળના મહેતાજી	૩—૯—૦	પુ. ૧૭-૧૮-૧૯ ત્રણ શાલના સને ૧૮૮૬-૮૭-૮૮ અરધી કીમતે

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે સપ્ટેંબર સન ૧૮૮૯. અંક ૯મો.

1. THE POEM.

૧. એક વિચિત્ર ભેટ.

દોહરા.

પ્રસિદ્ધ ખંડ યુરોપમાં, જરમની નામે દેશ;
બીજો હેન્રી નામનો, તેનો હતો નરેશ. ૧.
એક સમે તે મહિપતિ, સ્વરાજ્યની મોઝાર;
પ્રવાસ કરવા નીકળ્યા, સાથે જંત અપાર. ૨.
મુકામ તેઓએ કર્યું, એક દિવસ કો ઠામ;
ત્યાં નૃપતણિ સલામિએ, આવી પ્રજા તમામ. ૩.
નજરાણાં બહુ જાતનાં, લાવ્યા તેઓ સાથ;
તે સઘળાંને પ્રીતથી, ભેટ કર્યાં નિજનાથ. ૪.
કો રોકડ નાણું તથા, કો હીરાના હાર;
કો લાવ્યા શુભ દાગીના, ભારે ને મુલદાર. ૫.
એમ વિવિધ પ્રકારની, ધરી સહુએ ભેટ;
બનાવ બનીયો એક ત્યાં, અચરજકારક નેટ. ૬.
કાઉન્ટ એબન્સબર્ગ ત્યાં, ભેટ મુકવા કાજ;
લાવ્યો બહુ નવાઈનો, પોતા સાથે સાજ. ૭.
હતાં તેહને છોકરાં, બધાં મળી બત્રીશ;
આમ ઉચારી રાયને, તેહ કર્યાં બક્ષીસ! ૮.

"કીમતી સહુથી જગતમાં, આ વસ્તુ મુજ પાસ;"
"કરૂં આપને ભેટ તે, હૈયે ધરી હુલાસ." ૯
"સ્વીકારો બક્ષિસ આ, ગરીબની ગુણવાન;"
"વિચાર કરતાં ભાસશે, સૌથી તે ગુણવાન." ૧૦

A. K. Shukla.

---

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાંધણ પૃષ્ટ ૧૭૫મેથી.)

દુરગાદાસે કોટની નજીક મૂકામ કર્યો. જેમ જલદી કિલ્લાનો કબજો લેવાય તેમ લાભકારક છે તે એ સમજતો હતો; તેથી કિલ્લાના રખવાળો તૈયાર થાય તે પહેલાં તો હુમલો કરવાની ગોઠવણ કરી. નાગોરના દરવાજા ઉપર હુમલો કરવાને ભીમસિંગજીને મોકલ્યા ને દિલ્લી દરવાજા ઉપર પોતે ચઢ્યો. આ પ્રમાણે બંને દરવાજા ઉપર એકી વખતે હુમલો કરવાથી તથા તેમના ઉપર મારાનો વરસાદ વરસાવ્યાથી કિલ્લાના રખવાળોનું કાંઇ ચાલ્યું નહિ. તેથી તેમણે ઇનાયતખાનને તથા દીલાવરખાનને મદદ મોકલવાને કહાવ્યું. અંદરની ગઢીમાંથી જેમ દરમાંથી કીડીઓ ઉભરાઇ નીકળે તેમ માણસોનાં ટોળેટોળાં હથીઆર બંધ આવવા લાગ્યાં. દુરગાદાસ ને ભીમસિંગ કોટ ઉપર ચઢી ગયા ને તેમનો દાખલો લેઇ તેમના સરદારો પણ સિંહોની માફક તળપ મારી ચઢયા. રાઠોડ ને સિસોદી સૈન્યે બંને દરવાજા કબજે કરી દરવાજા ખોલ્યા કે બાકીનું સૈન્ય કોટમાં ધશી આવ્યું. શહેરમાં ગઢીમાંથી આવતાં માણસો ઉપરા ઉપરી પડવા લાગ્યા. બંને સૈન્યો તરવારો ખેલવા લાગ્યાં. મડદાંના ઢગલા પડવા લાગ્યા. ઘાયલથએલાંની કરૂણાજનક કીકીઆરીઓ સંભળાવા લાગી. આ બહાદુર મુસલમાનોને કપાતા જોઇ દુરગાદાસને દયા આવી, પણ પોતાનાં માણસોના બચાવમાટે તેને તરવારનો ઝપાટો ચલાવ્યા વગર છૂટકો નહોતો. તે મસ્ત હસ્તીની માફક દુશ્મનોના ઉપર ધશી પડ્યો અને ગઢમાંથી આવતા સૈન્યને કાપવા લાગ્યો એવામાં ઇનાયતખાન નવું સૈન્ય લેઇ ગઢમાંથી બહાર નીકળ્યો ને નજીકના રજપુતો ઉપર ધસારો કર્યો.. પણ ગુલાબસિંગ અને

માનસિંગ તેને ભેટવાને તૈયાર થઇ ઉભેલાજ હતા. બીજી તરફ દીલાવરખાન ભીમસિંગજી ઉપર ધસ્યો ત્યાં સોનિંગ ને કરણસિંગ સામા થયા. આ પ્રમાણે બંને બાજુ જબરૂં યુદ્ધ મચ્યું. મુસલમાનો દીન દીનનો પોકાર કરતા, પોતાના સરદારની ઉશ્કેરણીથી ઉશ્કેરાતા રજપુતો ઉપર જુસ્સાબંધ ધશી આવ્યા. આણી તરફ હરહર મહાદેવ કરતા રજપુતો તેમને ભેટવાને તૈયાર થઇ ઉભેલાજ હતા. શહેરમાં મડદાંના ઢગલા થયા ને લોહીની નીકો વહેવા લાગી. ગુલાબસિંગે ને માનસિંગે ઇનાયતત ઉપર એવો તો મારો ચલાવ્યો કે તેની હરોલ તૂટીને લશ્કર પાછું હઠવા લાગ્યું. ઇનાયતખાને તેમને કુરાનના સોગન આપી અટકાવ્યા ને મરવું કે મારવું પણ પાછા હઠવું નહિ એમ કહી આગળ દોર્યા. પોતે લઢાઇને મોખરે થયો. એવામાં દુરગાદાસ બાકીના સૈન્યનો નાશ કરી માનસિંગની મદદે આવી પહોંચ્યો. પ્રથી ને ગંભીર તેને પડખે રહી લઢતા હતા. ઇનાયતે જાણ્યું કે દુરગાદાસ ઉપર એકદમ ધસારો કરી તેને પાડ્યા કે માર્યા વગર જીત થવી અશકય છે તેથી તે એકદમ તેના ઉપર ધસ્યો. તેણે એવો જબરો ઘા કર્યો કે કદાચ તેજ ક્ષણે દુરગાદાસ નીચે પડ્યો હોત, પણ ગંભીરે તે ઘા દુરગાદાસ ઉપર જતો અટકાવી પોતે ઝીલી લીધો. એવામાં પ્રથીના ઘાથી ઇનાયત નીચે પડ્યો. દુરગાદાસે ગંભીરને પાછળ રાખી ઇનાયતને પકડ્યો ને તેની ઉપર ચડી બેઠો. કટાર કહાડી મારવા જાયછે તેવોજ ઇનાયત બોલ્યો કે મને જેવો એકવાર મરતો બચાવ્યો છે તેવોજ આ બીજીવાર બચાવો. દુરગાદાસનો હાથ થોભ્યો આ જગાએ બીજો માણસ હોતતો ઇનાયત બચવો મુશ્કેલ હતો. પણ દુરગાદાસના દૈવી ગુણથી તે બચ્યો. તેણે ગંભીર તરફ દૃષ્ટિ નાંખીને કહ્યું કે ભાઇ તું ઘાયલ થયો છે, પણ તને મારનાર દયા ચાહી બચી જાયછે. ગંભીરે કહ્યું કે મને કાંઇ વિશેષ વાગ્યું નથી મારી ફીકર કરશો નહિ. મારી ફીકરમાં તમે તમારો દૈવી ગુણ તજશોમાં. તમને સલામત જોઇ, મને મારો જખમ લગારે જણાતો નથી. દુરગાદાસે કહ્યું અરે! ઇનાયતખાન જોકે મારી ઇચ્છા નથી તથાપિ મારી આબરૂની ખાતર મારે તને જીવતો મૂકવો પડેછે તેં તારાં હથીઆર ફેંકી દીધાથી જોકે દુશ્મન છે તોપણ હથીઆર વગરનાને મારવો એ મારો ધર્મ નથી. અને તેથી બીન ગુનાહ અને હથીઆર વગરના વૃદ્ધ અરાડ મારૂ સરદારોને મારતાં તેં જે દયા તજી હતી તે દયા હું તારા ઉપર લાવી તને મરતો બચાવું છું. એમ કહી પોતાની કટાર કમરે ખોશી, દુરગાદાસે

ગુલામસિંગને કહ્યું કે ભાઇ, ઇનાયતખાનને તમારા સ્વાધીનમાં નાશી ન જાય એવી સંભાળથી રાખજો અને એના હોદ્દાને છાજતું માન આપજો. ઇનાયતખાન પડયાથી તથા તે શરણુ થયાથી તેના સર્વ સૈન્યે શરણે આવી હથીઆર છોડયાં. બીજી તરફ ભીમસિંગે અને સોનીંગે એવો તો મારો ચલાવ્યો કે દીલાવરખાન પાછો હઠયો. કરણસિંગ તેની પુંઠે પડયો અને તેને ગઢમાં નસાડયો. દીલાવરખાને ગઢ બંધ કર્યાથી કરણસિંગ પાછો વળ્યો. આ પ્રમાણે જોધપુર શહેર કબજે થયું. પણ તેનો ગઢ મજબુત હતો. એ ગઢ જોધપુર જે ડુંગરની તળેટીમાં છે તે ડુંગર ઉપર બાંધેલો છે. શહેરથી તેનો ચઢાણુ સુમારે બે મૈલ જેટલો છે. એ ચઢાણુ ચઢીને ગઢ જીતવાનો હતો. એ ગઢમાં હજુ પૂરતું લશ્કર હતું. તૈબરખાન આવતાં પહેલાં ગઢમાંનું સૈન્ય તાબે થવું જોઇએ, એવો દુરગાદાસનો વિચાર હતો તેથી ચઢાણ ઉપર ચઢીને ગઢ ઉપર તોપોનો મારો ચલાવવાની તેણે રચના રચી ને દીલાવરખાનને સંદેશો મોકલ્યો.

તૈબરખાન જોરાવર સૈન્ય લેઇ જોધપુર આવેછે એવા સમાચાર દીલાવરખાનને મળ્યા હતા. અને તે સૈન્ય રાત્રી પડતા પહેલાં આવી પહોંચશે એવી વકી હતી તેથી તેટલો વખત ગઢ દુસ્મનને કબજે જતો થોભાવવાની તેની મતલબ હતી તોપણ ગઢ કબજે આપવાનો સંદેસો આવ્યો જોઇ તેણે કિલ્લા ઉપરથી કહ્યું કે આ ગઢમાં હું મરતા સુધી લઢીશ, પણ એક બળવાખોર મારવાડીને આ કિલ્લો કબજે સોંપીશ નહિ. એટલુંજ નહિ પણ આજ સુધી વિજયસિંગને અને તેના કુટુંબને કેદ તરીકે રાખ્યાં હતાં તે આજે તમારી સમક્ષ તેમને ફાંસીએ લટકાવું છું. આ સાંભળી દુરગાદાસના ખેપીએ કહ્યું કે ત્યારે તો દુરગાદાસે કહાવ્યું છે કે જો વિજયસિંગ કે તેના કુટુંબનો એક વાળ વાંકો થશે તો જે મુસલમાનો આજે કેદી તરીકે અમારા કબજામાં છે તેમાંનો એક પણ જીવતો રહેશે નહિ. દીલાવરે કહ્યું કે અમે તમારા એવા ડરથી ડરવાના નથી. તૈબરખાન આવેછે, તે આવેથી તમો સર્વેની અમે ખબર લઇશું. રાજ્યદ્રોહી સાથે અમે કોઇ જાતનો સંબંધ રાખવા ઇચ્છતા નથી. માટે તમો પાછા જાઓ, ગઢની આશા મૂકો, નહિતો વિજયસિંગ ફાંસીએ લટકયા જાણજો. એટલામાં તેની પાછળથી કોઇ દગાખોર મુસલમાને દુરગાદાસ ઉપર ગોળી તાકી પણ લગાર ઉંચેથી ચાલી ગઇ. સઘળા રજપુતો દગો સમજી સજ થયા ને બંધુકો તીર છૂટયાં. તોપોના ધડાકા થવા મંડયા.

કિલ્લાની ભીંતો ધણધણીને પડવા લાગી. હવે દીલાવર સમજ્યો કે આપણે તાબે થવાનો વખત નજીક આવ્યો. તેથી તેણે વિજયસિંગને પકડી મગાવ્યા. ગળામાં દોરી ભેરવેલી હતી. ગાળો ખેંચવા જેટલી વાર હતી. દીલાવરે કહ્યું કે જુઓ તમારા વિજયસિંગ જાયછે. તમે પાછા જાઓ નહિતો વિજયસિંગ મુવા જાણજો. ગઢ દુરગાદાસના તાબામાં આવવાની અણી ઉપર હતો તે વખતે તેણે વિજયસિંગની આ સ્થિતિ જોઇ તે થોભ્યો. તેનાં માણસોને અટકાવ્યાં. પણ તેજ ક્ષણે વિજયસિંગ બોલી ઉઠયા કે વિજયી દુરગાદાસ મારવાડને સ્વતંત્રતા મળવાની આડે મારા દેહને લાવશો નહિ. મરવું એકવાર છે. મોડા કે વહેલા મરવું તો છેજ. તો મારવાડને સ્વતંત્રતા મળતી અટકાવીને જીવવું શા કામનું? માટે આવો. મારૂં ગમે તે થાઓ. આ સાંભળતાંજ દીલાવર ગુસ્સામાં બોલી ઉઠ્યો કે એને ફાંસી દો. આ વાક્ય સાંભતાંજ માનસિંગ ને ગભીર જુસ્સાબંધ વિજયસિંગજી તરફ જવાને દીવાલ ઉપર ચઢવા લાગ્યા. ફાંસી ખેંચનારનો હાથ અટકયો. તેણે જાણ્યું કે મારો સરદાર અવિચારી હુકમ આપેછે તેથી તથા વખતે વિજયસિંગને રજપુતો છોડવવા આવી પહોંચશે તો પછી મુશ્કેલી થશે એ દેહેશતથી તેમનો રક્ષપાળ તેમને પાછા બંધીખાને લેઇ ગયો.

આ તરફ લઢાઇ જોસબંધ ચાલી. હથીઆરો ઉછળ્યાં, બંધુકો ને તોપોના ધડાકા થવા લાગ્યા ને તીરનો વરસાદ વરસ્યો. બંને બાજુ જુસ્સાથી લડતી હતી તેવામાં દીલાવરખાન ઘાયલ થયો. તેણે સલાહનું કહેણ ચલાવ્યું. દુરગાદાસે કહ્યું કે વિજયસિંગ, તેમનું કુટુંબ અને ગઢ હવાલે સોંપ્યા સિવાય અમે સલાહના બોલ સાંભળતાનથી. દીલાવરે કહ્યું કે તમે નકામા અભિમાન કરોમાં અમે સલાહ માગતા નથી પણ માત્ર તમને એ બોલ કહેવા છે તે કહેતા સુધી લઢાઇ બંધ રાખવા કહીએ છીએ. તમે જો પાછા નહિ વળો તો વિજયસિંગ, તેમનું કુટુંબ અને સર્વ કેદી રજપુતોને ફાંસીએ લટકાવીશું. એટલું બોલેછે એટલામાં તો સર્વે કેદીઓને ગળામાં ફાંસીનાં દોરડાં ઘાલી ગઢ ઉપર ઉભાં રાખ્યાં. તેજબા, વિજયસિંગની બેન, લાલબા સર્વે રડતાં કકળતાં ત્યાં ઉભાં હતાં. દુરગાદાસે આ બનાવ જોઇ બુમ પાડી કહ્યું કે જો તેમનો વાળ વાંકો થયો તો ઇનાયતખાન આજ ક્ષણે નાશ પામશે. એમ બોલતામાં તો ઇનાયતખાનને લેઇ રામસિંગ અને કરણસિંગ હાજર થયા.

દુરગાદાસે ઇનાયતખાનને કહ્યું કે ખાન સાહેબ રણક્ષેત્રમાં મેં મારી

ઇચ્છા નહિ છતાં મેં તમારી જીંદગી બક્ષી હતી, પણ હું દીલગીર છું કે મારે તે ફરીને જોખમમાં નાંખવી પડેછે પણ તેની તમારાંજ માણસો મને ફરજ પાડેછે. તમે જુઓ કે વિજયસિંગને તેના કુટુંબને ત્યાં કેવી સ્થિતિમાં રાખ્યાં છે. જો હું મારા દેશને દગો દેઇ પાછો જાઉ તો એ તેમને જીવવા દે. પણ મારામાં શકિત છતાં હું શા માટે દગો દેઉં. માટે હું કહુંછું કે જે ક્ષણે વિજયસિંગ ફાંસીએ લટકયા કે તેજ ક્ષણે તમારાં ધડ શીંશ જૂદાં થયાં સમજજો. આ વચન સાંભળી દિલાવર ડર્યો. ઇનાયતખાનના કુટુંબનું પાદશાહી દરબારમાં કેટલું વજન છે તે એ જાણતો હતો. તેથી તે બોલ્યો કે ઇનાયતખાનને તમે લેઇ જાઓ અને તમારૂં લશ્કર બોલાવી લો તો વિજયસિંગ ને તેમના કુટુંબને પણ સલામત લેઇ જવામાં આવશે. અને સંધી માટે હું વિચાર કરી પાછળથી માણસ મોકલીશ. દુરગાદાસે કહ્યું કે હાલમાં તેમ કરવામાં આવશે. પણ સૂર્યાસ્ત થતા સુધીમાં કિલ્લો કબજે સોંપવામાં નહિ આવે તો અમને ફરીને ગઢ ઉપર હુમલો લાવવાની જરૂર પડશે.

દિલાવર સમજ્યો કે સાંજ સુધીમાં તૈબરખાન આવી પહોંચશે. હવે મારાથી રજપુતો ઠગાયા ખરા, એમ સમજી તેણે હા પાડી. દુરગાદાસ જાણતો હતો કે દિલાવરને વખત ગુમાવવાની મતલબ છે. પણ ઉપરનો ઠરાવ કરતા પહેલાં તૈબરખાન આવશે તેનું શું કરવું તે એણે નક્કી કરી રાખ્યું હતું, તેથી તેણે પોતાના લશ્કરને પાછું બોલાવી લીધું આ પ્રમાણે હાથ આવેલો લાગ ગુમાવ્યો એ વાત રાણા ભીમસિંગને ગમી તો નહિ, પણ તેને પોતાના સરદારના હુકમને તાબે થવું પડયું. દુરગાદાસે શહેરના રક્ષણાર્થે પૂરતાં માણસો રાખ્યાં ને બંદોબસ્ત કર્યો, રામસિંગ, રૂપસિંગ અને સોનિંગ એમને શહેરના રક્ષણાર્થે રાખ્યા. આણી તરફ દીલાવરખાન છૂપી રીતે કિલ્લામાંથી નીકળી તૈબરખાનની શોધ માટે નીકળ્યો ને તૈબરખાનના લશ્કરના હરોલના ભાગને જઇ મળ્યો.

પાછલો પહોર દીવસ બાકી હતો. એ વખતે દુરગાદાસ ને ભીમસિંગજી મળ્યા. દુરગાદાસે કહ્યું કે રાણા સાહેબ, હવે આપણે ગઢના રખવાળોની સહાયે તૈબરખાન આવેછે તેને રોકવાને જવું જોઇએ. બંને સૈન્ય એકત્ર થતા પહેલાંજ તેમને રોકવા એવું મારા ધ્યાનમાં આવેછે. એ સૈન્ય લગભગ આવી પહોંચ્યું હશે. તૈબરખાને ત્રણ ભાગ પાડી પોતાનું લશ્કર વહેંચી નાંખ્યું છે એ ત્રણ ભાગ પણ એકઠા થતા પહેલાંજ આપણે દરેક ભાગને

જૂદા જૂદા હરાવી શકીએ એવો સંજોગ બને તો તે લાભ કરતા છે. નાહતો એનું સર્વ સૈન્ય એકત્ર થયા પછી તેમને હરાવવા, એ આપણને ભારી થઇ પડશે. એનું સૈન્ય સીતેર હજાર છે અને આપણી પાસે શહેરના રક્ષણાર્થે રાખ્યું છે તે જતાં ભાગ્યે વીશ હજાર રહેશે. પણ એટલા વડે જો આપણને વિજય પ્રાપ્ત થયો તો પછી પાદશાહનો ભાર નથી કે આખા રાજસ્થાનમાં તેનો પગ ટકાવી શકે. માટે આપણે સત્વર જવું જોઇએ. કિલ્લો મજબુત છે તે જીતવામાં વખત રોકવાથી કદાચ તૈબરખાનના ત્રણે ભાગ એકઠા મળી આવી પહોંચે તો ગઢવાળું લશ્કર જોસપર આવત અને આપણું આખો દીવસ લઢીને થાકેલું સૈન્ય નિરાશ થાત. આ વિચારથી ગઢ જીતવાનું પડતું મૂકી તૈબરખાનનાં ત્રણે લશ્કરને છૂટાં છૂટાં હરાવવાં એજ બેહેતર છે એવો મારા મનમાં વિચાર આવ્યાથી ગઢવાળા સાથે મેં સંધી કરીછે. રાણા સાહેબની ખાતરી થઇ કે દુરગાદાસે ભૂલ કરી નથી. એનો વિચાર બરાબર છે. એટલે તેમણે કહ્યું કે લશ્કર તો સર્વ તૈયારજ છે. હવે ઢીલ શાની છે? આપ હુકમ આપો એટલે આ ચાલ્યા. આમ બોલી રાણા સાહેબ ઉઠયા કે સર્વ સરદારોને સંજ્ઞા કરી. નિશાન બંધ સર્વ સૈન્ય ગઢવાળા ન જાણે તેમ બહાર નીકળ્યું શહેર બહાર આવીને લઢાઇની ગોઠવણીમાં સર્વ સૈન્ય ગોઠવી આગળ ચાલ્યા. થોડે દૂર જઇ લઢાઇની જગા પસંદ કરી. ગુલાબસિંગ અને માનસિંગને એક બાજુએ અને ભિમસિંગને બીજી બાજુએ થોડું થોડું સૈન્ય આપી ઝાડીમાં રાખ્યા. મધ્યમાં પોતે રહ્યા ને એક બાજુએ પ્રથી ને બીજી બાજુએ ગંભીરને રાખ્યા ને પોતાના હુકમ વગર કોઇએ ચું કે ચાં કરવું નહિ એવી આજ્ઞા કરી.

અપૂર્ણ.

---

3. SEMENE VIRILE.

૩. જીવનબીજ વીર્ય.

વીર્ય, શુક્ર, ધાતુ, બીજ વગેરે વીર્યનાં નામો છે. એ વીર્યની ઉત્પત્તિ તમામ જંગમ પ્રાણીઓનાં શરીરમાંથી થાયછે.

रसाद्रक्तंततोमांसंमांसान्मेदःप्रजायते

मेदसोऽस्थिततोमज्जामज्ज्ञःशुक्रस्यसंभवः

અર્થ—રસમાંથી લોહી, લોહીમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી અસ્થિ (હાડકાં) અસ્થીમાંથી મજ્જા (ચરબી) અને મજ્જામાંથી વીર્ય થાયછે.

આવી રીતે સાત ધાતુઓમાંથી ઉત્તરોત્તર છેવટ વીર્ય થાય છે આ વીર્ય પ્રાણી જન્મે છે ત્યારે પણ સૂક્ષ્મરૂપે તેના શરીરની અંદર વ્યાપી રહેલું હોય છે.

बालानांशुक्रमस्त्येवकिंतसौक्ष्म्यान्नदृश्यते
पुष्पाणांमुकुलेगंधोयथासन्नपिनाप्यते
तेषांतदेवतारुण्येपुष्टत्वाद्व्यक्तिमेतिहि

બાળકોને વીર્ય છે પણ સૂક્ષ્મપણાને લીધે દેખાતું નથી. જેમ ફૂલની કળીમાં સુગંધી રહી છે પણ તેની સોરમ આવતી નથી. તે ફૂલ ખીલે છે ત્યારેજ તેની સોરમ આવેછે તેવી રીતે બાળક જુવાનીમાં પુષ્ટ થાયછે ત્યારેજ વીર્ય સ્પષ્ટ દેખાય છે.

આવી રીતે પુષ્પ ઉમરમાં પ્રાદુર્ભાવ થાયછે ને વૃદ્ધપણામાં ક્ષીણ થવાથી પાછું અદૃશ્ય થઇ જાયછે એટલે કરમાએલા ફૂલમાં વાસની પેઠે અદૃશ્ય થઇ જાયછે. આ નિયમ, વૃક્ષાદિ સ્થાવર પ્રાણી સર્વને લાગેછે. એટલે તેને બાલ્યાવસ્થામાં ફલાપ્તી થતી નથી. તેમ છેક જીર્ણ થાય છે ત્યારે પણ થતી નથી. પરંતુ મધ્ય અવસ્થામાં થાય છે. આ બીજ સૂક્ષ્મ રૂપે પ્રાણી રૂપજ છે કારણ તેમાં સૂક્ષ્મ રૂપે દરેક પ્રાણીઓના અંગનો સમાવેશ રહેલો છે.

આ ઠેકાણે કદા એવી શંકા ઉઠે કે સૃષ્ટી ઉત્પત્તિ વખતે પ્રથમ વીર્ય કે શરીર કારણ કે શરીરથી વીર્ય થાયછે ને વીર્યથી શરીર થાય છે. આવી શંકામાં કદી આપણે શરીરનુ કારણ વીર્ય માનીએ તો વીર્યની ઉત્પત્તિનું કારણ પણ શરીર માન્યા વિના ચાલે નહીં ને એવી રીતે જ્યારે અન્યોન્યન્ય કારણ માનીએ ત્યારે અનવસ્થિત (જેનો છેડો નહીં) દોષ આવે, પણ તેના સમાધાનમાં એટલુંજ છે કે સાર્થક રૂપે જોતાં વીર્ય તેજ શરીર ને શરીર તેજ વીર્ય છે. તેઓનું કાંઇ જૂદું રૂપ નથી. એતો જૂદે સ્થાને અને જૂદે રૂપે દેખાય છે. એટલે આપણે એપણું માનીએ છીએ અને એપણું માનીએ છીએ ત્યારે તેમાં પહેલું કયું તે જાણવાની ઇચ્છા કરીએ છીએ પણ જ્યારે એકજ હોય ત્યારે એવું જાણવાનો સંભવ રહેતો નથી

પણ વીર્યમાં વસ્તુ રૂપે જોતાં શરીરજ છે ને શરીરમાં વસ્તુ રૂપે વીર્યજ વ્યાપી રહ્યું છે માટે વીર્યમાંથી પ્રગટ થએલ શરીરજ દેખાશે ને શરીરમાંથી પ્રગટ થએલ વીર્યજ દેખાશે પણ તે બન્ને દેખાવો વસ્તુ રૂપે એકજ છે.

રસમાંથી ઉત્પન્ન થયેલ વીર્ય છ ધાતુની સાથે ઉત્તરોત્તર ચોખ્ખું થતાં છેવટ શુદ્ધ તત્વ રૂપે શુક્ર નામથી દેખાવ આપેછે.

यथासहस्त्रधाध्मातेनिर्मलेकिलकांचने

तथारसमुहुः पक्वेनिर्मलेशुक्रतांगते.

જેવી રીતે હજારવાર અગ્નીમાં તપાવ્યાથી ચોખું કાંચન થાય છે તેવીજ રીતે વારંવાર રસ પરિપકવ થવાથી ચોખ્ખું વીર્ય રૂપ થાય છે આ વીર્ય તેજ શરીરના સાર રૂપ (તત્વરૂપ) છે.

गर्भबीजंवपुःसारोजीवस्याश्रयमुत्तम्

जीवोवसतिसर्वेस्मिन्देहेतत्रावशेषतः

વીર્ય ગર્ભના બીજ રૂપ, શરીરના સાર રૂપ અને જીવના આશ્રય રૂપ છે. તેમજ દેહનું અવશેષ છે ને તેમાંજ જીવ રહેછે. માટે ખરેખરૂં જીવન વીર્યજ છે અને જ્યારે તેનો ક્ષય થાય છે ત્યારે શરીરનો પણ ક્ષણ માત્રમાં ક્ષય થઇ જાયછે.

वीर्येरक्तेमलेयस्मिन्क्षणियातिक्षयक्षणात्

જ્યારે વિર્ય, લોહી ને મળનો ક્ષય થઇ જાયછે ત્યારે શરીર ક્ષય અથવા ક્ષીણ થઇ જાયછે તે સર્વને અનુભવ હશે તો પણ તેનો દાખલો નીચે પ્રમાણે પ્રત્યક્ષ આપુંછું.

અનાજના છોડ બીજમાંથી પ્રગટ થાયછે. અને જ્યાંસુધી તેમાંથી જૂદું બીજ પ્રગટ નથી થયું ત્યાંસુધી તેની સુંદરતા, તેની કોમળતા, આપણી નજરે પડેછે પણ જ્યારે તેમાંથી બીજ પ્રગટ થઇ પરીપકવ થાયછે ત્યારે ઉપરના ગુણો નાશ થઇ છેવટ છોડનો નાશ થાયછે. આમ તમામ છોડો બીજહીન થવાથી નાશ થાયછે. તેમજ બીજાં મોટાં વૃક્ષો પણ બીજ જવાથી તેનો નાશ નહીં પણ તે સત્તા હીન એટલે ઝાંખા પડી જાયછે ને છેવટ પાનખર ઋતુમાં પૂર્વનાં પાંદડાં ખરી જઇ પછીથી જ્યારે નવાં પાંદડાં આવી સુશોભિત થાયછે ત્યારે તેમાં બીજ પેદા થાયછે. આવી રીતે ઇશ્વરી ક્રમ દરેક પ્રાણીમાં દેખાય છે મતલબ તેમાં બીજ કે વૃક્ષનો નાશ નથી પણ

બીજમાંથી વૃક્ષ રૂપે ને વૃક્ષમાં બીજ રૂપે ચાલુ યથા ક્રમ દેખાય છે. જ્યારે બીજમાં વૃક્ષ વ્યાપી રહેલું હોય ત્યારેજ બીજની સુંદરતાની સાથે પૂર્ણતા દેખાય છે તેમજ વૃક્ષમાં જ્યાંસુધી બીજ વ્યાપી રહેલું હોય ત્યાંસુધી વૃક્ષની સુંદરતા ને પૂર્ણતા દેખાય છે. પણ એક એકનાથી જુદું પડેછે ત્યારે પેલું સત્તાહીન નિઃસાર થઇ જાયછે.

यस्यप्रवृद्धौदेहस्यतुष्टिपुष्टिबलोदयाः

यन्नाशेनीयतेनाशोयस्मिन्‌तिष्ठतिजीवनं

निष्पन्नंतेततोभावाविविधादेहसंश्रयाः

उत्साहप्रतिमाधैर्यलावण्यसुकुमारता

જ્યારે વીર્ય શરીરમાં વૃદ્ધિ થઇ રહેછે ત્યારે શરીરની તુષ્ટી પુષ્ટી ને બળનો ઉદય થાયછે. અને જો તેનો નાશ થાય તો શરીરનો પણ નાશ થાયછે માટે જીવન તે વીર્યમાંજ રહ્યું છે ને તે જો શરીરમાં વ્યાપી રહ્યું હોય તોજ શરીરના આશ્રયી અનેક ભાવો પ્રગટ થાયછે. જેવાકે ઉત્સાહ, પ્રતિમા, ધૈર્ય, સુંદરતા, કોમળતા, હિમ્મત, વિવેક, દયા, દ્રઢતા, આગ્રહ વગેરે અનેક ગુણો રહેછે પણ જો હીન થાયછે તો ઉપરના તમામ ગુણો હીન થઇ જાયછે

આથી ઉપયોગી અમુલ્ય અને ખરૂં જીવન રૂપ જે વીર્ય છે તેને સાચવવાની કેટલી જરૂર છે તે ઉપરના વિવેચનથી માલમ પડી આવશે. તેમ છતાં તે સાચવવા વાસ્તે સર્વ ધર્મોની અંદર ધર્માચાર્યોએ મજબૂત બંધન રૂપ નિયમ બાંધ્યા છે. તેમ થવાથી ઘણીક રીતે સચવાય છે અને તે સચવાય છે ત્યારેજ દરેક પ્રાણીએ કરવા માંડેલાં કામ સિદ્ધ થાય છે.

આર્ય ધર્મ શાસ્ત્રની અંદર બાલ્યાવસ્થાથી ૪૮ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય અવસ્થા પાળી વિદ્યાભ્યાસ કરવો. મતલબ તેટલા વખતમાં શરીરની અંદર વીર્ય સંચીત હોય ત્યારેજ વિદ્યા સંપાદન થાય. રણસંગ્રામમાં પણ બ્રહ્મચર્ય સ્થિતિ પાળવી જોઇએ અને તેમ કરવાથીજ જય થાય છે પ્રાચીન ઇતિહાસનું મૂળ જે મહાભારત તેની તરફ નજર કરતાં ભીષ્મપિતા જેવા મહા પ્રતાપી વીરનું વીરત્વ વીર્ય સંચયથીજ પ્રગટી આવ્યું છે ને તેના પ્રતાપથીજ, જે મોત, ઇંદ્રાદિને પણ છોડે નહીં તે મોતને સ્વાધીન રાખી પોતાની ઇચ્છા પ્રમાણેજ દેહ ત્યાગ કર્યો છે. તેમજ અશ્વત્થામા, હનુમાન, કપિલ, શુકદેવ વગેરે માહા યોગી પુરૂષો આજ સુધી ચિરંજીવી છે એમ દરેક પુરાણમાં લેખ

છે ને લોક વાયકા પણ ચાલેછે.

વળી કેટલાક ધર્માચાર્યો જેવાકે, બુદ્ધ, શંકર, ઇશુ વગેરેએ પોતાનું વીર્ય સંચય કરી કર્તવ્ય કર્મ સિદ્ધ કરી આપ્યું છે એમ તેઓનાં જન્મ ચરિત્ર પરથી માલમ પડેછે.

વળી યજ્ઞાદિ દેવ કર્મ, શ્રાદ્ધાદિ પિત્ર કર્મ, પુરશ્ચરણાદિ ઇષ્ટ કર્મ, વિવાહાદિ ષોડષ કર્મ ઇત્યાદિ સર્વ કર્મોની અંદર બ્રહ્મચર્ય ધર્મ એટલે વીર્ય સંચયનો ક્રમ ગોઠવેલો છે અને તેમ કરવાથી આરંભિત કર્મો સિદ્ધ થાયછે એમ માન્યું છે વળી સંસાર છોડી ઇશ્વર ભજન કરવું તેમાં પણ વીર્ય સંચયનું દ્રઢ બંધન રાખેલું છે અને એમ કરે છે ત્યારેજ ઇશ્વર ભજન યથાર્થ થાય છે.

વળી જાનવરોમાં ગોધલા, અને ખસી કરેલા ઘોડાઓ વીર્ય સંચયપણાને લીધે જેવા બળવાન અને દીર્ઘાયુ થાયછે. તેવાં તેની જાતનાં બીજાં જાનવરો હોતાં નથી આ પ્રત્યક્ષ પ્રમાણ છે. તે વીર્ય શરીરમાં વ્યાપી રહેછે ત્યારેજ બળવાન થવાય છે.

यथापयासिसर्पिस्तुगूढश्चेक्षुरसोयथा

एवंहिसकलेकायेशुक्रंतिष्ठातिदेहिनाम्

દૂધની અંદર ઘી ને શેલડીની અંદર તેની મીઠાશ વ્યાપી રહેછે તેવીજ રીતે શરીરના તમામ ભાગમાં વીર્ય વ્યાપી રહેછે.

અબુધ જનો આવી રીતે વીર્ય સંચયના યથાસ્થિત ગુણ ન જાણે અને તેને લીધે વીર્ય સંચયને બદલે કુછંદમાં પડી વીર્ય હીન થઇ જાય, વીર્ય હીન થવાથી સત્તાહીન થાય ને સત્તા હીન થવાથી તેનાં કર્તવ્ય કર્મ ન થાય, કર્તવ્ય કર્મ ન થવાથી સમગ્ર આર્ય દેશ પરાધીન થાય, પરાધીન થવાથી મહા દુઃખના સંકટમાં આવી પડે. માટે આવી રીતે માનવી જાતિ દુઃખમાં ગરકાવ ન થાય તેને વાસ્તેજ પરોપકારી ધર્માચાર્યોએ વીર્ય સંચય રૂપી ધર્મ, ધર્મની અંદર પ્રભુત્વરૂપે ગોઠવેલ છે.

આ વીર્ય સંચય ધર્મ કેવળ આર્ય ધર્મોની અંદર છે એટલુંજ નહી પણ મુસલમાન, ખ્રીસ્તી, જરતોસ્ત વગેરેના ધર્મોની અંદર પ્રધાન રૂપે રહેલ છે.

પણ અફસોસ કે આધુનિક કાળમાં બાળલગ્ન, રૂઢી ધર્મ, અનાસ્થા, દારૂ, વ્યભિચાર ઇત્યાદિઓએ વીર્ય સંચય ધર્મ તોડી પ્રજાને તેથી બહિર્મુખ કરી બાયલી બનાવી દીધી છે.

આપણા ધર્મશાસ્ત્રોની અંદર વિવાહ કર્યા પછી જ્યારે સ્ત્રીને રૂતુ આવે ત્યારેજ સંગ કરવો, અન્યથા કરવો નહીં.

ऋतौभार्यामुपेयात्

ઉપરના વચનથી ઇશ્વરી ધર્મજ એવોજ છે કે સર્વ જંગમ પ્રાણી ઋતુ વખતેજ કામેચ્છા કરેછે પણ ઋતુ વિના તે વાતની કાંઇપણ તેને ઇચ્છા થતી નથી. આ પ્રત્યક્ષ વાત સર્વને દૃષ્ટિ સિદ્ધ છે. તેવીજ રીતે માનવી સૃષ્ટિમાં માસે માસે ઋતુ દેખાય છે અને જ્યારે ઋતુ દેખાય છે ત્યારેજ સ્ત્રીસંગ કરવો એમ ઉપરના જાનવરી દાખલાથી ઇશ્વરી ક્રમ છે એમ સિદ્ધ થાયછે ને તેથીજ ઉપરનું વેદ વચન પ્રમાણ છે.

ઋતુ શબ્દનોજ એવો અર્થ છેકે અમુક બનાવ અમુક વખતેજ બનવો. માટે રજોદર્શન નિયમિત વખતે થાયછે ત્યારે તેને ઋતુ આવ્યું કહેછે તેથી તેટલાજ વખતને કામેચ્છાની રૂત સમજવી. અન્યથા વીર્ય ક્ષય કરી વીર્યહીન થઇ જીંદગાની ઓછી કરવી નહીં. વીર્ય સંચય શરીરમાં વ્યાપી રહેલ હોય, તોજ લાંબો વખત જીંદગાની ટકે છે.

ઉપરનું તમામ બયાન સ્ત્રીજાતિને પણ લાગુ પડેછે કારણ તેને પણ વીર્ય છે તેઓ જ્યારે વીર્ય સંચય કરેછે ત્યારે ઉપર દર્શાવેલા ફાયદા તેમને પ્રાપ્ત થાયછે.

આથી સર્વ માનવી જાતિએ વિચાર કરવો કે ઇશ્વરે સર્વ જાતનાં જંગમ પ્રાણીને ઋતુ વખતેજ કામેચ્છામાં પ્રેર્યા છે ત્યારે આપણે અહર્નિશ અનિયમિત વખતે કામેચ્છા કરી વીર્ય ક્ષય કરી નાખીએ છીએ તેથી કેટલું નુકશાન થાયછે. પોતાની સ્ત્રી સાથેજ આમ નિયમિત કામેચ્છા રાખવી જોઇએ તેને બદલે સ્ત્રી લંપટ ને વ્યભિચારી પુરૂષો પોતાનું આયુષ્ય, પોતાનું બળ, પોતાનું દ્રવ્ય, પોતાનો વખત, ને ખરૂં જોતાં પોતાના તમામ શ્રેષ્ઠ ગુણો કેવા પાયમલ કરી નાંખેછે? તેમજ કેવા આબરૂ હીન થઇ મનુષ્યજાતિના તિરસ્કારપણાને પામે છે તે સહજ અનુભવમાં આવશે.

રામજી કાનજી પાઠક.

4. GRANVILSHARPS.

૪. ગ્રાન્વિલશાર્પ.

(સાંધણુ પૃષ્ટ ૧૮૫મેથી).

એ અરસામાં લંડનમાં હબશીઓને ચોરી ચોરીને વેચવાને માટે ઉ-વેસ્ટ ઈંડીઝના બેટ તર્ફ જે વહાણો ચલવાનાં હતાં, તેમાં લઇ જઇને ભરવા માંડયાની વાતો એને કાને આવી. શાર્પના હાથમાં એવું કોઇ પણ કામ આવતું કે, તે હબશીને બચાવવાને તરત અદાલતમાં મુકદમો દાખલ કરતો; જેમકે ઉદાહરણ, એક હાઇલાસ નામનો આફ્રીકાનો હબશી હતો. તેની સ્ત્રીને પકડીને કોઇએ બાર્બેડોઝ ખાતે ચઢાવી દીધી. એ વાત શાર્પના જાણવામાં આવતાં, તેણે તે ઓરતના ધણી હાઇલાસના નામથી આવું બદ કામ કરનારના ઉપર કાયદેસર કામ ચલાવવા માંડ્યુ; અને નુકસાનીના અવેજ સાથે તેણે હુકમ-નામું મેળવ્યું; અને હાઇલાસની બાયડીને બાર્બેડોઝથી પાછી ઈંગ્લંડમાં આ-ણીને છોડી મૂકાવી

ઈ. સ. ૧૭૭૦માં એક હબશીને જોર જુલમથી પકડીને તેના ઉપર ખૂબ ઘાતકીપણું વાપરવામાં આવ્યું. એ નીચ કામના કરનારાઓની ખોળમાં તે તરતજ મંડી પડયો. લુઇસ નામનો એક હબશી હતો. તેને અંધારી રાતે બે પખાલીઓએ પકડયો. એક સખ્સ એમ કહેતો હતો કે એ હબશી મારો ગુલામ છે, મારી મિલકત છે. તેણે એ બે ભીસ્તીઓ પાસે એ કામ કરાવ્યું. તે બાપડા આફ્રિકનને નદીના પાણીમાં ઘસડતા ઘસડતા લઇ જઇને હોડીમાં ઉ-પાડીને ઝીકયો. ત્યાં પછી એના મ્હોંમાં ડુંચો ઘાલીને એના હાથ પગ બાંધી દીધા. હવે, તે હોડીને હલેસાં મારીને એક વહાણ આગળ આણીને તેને વહા-ણમાં નાખ્યો. એ વહાણ જમેઇકા[૧] જવાનું હતું. તે બેટમાં આવ્યા બાદ એ ગુલામનો જે ઘરાક થાય, તેને વેચાતો આપવાનો હતો. પણ દૈવયોગ એવો બન્યો કે એ હબશીએ પકડાતા વારમાં જે બૂમો પાડી હતી, તેથી આસપાસના

૧ જમેઇકા, ઉવેસ્ટ ઈંડિઆ અથવા આંટલીઝ ટાપુમાંનો એક ટાપુ. ઈ. સ. ૧૪૯૪માં કોલમ્બસે શોધી કાઢયો. એ નામનો અર્થ 'જંગલ તથા પાણી-ની જમીન' એમ થાયછે. પ્રથમ સ્પેઇનના તાબામાં હતો. હાલ અંગ્રેજના તાબામાંછે. ક્ષેત્રફળ, ૬,૪૦૦ ચોરસ માઇલ, વસ્તિ, ૫,૦૭,૦૦૦.

પાડોશીઓના જાણવામાં આવી ગયું; તેમાંથી એક જણ તરતજ મિ. ગ્રાન્વિલ શાર્પ પાસે ગયો; અને આ જુલમી બનાવની વાત કહી સંભળાવી. મિ. શાર્પ હબશીઓનો 'ખેરખા દોસ્ત' ગણાતો હતો. લુઇસને છોડાવી લાવવાને શાર્પ તરતજ સરકારી અદાલતનો હુકમ મેળવીને ગ્રેવ્ઝેંડ[1] પહોંચ્યો; ત્યાં આવીને તપાસ કરતાં તેને ખબર મળી કે, વહાણુ તો ડાઉન્સ[2] જવાને નીકળી ચૂક્યું. તે વહાણને રોકવાને અને સ્પિટહેડ[3]થી આગળ ન વધવા દેવાને શાર્પે સરકારનો હુકમ મેળવીને ત્યાંના અધિકારી ઉપર મોકલાવી દીધો; અને તે વહાણ ઇંગ્લંડની હદ છોડીને જતાં પહેલાં તે હુકમ બજાવવામાં આવ્યો. તે વખત તે બાપડો ગુલામ તે વહાણના વચલા કૂવા સાથે સાંકળે બાંધેલો પડયો હતો. તે આંસુથી ગરકાવ થઇ ગયો હતો; અને ઇંગ્લંડની સ્વતંત્ર ભૂમિ તર્ફ દયામણે ચહેરે જોયા કરતો હતો. હુકમ પહોંચતાંજ તેને તરત છૂટો કરવામાં આવ્યો; તેને પાછો લંડનમાં આણ્યો; અને આવું કરપીણ કામ કરનારને પકડવાને પોલીસના પાળા છૂટયા. મિ. શાર્પે એ કામમાં જે સમય-સૂચકતાથી નજર પહોંચાડીને, તનમનથી છાતી રાખીને કામ બજાવ્યું, તે હદબેહદ હતું; એમ છતાં 'મેં એ કામમાં સુસ્તી રાખી' એમ કહીને તે પોતાનો દોષ કાઢતો. એ મુકદ્દમાની તપાસ લૉર્ડ માન્સફીલ્ડ આગળ ચાલી. આગળ અમે જણાવી ગયા છીએ, તે વાત વાંચનારને યાદ હશે કે એ બાબતમાં એ ન્યાયાધિકારીનો વિચાર ગ્રાન્વિલ શાર્પના વિચારથી કેવળ વિરૂદ્ધ હતો. તથાપિ એ મુદ્દાના સવાલનું ન્યાયાધીશે નિરાકરણ ન કર્યું; અને ગુલામ પોતાના અંગની સ્વતંત્રતાનો હક રાખી શકેછે કે નહીં, તેનું છેવટ આણ્યું નહીં; પણ આ લુઇસ નામના સખ્સ ઉપર જે માણસ દાવો કરેછે, તેની એ નામની પણ મિલકત છે, એવો પુરાવો પ્રતિવાદી રજુ કરતો નથી, તેથી એ હબશીને છોડી મૂકવામાં આવે છે, એવો ઠરાવ કરીને મુકદ્દમો માન્સફીલ્ડ સાહેબે અધરથી ઉડાવી નાખ્યો.

આમ થવાથી ઇંગ્લંડમાં ગુલામ પોતે સ્વતંત્ર છે કે ઢોરઢાંખરની પેઠે તેનું વેચાણ થઇ શકે, એ મોટા સવાલનો હજુ કંઇ નિકાલ આવ્યો નહીં;

---

૧ ગ્રેવ્ઝેંડ, ઇંગ્લંડમાં કેંટ પરગણાનું બંદર, લંડનથી બાર ગાઉ થાય છે. વસ્તિ, ૨૧,૧૮૩.

૨ ડાઉન્સ, ઇંગ્લંડના અગ્નિ ખૂણામાં ઉત્તર સમુદ્રની ખાડી. અહીં વહાણ લાંગરે છે.

૩ સ્પિટહેડ, ઇંગ્લંડમાં પોર્ટસ્મથનું બંદર.

પણ મિ. શાર્પ તો તેના પરોપકારી ઉદ્યમ પાછળ એક ચિત્તે ચોંટયોજ રહ્યો. અખંડ મહેનતમાં મંડયો રહેવાથી અને ત્વરાથી એવાં કામ ઉપાડી લેવાથી, તેણે ઘણા હબશીઓને દાસત્વ-બંધનમાંથી છોડવ્યા. આખરે જેમ્સ સૉમર્સેટનો અગત્યનો મુકદ્દમો ઉઠયો. એમ કહેવાય છે કે, એ મોટા વાંધાનું યથાન્યાય સ્પષ્ટ નિરાકરણ કરવાના હેતુથી લૉર્ડ માન્સફીલ્ડ તથા મિ. શાર્પની પરસ્પર ઇચ્છાથી એ કામ ઉપાડવામાં આવ્યું. સૉમર્સેટ નામના ગુલામને એના શેઠે પરદેશમાંથી ઇંગ્લંડમાં આણીને પછી રખડતો મૂક્યો હતો. પછીથી તેના શેઠે તેને પકડીને જમેઇકામાં તેને વેચી દેવાને માટે મોકલવાનો વિચાર કર્યો. પોતાના હમેશના દસ્તૂર મુજબ મિ. શાર્પે એ હબશીનું કામ તરતજ પોતાના હાથમાં લીધું; અને અદાલતમાં તેનો બચાવ કરવાને તેણે વકીલ કર્યો. લૉર્ડ માન્સફીલ્ડે જાહેર કર્યું કે, આ મુકદ્દમો એટલા મોટા મહત્વનો અને સર્વેને નિસ્બત ધરાવનારો છે કે એમાંના મુદ્દા ઉપર હું વરિષ્ટ અદાલતના સઘળા ન્યાયાધીશોનો અભિપ્રાય લેવાનો વિચાર રાખું છું. મિ. શાર્પને હવે લાગ્યું કે, મારી સામા યુદ્ધમાં બધું સૈન્ય ઉભું રહેશે, તેથી મારે મારૂં સઘળું જોર હવે કાઢવું પડશે. તે તેના સંકલ્પમાં અડગજ રહ્યો; લવલેશ પણ ચસ્યો નહીં. આ મહાભારત રણસંગ્રામમાં તેના શસ્ત્રોએ, તેના સારા ભાગ્યે, શત્રુઓનો પરાભવ કરવા માંડયો હતો; સામા પક્ષનાં માણસોનાં મન શાર્પની દલીલોથી ડગવા લાગ્યાં હતાં. દીનપરદીન એ વાતમાં લોકો વધારે લક્ષ દેવા લાગ્યા, અને ઘણા નામાંકિત ન્યાય-નિપુણ પંડિતો ખુલ્લી રીતે એના પક્ષમાં પોતાનો મત આપીને બોલવા લાગ્યા.

વડા ન્યાયાધીશ લૉર્ડ માન્સફીલ્ડે, ત્રણ મદદનીશ ન્યાયાધીશોની સહાયતાથી અંગ-સ્વાતંત્ર્ય, જે ધૂળી રહ્યું હતું, તેનો યથાન્યાય ફેંસલો કર્યો. કોઇ માણસે જનમંડળ વિરૂદ્ધ ગુન્હો કરીને અંગ-સ્વાતંત્ર્ય ખોયું હોય, તેની વાત જૂદી છે; પરંતુ, એવા ગુનાહિત માણસો સિવાયના દરેક આદમીને ઇંગ્લંડ દેશમાં પોતાના અંગ ઉપર પોતાનોજ કુલ હક છે કે નહીં, તેનુ નિરાકરણ કરવાને માટે ઇંગ્લંડના કાયદા કાનૂનનું તથા ન્યાયશાસ્ત્રના મૂળતત્વનું સંપૂર્ણ રીતે અંતર્શોધન કરવામાં આવ્યું. આ મોટા મુકદ્દમાનો આ ઠેકાણે હેવાલ આપવાની જરૂર નથી. એ બાબત ઉપર દલીલો ઘણી લાંબી ચાલી; લાંબી રજા પડતા સુધી એ મુકદ્દમાનું છેવટ આવ્યું નહીં. અદાલત ખુલતાં વળી એ કામ ચાલ્યું; તે વળી મુલતવી રાખવામાં આવ્યું; એમ તેને માટે ઘણીવાર

મુદતો પડી; તે ઘણીવાર મુલતવી રાખવામાં આવ્યું; પણ છેવટે ગ્રાન્વિલ શાર્પના લઘુ પુસ્તક ઉપર આધાર રાખીને એ પક્ષના વકીલોએ દલીલો કરીને લૉર્ડ માન્સફીલ્ડના સમર્થ મનને ધીમે ધીમે એવું તો વાળ્યું કે ફતેહનાં નિશાન ફરક્યાં; અને લૉર્ડ માન્સફીલ્ડે જાહેર કર્યું કે, આ કોર્ટ હવે એવા તો એકજ ચુસ્ત વિચારની થઇછે કે, તેને હવે બારે ન્યાયાધીશોનો અભિપ્રાય પૂછવાની જરૂર જણાતી નથી. તેણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે ગુલામગીરીનો દાવો અહીં કદી પણ ચાલી શકે એમ નથી. ગુલામોને પોતાની મિલકત ગણવાની સત્તા ઇંગ્લંડમાં કોઇ પણ દિવસ આગળ વપરાઇ નથી; તેમજ કાયદાએ એવી સત્તા કદી કબુલ રાખી નથી; તેથી જેમ્સ સૉમર્સેટ નામના શખ્સને છોડી મૂકવામાં આવેછે. આવી રીતનો પોતાના લાભનો ફેંસલો થવાથી, અત્યાર સુધી લિવર્પુલ તથા લંડનના બજારમાં ગુલામો વેચવા સાટવાનો ધંધો ખુલ્લી રીતે ધમધોકાર ચાલતો હતો, તેનું ગ્રાન્વિલ શાર્પે મૂળજ ઉખેડી નાખ્યું. વળી, તે ઉપરાંત તેણે એક કીર્ત્તિમય સિદ્ધાંત સ્થાપ્યો. તે એ હતો કે કોઇપણ ગુલામ ઇંગ્લંડની હદમાં પગ મૂકે, તેજ ક્ષણે તે ગુલામગીરીના બંધનમાંથી મુક્ત થાય છે. લૉર્ડ માન્સફીલ્ડે જે આ મોટો ઠરાવ બહાર પાડયો, તે મિ. શાર્પે પહેલેથી તે છેલ્લે સુધી એ મુકદ્દમાના હંગામમાં અડગ હિમ્મત, દૃઢતા અને વીરત્વ બતાવ્યાં, તેને લીધેજ વિશેષ કરીને થયો, એમાં કંઇ શક લાવવા જેવું નથી.

ગ્રાન્વિલ શાર્પના જીવનચરિત્રનું હવે વિશેષ સંશોધન કરવાની જરૂર નથી. હરેક સારા કામમાં તે અથાક મહેનતથી મંડી પડતો. દાસત્વ-બંધનમાંથી મુક્ત થએલા હબશીઓને રહેવાને માટે સિએરા લેઇઓનેઇ[1] નામનું સંસ્થાન વસાવવામાં એ પુરૂષજ કર્ત્તા-હર્તા હતો. અમેરિકાના સંસ્થાનોમાં ત્યાંના અસલી ઇંડિઅન રહેવાસીઓની હાલત સુધારવાને તે મહેનત કરવા લાગ્યો. અંગ્રેજ લોકના હક રાજ્યના કારભારમાં વધારવાને અને તેનો પ્રસાર કરવાને તેણે ચર્ચા ઉઠાવી; અને નૌકા-ફોજમાં ખલાસીઓને વેઠે પકડી જઇ, તેમની પાસે બળાત્કાર નોકરી કરાવવાના રશમને તોડી નાખવાને તેણે યત્ન કર્યો. ગ્રાન્વિલ શાર્પનો એવો મત હતો કે, આફ્રિકાના હબશીનું જેવી રીતે આપણો કાયદો રક્ષણ કરેછે, તેવીજ રીતે ગ્રેટ બ્રિટનના

૧ સિએરા લેઇઓનેઇ, આફ્રિકાખંડના પશ્ચિમ કાંઠાનો પ્રાંત, ઇ. સ. ૧૮૦૭થી એ ઠેકાણે છુટેલા હબશી ગુલામોને રાખવા માંડયા. વસ્તિ. ૩૭,૦૦૦.

એક ખારવાને પણ એજ કાયદાનું રક્ષણ મળવાનો હક છે. તેને કદાચ્ ખલાસીનો ધંધો કરવાનું ગોઠયું, તેથી તે અંગ્રેજ મટી જતો નથી; અંગ્રેજી પ્રજા તરીકેના તેના હક રદ થતા નથી. અંગ્રેજી રૈયતના સઘળા હ-કોમાં શારીર-સ્વાતંત્ર્યનો હક હું પહેલે દરજ્જે ગણુંછું, એમ તે કહેતો. ઈંગ્લંડ તથા અમેરિકાનાં તેનાં સંસ્થાન-નિવાસીઓમાં મિત્રાચારીનો મેળ કરવાને તેણે મહેનત તો કરી; પણ તેમાં તેનું વળ્યું નહીં. ઇંગ્લંડ તથા અમેરિકાની વચ્ચે, પાંડવ-કૌરવની પેઠે, જ્યારે ભ્રાતૃયુદ્ધ મચી રહ્યું, ત્યારે આવા અસ્વાભાવિક મનસ્વી કાર્યમાં કોઇ પણ પ્રકારે પોતે સહાયભૂત ન થવું, એવો નિશ્ચય કરીને તેણે તોપખાનામાંથી પોતાની નોકરીનું રાજીનામું દઇને તે નીકળી ગયો. તે કેવો પાક દિલનો અને સાચવટવાળો માણસ હશે, તે એ ઉપરથી જણાશે.

ગુલામગીરીનું નિકંદન કરવું, એજ એની જીંદગીનો મોટો ઉદ્દેશ હતો. તે કામ પાછળ તે મરતા સુધી મંડયોજ રહ્યો. આ કામ આગળ ચલાવવાની મતલબથી, અને એ કામને પુષ્ટિ આપવાને નવા નવા માણસો નીકળવા માંડયાં. તેમના પ્રયત્નને એક રાહ ઉપર લાવવાના વિચારથી 'ગુલામગીરીની બેડી તોડનારી સભા' તેણે સ્થાપન કરી; અને શાર્પની રહેણી-કરણી તથા ઉત્સાહ જોઇને નવાં માણસો તેને મદદ કરવાને આગળ કૂદી પડયાં, તેના જુસ્સાની વીજળી તેમનામાં પણ પેઠી, અને એકલે હાથે તેણે આટલી મુદ્દત સુધી જે હોંસ ઉલટથી પોતાનું સર્વસ્વ અર્પણ કરીને મજુરી કરી હતી, તેની અલૌકિક અસર આખી પ્રજામાં થઇ ગઇ. તેનું આ મહત્કાર્ય કલાર્કસન, ઉવિલ્બર્ફોર્સ, બ્રૂઅમ તથા બકસટને ઝડપી લીધું; તેઓએ પણ એની માફકજ મહેનત કરવા માંડી; એનાજ જેવો ઉત્સાહ અને દૃઢ સંકલ્પ તેમણે દર્શાવ્યો; અને છેવટે, ગ્રેટ બ્રિટનનાં તમામ રાજ્યોમાંથી ગુલામગીરીનું નામ પણ નીકળી ગયું. અગર આ મહાભારત કામની સિદ્ધિ ખાતે અમે ઉપર જે નામ ગણાવ્યાં છે, તેટલાંજ નામ હરવખ્ત ગણાવવામાં આવેછે, તોપણ ખરેખરૂં જોવા જઇએ, તો ગ્રાન્વિલ શાર્પનોજ સાચો ગુણ માનવો ઘટેછે; એમાં કોણ ના કહેશે? તેણે જ્યારે એ મોટું કામ હાથમાં લીધું, ત્યારે દુનિઆંએ 'વાહ વાહ' કે 'શાબાશ'ના પોકારથી એને વધાવી લીધો ન હતો. તે જમાનામાં જેઓ ન્યાયનિપુણ મહાપંડિતો હતા, તે સઘળાના મત એની વિરૂદ્ધમાં હતા, અને ઘણાં ઊંડાં મૂળ ઘાલીને

જે વહેમી રીવાજ લોકોમાં દાખલ થઇ ગયો હતો, તે પણ એની સામા હતો. એ પંડે એકલોજ હતો. કેવળ આપ-બળથીજ અને પંડના ખરચથીજ તેણે આ દેશના ન્યાયના બંધારણને માટે અને બ્રિટિશ પ્રજાની સ્વતંત્રતા જાળવવાની ખાતર જગત-વિખ્યાત યુદ્ધ મચાવીને જય મેળવ્યો; તેવો હાલના જમાનામાં બીજો દાખલો મળવો મુસ્કેલ છે. જે રૂડાં ફળ નીપજ્યાં, તે તેની અથાક મહેનત અને અપરિમિત દઢતાથી મળ્યાં છે, એમ જાણવું. તેણે એક એવો અગ્નિ પ્રગટ કર્યો કે તેથી બીજા માણસોનાં મન પણ પ્રકાશી નીકળ્યાં; અને તે ઉત્સાહ-અગ્નિની રોશની આગળ જતાં સઘળે ઠેકાણે પ્રસરી ગઇ.

---

5. THE ARYAN MEDICINE AND RELIGION.

૫. આર્યવૈધક શાસ્ત્ર તથા આર્ય ધર્મશાસ્ત્રનું ઐક્યમત.

(સાંધણ ૧૮૮મેથી).

ચરકાચાર્યે પ્રથમ દેવ પૂજાનું લખ્યું અને સ્મૃતિ ગ્રંથમાં પણ પ્રથમ દેવસેવાનું લખે છે આ બન્ને વાત સાંભળી ટચાક મગજના અર્ધદગ્ધ લોકોને આર્ય વૈધકની તથા ધર્મશાસ્ત્રની આ વાત વહેમી અને ટુંકા વિચારની માલુમ પડશે. અને કોઇ ગોટપીટ કરનારો કહેશે કે દરરોજ સ્વચ્છ હવામાં ફરવા જવું, શરીર તથા ઘર સુગંધી અને સાફસૂફ રાખવાં તેથી શરીર નિરોગી રહે છે. આ બોધ અધબળ્યાના મનમાં તરત ઉતરશે. અને એમ થવું સંભવિત છે કારણ કે તેમના ઉપલકયા વિચારો છે તેથી આર્યશાસ્ત્રોનું ગાંભીર્ય એકદમ કયાંથી સમજાય. આવી અણસમજને લીધેજ આધુનિક પ્રજાના મનમાં આપણા શાસ્ત્રોના મહિમાનો ખ્યાલ આવતો નથી. તેઓની શુધબુધ ઠેકાણે લાવવા તથા આપણા શાસ્ત્રોની ગંભીરતા સમજાવી તેનું ખરૂં મહાત્મ્ય પ્રગટ કરવા દેવસેવા વિષેનો ખુલાસો અમો નીચે લખી જણાવીએ છીએ.

સાદી રીતે સમજીએ તો આ અખિલ બ્રહ્માંડનો અને આપણો પેદા

કરનાર દેવ જે ઇશ્વર તેની પૂજા કરવી જોઇએ- આ વાત સર્વ આસ્તિક મનુષ્ય તો બિન તકરારે કબુલ કરશેજ પણ युक्तिरेवशास्त्रं "યુકિત એજ શાસ્ત્ર" એમ માનનારાઓને યુકિતથી અમો સિદ્ધ કરી આપીએ છીએ. સાફસુફ રહેવાનો નિયમ જેવી રીતે આસ્તિક પાળી શકશે તેવી રીતે નાસ્તિક કદી પાળી શકવાનો નથી કારણ કે આસ્તિકની સ્વચ્છતા ધર્માચરણ નિમિત્તે પ્રભુ પ્રીત્યર્થ છે અને નાસ્તિકની સ્વચ્છતા શરીર સંરક્ષણ નિમિતે લોક પ્રીત્યર્થ છે. આસ્તિક મનુષ્ય સમજે છે કે હું સ્વચ્છ રહી પૂજોપચાર કરૂં છું તેથી મારી ઉપર ઇશ્વર પ્રસન્ન થશે અને નાસ્તિક સમજે છે કે હું સુઘડ રહુંછું તેથી મારૂં શરીર સારૂં રહેશે અને લોકો પણ મને ચાહશે.

વાંચનારે વિચાર કરવો જોઇએ કે આ બે સમજણમાંથી કઇ સમજણ શ્રેષ્ટ છે અને કઇ સમજથી વધારે ફાયદો થાયછે. નાસ્તિક માણસને કાંઇ કામ આવી પડયું કે આળસ થયું તો તે નહીં નહાય અને ફકત હાથ મોંજ ધોઇ લેશે અને કહેશે કે ૨૪ કલાકની અંદર એક વખત નહાવું જોઇએ સવારની વખતેજ નહાવાની શી જરૂર છે આવી રીતના વિચારથી નાસ્તિકનો નિયમ એક સરખો નહીં રહે અને આસ્તિક મનુષ્ય, દેવ સેવા કર્યા વિના બીજો વ્યવહાર કરતો નથી. દેવની પૂજા કરવા સારૂ તેને સવારમાં નહાવુંજ જોઇએ તેમ જો ન થાય તો ધર્મ ભ્રષ્ટ થઇ જવાનો ભય તેના મનમાં સજ્જડ ઠસેલો હોય છે તેથી મહા આપત્કાળ વિના તેના નિયમનો ભંગ થતો નથી. વળી રાત્રિ આખી સુઇ રહેવાથી શરીર સુસ્ત પડી ગયું હોય છે તે પ્રભાત સ્નાનથી નિર્મળ અને સતેજ થાય છે તેથી ઉદ્યોગમાં પણ વધારો થાય છે.

બીજું પ્રભાતમાં દેવ સેવા કરવી હોય તેથી દેવની પૂજા કરનાર દરરોજ સાંજે પૂજનને માટે વાડીઓમાં સુગંધી પુષ્પો વીણવા જાય છે તેથી દરરોજ નિર્મળ હવા લેવાનો ડાકતરી નિયમ પણ અનાયાસે પાર પડે છે.

એવો કોણ મૂર્ખ હોય કે એક પંથ દો કાજ થતાં હોય તે કરવાં છોડી દે. આંબો પાણી પીએ અને પૂર્વજ રાજી થાય એ કેવો ઉત્તમ પ્રકાર એટલુંજ નહીં પણ આમાં તો એક કરતાં અનેક ફાયદા રહ્યા છે તે જેમ જેમ ઉંડા ઉતરી વિચાર કરતા જઇએ છીએ તેમ તેમ માલુમ પડતા આવે છે.

સાંજ વખતે જેમ શરીરની સુખાકારી માટે સ્વચ્છ હવાનું સેવન થયું

તેમજ વળી સવારે પણ દેવપૂજા વખતે અગરબત્તી વગેરે નાના પ્રકારના ધૂપોથી તથા કપૂરની આરતીથી ઘર સુવાસિત થાય છે તેથી કોલેરા વગેરે દુષ્ટ રોગોને આવવાનો સંભવ રહેતો નથી તથા મન ઘણું સુપ્રસન્ન રહેછે લોકમાં આબરૂ વધે છે શાસ્ત્રમતાનુસાર પરલોકમાં પણ સદ્ગતિ થાય છે, ઇશ્વર ઉપર આસ્થા રહેવાથી તેનુ મન હમેશાં ગુન્હા કરવાથી વેગળું રહેછે જેટલા ગુન્હા નાસ્તિક કરશે તેટલા કદી આસ્તિકથી બનવાનાજ નથી. નાસ્તિક માણસો મનુષ્યો પાસે નીતિની વાતો ખાસા તાલમેલથી કરે છે પણ તેનું મન ઇશ્વરના ડર સિવાય કદી પણ જોઇએ તેવું નિર્મળ થવાનું નથી.

નાસ્તિક નર! તને અમો સ્વીકારેલા માર્ગના ઉપર પ્રમાણે લાભો બતાવ્યા તથા હજુ પણ બીજા કેટલાએક બતલાવવાના છે તે તારૂં ચિત્ત સાવધ કરી સાંભળ પછી બન્ને માગ મોકળા પડયા છે તારે જોઇએ તે રસ્તે ચાલજે.

ગોસેવા--દેવસેવાનું કહી તરત ચરકમુનિએ ગાયની સેવા વિષે લખ્યું. સાધારણ અક્કલથી જોતાં બીજાં ભેંસ, ઉંટ, હાથી, ઘોડા વગેરે ચોપગાં જાનવરો છે તેમ ગાય એપણ એક જાનવર છે તેને બીજાં પશુઓ સમાન ગણવી એવો વાદીનો મત થશે પણ આવો વિચાર તદન ભુલ ભરેલો છે. ભેંસ વગેરે જાનવરોના દૂધમાં બીજા કેટલાએક ખાસ ગુણો રહ્યા છે ખરા પણ સર્વ અંશે વિચારતાં ગાયના દૂધની તુલનામાં બીજું કોઇ જાનવરનું દૂધ આવી નહીં શકે. રોગી અને નિરોગીને ગાયનું દૂધ ખાવાની ડાકતરો તથા વૈદો ભલામણ કરેછે. તથા હરએક વખતે ગાયનું તાજું ઘી માથાના દરદીને સુંઘવું તથા ખાવું હિતકારી છે. ગાય એ ગરીબ પ્રાણી છે. આપણી ખેતીનો તમામ આધાર તેના વત્સો ઉપર છે. મા વિનાનાં છોકરાં ગાયનું દૂધ પી ઉછરી મોટાં થાય છે. કવિ કાળીદાસે રઘુવંશ કાવ્યમાં ગાયનો મહિમા કેટલો લખ્યો છે, ધર્મશાસ્ત્રકારોએ ગાયનું મહાત્મ્ય કેટલું બધું વર્ણવેલું છે. વૈદકશાસ્ત્રકારો ગાયના ગુણોનું ગાન ગણતી વિનાનું કરી ગયા છે તો તેનું લાલન પાલન કરવું એ એક મનુષ્ય પ્રાણીની મુખ્ય ફરજ છે તેને મારી નાખી ઘણાજ થોડા વખતનો જુજ લાભ લઇ દીર્ઘકાળના સુખનો નાશ કરવો એ જંગલી મનુષ્યોની જડમતિનો પરિણામ છે. ગાયનો નાશ કરવાથી કેટલો ફાયદો અને તેને જીવાડવાથી કેટલો મોટો લાભ તેનું સવિસ્તર બયાન સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાના સત્યાર્થપ્રકાશ નામના ગ્રંથમાં ઘણી સરસ

રીતે કરી બતાવ્યું છે તથા બીજાં ચોપાનીયાં પુસ્તકો અને વર્તમાનપત્રો તથા ગોરક્ષક મંડળી તરફથી થતાં ભાષણોમાં ગોરક્ષણથી થતા લાભો અનેક પ્રકારે દર્શાવેલા છે તથા દર્શાવાય છે માટે તે વિષયનું આ ઠેકાણે ચર્વિતચર્વણ નહિ કરતાં ટુંકેથી પતાવીએ છીએ. અપૂર્ણ.

6. ACKNOWLEDGMENT OF BOOKS·

૬. પુસ્તકોની પહોંચ.

હિંદ અને બ્રિટાનિયા.—એ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ છપાઇને બહાર પડીછે ને તેની એક નકલ તેના કર્તા તરફથી અમને મળી તે ઉપકાર સાથે સ્વિકારીએ છીએ. એ પુસ્તક વિષે અમે પ્રથમ આવૃત્તિ વખતે વિવેચન કરેલું છે એટલે આ ઠેકાણે ફરીને તેમ કરવાની જરૂર જોતા નથી. આ વખતે તેમાં કેટલોક સુધારો વધારો કરવામાં આવ્યો છે. થોડી મુદતમાં આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ કહાડવાની જરૂર પડી છે તેજ ઉપરથી જણાય કે તે પ્રજામાં કેવું પ્રિય થઇ પડયું છે. આ વખતે એના બંધન વર્ગમાં ફેરફાર કરી એની કીમત ઘટાડીને દોઢ રૂપિઓ કરી છે.

કાવ્ય પ્રભાકર.—મહુવાના રહેવાશી ઓઝા લલુભાઇ કાળીદાસે આ કાવ્યનું પુસ્તક બહાર પાડયું છે. એની કીમત સવા રૂપિઓ રાખી છે તે એના કદના પ્રમાણમાં લગાર વધારેછે. એમાં બારપેજી સુમારે સત્તર ફારમછે.

જૂદે જૂદે પ્રસંગે પોતે કરેલી કાવ્યનો આ સંગ્રહ છે એમાં પ્રથમ ઇશ્વર સ્તુતિ છે. તે પછી તેમાં ભિન્ન ભિન્ન વિષયો ઉપર કાવ્ય આપેલી છે. એ સર્વની અનુક્રમણિકા આપી હોત તો વાંચનારને સુલભ થાત. વળી કાવ્યમાં પણ કોઇ કોઇ જગાએ દોષો જોવામાં આવેછે. નામને લાગેલા વિભક્તિના પ્રત્યયો વિરતી હોય ત્યાં છૂટા ન પાડવા જોઇએ છતાં તેમ કોઇ કોઇ જગાએ થએલું જણાય છે. જેમકે ૨૭મે પાને "આપ ઉર એવું બિજા, નામનમાં નિરધાર". એમાં "ના" છૂટો પાડયો છે. કેટલેક ઠેકાણે માત્રાની વધઘટ હોયછે. જેમકે ૨૬મે પાને "ધનવંત કે કંગાળ" એમાં એક માત્રા વધે છે. ૧૪૭મે પાને "અરે વ્યભિચારી જો વિચારી તું આપ ઉર" એમાં એક અક્ષર ઓછો છે; વગેરે. વળી ૧૧મે પાને "તું ખરો છો" એવા સુરતી પ્રત્યય ભેદ પણ કોઇક કોઇક જગાએ જણાય છે. તેમજ ગુફા

ને બદલે ગફા, સાક્ષીને બદલે શાક્ષી, વાપર્યા છે, આયુષ્ય નાન્યતરને બદલે નારી જાતિમાં વાપર્યું છે. ગયો, થયોને બદલે મેળ મેળવવાને ગ્યો, થ્યો વાપર્યું છે. સાંપડજો, પામજો વગેરેને બદલે સાંપડજ્યો, પામજ્યો વગેરે ફેરફાર કર્યોછે. અખિલ શબ્દ એ કવિએ સમજ ફેરથી અવનીને બદલે વાપર્યો જણાય છે. તથા ૧૬મે પાને ૬૨મા દોહરામાં ગ્રહો ચૂક કરે તો ગ્રહણ થાય એવો મત કવિએ આપ્યો છે તે, ૩૯મે પાને "ગયા કયાંઇ ગોથાં ખાતા" એવા શબ્દો રામ ને કૃષ્ણ માટે વાપર્યા છે તે, ખોટું છે. ૯૯મે પાને "ભાળી હોય ઘેંસ તેને ભેંસની કીમત કસી" એ ખોટું છે. ભેંસની કીમત જાણનારા મૂખ્યત્વે ઘેંસ ખાનારાજ હોયછે. સૈન્ય શબ્દ બધે ઠેકાણે "ય" રહિતજ વાપર્યો છે. ૪૯, ૫૦ ને ૫૧મા પાનામાં અર્થની પુનરૂકિત ઠેકાણે ઠેકાણે આવીછે. લૂટે, વાણુ, માથે, મુઢ વગેરે શબ્દોને માથે અનુસ્વાર ન જોઇએ. છેવટ શુદ્ધિ પત્ર આપ્યું છે તે છતાં તેમાં હજુ ઘણી ભૂલો રહી ગઇ છે. ૨૧મે પાને કમળમાં "વારવારક ૨" છે ત્યાં "વારવાર કરેવાર" જોઇએ. ૨૯મે પાને "પે'થી લૂગડાં" છે ત્યાં "પે'ર્યાં" તેમજ ૩૭મે પાને ભુંડા છે ત્યાં ભુંડાં, ૪૦મે પાને સસારે છે ત્યાં સંસારે, ૪૬મે પાને સરણે છે ત્યાં શરણે, ૪૮મે પાને ૩૫ છે ત્યાં ૫૩, ૬૧મે પાને નપુસક છે ત્યાં નપુંશક, ૭૩મે પાને બરૂ છે ત્યાં બુરૂ, ૭૯મે પાને કમળમાં "દયાળુ છે એ તું" છે ત્યાં તુંને બદલે તું જોઇએ. વળી ૯૦મે પાને વિસામે છે ત્યાં વિસામો, ૯૫મે પાને પ્રતીને કાળજ્જુ છે ત્યાં પ્રીતિને કાળજું, ૧૦૬ઠે પાને અષ્ટ માસિદ્ધિ છે ત્યાં અષ્ટમા-સિદ્ધિ, ૧૦૭મે પાને ગંભિરતાદિક સદ ગુણે છે ત્યાં ગભિરતાદિક સદ્‌ગુણે, ૧૧૮મે પાને અંગલ છે ત્યાં અંગ, ૧૧૯મે પાને ખરાબ છે ત્યાં ખરાબે ને શારા છે ત્યાં સારી, એવી ઘણી ભૂલો રહી ગઇ છે. વળી વ્યહવાર શબ્દ વાપર્યો છે તેને બદલે વ્યવહાર જોઇએ.

તેજ પ્રમાણે કવિતામાં કેટલેક ઠેકાણે અમારા વિચાર પ્રમાણે થોડો ફેરફાર કરવાથી અર્થ ને રચના ઠીક થાય એવું જણાવાથી તે તેના કર્ત્તાની જાણ માટે સૂચવીએ છીએ. ૨૨મે પાને દોષ છે ત્યાં રોષ, ૩૧મે પાને આપના મનનાં છે ત્યાં આપના મનમાં, ૩૩મે પાને ૧૧૩મા છંદમાં દિસે છે ત્યાં લસે, ૩૪મે પાને ભાઇના છે ત્યાં બંધુના ને શોક એ છતાં છે ત્યાં શોક ધરેતુ, ૩૭મે પાને ૧૫૦મા છંદમાં જો છે ત્યાં કો, ૪૦મે પાને ૧૩મા છંદમાં છેલ્લે જાણે ને બદલે આણે, ૪૪મે પાને એમ સમજજ છે ત્યાં સમજજે

એમ, ને છેલ્લી લીટીમાં અગ્નિ પેઠે ફળ છે ત્યાં ફુલી ફાલીને, ૫૮મે પાને ૧૭મી લીટીમાં કરવી છે ત્યાં ભાખવી, ૭૫મે પાને ૧૨મી લીટીમાં ભેદનારી છે ત્યાં સા'રનારી, ૯૦મે પાને તુલ્યે છે ત્યાં તોલે, ને વિસામે છે ત્યાં વિસામો, ૧૦૯મે પાને ભુજંગીમાં માહા છે ત્યાં મહા, ૧૩૧મે પાને ૩જા દોહરામાં પ્રથમ દીન દીન છે ત્યાં દિન દિન, ૧૩૩મે પાને પ્રીતે કરે છે ત્યાં પ્રીતી, ૧૪૩મે પાને દુઃખો અતી આપદા છે ત્યાં પામે અતી આપદા ને છેલ્લા દોહરામાં પ્રથમ કોઇનું છે ત્યાં કંઇકનું ને તે છતાં છે ત્યાં કોઇનું, ૧૪૪મે પાને અનાદસ્કરે છે ત્યાં કરે અનાદર, ૧૫૨મે પાને ૧૧મી લીટીમાં "ક્યાં" છે ત્યાં "ત્યાં", ૧૫૫મે પાને ૧૯મા દોહરામાં ચોરનો છે ત્યાં ચોરને, ૧૫૬મે પાને ૮મા દોહરામાં ન થાયછે ત્યાં નવ થાય, ૧૬૮મે પાને ૫મી લીટી ઝાળા છે ત્યાં ઝાળ, આ પ્રમાણે ફેરફાર કર્યો હોય તો અમને જણાય છે કે તે ઠીક થાય.

આ ઉપરથી કદાચ વાંચનાર એમ જાણશે કે એ પુસ્તકમાં એટલા બધા દોષો છે તો તે નકામું હશે. પણ ના તેમ નથી. આ દોષો એવા નથી કે તેથી તે પુસ્તક નકામું કરે. પરંતુ એ ભૂલો છાપખાનાની બેદરકારી ને પ્રુફ તપાસનારની ઉતાવળનું પરિણામ છે. અલબત કેટલીક જગાએ કર્તાની સમજ ફેર પણ છે. બાળલગ્ન વિષે લખતાં વધારે ભણાય નહિ ને તેથી સારી નોકરી ન મળે – ભણવાનું સાર્થક સારી નોકરી એવોજ વિચાર કવિએ મૂખ્યત્વે બતાવ્યો છે તે, વિચારની ન્યુનતા છે. દેશાટણ વિષેના કારણમાં આપણા પૂર્વજો પહેલાં ગ્રીસ, રોમ વગેરે ઠેકાણે જતા અને આજ પણ ચીન, જાવા, જંગબાર, બસરા, નાતાલ વગેરે ઠેકાણે જાય છે તેના દાખલા આપવા હતા, એ જ્ઞાન ન્યુનતા છે, અને આખા પુસ્તકમાં નઠારી નારીની નિંદા ઘણી છે પણ નઠારા પુરૂષ માટે એક શબ્દ પણ નથી. એ ગુપ્ત જાત્યાભિમાન છે. અરીણસિંહને પ્રથમ અશક્ત ને આળસુ વર્ણવી લડાઇમાં ઉદ્યોગી ને બહાદુર બનાવી જય આપે છે એ વિચાર સંકળનાની ખામી છે, વગેરે.

તથાપિ અમે એ પુસ્તકની ભાષા વખાણીએ છીએ. તે શુદ્ધ ને દંભ વગરની દલપતશૈલીને મળતી છે. એ પુસ્તક જેને અર્પણ કર્યું છે તે ત્રિભુવનદાસને માટે ત્રિભૂવન કાવ્ય શતક કર્યુંછે તેમાં પણ ત્રિભૂવનદાસના ગુણ ગાઇ ભાટાઇ કરવાને બદલે શિક્ષારૂપ કાવ્ય નીતિદર્શક કરેલી છે. તે ઉપરથી કવિ યાચક છે એમ જણાતું નથી, પણ સદ્ગુણ પ્રેમી છે એમ જણાય છે. એ પુસ્તકમાં 'આહાર તેવો ઓડકાર"માંની વારતા, કાળ ચિંતામણી, અરીણીયાની

સ્થિતિ વર્ણન, ગરણીના ગુણ, વગેરે કવિતા અસરકારક ને આનંદ આપનારી છે. ટીકાના લંબાણને લીધે અમે તેમાંના ઉતારા આપી શકતા નથી તથાપિ અમે એ પુસ્તક વાંચવાની ભલામણ કરીએ છીએ.

હોમીઓપાથીક ચિકિત્સાસાર આ નામનું વૈદકનું નવિન પુસ્તક તેના કર્તા કૃષ્ણરાવ બાપુરાવ બુલેલ, એમ. ડી. હોમીઓપાથીક ફિઝિશ્યન તરફથી મળ્યું તે સ્વિકારીએ છીએ. અમારા જાણવા પ્રમાણે ગુજરાતીમાં આ પુસ્તક પહેલુંજ છે. ગુજરાતમાં હોમીઓપાથીક દવા આપનાર અમારા જાણવામાં માત્ર વઢવાણ કાંપના ડાકટર ઠાકોરદાસજ છે, તેથી હોમીઓપાથીક તે શું હશે એની સમજ ભાગ્યેજ કોઇ ગુજરાતીને હશે. તે સમજ ડાકટર કૃષ્ણરાવે આ પુસ્તકમાં પ્રથમ આપી છે તે ઉપરથી જણાય છે કે હોમીઓપાથી એટલે જે ચિન્હોથી જે રોગ થયો હોય તે ચિન્હો થાય એવી દવા આપી તે રોગ મટાડવો તે. જેમકે તાવવાળાને તાવ લાવનારી અને ઉલટીવાળાને ઉલટી લાવનારી દવા આપીને તાવ ને ઉલટી મટાડવાં હોમીઓપાથીક રીતે દવા આપવાથી જે ફાયદા થાય છે તે ત . ા તેમાં કયી કયી દવા કેટલા પ્રમાણમાં અપાય છે તે પણ બતાવ્યું છે. આપણી હાલમાં અપાતી દેશી ને અંગ્રેજી દવાઓ કરતાં હોમીઓપાથી ઘણીજ થોડી અપાય છે, વળી તે પાણી જેવી હોય છે તથા બેસ્વાદ નહિ હોવાથી દરદીને લેતાં અભાવ થતો નથી તેમજ બાળકને આપતાં અડચણ પડતી નથી. બીજા ભાગમાં વળી ડાકટરે આરોગ્યતા સાચવવાના કેટલાક નિયમો આપ્યા છે તે પણ જાણવા જોગ છે. ત્રીજા ભાગમાં મુખ્ય મુખ્ય રોગો, તેનાં લક્ષણો, તેનાં કારણો, તે રોગ થતા પહેલાં તે અટકાવવાના ઇલાજો અને થયા પછી તે ઉપર વાપરવાની દવાઓ—કયી સ્થિતિમાં કયી દવા આપવી તે અને તે શા પ્રમાણમાં આપવી તે સ્પષ્ટ ને શુદ્ધ ગુજરાતીમાં બતાવ્યું છે. ડાકટર જાતે હોમીઓપાથીક રીતેજ દવા આપવાનું શીખી ઘણા વરસથી એજ રીતે દવા આપી અનુભવ મેળવેલા છે એટલે તેમના કહેવા ઉપર શંકા લાવવાનું અમને કારણ મળતું નથી. એ પુસ્તકનો ફેલાવો થઇ ઘણા જણા તેનો લાભ લેઇ શકે તે માટે એ પુસ્તકની કીમત માત્ર છ આનાજ રાખી છે. અમે એ પુસ્તક વાંચવાની સર્વેને ભલામણ કરીએ છીએ તથાપિ તે નવિન બાબત પ્રમાણે કાંઇ પણ અનુભવ મેળવ્યા વગર કે શીખ્યા વગર તેમાં લખ્યા પ્રમાણે અજ્ઞાન ને બીન વાકેફગાર લોકોને દવા લેવા આપવાનું કહેતા અમે અચકાયા વગર રહેતા નથી. થોડો થોડો તેનો પ્રસાર થાય, તે વિષે જ્ઞાન ને અનુભવ મળે ત્યારેજ તે પ્રમાણે ઉપયોગ કરવા માંડવો. તે વગર ઉંટવૈદાની માફક કરવાથી ઘણીવાર ફાયદાને બદલે હાની થવાનો સંભવ છે એ ખૂબ યાદ રાખવું.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પ'તિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જયોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧...૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦...૬...૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
દુસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શઇ	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

ચોપડીઓનું લીષ્ટ.

	કીમત.		ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬	...	૦—૦—૬
નિબંધ રીત......	૦—૬—૦	...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮	...	૦—૦—૬
મુંબઇ ઇલ્લાકાનો નકશો	૦—૦—૮	...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮	...	૦—૦—૬
શંકર દિગ્વિજય મૂળ સહિત ભાષાંતર ...	૪—૦—૦	...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦	...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬	...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦	...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦-૧૦—૦	...	૦—૧—૦

રૂા. ૫૦૦નું ઇનામ.

બાળમિત્ર.

આ દવા બાળકોનું જીવન છે, બાળકને થતા તાવ, ઉધરસ, ઝાડો, શરીરનું ગળી જવું, પીળું પડવું, પેટનું વધવું, વગેરે દરદોને દુર કરી બાળકને હ્રષ્ટપુષ્ટ, બનાવી નીરોગી બનાવે છે, લોહી સુધારે છે, ખરૂં કૌવત આપી, બાંધાને મજબુત કરી, બાળકને ચાલાક કરે છે. આ દવાની ગોળી ૧૦૦નો પ્રથમ રૂા. ૧ લેવામાં આવતો હતો, પણ ઘણાં મનુષ્ય તરફથી એક બાજુ તેનાં ઘણાં વખાણ થવા લાગ્યાં અને બીજી બાજુ તેની ભારે કીમતની ફરીયાદ થવા લાગી અને ભારે કીંમતને લીધે ગરીબ લોકો આ અમૃતરૂપ ઔષધનો ઉપયોગ કરવા બેનસીબ રહેવા લાગ્યાં જેથી આ સઘળી અડચણ દુર કરી હાલ રૂા. ૧ની ગોળી ૩૦૦ આપવા ઠરાવ કરવામાં આવ્યો છે કે તેથી તેના વધતા ઓછા ઉપાડના પ્રમાણમાં અમોને દર વર્ષે પૈસા સંબંધી નુકશાનના ખાડામાં ઉતરવું પડશે તો પણ આવી ચમત્કારીક દવા આ પ્રમાણે આપવામાં આપણાં આર્ય બાળકો નીરોગી બની લાંબું આયુષ્ય ભોગવે તેમાં સંતોષ માની તે નુકશાન સહન કરવા નિશ્ચય કર્યો છે. વળી આ દવામાં ચમત્કારીકપણાની વધારે ખાત્રીને લીધે એટલે સુધી કહેવાને હીંમત ધરીએ છીએ કે એ દવાની ઓછામાં ઓછી ૧ ને વધારેમાં વધારે ૩ ત્રણ ડાબલીનો ઉપયોગ કર્યા પછી કોઇ પણ જાતનો ફાયદો થયો નથી એમ ખાત્રી કરી આપનારને ઉપર લખ્યું રૂા ૫૦૦નું ઇનામ આપવામાં આવશે માટે આ દવા મંગાવવામાં જરા પણ વિચાર કર્યા વગર પોતાના બાળકોનુ હિત ઇચ્છી તરત અમોને લખી જણાવવું.

જામનગર
આતંકનિગ્રહઔષધાલય

વૈદ્યશાસ્ત્રી
મણીશંકરગોવિંદજી.

☞ આ ઉપર લખેલી અમારી બાળમિત્ર દવા તથા બીજી પણ આતંકનિગ્રહાદિક ઉત્તમ દવાઓ વિષે અમને મળેલાં અસંખ્ય સર્ટિફીકેટોમાંથી થોડાંજ નમુના દાખલ સાર્ટીફીકેટોની ચોપડી જેમને ખાત્રી માટે જોઈતી હોય તેમણે મંગાવી લેવી. તેની સાથે એક અમૂલ્ય પુસ્તકની ભેટ આપવામાં પણ આવેછે. ટીકટ મોકલવાની પણ કાંઇ જરૂર નથી. ફક્ત એક કાર્ડથી ખબર આપવા એટલે મોકલવામાં આવશે.

॥ विज्ञान विलास ॥

VIGNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે અક્ટોબર સન ૧૮૮૫. અંક ૧૦મો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;

करे हृदयमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસના મદદથી.

પ્રગટકરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ ભીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂ. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂ. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળાપાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેરખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.	Snbjeets.	Page.
૧. સુજ્ઞ સ્ત્રીએ મુર્ખ પતિને મુર્ખાઈ માટે કહેલાં વચન	૨૧૭	1. Thc Poem	217
૨. દુરગાદાસ	૨૨૦	2. Durgadas	220
૩. ગ્રંથ કર્તૃત્વ	૨૨૮	3. Authorship	228
૪. આયુષ્ય વધારવાની યુક્તિ	૨૩૨	4. How to prolonglife	232
૫. આર્ય વૈધક શાસ્ત્ર તથા આર્ય ધર્મ શાસ્ત્રનું ઐકયમત	૨૩૬	5. The aryan mediciue and religion	236
૬. પુસ્તકોની પહોંચ	૨૩૮	6. Acknowledgment ofgooks	238

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના

નાણાની પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિશેષ હકીકત.
ધર્મજની સ. ગુ. નિશાળ	૨—૩—૦	પુ. ૨૦.
મે. દેવગઢ બારીઆના રાજા સાહેબ	૨-૧૧-૦	,,
ધોરાજી લાયબ્રેરી.	૨—૬—૦	પુ. ૨૦-૨૧ સને ૧૮૮૯-૯૦ બે વર્ષના

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે અકટોબર સન ૧૮૮૯. અંક ૧૦મો.

1. THE POEM.

૧. સુજ્ઞ સ્ત્રીએ મુર્ખ પતિને મુર્ખાઈ માટે કહેલાં વચન.

'રંગતાળી, રંગતાળી, રંગતાળીરે રગમાં રંગતાળી' એ રાગ.

પ્રાણનાથ, પ્રાણનાથ, પ્રાણનાથરે સાંભળો પ્રાણનાથ. ટેક.
અર્જ આદરૂં હું સ્નેહની સાથરે, સાંભળો પ્રાણનાથ. ૧.
ખોડખાપ કદી હોય જે તમારીરે, સાંભળો પ્રાણનાથ;
મારે કાઢવી તે નહીં સારીરે, સાંભળો પ્રાણનાથ. ૨.
અતિ ઉમળકો પ્રેમનો આવેરે, સાંભળો પ્રાણનાથ;
તેથી કહેવું મને બહુ ભાવેરે, સાંભળો પ્રાણનાથ. ૩.
ગુણવાન ગતિમાન વિદ્વાનરે, સાંભળો પ્રાણનાથ;
ભલે હોય અતીશય જ્ઞાનવાનરે, સાંભળો પ્રાણનાથ. ૪.
આમ સર્વે સદગુણ હોય સાથેરે, સાંભળો પ્રાણનાથ;
નીજ અવગુણ મટે નહીં હાથેરે, સાંભળો પ્રાણનાથ. ૫.
સ્ત્રીની બુદ્ધિ કદી હોય સારીરે, સાંભળો પ્રાણનાથ;
તદા ગણાય નહિં ગુણકારીરે, સાંભળો પ્રાણનાથ. ૬.
તેમ જાણશો ન પ્રાણનાથ આજેરે, સાંભળો પ્રાણનાથ;
રૂડા શબ્દો કહું તમ કાજેરે, સાંભળો પ્રાણનાથ ૭.

નથી અતિ મતીવાન હુંય નારીરે, સાંભળો પ્રાણનાથ;
તોય કહુંછું વિવેક વીચારીરે, સાંભળો પ્રાણનાથ. ૮.
દામ માટે પ્રીતી કરે લોકરે, સાંભળો પ્રાણનાથ;
ભાવ રાખે ઉપરથી થોકરે, સાંભળો પ્રાણનાથ. ૯.
નાચ રંગ કરે નાયકા સારીરે, સાંભળો પ્રાણનાથ;
તેને આપો ઉમંગ અતિ ધારીરે, સાંભળો પ્રાણનાથ. ૧૦.
કોઇ આવ્યો ચારણ કે ભાટરે, સાંભળો પ્રાણનાથ;
ગુણ ગાયા પૈસાને માટરે, સાંભળો પ્રાણનાથ. ૧૧.
તેને આપો ઉદારતા લાવીરે, સાંભળો પ્રાણનાથ;
વીચારો નહીં મન તાવીરે, સાંભળો પ્રાણનાથ. ૧૨.
મિત્ર આવ્યો વિવેક વીચારીરે, સાંભળો પ્રાણનાથ;
વરસાવો ત્યાં દામનાં વારીરે, સાંભળો પ્રાણનાથ. ૧૩.
ઢોંગી ધુતે છે ઢોંગ કરી સારારે, સાંભળો પ્રાણનાથ;
વીચાર તો નહિં મળે પ્યારારે, સાંભળો પ્રાણનાથ. ૧૪.
એવા ખરચો પૈસા બહુ ખોટારે, સાંભળો પ્રાણનાથ;
જાણે જગમાં ગણાવા મોટારે, સાંભળો પ્રાણનાથ. ૧૫.
જુઠું બોલવું તે રમત જાણીરે, સાંભળો પ્રાણનાથ;
કુડ વાપરીને બહુ રીતે માણીરે, સાંભળો પ્રાણનાથ. ૧૬.
નથી લક્ષ દુકાનમાં કાંઇરે, સાંભળો પ્રાણનાથ;
મોજ મ્હાણવી તે છે મન માંહી રે, સાંભળો પ્રાણનાથ. ૧૭.
વિદ્વાન કદી માનથી બોલાવે રે, સાંભળો પ્રાણનાથ;
કાંઈ મનમાં નહીં તે ભાવે રે, સાંભળો પ્રાણનાથ. ૧૮.
ઘર માંહીં કેમ છે? તે નથી જોતા રે, સાંભળો પ્રાણનાથ;
જુગટાની મહિં દામ અતી ખોતા રે, સાંભળો પ્રાણનાથ. ૧૯.
મંત્ર સાધી આવે કોઈ બાવો રે, સાંભળો પ્રાણનાથ;
'થાશે સારૂ ને દામ બહુ લાવો' રે, સાંભળો પ્રાણનાથ. ૨૦.
આવું બોલનાર જોઇએ કોઇરે, સાંભળો પ્રાણનાથ;
ખોટું ખરૂં ન જાણતા જોઇરે, સાંભળો પ્રાણનાથ. ૨૧.
ગમત ગોઠીઆની બહુ ગણો મીઠીરે, સાંભળો પ્રાણનાથ;
સાચી માનો દોઠી અણ દીઠીરે, સાંભળો પ્રાણનાથ. ૨૨.

વક્કર ખોયો છે આમને આમરે, સાંભળો પ્રાણનાથ;
સાથે ખોયાં છે ગનગળ દામરે, સાંભળો પ્રાણનાથ. ૨૩.
તમારાજ મીત્રને હું વખોડું રે, સાંભળો પ્રાણનાથ;
માઠું લાગશે નહીં કાંઇ થોડું રે, સાંભળો પ્રાણનાથ. ૨૪.
છે મીત્રાઇ સઘળી ધનનીરે, સાંભળો પ્રાણનાથ;
કોઇ રાખતા નથી તનમનની રે, સાંભળો પ્રાણનાથ. ૨૫.
રે'શે નાણું જ્યાં સુધી પાસરે, સાંભળો પ્રાણનાથ;
બધાં લોકો થશે તમ દાસરે, સાંભળો પ્રાણનાથ. ૨૬.
દામ ખૂટયે જશે ઝટ દોડીરે, સાંભળો પ્રાણનાથ;
લેણું હોશે તે પતશે ન કોડીરે, સાંભળો પ્રાણનાથ. ૨૭.
દુશમન સહુ થાશે તમારારે, સાંભળો પ્રાણનાથ;
સાંભરશે અતી ત્યારે દારારે, સાંભળો પ્રાણનાથ. ૨૮.
કે'શો 'કે'તી હતી કેવું સારૂં' રે, સાંભળો પ્રાણનાથ;
'પણ લાગ્યું હતું બહુ ખારૂં' રે, સાંભળો પ્રાણનાથ. ૨૯.
માટે સમજો સારી રીત પ્યારારે, સાંભળો પ્રાણનાથ;
દુર્ગુણથી થાઓ ઝટ ન્યારારે, સાંભળો પ્રાણનાથ. ૩૦.
સદ્‌ગુણને સાચવી રાખોરે, સાંભળો પ્રાણનાથ;
કદી કુડાં વચન નહીં ભાખોરે, સાંભળો પ્રાણનાથ. ૩૧.
તમો પાસે છે પૈસા અધીકરે, સાંભળો પ્રાણનાથ;
સાચવીને રાખો તે ઠીકરે, સાંભળો પ્રાણનાથ. ૩૨.
કુસંગીની સંગત છોડોરે, સાંભળો પ્રાણનાથ;
વેપારની સાથ પ્રીત જોડોરે, સાંભળો પ્રાણનાથ. ૩૩.
વહેવારની રીત ચિત ધારોરે, સાંભળો પ્રાણનાથ;
વીવેકથી ટેકને વધારોરે, સાંભળો પ્રાણનાથ. ૩૪.
સહુ સાથ અતી સંપથી ચાલોરે, સાંભળો પ્રાણનાથ;
સાલસાઇ ગ્રહીને મ્હાલો રે, સાંભળો પ્રાણનાથ. ૩૫.
સત્ય વાપરો તે જૂઠને ધિક્કારીરે, સાંભળો પ્રાણનાથ;
શીખ જાણશો તે શોકની મારીરે, સાંભળો પ્રાણનાથ. ૩૬.
સૂરસ્તે વાપરશો દામરે, સાંભળો પ્રાણનાથ;
કરો પારકા અર્થનું કામરે, સાંભળો પ્રાણનાથ. ૩૭.

હાય અનાથનો હાથ ઝાલોરે, સાંભળો પ્રાણનાથ;
શુભ કામમાં દામને આલોરે, સાંભળો પ્રાણનાથ. ૩૮.
સદ્‌મીત્ર ગ્રહો જ્ઞાનવાનરે, સાંભળો પ્રાણનાથ;
જેથી આવે અધીકું જ્ઞાનરે, સાંભળો પ્રાણનાથ. ૩૯
કદી કામ કરવું હોય સેલું રે, સાંભળો પ્રાણનાથ;
સદ્‌મીત્રને પૂછવું પ્હેલુંરે, સાંભળો પ્રાણનાથ ૪૦.
વીચાર મહીં મીત્રના ન આવેરે, સાંભળો પ્રાણનાથ;
પોતાના મગજને ભાવેરે, સાંભળો પ્રાણનાથ. ૪૧.
આમ હોય કદી બેઉ મત જૂદારે, સાંભળો પ્રાનાથ;
તર્ક કરો અતી આપ જૂદારે, સાંભળો પ્રાણનાથ. ૪૨.
પછી ફેસલ કરો રૂડી રીતેરે, સાંભળો પ્રાનાથ;
કરો કામ પાછ દોડી એક ચીતેરે, સાંભળો પ્રાણનાથ. ૪૩.
કદી વિચાર્યા વિણ નહિ કર્શોરે, સાંભળો પ્રાણનાથ;
અભીમાન કોઇ વાતનું ન ધર્શોરે, સાંભળો પ્રાણનાથ. ૪૪.
લોભ ઝાઝો ધરશો નહીં નાથરે, સાંભળો પ્રાણનાથ;
કર કસરને રાખજો સાથરે, સાંભળો પ્રાણનાથ. ૪૫.
'કિર્તિ મેળવવી અતી સારી'રે, સાંભળો પ્રાણનાથ;
એમ રહેશો વીચારથી ધારીરે, સાંભળો પ્રાણનાથ. ૪૬.
આવી રીતથી રે'શો પ્યારારે, સાંભળો પ્રાણનાથ;
સૂખ પામશો બહુ બહુ સારારે, સાંભળો પ્રાણનાથ. ૪૭.
નાથ છાંડશો મુર્ખતા પ્રીતેરે, સાંભળો પ્રાણનાથ;
અર્જ મારી ધારશો ચિતેરે, સાંભળો પ્રાણનાથ. ૪૮.

'કાઠીઆવાડી.'

---

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાંધણ પૃષ્ટ ૧૯૯મેથી.)

થોડા વખતમાં તો દુરથી દુર્ગના કોટે કોટ જણાવા લાગ્યા. હરોલ

ગએલો કરણસિંગ ખબર લાવ્યો કે મુસલમાની સૈન્ય પાણીના પૂરની પેઠે ધસારા બંધ ચાલ્યું આવેછે. રજપુતો ભેટવાને માટે તૈયારજ હતા એટલે તેઓ તો આ સમાચારનીજ રાહ જોતા હતા. સામે આવનારૂં સૈન્ય તેબરખાનના લશ્કરનો એક ભાગ હતો. તેનો સરદાર મહંમદખાં હતો. મહંમદખાંએ રજપુત સૈન્ય સામું આવેલું જોઇ પોતાના લશ્કરને ઉભું રાખ્યું. તેનો વિચાર બાકીના બંને ભાગને આવતા સૂધી રાહ જોવાનો હતો. પણ આ વખતે ગઢમાંથી નાસી આવેલો દીલાવરખાન તેને સલાહ આપવા લાગ્યો કે આ પ્રમાણે તમે અહીં ખોટી થશો તો કદાચ બાકીનું સૈન્ય તો ક્યારેએ આવશે ને સંધ્યાકાળે તો રજપુતો કિલ્લો કબજે લેશે. પછી તમે કોની સહાયે જશો? અને એકવાર કિલ્લો કબજે લીધા પછી પાછો લેવો તમને તો શું પણ પાદશાહ પંડને ભારી પડશે. વળી રજપુત સૈન્ય આખા દીવસનું લડીને થાકેલું છે. તેને તમારા તાજા સૈન્યને હરાવતાં વાર લાગશે નહિ. આવો સોના જેવો લાગ તમે ગુમાવશો તો તમને ઉલટો ઠપકો મળશે. રજપુત સૈન્ય કાંઇ ઘણું નથી માટે આજ સમયે એકદમ લડાઇ કરવી એવી મારી સલાહ છે. મહંમદખાં દીલાવરની સલાહને તાબે થયો ને લશ્કરને લડાઇની વ્યવસ્થા પ્રમાણે ગોઠવી લડવાની આજ્ઞા આપી. રજપુતો મુસલમાનોના હુમલાની રાહ જોતા ઉભા હતા. એ સ્થીર થભોની ઉપર મુસલમાનો દીન દીન કરતા તૂટી પડયા. દિલાવરખાં એક બાજુએ અને મહંમદખાં એક બાજુએ એમ આગળ ધરયા. મુસલમાનો નજીક આવેલા જોઇ રજપુતો લગાર પાછા હઠ્યા કે પડખે ઝાડીમાં રહેલા સૈન્યને પાછળથી ઘેરી લેતાં સુલભ પડે અને મુસલમાનોને નાસવાનો લાગ ન મળે. હવે દુરગાદાસે નાગી તરવારે સવારોને મુસલમાનો ઉપર ધસી જવાની આજ્ઞા આપી. પોતે સૌને મોખરે હતો. મારો મારોના પોકાર પડી રહ્યા મડદાંના ઢગલા પડવા લાગ્યા. લોહીની સેરો છૂટવા લાગી. એક તરફ દીન અને બીજી તરફ હર હરના પોકાર પડતા હતા. મહંમદખાં અને દિલાવરખાં બહાદુરીથી ધશી આવી પોતાના દાખલાથી લશ્કરને ઉશ્કેરવા લાગ્યા. રજપુતો મરણીઆ થઇને કૂદી પડયા. મરવું કે મારવું, જીતવું કે રણમાં મરી સ્વર્ગે જવું એજ તેમનો વિચાર હતો. એવામાં દુરગાદાસે કહ્યું કે ભાઇઓ! મારો, ધસો, પણ પીઠ બતાવશોમાં. પીઠ બતાવી ભાગવાની જગ્યા નથી. શહેરમાં ઘેરાઇને ભૂખે મરશો તે કરતાં દુશ્મનને મારતાં મારો કે સ્વર્ગે જવાય. મરવું એકવાર

છે. મોડું કે વહેલું મરવું તો છેજ, ત્યારે આપણી ભૂમાતને સ્વતંત્ર કરવાને રણક્ષેત્રમાં લઢતાં કાં ન મરવું! મારૂને સ્વતંત્ર કરવાજ આપણે લઢવાને ઉઠયા છીએ. જો આ વખત હાર્યા તો આપણા ઉપર મુસલમાની રાજ્યની જબરી બેડી ચોંટવાની. પછી તે ભાગવી મુશ્કેલ છે. જો એ બેડી તોડવી હોય, તમારી સ્ત્રીઓ, દીકરીઓ ને બેનોની આબરૂ લૂંટાતી બચાવવી હોય, આપણા વડીલોએ કરેલી કીર્તિ સાચવી રાખવી હોય તો મારો, મારો ને દુશ્મનને હઠાવો. આ શબ્દ સાંભળતાં સઘળાનાં રોમ ઉભાં થયાં. ભાલા ને તરવારો ઝપાટાબંધ પોતાનું કામ કરવા લાગી. કરણસિંગ દિલાવરને ખોળતો તેના ઉપર ધશી ગયો ને એક ઝટકે તેનું માથું ઉરાડી મૂકયું. એવામાં દુરગાદાસની સંજ્ઞાથી માનસિંગ, ગુલાબસિંગ ને ભીમસિંગ ઝાડીમાંથી નીકળી આવ્યા. મુસલમાનો ઉપર આગળથી ને પાછળથી બે મારા શરૂ થયા. આગળના પાછળ ને પાછળના આગળ એમ ભાગવા લાગ્યાથી લશ્કરમાં ભંગાણ પડયું. મહંમદખાં સમજ્યો કે હવે ઉગરવાનો આરો નથી. માનસિંગ તેના સામો આવી પહોંચ્યો. મહંમદખાં ઘાયલ થયો. તેનો ઘોડો મરાયો ને તેણે સલાહનો વાવટો ઉંચો કર્યો. હજુ લઢાઇ બંધ પડી નહોતી. મારા મારીના તાનમાં ને મદમાં કોઇ કાંઇ ભાળતું નહોતું મહંમદખાં માનસિંગને શરણ થયો. તેણે તેની તરવાર પાછી આપી પોતાના સરદાર પાસે લેઇ જવાની અરજ કરી.

આ તરફ કરણસિંગ દિલાવરખાનનું શીશ ભાલામાં ભરવી પોતાના સરદાર તરફ જતો હતો તેને મહંમદખાંએ દીઠો, તેથી તે માનસિંગને કહેવા લાગ્યો કે જો તમારો સરદાર પણ આવોજ હોય તો તેવાને શરણ થવા કરતાં મરવું બેહેતર છે. માનસિંગે કહ્યું કે નહિ સાહેબ! જો નિર્દયતા રૂપી ભૂત હોય તો તે અમારા સૈન્યમાં કોઇના હૃદયમાં નથી. જ્યારે એ ભૂતને કોઇ જગાએ વાસો ન મળ્યો ત્યારે તે કરણસિંગના હૃદયમાં જઈ ભરાયું છે. મારો સરદાર તો પેલો રહ્યો એમ કહી દુરગાદાસ તરફ આંગળી કરી.

દુરગાદાસ પણ લોહીથી ખરડાયલો હતો. તેનું શરીર અને કપડાં ભાલો ને તરવાર સર્વ લોહીમય થયાં હતાં. આ પ્રમાણે દુરગાદાસ જોકે લોહીમય હતો તથાપિ તેની આંખમાં અમી હતી તેણે કરણસિંગને દીઠો કે કહ્યું કે બહાદુર ઠાકોર મેદાનમાં બહાદુરી બતાવી એ જેવી તમારા નામને જેબ આપેછે તેવી

મડદા ઉપર દાખવવાથી આપનાર નથી. કરણસિંગે કહ્યું સાહેબ, આપનો દૈવી ગુણ અમારામાં ક્યાંથી લાવીએ. હું તો માણસછું. એણે આપણા દેશ ઉપર એટલો કેર વરતાવ્યો છે કે એના ચામડાનાતો જોડા શીવીએ. તો તેપણ થોડું-છે. એમ બોલી તે લઢાઇમાં ધુસ્યો હજુ લઢાઇ બંધ પડી નહોતી. મહંમદખાં એ પોતાનાં માણસોને મરતા જોઇ માનસિંગને કહ્યું કે ઠાકોર મને તમારા સરદાર પાસે જલદી લેઇ જાઓ એમ બોલી બંને દુરગાદાસ નજીક આવ્યા.

દુરગાદાસે મહંમદખાંને નજીક આવતો જોઇ અને તેનો પોશાક અને દેખાવ જોઇ તેને મુસલમાની સેન્યાધિપ સમજ્યો એટલે તેણે સલામ કરી. મહંમદખાંએ પોતાની તરવાર તેના ભણી લંબાવી પણ તેનું હૈયું ભરાયાથી "શરણાગત" એવો ઉચાર ન થયો. પણ દુરગાદાસ તે સમજ્યો તેથી તેણે બુમ મારી લઢાઇ બંધ રખાવી ને કહ્યું કે ભાઇઓ, પ્રભુએ આપણને જય આપ્યોછે. હવે થોડીવાર તે પ્રભુનો પાડ માની મુડદાંને ઠેકાણે પાડો અને ધાયલોની બરદાસ્ત થવા શહેરમાં મોકલી દો. આ હુકમ સાંભળી સર્વે શાંત પડી ગયા. એક પળ પહેલાં જ્યાં તરવારો ને ભાલા ઉછળતા હતા, દીન દીન ને હર હરના પોકાર પડતા હતા, મારો મારો વગર એકપણ બીજો શબ્દ સંભળાતો નહોતો, ત્યાં હમણાં બધા શાંત થયા. લગાર પણ અવાજ આવતો નહિ. માત્ર ધાયલ થયેલા મુડદાં નીચે દબાયાથી અને સજીવ મનુષ્ય તેમના ઉપર ચાલી જતાં હોવાથી તેમના કરૂણામય અવાજ સિવાય કાંઇ સંભળાતું નહોતું. મહંમદખાંના હુકમથી સર્વે મુસલમાની સૈન્યે હથીયાર છોડયાં. દુરગાદાસે મહંમદખાંની તરવાર પાછી આપી કહ્યું કે સાહેબ પાદશાહે વગર કારણે અમારો દેશ લેઇ લીધો છે, એટલુંજ નહિ પણ તેના નામથી તેના અમલદારોએ અમારા ઉપર એસીતમ જુલમ ગુજાર્યો છે તે સહન ન થયાથી અમે અમારા દેશને છોડવવાને હથીઆર પકડયાં છે, એવા દેશાભિમાનીઓની સામાં હવે આ તરવાર નહિ ઉચકો એવી આશા છે. મહંમદખાંએ શરમાઇને નીચું જોયું. દુરગાદાસે ગંભીર ને મહંમદખાંની બરદાસ્ત લેવાનું સોંપી તેમને શહેરમાં રવાના કર્યા કેમકે તેબરખાનનું લશ્કર દૂરથી આવતું જણાતું હતું, તેમના સામા થવાની હવે ગોઠવણી કરવાની હતી.

આણી તરફ તેબરખાનને જે સમાચાર મળ્યા હતા તે સમાચારે રજપુતોની તરવારો ન કરે તેવું કામ કર્યું. તેણે જે બાતમીદારો હરોલમાં મોકલ્યા

હતા. તે ખબર લાવ્યા કે શહેર બહાર અહીંથી થોડે દૂર મુસલમાનોના મુડદાંના ઢગલા પડેલા છે. હજુ કેટલાક તો ઘાયલો પણ બુમો મારતા મે દીઠા. તેમાંના એક ઘાયલે કહ્યું કે દુરગાદાસે આપણા સૈન્યની ખાખાવીખી કરી નાંખી છે. મહમદખા ઘાયલ થઇ શરણે થયો છે ને કિલ્લાનો સરદાર દિલાવર માર્યો ગયો છે. રજપુત સૈન્ય અસંખ્યાત છે એવામાં મહંમદખાંના લશ્કરમાંથી નાશી આવેલા કેટલાક મુસલમાન સિપાઇઓએ આવીને એ વાતને ટેકો આપ્યો: તેણે કહ્યું કે દિલાવરે મહમદખાંને વાત કરી તે વખતે હું હતો તેથી જણાય છે કે ગઢ પણ રજપુતોએ લીધો છે અને ઇનાયતખાન કેદ પકડાયો છે. કેટલાકે તો વાત વધારીને કહ્યું કે સાહેબ મહંમદખાં ને અકબરખાન બંને સરદારોનાં સૈન્ય હારીને શરણ થયાં છે. રજપુત સૈન્ય પાર વિનાનું છે. પણ દુરગાદાસે સૈન્ય રચના એવી રચી છે કે તેની સખ્યા થોડી જણાય અને આપણે ભૂલાવામાં પડી ફસાઇ મરીએ. ઉદેપુરવાળા પણ રાઠોડોની મદદે પોતાનું બળવાન સૈન્ય લેઇ આવેલા છે. મહારાણા ભીમસિંગજીને ભીમની માફક લઢતાં મે મારી નજરે જોયા છે આ સર્વે સમાચારથી તૈબરખાન ડર્યો. તેના લશ્કરના પણ હાંજા નરમ પડયા. તેઓ મરણ પાસે આવેલું જોઇ થર થરવા લાગ્યા. તૈબરખાને જોયું કે શરણ થવા કરતાં પાછા ફરી સલામત જગાએ જઇ નવી મદદ આવતા સુધી રાહ જોવામાં ડહાપણ છે લઢીને તાબે થવું એ કરતાં પાછા ફરી સલામત જગાએ જવું, એ સારૂં છે, તેથી તેણે પોતાના લશ્કરને પાછા ફરવાનો હુકમ કર્યો.

દુરગાદાસે મુસલમાની સૈન્યને પાછા ફરતાં જોયું. એટલે ગુલાબસિંગ અને ભીમસિંગજીને પડખે રહી મુસલમાની સૈન્ય રોકવાને સવારો આપી મોકલ્યા. એક બાજુથી તીરને બંધુકોની ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો ને સામેથી પોતે થોડા સવારો લેઇ નાગી તરવારો લેઇ ધશી ગયો હવે મુસલમાની સૈન્ય ગભરાટમાં પડયું. જે પ્રથમ ધીરે ધીરે ચાલતું હતું તે હવે ભાર ઓછો કરવાને હથીઆરો ફેંકી દેઇ જે જેને જેમ ફાવ્યું તેમ નાસવા લાગ્યા. તૈબરખાનના હુકમની કોઇ દરકાર રાખતું નહીં. સર્વે ભયભીત થઇ ભાગવા લાગ્યા. હવે સલાહ વગર છૂટકો નથી. એમ તૈબરખાનને લાગ્યું. ચારેબાજુલશ્કર ઘેરાઇને મરવા લાગ્યું ને મુડદાના ઢગલા પડલા લાગ્યા. એટલે તેણે સલાહનું કહેણ મોકલ્યું. તેણે કહાવ્યું કે પાદશાહી વાવટો અમારા સ્વાધીનમાં રહેવા દેવો, અને અમને અને અમારાં માણસોને સલામત તાકીદે અજમેર જવા દેવાં એ શરતે

અમારાં હથીઆર છોડવાને તૈયાર છીએ. દુરગાદાસે કહ્યું કે આ અને પહેલાંની લઢાઇઓમાં જેટલા મુસલમાન સરદારો કેદી પકડાયા છે તેટલા રજપુત સરદારો જે પાદશાહ પાસે કેદમાં છે ને જેનાં નામ અમે આપીએ તેટલાને તાબડતોબ બદલો કરવો તથા જે સિપાઇઓ હમણાં અમારે શરણ થાય તેમણે કુરાનના સોગન લેઇ અમારા સામાં ફરીને નહિ લઢવાની પ્રતિજ્ઞા લેવી એ સરતે તમારી બોલી અમે કબુલ કરીએ છીએ. તૈબરખાને તે સરત કબુલ કરી પોતાના સૈન્યને વગર કારણે મરતું બચાવવાને સંધી કરી હથીઆર મૂકયાં એટલે તેનું સૈન્ય પણ પોતાનાં હથીઆર છોડી શરણ થયું દુરગાદાસે તૈબરખાનની તરવાર પાછી આપી અને તેમને તથા બીજા સરદારોને રામસિંગના સ્વાધીનમાં સોંપી તેમને માન સાથે જોધપુર શહેરમાં મોકલ્યા. બાકીના મુસલમાની સૈન્યને કુરાનના સોગન આપી પાસેના ગઢમાં થોડાં માણસોની રખવાળી નીચે માનસિંગની સાથે મોકલ્યાં. અને પોતે તથા ભીમસિંગજી અકબરખાન જે મુસલમાની સૈન્યનો ત્રીજો ભાગ લેઇ આવતો હતો તેની ખબર લેવાને સામા ચાલ્યા.

ગંભીરસિંગની સાથે મહંમદખાં શહેરમાં ચાલ્યો. તેને રાજ્ય મેહેલના એક ભાગમાં ઉતારો આપવાનો હતો. પણ મહંમદખાં જખમોથી એટલો અશકત થયો હતો કે પાટા બાંધ્યા વગર તેનાથી સવાર થવાય તેમ નહોતું. ગંભીરે તરફી વાળંદને બોલાવી પાટા બંધાવ્યા ને મેહેલમાં લાવી ઉતારો આપ્યો. એવામાં દુરગાદાસ તરફથી સમાચાર આવ્યા કે તૈબરખાન પણ શરણ થયો છે. અને થોડીવારમાં રામસિંગની સાથે તૈબરખાન પણ મેહેલમાં દાખલ થયો. મહંમદખાંએ ઉદાશ ચેહેરે પોતાનો હાથ લંબાવ્યો. તૈબરખાને કહ્યું કે તમારે ઉદાશ થવાનું કારણ નથી. તમારા આ જખમોજ કહી આપેછે કે તમે તમારો ધર્મ બજાવ્યો છે. પણ નસીએ તમને યારી આપી નહીં તેમાં તમારો વાંક નથી. પરંતુ એકપણ જખમ ખાધા વગર હું શરણ થયો છું. હું આપણા અજીત્સ પાદશાહને શું મોં બતાવીશ. હું મારો જીવ બચાવવાને નહિ પણ મારા બહાદુર ને મારાપરની ભક્તિભાવવાળા સિપાઇઓની ખાતર શરણ થયો છું. મેં જોયું કે આ રજપુત સૈન્ય કાંઇ માણુસનું નહીં પણ દેવી માણસોનું છે તેમના સામા લઢીને મારા શુરા પેહેલવાનો નકામા કપાઇ મરશે. ગમે તેવા બળવાન સૈન્ય વડે પણ તેમને જીતાય એવું નથી ત્યારે નકામા શા માટે ઝંપલાવવું? આ વિચારથી શરણ થયો.

આ વાતો ચાલતી હતી તે સમયે ગંભિર પોતાના સરદારની પડખે જવાને ઉતાવળો થયો. તેણે મહંમદખાંની બરદાસ્ત લેવાનું કામ રામસિંગને સોંપ્યું ને મહંમદખાંની રજા માગી. મહંમદખાંએ કહ્યું કે ફરી મળતા સુધી રામ રામ. તમે મારા દુશ્મન જેવી નહિ પણ ભાઇ જેવી વર્તણુક ચલાવી છે. ગંભિર બોલ્યો કે સાહેબ અમે અમારા સરદારનો દાખલો લેઇએ છીએ કે જે સરદાર સર્વ માણસ જાતનો મિત્ર છે. આ સાંભળી તેબરખાન તેના તરફ આશ્ચર્યની નજરથી જોવા લાગ્યો ને બોલ્યો કે અરે! ભાઇ તું કોણ છે? આટલો બાળક છતાં આવા અનુભવ વૃદ્ધ જેવાં વાકય બોલેછે! ગંભિરે કહ્યું કે સાહેબ મારૂં નામ ગંભિરસિંગ છે. એથી તે વધારે આશ્ચર્ય પામીને બોલ્યો કે ત્યારે રોહિતના કિલ્લા ઉપર પ્રથમ ચઢનાર તે તમેજ હતા કે શું? ગંભિરે નીચું જોયું. પણ માનથી તેનું મન ભરાઇ ગયું. તેના કરેલા પરાક્રમની મુજ તેના સરદારે કરીને તેને ઠાકોર બનાવ્યો હતો, પણ તેના પરાક્રમની કીમત તેના દુશ્મનોમાં પણ થએલી જોઇ તેનું હૈયું પ્રફુલ્લિત થયું તેણે નરમાશથી સલામ કરી કહ્યું કે, હાજી તે હુંજ. અને તેજ જગાએ મારા સરદારે મને ઠાકોર બનાવ્યો છે અને પોતાના નાના ભાઇ તરીકે સ્વિકાર્યો છે. આ સાંભળી તેબરખાન સાનંદાશ્ચર્યથી બોલ્યો કે જ્યાં મારવાડનાં બાળકો આવાં છે ત્યાં આખી પ્રજા લઢવાને ઉઠી એટલે આપણા લશ્કરનો શો આશરો?

મહંમદખા બોલ્યો કે આવું સાંભળતાં આપણને હાર્યાનું દુઃખ લાગતું નથી. કેમકે આપણે જાણીએ છીએ કે આપણા અજીત સૈન્યના નાયકને શરણે આવ્યા છીએ. જ્યાં નાનાં બાળકો આવાં શૂરાં છે અને મરદો બળવાન હોઇ પોતાના સરદાર ઉપર ફીદા થએલા છે ત્યાં આ દેશ આપણે કેમ સાચવી શકવાના છીએ? અરે આ દેશની સ્ત્રીઓજ કેવી છે? જ્યારે દુરગાદાસના ઘર ઉપર સમશેરખાંએ સૈન્ય મોકલ્યું, ત્યારે દુરગાદાસની વૃદ્ધ માતાએ દુરગાદાસનો જે બચાવ જેવી દ્રઢતાથી કર્યો તે મેં જાતે જોયો છે. પણ તે વૃદ્ધ માજીનું એ દુષ્ટ સમશેરખાંએ ખુન કર્યું.

આ સાંભળતાં ગંભિર ગુસ્સામાં બોલી ઉઠયો કે અરે તમારી અમીરાતને ધિક્કાર છે જો તમે સમશેરખાંનું એ ઘાતકી કામ જોઇ રહ્યા તો. એમ હોય તો સાહેબ આ ઘરમાંથી આપ સિધાવો ને આપના સિપાઇઓ રાખ્યા છે ત્યાં કે બીજી કોઇ જગાએ પધારો, અને પોતાનું માતાનું ખુન થએલું

જોનાર રૂપે તમે દુરગાદાસને હવે મોં બતાવશો નહિ. એ પ્રમાણે બાળકને નરમ સ્વભાવનો ગંભિર હુકમ કરનાર ગુસ્સાવાળો સરદાર બનેલો જોઇ સર્વ જોઇ રહ્યા. તેબરખાન પણ આભો બની ગયો.

મહંમદખાંએ પોતાનો હાથ લંબાવી તેનો હાથ પકડયો ને કહ્યું કે ભાઇ ગંભિર, હું સોગન ખાઇને કહું છું કે મેં જો સમશેરખાંને માજીનો ઘાત કરતાં જોયો હોત તો તેજ ક્ષણે આ તરવાર તેના પેટમાં ખોસી હોત. મેંતો તે પહેલાં વૃદ્ધ માજીને જોયાં હતાં. અને તે વખતે મેં રહેમ દીલ બતાવ્યું એવું સમશેરખાંને લાગ્યાથી તેણે મને રૂપગઢ મોકલ્યો, ત્યાંના સરદાર સાથે કજીયો થવાથી હું કંટાળીને દિલ્લી ગયો. ગંભિરે કહ્યું કે અરે! ત્યારેતો તમે તેજ મહમદખાં કે જેણે મારા વૃદ્ધ માજી સાથે માન ભરી વર્તણુક ચલાવી હતી. અરે! તેમ હોય તો મેં તમારા ઉપર વિના કારણ ગુસ્સો કર્યો તે માટે હું માફ માગું છું. મહંમદખાંએ કહ્યું કે નહિ, માફ માગવાની કાંઇ જરૂર નથી. હું તેજ મહંમદખાં છું. હું દિલ્લી ગયો ત્યારે કેટલાક બોલવા લાગ્યા કે હું દુરગાદાસની તરફેણમાં અને રાજ્ય દ્રોહી છું. પાદશાહે તે ઉપરથી મને દુરગાદાસની સામાતેબરખાનના હાથ નીચે મોકલ્યો. જો હું ના આવું તો રાજ્યદ્રોહી ઠરૂં. હું જો કે દુરગાદાસને માન આપુંછું તથાપિ એને બળવાખોર તરીકે લેખું છું અને તેથીજ પાદશાહે કરેલી નેમણુક મેં બહાલ રાખી નહતો હું મારવાડમાં ફરીને લઢવા આવત નહિ. આ સાંભળીને ગંભિર બોલ્યો કે આ સાંભળી હું બહુ ખુશી થયો. મારો સરદાર મને હમેશાં કહેછે કે કાંઇ બધા મુસલમાન સરખા નથી. તેમાં પણ દયાળુ, પ્રમાણિક અને ખરા વીર પુરૂષો છે. અને તે તમે આજે મને પુરવાર કરી આપ્યું. જયારે દુરગાદાસ જાણશે કે મને શરણ થનારામાં એક એવો છે કે જેણે મારી માની સાથે માનભરી વર્તણુક ચલાવી હતી ત્યારે તેને ભેટીને તે કેટલો ખુશી થશે. એમની માના મોતથી થતી દીલગીરીમાં અને તેથી મુસલમાનો ઉપર ઉપજતા ગુસ્સામાં કેટલો ઘટાડો થશે. પણ આ વાત હું એમની મેળે અહીં આવીને તમને મળશે ત્યાં સુધી તેમને કહેનાર નથી. એમ કહી તેણે રામસિંગને મહંમદખાંની સુપરત કરી. પછી તે ઘોડે સ્વાર થઇ દુરગાદાસ પાસે જવાને ઘોડો કુદાવતો ચાલ્યો. એવામાં માર્ગમાં માનસિંગ ને તેના સવારો મળ્યા. માનસિંગે ગંભિરને કહ્યું કે આપણે ઠીક થયું તે મળ્યા. ચાલો હવે આપણે ગઢ તાબે લેવાની માગણી કરવાને જઇએ છીએ અકબરખાન ને તેનું સૈન્ય પણ શરણ

થયું છે.

અપૂર્ણ.

---

3. AUTHORSHIP.

૩. ગ્રંથ કર્તૃત્વ.

ચાલુ સમયમાં ગ્રંથકર્ત્તા કે લેખકનો ધંધો કરવાની ઇચ્છા રાખનારા આપણા ગુજરાતીમાં ઉત્પન્ન થતા જણાવાથી અમને આ વિષય લખવાની જરૂર પડીછે. ગ્રંથો લખીને, ન્યુસપેપરો ચલાવીને કે માસિક કે અઠવાડિકમાં લખનારા થઇને ગુજરાન ચલાવવાની ઇચ્છા રાખનારને આ વિષય ઉપયોગી થઇ પડશે એવી આશાછે.

આપણા દેશમાં આ રિવાજ હજુ શરૂ થતોજ છે એટલે આપણા દેશમાં એવાં દૃષ્ટાંતો આપી તે ઉપરથી શિક્ષા આપી શકાય એવું થોડુંજ છે. જે થોડા લેખકો છે તે માત્ર પોતાની કલમ, કાગળ ને શાહી ઉપર આધાર રાખનારા નથી. તે દરેકને કોઇ કોઇ જાતનો બીજો ધંધો છે. એ ધંધામાંથી થોડો વખત બચાવી ગ્રંથો લખેછે. આજે જે ન્યુસપેપરો અને માસિક નીકળે છે, તે ચલાવનારાની કાંતો કમીટી કે સભા હોય છે અથવા તો તેઓ શરૂઆતમાં તેજ ધંધો કરનારા નહિ હોય. કિંવા પોતાના વડીલોથી પૈસા વારસામાં મળ્યા પછી એ વર્તમાનો ચલાવનારા થયા હશે. વળી કેટલાક તે કામ સાથે બીજા ધંધામાં પણ સામેલ થએલા હશે. આ વર્ગ બાદ કરતાં જીંદગાનીની શરૂઆતથીજ માત્ર કલમ, કાગળ ને ખડીઆ ઉપર આધાર રાખનારા હોય એવા અમારા જાણ્યામાં નથી.

આપણા મરહુમ કવિ નર્મદાશંકરે થોડી મુદ્દત માસ્તરની નોકરી કર્યા પછી તે ધિક્કારી કહાડી છોડી દીધી ને પોતાની કલમનેજ આધારે પોતાનો નિર્વાહ ચલાવવાનો નિશ્ચય કર્યો હતો. કવિ તરીકે નર્મદાશંકર ગૂજરાત કરતાં મુંબાઇમાં વધારે જાણીતા હતા, અને ત્યાંજ તે સમયમાં ગ્રંથોની વધારે ખપત થતી હતી. તેટલું છતાં પાછલા સમયમાં નોકરી નાહ કરવાનો કવિનો દૃઢ ઠરાવ કવિને તોડવો પડયો હતો અને લાચારીથી મુંબાઈમાં નોકરી કબુલ કરવી પડી હતી તે આપણે જાણીએ છીએ. નર્મદાશંકર કવિ કાવ્ય કરતાં ગદ્યના

લખનારા ઉત્તમ હતા. એમના જુસ્સાદાર, છટાદાર, ને રમિક લખાણનાં સર્વ ગુજરાતી વાંચનાર વખાણ કરતા હતા. તેમનું લખાણ સૌ હોંશથી વાચતા. વળી તેઓનું લખાણ પણ થોડું નથી. તે છતાં ત ા ડા. બ્યુલર જેવા તેની સહાયમાં છતાં તેઓ પોતાનો નિર્વાહ યથાયોગ્ય ચલાવી શક્યા નહિ ને પોતાની દૃઢતા તજવી પડી.

ગુજરાતીમાં એવો બીજો દાખલો મળવો દુર્લભ છે. પણ પરદેશોમાં માત્ર લખાણ ઉપર નિર્વાહ ચલાવનારા ઘણા થઇ ગયા છે. તેમણે પોતાની જીંદગી શી રીતે ગાળી છે તે જાણવું રમુજી પણ દુઃખદ તથાપિ તે સુચક રૂપ હોવાથી જાણવું આવશ્યક છે તેથી તે એક અંગ્રેજી ગ્રંથને આધારે આ નીચે આપીએ છીએ.*

"ગ્રંથ કર્તૃત્વનો દેખાવ" એ નામના પુ તકમાં જે કોકસ કહેછે કે "ગોલ્ડ સ્મીથ પોતાના ચીના તત્વવેત્તાને મુખે કંગાળ બુદ્ધિનાં નામની લાંબી યાદી ગણાવે છે. તે કહે છે કે પ્રાચીન કાળના વિદ્વાનોમાં હોમર આદિ કવિ અને આદિ ભિક્ષુક હતો—એ અંધ મનુષ્ય જે સેરીઓમાં પોતાની કાવ્ય ગાતો હતો. તેનું મોં ખોરાક કરતાં કાવ્યથી વધારે ભ લું રહેતું. પ્લાટસ કાંઇ સારી સ્થિતિમાં હતો કેમકે તે એ કામ કરતો. ગુજરાન ચલાવવાને એક ઘટી ચલાવતો ને વિસામાના સમયમાં કાવ્ય કરતો. ટેરન્સ શું ગુલામ નહોતો અને બાથીઅસ શું બંધીખાને મુવો નહોતો. ટસો પોતાના માસિક ખર્ચ માટે ઘણીવાર પોતાના મિત્રો પાસેથી ઉછીના પૈસા લેતો હતો. તેને રાત્રે લખવાને બત્તી પણ મળતી નહોતી તેથી તેણે રાત્રે લખવાને પોતાની બિલાડીની આંખો પ્રકાશને માટે માગી એવી મતલબની એક કાવ્ય લખીછે. સ્પેનનો સરવન્ટીસ ભૂખમરાથી અને પોર્તુગાલનો કેમોઅન્સ ઇસ્પિતાલમાં મરણ પામ્યા હતા. ફ્રાંન્સના વાગીલાસને લોકો મશ્કરીમાં ધુવડ કહેતા હતા, કેમકે તેને એટલું કરજ હતું કે કરજદારોના ડરથી રાત્રે બહાર જઇ શકતો નહિ."

પણ બીજા દેશના કવિ ને ગ્રંથકર્તાના દુઃખનો મુકાબલો બ્રીટિશ બેટોના કવિ ને ગ્રંથકર્તાના દુઃખ સાથે કરતાં તે કાંઇજ નથી. સ્પેન્સર, ઓટવે, બટલર, ને ડ્રાઇડનનાં નામ હમેશાં દેશને નિંદાસ્પદ યાદ કરવામાં આવેછે, કેમકે તેમાંના કેટલાક છેક દરિદ્રાવસ્થામાં હતા અને કોઇક તો ભૂખમરાથી મરણ પામ્યા હતા. કાલાઇલ કંપતાં જણાવેછે કે વટાણાની સીંગનાં ઉકાળેલાં છોડાં

*How to exact in study Chapter XIV.

ખાઇને હેન્સ રહેતો, જીન પાલ્સ પાણી ઉપર રહેતો અને જોનસન્સ રોજના ત્રણ આનામાં નિર્વાહ કરતો. જોનસન અને સેવેજ સુવાની જગા ન મળવાથી લંડનની સેરીઓમાં રખડતા લોંગફેલો વર્હુવે છે. એટવે કૂતરાની પેઠે ભૂખો મુવો. ગ્રીન આર્થર કોર્ટમાં ગોલ્ડસ્મીથ પૈસા વગરનો હતો. મનુષ્યના ઇતિહાસમાં ગ્રંથકર્તાનાં ચરિત્રોનું પ્રકરણ બહુ દુખઃદ છે. ડ્રાઇડન કહે છે કે—

"અસુખી મનુષ્ય તેજ છે કે જેણે પ્રથમ કલમ ઘસડવાનું કામ કર્યું. તે પોતાના આત્માને રંજન કરવાને નહિ પણ પરાત્માને રંજન કરવાને જીવે છે. તે હમેશાં પોતાની જીંદગી લખાણમાં કહાડે છે, છતાં તમને જે ગમે તે આપો તે ખાયછે પીએ છે. એનું કાવ્ય ગમે તેવું પ્રશંસા પાત્ર હશે તોપણ તે કવિને દરેક મૂર્ખ મનુષ્ય ભૂખે મરવા દેશે." વળી લાઇડ કહે છે કે—

"અરે કીર્તિવંત ધંધા, કેમકે બુદ્ધિના ધંધાએ ઘણાં મનુષ્યોને નિભાવવાને બદલે ખરાબખસ્ત કર્યાં છે. લી, ગે, એટવે, ડ્રાઇડન એમને પોતાના ગ્રંથો, કીર્તિ અને જીંદગી કહેવાદો અને તે ઉપરથી દુનિઆને કાંઈ ઉપયોગી શીખામણ લેવાદો".

સાઉધીએ એક જુવાન ગૃહસ્થને ઈ. સ. ૧૮૧૩માં લખ્યું હતું કે કોઇ પણ જુવાન ગમે તેની બુદ્ધિ છતાં અને ઉદ્યોગ કરતાં પણ માત્ર લખાણથીજ પોતાનો નિર્વાહ ચલાવી શકશે નહિં. જે જુવાન કવિ કીર્તિના દેવળની જાત્રાએ જવાને માત્ર આશારૂપી ભાથું લેઇને નીકળે તેને માર્ગમાં મોટી આફત પડવાની. તેને માર્ગમાં નિરાશારૂપી કાદવની જગા અને મુસ્કેલીરૂપી ડુંગરો નડશે અને છેવટે મરણની ખીણમાં પડાશે. શ્રાન સ્ટોન એક અભાગ્યા ઢોંગીને આ પ્રમાણે ચિત્રે છે. તે દેખીતા સુખ ને માનેલા શાંતિમાં એક કાવ્ય બનાવે છે તેમાં તે લખે છે કે મારૂં દેવું વાળી દીધું. અને હવે હું બીજા કોઇના હક્ક અને દાવા વગરની સવા રૂપિઆની મીલ્કતનો માલીક થયો છું !! અહાહા! કેવો ભાગ્યશાળી!

મી. થાકરે પણ ગ્રંથકર્તૃત્વને ધનદ ગણતો નથી. તેણે સઘળાં માબાપ અને વાલીઓને કહ્યું છે કે તમારાં બચ્ચાંને ગ્રંથ કર્તૃત્વનો ચેપ લાગવા દેશો નહિ. એણે સન ૧૮૪૩માં પૂછ્યું હતું કે ઇંગ્લાંડના સઘળા ગ્રંથ કર્તા તપાસો કે તેમનું ત્રણ ટકાના વ્યાજથી કેટલું નાણું રોકાયું છે? એવો એક પણ લેખક છે કે જેણે માત્ર ગ્રંથ કર્તા તરીકેની પોતાની કમાઇમાંથી પાંચ હજાર પૌંડ બચાવ્યા હોય? વકીલો, ડાક્ટરો! અને બીજા સર્વ વિદ્વાનો

પૈસા બચાવી શકેછે. નારંગી વેચનાર યાહુદી ને રસ્તામાં ઝાડું કહાડનાર પણ પૈસા બચાવે છે. ધનવાન થવાનો હુન્નર માત્ર વેદીયાનેજ માલમ નથી. ઘણું કરીને તેઓ જેવા ખાલી હાથે આ દુનિઆમાં આવ્ય હતા તેવાજ ખાલી હાથે આ દુનિઆમાંથી ચાલ્યા જાયછે.

કોલરીજ જુવાન ગ્રંથ કર્તાને પોતાના જાતિ અનુભવ ઉપરથી નીચે પ્રમાણે પ્રિય ઉપદેશ આપેછે. ગ્રંથ કર્તૃત્વ ધંધા તરીકે પકડશો નહિ. માત્ર એક અસાધારણ મનુષ્યના અપવાદ સિવાય તે કહેછે કે મેં એવો એક પણ બુદ્ધિવંત મનુષ્ય જોયો નથી કે તે બીજો ધંધો કર્યા સિવાય સુખી કે તનદુરસ્ત હોય. એ ધંધો એવો હોવો જોઇએ કે જેમાં નિયમિત રોકાણ થાય. અને જે પ્રમાણિકે બજાવતાં જેમાં તનદુરસ્તી, જુસ્સો ને માનસિક મહેનતની સાધારણ જરૂર પડે. ચાર્લ્સ લેંબનો બર્નાર્ડ બાર્ટન સાથે સંવાદ નામના પત્રમાં બાર્ટન નિર્વાહના કાંઇપણ આધાર વગર પુસ્તક વેચનારના ભવિષ્યના આધાર ઉપર પોતાની જીંદગી જંપલાવવા વિચારે છે. એ પત્ર જે જુવાન ગ્રંથ કર્તૃત્વનાં ચકચકિત દુઃખો માટે વૈતરૂં કરવાની આનાકાનીમાં હશે તેને બહુ અગત્યનો છે એવું તાલકુંડ કહેછે. એ પત્રમાં લેંબ કહેછે કે જો કોઇ મનુષ્યને ધંધામાંથી પરવાર્યા પછી સુતા પહેલાં માત્ર પાંચ મિનિટ પણ મળતી હોય તો તેટલા વડે સંતોષ માની તેઓ ભલે સો વર્ષ જીવે, પણ ગ્રંથ વેચનારાના ગુલામ થવા કરતાં તો તટરપિયન ખડક ઉપરથી નીચે લોઢાના ખીલા ઉપર મસ્તક ભેર પડી મરવું બેહેતર છે.

લાર્ડ લીટનના વિજયી વિદ્વાનમાં વિજયના ત્રણ નિયમો આપ્યાછે તે સર્વ ધંધાને લાગુ પડેછે. ૧ જે મહેનત વડે મળી શકે તેનો બુદ્ધિ ઉપર આધાર રાખવો નહિ. ૨ જે શીખ્વાને મહેનત કરી નથી તે શીખવવાનો ઢોંગ કરવો નહિ. ૩ અને જે કામ કરવાને મહેનત કરવી નથી તે કરવાનું વચન આપવું નહિ. આ નિયમો સાથે તે પાંડિત્યના ઉમેદવારને કહેછે કે, વિદ્યા—જો મનુષ્ય પોતાના ધંધા તરીકે નગણે અને સ્વભાવિક શક્તિઓની શરૂઆતની કેળવણી કે જે સર્વ ધંધામાં ઉપયોગી છે તે સારા શિક્ષકોથી લે, તો—બીજાની પેઠે એ પણ સારો ધંધો છે. તે વગરતો જોડાને બ્લાકિંગ લગાડવાનું કામ કરવું હજાર દરજજે સારૂં છે.

અપૂર્ણ.

4. HOW TO PROLONG LIFE.

૪. આયુષ્ય વધારવાની યુક્તિ.

(સાંધણ પાને ૧૭૯મેથી.)

આ જગતમાં જાનવરની જાતિ એ વધારે સંપૂર્ણ સેંદ્રિય પ્રાણીમાં બીજો વર્ગ છે. તેની હૈયાતીમાં ને જાતમાં ઘણોજ તફાવત છે. હાથી અને દૈનિક પ્રાણીમાં કેટલો તફાવત છે! એક સો વરસ કરતાં વધારે જીવે છે ત્યારે બીજું માત્ર એકજ દીવસની હયાતી ભોગવે છે, અને તે પોતાની હયાતીના વીસમે કલાકે તો તેના કુટુંબમાં અનુભવી વૃદ્ધ ગણાય છે. હાથી અને દૈનિક પ્રાણીની વચમાં જીવન શક્તિ અને હયાતીના તફાવતવાળા અત્યંત વર્ગો છે. પણ તે સર્વમાંથી આપણે મૂખ્ય સવાલ "જીંદગીની હયાતી વધારે રહેવાનો આધાર શા ઉપર છે"! એનું નિરાકરણ કરવામાં જેટલી હકીકતની જરૂર છે તેટલીજ ઉદાહરણ તરીકે લેવામાં આ જગાએ ઉપયોગમાં લેઇશું.

શરૂઆતમાં આપણે કીડા લેઇએ. એ પ્રાણી સર્વથી વધારે અપૂર્ણ અને લગભગ વનસ્પતિને મળતું છે. તેની કોમળ ને નાજુક બનાવટથી તેનો બહુજ સહેલાઇથી નાશ કરી શકાય છે. પરંતુ તેનામાં પોતાનાં અવયવો પુનઃ ઉત્પંન કરવાની શક્તિ હોવાથી તેઓ તે ઉત્પંન કરી શકે છે. એટલુંજ નહિ, પણ જો તેના બે કે ત્રણ કકડા કરીએ તોપણ તેઓ જીવી શકે છે તેથી તેનું આયુષ્ય નક્કી કરવું મુશ્કેલ પડે છે.

આ વર્ગમાં કેટલાંક પ્રાણી નાશ નહિ કરાય એવાં હોય છે. એ બાબત ફોંટાના અને ગોટઝે એ ઘણા જાણવા જોગ અખતરા કરી જોયા છે. ફોંટાનાએ કેટલાક ચક્રજંતુ અને કેશજંતુ ને સૂર્યના તાપમાં સુકવ્યા અને તવામા શેકી નાંખ્યા. તે પછી છ માસ રાખી મૂક્યા પછી પણ તે તેમના ઉપર માત્ર હુંફાળું પાણી નાંખ્યાથી સજીવન કરી શકયો. આ અખતરા ઉપરથી આપણું કહેવું સત્ય ઠરે છે કે જેમ ઇંદ્રિઓ વધારે અપૂર્ણ તેમ તેની જીંદગી વધારે દ્રઢ.

આ પ્રાણીઓમાં જેની ઇંદ્રિઓ પશુઓને મળતી ને વધારે સંપૂર્ણ છે તેઓ ઉપલાં જંતુઓના જેવા પુનઃઉત્પંન કરવાના ચમત્કાર કરી શકતા નથી. પણ કુદરતે તેમને માટે બીજી યોજના કરી છે કે જેથી તેઓ લાંબી મુદત હયાતી ભોગવે છે. એટલે તેઓ રૂપાંતર થઇ જાય છે. એ જંતુઓ બે, ત્રણ કે

વખતે ચાર વરસ સુધી કીડા કે ચેળ તરીકે રહે છે અને પછી રૂપાંતર થઇ કોશેટું થઇ જાય છે. એ નિર્જીવ જેવી સ્થિતિમાં કેટલીક મુદત રહ્યા પછી તે પૂર્ણ પ્રાણી રૂપે દેખા દે છે. એ પ્રમાણે થતાં તેને પ્રથમ આંખ, પછી પાંખ અને શરીર દેખાય છે. હવે તે નવિન પ્રાણી ઉત્પંન કરવાને લાયકનું બને છે. આસ્થિતિને જે તેનું તારૂણ્ય કહી શકાય તે ટુંકીજ હોય છે. તે પછી તે જલદીથીજ મરી જાય છે. કેમકે તેજ તેની હયાતીનું અંત બિંદુ ગણાયછે.

જીંદગીના! હયાતી ટકવાનાં જે ધોરણો મેં આપ્યાં છે તેની સાથે ચેળ કે જંતુના રૂપાંતરનો ચમત્કાર કેવો મળતો આવે છે તે કહ્યાં વગર મને ચાલતું નથી. ચેળ તરીકેની એની પ્રથમ સ્થિતિમાં તેની હયાતી કેવી અપૂર્ણ તેની ગતિ કેટલી કમીછે! તેનામાં ઉત્પંન કરવાની શક્તિ તો હોવી શક્યજ નથી. તેનામાં મૂખ્યત્વે ખાવાની ને પચવાનીજ શક્તિ માત્ર દેખાય છે. કેમકે કેટલાક કામળીઆમાં તો પાચન શક્તિ એટલી હોય છે કે ૨૪ કલાકમાં તેમના વજન કરતાં ત્રણ ગણો ખોરાક ખાઇ જાય છે. તે ઉપરથી જણાય છે કે તેમનો જાતિ ઘસારો ઘણોજ થોડો હોવો જોઇએ; અને તે ઘસારો અજબ રીતે પુરાવો જાઇએ. હવે એ સ્થિતિમાં તેમનું ઘટતું જતું કદ અને અપૂર્ણતા છતાં પણ તેઓ વધારે જીવે તો તેમાં નવાઇ જેવું કાંઇ નથી.

તેની મધ્ય સ્થિતિમાં પણ એજ ધોરણ લાગુ પડે છે. એ કોશેટાની હાલતમાં તેને કાંઇ પોષણ જોઇતું નથી, કેમકે તેને આંતરીક કે બાહ્ય કોઇ જાતનો ઘસારો લાગતો નથી પણ તેની હયાતીની ત્રીજી કે છેલ્લી સ્થિતિમાં તેને પાંખ, આંખ વગેરે સર્વ અવયવો વાળું પૂર્ણ શરીર હોય છે. તે વખતે તેની આખી હયાતી એક જગાથી બીજી જગાએ ઉડવાની નિરંતર ગતિમાં જાય છે. એ પ્રમાણે તેનો ઘસારો નિરંતરનો છે છતાં તેના પોષણનો કે પુનઃપૂર્ણતાનો વિચાર આપણે કરતાજ નથી. કેમકે કેટલાંક પતંગીઆંને તો એક વખતે મુખ પણ હોતું નથી. આ પ્રમાણે ઘસારો ઘણો અને તેનો બદલો વાળવાનું ઠેકાણું નહિ, તે પ્રાણી વધારે હયાતી શી રીતે ભોગવી શકે! અને તે અનુભવ સિદ્ધ છે કે એ જંતુ તરતજ મરી જાય છે. આ ઉપરથી એ એકજ પ્રાણી આ પણ પૂર્ણ ને અપૂર્ણ જીંદગી અને લાંબી ને ટુંકી હયાતીના સંબંધ બતાવે છે.

ભૂજળચર પ્રાણી પોતાની હયાતી લંબાવી શકે છે. તે તેમની જીંદગીના ચીવટપણાને લીધે છે, એટલે તેમના ચૈતન્ય અને સ્થુળ દેહનો સંબંધ એટલો ઘાટો છે કે તેને છૂટાં પાડવાં મુસ્કેલ પડે છે. તેમ તેમની હયાતી બહુ ઘસારે

લાગે એવી પણ નથી.

જીંદગીના ચીવટપણાના કેટલાક દાખલા ખરેજ નવાઇ જેવા છે. કાચબા ખાધા વગર કેટલીક મુદ્દત સૂધી જીવતા જોવામાં આવેલા છે. અને દેડકાનું રક્તાશક કહાડી લીધા છતાં તેઓ કુદતા જોવામાં આવ્યા છે. એક કાચમો છ અઠડીઆં સૂધી બીલકુલ ખોરાક વગર જીવ્યો હતો. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે તેમને જાતિ ઘસારો ઘણોજ થોડો છે અને તેમને પુનઃપ્રાપ્તિની ઘણી થોડીજ ગરજ પડે છે એટલુંજ નહિ પણ એવું પણ સાબીત થયું છે કે ટોડ જાતના દેડકા પથરની કે આરસની અંદર બંધ થઇ ગએલા જીવતા રહેલા જોવામાં આવ્યા છે. ત્યાં તેઓ ઇંડાની અંદર થએલા કે પૂર્ણ શરીર વાળા તે તો કોણ જાણે પણ એ બંને રીતે તે આપણને આશ્ચર્ય પમાડે છે; કેમકે એ આરસને વધીને બંધ થઇ જતાં કેટલાં બધાં વરશ લાગ્યાં હશે!! એટલાં બધાં વરશ એ ટોડ શી રીતે જીવી શક્યા!

આ ઉપરથી સમજાય છે કે પુનઃપ્રાપ્તિ કરવાની શકિત હયાતી લંબાવવામાં કેટલી ઉપયોગી છે. તેથી કરીને મરણ પામવાનાં ઘણાં કારણો અને ભય નકામા થઇ જાયછે, અને જે આખા ભાગો નાશ પામ્યા હોયછે તે નવિન ફરીને ઉગે છે. ચામડીને લગતો જે ચમતકાર આ જાતના પ્રાણીઓમાં જોવામાં આવેછે તે પણ આનેજ લીધે છે સાપ, દેડકા, કાંકીડા ઇત્યાદિ દર વરસે પોતાની કાંચળી (ચામડી) ઉતારે છે. આ રીતે પુનઃ જુવાની પ્રાપ્ત કરવાથી તેમને આધાર મળવામાં અને હયાતી વધવામાં મદદ મળેછે એમ માલમ પડેછે. આ બાબતને મળતો કાંઇક બનાવ આખા પ્રાણી વર્ગમાં બને છે પક્ષીઓ પોતાનાં પીછાં અને ચાંચ બદલે છે, નાનાં જંતુનું રૂપાંતર થાયછે, અને ઘણાંખરાં ચોપગાં પોતાના વાળ અને ખરીઓ બદલે છે.

નિરીક્ષાથી અત્યાર સૂધીમાં આપણને જેટલું માલમ પડયું છે તે ઉપરથી માલમ પડેછે કે કાચબા અને મગર સર્વથી વધારે આયુષ્ય ભોગવે છે.

કાચઓ એ સુસ્ત, પોતાની સર્વ ગતિમાં ધીમો, અને જડ જેવો છે. વળી તે વધવામાં એટલો ધીમો છે કે એક નિરીક્ષકને વીશ વરસમાં ભાગ્યેજ તે થોડા ઇંચ વધેલો જણાશે. એ સો કે તેથી વધારે વરસ સૂધી જીવે છે.

મગર એ એક મોહું, મજબુત, અને ભારે ગતિવાળું બળવાન પ્રાણી છે તેને આસપાસ એવાં મજબુત ભીંગડાં છે કે તે બખતરનું કામ કરેછે

તથા તે આખું ને આખું ખાઇ જાય એવું ઘાતકી પ્રાણી છે તથાપિ તેની પાચન શકિત ઘણી તિવ્ર છે. તે પણ દીર્ઘાયુષ્યો છે. કેટલાક મુસાફરો એવું કહેછે કે સર્વે પ્રાણીમાં એ એકલુંજ પ્રાણી એવું છે કે જે મર્ણ પર્યંત વધેછે.

જળ પ્રાણીઓમાં થંડા લોહીવાળાં પ્રાણી (માછલાં) કેટલું આયુષ્ય ભોગવે છે એ જાણવું નવાઇ જેવું છે. પ્રાચીન રોમ ઇતિહાસ ઉપરથી જણાય છે કે રાજ્યમત્સ કુંડમાં કેટલીક જાતની માછલી સાઠ વર્ષની થઇ હતી. અને તેઓ મનુષ્ય સાથે એટલી હળી ગઇ હતી કે તેમાંની એકના મરણ સમયે ક્રીસસ નામનો એક રોમન વકતા રડયો હતો. પાઇક નામની સૂકા પણ બહુજ ઘાતકી માછલી થાયછે તે તથા કાર્પ નામની માછલી કેટલાક વજનદાર શોધકના લખવા પ્રમાણે ૧૫૦ વરસ સૂધી જીવે છે એમ જણાય છે. સાલમન જાતની માછલી વધેછે પણ જલદી અને મરેછે પણ જલદી. અને પર્ચ જાતની માછલી વધેછે ધીમે ધીમે ત્યારે તે દીર્ઘાયુષ્ય ભોગવે છે.

આ જગાએ આપણે કહેવું જોઇએ કે બીજાં પ્રાણીઓ કરતાં માછલાંમાં કુદરતી મોત કવચિતજ આવેછે. બળીઆના બે ભાગ કે મારે તેની તરવાર એ કહેવતનો ઉપયોગ આ પ્રાણીમાં વધારે થાયછે. મતલબ કે બળવાન નાબળાને ખાઇ જાયછે. અને તેથી એમ કહી શકાય કે જળચરમાં મોત થોડું થાયછે, કેમકે મરનાર બીજા સજીવ દેહમાં જતું રહેછે. તેથી મોતની મધ્ય સ્થિતિ જમીન કરતાં જળમાં વધારે સાધારણ છે. બળવાનના જઠરમાં નિર્બળનું કોહોવાણ થાયછે.

આ પ્રમાણે કરવામાં કુદરતે બહુજ ડહાપણ ખર્ચેલું જણાય છે કેમકે જો એ પ્રમાણે થતું ન હોત તો જે અસંખ્યાત પ્રાણીઓ જળમાં વસે છે ને જેઓ સંખ્યા બંધ દરરોજ મરે છે તે જો બીજાં પ્રાણી ગળી જતાં ન હોત તો તેઓ આ પૃથ્વી ઉપર કેટલી ઝેરી હવા પ્રસરાવત અને તેનાં કેવાં માઠાં પરિણામ આવત. વનસ્પતિ જે હવાને સુધારનાર છે તે જળમાં થોડી છે કિંવા નથી એમ કહીએ તો ચાલે ત્યાં નિરંતર સજીવ પ્રાણીની હયાતીનીજ જરૂર છે. મુવેલાં ન જોઇએ. અને તેથીજ કુદરતે જળમાં બળીઆના બે ભાગનો કાયદો ચલાવ્યો છે. એ બહુજ ડહાપણનું અને સારૂં કામ કર્યું છે.

અપૂર્ણ.

---

5. THE ARYAN MEDICINE AND RELIGION.

૫. આર્ય વૈધક શાસ્ત્ર તથા આર્ય ધર્મશાસ્ત્રનું ઐક્યમત.

(સાંધણ પૃષ્ટ ૨૧૩મેથી).

બ્રાહ્મણ —ચરકમુનિએ દેવ અને ગાયની અર્ચાનું પ્રતિપાદન કરી ત્રીજા નંબરમાં બ્રાહ્મણોને ગણ્યા. આ જાત વિદ્યોપજીવિ છે. વિદ્યા ભણવી તથા ભણાવવી આ તેનો મુખ્ય રોજગાર છે. આજ દિવસ સુધીમાં જે જે મોટા તત્વજ્ઞાનીઓ, ઋષિઓ, મુનિઓ અને આચાર્યો થઇ ગયા છે તે સઘળા બ્રાહ્મણોજ હતા. પ્રાચીન કાળમાં હાલના જેવું જાતિ બંધારણ નહોતું. ગુણ અને કર્મ ઉપરથી જાત ઓળખવામાં આવતી હતી. હાલના જમાનામાં પણ આપણા દેશમાં જોઈશું તો બ્રાહ્મણની જાતિજ વિદ્યા ખાતામાં આગળ પડતી છે લોકોને શુભ માર્ગે દોરનારા બ્રાહ્મણોજ છે. તેથીજ તેને પૂજ્ય વર્ગમાં ગણેલા છે. હાલમાં કાળના મહિમાને ...ધે આ જબરદસ્ત પ્રજાની સ્થિતિ દિવસે દિવસે અધમ થતી જાયછે તેથીજ આપણા દેશની સ્થિતિ પણ નિકૃષ્ટ દશાને પ્રાપ્ત થાય છે. અશ્વત્થામા, દ્રોણાચાર્ય, અને પરશુરામ વગેરે કેવા ધીર પુરૂષો આ જાતિમાં થઇ ગયા છે. સુબંધુ, ગુણાઢ્ય, વાલ્મિક અને કાળિદાસ વગેરે કેવા કવીશ્વરો થઈ ગયા છે, વ્યાસ, જૈમિનિ, કપિલ, પતંજલિ વગેરે કેવા શાસ્ત્રવેત્તાઓ હતા, વિશ્વકર્મા અને મય વગેરે કેવા શિલ્પશાસ્ત્ર નિપુણ હતા, ભાસ્કરાચાર્ય અને વરાહમિહિર વગેરે કેવા જ્યોતિષ શાસ્ત્રવેત્તાઓ થઈ ગયા છે, ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ વગેરે વૈધક શાસ્ત્રનો સંપૂર્ણ શોધ કરનારા થઇ ગયા છે. ગૌતમ અને કણાદ વગેરે કેવા ન્યાયશાસ્ત્રના જાણનાર થઇ ગયા છે.

આવી રીતે સૂક્ષ્મદૃષ્ટિથી તપાશીશું તો જેટલો સરસ્વતી દેવીનો ખજાનો છે તે સઘળો બ્રાહ્મણોના હાથમાંજ હતો. અને સંસાર સુધારાના કામમાં આકોમજ આગેવાન હતી. આવા ઉત્તમ ગુણોથી અને કાર્યોથીજ રાજા તથા પ્રજામાં તેમણે પોતા વિષે ઘણોજ ચાહ અને સન્માન મેળવ્યાં હતાં, ઉત્તમ ચરિત્રોથી આખા દેશમાં તેમની કીર્તિ વ્યાપી હતી, ઘરમાં નાનામાં નાનું કાર્ય

કરવાનું હોય તોપણ લોકો તેની સલાહ લીધા વિના કરતા નહીં જેનો નમુનો આજ દિવસ સૂધી પણ ચાલ્યો આવેછે સારા નરસા પ્રસંગમાં બ્રાહ્મણની સલાહ લીધા વિના ગૃહસ્થો કાર્ય કરતા નથી પ્રથમ કાળમાં તેમની ઉપજીવિકાને સારૂ મોટાં મોટાં વર્ષાસનો મળતાં હતાં તેથી વ્યાવહારિક બાબતોનાં ખર્ચ પૂરાં પાડવા તેમને રળવા જવાની કશી ફીકર નહોતી તેથીજ તેઓ દેશોન્નતિને માટે વિચાર કરવા રાત દહાડો મશગુલ રહેતા હતા. રાજ્યના અંગ સરખા બ્રાહ્મણ વર્ગને બીજી પ્રજા પણ માનદાન આપતી અને તેના બદલામાં તેની પાસેથી સદ્બોધ તથા વિદ્યાને ગ્રહણ કરતી.

હરેક ધંધામાં આપણે સરખી રીતે થવી જોઇએ તેમ કરવામાં જેટલે અંશે ખામી રહે તેટલી એ ધંધાના નભાવમાં પણ ખામી આવે. હાલના વખતમાં આપણે નજીવી થઇ ગઇ છે તેથીજ આર્ય પ્રજા પાયમાલ થઇ ગઇ છે. આ સર્વ બાબતનાં કારણો તથા વ્યાખ્યાનો આપવા જઇએ તો ઘણું લંબાણ થઇ જાય માટે આ બાબત બીજા પ્રસંગ ઉપર મુલતવી રાખીએ છીએ.

ગુરુ—વિદ્યા શીખાવનારને માન આપવું એ તો સર્વની ફરજ છે શાસ્ત્રોમાં ગુરૂને ઇશ્વર તુલ્ય ગણેલ છે શ્રુતિમાં કહ્યું છે કે यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ॥ तस्यैते कथिता ह्यर्थाः प्रकाशंते महात्मनः ॥ "જેને દેવ ઉપર પરમ ભાકત હોયછે અને જેવી દેવ ઉપર તેવીજ ગુરૂ ઉપર ભકિત હોયછે તેજ મહાત્માનેજ વિદ્યાની સર્વ બાબતો પ્રકાશિત થાયછે. લોકોમાં કહેવાયછે કે ગુરૂ વિના જ્ઞાન મળતું નથી આ વાત બિન તકરાર છે. ગુરૂનો વિશેષ મહિમા જોવો હોય તો ગુરૂ ગીતા વગેરે ગ્રંથોમાં જોઇ લેવો.

વૃદ્ધ—વૃદ્ધ પુરૂષ અનેક પ્રકારના છે. વિદ્યાવૃદ્ધ, તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ વગેરે જે માણસ જે બાબતમાં વધે તે માણસ તે વિષયમાં વૃદ્ધ ગણાય છે. વૃદ્ધને માન આપવું. વૃદ્ધને માન નહીં આપીએ તો આપણે પણ કોઇક દિવસે વૃદ્ધ થવાના ત્યારે આપણને કોણ માન આપશે. જેવાં આચરણ આપણે કરીશું તેવી અસર આપણા છોકરાંઓ ઉપર થશે. આપણા કેટલાએક જુવાનીઆમાં એવો ચાલ પડી ગયો છે કે જે વૃદ્ધ થાય તે કશામાં સમજે નહીં. સાઠી ને બુદ્ધિ નાઠી એવી રીતનાં વચનો કહી વૃદ્ધોનો તિરસ્કાર કરેછે આ રીત તેમની ઘણી નઠારી છે પાકેલું ફળ કેવું સ્વાદિષ્ટ થાયછે તેજ પ્રમાણે વ્યવહારમાં ઘડાઇ ઘડાઇ પાકેલું માણસ કેમ નિરૂપયોગી થાય. પાર્લ-

મેન્ટમાં જે મેમ્બરો છે તે સઘળા વૃદ્ધજછે. अलंकरोतिहिजराराजामात्यभिषग्गुरून् । विडंबयतिपण्यस्त्रीमल्लगायकसेवकान् । "રાજા, કારભારી, વૈદ્ય અને ગુરૂને જરાવસ્થા શોભા આપેછે અને વેશ્યા, મલ્લ, ગાયક અને સેવકની હેરાનગતિ કરેછે. કારણ કે જરાવસ્થામાં પોત પોતાનું કામ બની શકતું નથી." આવો પણ એક શ્લોક છે. કહેવાનો સારાંશ એટલોજ કે વૃધ્ધોને સન્માન આપવું હિતકર છે.

અપૂર્ણ

---

6. ACKNOWLEDGEMENT OF BOOKS.

૬. પુસ્તકોની પહોંચ.

વિદ્યા હુન્નર અને હિંદ—મદ્રાસની ખેતીવાડીને લગતી કાલેજના ગ્રાજ્યુએટ શાહ મોતીલાલ કશળચંદે આ નામનું એક માસિક આગસ્ટ માસથી પ્રસિદ્ધ કરવા માંડ્યું છે એમાં ખેતીવાડી જનાવરોની દવા, હિંદની વનસ્પતિન નામ તથા ઉપયોગ, રસાયણ શાસ્ત્ર, પરચૂરણ હુન્નર અને વિદ્યા હુન્નરના પ્રશ્નોના જવાબ વગેરે આપવાનો કર્ત્તાનો ઉદ્દેશ છે. એની કીમત વર્ષ એકના રૂ. ૨-૦-૦ રાખવામાં આવીછે. ટપાલ ખર્ચના છ આના વધારે. રચનાર હાલ પુનામાં સદાશીવ પેંટમાં વિશ્રામ બાગ પાસે નાના ભીડેના વાડામાં જનાવરોનાં દવાખાનામાં છે. વિદ્યાર્થિ, ખેડુત, લાઇબ્રરી, કારીગર અને વીશ રૂપિઆથી ઓછા પગારના મહેતાજીઓને આ માસિક અર્ધ કીમતે મળશે. એ માસિક રોયલ આઠ પેજી ત્રણ ફારમનું છે. ગૂજરાતીમાં ખજાને હુન્નર અને કૃષિ શાસ્ત્ર નામનાં બે પુસ્તકો આ પ્રગટકર્ત્તાનાં કરેલાં છે, તે ઉપરથી ઉપરનાં માસિકમાં લખવા ધારેલા વિષયો લખવાને કર્ત્તા શક્તિવાન છે એમ સમજાય છે. આ પ્રથમ અંકમાં એ માસિકનો ઉદ્દેશ, ખેતીવાડી, જનાવરોની દવા, હિંદની વનસ્પતિ, રસાયણ શાસ્ત્ર અને પરચૂર્ણ એ ચાર વિષયો સમાવેલા છે. એ વિષયો એવી રીતે છપાવવામાં આવે છે કે તે વિષયો પૂરા થયા પછી તેમનાં ચાર જુદાં પુસ્તકે બાંધવાં હોયતો બાંધી શકાય. જનાવરોની દવામાં પ્રથમ ઘોડાનું ચિત્ર, હાડપિંજર અને તેના રોગ ને ઉપાયો આપવા માંડ્યા છે. હિંદની વનપતિમાં વછનાગ, અતીસ કે અતિવિખ, વખમો, જદ-

વાર, કાળીજીરી, યમીરો, બાદીઆન, ચપો, સીતાફળ, રામફળ, કલબકાચરી, કાકફળ, વેણીવેલ આટલી વનસ્પતિ વિષે વિવેચન કર્યું છે. તેમાં એ વનસ્પતિનાં હિંદી, સંસ્કૃત, મરાઠી, ફારસી એ બોલીમાં બોલાતાં નામ આપ્યાં છે તથા તેને અંગ્રેજીમાં શું કહે છે તે લખ્યુંછે. તે ક્યાં થાય છે, તેનું વર્ણન, તેનો કયો ભાગ વપરાય છે અને તે શા કામમાં કે દવામાં વપરાય છે તે પણ બતાવ્યું છે. રસાયન શાસ્ત્રમાં આ વખતે છબી કેમ પાડવી તે તથા તેમાં વપરાતી દવા ને તેમાં લેવાની સંભાળ બરાબર બતાવી છે. એ વગર પરગૂર્ણમાં હવાના ફેરફાર વિષે સાદા નિયમો, કે જે ઉપરથી વરસાદ કે તોફાન ક્યારે થશે તે જાણી શકાય તે આપ્યા છે. તથા તે વગર બીજા કેટલાક ઉપયોગી હુન્નરો બતાવ્યા છે. છેવટે વિદ્યા હુન્નર વિષે પુછાયલા પ્રશ્નો ને તેના ખુલાસા આપ્યા છે તે પણ ઉપયોગી છે.

આ માસિક ગૂજરાતીમાં પહેલુંજ છે. એમાં આ અંકમાં સમાવેલા વિષયો જેવા ઉપયોગી વિષયો આવવાથી તે ગૂજરાતી પ્રજાને રૂચીકરને ઉપયોગી થઇ પડશે એમાં લગારે શક નથી. એમાં ભાષા પણ એવી સહેલી ગૂજરાતીમાં લખેલી છે કે તે, એ પુસ્તક ખેડુતને પણ સમજવું સહેલું પડે તેમ ખેડુતો માટે એની રાખેલી એક રૂપિઆની કીમત પણ ઘણી નથી. અમે ઇચ્છીએ છીએ કે અમારો આ નવો મિત્ર આ પ્રથમ અંક જેવાજ વિષયોથી પ્રજાને ઉપયોગી થઇ દેશોન્નતિમાં મદદગાર સાધન થાય અને દીર્ઘાયુ ભોગવે.

રામ વિરહ—આપણા ગૂજરાતમાં પ્રખ્યાત થએલા રાવ બહાદુર ગોપાળરાવ હરિ દેશમુખના પુત્ર રામચંદ્ર જે વડોદરાના રાજ્યમાં ઘણા વરસથી ઊંચા હોદ્દા ઉપર નોકર હતા, તેમના સ્વર્ગવાસથી થએલા શોકનું વર્ણન આ નાનકડા કાવ્ય પુસ્તકમાં છે. એ ચોપડી માળીઆના માજી ફોજદાર ચોકસી મોતીલાલ ભાઇચંદ ઉર્ફે અનુભવી લ્હેરીએ બનાવી છે. મરનાર રામચંદ્ર પોતાના પિતાની માફક પ્રમાણિક ને લોક પ્રિય હતા તથા વિદ્વાન અને જુવાન હતા.

લોકભ્રમ—આ નામની ચોપડી અમદાવાદમાં નીકળતા હિંદુસ્તાન નામના પત્રના અધિપતિ વનમાળી લાધાભાઇ મોદીએ છપાવી છે. એમાં લોકમાં ચાલતા ભૂત પ્રેત, શકન મુહુર્ત અને જ્યોતિષ ઉપરના વહેમનું ખંડન કર્યું છે. લખાણની ભાષા સાદી પણ અસરકારક છે. લખનાર સુધારાવાળો (નવા સુધારાવાળો) છે એમ તેનું લખાણજ કહી આપેછે. કવિ નર્મદાશંકર

અને તેના કેટલાક સોબતીઓ પ્રથમ જેવા સુધારાના આગેવાન થઈ યુરોપી સુધારો દાખલ કરવાને મંડ્યા હતા, તેવા વિચારના આ ગ્રંથ કર્ત્તા હોય એમ તેમનું લખાણ જણાવે છે. પણ જેમ કવિ નર્મદાશંકરને પોતાના વિચારો પાછળથી બદલવા પડ્યા તેમ વનમાળીદાસને પાછા પડવું ન પડે તેવી સંભાળ રાખશે તો ઠીક. પુસ્તકની વસ્તુ વિષે વિચાર કરવાનું તો અમે વાંચનારની મુનસફી ઉપર સોંપીએ છીએ. એ પુસ્તક આખું સાડા પાંચ ફારમનું સોળ પેજી છે ને તેની કીમત આઠ આના છે, જે ઘણી વધારે છે. જે લોકોમાં મી. વનમાળીદાસે બતાવેલા વહેમો ચાલેછે તેવા લોકોને માટે તો સસ્તાં પુસ્તકો જોઇએ કે તેનો ફેલાવો થઇ ઉપયોગ થાય. પણ આવી નાની ચોપડીની આઠ આના કીમત રાખ્યાથી તેવો ફેલાવો થવાનો અમને સંભવ જણાતો નથી.

The Indian excise system and how to reform it—અથવા હિંદુસ્તાનની અબકારી રીતિ અને તેમાં કેવો સુધારો કરવો તે વિષે અંગ્રેજીમાં એક પુસ્તક બહાર પડયું છે, તેની એક નકલ અમને મળી છે. એ પુસ્તક બંગાળામાંના દાર્જીલીંગની દારૂ નિષેધક મંડળી (Temperance society) એ છપાવી બહાર પાડયું છે. તેમાં, એ મંડળીએ હિંદુસ્તાનની અબકારી રીતિમાં શા સુધારા કરવા જોઇએ એ વિષે એક બંગાળાના લેફ્ટેનેંટ ગવરનરને અને ઇંગ્લાંડની કામન્સની સભાને કરેલી અરજી તથા તે માટે મળેલી સભામાં એ વિષે આપેલાં ભાષણો અને વિચારો વગેરે બતાવવામાં આવેલાં છે.

પાર્લામેંટનો મેંમ્બર મી. કેન આ દેશમાં આવી ગયા પછી વિશેષે કરીને હિંદુસ્તાનમાં ચાલતી અબકારી રાજ્યનીતિ આ દેશના લોકની બત્રીશીએ ચઢી ગઇ છે. અને એ ખરૂં છે કે આ દેશની પ્રજાને પોલીસ, અબકારી ને જંગલ એ ત્રણ ખાતાં સુખને બદલે ઉલટાં દુઃખ કરતા થઇ પડયાં છે. અમે એ પુસ્તકમાં બતાવેલા અબકારી રીતિમાં કરવાના ફેરફારો સાથે એકમત છીએ અને ઇચ્છીએ છીએ કે જેવા દેશી પ્રજાને સારૂ દેશી દારૂ માટે ધારા થાય તેવાજ યુરોપી કે પરદેશી દારૂ માટે થાય કે જેથી દેશી દારૂ બંધ થયે પરદેશી દારૂનો આ દેશની ઉપલા વર્ગની પ્રજા આશરો લેતી અટકે. અમે એ મંડળીની ફતેહ ચાહીએ છીએ.

નીચે લખેલી ચોપડીઓ અમારી આપીસમાંથી વેચાતી મળશે. રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
" " ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ ...	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧...૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
" ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦...૬...૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શઢી	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે. રો-કડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પધ્ધતિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધી	૦—૦—૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦...૬...૦	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦	૦—૦—૬
હસાહસ	૦—૬—૬	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦	૦—૦—૬
દલપત શત શહી	૦—૭—૦	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦
જાત-મહેનત (Self-help)	૩—૦—૦	૦—૪—૬

ચોપડીઓનું લીષ્ટ.

	કીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬ ...	૦—૦—૬
નિબંધ રીત......	૦—૬—૦ ...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮ ...	૦—૦—૬
શંકર દિગ્વજય મૂળ સહિત ભાષાંતર ...	૪—૦—૦ ...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦ ...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬ ...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦ ...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦-૧૦—૦ ...	૦—૧—૦

☞ જોઇતું કરતું જરૂર માગી લેજોજી.

☞ માગ્યા વિના મા પણ પીરસતી નથીજી.

કાઠિયાવાડની ભૂગોળ વિદ્યા, મુંબાઇ ઇલાકાની ભૂગોળ વિદ્યા, ભરતખંડની ભૂગોળ વિદ્યા, પૃથ્વીની ભૂગોળ વિદ્યા, પિંગળનો સાર, ગુજરાતી ચોથા ધોરણ માટે મુસલમાની રાજ્યોનો ઇતિહાસ, સંધી પ્રકરણ વગેરે જોઇએ તે ખુશીથી મંગાવજો. ભાવ બહુજ સસ્તો રાખ્યો છે. ભૂમિતિ પ્રકાશ રૂપિઆ એકની પાંચ પ્રત, પોસ્ટેજ માફ. એ સિવાય બીજી બહુએ જાતની શાળાપયોગી ચોપડીઓ અમારી પાસેથી મળશે. અમારી સાથે વ્યવહાર રાખવાને પ્રમાણિક પુરૂષો અને સ્ત્રીઓને નિમંત્રણ કરીએ છીએ. જરૂર, જે જોઇએ તે મંગાવજો. તમારે માટેજ ચોપડીઓ છપાવી છે. તમે નહીં રાખો ત્યારે બીજું રાખશે કોણ?

પુરૂષોત્તમ કહાનજી ગાંધી—લીંબડી.

પરચૂરણ.

ઘણા જણ ઉપર અજમાવી જોએલો વીંછીનો ઉપાય.

ચમાર દૂધલીના થોડા વેલા લઇ તેને બે હાથ વતી થોડા ચોળી પછી કરડેલા માણસને ચડેલા ભાગથી છ આંગળ નીચે સદરહુ વેલાનો ફરતો લીટો કરવો તેથી કરેલા લીટા નીચે ચાર આંગળ ઉતરશે વળી તેની નીચે પણ ઉપર પ્રમાણેજ કરે જવુ ને વટ ડંકેલા ભાગ પર આવે ત્યારે તેજ વેલા ખૂબ ચોળી લગાવી દેવા કેમકે તેમ કરવાથી વીંછી તરત ઉતરી જશે.

માધવજી લાધા શાહ.

આલમ્પર સરકારી ગૂજરાતી નિશાળના મહેતાજી.

॥ विज्ञान विलास ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે નવેંબર સન ૧૮૮૯. અંક ૧૧મો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृद-मां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટકરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કારીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી
ન વાળે તો રૂા. ૨-૮-૦, ટંપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.
RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળા પાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧. જાતિ સ્વભાવ સારો નહોય તો સારી સંગતથી શું ?	૨૪૧
૨. દુરગાદાસ	૨૪૨
૩. ગ્રંથ કરતૃત્વ	૨૪૬
૪. આયુષ્ય વધારવાની યુક્તિ	૨૫૦
૫. આર્ય વૈદ્યક શાસ્ત્ર તથા આર્ય ધર્મશાસ્ત્રનું ઐકયમત	૨૫૬
૬. પુસ્તકોની પહોંચ	૨૬૩

Subjects.	Page.
1. The Poem	241
2. Durgadas	242
3. Authorship	246
4. Art of prolonging life	250
5. The aryan medicine and religion	256
6. Acknowledgementofbooks	263

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના

નાણાનો પહોંચ.

ગ્રાહકોનાં નામ	રૂપિઆનો આંકડો	વિસેષ હકીકત.
ખેડુની સ. ગુ. નિશાળ.	૦—૩—૦	પુ. ૨૦માનો અંક ૭મો.
રાજકોટ ટ્રેનિંગ કોલેજ સ્કોલર લાઇબ્રરી.	૧—૦—૦	પુ. ૨૦ (અરધી કીમતે).

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે નવેંબર સન ૧૮૮૯. અંક ૧૧મો.

1. THE POEM.

૧. જાતિ સ્વભાવ સારો નહોય તો સારી સંગતથી શું.?

પદ.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો) એ ઢાળ.

કહો કેમ સંગત લે તે સૂધારી;
એવા જીવ સૂધરે ન આપ વિચારી—કહો કેમ૦ટેક
સંત સમાજમાં કિરત ન સાંભળે, શુદ્ધ બુદ્ધિ ચિત્ત ધારી;
આનંદ પદ નવ ઓળખે શઠ વળી, કાન કુબુદ્ધિ દે ભારી. કહો કેમ૦ ૧.
શ્રીમંત સાથે સદાય રહી અને, રાંક રળેજ અપારી;
તોયે અમિર ગુણ આવે ન એમાં, શ્રીમંત શું સુખકારી! કહો કેમ૦ ૨.
રાણીની સાથે રહે સદા દાશી, ભાવ ધરી મન ભારી;
દૂર રહે ન, તથાપિ જાણે, રાજનિતિ નહિં સારી. કહો કેમ૦ ૩.
સુંદર એક સરોવર માંહિ, વાસ કમળરે વિચારી;
ગંધ કમળ તજી કીચમાં મ્હાલે, મેડક મન શુભ ધારી. કહો કેમ૦ ૪.
પુષ્પના પુંજે કે કપૂર વિષે કદી, રાખો મરી ખૂબ ભારી;
તજશે ન આપ નિખાશ તથાપી, સંગત શું ગૂણકારી. કહો કેમ૦ ૫.
દૂધ પાઇ કદા સાપ ઉછેરિએ, કરિએ અમૃત આ'રી;

વિખ તજે નહિં વાલપ લાવીએ, જુઓને હૃદય વિચારી. કહો કેમ૦ ૬.
ચંદનનો ગુણ શિતળ જાણો, ભોરીંગ ત્યાં રહે ભારી;
પરશે એ નિશદિન પંડમાં તોપણ, કરડે કોટ વિકારી. કહો કેમ૦ ૭.
સત્સંગીને જ્ઞાન ન થાયે, આવે ન દીલ રંગ વારી;
ફળશે ન કાનજી વિના અનુભવ, એ સત્સંગ સૂખકારી. કહે કેમ૦ ૮.

કાનજી માધળજી ભટ્ટ. રંધોળા

---

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાંધણ પૃષ્ટ ૨૨૮મેથી.)

અકબરખાન એ ઔરંગજેબ પાદશાહનો સૌથી નાનો શાહજાદો હતો. પાદશાહની એના ઉપર ઘણી પ્રીત હતી. પરંતુ આલમગીર બહુ અવિશ્વાસુ હતો. એને કોઇના ઉપર વિશ્વાસ નહોતો. સરદાર ઉપર કે પુત્ર ઉપર કોઇ ઉપર વિશ્વાસ નહોતો. જેણે જેવું કર્યું હોય તેવું તે બધાને દેખે. પોતાના બાપને કેદ કરીને અને ભાઇ ભત્રીજાને મારી નાંખીને પોતે રાજ્ય મેળવ્યુ હતું તેથી તે ધારતો હતો કે વખતે મારી પણ તેજ વલે થાય. જેની આંખમાં કમળો હોય તે બધાને પીળા પીળા દેખે એ કહેવત આલમગીરે ખરી કરી આપી. તે સર્વ સ્થળે દગો દેખતો હતો. તેથી કોઇપણ ઠેકાણે સૈન્ય મોકલે તો તે સરદાર ઉપર દેખરેખ રાખવાને બાતમીદાર મૂક્યા વગર તે રહેતો નાહ. અકબરખાનને પણ તૈબરખાન ઉપર બાતમીદાર તરીકે પાદશાહે મોકલ્યો હતો. પણ એ બંને વચે ઘાટો સ્નેહ બંધાયો હતો. અકબરખાનને અંદરખાનેથી બાતમીદાર તરીકે મોકલ્યો હતો તોપણ દેખીતો તેને તૈબરખાનના હાથ નીચે સરદાર તરીકે નીમ્યો હતો. અનુભવી સરદારના હાથ નીચે લશ્કરી તાલીમ આપવાની દેખીતી મતલબ હતી.

એ અકબરખાન પાસે વીશ હજાર માણસનું સૈન્ય હતું. દુરગાદાસે એ સૈન્યને દૂરથી આવતું દીઠું કે પોતાના એ માણસોને ઇનાયતખાન, મહંમદખાન અને તૈબરખાનના જીતી લીધેલા વાવટા આપી તાબે થવાનુ કહેણ સાથે મોકલ્યા. તેમણે અકબરખાનને એ વાવટા બતાવી દુરગાદાસનું કહેણ કહ્યું. તેઓ

બોલ્યા કે જોધપુર કબજે થયુંછે અને આ ત્રણે સરદારો કેદ પકડાયા છે. દિલાવર માર્યો ગયો છે અને સઘળું મુસલમાની સૈન્ય હથીઆર છોડી શરણ થયું છે. અને અમારા સરદાર દુરગાદાસે આપને પણ શરણ થવાનું કહાવ્યું છે. શરણ થએલા પાદશાહી વાવટા જોઇ એ સંદેસા વિષે અકબરખાનને કાંઇ અંદેશો રહ્યો નહિ. તેણે ધાર્યું કે જ્યાં પચાસ હજાર સૈન્ય શરણ થયું અને મૂખ્ય સરદાર તાબે થયો, ત્યાં આ વીશ હજાર માણસનું શું ગજુંછે કે નકામા લઢીને તેમનો નાશ કરાવવો. આમ વિચારી તે પણ શરણ થવાને તૈયાર થયો. તે પોતાના હથીઆર ને વાવટો લેઇ દુરગાદાસની સન્મુખ આવ્યો. તેણે પોતાની તરવાર દુરગાદાસ આગળ ધરી તે દુરગાદાસે પાછી આપી એટલે સર્વે લશ્કર પણ પોતાનાં હથીઆર મૂકી શરણ થયું.

દુરગાદાસ વિજયસિંગને બંધન મુક્ત કરવા બહુ આતુર હોવાથી તેણે માનસિંગને થોડાં માણસો આપી ગઢ તાબે લેવાની માગણી કરવા આગળ મોકલ્યો. માનસિંગ શહેરમાં આવતો હતો ત્યાં માર્ગમાં ગભિર મળ્યો એટલે બંને જણ ગઢની માગણી કરવા ચાલ્યા. આ વખત ચંદ્રોદય થયો હતો. માનસિંગે માણસ મોકલી કિલ્લેદારને ગઢ તાબે કરવા કહાવ્યું. હવે કિલ્લેદાર ગભરાયો. તેણે જાણ્યું કે એકતો સંધી છતાં દિલાવરને નાશી જવા દીધો ને બીજું સુર્યાસ્ત થઇ ગયો તોપણ સંધી પ્રમાણે ગઢ સ્વાધીન કર્યો નહિ તેથી દુરગાદાસ આ સર્વે સૈન્ય સાથે મારો પણ નાશ કરશે. આ વિચારથી ગઢ ઉપર આવી શરણે થવાની તેની છાતી ચાલી નહિ, તેથી તે વિજયસિંગ પાસે ગયો. વિજયસિંગે જાણ્યું કે વળી આ મરણની જગાએ લેઇ જવાને આવ્યો છે. પણ એટલામાં કિલ્લેદાર બોલ્યો કે ઠાકોર સાહેબ મેં તમારો પ્રાણ બચાવ્યો છે. દિલાવરે દોરી ખેંચવાનો હુકમ કર્યો તે સમયે એનો હુકમ અમાન્ય કરી મેં આપને બચાવ્યા છે, તો આપ મારી ખાતર આ વખતે કિલ્લા ઉપર આવી રજપુત સરદારને આ સૈન્યનો પ્રાણ બચાવવા અરજ કરો. આ ઉપરથી વિજયસિંગ કિલ્લેદારના આવવાનો ભેદ પામી ગયો.

વિજયસિંગની બેડી તોડી નાંખીને તેને એક તરવાર આપી. પછી બને જણ ગઢના કોટ પાસે આવ્યા. પણ માનસિંગ ચંદ્રના ઝાંખા અજવાળામાં પોતાના કાકાને ઓળખી શકયો નહિ. તેણે શરણે આવેલા વાવટા બતાવી કિલ્લેદારને કિલ્લો સ્વાધીન કરવાનો હુકમ કર્યો. આ સાંભળી વિજયસિંગ બોલ્યા કે આ કિલ્લેદારો દુરગાદાસની દયા ઉપર શરણે થઇ કિલ્લાની કુચી

સોંપવા તૈયાર છે. માનસિંગે પોતાના કાકાનો સાદ ઓળખ્યાથી કહ્યું કે કાકા, તમે જે કહેશો તે વચન આપવામાં આવેછે. આ સાંભળી કિલ્લેદારે કહ્યું કે હું માત્ર મારા સૈન્યના પ્રાણ બચાવવા માગું છું જો તે કબુલ કરો તો કિલ્લાની કુંચીઓ આપનીજ છે. માનસિંગે તે કબુલ કર્યાથી ગઢમાં રજપુત સૈન્ય દાખલ કરવાની તૈયારી કરવા માંડી. દરવાજા ખોલવા માંડેલા સાંભળી તે પોતાના પિતા કિશોરસિંગ જે ધનાયતખાનની રખવાળીમાં હતા ત્યાં દોડી ગયો ને સર્વ હકીકત કહી સંભળાવી. તેણે કહ્યું કે પિતાજી મારાં માજીને પ્રથમ બંધન મુક્ત કરવાને હવે આપ કિલ્લામાં જાઓ. આ સાંભળી કિશોરસિંગે કહ્યું કે બેટા, તું કહેછે તે બરાબર છે. પણ તું જાણેછે કે મને મારા સરદારે આ જગાએ ચોકી ઉપર રાખેલો છે. માટે મારૂં ખાનગી ગમે તેવું અગત્યનું કામ હોય તોપણ તે રજા ન આપે ત્યાં સુધી મારાથી આ જગા છોડીને કેમ જવાય! માટે મારી જગાએ તું જા અને તારી માને બંધન મુક્ત કરી હું મારો ધર્મ બજાવવામાં રોકાયો છું તેની ખબર આપજે. ભાઇ, તારે પણ આ ઉપરથી ધડો લેવાનો છે કે ધર્મ આગળ ખાનગી કોઇપણ કામ આડે લાવવું નહિ. ગંભિર એ સાંભળી ગઢમાં જવા નીકળ્યો.

માનસિંગ ગઢનો કબજો લેતો હતો, તે વખતે વિજયસિંગ ઠાકોરે કહ્યું કે બેટા માનસિંગ, જ્યારે તારી અણ અનુભવી કમરે મારી તરવાર બંધાવી તને દુરગાદાસની સહાયે જવા તૈયાર કર્યો ત્યારે મેં થોડુંજ ધાર્યું હતું કે ચાર મહિનાની ટુંકી મુદ્દતમાં તું આ મજબુત જોધપુર ગઢનો કબજો લઇ શકીશ. પ્રભુની કુદરત ન્યારીજ છે. ગઢની કુંચીઓ લીધી ને લશ્કર હથીઆર છોડી તાબે થયું એટલે માનસિંગે કિલ્લેદારને કહ્યું કે મારાં કાકી ને ફોઇને રાખ્યાં છે તે જગાએ ચાલો. એ જગા અંધારામાં એક જુના ઓરડામાં હતી. ત્યાં અજવાળું નામે ન મળે. પણ માનસિંગ દિવો લાવ્યો હતો તેવડે તેજબાને પડેલી જોઇ વિજયસિંગે તેને ઉઠાડી. તેજબાએ કહ્યું ત્યારે શું આપણે મરવાનાં. દુરગાદાસે શું આપણને તજી દીધાં. વિજયસિંગથી કાંઇ બોલાયું નહિ ગંભિર પણ પોતાની માની આવીજ દશા થઇ હશે એ વિચારમાં બોલી શક્યો નહિ, તેથી માનસિંગે કહ્યું કે કાકી, હજુ તમારા મરવા પહેલાં તો ઘણા મુસલમાનો મરશે. હમણાં તો દુરગાદાસે તમારો છૂટકારો કરવાને મને મોકલ્યો છે. આ સાંભળી તેજબાના મનમાંથી મરવાના અને દુઃખના વિચાર જતા રહ્યા. વળી પ્યાર, વૈભવ ને સુખના વિચાર આવવા લાગ્યા. હવે

જાણે તે કેદખાનામાં નહિ, પણ દુરગાદાસની સમક્ષ હોય તેમ જ-ણાયું.

ગંભિર ને માનસિંગ આગળ ચાલ્યા. તો તેજંખાના જેવાજ ઓરડામાં ગંભિરની માને રાખેલી હતી. ત્યાં તે ઉંઘમાં પડેલી હતી. પણ જ્યારે ગંભિર તેને બોલાવવા લાગ્યો ત્યારે તેનો અવાજ સાંભળીને અને દીકરો પોતાની માતાને ભેટી પડયો તેનો પ્યાર જોઇને તેને એટલું આશ્ચર્ય લાગ્યું કે એ સ્વર અને એ લાડ તેને સ્વપ્નવત્ જણાયું. ગંભિરે કહ્યું માજી હું તેમને બંધન મુકત કરવા આવ્યો છું પણ એ બોલ તેને ભ્રમણા જેવા લાગ્યા. તે અવાજ સાંભળતી હતી, તેને ભેટી હતી, તેના ગાલ ઉપરના હર્ષાશ્રુનો સ્પર્ષ કરતી હતી, તોપણ તે તેના તરફ જોઇને બોલી કે હું શુદ્ધમાં છું! હું ગાંડી તો નથી થઇ! તે માનસિંગ તરફ ફરીને બોલી કે, હું આજે જોઉંછું તે મારો દીકરો છે, કે હું ગભરાટમાં બેભાન થઇછું. મારો ગંભિર નાશી ગયો હતો તે કોઈ જગાએ માર્યો ગયો હશે એમ હું તો માનતી હતી.

ગંભરે કહ્યું કે માજી હુંજ તમારો દીકરો ગંભિર છું. તમને કહ્યા વિના નાશીને દુરગાદાસ પાસે આવ્યો હતો તે દુરગાદાસે તમારો છૂટકારો કરવાનો મને અહીં મોકલ્યો છે. માનસિંગે કહ્યું કે ફોઇબા એ તમારો ગંભિરજ છે. એ સત્યજ કહેછે એણે દુરગાદાસ પાસે આવી રોહીતગઢમાં નામના કરીછે અને જોધપુર જીતવામાં પણ ભાગ લીધો છે. આ વચન સાંભળી તેણીને હર્ષાશ્રુ આવ્યાં. તે પોતાના પુત્રને ભેટીને બોલી કે બેટા તારો બાપ કયાંછે? શું દુર-ગાદાસે રૂપગઢમાંથી એમને છોડવ્યા નથી. ગંભરે કહ્યું કે મારા પિતાને છોડ-વી આણ્યા છે ને તેઓ અહીંજ છે. પછી પોતાના પિતા શા કામમાં રોકાયાથી નથી આવ્યા તે સર્વે વાત કહી સંભળાવી.

હવે માનસિંગ પોતાની બેન લાલબા પાસે જવાને નીકળ્યો. લાલબાનો ઓરડો તેજબાના ઓરડા કરતાં સારો ને મોટો હતો. તેમાં એક દીવો બળતો હતો પણ ઓરડામાં લાલબાને દીઠી નહિ. તેથી તે એક પડદો ખસેડી અંદર જાય છે તો લાલબા અંદર ઘુટણીએ બેશી પ્રભુ પ્રાર્થના કરતી હોય એમ જણાયું. તે પ્રભુ પ્રાર્થનામાં એટલી તો ગીરફતાર થઇ હતી કે માનસિંગના પગલાંની પડઘી સરખી પણ તેના જાણવામાં આવી નહિ. તેનું સર્વ ચિત્ત પ્રભુ સન્નિધ થયું હતું. થોડીવારે તે પોતાના જોડેલા બને હાથ ઉંચા કરી બોલી ઉઠી કે "આ જે વિજય ઘોષ સંભળાય છે તે જો રજપુતોનો હોય તો

હે પ્રભુ હું તારો પાડ માનુંછું, પણ તે જો તૈબરખાનનો હોય—ઇનાયતખાન જેનાથી હાર્યો તેને તૈબરખાન જીત્યો હોય, અને હું જેને ચાહુછું તેનો નાશ થયો હોય તો હે દયાળુ પ્રભુ તો તું મને તારી પાસે બોલાવી લે. અને મારા મુકત આત્માને તેમની પાસે જવા દેઈ ભેટવાદે."

માનસિંગે કહ્યું કે અને આ પૃથ્વી ઉપર મળાશે. એમ બોલી તે તેની પાસે ગયો. માનસિંગને જોઇ પ્રથમ તે બે શુદ્ધ જેવી જણાઇ, પણ થોડીવારમાં શુદ્ધિ લાવી તે બોલી કે ભાઇ, મારા પિતા વગેરે સર્વ સલામત છે? માનસિંગે કહ્યું કે બેન, સર્વ સલામત છે. મારા કાકા, કાકી, ફુવા, ફોઇ સર્વ સલામત છે. લાલબાએ કહ્યું કે અને, દુરગાદાસ તમે એમનું તો કાંઇ કહેતાજ નથા. હું આશા રાખુ છું કે કાંઇ દુ:ખદતો નહીં હોય. માનસિંગે કહ્યું કે એ અહીં વિજયશાળી છે. સર્વ મારવાડ જીતી લી .ા છે. અને એમણે તમને અને બીજાં વહાલાંઓને બંધન મુકત કરવાને મને અહીં મોકલ્યો છે. આ સાંભળી લાલબાનું હૈયું ઠર્યું હોય એમ જણાયું.

અપૂર્ણ.

---

3. AUTHORSHIP

૩. ગ્રંથ કર્તૃત્વ.

(સાંધણ પૃષ્ટ ૨૩૧મેથી).

"સેટરડેરીવ્યુ" નામના પત્રમાં એક લખનાર કહેછે કે "ગ્રંથ કર્તૃત્વની ઉજળી બા તુ લેતાં પણ પૈસા વગર જુવાન માણસને એ ધંધો પકડવો સારો નથી પણ તેજ પ્રમાણે જે ધંધામાં કાંઇ વખત ઉમેદવારીની જરૂર પડેછે તેવા કોઇપણ ધંધા જેવા કે વકીલનો, ડાકટરનો કે તેવોજ બીજો તેપણ તેવાજ છે. વકીલોને પણ પ્રથમ કેટલીક મુદત ગાંઠનું ખાઇ કોર્ટમાં ધક્કા ખાવા પડેછે. તેમજ ડાકટરોને ઘરાક આવતાં પહેલાં થોડી મુદત રાહ જોવી પડેછે ને ત્યાં સુધી ગાંઠનું ખાવું પડેછે. પણ ગ્રંથ કર્તૃત્વના ધંધામાં નવાઇ એ છે કે બીજા ધંધામાં જેમ કેટલીક મુસ્કેલી નડે છે તેવી મુસ્કેલી નડયા સિવાય જો કોઇએક ગ્રંથકાર તરીકે ફતેહ પામ્યો કે તેવીજ સહેલાઇથી આપણે પણ ફતેહ પામીશું એમ બીજા માને છે. તેઓ બીજું કાંઇ કરી

શકતા નથી એટલે એ ધંધો કરી શકશે એમ ધારેછે. ગ્રંથ કર્તા થવાને કલમ, ખડીઓ ને કાગળ અને જોડણી કરવાની શકિત જેટલી કેળવણી એટલાં સાધન બસ છે. આમ સમજી સેંકડો માણસો પોતાની અયોગ્યતાની શકિત ઉપર ગ્રંથકર્તા થવા મેદાન પડેછે. જો કે આમ થવું એ શોચનીય છે તથાપિ આશ્ચર્યકારક નથી. બીજી તરફ જોઇએ તો સામાન્ય રીતે ગ્રંથ કર્તૃત્વમાં એક લાભ છે કે તેમાં કાંઈ મહેરબાનીની જરૂર પડતી નથી. મર્ગર અને ડીકન્સ જેવા બુદ્ધિવાન મનુષ્યો ત્વરાથી બહાર પડેછે અને બીજા પશ્ચાત પડેછે ત્યારે કહેછે કે અમારો મુકાબલો કરવામાં આવ્યો નથી. જ્યારે બીજા કોઇપણ ધંધામાં વિજય મેળવવાના રાજય માર્ગ હોયછે અને આ ધંધામાં ન હોય ત્યારે અથવા જ્યારે સ્પર્ધાની પરીક્ષા ગ્રંથ લખતા પહેલાંજ ગ્રંથ કર્તા તરીકે કબુલ થાય એવા સ્થાનપર આવશે ત્યારે એ બાબતમાં દુનિઆની કુટીલતા ઉપર શોક કરવાનો વખત આવશે."

ખરેખરી વાત તો એ જણાય છે કે પહેલાં ગમે તેમ હોય, પણ હાલમાં તો એક યોગ્ય વિદ્વાન સખત મહેનતથી બીજા ધંધાની પેઠે ગ્રંથ કર્તૃત્વમાં પણ પોતાનું ગુજરાન ચલાવી શકે. પણ માત્ર થોડાજ પૈસાદાર થાય. તોપણ ગ્રંથકારોએ આટલું તો જાણવું જરૂરનું છે કે તેમના ગ્રંથની કીમત બજારમાં જે ઉપજે તેજ ખરી છે તે ઉપરાંત તેમનો ગુજારો ચલાવવાને ઇચ્છવાનો તેમને હક્ક નથી.

ગ્રંથકારની ઉમેદવારી કરનારાને યોગ્ય સૂચના આપવા માટે આ સેકાની શરૂઆતના એક ઉદ્યોગી ગ્રંથકારનો દાખલો આ નીચે આપીએ છીએ તે વાંચ્યા વિચાર્યા પછી પણ એજ કામ કરવાનું તેઓ નક્કી કરશે તો પછી અમે માત્ર એટલુંજ ઇચ્છીશું કે પ્રભુ તેમને સહાય થાઓ. અને છેવટ તેમની જાણ માટે ગ્રંથકારને અનુભવિક સૂચના આપીશું.

એસાકડીસરાયલી કહેછે કે "આ જગાએ એક એવા મનુષ્યનું ચિત્ર આપીએ છીએ કે જે સાધારણ નહિ પણ અખંડ ઉદ્યોગી, નિયમિત અભ્યાસી અને એક તત્વજ્ઞાનીની સાદી જરૂરીઆતો પૂરી પાડવા જેટલું એક વિદ્વાન કમાઇ શકશે એવું ધારવામાં કાંઇ ઘણું અડહાપણ ખર્ચેલું ગણાય એમ નહિ એવો હતો. આ મનુષ્ય તે મરહુમ રાબર્ટ હેરોન હતો. એણે નીચે લખેલા પોતાના પત્રમાં વાંચકો માટે પોતાનો ઇતિહાસ આપ્યો છે. એ પત્ર અતિ શારિરિક દુઃખ અને માનસિક આપદાના સમયમાં લખેલો છે. કરજને લીધે

એને કેદ કર્યો હતો ત્યાં એ પત્ર લખ્યો છે. એવે સમયે પણ એણે પોતાનું વર્ણન રસિક સાદું પણ અસરકારક અને સત્ય આપ્યું છે. ગ્રંથ કર્તૃત્વનો ઉદ્યોગ કરવાથી અભાગ્ય અને અપકીર્તિરૂપી આવતું પરિણામ વર્ણવ્યું છે કે જે ઉપરથી કદાચ કોઇ એમ ધારશે કે એ લખનાર કોઇ વિદ્વાન નહિ પણ ગુન્હેગાર હશે.

"મારો નિર્વાહ કરવાને અને કેળવણી લેવાને હું અગીઆર વર્ષનો હતો ત્યારથી હું શીખવાની સાથે શીખવવાનું ને લખવાનું કામ કરતો હતો.

જે વીશ વરસમાં હું કેટલોક વખત નિરંતર અને કેટલોક વખત કોઇ કોઇ વખત એડીનબર્ગની યુનીવરસીટીમાં હાજર રહેતો હતો તે સમયમાં હું જુવાન વિદ્યાર્થીઓને દરેક વખતે મુળાક્ષરથી માંડીને વિદ્યાના મોટામાં મોટા વિષયોમાં શીખવતો અને મદદ કરતો.

મેં કુદરતના કાયદા સંબંધી કેટલાંક ભાષણો વાંચ્યાં હતાં. પ્રજાના ધર્મ વિષે—યાહુદી, ગ્રીક ને રોમન કાયદા વિષે, કેનન અને ફ્યુડલલો વિષે, તથા યુરોપમાં હાલમાં જે મ્યુનીસીપલ કાયદા ચાલે છે તે વિષે વાંચ્યું હતું. આ ભાષણો મેં છપાવ્યાં હતાં અને તે પ્રજાએ પસંદ કર્યાં હતાં. એ ભાષણો કાયદાના મૂળ અભ્યાસીઓને ઉપયોગી થાય તે માટે તથા જે ગૃહસ્થો ઐતિહાસિક જ્ઞાન મેળવવાને ધારતા હોય તેમને મદદગાર થાય એ હેતુથી છપાવ્યાં હતાં,

ફ્રારક્રાયના રસાયણ શાસ્ત્રની બીજી ને ત્રીજી બંને આવૃત્તિના મેં તરજુમા કર્યા હતા. વળી ફ્રારક્રાયના રસાયણ શાસ્ત્રના તત્વ જ્ઞાનનું, સેવરીની ગ્રીસની મુસાફરીનું, હુમરીઅર્સના પત્રોનું, ગેસનરની ટુંકી કાવ્યના થોડા ભાગનું, ઝિમર મેનના એકાંત વાસનો સાર, અને ભિન્ન ભિન્ન જાતના ઘણા નાના નાના ફકરાઓનો તરજુમો કર્યો છે.

વળી મેં સ્કાટલાંડના પશ્ચિમ ભાગની મુસાફરી લખીછે, તેની બે આવૃત્તિ છપાઇ ગઇ છે. સ્કાટલાંડનો ઇતિહાસ છ ભાગમાં લખ્યો છે, સ્કાટલાંડનું સવિસ્તર વર્ણન, તે કેટલીએવાર છપાઇ ગયું, એડીનબર્ગ રીવ્યુમાં પણ ઘણીવાર લખ્યું છે, પ્રસ્તાવના અને ટીકાઓ પણ ઘણી લખી છે. બર્ન્સ કવિનું જન્મ વૃતાંત લખ્યું છે અને તેપણ ઘણીવાર છપાયું છે. અને એ વગર પણ પરચૂરણ ઘણું લખ્યું છે.

સન ૧૭૮૯ની શરૂઆતમાં મને લંડનમાં આવવવાનું ઉત્તેજન મળ્યું-

અહીં મેં ઘણું કરીને દરેક જાતની વિદ્યા ઉપર ઘણા વિષયો લખ્યા કે એડીનબર્ગમાં એ દરેક વિષયનું જ્ઞાન મેળવ્યું હતું. લંડનરીવ્યુ, એગ્રીકલ્ચરલ મેગેઝીન, એન્ટી જે કોબીનરીવ્યુ, મથલી મેગેઝીન, યુનીવરસલ મેગેઝીન, પબ્લીક કેરેક્ટર્સ, એન્યુઅલ ને ક્રોલોજી અને બીજાં ઘણાં ચોપાન્યામાં મારાં ઘણાં લખાણો છે. એમાંનાં મારાં મનામાં ઘણાં લખાણો ઘણાં વખણાતાં હતાં એ પણ હું બતાવી શકું. વળી મેં રસાયણની ટુંકી રીત ઉપર એક પુસ્તક લખ્યું છે. તેમજ થોડાં અડવાડીઆં ઉપર મે એક "જીંદગીનાં સુખ" એ નામનું પુસ્તક છપાવ્યું છે, તેની પ્રથમાવૃત્તિ એક અડવાડીઆમા ખપી ગઇ અને બીજી આવૃત્તિનું પણ સપાટાબંધ વેચાણ થાયછે.

ઓરેકલ, પોરકયુપાઇન (જ્યારે હયાતીમાં હતું ત્યારે), જનરલ ઇવનિંગ પોસ્ત, મોર્નિંગ પોસ્ટ, બ્રિટિશ પ્રેસ, કોરિયર વગેરે વર્તમાન પત્રોમાં પાર્લામેંટની તકરારોના ઘણા રિપોર્ટો અને હું ધારૂં છું કે બીજા કોઇએ તે વખતે નહિ લખ્યું હોય તેટલું ભિન્ન ભિન્ન વિષયો ઉપર મેં લખ્યું છે. વળી ફ્રેંચને લાટીન ભાષામાં પણ જૂદા જૂદા ઘણા વિષયો લખ્યા છે; કે જેના પસંદગીનાં સર્ટિફિકેટો મને મળેલાં છે.

મેં ધર્મ, નીતિ, ધર્મચુસ્ત ખ્રિસ્તિઓની કેળવણી, સન્માર્ગ વગેરે ઉપર પણ ઘણું લખેલું છે મેં જે કાંઇ લખ્યુ છે તે હું માત્ર સ્વલ્પજ્ઞાનવત્ માનતો હતો તેથી મેં સારા થવા સારૂં મારો અભ્યાસ નિરંતર જારી રાખ્યો હતો. વળી હું એ પણ સાબિત કરી શકું કે મેં ઘણા વરસ સુધી લાગલાગટ બારથી સોળ કલાક સુધી રોજ વાંચ્યું ને લખ્યું હતું. માણસ માત્ર ભૂલથી ભરેલું છે તેમ હું પણ ભૂલ્યો હોઇશ, તથાપિ હું મિતવ્યયી, ઉદ્યોગી, નમ્ર ને શાંત પ્રકૃતિનો તથા મારી શકિત અનુસાર પરોપકાર વૃત્તિનો હતો. વળી હું તે સાબીત કરી આપું કે મારૂં લખાણ મુખ્યત્વે સ્પષ્ટ અને બીજાઓની શકિત, સ્વભાવ અને મહેનતને અનુકુળ આવે એવું હતું.

છેલ્લા દશ મહિના થયાં હું શરીર ને ધન સંપત્તિની ખાખાવીખી અવસ્થામાં આવેલો છું. અને આ કેદખાનામાં મરણ પામવાના ભયથી હું કંપુંછું.

૧૯૨. ચાન્સરીલેન
૨જી ફેબ્રુઆરી ૧૮ ૭ } (કેદખાનું)

વિદ્યાના લખાણુને અભ્યાસની માનસિક અવિચારી સતત્ મહેનતથી રાબર્ટ હેરોનની તનદુરસ્તી એટલી બગડેલી છે કે તે હવે સુધરે તેમ નથી એવો ડાકટરોએ અભિપ્રાય આપ્યો હતો. તે પછી ત્રણ માસમાં તે કેદખાનામાંજ તાવના રોગથી મરણ પામ્યો. આ જાનની કંગાળ્યતાથી અમને કંપારો છૂટે છે. એક નહિ તુચ્છકારી નાંખવા જેવો ગ્રંથ કર્ત્તા, ઘણો અભ્યાસ કર્યા છતાં અને દરરોજ બારથી સોળ કલાક સુધી વાંચવા છતાં આવી દરિદ્રાવસ્થામાં મણુ પામે એવું જોઇને અમે શોક પામીએ છીએ. અરે દાંભિક લખનારાઓ, તમને ખૂણામાં પેસવાની અને તમારી આંખો અશ્રુથી સતત્ ભરવાનો સમય આવે તે પહેલાં થોભો અને વિચારો કે તમારામાંના થોડાકજ હેરોન જેટલા વિદ્વાન અને શકિતવાન હશે. હાલના સમયમાં હેરોન જેવી સ્થિતિએ પહોંચનાર સેંકડો ગ્રંથ કર્ત્તા હશે; કે જે વિદ્યાનું સાધારણ જ્ઞાન છતાં ગરિબાઇની નીચ હાલતમાંથી ભાગ્યે છૂટી શકતા હશે. પણ હવે એ શોકજનક વાર્ત્તા બંધ પાડવી જોઇએ.

---

4. HOW TO PROLONG LIFE.

૪. આયુષ્ય વધારવાની યુકિત.

(સાંધણુ પાને ૨૩૫મેથી.)

પક્ષીઓમાં પણ કેટલાંક લાંબી મુદત સુધી જીવી શકેછે. અને તે ઘણુંખરૂં નીચેના બનાવોને લીધે બને છે.

૧ તેમને હુંફાળાં પીંછાનું આચ્છાદન છે તે. કેમકે પીંછા જેવું બીજું એકપણ આચ્છાદન ગરમી રાખનારૂં નથી.

૨ દર વરસ તેઓ પોતાનાં પીછાં ઉતારી નવાં લેછે તે. કેટલાંકને તો પોતાની ચાંચ પણ ઉતરી જાયછે ને નવી આવેછે. આ પ્રમાણે થતી વખતે તેઓ માંદા જેવાં જણાય છે. પણ ફરીને તેઓ પાછા તનદુરસ્ત થઇ જુવાન બનેછે ને નવી ચાંચને લીધે ખોરાક લેવામાં વધારે સુગમ પડેછે.

૩ પક્ષીઓ જેટલી જોઇએ તેટલી સર્વથી વધારે સ્વચ્છ હવાનો ઉપયોગ કરેછે તે.

૪ તેમને ગતિમાન ઘણો વખત રહેવું પડેછે પણ એ ગતિ એમને

બહુ તનદુરસ્તી આપનારી છે. કેમકે એમની એ સ્થિતિ કેટલેક વખત શાંત અને કેટલેક વખત ગતિમાન હોયછે. એટલે જ્યારે તેમને આગળ ચાલવું નથી હોતું ત્યારે તેઓ હવામાં સ્થિર રહેછે ને આગળ ચાલવું હોયછે ત્યારેજ ગતિમાન થાયછે.

૫ પક્ષીઓની ખાસ રચના પ્રમાણે આ પૃથ્વી પરના કેટલાક પદાર્થો તેઓ મુત્રની સાથે કહાડી નાંખેછે. પણ બીજા પશુઓથી તેમ બનતું નથી અને તેથીજ તેમનું શરીર સુકું પડી જાયછે, જલદી બુઢાપણ આવેછે ને પછી મર્ણ નીપજે છે.

સોનેરી ગરૂડ (ગોલ્ડન ઈગલ) નામે પક્ષી બહુજ મજબુત હોયછે, તે દીર્ઘાયુષ્યી હોયછે. કેટલાંક જનાવરખાનાંમાં કેટલાંક સો વર્ષ કરતાં પણ વધારે વર્ષ સુધી જીવ્યાના દાખલા બનેલા છે.

ગીધ અને બાજ જે માંસાહારી પક્ષી છે તેઓ પણ દીર્ઘાયુષ્યી છે એ જાતનું એક સોનેરી રંગના ગળપટા વાળું પક્ષી લંડનમાં એક ગૃહસ્થને કેપ-આવગુડહોપથી સન ૧૭૯૨માં આવ્યું હતું, તેના ગળપટા ઉપર ઈંગ્રેજીમાં (લખેલું હતું કે ઈંગ્લાંડનો રાજા જેમ્સ ઇ. સ. ૧૬૧૦ (His Majesty King Jaames of England An-1610). આ ઉપરથી જણાય છે કે તેને ઇ. સ. ૧૬૧૦માં પકડેલું તે પછી તે છૂટી ગએલું. પણ તેને ફરીને પકડયું. ૧૭૯૨. એટલે એ બે સાલ વચ્ચે ૧૮૨ વરસ તો વીત્યાં ને એને પકડયું ત્યારે કેટલા વરસનું હશે તેતો કોણ જાણે. એ જાતના પક્ષીઓમાં એ સર્વથી મોઠા કદનું હતું. અને સને ૧૭૯૨માં તેનામાં સારૂં કૌવત અને જુસ્સો હતાં. પરંતુ એ નવાઇ જેવું છે કે તે વખતે તેની આંખે જાંખમારી અંધ થયું હતું; અને તેના ગળાપરનાં પીંછા સફેત થયાં હતાં.

કાગડો પણ માંસાહારી છે ને તેનું માંસ કાળું ને કઠણ છે. એપણ સો વરસનો થઇ શકેછે. વળી હંસ જે સારાં પીંછના ભરાવવાળુ પક્ષી છે ને જે માછલાં ઉપર જીવેછે તથા પાણીમાં તરવાનો ઘણો શોખ રાખેછે તેપણ સો વરસ સુધી જીવે છે

પોપટ એ પક્ષીઓ કરતાં કેટલીક બાબતમાં જૂદો પડેછે. તોપણ તે એક જણ પાસે પીંજરામાં કેદી તરીકે સાઠ વરસ તો જીવ્યો હતો અને જ્યારે પકડયો ત્યારે તે કેવડો હશે તેનીતો માહીતી નથી. અને જે જાતનો

ખોરાક આપો તે એ ખાયછે ને પચાવે છે. એ પોતાની ચાંચ બદલે છે અને તેનું માંસ કઠણ ને કાળા રંગનું હોયછે.

મયુર (મોર) વીશ વરસનો થઇ શકેછે. પરંતુ મુરઘો કે જે ગરમ ને કજીયા ખોર પક્ષી છે તે એટલા ઉમર સૂધી જીવતો નથી ચકલાં તેથી પણ ટુંકી જીંદગી ભોગવે છે. બીજા નાનાં પક્ષીઓ પણ મૂખ્યત્વે ટુંકા આયુષ્યના હોયછે. ભાગ્યેજ કોઇકજ વીશ વરસનાં થતાં હશે.

હવે આપણે આંચળવાળાં પ્રાણી કે જે લગભગ મનુષ્યને મળતાં છે તે લેઇએ, તે. તેમાં પણ ઉમરનો ઘણો તફાવત જોવામાં આવેછે એ વર્ગમાં સર્વથી વધારે આયુષ્ય ભોગવનાર ઘણું કરીને હાથી છે. એ કદાવર, કઠણ ચાંમડી ને દાંતાવાળું અને ધીમું વધનારૂં (કેમકે તે ત્રીશ વરસનો થતા સૂધી વધેછે) પ્રાણી છે. સિંહની ઉમર ખાતરી પૂર્વક નક્કી થઇ શકતી નથી. પણ તે લાંબી હશે એમ જણાય છે, કેમકે કેટલાક તો દાંત વગરના માલમ પડેલા છે. રીંછ ઘણું ઉંઘણસી ને જાગે ત્યારે પણ જડ જેવું પ્રાણી છે, તેનું આયુષ્ય લાંબુ નથી. જેઓ આળસુ થવાથી આયુષ્ય વધેછે એવું માનેછે તેમને રીંછનો દાખલો સજ્જડ તોડી પાડનારો છે. ઉંટ પાતળું, સુકું, મહેનતુ ને બહુજ ખમી શકે એવું પ્રાણી છે તે વૃદ્ધ થાયછે. તે ઘણુંકરીને પચાસ વરસનું થાયછે અને કોઇવાર સો વરસ સૂધી જીવેછે. હાથી પણ અપવાદ તરીકે ત્રણસેં વરસના થએલાના દાખલા જાણવામાં આવેલા છે.

ઘોડો સુમારે ચાળીશ વર્ષ જીવે છે. એ પ્રાણી મોટું ને મજબુત પણ જોઇએ તેટલા વાળના આચ્છાદન રહિત છે. તેથી તેની લાગણી વધારે છે. એના શરીરમાંનો રસ તીખાસવાળો હોવાથી તેમાં બગાડ પણ જલદી થાયછે. એ છતાં એની ટુંકી જીંદગીનું મૂખ્ય કારણ તો માણસની સખતાઇ છે. કેમકે કુદરતી સ્થિતિમાં એને સ્વતંત્ર રહેવા દે તો કેટલું જીવે તે આપણે જાણતા નથી. ગધેડું પણ લગભગ ઘોડા જેટલુંજ જીવે છે, પરંતુ એ બંનેથી ઉત્પન્ન થનાર ખચ્ચર વધારે મજબુત ને દીર્ઘાયુષ્યી છે.

સાબરના દીર્ઘાયુષ્ય માટે કહેવાય છે તે તો માત્ર ગપાષ્ટક લાગેછે. તે વીશ વર્ષ કે કદાચ તેથી લગાર વધારે મુદત સૂધી જીવે છે.

ગોધો જે મોટું ને મજબુત પ્રાણી છે તે માત્ર પંદર કે વીશ વર્ષ જીવે છે. ઘણાંખરાં નાનાં પશુ જેવાં કે મેંઢા, બકરાં, શિઆળ વગેરે સાત કે દશ વરસથી વધારે જીવતાં નથી; માત્ર કૂતરા ને ડુકર પંદર વીશ વરસ સૂધી

જીવેછે.

આ ભિન્ન ભિન્ન નિરીક્ષાથી નીચેનો સાર કહાડી શકાય છે.

પ્રાણીઓને વનસ્પતિ કરતાં બાહ્યાંતર ચલન વલન, મહેનતને ઘસારો એ વધારે હોયછે વળી પ્રાણીઓની ઇંદ્રિઓ વધારે નાજુક ને સંપૂર્ણ હોયછે. અને તેથી વનસ્પતિ કરતાં તેમનું આયુષ્ય ટુંકું હોવું જોઇએ. તેમ છતાં તેમનામાં જીવનેંદ્રિનો વધારે જથ્થો હોયછે. તેમજ તેમની આસપાસની કુદરત સાથે વધારે સંસર્ગ હોવાથી તેમને બહારથી પુનઃપ્રાપ્તિ વધારે થાયછે. એટલું છતાં આ વર્ગમાં નવાણુ જેટલી ઉમરે પુગવું બહુ મુશ્કેલ છે. તેમજ ટુંકી જીંદગીના દાખલા પણ થોડાજ બને છે. નિરીક્ષાથી આપણને માલમ પડેછે કે તેમની સાધારણ જીંદગી પાંચ ને ચાળીશ વર્ષની વચે છે.

પ્રાણી જેવું જન્મે છે કે તે જલદીથી સંપૂર્ણતાને પામતું જાયછે તેમ તે જલદીજ પડતી સ્થિતિને પામી મરણ પામેછે. આ નિયમ કુદરતનો એક સામાન્ય નિયમ જણાય છે કેમકે સર્વ વર્ગમાં તેજ પ્રમાણે બને છે. જેમ ઉમરે વધે તેમ શરીર વધતું જાય, એ ઉપર આયુષ્યની ગણતરીનો આધાર રાખવાની ભૂલ કોઇએ કરવી ન જોઇએ. કેમકે કેટલાંક પ્રાણી મરણ પર્યંત વધેછે અને તે વધવું તેને ઉપયોગી પણ રૂપ થાયછે પણ ઉપરનો નિયમ નીચેના બે કાળ સાથે સંબંધ રાખેછે.

૧ શરીરમાં કે બહાર નીકળ્યા પછી ઇંડામાં પ્રાણીના પ્રથમ વધવાનો સમય

૨ પૂર્ણ તારૂણ્યનો સમય જે શક્તિની ખરી હદ હોયછે તે. એટલે તે પ્રાણી વધારેમાં વધારે શક્તિ જે ઉમરે મેળવેછે તે સમય.

તેથી એ નિયમ આ પ્રમાણે ગોઠવી શકાય. તેના શરીર બંધારણ માટે જે પ્રાણી ગર્ભાશયમાં કે ઇંડામાં થોડો વખત લે છે તે પ્રાણી જલદી મરણ પામેછે. હાથણ ત્રીજા વરસ સુધી પોતાના બચ્ચાને ગર્ભાશયમાં રાખેછે તો તે દીર્ઘાયુષ્ય ભોગવે છે ને સાબરી, ગાય, કુતરી વગેરે જે એથી નવ માસ પોતાના બચ્ચાને ગર્ભમાં રાખેછે, તે ટુંક આયુષ્ય ભોગવે છે. "જે જલદી જન્મે તે જલદી મરે"

બીજો પણ એક અગત્યનો નિયમ છે તે ભૂલવો જોઇતો નથી. જેમ પ્રાણી જલદી તારૂણ્ય મેળવે છે તેમ તે જલદી વંશ વૃદ્ધિ કરવા માંડેછે, ને જલદી મરણ પણ પામેછે. આ નિયમ જે આપણને વનસ્પતિમાંથી ૨૫૪

માલમ પડેછે, તેજ નિયમ કાંઇપણ અપવાદ વગર પ્રાણીને પણ લાગુ પડેછે. કીડા કે યેળ આપણને એ નિયમની ખાતરી કરી આપેછે. કામળીઆની કે કીડાની સ્થિતિમાં તે લાંબી મુદત સુધી રહી શકે, પરંતુ જેવી તેમની એ સ્થિતિ બદલાઇને રૂપાંતર થઇ તારૂણ્યાવસ્થા પામેછે કે જલદીજ નાશ પામેછે. ચોપગાં જનાવરોમાં આપણે કાંઇક ખાતરી પૂર્વક કહી શકીશું કે તેના કુલ આયુષ્યનો પાંચમો ભાગ એ તારૂણ્યનો સમય છે.

ઘોડા, ગધેડા, ને ગોધા એ સર્વ ત્રીજા કે ચોથા વર્ષે તારૂણ્યમાં આવેછે અને પંદર કે વીશ વરસ જીવે છે. ઘેટું બીજે વર્ષે તારૂણ્યમાં આવેછે ને આઠથી દશ વર્ષ જીવે છે. સઘળાં શીંગડાળાં પશુ, શીંગડા વગરનાં પશુ કરતાં થોડું જીવે છે. જે પ્રાણીઓનું માંસ કાળું હોયછે તે સફેત માંસવાળા કરતાં વધારે જીવે છે. સઘળાં શાંત ને બીહીકણ સ્વભાવનાં પ્રાણી કરતાં તેથી ઉલટા સ્વભાવવાળાં વધારે જીવે છે.

અમુક જાતનું શરીર આચ્છાદન કેટલીક રીતે આયુષ્ય ટકવામાં સહાય ભૂત થાયછે. એ પ્રમાણે પંખીઓ કે જેને સર્વોત્તમ અને મજબુત આચ્છાદન છે તે દીર્ઘાયુષ્ય ભોગવેછે. એજ રીતે હાથી, ગેંડો અને મગર જેને મજબુત ચામડી છે તે વધારે વર્ષ જીવેછે.

તેમની ગતિની રીતની પણ આયુષ્ય ઉપર અસર થાયછે. આયુષ્ય ટકવાને દોડવાની ગતિ અનુકુળ નથી. પરંતુ તરવું, ઉડવું વગેરે એટલે જે ગતિમાં ચાપલ્ય અને શાંત સ્થિતિ હોયછે તે અનુકુળ આવેછે.

તેથી આ નિયમ સિદ્ધ થાયછે: જે પ્રાણીની જીંદગી એક સરખી નહિ હોય એટલે મહેનત ને સ્થિરતા બંને હોય કે જેથી ઘસારો થોડો લાગે ને શરીર બંધારણ સંપૂર્ણ ન હોય તે વધારે જીવેછે. અને જેનો બાંધો નાજુક સુંદર ને સંપૂર્ણ છતાં જેની જીંદગી એક સરખી જાયછે તે થોડું જીવેછે.

એ નિયમ નીચેની નિરીક્ષાથી સ્પષ્ટ સમજાય છે.

૧ પરવાળા જેવા પ્રાણીઓ કે જેના બાંધામાં માત્ર મુખ, હોજરી, અને સીધા આંતરડા સિવાય કાંઈ નથી તેની જીંદગી એવી ચીવટ છે કે તેનો નાશ થવો મુસ્કેલ.

૨ સઘળાં થંડા લોહીનાં પ્રાણી ગરમ લોહીવાળા પ્રાણી કરતાં દીર્ઘાયુષ્ય ભોગવે છે. એટલે જેઓ શ્વાસ લે છે તેના કરતાં શ્વાસ નહી લેનારાં વધારે જીવેછે કેમકે શ્વાસ લેવો એ આંતરિક ગરમીનું મૂળ છે અને તે ગરમી

ઘસારાને ઉત્તેજન આપેછે. શ્વાસોશ્વાસ શરીર સંપૂર્ણતામાં વધારો કરેછે, પણ તેની સાથે ઘસારો પણ વધારે છે જે પ્રાણી શ્વાસ લેછે તેને જાણે એવડું પરિવર્તન હોય એમ છે સામાન્ય અને ફેફસામાં અને ચામડી ને ફેફસાની ઉપરનો ભાગ એમ એવડું ચર્મ પૃષ્ટ હોય એવું છે કે જે પૃષ્ટ હવા સાથે નિરંતર સંબંધમાં આવેછે. છેલ્લે તેને વધારે લાગણી હોયછે અને તેથી બાહ્યાંતર આત્મ ઘસારો લાગેછે.

૩ જળવાસી પ્રાણી હવામાં રહેનાર પ્રાણી કરતાં મૂખ્યત્વે વધારે જીવે છે. કેમકે પાણીમાં પ્રાણીનું બાષ્પભવન થોડું થાયછે તથા હવા જેટલો પાણીમાં ઘસારો લાગતો નથી.

૪ બાહ્ય ઘસારો જીંદગીના ટકાવને કેટલો નુકશાનકારક છે તેનો મજબુત પુરાવો ટોડ જાતના દેડકા આપેછે. જેઓ પથરના અંતરપટમાં પૂરાઇ રહેછે તેથી તેમને બાહ્ય ઘસારો બીલકુલ લાગતો નથી ને તેથી તેઓ લાંબી મુદત સૂધી જીવેછે. એ સ્થિતિમાં બાષ્પભવન થતું નથી, બાહ્ય ઘસારો લાગી કાંઇ ઘટતું નથી. કેમકે જે હવા કદાચ તેની સાથે પથરના અંતરપટમાં રહી ગઇ હશે તે તો જલદીજ એટલી ઘટ્ટ થઇ ગઈ હશે કે તેમાં કાંઇપણ વિશેષનો સમાસ કરી શકે નહિ. અને તેની એ પ્રાણી એ સ્થિતિમાં કાંઇપણ પોષણ વગર બહુ વર્ષ જીવે. કેમકે બાષ્પભવન અને ઘસારો લાગવાથી પોષણની જરૂર પડેછે. એ સ્થિતિમાં સર્વ જેમનુ તેમ રહેછે ત્યાં પુરણીની અગત્ય રહેતી નથી. આ ઉપાયથી જીવનશકિત અને ઇંદ્રિઓ, કુદરતી સ્થિતિમાં રાખવા કરતાં સોગણો વધારે મુદત રાખી શકાય.

જીંદગીના ટકાવનો છેલ્લો નિયમ વધારે સંપૂર્ણ પુનઃપ્રાપ્તિનો છે તેપણ આ કુદરતી રાજ્યથી સ્થાપિત થાયછે. ઇંદ્રિઓની સંપૂર્ણ નવિન પ્રાપ્તિ તેજ સર્વથી વધારે પુનઃપ્રાપ્તિ થઇ કહેવાય. પુનઃપ્રાપ્તિની નવાઇ જેવી શકિત પરવાળા જેવાં પ્રાણી, કીડા, ભૂજળચર પ્રાણી—ટુંકામાં જે પ્રાણીને થંડું લોહી છે ને હાડકાં બીલકુલ નથી કિંવા છે તો કોમળ છે તેમનામાં જોવામાં આવેછે. અને એજ પ્રાણીઓમાં જીંદગીની હયાતી લાંબી મુદત સૂધી હોયછે.

માછલાંમાં ભીંગડાં કહાડી નાંખવાનું, સાપ, મગર ને દેડકાંની ચામડી ઉતરવાનું, પક્ષીઓનાં પીંછા ને ચાંચ ઉતરવાનું એ સર્વ પુનઃપ્રાપ્તિના નિયમને મળતું છે. અને આપણે જોઇએ છીએ કે એ નવિન પ્રાપ્તિ જેમ સંપૂર્ણ વ-

ધારે તેમ જીંદગીનો ટકાવ વધારે.

એમ છતાં નવિન પ્રાપ્તિ થવામાં પોષણ એ બહુજ અગત્યની બાબત છે. એ બાબતમાં વનસ્પતિ અને પ્રાણીમાં મોટો તફાવત પડતો જણાય છે. સર્વે છોડ બહારથી પોતાનું પોષણ મેળવે છે, અને પ્રાણીઓમાં એવો કુદરતી નિયમ જણાય છે કે પૌષણિક પદાર્થ લોહીમાં મળીને શરીરનો ભાગ બને તે પહેલા હોજરીમાં જવો જોઇએ છીએ. તેથી અપૂર્ણ બહુ પગી કે હસ્તી એ સર્વેને મુખ અને હોજરી હોયછે.

પ્રાણી માત્રનો મૂળ પાયો એ છે અને એથીજ પ્રાણી ને વનસ્પતિ જુદાં પડે છે. અને એજ ઉપર એના ઉત્તમ લાભનો પાયો પ્રથમથી રચેલો છે ને તેની આંતરિક વધારે સંપૂર્ણ અને પ્રફુલ્લિત જીંદગી બનેલી છે. પ્રાણીઓને જે પદાર્થ પોષણ માટે મળે તે છોડવા કરતાં વધારે ક્રિયાઓ થઇ તૈયાર થાય છે. અને છોડના મૂળીઆં અંદર રહીને જે પાષાણુક રસ સ્વચ્છ અને એકઠો થયેલો હોયછે તે તેના તંતુઓ મારફત અંદર લેછે.

તેથી પ્રાણીઓને મળ અને રસ છોડ કરતાં વધારે વખત કહાડી નાંખવા પડે છે. અને તેથીજ કરીને પ્રાણીઓમાં પૌષ્ટિક રસનો પ્રવાહ અને બીજી સર્વે ગતિ અંતર બાહ્ય હોયછે અને છોડવામાં બાહ્યાંતર હોયછે. વળી એજ કારણથી પ્રાણીઓમાં મરણની ક્રિયા બાહ્યાંતર અને વનસ્પતિમાં અંતર બાહ્ય થાયછે. તેથી આપણે ઘણા છોડવા અંદર ગર્ભ કે ગર નહિ છતાં માત્ર છાલ વડેજ જીવી શકેછે

એજ પ્રમાણે એજ કારણથી પ્રાણી ભિન્ન ભિન્ન જાતના પૌષણિક પદાર્થ લેઇ શકેછે, અને વધારે સંપૂર્ણ રીતે પુનઃપ્રાપ્તિ કરી શકેછે અને એ રીતે પોતાને થતા ઘણા આત્મ ઘસારાનો બદલો વાળી શકેછે. અપૂર્ણ.

5. THE ARYAN MEDICINE AND RELIGION.

૫. આર્ય વૈદક શાસ્ત્ર તથા આર્ય ધર્મશાસ્ત્રનું ઐકયમત.

(સાંધણ પૃષ્ટ ૨૩૮મેથી).

સિદ્ધ—આઠ પ્રકારની અથવા અઢાર પ્રકારની સિદ્ધિ જેને પ્રાપ્ત થઇ

હોય તેને માન આપવું. તેનું સન્માન કરવાથી તે સિદ્ધિઓ મેળવવાની કુંચી આપણને પ્રાપ્ત થાયછે, અને તેઓનો અનાદર કરવાથી ઘણાં સંકટો વેઠવાં પડે છે માટે સિદ્ધની સેવા કરવાનું ચરક મુનિએ ફરમાવ્યું.

આચાર્ય—પોતે ધર્મ માર્ગે ચાલે અને બીજા તેના સેવકોને પણ ધર્મ માર્ગે ચલાવે તે આચાર્ય. પોતાને ધર્મ માર્ગે ચલાવનારની અર્ચા કરવીજ જોઇએ. ધર્મનું ધોરણ બતાવનાર આચાર્ય ન હોય તો ગોવાળ વિનાની ગાયોની પેઠે પ્રજા રખડી મરે.

અગ્ન્યુપાચરણ—સવાર સાંજ ઘી તથા બીજા સુગંધી પદાર્થોનો અગ્નિમાં હોમ કરવાથી ઘરની હવા ઘણી સ્વચ્છ રહે છે. તેથી અગ્નિહોત્રીના ઘરમાં બીજાના કરતાં તનદુરસ્તી ઘણી સારી હોવાનો સંભવ છે. વળી અગ્નિ હોમનો કાળ ન વીતી જાય માટે અગ્નિહોત્રી પ્રભાતમાં વહેલો ઉઠી સ્નાન સંધ્યાનું કર્મ વહેલોજ આટોપી લેછે તે નિયમથી પણ તેનું શરીર આરોગ્ય રહેછે.

ઉભયકાલસ્નાન—હમેશાં બે વખત નહાવાથી શરીર ઘણું સ્વચ્છ અને સ્ફુર્તિવાળું રહેછે ત્વચાના રોગો થવા પામતા નથી.

મલસ્થાનસ્વચ્છતા—વારંવાર મળસ્થાનોની સ્વચ્છતા કરવાથી ભગંદર વગેરે મહાભારત રોગો થતા નથી. પગ ઘડી ઘડી મેલા થવાનો સંભવ છે તો તેનું જુદું નામ દઇ ખાસ ભળામણ કરેછે તે નિર્મળ રાખવા. કેટલાંએક કુવડ નર નારીઓના પગ ઉપર શીઆળામાં મેલના થર બાઝી જાયછે તેથી પગની ચામડી ફાટેછે અને પીડા થાયછે.

થોડો ઘણો ધર્મ આચરનારા, ધર્મશાસ્ત્ર વાંચનારા અથવા સાંભળનારાઓને એટલી તો જરૂર ખબર હશે કે ધર્મશાસ્ત્રના દરેક ગ્રંથમાં તથા પુરાણોમાં દેવ, બ્રાહ્મણ, ગાય, સિદ્ધ, ગુરૂ અને આચાર્યો માટે બહુ બહુ લખ્યુંછે. તે તેધર્મશાસ્ત્રોના તે તે વિષયના ફકરાઓ ટાંકી અત્રે વિવેચન કરવા બેશીએ તો એક મોટો ગ્રંથ થાય. માટે સર્વને સમજ પડે એવી રીતે આ પ્રસંગમાં બધી બાબતો ટુંકામાં લીધી છે.

આચારોપદેશમાં સવારથી સાંજ લગીનું જે કૃત્ય લખેલું છે તે સઘળું વિચાર દૃષ્ટિથી જોતાં શરીર સંરક્ષણ નિમિતેજ છે. સવારમાં ઉઠી ઘેર, કુવે, વાવે, તળાવમાં કે નદીમાં નહાઇ લેવું આ સ્નાનસ્થાનોમાં ઉત્તરોત્તર સ્થાનનો મહિમા વિશેષ લખ્યો છે. એટલે ઘેર ન્હાવું એ સાધારણ પક્ષ તેથી કૂવે જઇ ન્હાવું એ વધારે સારૂં. કારણ કે ઘેર એક કળસા પાણીથી ન્હાવાનું

થાયછે ત્યાં ધોતીઆં પોતીઆં ધોવાનો લાગ સરખો આવતો નથી. બઇરાંઓ કૂવેથી શ્રમ કરી ઘેર પાણી લાવેછે. તેથી ઘર અગાડી વધારે પાણીથી ન્હાવામાં તેમનું દિલ દુખાય છે તથા આંગણાં આગળ કાદવનો ભરાવો થાયછે તે ઘણા દિવસ રહેવાથી સડેછે અને તેમાંથી બદબો નીકળે છે તેથી ઘર આખાની સુખાકારીમાં ખલેલ પહોંચેછે.

આવા આવા કારણોથી ઘેર નહાવા કરતાં કૂવે જઇ સ્નાન કરવું ઉત્તમ કહેલું છે કારણ કે ત્યાં ચાર પાંચ ઘડાથી સારી પેઠે અંગ ચોળી નહવાય છે. ધોતીઆં પોતીઆં સાફ રીતે ધોવાય છે અને તેટલું પાણી ઘેર લાવવાનો વખત તથા શ્રમ પણ બચેછે.

કૂવે નહાવા કરતાં વાવમાં નહાવું વધારે સારૂં લખ્યું કારણ કે તેમાં પાણી ખેંચવા વગેરેનો શ્રમ રહેતો નથી અને પુષ્કળ પાણીથી નહવાયછે. વાપીસ્નાન કરતાં તળાવે નહાવાનો મહિમા વધારે છે આમાં હેતુ એવો છે કે તળાવમાં તરવાની કસરત પણ થઇ શકે. તળાવ કરતાં નદીમાં નહાવું એ ઉત્તમ છે. આનું કારણ તો ખુલ્લુંજ છે કે વાવ અને તળાવ વગેરેમાં નહાવાથી શરીર તથા કપડાં ઉપરનો મેલ સઘળો તે જળાશયમાંજ રહે છે તેથી તેનું પાણી તરત ગંદું થઇ જાય છે અને નદીનો પ્રવાહ ચાલતો હોવાથી હમેશાં તેનું પાણી સ્વચ્છ રહે છે વગેરે અનેક કારણો છે.

નહાવાની પહેલાં દાતણ કરવું, શૌચ જવું વગરે જે જે ધર્મશાસ્ત્રમાં નિયમો કહેલા છે તે તે સઘળા વૈદ્યકશાસ્ત્રમાં પણ દર્શાવેલા છે તફાવત માત્ર એટલોજ છે કે ધર્મશાસ્ત્રમાં તે તે કૃત્યોનાં કારણો દર્શાવ્યા વિના હુકમ તરીકેજ કર્તવ્યો લખેલાં છે અને વૈદ્યકશાસ્ત્રમાં જે જે કર્તવ્યો લખેલાં છે તે તે બધાં સહેતુક લખેલાં છે તેથી લોકોના મનમાં તરત બેધ બેસેછે.

વસિષ્ટ સ્મૃતિમાં લખ્યું છે કે "રજસ્વલા સ્ત્રી ત્રણ રાત સુધી અપવિત્ર રહેછે તે સ્થિતિમાં તેણે દિવસે સૂવું નહીં, અંજન આંજવું નહીં, રોવું નહીં, નહાવું નહીં, ચંદનાદિકનું લેપન કે અભ્યંગ કરવું નહીં અને હસવું નહીં".

સુશ્રુતના શારીરસ્થાનના બીજા અધ્યાયમાં આનાં કારણો આપ્યાં છે તે એવી રીતે કે રજસ્વલા સ્ત્રી જો દિવસે સૂવે તો તેને જે ગર્ભ રહે તે બહુ ઉંઘવાની ટેવવાળો થાયછે, આંજણ આંજે તો આંધળો થાયછે, રૂવે તો નેત્રના વિકારવાળો થાયછે, નહાય કે ચંદનનું લેપન કરે તો દુખીઓ થાયછે, તેલનો અભ્યંગ કરે તો કોઢીઓ થાયછે અને હસે તો તેના ગર્ભના દાંત, હોઠ, તાળવું

તથા જીભ કાળાં થાયછે.

ધર્મસિંધુના ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્દ્ધના પહેલા પ્રકરણમાં લખ્યું છે કે 'પતિએ ત્રણ રાત સુધી રજસ્વલાનો સ્પર્ષ પણ કરવો નહીં. ચોથે દિવસે રજની નિવૃત્તિ થાય ત્યારે રજસ્વલા સ્ત્રી પતિની સેવા કરવા વગેરે કાર્યમાં શુદ્ધ ગણાયછે."

સુશ્રુતના શારીરસ્થાનના બીજા અધ્યાયમાં આનાં કારણો વિષે લખ્યું છે કે પહેલે દિવસે અથવા બીજે દિવસે જે ગર્ભ રહે તે જનમતાંજ મરી જાયછે અથવા બે ચાર દિવસ જીવીને સુવાવડના ઘરમાંજ મરી જાયછે. ત્રીજે દિવસે ગર્ભ રહ્યો હોય તો ઓછાં અંગ વાળો અથવા ઓછાં આયુષ્ય વાળો થાયછે. જેમ નદીના પ્રવાહની સામે કોઇ પદાર્થ નાખવામાં આવે તો તે પાછો વળેછે પણ ઉપર જતો નથી તેમ રજ વહેતું હોય તેમાં વીર્ય નાંખવામાં આવે તો તે થતું નથી. એટલા માટે રજસ્વલાનો ત્રણ દિવસ સુધી ત્યાગ કરવો.

ધર્મસિંધુના ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્દ્ધમાં લખ્યું છે કે તુળસી વિષ્ણુને અત્યંત પ્રિય છે. તેમજ બીજા ધર્મ ગ્રંથોમાં ઘરને આંગણે તુળસીનાં વન વાવવાનો મોટો મહિમા લખ્યોછે.

તુળસી વિષે ભાવમિશ્ર ભાવપ્રકાશના નિઘંટમાં લખેછે કે તુળસી તીખી, કડવી, અગ્નિને પ્રદીપ્ત કરનાર અને મનને ગમે એવી છે. દાહ, પિત્ત, કોઢ, મૂત્રકૃચ્છ, લોહીનો બિગાડ, પડખાની પીડા, કફ તથા વાયુને મટાડનાર છે. ડાકતર લોકોનો પણ મત છે કે હિંદુઓમાં આંગણે તુળસી વાવવાનો ચાલ ઘણો સારો છે તુળસીના રોપા કોલેરાની ઝેરી હવાનો નાશ કરેછે.

મનુસ્મૃતિના અધ્યાય ૪થાના ૬૦મા શ્લોકમાં લખેછે કે नव्याधिबहूले मृसम् જે ગામમાં રોગવાળો ઘણો હોય તે ગામમાં રહેવું નહીં. તેજ ગ્રંથના તેજ અધ્યાયના ૬૨મા શ્લોકમાં नातिसौहित्यमाचरेत् પેટ બહુ ભરીને જમવું નહિ. ગંદી હવાથી અને અજીર્ણથી કેવાં કેવાં કોલેરા વગેરે ભયંકર દરદો થાયછે. આ વાત તો વૈદ્યકના દરેક ગ્રંથમાં પ્રસિદ્ધ છે.

આપણા પુરાણ ગ્રંથોમાં પંદર પંદર દિવસે એકાદસીનો ઉપવાસ કરવાની અવશ્ય આજ્ઞા કરીછે. વૈદ્યકશાસ્ત્રોનો અભિપ્રાય જોતાં જેમ સમુદ્ર પંદર પંદર દિવસે વૃદ્ધિ પામેછે તેમ અન્નાદિકનો રસ પણ પંદર પંદર દિવસે અત્યંત વૃદ્ધિ પામેછે તો તે રસને કમતી કરવાને વાસ્તે એકાદશીનાં વ્રત ધર્મ

રૂપે દાખલ કરવામાં આવ્યાં હોય એમ જણાયછે.

મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે સંવત્સરંતુગવ્યેમપયસાપાયસેનચ 'ગાયના દૂધમાં ચોખા પકાવી કરેલો દૂધપાક, શ્રાદ્ધમાં બ્રાહ્મણોને જમાડવામાં આવે તો તેથી એક વર્ષ લગી પિતૃઓ તૃપ્ત થાયછે' ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં જે શ્રાધ્ધો કરવામાં આવેછે તેમાં દૂધપાકનું ભોજન બહુ આરોગ્ય આપનાર છે. ભાદરવા માસનો કૃષ્ણપક્ષ એ શરદ્ ઋતુનોજ એક ભાગ છે, શરદ ઋતુમાં ગાયનું દૂધ સાકર અને ચોખા એ અત્યંત હિતકારી છે ભાવપ્રકાશમાં લખેલું છે કે ઘી, મધુરરસ, તુરોરસ, કડવોરસ, શીતળ પદાર્થો, દૂધ, ખડી શાકર અને શેલડી હિતકારી છે. ગાયનું દૂધ રસમાં તથા પાકમાં વિશેષ મધુર છે શીતળ છે, ધાવણ વધારેછે, સ્નિગ્ધ છે, વાયુ, પિત્ત, તથા લોહીના બિગાડને ટાળનાર છે, દોષો, ધાતુઓ, તથા નાડીઓને કાંઈક આર્દ્ર કરનાર છે. સર્વદા સેવન કરનારાઓના સઘળા રોગોને તથા જરાને શાંત કરનાર છે.

મનુસ્મૃતિના ૩જા અધ્યાયમાં લખ્યું છે કે. સારા લક્ષણો વાળી હોય, પિતાના ગોત્રની ન હોય અને માતાના નિયમિત સપિંડ સંબંધમાં ન હોય એવી કન્યા પરણવી. જે કુળ, ક્રિયાથી રહિત હોય, વેદાધ્યયનથી રહિત હોય, જે કુળનાં માણસો ઘણાં રૂવાણાંના જથાવાળાં હોય કે જેનાં માણસોને અર્શ, ક્ષય, વાઇ, કોઢ કે એવા બીજા પ્રકારના દુષ્ટ રોગ થતા હોય તે કુળની કન્યા પરણવી નહિ.

જુઓ, આ વચનમાં લોકોનાં આરોગ્ય જાળવવાની અને સંસર્ગી રોગોથી લોકોને દૂર રાખવાની મનુષ્યે કેટલી બધી કાળજી રાખીછે. એક લોહીના સંબંધની કન્યા પરણવામાં આવે તો તેથી પણ વૈદ્યકશાસ્ત્રના ગૂઢ અભિપ્રાય પ્રમાણે ઘણી ખરાબી થવાનો ભય છે. માટે પિતાના ગોત્રની કે માતાના નિયમિત સપિંડ સંબંધ વાળી કન્યા પરણવી નહીં. સ્ત્રી સારાં લક્ષણોવાળી હોય તો પતિના મનને ઘણો સંતોષ આપેછે તેથી પતિના શરીરમાં આરોગ્ય રહેછે તથા પ્રજા પણ સારી થાયછે. એ પણ મનુએ ધ્યાનમાં લીધું છે.

વળી તેજ સ્મૃતિમાં કહ્યું છે કે 'જનોઇ દેવાયા પછી ૧૨ વર્ષ સુધી બરાબર બ્રહ્મચર્ય પાળી સંપૂર્ણ વિદ્યાભ્યાસ થયા પછીજ કન્યા પરણાવવી' આઠમે વર્ષે જનોઇ દેવાય અને બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળીને વિદ્યાભ્યાસ કરવામાં આવે તે પછીજ એટલે વીશ વર્ષની ઉમર થયા પછી કન્યા

પરણી શકાય. એવો ધર્મશાસ્ત્રનો નિયમ છે. આ નિયમ પાળવાથી વિદ્યા કેવી ઉત્તમ મેળવાય, શરીર કેવું દૃઢ અને રોગ રહિત રહે, પ્રજા કેવી સારી ઉત્પન્ન થાય અને એ સઘળી સગવડથી સંસાર કેવો સુંદર એ સઘળું સહેજ ધ્યાનમાં આવે એવુંછે.

જનોઇ દેવામાં આવેછે ત્યારે પિતાએ પુત્રને દેવાની જે જે શીખામણો ધર્મશાસ્ત્રમાં લખી છે તે સઘળી વૈદ્યકશાસ્ત્રના નિયમોને લગતી છે 'દિવસે સૂવું નહીં' એઓમાંની એક શીખામણનેજ સાર લઇએ તો તેમાં કેટલો બધો લાભ છે. આયુર્વેદમાં રોગોની ઉત્પત્તિ થવાનાં જે નિદાનો લખ્યાં છે તેઓમાં દિવસનું સૂવું એ ઘણા રોગોનું નિદાન માનેલું છે. ઝાઝું પાણી પીવું નહિ, વિષમ રીતે બેસવું નહિ. રાતનો ઉજાગરો કરવો નહિ અને મળમૂત્રાદિકના વેગો રોકવા નહિ ઇત્યાદિ ઘણી ઘણી શીખામણો જનોઇ દેવાના સમયમાં દેવાય છે. આ ઉપદેશ ધર્મ રૂપ છે તે જાણી પાળવાથી કેટલા અને કેવા લાભો છે તે સાધારણ અક્કલનો માણસ પણ સમજી શકશે. આ બાબતો આયુર્વેદમાં પૂર્ણ રીતે વર્ણવેલી છે.

મનુસ્મૃતિ અધ્યાય ૨જો. मंत्रवत्प्राशनंचास्याहिरण्यमधुसर्पिषाम् 'બાળક જન્મે ત્યારે તેને મંત્રો ભણી સોનાની ભસ્મની, મધની તથા ગાયના ઘીની ગળસુદી ચટાડવી' આયુર્વેદમાં લખ્યું છે કે સોનાની ભસ્મ ટાઢી છે, બળ આપનાર છે. જરાનો તથા વ્યાધિનો નાશ કરનાર છે, મધુર તથા પુષ્ટિ આપનાર છે, નેત્રને હિતકારી છે, બુદ્ધિને સારી કરનાર છે, સ્મરણશકિતને વધારનાર છે, બુદ્ધિબળ તથા આયુષ્ય વધારનાર છે, કાંતિ સારી કરેછે, વાણીને શુદ્ધ કરેછે, સ્થિરતા કરનાર છે, ઝેર, ક્ષય, ઉન્માદ, જ્વર તથા શોષ મટાડે છે. મધ, ટાઢું છે, હલકું મધુર તથા રૂક્ષ છે, પાતળો ઝાડો મટાડે છે, મળને ઉખેડનાર છે, નેત્રને હિતકારી છે, અગ્નિને દીપ્ત કરનાર છે, સ્વર સારો કરેછે, નાડીઓ સુધારે છે, વર્ણને સારો કરનાર છે, બુદ્ધિ તથા બળને વધારેછે, રૂચિકારક છે, મેદ, તરસ, ઉલટી, શ્વાસ, હેડકી, અતિસાર, મળબંધ, કોઢ, અરશ, ઉધરસ, પિત્ત, લોહીનો બિગાડ, કફ, પ્રમેહ, ગ્લાનિ, કૃમિ, દાહ, ક્ષત અને ક્ષયને મટાડનાર છે. ગાયનું ઘી વિશેષે કરી નેત્રને હિતકારી છે, વીર્યને વધારનાર છે, અગ્નિને દીપ્ત કરેછે, ઠંડું છે, વાત પિત્ત અને કફ એ દોષોને મટાડનાર છે, બુદ્ધિ, લાવણ્ય, કાંતિ, સામર્થ્ય તથા તેજની બહુ વૃદ્ધિ કરનાર છે, અલક્ષ્મી તથા પાપને ટાળનાર છે, પવિત્ર છે, આયુષ્યને વધારે છે, રસાયન

છે અને રૂચિ ઉપજાવે છે.'

ધર્મશાસ્ત્રકારોએ બાળક જન્મે ત્યાંથીજ વૈદ્યકશાસ્ત્રની મર્યાદા પ્રમાણે તજવીજ રાખવાની કેવી ઉત્તમ પ્રકારની યોજના કરીછે એ આ ઉપરથી સ્પષ્ટ સમજાઇ શકેછે.

ધર્મસંધુના ત્રીજા પરિચ્છેદમાં સગર્ભા સ્ત્રીના ધર્મો લખ્યા છે કે 'ગર્ભિણી સ્ત્રીએ હાથી, પહાડ કે મહેલ વગેરે ઉંચા સ્થાનો પર ચડવું નહિ, મહેનત કરવી નહિ, ગાડા ઉપર બેસવું નહિ, ભસ્મ, સાંબેલું કે ઉખળી ઉપર બેસવું નહિ પાણીમાં પ્રવેશ કરી નહાવું નહિ, ઉજડ ઘરમાં રહેવું નહિ, કજીઓ કરવો નહિ, શરીર ભાંગવું નહિ, તીક્ષ્ણ કે અત્યંત ઉનું જમણ જમવું નહિ, સાયંકાળે અતિ ટાઢું, ખાટું કે ભારે ખાવું નહિ, મૈથુનથી દૂર રહેવું, શોક કરવો નહિ, લોહી કહાડવું નહિ, દિવસે સૂવું નહિ, વધારે હસવું નહિ, ચંચળ થવું નહિ અને ઉભડક બેસવું નહિ.' આ નિયમો વૈદ્યકશાસ્ત્રને અત્યંત લગતા છે. ગર્ભિણી સ્ત્રી જો એ નિયમો ન પાળે તો ગર્ભને અવશ્ય નુકશાન થાય.

વળી એજ પરિચ્છેદમાં લખેછે કે 'ગર્ભિણીના પતિએ તે સ્ત્રીને જે જે ઇચ્છા થાય તે તે પદાર્થ યોગ્ય રીતે દેવો'.

આ બાબત વિષે સુશ્રુત, શારીરસ્થાનના ત્રીજા અધ્યાયમાં કહેછે કે ગર્ભિણીને જે વસ્તુની ઇચ્છા થાય તે વસ્તુ પૂરી પાડવામાં ન આવે તો તેનો ગર્ભ ખુંધો, ઠુંઠો, લગડો, જડ, ઠીંગણો, વિકારવાળાં નેત્રવાળો, અથવા આંધળો થાયછે અને ઇચ્છા જો પૂરી પાડવામાં આવે તો ઉંચી શક્તિવાળો અને લાંબી આયુષ્યવાળો થાયછે.

આપણા ધર્મ ગ્રંથોમાં દીવાળી વગેરે પર્વોના જે જે ઉત્સવો લખેલા છે, પાપનાં પ્રાયશ્ચિત્તો તથા હોમ વગેરે ક્રિયાઓ કરવાની જે જે રીતિઓ કહીછે તે તે રીતિઓ પ્રમાણે તે તે ઉત્સવો, પ્રાયશ્ચિત્તો તથા હોમ વગેરે ક્રિયાઓ કરવામાં આવે તો તેઓથી વ્યવહાર સંબંધી, નીતિ સંબંધી, તથા આરોગ્ય સંબંધી અનેક લાભો મેળવી શકાય એમ છે. વ્યવહાર, નીતિ, તથા આરોગ્ય વગેરેના સંબંધમાં કેટલીએક હાનિ થએલી જે આપણા જોવામાં આવેછે; તે ધર્મશાસ્ત્રોનો કેટલીએક રીતે અનાદર કરવાથી કે ભૂલી જવાથી તથા મન ભાવતી રીતે સ્વચ્છંદ પ્રવર્તવાથીજ થઇછે. આ વાત સિદ્ધ કરી આપવાનાં ઘણાં સબળ કારણો છે.

6. ACKNOWLEDGEMENT OF BOOKS.

૬. પુસ્તકોની પહોંચ.

દષ્ટિસંરક્ષણ.—આ નામનું પુસ્તક તેના રચનાર કૃષ્ણરાવ બાબુરાવ ભુલેલ એમ. ડી. એ અમને ભેટ કર્યું તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. એમાં નેત્રની બનાવટ, કદ અને આકાર; દૃષ્ટિના પ્રકાર, તેનાં લક્ષણ, ચિકિત્સાને કારણ; દરેક અવસ્થામાં નેત્રનું રક્ષણ કેમ કરવું તે, અજવાળું, આંખને વિસામાની જરૂર, હવાની ગરમીને સ્વચ્છતા, આંખની આફત, શરીરના વ્યાધિની અસર આંખ ઉપર અને ચસ્મા વિષે સૂચના વગેરે આંખને ઉપયોગી બાબતો બરાબર સમજાવી છે. આ પુસ્તક દરેક જણને વાંચવા યોગ્ય છે. એમાંની ભાષા શુદ્ધ ગૂજરાતી છે. એની કીમત આઠ આના છે.

નૃપ પ્રશંસા.—મહારાજા શ્રી તખ્તસિંહજી બહાદુર જી. સી. એસ. આઇ. ની વર્ષ ગાંઠનો મહોત્સવ. ધીણોજની નિશાળના માસ્તરે ગદ્ય પદ્યમાં બનાવ્યો છે. એમાં પ્રુફ તપાસવાની ભૂલો ઘણીજ રહેલી છે. કાવ્યમાં પણ કેટલાક ખામીઓ જોવામાં આવે છે. એમાં એની કીમત લખી નથી. આ નાની ચોપડીમાં જાણવા જોગ માલ કાંઇજ નથી.

ભારત વર્ષનું ત્રિકાલીક દર્શન.—ભરતખંડનું ભૂત, વર્તમાનને ભવિષ્ય થીઓસોફીકલ સોસાઇટીના પ્રમુખ કર્નલ હેન્રી એસ. આલકાટે કરેલા અંગ્રેજી ભાષણનું ગૂજરાતીમાં ભાષાંતર કરી મનમોહનદાસ દયાળદાસે છપાવ્યું છે. કર્નલ આલકાટનું નામ આ દેશમાં ઘણું જાણીતું થયું છે. સુમારે દશ બાર વર્ષથી આ ગૃહસ્થ અમેરિકાથી આ દેશમાં આવી રહેલો છે. એણે આ દેશનેજ પોતાનો દેશ કરી માન્યો છે. આપણી પ્રાચીન આર્ય વિદ્યા કળા ઉપર પરદેશીઓ મોહી પડેલા છે ને તે ઉપર તેમની એટલી આસ્થા બેઠી છે કે એવી વિદ્યા કળા અને તેને જન્મ આપનાર મહા પુરૂષોની જનેતા આ આર્ય ભૂમિ એજ પોતાની ભૂમાતા ગણી આ દેશમાં આવી તે પ્રાચીન આર્ય વિદ્યા કળા ને આત્મજ્ઞાનનું અધ્યયન મનન કરેછે. કર્નલ આલકાટ તેમનો અગ્રેસર છે. એ મહા પુરૂષે આ દેશનું ભૂત, વર્તમાન ને ભવિષ્ય ઘણે સ્થળે ભાંખ્યું છે તેનું આ ગૂજરાતી ભાષાંતર છે. ભાષાંતર શુદ્ધ ગૂજરાતીમાં છે ને તે દરેક આર્ય દેશીને વાંચી મનન કરવા યોગ્ય છે. તથાપિ ભાષાંતર કરતાને અમારી

ભલામણ છે કે આવાં પુસ્તકોનો ઘણો પ્રસાર થાય માટે તેની કીમત ખર્ચના પ્રમાણમાંજ રાખવી ને નફાની લાલચ ન રાખવી. આ નાનકડી પોથીની કીમત ચાર આનાછે.

જુનાગઢની તત્વ શોધક મંડળીએ આચાર્યોને કરેલી અરજી તથા પૂછેલા પ્રશ્નો. —આ નામની એક ચોપડી અમને મળી છે. એમાં વલ્લભાચાર્યના સંપ્રદાયી મહારાજો તથા વિદ્વાનોને કરેલા પ્રશ્નો છપાવ્યા છે. એમાં ૩૪ વિષયો ઉપર ૨૭૯ પ્રશ્નો પૂછેલા છે. પ્રશ્ન પૂછનાર જોકે જણાવે છે કે અમે વૈષ્ણવ સંપ્રદાયી હોઇને શિષ્ય ભાવથી પૂછીએ છીએ તથાપિ એ પ્રશ્નો, તેની ભાષા ને પદ્ધતિ એવી છે કે એ પદ્ધતિથી એવીજ ભાષામાં એક વિદ્યાર્થી મહેતાજીને પૂછી ન શકે. તો પછી આજ સૂધી પોતાને મહાન પદવી ભોગવી મહાન માનનાર મહારાજો એ પ્રશ્નોના ઉત્તર આપવાની દરકાર રાખે એવું બનવું અમને તો અસંભવિત જણાય છે. પ્રશ્ન પૂછનાર ગરજાઉ હોવો જોઇએ. તેના મનમાં પ્રશ્નના જવાબ મળવાની આકાંક્ષા હોવી જોઇએ. જવાબ મળે તોએ ભલે અને ન મળે તોએ ભલે, આપણે તો પુછીને ફજેતી કરી આપણી હોંશીઆરી જણવો, આવો આભાસ ઉત્પન્ન થાય, જવાબ આપનારને ધિક્કાર કે કંટાળો આવે એવા પ્રશ્ન નહિ હોવા જોઇએ આ પુસ્તકના પ્રશ્નો, તેની ભાષા, તે આપવાને ગુરૂને કરેલી સૂચના—ખરૂં જોતાં આજ્ઞારૂપ સૂચન વગેરે ઉપરનો ભાસ ઉત્પન્ન કરે છે, અને અમને નથી લાગતું કે મહારાજો તો શું પણ બીજા એ પંથના પંડિતો પણ તેના જવાબ આપવાની લગાર પણ દરકાર રાખે.

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે ગે-,, કડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પ.તિ આવૃત્તિ ત્રીજી ...	૦—૫—૦ ...	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦ ...	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦ ...	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦ ...	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦ ...	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦ ...	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦ ...	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦-૦-૧થી૪પાઇસુધી	૦-૦-૬ દરેકની
યજુર વેદની સંધ્યા	૦—૨—૦ ...	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦ ...	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦ ...	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦ ...	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬ ...	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦ ...	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦ ...	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦ ...	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦ ...	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦ ...	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૧—૪—૦ ...	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦ ...	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦ ...	૦—૧—૦
સંયોગ જન્યરોગ	૧—૧૨—૦ ...	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦ ...	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦ ...	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦ ...	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦ ...	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ. ૧	૦—૮—૦ ...	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦ ...	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦ ...	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦ ...	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦ ...	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનો સાર ...	૦—૫—૦ ...	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦ ...	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦ ...	૦—૦—૬
હસાહસ	૦—૬—૬ ...	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦ ...	૦—૦—૬
દલપત શત શહી	૦—૭—૦ ...	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનોયત્નની સમજ	૦—૮—૦ ...	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦	૦—૨—૦.
જાત-મહેનત (Self-help)	૩—૦—૦ ...	૦—૪—૬

ચોપડીઓનું લીષ્ટ.

	કીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬ ...	૦—૦—૬
નિબંધ રીત......	૦—૬—૦ ...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮ ...	૦—૦—૬
શંકર દિગ્વજય મૂળ સહિત ભાષાંતર ...	૪—૦—૦ ...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦ ...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬ ...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦ ...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦—૧૦—૦ ...	૦—૧—૦

॥ विज्ञान विलास. ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે ડીસેંબર. અંક ૧૨મો.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदयमां कारमो, आ विज्ञान विळास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટકરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂા. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂા. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.

RAJKOT.

સૂચના.—દર માસે રૂ૦ ૧૫ સુધીની કમાણીવાળા પાસે પુંઠાને પહેલે પાને છાપેલી કીમતથી અરધી કીમત લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ આઠ છાપેલી લીટી સુધી રૂપિઓ ને તે ઉપરાંત દરેક લીટીના બે આના લેવાશે. ફરી તેજ જાહેર ખબર છપાવનાર પાસેથી દરેક વખત માટે ઉપર લખ્યાથી અરધો ભાવ લેવામાં આવશે. ચોપાનીયા સાથે વહેંચવાનાં હેંડબીલોનો ભાવ સો નકલે આઠ આના.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.	Subjects.	Page
૧. વિલાયત જવા વિષે............	૨૬૫	1. The Poem.............	265
૨. દુરગાદાસ.....................	૨૬૬	2. Durgadas.............	266
૩. ગ્રંથ કર્તાને ઉપયોગી સૂચના...	૨૬૯	3. Useful hints to authors...	269
૪. આયુષ્ય વધારવાની યુક્તિ......	૨૭૬	4. Art of prolonging life...	276
૫. હિંદુસ્તાનના ઘઉં ઈંગ્લાંડમાં..	૨૮૨	5. Indian wheat in england	282

વિજ્ઞાન વિલાસ ચોપાનીઆના લવાજમના

નાણાનો પહોંચ.

ગ્રાહકોનાંનામ	રૂપિઆનો આંકડો	વિસેષ હકીકત.
રાણાના કંદોરડા સ્કુલ	૦—૩—૦	પુ. ૨૦માનો અંક ૫મો
મહારાઓ શ્રી ખેંગારજી શવાઇ બહાદુર લાઇબ્રેરી એન્ડ રીડીંગરૂમ	૨—૩—૦	પુ. ૨૦

વિજ્ઞાન વિલાસ.

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. માહે ડીસેંબર સન ૧૮૮૯. અંક ૧૨મો.

1. THE POEM.

૧. વિલાયત જવા વિષે.

ચાબકો.

વિલાયત દેશી જન વિચરો. વિલાયત દેશી જન વિચરો;
બહાદુરો બારૂં ખુલ્લું કરો, વિલાયત દેશી જન વિચરો. ટેક.
લાભ એમાંથી બહુ બહુ મળશે, જો કંઇ સુખ મન ધરો;
નાત જાતની બીક ન રાખો, ચોંપેથી સંચરો. વિલા.
મેળાપી મિત્રો બહુ મળશે, વધશે જ્ઞાનનો ઝરો;
ટળશે દુઃખ નીજ દેશી જનોનાં, જો જઇ ત્યાં ઉચરો. વિલા.
સિવિલ સર્વિસ છૂટ મળે નહિં, નીશ દીન વધતા *કરો;
અરે! અધમ શી દશા આપણી, નહિં મેંબર ત્યાં × ખરો. વિલા.
રાજકાજની રીત રૂડી, થઇ વાકેફ ત્યાં ફરો;
કુશળ દીસો છો સઘળા કાનુન, પણ કશું એ નવ કરો. વિલા.
ત્યાં કોઇ ધર્મ નહિં તમ ટાળે, વટલાવે ના નરો;
માંસ મદીરા ત્યાં પણ વર્જિત, જો હિમત મન ધરો. વિલા.
આપણથી ઉદ્યોગી એતો, શોધે છે હુન્નરો;
કળા જોઇને દાખલ કરવા, જાઓ-હવે શું ડરો! વિલા.
જઇ આવ્યો કો બહાદુર નરતો, થઇ નાતેથી પરો;

*વેરા. × પાર્લામેંટમાં.

હવે છોડી દો શેઠ હઠીલાઇ, અડચણુ કાંઇ નવ કરો. વિલા.
અંગ્રેજી ભાષા જે જાણો, દેશ દાઝ જે ધરો ;
તન મન ધન કોંગ્રેસે અર્પિ, ત્યાં પછીથી વિચરો. વિલા.
સ્વદેશોન્નતિ ચાહક. ભટ્ટ.

---

2. DURGADAS.

૨. દુરગાદાસ.

(સાંધણુ પૃષ્ટ ૨૪૬મેથી.)

લાલબાએ માનસિંગને કહ્યું કે ભાઇ, મને મારા પિતા પાસે લેઇ જાઓ. એમ બોલતામાં વિજયસિંગ ને તેજબા આવી પહોંચ્યાં. લાલબા પોતાના પિતાને પ્રેમથી ભેટીને પ્રેમાશ્રુ પાડવા લાગી. વિજયસિંગનું હૈયું પણ ભરાઇ આવ્યું જેમ પિતાને પુત્રી પર તેમ પુત્રીને પિતા પર પૂર્ણ પ્રેમ હતો. અને તે ખરા અંતઃકરણના ઉભરાનો હતો. પણ લાલબાની ઓરમાન માતાના અંતઃકરણમાં તેમાંનો એક અંશ પણ નહોતો. લાલબા પૂર્ણ જુવાનું ખીલતું સૌંદર્ય જોઇ તેના મનમાં જૂદાજ તુરંગો આવતા હતા. તેના મનમાં આવ્યું કે આવી સૌંદર્ય મુર્તિ દુરગાદાસના જોવામાં આવશે તો દુરગાદાસ જ્યારે ગાદીએ બેસશે ત્યારે એ પટરાણી થશે. એની આગળ મારો મુકાબલો કરવો નકામો છે. તેને માલમ નહોતું કે દુરગાદાસ મારવાડની ગાદીના વારસ અજીતસિંગ માટે લઢેછે. અજીતસિંગની હયાતીજ તેને માલમ નહોતી. દુરગાદાસના ખરા સદ્ગુણોની કીમત કરવા જેટલી તેનામાં શકિત નહોતી. તેને તે પોતાના જેવાજ સ્વાર્થી ગુણની લેખતી હતી. વળી દુરગાદાસ પરણેલો પુત્રવાન છતાં અને પોતાની સ્ત્રી હયાત છતાં બીજી પરણશે કે નહિ તેનું તેને ભાન નહોતું. સ્વાર્થ અંધ હોયછે. તે સમજતી હતી કે દુરગાદાસ રાજ્યવૈભવ માટે લઢેછે. હવે સર્વત્ર વિજય મળ્યાથી સર્વ મારૂ ઠાકોરો એને રાજા ઠરાવશે. વિજયસિંગ વૃદ્ધ છે તે મરણ પામ્યાથી દુરગાદાસને પરણી રાજ્ય સુખ ભોગવીશું. આ એની છેલ્લી ઇચ્છાએ સર્વ સદાચારો, સર્વ સદ્ગુણો અને સર્વ શુભ લાગણીઓ દૂર કરાવી હતી. એ ઇચ્છા પાર પાડવામાં જે જે અડચણો

હોય તે દૂર કરવી જોઇએ. એ દૂર કરવાને ગમે તેવી નીચ યુકતઓ કરવી પડે તેની તેને ચિંતા નહોતી. લાલબા એ અડચણોમાં પહેલી આવી તે જુવાન ખુબસુરત અને કુંવારિકા હતી. પોતે તેના કરતાં પુખ્ત વયની ઓછી ખુબસુરત ને પરણેલી હતી. એટલુંજ નહિ પણ વિજયસિંગ હયાત હતા ને તેના પેટમાં બે બાળકો હતાં. આ કારણોથી તે લાલબા તરફ પ્રેમને બદલે દ્વેષભાવથી જોતી હતી. લાલબા તે જાણતી હતી. પણ તે સમજુ હતી. એના ઘર ઉપર અણચિંતી આફત લાવનાર અને ચંદ્રસિંગને પોતાની વીંટી આપી ફસાવનાર એ હતી એમ તેના સમજવામાં આવ્યું હતું, પણ એ સર્વ જાહેરમાં મૂકી કુટુંબ કલેષ વધારવો અને પોતાના પિતાને અને વહાલાંને દુઃખી કરી વેર વધારવું એમાં ડહાપણ નથી એમ સમજતી હતી, તેથી એ સર્વ વાત તેણીએ પોતાના અંતઃકરણની સલામત પેટીમાં પૂરી રાખી હતી

હવે માનસિંગ પોતાની ફોઇ, ફુવા ને ભાઇને બોલાવી લાવ્યો અને સઘળું કુટુંબ એકઠું મળી એક બીજાની ખબર અંતર પૂછવા લાગ્યાં. દિલાવરખાન બહુ ઘાતકી હતો. તેણે સર્વને જૂદાં જૂદાં કેદ રાખ્યાં હતાં. કેદખાનામાં પણ તેમને કોઇ જાતનું સુખ નહોતું. પણ ઇનાયતખાનની રહેમ નજરથી લાલબાને તે દુઃખ દેઇ શકયો નહોતો. બધાં કેદીમાં લાલબાજ માત્ર કાંઇક સારી રીતે રાખી હતી. આ સુખ દુઃખની એક બીજાની વાતો સાંભળી તેઓ સમ દુઃખી થયાં. પણ તે સમય હવે ગયોછે. દુરગાદાસના પ્રતાપથી હવે તેઓ બંધન મુકત સુખી થયાં છે એ વિચાર આવ્યાથી તેઓ પ્રભુનો પાડ માની દુરગાદાસને આશિરવાદ આપવા લાગ્યાં.

બીજે દિવસે સવારમાં દરબાર ભરવાનું હતું. જોધપુરના સુબેદાર વિજયસિંગને બનાવી આસપાસના જે ગઢ હજુ મુસલમાનોના તાબામાં હતા તે જીતવાને જવાનો વિચાર કરવાનો હતો. જે મુસલમાન અમલદારો કેદ પકડાયલા હતા તેની યાદી કરી તેઓલા રજપુત હાકેમો જે દિલ્લીમાં કેદ હતા તેમનો બદલો કરવાને તેમનાં નામ નક્કી કરવાનાં હતાં. તથા છેવટે રાજ્યવ્યવસ્થા કેમ ચલાવવી તે ઠરાવવાનું હતું. મુસલમાન કેદીની યાદી રામસિંગે બનાવી દુરગાદાસના હાથમાં મૂકી. ગંભિરસિંગ તે વખતે દુરગાદાસને પડખે ઉભેલો હતો. તેણે તે યાદી વાંચી અહંમદખાંના નામ ઉપર આંગળી મૂકી કહ્યું કે સાહેબ, આ ગૃહસ્થને આપ માન પૂર્વક બોલાવો છો, તથાપિ તે કોણ છે, તે જ્યારે આપ જાણશો ત્યારે – દુરગાદાસે એ વાકય પૂરૂં ન થવા દેતાં કહ્યું કે

ત્યારે શું જે મહંમદખાંએ મારાં માતુશ્રી પ્રત્યે માનભરી વર્તણુક ચલાવી હતી તેજ મહંમદખાં એ છે કે શું? ગંભિરે કહ્યું કે હા, સાહેબ. એમ કહી આ વખત તેમને શી રીતે આ લડાઇમાં જોડાવું પડયું હતું તેની સર્વ હકિકત કહી સંભળાવી. દુરગાદાસે કહ્યું કે ત્યારે તો મારે તેમનો તે સમયનો આભાર આ વખત માનવો જોઇએ. જે આભાર એ સમયે હું જોખમ ખેડીને માનવા જવાનો હતો તે માનવાનો આ સમય આવ્યો છે. એમ બોલી કેદીઓના મકાન તરફ ચાલ્યો.

પરધર્મી કે દુશ્મન જે કેદીઓ પોતાના તાબામાં આવ્યા હોય તેની બરાબર સંભાળ રખાવવામાં ને રાખવામાં દુરગાદાસ એકકો હતો. કેદીઓને પોતાના સરદારોનાજ ભરોંસા ઉપર દુરગાદાસ રાખતો નહિ. પોતાના સરદારો સખ્ત તાકીદ છતાં તેમની પોતાના હુકમ પ્રમાણે બરાબર બરદાસ્ત લેવાય છે કે નહિ, તેની દુરગાદાસ વખતે વખત તપાસ રાખતો. જેવો જેમનો હોદ્દો તેવી તેમની સંભાળ રખાવતો. સરદ રો ને સાધારણ સિપાઇઓ સર્વની લાયકાત પ્રમાણે સંભાળ રહેતી. તેમને રહેવાની જગા, ખાવા પીવાનું, બીછાનું, સર્વ યોગ્યતા પ્રમાણે મળતું. માંદા સાજાની અને ઘાયલોની. પછી તે દેશી કે પરદેશી, ધર્મી કે પરધર્મી, મિત્ર કે શત્રુ સર્વની સંભાળ રખાવતો ને રાખતો. તેમની ખબર અંતર જાતે જઇ પૂછી આવતો તે ઘાયલોને અને માંદાઓને દિલાસો આપતો. આ પ્રમાણે તે નિત્ય તજવીજ રાખતો હતો. પણ ગંભિરની વાત તેના જાણ્યામાં આવી ત્યાંસુધી તે મહંમદખાંને પિછાની શકયો નહોતો. રાત્રે ઝાડ ઉપર દૂરથી એકજવાર દીઠેલો અને તે પણ છૂપાઇને, તેમ તે વખતે એક નાની ટુકડીના જમાદાર તરીકે આવેલો તે ચાર માસમાં ૨૦ હજાર માણુસના સૈન્યનો ઉપરી થઇને આવે એ સંભવ પણ નહિ આવાં કારણોથી તે પોતાની માતુશ્રી પ્રત્યે માન પૂર્વક વર્તનારને ઓળખી શકયો નહોતો. પણ ગંભિરે એ અંધારામાં રહેલી વાત અજવાળામાં આણી કે તરતજ તે મહંમદખાં તરફ જવાને નીકળ્યો.

તે મહંમદખાંની ખબર લેવા આવ્યો છે એમ જણાવી મહંમદખાંના ઢોલીયા પાસે ગયો કે બીજા મુસલમાન સરદારો દૂર ખસ્યા દુરગાદાસના ચહેરા ઉપરથીજ મહંમદખાં સમજ્યો કે દુરગાદાસે જાણ્યું છે કે હું કોણછું. દુરગાદાસે કહ્યું કે હે! સર્વોત્તમ મુસલમીન, હું તમારા જે કર્તવ્યથી આભારી થયોછું તે કર્તવ્ય અને તે આભાર જન્મપર્યંત ભૂલવાનાં નથી. મારાં પરમ વહાલાં માતુશ્રી

પ્રત્યે આપે જે શુભ વર્તણુક ગાંગાણીના માગ મકાનમાં ચલાવી હતી તે મેં મારી જાતે ઝાડ ઉપરથી જોઇ હતી. હું તે વખતે તમારા શીર ઉપરનાં ઝાડ ઉપર સંતાયો હતો. હું તો તેજ વખતે ઝાડ ઉપરથી કૂદકો મારી તમારો ઉપકાર માનવા તમારી સમક્ષ આવવાનો હતો, પણ તમારા હોદ્દાને હરકત પહોંચશે, એજ વિચારે મને તે વખતે અટકાવ્યો. તે વખતનો સમય પ્રભુએ મને આ વખતે આપ્યોછે અને તેથી હું તમારો આભાર માનુછું. તમારો ઉપકાર કદી વિસરાવાનો નથી. આપણી આજની થએલી દોસ્તી જન્મ પર્યંત જવાની નથી. પ્રભુ તે નિરંતર નિભાવો.

અપૂર્ણ.

---

3. USEFUL HINTS TO AUTHORS.

૩. ગ્રંથ કર્ત્તાને ઉપયોગી સૂચના.

અમે પાછળ કહી ગયા કે ગ્રંથ કર્તાનો ધંધો કેવો છે. તે વિષે દાખલા દૃષ્ટાંતો આપી અમે વિવેચન કર્યું છે. અમારૂં કહેવું એમ નથી કે કોઇએ ગ્રંથ લખવાજ નહિ. માત્ર ગ્રંથ લખવાનો ધંધો લેઈ તે ઉપર નિર્વાહ કરવાની આશા રાખવી એ ઘણે દરજ્જે નિષ્ફળ છે. આપણા હાલના ગ્રંથ કર્તાઓમાં એવો કોઇજ નથી. સઘળા બીજા ધંધા સાથે એ કામ કરેછે. અને તેમ કરવું એતો આવશ્યક છે. પરંતુ ગ્રથ કર્તા થતા પહેલાં તેની યોગ્યતા મેળવવી એ પ્રથમ જરૂરનું છે.

ગ્રંથ કર્તાને કેટલીક સૂચના જરૂરની હોવાથી તે અમે આ નીચે એક અંગ્રેજી પુસ્તકને આધારે આપીએ છીએ.*

દરેક વાંચવા યોગ્ય પુસ્તકમાં સૂચિપત્ર જોઇએ. એ સૂચિપત્રથી વખત બચેછે અને જાણવા જોગ ખબર મળેછે.

જો કોઇ કર્તાના લખાણની નકલ કરવી પડે તો સંભાળથી લખવું કે તે ફલાણી જગાએથી લીધું છે.

જો ઘણા કર્તાના લખાણના ઉતારા કરવા હોય તો તે લખનારનું નામ,

*How to excel in study, 2nd Edition. Page 183.

પુસ્તકનું નામ, આવૃત્તિ વગેરે પુસ્તને છેડે આપવું. પરંતુ સૂચિપત્રમાં તે તે અવસ્ય આપવું જોઈએ.

જો પર ભાષામાંથી લીધું હોય તો તેનો તરજુમો કે મતલબ તેની નીચે આપવાં. અથવા નીચે ટીકામાં કે પુસ્તકને છેડે આપવાં.

ઐતિહાસિક પુસ્તકામાં જ્યારે બદલાય ત્યારે સાલ આંસિયામાં બદલતા રહેવી જોઈએ.

દરેક પાનાને મથાળે ચાલતી લીટીજ કેટલાક લખેછે તેમ કરવું એ નકામું છે. કાંતો તે પાનામાં જે મતલબ હોય તેનું વાક્ય લખવું કે બીલકુલ ન લખવું એ સારૂં છે.

જ્યારે કોઇ અમીર કે ધર્માચાર્યનું નામ લખવું હોય ત્યારે, તેનો હોદો પણ લખવો કેમકે તે વગર ભૂલ થવાનો સંભવ છે.

તારીખ મૂકી દેવાની કે બરાબર નહિ લખવાની ભૂલ સાધારણ હોયછે ને તેથી ઘણોજ ગુંચવાડો થાયછે. ચાલતા વાક્યમાં "આ વર્ષ" એમ લખે પણ તે કયું એ લખતા નથી, માટે આંસિયામાં તે સાલ લખવી જોઇએ.

પોતાનું પુસ્તક જે પુસ્તકોને આધારે લખેલું હોય તે પુસ્તકોના નામની યાદી અને બની શકે તો તે પુસ્તકો કેવાં છે તેની ટુંકી નોંધ આપવી એ સારૂં છે.

પુસ્તક ફરી છપાવતી વખતે કાંતો શબ્દો શબ્દ ફરી છપાવવું. કિંવા જો કાંઇ ફેરફાર કર્યો હોય તો તે બરાબર બતાવવો. કાંઇ મૂકી દેવું, ફેરફાર કરવો કે સુધારો કરવો ને તે ન જણાવવું એ બહુજ નિંદ્યછે.

વળી પુસ્તક છપાવવું તે સારા કાગળ ઉપર સારા છાપખાનામાં છપાવવું જોઇએ. કાગળ ફાટી જાય એવા કે ફુટી નીકળે એવા ન જોઇએ. ને છાપખાનામાં સારાં ટાઇપથી, ટાઇપો બરાબર ઉપડે ને ભરાઇ ન જાય એવી રીતે વગર ભૂલવાળું કાળજીથી છાપતા હોય તે છાપખાનામાં છપાવવું જોઇએ. થોડા પૈસા બચાવવાની ખાતર નઠારા કાગળ વાપરવા, નઠારાં જુનાં બેડોળ ઘસાયલાં ટાઇપથી છપાવવું ને ભૂલો રહેવા દેવી એ વાંચનારાને કંટાળો આપેછે ને ગરાકી ઘટાડી પુસ્તકની કીમત ઓછી કરેછે.

પુસ્તકો બંધાવવામાં પણ સંભાળ રાખવી જોઇએ. પુસ્તકો એવી રીતે બંધાવવાં જોઇએ કે વાંચનારને હાથમાં લેવાં ગમે, ઉઘાડતાં ને પાનાં ફેરવતાં

અડચણ ન પડે અને ઘણી મુદત ચાલે. ઉપયોગી પુસ્તકોને હલકાં પુંઠાં કાગળનાંજ કરેછે અને સ્ટીકથી સીવડાવે છે એ ઠીક નહિ.

પુસ્તકો છપાય ત્યારે, આસપાસ દરેક પાનામાં એટલી કોરી જગા રખાવવી જોઇએ કે તેને શોભા મળે અને બાંધતી વખતે છપાયલું કપાવવામાં ન જાય. બાંધવામાં પણ એટલી કાળજી રહેવી જોઇએ.કે પુસ્તકનાં પાનાં બરાબર કપાય, છાપેલું કપાય નહિ અને સમાંતર હોય.

વળી પુસ્તકની કીમત પણ પુસ્તકનો ઉપયોગ, મહેનત અને ખર્ચના પ્રમાણમાં જોઇએ. સાધારણ માણસોને ઉપયોગી પુસ્તક ઘણાં ભામતી હોય તો તેની ઘરાકી થતી નથી ને મહેનત નકામી જાયછે. થોડો નફો લેઇ પુસ્તકોનો બોહોળો ફેલાવો કરવામાં તે પુસ્તકની મહેનત સફળ થાયછે અને લખનારને સારો નફો મળેછે. પુસ્તકની કીમત ઘણી રાખી પાછળથી તે સસ્તી વેંચવી એ એક જાતની છેતરપીંડીછે તેમ કરતા ગ્રંથ કર્ત્તાએ અચકાવું જોઇએ.

ઈંગ્લાંડની અંદર ગ્રંથ લખનાર અને પ્રસિદ્ધ કરનાર જૂદા જૂદા હોય છે. ગ્રંથ કરનાર લખીને પ્રસિદ્ધ કરનારાને બતાવે છે. પછી તે કાંતો બંને મળીને અમુક ઠરાવથી છપાવેછે કે કાંતો અમુક ઠરાવથી પ્રસિદ્ધ કરતાજ છપાવીને વેચેછે. પરંતુ ગુજરાતમાં તો મૂખ્યત્વે લખનાર ને પ્રસિદ્ધ કરનાર એકજ હોયછે, તેથી તે બાબત વધારે વિવેચન કરવું જરૂરનું નથી.

પરંતુ ગ્રંથ કર્ત્તાને એક સૂચના આપવાની બાકી રહેછે તે આપવી જોઇએ. પ્રુફશીટ સુધારવાં અને તે બરાબર ધ્યાન આપીને સુધારવાં એ ગ્રંથ કર્ત્તાને આવશ્યક છે પ્રથમ તો તેણે છાપવા આપવાનું પોતાનું લખાણ એવું શુદ્ધ ને વંચાય એવું લખવું કે તેમાં પાછળથી ફેરફાર કરવો પડે નહિ, કંપોઝ કરનારાને મહેનત ન પડે અને તેમની મહેનત નકામી ન જાય. ઘણા જણા એવું લખાણ લખેછે કે પોતાનું લખાણ પોતેજ વાંચી શકે નહિ. તેમાં ચેરંચેરા, છેકા, આડા ઉભા લીટા, અહીં તહીં લખાણનો સંબંધ અને શાહીના ડાઘા એટલા હોયછે તથા અશુદ્ધ એટલું લખેલું હોયછે કે કંપોઝીટરથી તે વંચાતું નથી, તેને કંટાળો આવેછે ને ભૂલ ભરેલું કંપોઝ કરેછે તેથી તથા અશુદ્ધ લખાણ પાછળથી સુધારે છે, તેમાં વધારો ઘટાડો ને સુધારો કરેછે તેથી કંપોઝીટરની મહેનત નકામી જાયછે. વળી છાપનારા એવા લખાણનું છપામણી ખર્ચ પણ શુદ્ધ ને સારા લખાણ કરતાં વધારે લેછે. વખત નકામો

જાયછે.

પ્રુફ તપાસનારે પણ બરાબર પ્રુફ તપાસવાં ને સુધારવાં. તે છતાં પણ છપાયા પછી પુસ્તક વાંચી જવું ને જો ભૂલો રહેલી માલમ પડે તો તે સર્વનું એક શુદ્ધિપત્ર આપવું એ સારા ગ્રંથકારની ફરજ છે.

સારા છાપખાના વાળાએ કંપોઝ સુધારવા મોકલતી વખતે કંપોઝની ગ્યાલીઓ પોતે પ્રથમ અસલ સાથે મેલવી અસલ પ્રમાણે કરીને પછી સારા કાગળ ઉપર આસપાસ સુધારવાં જેટલી કોરી જગા રહે એવડા કાગળ ગ્યાલીઓ કહાડી ગ્રંથકર્તા પાસે સુધરાવવા મોકલવી. કેટલાક એવા નઠારા ને નાના કડકા ઉપર ગ્યાલીઓ મોકલે છે કે તે કાગળ લખતાં ને સુધારતાં ફાટી જાય ને સુધારવાની જગા કોરી નહોવાથી સુધારનારને કંટાળો આવે. આ પ્રમાણે ન થવું જોઇએ. તેમ સુધારનારે પણ બરાબર ધ્યાન આપીને, સારા અક્ષરથી, સમજાય એવી નિશાનીઓ કરીને તાબડતોબ સુધારી મોકલવું. તેમ નહિં કરવાથી પણ છાપનારાને બહુ અડચણ વેઠવી પડે છે.

એ પ્રુફશીટ કેમ સુધારવાં—સુધારતાં કેવી નિશાનીઓ ક્યાં કરવી, એ સાધારણ છે—બધે ઠેકાણે એ નિશાનીઓ સરખી હોયછે. છાપખાના વાળાને અને ગ્રંથો છપાવનાર અનુભવીને તે નિશાનીઓ માલમ હોયછે. પણ નવા ગ્રંથકારને તે માલમ હોતી નથી, તેથી ઘણીવાર તે કેમ સુધારવું, એની ગડભાંગમાં પડે છે ને છાપખાનાવાળા તેની નિશાનીઓ નહિ સમજવામાં ગુંચવાય છે, એટલા માટે તેની કેટલીક મુખ્ય મુખ્ય નિશાનીઓ ઉપલાજ ગ્રંથને અને અમારા અનુભવને આધારે અમારા વાંચનારાની જાણને ખાતર આ નીચે આપીએં છીએ.

૧. જ્યારે કોઇ ખોટો અક્ષર હોય તો તે અક્ષર ઉપર ત્રાંસી લીટી મારી તેની જમણી બાજુએ કોરી જગામાં ખરો અક્ષર લખવો.

૨ જ્યારે કોઇ અક્ષર ઉંધો હોય તો તેના ઉપર લીટી મારી સુધારવા માટે રાખેલી જમણી બાજુની કોરી જગામાં સીધો અક્ષર લખવો.

૩ જ્યારે ચાલતા ટાઇપને બદલે કોઇ શબ્દનાં મોટાં ટાઇપ મૂકાવવાં હોય ત્યારે તે અક્ષર કે શબ્દની નીચે બે લીટી દોરી કોરી જગામાં તે ટાઇપનું નામ પાઇકા વગેરે હોય તે લખવું. ને ગૂજરાતીને બદલે બાળબોધ મૂકાવવા હોય તો કોરી જગામાં બાળ એમ ટુંકામાં લખવું.

૪ કોઇ શબ્દનાં ઝીણાં ટાઇપ મૂકાવવાં હોય તો આંસીઆમાં તે ટાઇ-

પનું નામ બરજોઇસ કે જે મૂકાવવાં હોય તે ટુંકામાં લખવું.

૫ કોઇ શબ્દ ચિન્હ કે અક્ષર વધારાનો હોય તે કહાડી નંખાવવો હોય તો તેના ઉપર છેકો મારી આંસીઆમાં & આવી નિશાની કરવી.

૬ જ્યારે ફુલસ્ટાંપ, કામા, વગેરે મૂકાવવી હોય ત્યારે જે શબ્દ પછી તે મૂકાવવી હોય તે શબ્દ ને તેની પછીના બીજા શબ્દની વચે ‸ આવી નિશાની કરી આંસીઆમાં ત્રાંસી લીટી દોરી તે ચિન્હ મૂકવું.

૭ જો કોઇને બદલે કોઇ ચિન્હ મૂકાયું હોય તો તે ચિન્હ છેકી આંસી-આમાં ખરૂં ચિન્હ મૂકવું.

૮ જ્યારે બે શબ્દ છૂટા પડાવવા હોય ત્યારે તે બે શબ્દ વચે ઉભી લીટી દોરી આંસીઆમાં *H* આવી નિશાની કરવી.

૯ બે શબ્દ વચે હાઇફન — આવી નિશાની મૂકાવવી હોય તો તે બે શબ્દ વચે ‸ આવી નિશાની કરી આંસીઆમાં ત્રાંસી લીટી દોરીને – એવી નિશાની મૂકવી. તેમજ કોઇ અક્ષર કે શબ્દ વધારાવવો હોય તોપણ જે જગાએ તે વધારાવવો હોય ત્યાં ‸ આવી નિશાની કરી આંસીઆમાં તે અક્ષર કે શબ્દ લખવો.

૧૦ જ્યારે કોઇ અક્ષરો કે શબ્દો ભેગા કરવા હોય તો તે અક્ષરો કે શબ્દોની નીચે ⌴ આવી નિશાની કરી, આંસીઆમાં પણ તેવીજ નિશાની કરવી.

૧૧ જ્યારે કોઇ જગાએથી કલમ જૂદી પાડવી હોય ત્યારે તે જગાએ [આવી નિશાની કરી આંસીઆમાં પણ તેવીજ નિશાની કરવી.

૧૨ જ્યારે કોઇ ઠેકાણે અવતરણ ચિન્હ કરવું હોય તો તે જગાએ ‸ આવી નિશાની કરી કોરી જગામાં ' આવી નિશાની કરવી.

૧૩ જ્યારે કોઇ બે શબ્દો અવળાસવળી મૂકાયા હોય તો પહેલા શબ્દ ઉપર ⁀ આવી ને બીજા શબ્દ ઉપર ‿ આવી નિશાની કરવી અને કોરી જગામાં 'બદલો' એમ લખવું. પણ જ્યારે કોઇ શબ્દમાં બે અક્ષર અવળાસવળી હોય ત્યારે તે બે અક્ષર નીચે લીટી દોરી કોરી જગામાં તે બે અક્ષર ફરીને લખી બતાવવા.

૧૪ જ્યારે કોઇ ઠેકાણે કંપોઝ કરવાનું બાકી રહી ગયું હોય અથવા નવું વધારવાનું હોય અને આંસીઆમાં પૂરતી જગા ન હોય તો તે ઉપર કે નીચેની કોરી જગામાં લખવું ને જ્યાં ઉમેરવું હોય તે ને જ્યાં ઉમેરવાનું લખ્યું

હોય તે એ જગા એક ઉભી કે ત્રાંસી લીટીથી સાંધવી. પણ જો કંપોઝ કરવાનું રહી ગએલું ઘણુંજ હોય તો ત્યાં નિશાની કરી આંસીઆમાં લખવું કે ‘અસલ જુઓ.’

૧૫ જ્યારે શબ્દો કે લીટીઓ વાંકા ચૂકા હોય—સીધી ન હોય ત્યારે તે શબ્દો કે લીટીઓ નીચે આડી લીટી દોરી આંસીઆમાં સીધી લીટી દોરવી.

૧૬ જ્યાં કલમ ન પાડવી હોય ત્યાં કલમ પાડી હોય તે ભેગું કરવું હોય અથવા એક કલમના થોડા અક્ષર વધ્યાથી બીજી લીટી થતી હોય તે ન થવા દેવી હોય તો ઉપર ને નીચેની લીટી એક આડી લીટીથી સાંધી આંસીઆમાં ‘ભેગું કરો’ કે ‘ઉપર લો’ એમ લખવું.

૧૭ જ્યારે કોઇ શબ્દ કે અક્ષર કહાડીને તેને બદલે બીજો મૂકાવવો હોય તો તે કહાડવાના શબ્દ કે અક્ષર ઉપર છેકો મારી શુદ્ધ આંસીઆમાં લખવો.

છાપવાનાં ટાઇપો નાના મોટી ઘણી જાતનાં હોયછે. તેમ ભાષા પ્રમાણે ગૂજરાતી, બાળબોધ, અંગ્રેજી વગેરે પણ હોયછે. ગૂજરાતમાં મુખ્યત્વે એ ત્રણ ભાષાનાં વપરાય છે. તેમના કદના પ્રમાણમાં તેમનાં જૂદાં જૂદાં નામ હોયછે. ગૂજરાતીમાં બરજોઇસ, સ્મોલ પાઇકા, પાઇકા, ઈંગ્લીશ, ગ્રેટ પ્રાઇમર, ડબલ પાઇકા, ટુલાઇન પાઇકા, ફોરલાઈન પાઇકા વગેરે હોયછે. તેમાં બરજોઇસ નાનામાં નાના છે.

છપાવવામાં ઘણું ખર્ચ કાગળ ને છપામણીનું છે. કંપોઝ કરામણી ખર્ચ તો એક કે દશ હજાર નકલો છપાવો તોપણ તેનું તેજ રહેવાનું. પણ કાગળને છપામણી ખર્ચ સંખ્યાના પ્રમાણમાં વધવાનું. માટે જેમ નકલો વધારે છપાવવામાં આવે તેમ છપામણી કુલ ખર્ચ થોડું પડે. ધારો કે દશ ફારમની ચોપડી છે. હવે તેની સો કોપી છપાવે તો અરધા રીમ કાગળના પાંચ રૂપિઆ, કંપોઝ કરામણી પચાસ રૂપિઆ ને છપામણી દશ રૂપિઆ મળીને પાંસટ રૂપિઆ થાય ને હજાર છપાવે તો પચાસના કાગળ, કંપોઝ કરામણી પચાસ ને છપામણી વીશ રૂપિઆ મળીને એકસો વીશ રૂપિઆ થાય. પણ જો દશ હજાર છપાવે તો પાંચસેંના કાગળ, કંપોઝ કરામણી પચાસ ને છપામણી સવાસો મળીને ૬૭૫ રૂપિઆ થાય. એટલે જેમ સંખ્યા વધારે તેમ કુલ ખર્ચ ઓછું થાય. માટે સસ્તી ચોપડી પ્રસિદ્ધ કરનારાએ તેની

ઘણી સંખ્યા કઢાવવી જોઇએ.

છાપવાના કાગળ ફુલ્સકેપ, ડેમી, ક્રાઉન, રૉયલ, સુપર રૉયલ ને ડબલ ક્રાઉન આટલી જાતના ગૂજરાતીમાં ઘણું કરીને વપરાય છે. પણ તેમાંથી છપાવનાર પસંદ કરે તે જાત ઉપર ને તેવા કદનું પુસ્તક છાપનાર છાપે છે. ગૂજરાતીમાં પુસ્તકો મૂખ્યત્વે ડેમી કાગળ ઉપર બાર પેજી, આઠ પેજી, ને સોળ પેજીના કદમાં છપાવે છે. ચોપાન્યાં ઘણાંખરાં રૉયલ આઠ પેજી છપાય છે. ચોવીશ ને બત્રીશ પેજી કોઇજવાર છપાય છે. એ કદ પસંદ કરવું એ છપાવનારની મરજી ઉપર છે. તથાપિ ડેમી સોળ પેજી, ચોવીશ પેજી કે બત્રીશ પેજી દેખાવડી જણાય નહિ. ચોવીશ કે બત્રીશ પેજી સુપર રાયલ ઉપર સારી થાય ખરી.

બેન જાનસન સારા લખનારા થનારને ત્રણ શીખામણ આપેછે. "૧ ઉત્તમ લખનારાનાં પુસ્તકો વાંચવાં, ૨ સર્વોત્તમ વકતાનાં ભાષણો ધ્યાન દેઇ સાંભળવાં ને ૩ પોતાની લખાણ પદ્ધતિનો વારંવાર મહાવરો કરવો." પોતાની લખાણ શૈલી સુધારવાને તેણે લખતા પહેલાં પ્રથમ વિચાર કરવો કે શું શું લખવું ને તે શી રીતે લખવું. એણે પ્રથમ વિચાર કરીને પોતાને શું લખવું છે તે એકઠું કરવું, અને પછી તે કેવી રીતે લખ્યાથી સારૂં દેખાશે, ને અસરકારક થશે તે વિચારીને શબ્દો લખવા. શબ્દો ને મતલબ એવી રીતે ગોઠવવાં જોઇએ કે તે ભાષા સુંદર થાય. આ કામ ચપળતાથી ને વારંવાર કરવું. પોતાની શૈલી પ્રથમ ગમે તેવી ધીમી હોય તો તેની દરકાર ન રાખવી. ધીમી હોવાથી તે મહેનતથી પણ બરાબર થશે. ઉતાવળા થવાને હોંશ ન રાખવી. ઉત્તમ શૈલી થાય તેવો માર્ગ જોવો. પ્રથમ જેવું લખાયું તેથી સંતોષ ન માનતાં આપણા ધાર્યા પ્રમાણે અને નિયમ પ્રમાણે લખાયું છે કે નહિ તે જોવું. આપણે લખેલું વારંવાર વાંચી જવું. તેમ કરવાથી તો સુધારો કરવાની સૂચના સૂજે છે, વાકય રચના ને મધુરતા સુધરે છે અને વિચાર શકિતમાં વધારો થાય છે, લખ્યા પછી શાંત બેશી રહ્યાથી કલ્પના શકિત પણ શાંત પડેછે, પણ તેજ વારંવાર વાંચ્યા કરવાથી પોતાની શૈલીમાં સુધારો કરવાના નવા નવા પણ સારા તુરંગો આવેછે ને તેથી શૈલી સુધરે છે. તોપણ અમારે કહેવું જોઇએ કે શરૂઆતમાંજ સારી રચના આવી ગઇ તો પછી તેમાં નકામો સુધારો કરવો નહિ. માત્ર તે રચના આપણા મનને સારી લાગે તેવી થવી જોઇએ. પણ સૌથી સુલભ માર્ગ તો એજ છે કે પ્રથમ લખીને વાંચી જવું

ને જેમ સુજે તેમ સુધારો કરતા જવો. શરૂઆતમાં સર્વોત્તમ લખનારાએ પણ એમજ કરેલું. તેમણે સંભાળથી ને મહેનતથી સુધારો કરેલો. કાંઇપણ ઉતાવળથી કરેલું નહિ. તેમણે પ્રથમથીજ સારૂં લખવું એમ નક્કી કરેલું. પછી રીવાજ ને ટેવથી સહેલું થઇ ગએલું. રોજ થોડું પણ સારૂં લખવાથી તે ઘણું લખતા થએલા. તેમના શબ્દ, મતલબ સર્વે જેમ જોઇએ તેમ ગોઠવાયલાં. ટુંકામાં એટલુંજ કે જલદી લખનારા સારા લખનારા થતા નથી પણ સારા લખનારા જલદી લખનારા થાયછે એ ખૂબ યાદ રાખવું. આ અમારી સર્વ સૂચના સારૂં લખવાની ઇચ્છા રાખનારા અભ્યાસીઓને માટેજ છે એમ જાણવું.

---

4. HOW TO PROLONG LIFE.

૪. આયુષ્ય વધારવાની યુક્તિ.

(સાંધણું પાને ૨૫૬મેથી)

હવે આપણે આપણી શોધનું મૂળ જે મનુષ્ય ઇતિહાસ તે તરફ ચાલીએ. અને તેમાંથી આપણી હાલની શોધને ઉપયોગી થાય એવા દાખલા શોધીએ.

તેથી હું માણસ જાતમાં સર્વથી વધારે દીર્ઘાયુષ્યી થયા તેનાં દૃષ્ટાંત મારા વાંચનારને રજુ કરીશ તે ઉપરથી આપણે જોઇશું કે કેવી હવામાં, કેવા લાભદાયી સમયમાં, કેવી સ્થિતિમાં અને શારિરીક અને માનસિક કેવી હાલતમાં તેઓ દીર્ઘાયુષ્ય ભોગવી શકયા. આ ઉપરથી આપણને જગતના ઇતિહાસનો નવાઇ જેવો ભાગ દૃષ્ટ પડશે એટલે મનુષ્યના આયુષ્યનો અને પ્રાચીન કાળની પ્રજાના વૃદ્ધ પુરૂષોનો ઇતિહાસ જણાશે. તેમજ જરૂરને પ્રસંગે તેમના ગુણોનું પણ વર્ણન આપી શકે જેથી આયુષ્યના ટકાવ ઉપર સ્વભાવની કેવી અસર થાયછે તે જણાય.

આપણા લોકો એમ માને છે કે પ્રાચીન કાળમાં પ્રજા વધારે સંપૂર્ણ બાંધાની ને તરૂણ હતી. તેમનો બાંધો મોટો હતો, તેમનું બળ આજે મનાય નહિ એટલું હતું અને તેઓ અસંભવિત દીર્ઘાયુષ્યી હતા. આવી જાતના

વિચાર લાંબી મુદત સુધી માણસ જાતમાં મનાતા હતા, અને તેથીજ કેટલાંક ગપાષ્ટક ઉત્પન્ન થયાં હતાં. આપણા વડીલ આદમની ઉંચાઇ ૨૭૦૦ ફીટની અને ઉંમર હજાર વરસની કહેતાં પણ અચકાયા નહિં.* પરંતુ હાલની બારીક શોધથી માલમ પડ્યું છે કે જે હાડકાં કલ્પિત રાક્ષસોનાં મનાતાં હતાં તે હસ્તીનાં કે ગેંડાનાં છે. તથા બારીક ઇશ્વર જ્ઞાનીઓએ સાબીત કર્યું છે કે પ્રાચીન સમયનું કાળમાન હાલના કાળમાન પ્રમાણે નહોતું. હેન્સલરે સાબીત કર્યું છે કે અબરામના સમય સુધી વર્ષ ત્રણ માસનું ગણાતું હતું. તે પછી આઠ માસનું અને આખરે જોસફના સમયથી બાર માસનું વર્ષ થયું.

આ કહેવું પૂર્વ તરફની કેટલીક પ્રજામાં હાલ પણ ત્રણ માસનું વરસ ગણેછે તેથી સાબીત થાયછે. વળી એ પણ જાણવું જોઇએ કે મહાજળ પ્રલય પછી એકદમ મનુષ્યનું આયુષ્ય શા માટે અર્ધ થઇ જાય. તેમજ એ પણ સમજાતું નથી કે પ્રાચીન કાળના પુરૂષો, સાઠ, સીતેર કે વખતે સો વરસની ઉમર થતા સુધી પરણતા નહિ×. પણ આ શક આપણે પાછળ કહ્યું તે મુજબ ગણતરી કરવાથી દૂર થાયછે. કેમકે તે પ્રમાણે ગણતાં વીશ કે ત્રીશ વરસની ઉમર પરણવાની નીકળે છે કે જે ઉમર યુરોપમાં હાલ ગણાય છે. આ પ્રમાણે સર્વનો ખુલાસો થઇ જાયછે.

મહાજળ પ્રલય પહેલાં ૧૬૦૦ વરસ એટલે ૪૧૪ વરસ. પર મેથ્યુસેલા ૯૦૦ વરસ જીવ્યો એટલે હાલનાં બસેં વરસ. જે અસંભાવિત નથી અને એટલું આયુષ્ય તો પાછલા સમયમાં પણ લગભગ કોઇ કોઇ ભોગવી શકવાને શક્તિમાન થયાના દાખલા આપણે આપીશું.

ધર્મ સિવાયનાં બીજાં ઐતિહાસિક પુસ્તકોમાં આર્કેડિયન રાજા અને યોદ્ધાઓના વર્ણનમાં તેઓ કેટલાક સૈકાના આયુષ્યવાળા હતા એમ લખ્યું છે

---

*આપણાં રામાયણ ને મહાભારતમાં કુંભકર્ણ અને ભીમનાં વૃતાંત એનેજ મળતાં છે. આજે એવાં મનુષ્ય નહોવાથી આપણને ગપાષ્ટક લાગેછે, અને તે ખરૂં પણ હોય.

× આપણા વડીલ પણ લાંબી મુદત સુધી પરણતા નહિ ને દીર્ઘાયુષી હતા. એ વાત શું આ લખનારના કહેવા પ્રમાણે સારે ખોટી કે? પણ તેમ માનતા પહેલાં આપણને ઘણા ખુલાસા મળવા જોઇએ, જે મળવા અશક્ય જેવા જણાય છે.

લખનાર.

પરંતુ તેનો ખુલાસો પણ ઉપલાજ ધોરણથી થઇ શકેછે.

અબરામના વખતથી ઇતિહાસ કાંઇક વધારે ભરોંસા લાયક લખાવા લાગ્યો. તો તેમાં લખેલી ઉમર તો આજે પણ થઇ શકેછે. એ ઉમર કાંઇ અસંભવિત નથી. કેમકે તે વખતના લોકો મિતાહારી હતા તથા તેઓ ભરવાડની ભટકતી જાતના હોઇ પુષ્કળ ખુલી હવાનો ઉપભોગ કરનારા હતા.

ઇસ્રાયલ લોકોના ઇતિહાસ પરથી નીચેની હકીકત મેળવી શકીએ છીએ. અબરામ મહાન દૃઢ મનનો અને સર્વ કામોમાં ફતેહ પામનારો હતો તે ૧૭૫ વરસ સૂધી જીવ્યો હતો. તેનો પુત્ર ઇસાક પવિત્ર ને શાંત પ્રકૃતિનો ને શાંતિને ચહાનારો હતો તે ૧૮૦ વર્ષનો થયો હતો. જેકાબ જે કે શાંતિને ચહાનારો હતો, તોપણ ખંધો ને દાવ પેચી હતો, તે ૧૪૭ વર્ષ, ઇસ્માયલ યોધ્ધો હતો તે ૧૩૭, પ્રાચીન સ્ત્રીઓમાં જેના આયુષ્ય વિષે આપણને માહિતી મળેછે એવી માત્ર સરા છે તે ૧૨૭ વરસ અને જોસફ જે ડાહ્યો અને રાજ્યનીતિજ્ઞ પુરૂષ હતો જેને જુવાનીમાં ઘણી આપત્તિ પડી પણ પાછલા કાળમાં જે માન પામ્યો તે ૧૧૦ વરસ જીવ્યો.

મોઝીસ અદ્ભૂત શક્તિવાળો ને જુસ્સાવાળો તથા કામ કરવામાં શૂરો પણ થોડા બોલો હતો તેને પોતાની જીંદગીમાં ઘણી ચિંતા અને થાક વેઠવાં પડ્યાં હતાં, તે ૧૨૦ વરસનો થયો હતો. લઢવૈયો અને નિરંતર ચપળ જોશુઆ ૧૧૦ વરસનો થયો હતો. ઇલાઇ જે મહામહોપાધ્યાય હતો તે અતિ સ્થુળ અને અરે વગરનો માણુસ હતો તે માત્ર ૯૦ વરસનો મરણ પામ્યો. ઇલિશા પોતાના અને પારકા તરફ ઘણો સખત હતો તથા અનુકુળતા અને ધનને ધિક્કારતો તે સો કરતાં વધારે વર્ષ જીવ્યો હતો. × × ×

એ પછી અમારા લખનારે મિસ્રી, ચાઇનીસ, ગ્રીક અને રોમન લોકના દાખલા આપ્યા છે. પણ તેમાં સો કરતાં વધારે આયુષ્ય ભોગવનાર થોડાજ છે. ક્રીટ બેટનો વતની એપીમીનીડીસ ૧૫૭ વરસનો, લિઓન્ટિયમનો ગોરજીયસ વકતા હતો ને તેણે ઘણી મુસાફરી કરી હતી તથા તેણે પોતાના આયુષ્યનો ઘણો ભાગ જુવાન માણસોની સોબતમાં તેમને શિક્ષા આપવામાં ગાળ્યો હતો તે ૧૦૮ વરસ, ને ડીમો ક્રીટસ નામે કુદરતનો શોધક, સારા સ્વભાવનો ને શાંત મનનો હતો તે ૧૦૯ વરસનો થયો હતો. પીથાગોરસ નામે તત્વજ્ઞાની હતો તે પોતાના ઉપદેશમાં લોકોને પરહેજ પાળવાનું, થોડી

કામ વાસનાવાળા થવાનું, અને કસરત કરવાનું કહેતો. એ બહુ વૃદ્ધ થયો હતો. એ માણુસની જીંદગીના ચાર ભાગ પાડતો. ૧લી વીશીમાં તે બાળક ગણતો, બીજી વીશીમાં જુવાન, ત્રીજી વીશીમાં માણુસ ને ચોથી વીશીમાં વૃદ્ધ નબળો થતો માણુસ. તે પછી જીવનાર ગમે તેટલું જીવે પણ તેને તે માણુસ લેખવતો નહિ. એ સર્વે ગ્રીક હતા. રોમનોમાં સીસીરોની સ્ત્રી ટેરેન્શિયા ઘણી સુશબ્તો અને આપદા વચે સંધીવાનું દરદ છતાં ૧૦૩ વરસની થઇ હતી. રોમનોમાં નાટકકાર સ્ત્રીઓમાં કેટલીક દીર્ઘાયુષ્યી થઇ ગઇ છે. પરંતુ હાલમાં તેમને તે લાભ થતો જણાતો નથી તે ઉપરથી જણાય છે કે પહેલાં કરતાં એ કામમાં હાલ જીવેનેંદ્રિનો પ્રસારો ઘણો થાય છે. લ્યુસીઝા નામે નટી યુવાવસ્થામાં નાટકના તખ્તા પર દાખલ થઇને સો વરસ ખેલ કર્યો. ગેલેરિયા કોપિયોલા પ્રથમ નાટકમાં દાખલ થઇ ત્યારે ૯૦ વરસની હતી તે પછી કેટલીક મુદતે નવાઇ તરીકે પોમ્પીને માન આપવાને અને બીજી વખતે આગસ્ટસને માન આપવાને નાટકના તખ્તા ઉપર આણી હતી.

રોમન પાદશાહ વાસ્પેશિયનના સમયમાં વસ્તી પત્રક થયું હતું તે ઉપરથી જીંદગીની લાંબી હયાતીની કીમતી નોંધ આપણને મળેછે. એ વસ્તી પત્રક ઇ. સ. ૭૬માં થયું હતું તે ઉપરથી ઉપલી નોંધ પ્લીનીએ ઉપજાવી કહાડી છે. એ નોંધ ઉપરથી જણાય છે કે આપીનાઇન પર્વત ને પો નદીની વચમાંના પ્રદેશમાં તે વખતે સો કે તેથી વધારે વર્ષના આયુષ્યવાન ૧૨૪ માણુસો હતાં. એટલે ૫૪ સો વરસના, ૫૭ એકસો દશના, ૨ સવાસોના, ૪ એકસો ત્રીશના, ૪ એકસો પાંત્રીશ ને સાડત્રીશની વચેના અને ૩ એકસો ચાળીશના હતા. એ સિવાય પાર્મામાં ત્રણ ૧૨૦ના ને બે ૧૩૦ વરસના હતા. પ્લેસેનશિયામાં એક ૧૩૦નો અને ફાવેનશિયામાં એક સ્ત્રી ૧૩૨ વરસની હતી. વેલેન્જાસિયમ નામે પ્લેસેનશિયા પાસે નાનું ગામડું હતું તેમાં છ ૧૧૦ વરસના ને ચાર ૧૨૦ વરસના હતા.

આ ઉપરથી આપણે કહી શકીએ કે આયુષ્યની લંબાઇ મોઝીસ, ગ્રીક ને રોમનના સમયમાં આજના જેટલીજ હતી. જગતની ઉમર વધવાની અસર મનુષ્યના આયુષ્ય ઉપર થતી નથી. માત્ર પૃથ્વીની સપાટીનું વધારે ખેડાણ થવાથી તથા તેથી હવામાં થતા ફેરફારથી મનુષ્યના આયુષ્ય ઉપર જે અસર થાય તેની આપણાથી ના કહેવાય નહિ. જેમકે ઇટાલીમાંજ વાસ્પેશિયનના વખતમાં જેટલી ઉમરનાં જેટલાં માણુસો હતાં તેટલી ઉમરનાં

તેટલાં માણસો આજે નથી. પરંતુ તેનું કારણ એ કે તે વખતે જંગલ ને ઝાડી ને લીધે હવા વધારે થંડી હતી ને તેથી માણસો વધારે મજબુત રહેતાં. વળી જમીનની કુદરતી ગરમીમાં પણ ફેરફાર થાય એ સંભાવત છે. તે એક ઠેકાણે વધારે અને એક ઠેકાણે કમી થઇ જાય.

ત્યારે આ શોધનું પરિણામ એ આવ્યું કે પહેલાંની પેઠે આજે પણ માણસ તેટલી ઉમરનું થઇ શકે. તફાવત માત્ર એટલોજ કે પ્રાચીન કાળમાં આજના કરતાં ઘણાં જણ ઘણાં વૃદ્ધ થતાં. માટે હવે આપણે જૂદી જૂદી હાલતના માણસોના આયુષ્યની તજવીજ કરીએ.

પ્રથમ આપણે પાદશાહ, રાજા કે જગતમાં મોટા કહેવાતા મનુષ્યોથી શરૂ કરીએ. જ્યારે કુદરતે તેમને આ જગતના સર્વ વૈભવ ને સુખ આપ્યાં છે ત્યારે શું તેમને કુદરતની સર્વથી ઉત્તમ બક્ષિસ દીર્ઘાયુષ્ય પણ આપ્યું છે? ના. પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસ કહેછે કે એ હક તેમને સર્વથા મળ્યો નથી. પ્રાચીન ઇતિહાસોમાં થોડાજ રાજાઓ એવા થયા છે કે તેઓ ૮૦ વરસના થયા હોય. તેજ પ્રમાણે હાલમાં પણ છે. રોમન ને જર્મન સર્વ રાજાઓ આગસ્ટસથી માંડીને આજ સુધીના ગણીએ તો ૨૦૦ કરતાં વધારે થાય છે તેમાં આગસ્ટસ ને ટાઇબેરિયસને બાદ કરતાં માત્ર ચારજ રાજા (ગોર્ડીયન, વેલેરિયન, આનાસ્ટાશિયસ ને જસ્ટિનિયન) એંશી વરસના થયા હતા.

આગસ્ટસ શાંત ને સારા સ્વભાવનો પણ કામ કરવામાં ચપળ અને હસમુખો હતો. ખાવામાં મિતાહારી પણ વિદ્યા હુન્નરના કામમાં મન રાખનારો હતો તે ૭૬ વરસનો થયો હતો. તે માત્ર સાદો ખોરાક ખાતો, ને જ્યારે ભૂખ લાગે ત્યારેજ ખાતો. એક પૌંડ કરતાં વધારે દ્રાક્ષનો દારૂ પીતો નહિ, અને ખુશમિજાજ ને સારી સોબત એજ મશાલો ગણતો. મનની શાંત દીર્ઘાયુષ્યને ઉપયોગી છે. એમ ગણતાં તે એક સમયે સખત બિમાર થયો ત્યારે તેના વૈદ્યોએ ગરમી અને ગરમ પાણીનું નાહાવણ એની ભલામણ કરી, પણ તેથી તેની તબીયત વધારે બગડી. ત્યારે એન્ટોનિયસ મુસા નામે વૈદ્યે તેને થંડા રહેવાની અને થંડા પાણીના નાહાવાની સલાહ આપી અને તે પ્રમાણે કરવાથી એની તનદુરસ્તી સુધરી. આ ઉપરથી જણાય છે કે યુરોપમાં પ્રાચીન કાળમાં પણ થંડા પાણીના નાહાવણનો ઉપયોગ માલમ હતો.

ટાઇબેરિયસ પાદશાહ બે વરસ વધારે જીવ્યો હતો. તે તોફાની સ્વભા-

વનો ને શોખી હતો, પરંતુ તે પરહેજી પાળનાર તથા મોજશોખમાં પણ પોતાની તનદુરસ્તીની સંભાળ રાખનારો હતો. તેથી તે કહેતો કે માણસ ત્રીશ વરસની ઉમર થયા પછી પોતે શો ખોરાક લેવો એ બાબત વૈદ્યની સલાહ માગે તો તેને મૂર્ખ જાણવો. કેમકે દરેક માણસ લગાર ધ્યાન આપ્યાથી પોતાને શું ઉપયોગી અને શું ગેરઉપયોગી છે તે જાણી શકેછે.

રાજાઓ મૂકીને પોપની ગાદીએ આવનાર ધર્માચાર્યો લેઇએ તો તેમાં પણ કોઇ દીર્ઘાયુષ્યી થયો છે એમ કહી શકાય નહીં. સુમારે ત્રણસેં પોપ થયા તેમાં માત્ર પાંચ ૮૦ વરસના થઇ શકયા છે, અને તેઓ પણ પોતાની મોટી ઉમરે પોપની ગાદીએ આવ્યાથી તેમને વધારે દીર્ઘાયુષ્યી થવાનો સંભવ હતો ત્યારે.

એમ છતાં ત્યાગી, વૈરાગી, તત્વજ્ઞાની, યોગી ઇત્યાદિમાં દીર્ઘાયુષ્યી ઘણા થયાના દાખલા મળી આવેછે. આવા પુરૂષો દીર્ઘાયુષ્યી થએલાના આપણા પ્રાચીન પૂર્વજોમાં કલ્પિત લાગે એવા દાખલા છે. એટલુંજ નહિ પણ કેટલાક તો ચીરંજીવીનાં નામો છે. પણ જે વાત હાલની પશ્ચિમની કેળવણીને યોગે આપણા માનવામાં ન આવે તે કોરે મૂકી યુરોપના દાખલા લઇએ તો તેમાં પણ ઘણા મળેછે. એ વર્ગના લોક સાદો ખોરાક ખાતા, આત્મસંયમ કરતા, ધ્યાન ધરતા, મન મારતા, કામ વાસનાથી દૂર રહેતા કે તે વાસના ઉપ્તન્ન થાય એવી ચીજ સામું પણ ન જોતા, શરીર કસરત ને ખુલ્લી હવા મળે તેમ વર્તતા. તત્વજ્ઞાનીઓ પણ કુદરતના શોધમાં નિમગ્ન રહેતા. પોતે જેની શોધમાં રહેતા તેમાં કાંઇ જડયાથી પરમ સંતોષ ને પરમાનંદ પામતા. પાલ નામે સાધુ, એ ગુફામાં સખત પરહેજી પાળી ૧૧૬ વરસનો થયો હતો. સેંટએંથેહેની ૧૦૫ વરસનો થયો હતો. પીથાગોરસના માર્ગી તત્વજ્ઞાનીઓ ઇંદ્રિયદમન અને મન વશ કરવામાં તથા પરહેજી પાળવામાં પોતાનો ધર્મ સમજતા. એ માર્ગીઓમાં આપોલોનિયસ સો કરતાં વધારે વરસનો અને ઝેનો ફિલસ ૧૦૬ વરસનો થયો હતો. ડિમોનાકસ નામે તત્વજ્ઞાની ખરો સદ્ગુણી ને વિતરાગી હતો તે સો વરસનો થયો હતો. એના મરતા અગાઉ એને પૂછયું કે કેવી રીતે દટાવવાંને તમે ખુશી છો? તેણે કહ્યું કે એ વિષે તમે વિચાર ન કરો. મડદાની વાસજ એનો તરતજ નિકાલ લાવશે ત્યારે એના મિત્રોએ કહ્યું કે તમે શું કૂતરા ને પક્ષીનો ખોરાક થવા માગોછો? તેણે કહ્યું શા માટે નહિ? મારી આખી જીંદગીમાં મારાથી બન્યું તેટલું મેં મનુષ્યના ઉપયોગમાં

અવાય એવું કર્યું છે, તો મારા મે'ત પછી હું શા માટે થોડા પણ જનાવરોના ઉપયોગમાં ન આવું.

અપૂર્ણ.

---

5. INDIAN WHEAT IN ENGLAND.

૫. હિંદુસ્તાનના ઘઉં ઇંગ્લાંડમાં.

આપણા દેશની આબાદીનો મૂખ્ય આધાર આ દેશની ખેતી ઉપર છે. આ દેશની જમીન બહુ ફળદ્રુપ છે અને તેમાં જાતજાતની હવા દેશની વિસ્તિર્ણતાને લીધે હોવાથી તેમાં ઘણી તરેહના પાક થાયછે. અનાજ અને તે સિવાયની બીજી ચીજો ઘણી થાયછે કે જે પરદેશોમાં પોશાઇ તેનાં નાણાં આપણને મળેછે. પ્રથમ આપણા દેશની કાચી પેદાશનો પાકો માલ પણ આપણા દેશમાંજ થતો; અને તે માલ પરદેશોને આપણે પૂરો પાડતા. જે પરદેશી વેપારીઓ એશિઆ, આફ્રિકા ને યુરોપના આ દેશમાં મધ્ય સમયમાં આવતા હતા તે આપણા દેશમાં થએલો પાકો માલ લેવાજ માટે, અને તેથીજ એ મધ્ય કાળમાં આપણો દેશ પૈસે ટકે ભરપૂર ને આબાદ હતો. પરંતુ હાલમાં તે ચક્ર ફરી ગયું છે. પાકો માલ વેચનારને બદલે હાલ આપણે ખરીદનારા થયા છીએ. આપણો કાચો માલ પરદેશોમાં જાયછે અને તેઓ તેનો પાકો માલ બનાવી આપણા દેશમાં આપણા ઉપયોગ માટે મોકલે છે. એ કાચા માલમાં આ દેશમાંથી મૂખ્યત્વે રૂ, ગળી, શણ વગેરે છે. તે સિવાય ચાહ, ઘઉં ચોખા ઇત્યાદિ પણ પરદેશોમાં જાયછે. રૂનો પાકો માલ બનાવવાને આપણા દેશમાં સંચા નીકળ્યા છે ને તેમાં જાડુ સૂતર ને કાપડ થાય છે પરંતુ આપણા રૂમાં અમેરિકન રૂ જેવું ચીવટપણું ન હોવાથી અદ્યાપિ આપણા રૂનો ઝીણો માલ બનાવી શકતા નથી, અને તેથી ઝીણા માલ સારૂ આપણે મૂખ્યત્વે યુરોપી માલ ઉપર આધાર રાખવો પડેછે.

આપણું અનાજ, ચાહ, ગળી, કાચો માલ વગેરે ખરીદ કરનારા દેશોમાં

મુખ્ય દેશ ઇગ્લાંડ છે. ઇંગ્લાંડમાં અનાજ થોડું થાયછે અને તેથી તેને અનાજ માટે પારકા દેશો ઉપર આધાર રાખવો પડેછે. એ તો સ્વાભાવિકજ છે કે ખરીદનાર જેનો માલ સારો ને સસ્તો હોય તેનોજ ખરીદે. માટે ઇંગ્લાં-ડ આદિ દેશોમાં આપણો માલ સારો ને સસ્તો મળે તો ઇગ્લાંડને બીજા દેશનો માલ લેવ ની ગરજ રહે નહિ. એ દેશનો સરખો માલ હોય તો તેમાં ઇંગ્લાંડ આ દેશીય માલ પ્રથમ ખરીદશે કેમકે તેમ કરવામાં પણ ઇગ્લાંડને આડકતરો લાભ છે. માટે આપણો માલ બીજા દેશો જેવો ને તેટલી કીમતે ઇંગ્લાંડમાં મળે તેમ થવાને આપણે મહેનત કરવી એ આપણા દેશની ઉન્નતિનું સાધન કર્યા બરાબર છે. કેમકે આજના સમયમાં આપણા દેશની ઉન્નતિનો મુખ્ય આધાર આપણો માલ પરદેશોમાં વધારે ખપે તેના ઉપર છે. એ માલ આપણા દેશમાં વપરાય તે જતાં વધારાનો માલ હોવો જોઇએ. મતલબ કે હાલ જેટલો ને જેવો માલ થાયછે તે કરતાં પુષ્કળ ને સારો માલ થાય તોજ આપણને લાભ કરતા છે, અને તેમ થવાનો આધાર ખેતીમાં અને પાક ચોખો કરવાની રીતમાં સુધારો કરવા ઉપર છે. એ સુધારો કરનાર ખેડુત લોકો છે. એટલે એ પાક પુષ્કળ અને વધારે ચોખો શી રીતે થાય તેનું જ્ઞાન આપણા દેશના ખેડુતોને આપવું એ આ દેશની ઉન્નતિચાહક સુધારકોને આવસ્યક છે.

આ દેશની ખેતી સુધારવા સંબંધી ઘણું લખાયું છે તથાપિ તેમાંનું થોડુંજ આ દેશના ખેડુતોના કાન ઉપર જાયછે. તેમ થવાથી એ લખનારા-ની મહેનત વ્યર્થ જાયછે. માટે ખેડુતોના ઉપયોગની બાબતો ખેડુતોના કાન ઉપર જવી જોઇએ, એટલુંજ નહિ, પણ તેનો શક્તિવાન ખેડુતો ઉપયોગ કરી અજમાયસ કરે તોજ તે લખાણ સાર્થક થાયછે. આજે અમે આ દેશના ઘઉં વિલાયતમાં અમેરિકાના ઘઉં જેટલા પોશાતા નથી માટે તેના પાકની સુધા-રણા કેમ કરવી તે બાબત અમૃત બજાર પત્રિકામાં એક વિષય આવ્યો છે તે ખેડુતોના અને ઘઉંના વેપારીઓના લાભનો જાણી આ નીચે ઉતારીએ છીએ. એ વિષય એટલો ઉપયોગી છે કે તેની સમજણ ઘઉં પકવનાર ખેડુતોને થવી જોઇએ છીએ. માટે આ ચોપાનીયું વાંચનાર દરેક મહેતાજીને અમારી ભલામણ છે કે તેમણે એ વિષય પોતાના ગામના ઘઉં પકવનાર ખેડુતોને વાંચી સમજાવી તેનો ઉપયોગ કરવાની સલાહ આપવી. એમ કરવાથી તેમણે આ દેશની એક સેવા બજાવી ગણાશે.

"ઇંગ્લાંડના બજારમાં શણ, ચાહ, ગળી વગેરે જેવાં જરૂરનાં થઇ પડ્યાં છે, તેમ હિંદના ઘઉં પણ થાય એવાં ચિન્હ જણાય છે. તા. ૮મી મેને દીવસે ઇંગ્લાંડમાં ઇંડિયા હાઉસમાં હિંદના ઘઉં વિષે વિચાર કરવાને જે મંડળી લાર્ડ ક્રાસના ઉપરીપણા નીચે મળી હતી તેના રીપોર્ટ ઉપરથી એ વાત સાબીત થાયછે. એ મંડળીમાં શરૂઆતમાં લાર્ડ ક્રાસે કહ્યું કે હિંદના સેક્રેટરી આફ સ્ટેટ તરીકે હિંદના ઘઉંની નિકાશ ઉપર લક્ષ આપવાનું મારૂં કામ છે. એમ કહી એમણે એ મંડળી સમક્ષ કેટલીક હકીકત અને આંકડા કહી સંભળાવ્યા જે આ દેશીય લોકને જાણવા આવશ્યક છે. આજથી પંદર વરસ ઉપર હિંદના ઘઉં પરદેશ ખાતે માત્ર ૪૧૭૦૦૦ ટન જતા હતા. પણ જો આપણે સન ૧૮૮૩થી ૧૮૮૭ સુધીનાં ચાર વરસની સરાસરી કહાડીએ તો લગભગ દશલાખ ટન ઘઉંની દર વરસે નિકાશ થએલી જણાય છે. સન ૧૮૮૭માં હિંદના ઘઉંની ઇંગ્લાંડમાં ૮૬૨૫૯૮૬૦.૩પિઆ કીમત ઉપજી હતી."

હવે આપણે તપાસ કરીશું તો માલમ પડશે કે હિંદના અંગ્રેજી રાજ્યમાં સુમારે બે કરોડ એકર જમીનમાં ઘઉં વવાય છે, અને દેશી રાજ્યોમાં સુમારે નેવું લાખ એકર જમીનમાં ઘઉં થાયછે, એ ઉપરથી માલમ પડેછે કે એ વેપાર ઘણો કીમતી અને તેથી તે ઘણો નફો મેળવી આપનાર થઇ પડે. ગ્રેટબ્રિટન ને આયર્લાંડમાં દુનિઆના જૂદા જૂદા જે દેશોમાંથી ઘઉં આવેછે તેના આંકડા તપાસતાં સન ૧૮૮૫-૮૯ના આંકડાની સરાસરી નીચે પ્રમાણે આવેછે. યુનૈટેડસ્ટેટસ—સ્વતંત્ર સંસ્થાનમાંથી ૧૯૪૬૦૦૦ ટન, હિંદમાંથી ૫૮૦૦૦૦ ટન, રૂશિઆથી ૩૯૫૦૦૦, કાનડામાંથી ૧૫૩૦૦૦, જર્મનીથી ૧૫૨૦૦૦ અને આસ્ટ્રેલિયાથી ૧૩૪૦૦૦ ટન. એ રીતે હિંદ બીજે નંબરે આવેછે, પરંતુ હિંદના ઘઉંની કેટલીક ખામીઓ દૂર કરી શકાય તો બેશક થોડા વરસમાં હિંદી ઘઉં, સ્વતંત્ર સંસ્થાનના ઘઉંને પણ મહાત કરે.

ઇંગ્લાંડમાં હિંદી ઘઉં વિષે સારો અભિપ્રાય છતાં, એમાંનો કચરો અને ભેળ એનો ઓહોળો વપરાસ થતો અટકાવે છે. હિંદના ઘઉંમાં બે જાતનો ભેળ થયેલો કહેવાય છે. એટલે એક તો જૂદી જૂદી જાતનાં અનાજના દાણા જેવા કે જવ, ચણા વગેરે અને બીજો ભેળ ધૂળ, માટી, કાંકરા વગેરે. એ ભેળ ઇંગ્લાંડના વેપારીઓને કહાડાવી સાફ કરાવવા પડેછે અને

તેમ કરતાં ખર્ચ થવાથી હિંદના ઘઉં જેટલા મોંઘા વેચાવા જોઇએ તે કરતાં વધારે મોંઘા પડેછે. શેફીલ્ડનો મીલ—ધણી મી સેમ્યુઅલ સ્મીથ ઉપર કહેલી મંડળીમાં હિંદના ઘઉંની ભેળ બાબત નીચે પ્રમાણે બોલ્યો હતો.

"હું દર અઠવાડીએ સો ટન ઘઉં હિંદના વાપરૂં છું, પણ તે અગાઉ મારે તેને બે વાર સાફ કરાવવા પડેછે. અને જે ગૃહસ્થ બોલ્યા કે ચોખા ઘઉંની કીમત આપો તો ચોખા ઘઉં મળે, તો હું મારે પોતાને માટે તો કહુંછું કે હું ચોખા ઘઉં ખરીદવાને ઘણો ખુશી છું, કેમકે ત્યારે મારે માત્ર એકજ વેળા તેને સાફ કરવા પડશે. એ માટે મારે એક ખાસ જુદું સાફ કરનારૂં ખાતું રાખવું પડેછે. તેમાં અમારે કેટલાક ઘઉં તો પાણીમાં નાખવા પડે છે, અને તેમ કરતાં ઘઉંમાં પડેલાં સળાનાં કાણાં વાટે પાણી અંદર જઇ તેમાંના સત્વના ભાગને ભીજાવે છે. અને તેથી કેટલીક વાર એ ઘઉં નિરૂપયોગી કરી નાંખેછે. અને તેનું નુકશાન દીલગીરી સાથે આપણે ખમવું પડેછે. બીજા લોકો એ કરતાં બીજી સારી રીતે એ ઘઉં ચોખા કરતા હોય તો તે મારા જાણવામાં નથી. તેમ હું એ પણ કહેતો નથી કે ખેડુતો હાલ સાફ કરેછે તે કરતાં વધારે સારા સાફ કરશે, કેમકે તેમ કરવાનાં તેમની પાસે સાધન નથી. અને કદાચ જે જગાએ ઘઉં થાયછે ત્યાંથી ખરીદ કરી બંદરમાં જઇ વેચનાર વેપારીને પણ ઘઉં સાફ કરાવતાં અડચણ નડતી હોય પરંતુ વહાણમાં ચઢાવનાર વેપારી જો એ ઘઉં સાફ કરાવી જયા પાડી અમેરિકામાં કરેછે તે મુજબ વહાણે ચડાવે તો તેને શી અડચણ નડે? જો તેઓ હાલના કરતાં સેંકડે પાંચ જેટલા ચોખા કરે અને ભેળ કહાડી નખાવે તો તેમ કરતાં તેમને જે ખર્ચ થાય તે કરતાં પણ એ ઘઉંની કીમત હું વધારે આપીશ."

ત્યારે હવે આપણે વિચારવાનો મોટો સવાલ એ છે કે આપણે હાલ જેવા ઘઉં મોકલીએ છીએ તે કરતાં વધારે ચોખા કરીને મોકલવા. હિંદમાં આવી ગએલો એક અંગ્રેજ ગૃહસ્થ જે હાલ ઈંગ્લાંડમાં રહેછે અને જે ઘઉંના સવાલ ઉપર બહુ લક્ષ આપેછે તે અમને (અમૃત બજાર પત્રિકા વાળાને) એ બાબત નીચે મુજબ લખેછે.

"શેફીલ્ડના મી. સેમ્યુઅલ સ્મીથ સાથે હું સંબંધમાં આવેલો છું અને મેં જાતે એમની મીલમાં જઇને ઘઉંને ચોખા કરવાની કૃતિ પહેલેથી તે છેલ્લે સૂધી જોઇછે. તે ઉપરથી હું ધારૂં છું કે ઘઉં ચોખા કરવાની કૃતિ કાંઇ

બહુ મુસ્કેલ નથી તેમ તે કાંઇ કીમતી પણ નથી, માટે તે મુજબ જો ઘઉં ચોખા કરીને મોકલવામાં આવે તો હિંદના ઘઉંની ઈંગ્લાંડમાં બહુ ખપત થાય. એ સંબંધી અમારે જે વાતો થઇ છે તે હું હિંદમાં પાછો આવીશ ત્યારે તમને જણાવીશ. પરંતુ એ વિષય બહુ અગત્યનો છે. મી. સ્મીથ એ બહુ અનુભવી અને ફતેહમંદ પુરૂષ છે. પોતાની ૮૦ વરસની ઉમર છતાં ૪૦ વરસના જુવાન જેવો ચપળ છે. તથા પોતાના દાંતવડે ઘઉં ચાવીને તેના ગુણ દોષ કહી શકે એવો છે. એ કહેછે કે ઘઉં વાવનારા અને મીલ વાળાની વચમાં હાલ ઘણા વેપારીઓ ઘઉંનો વેપાર કરેછે. (ગામડાના પરચુરણ વેપારી ખેડુત પાસેથી ખરીદનાર, શહેરના કે કસબાના વેપારી એ ફુટકળ વેપારી પાસેથી ખરીદનાર, બંદરના વેપારી અને છેવટે મીલ વાળા કે કદાચ હજુ પણ વચમાં એકાદ વેપારી વધે.) એટલા બધા વચલા વેપારીઓ ન રહેતાં ઘઉં ઉપંન કરનારા અને સંચા વાળા જેમ વધારે નજીક આવતા જાય તેમ વધારે સારૂં. "લંડન આસોસિએશન" તમે જુઓ છો કે હાલની રીતને પસંદ કરનારી છે અને લીવરપુલ "થોડા કચરાવાળા ઘઉંની અને પ્રમાણિક ધંધાની તરફેણમાં છે. ઇંગ્લાંડના બજાર માટે ઘઉં તૈયાર કરવામાં કાંઇ બહુ મુસ્કેલી નથી. થોડાક કેળવાયલા અને ધંધાની ખોળ કરનારા માણસો ઝાટકવાના થોડાક સંચા મગાવી ખેડુતોને આપે કિંવા પોતે રાખીને ઝટકાવે તો બસ જો ડહાપણથી અને ઉત્સાહથી એ કામ ઉપાડી લેવામાં આવે તો તેથી ઘણો ફાયદો થાય."

એ પ્રમાણે આપણા દેશીઓમાંના ઘણાને માટે એક નવિન ક્ષેત્ર ખુલ્લું થાયછે. એ તો સ્પષ્ટ છે કે ઘઉંમાં જૂદી જૂદી જાતના દાણા આવેછે તેનું મૂખ્ય જોખમ ખેડુતોને માથે છે. એક પાક બગડે તો બીજો સુધરે એ ઇરાદાથી ખેડુતો ઘઉંની સાથે જવ, ચણા અને બીજાં કેટલીક જાતનાં બીજ વાવેછે કે ઘઉં બગડશે પણ બીજો પાક તો થશે. × એ મિશ્ર બીજ ભેગાં વવાય

× ગુજરાતના ઘઉં પકવનાર એ પ્રમાણે ઘઉં નહિ થાય તો જવ, ચણા કે બીજું અનાજ થશે એ આશાથી જાણી જોઇને મિશ્ર કરેછે એમ નથી. પરંતુ ખળાવાડમાં જૂદી જૂદી જાતનાં અનાજના ઢગલામાંથી, ખેડુતના કે વેપારીના ઘરમાં બેદરકારીથી કે ખળામાં ઘઉં સાફ કરતાં પ્રથમ રહેલા કોઇ દાણા ખલું બરાબર નહિ વળાયાથી મિશ્ર થાયછે. જાણી જોઇને મિશ્ર કરનાર અભાગીયો ખેડુત તો જવલ્લેજ હશે.

છે, ભેગાં ઉગે છે ને ભેગાં ઝુડવામાં આવેછે. હવે ખેડુતો પાસે કચરવાનું, ઝુડવાનું કે ઝાટકવાનું યાંત્રિક સાધન ન હોવાથી તે ઘઉંના ચોખા કરવાને સુપડા વડે પવનમાં ધાર પાડેછે ત્યારે માત્ર ભુસુ ઉડી જાયછે ને મિશ્ર અનાજ એકઠુંજ રહેછે—જુદુ પડતું નથી.

ઘઉંમાં કચરો, માટી વગેરે હોયછે તેનું કારણ ખેડુતોમાં ઘઉં સાફ કરવાની જે પરાપૂર્વથી રીત ચાલી આવેછે તે રીત છે. એક ખળાવાડી કરી ત્યાં સર્વ જાતના અનાજના છોડના જુદા જુદા ઢગલા કરવામાં આવેછે, અને તેની નજીકમાં એક સપાટ જગામાંથી ઘાસ વગેરે ખોદી કહાડી તેને વાળી કહાડે છે અને કોઇ કોઇ માટીનો થાપ દેઇ પાણી છાંટી કચરી જમીન કઠણ બનાવી સૂર્યને તાપે સૂકાવા દેછે. પછી એ જગામાં સર્વ અનાજ કચરેછે, ઝુડેછે, ઝાટકે છે, ઉપણે છે ને સાફ કરેછે. એ ક્રિયા થતી વખતે એ ખળી થોડી કે ઘણી ઉખડી જાયછે, અને અનાજ ભરતી વખતે તેની સાથે ધૂળ, નાની કાંકરી, માટી વગેરે પણ ભળી જાયછે. તે ઉપણતી વખતે બહુ સંભાળથી ઉપણતાં છતાં પણ ધૂળ કે ભુસુ ઉડી જાય, પણ માટીની ને પથરની કાંકરીઓ ઉડી જતી નથી.

આપણા ઘઉંમાં જુદી જુદી જાતનાં અનાજ ન ભળે તેને માટે જો ખેડુતો કાળજી રાખે, ઘઉં ચોખા કરીને ચોખી જમીનમાં વાવે અને નીંદતી વખતે ઘઉં સિવાયના સર્વ છોડ નીંદાવી નાંખે, તથા ખળામાં કે ઘરમાં બીજાં અનાજ ભળે નહિ તેવી કાળજી રાખે તો ઘઉંમાં બીજી જાતનાં અનાજ હોવાનો સંભવ રહેશે નહિ. તેમ ઘઉંમાં માટીના ને પથરના કાંકરા ન આવે તે સારૂ એક સંભાળ રાખવાની છે એટલે ખળામાં ગુણપાટ, સાદડી કે એવું સસ્તુ બીછાનું નાંખી ઘઉં ચોખા કરવાની સર્વ ક્રિયા કરવામાં આવે તો ઘઉં-માં માટી કે કાંકરી પણ ભળે નહિ. મતલબ કે ઘઉં ચોખા કરતી વખતે જમીન અને દાણાનો સંબંધ ન થાય એવું એક કોઇપણ જાતનું અંતરપટ રાખવામાં આવે અને ઘઉં ચોખા કરવાની સર્વ ક્રિયા કરે તો ઘઉંમાં કાંકરી કે માટી ભળશે નહિ. આવી જાતની સમજણ આપણા કેળવાયલા ભાઇઓ ખેડુતોને આપે અને તેમ કરવાની ટેવ પાડે તો આપણા ખેડુતોને અને દેશને ઘણો લાભ થશે. એ સંબંધમાં ઉપર કહેલી મંડળીના રીપોર્ટમાં આપેલી સૂચનાઓ જે આપણે ધ્યાનમાં લેવા જોગ છે, તે અમે આ નીચે ઉતારી લેઇએ છીએ.

"ઝુડવાના અને ઉપણવાના સંચાનો ઉપયોગ કરવામાં આવે તો ખચીત ખેડુતો સારા ઘઉં આપી શકે, પણ હિંદમાંથી ચોખા ઘઉં મેળવવાને એ સંચાઓ કાંઇ આવશ્યક છે એમ નથી. કેમકે જો ઘઉંનાં ચોખાં બીજ, ચોખી જમીનમાં વવાય, અને ઘઉં પાકયા પછી તેમાંથી ઘઉં છૂટા પાડવાને કચરવાની, ઝુડવાની ને ઉપણવાની ક્રિયા થતી વખતે જમીન સાથે ઘઉંના દાણાનો સંબંધ ન થાય અને એ તૈયાર દાણા ભરી મૂકતી વખતે ચુનાગછી વાળી ખાણોમાં કે કોથળામાં ભરી મૂકે તો ખેડુત ચોખા ઘઉં આપણને આપી શકશે અને તેમને હાલ જે ખર્ચ થાયછે તેમાં માત્ર નહિ જેવો વધારો થશે.

"જો ઘઉં જમીનના સંબંધમાં ન આવે માટે ખળી જેવડું ગુણપાટ બનાવી પછી જો ઘઉં ચોખા કરવામાં આવે તો થોડે ખર્ચે ઘઉંમાં માટી, કાંકરી ઇત્યાદિ ભળતાં અટકાવી શકશે."

"અનાજ સાફ કરવાના વરાળના સંચા વાપરવાના સંબંધમાં ઘણું કહેવાનુંછે પરંતુ એ સંચાનો ઉપયોગ હિંદમાં ધીરેધીરે દાખલ થવો જોઇએ. એટલે એ સંચાથી થતી અસરની રાહ જોવી એ જે સુધારો થવો જરૂરનોછે તેને લાંબી મુદ્દત સુધી મુલતવી રાખવા બરાબરછે."

વરાળનાં હળ હિંદમાં કામ લાગ્યાં નહિ. પણ અમે આશા રાખીએ છીએ કે અનાજ સાફ કરવાનાં વરાળયંત્ર વધારે સારાં ઉપયોગી થાય. " જરૂરીયાત એ શોધનું મૂળછે" એ કહેવત પ્રમાણે કદાચ ઘઉં સાફ કરવાનો કોઇ બીજીજ જાતનો નવિન સંચો બનશે, અને હિંદના ઘઉંના ઉગતા ઉદ્યોગને ઉત્તેજન આપશે.

॥ विज्ञान विलास. ॥

VIDNYAN VILAS.

પુસ્તક ૨૦ મું. સન ૧૮૮૯. અંક ૧થી ૧૨.

दोहरो.

दीव्य विचार दीवेलथी, मति दीप महत प्रकाश ;
करे हृदमां कारमो, आ विज्ञान विलास. १.

ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી.

પ્રગટકરનાર,

विद्या गुण प्रकाशक सभा.

રાજકોટ.

કાસીદાસ બ્રીજભુખણદાસે પોતાના કાઠિઆવાડ જનરલ પ્રેસમાં છાપ્યું.

રાજકોટ.

કીમત વરસ ૧ના રૂ. ૨-૦-૦. છૂટક ગ્રાહકો ત્રણ માસમાં અગાઉથી ન વાળે તો રૂ. ૨-૮-૦, ટપાલ ખર્ચ આના ૦-૩-૦ જૂદું.

PUBLISHED BY THE VIDYA GUN PRAKASHAK SOCIETY.

RAJKOT.

અનુક્રમણિકા.

વિજ્ઞાન વિલાસ સન ૧૮૮૯ પુસ્તક ૧૯મું.

વિષય.	પૃષ્ટ.
આયુષ્ય વધારવાની યુક્તિ ...	૮-૨૭-૬૧-૧૭૫-૨૩૨-૨૫૦-૨૫૬
આરોગ્ય લક્ષ્મિ સાધના	૮૬-૧૦૯
આર્ય વૈદક શાસ્ત્ર તથા આર્ય ધર્મ શાસ્ત્રનું ઐક્યમત	૧૮૬-૨૧૦-૨૨૬-૨૫૬
ઉદ્યોગની ઉત્તમતા	૧૪૫
એક વિચિત્ર ભેટ	૧૯૩
કોલેરા સાથના કોલકરારો	૧૫૬
ગત વર્ષ	૨૦
ગૃહ કેળવણી	૧૬
ગ્રંથ કરતૃત્વ	૨૨૮-૨૪૬
ગ્રંથ ક-ર્તાને ઉપયોગી સૂચના	૨૬૯
ગ્રાન્વિલ શાર્પ	૧૭૯-૨૦૫
જાત સ્વભાવ નહોય તો સારી સંગતથી શું	૨૪૧
જીવને શીખામણ	૯૭
જીવન બીજ વિર્ય	૧૯૯
તૃષ્ણા વિષે	૭૩
દુરગાદાસ	૨-૫૨-૭૫-૧૭૦-૧૯૪-૨૨૦-૨૪૨-૨૬૬
નવ રસથી ઉપ્તન થતાં માનસિક સ્વરૂપ વિષે	૧૬૫
નાનામાંથી મોટા કેમ થવાય...	૩૯
નાગજી મહારાજના કુંડળીઆ...	૧૪૪
પરચૂરણ...	૪૮
પર સ્રીનો સંગ ન કરવા વિષે...	૧૨૧
પાલિસિ	૧૨૨
પુસ્તકોની પહોંચ ...	...૪૪-૧૧૩-૧૬૭-૧૮૫-૨૧૩-૨૩૮-૨૬૩
પોરબંદર પ્રદર્શન	૧૩૭
પ્રભુ પ્રાર્થના	૧
ફ્રૅાંકલિ	૧૫૨
બુડાંઇને બદલે ભરાઇ...	૭૧-૮૪
મનુષ્યોનો નીતિ સંબંધી આત્મિક સ્વભાવ	૧૩
મન શક્તિનો ઉપયોગ...	૬૨

મરહુમ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડળીક ૧૪૩-૧૪૬
વર્ષા વર્ણન ૧૬૯
વાકેંદ્રિય (વાણી સ્થાનના અવયવો) વિષે... ... ... ૧૦૩-૧૫૯
વિદ્યાર્થી ભૂષણ ૫૭-૭૯
વિલાયત જવા વિષે... ... ... ૨૬૫
સને ૧૮૮૯ના વર્ષ વિષે ૨૫
સજ્જન સમાગમ... ... ... ૩૧
સત્ય પ્રેમ દર્શક એક ચમતકારી વાર્તા ૬૪
સ્ત્રીનું શીયળ ભંગ કરવા વિષે હિંદુસ્તાનનો કાયદો... ... ... ૯૮
સુજ્ઞ સ્ત્રીએ મુર્ખ પતિને મુર્ખાઇ માટે કહેલાં વચન... ... ... ૨૧૭
શ્રી જગદીશ્વર પ્રસન્ન... ... ... ૧૬૭
હાલના સુધારાવાળા ૪૯
હિંદુસ્તાનના ધણી ઇંગ્લાંડમાં... ... ... ૨૮૨

નીચે લખેલી ચોપડીઓ અમારી આફીસમાંથી વેચાતી મળશે રોકડે નાણેથી વેચવામાં આવશે. પરદેશવાળાને ટપાલ ખરચ વધારે પડશે. જેને જોઇએ તેણે અમને લખવું. ટપાલનો જુમો મંગાવનારને શીર છે.

	કીમત.	ટપાલખરચ
દેશીનામાની પદ્ધતિ આવૃત્તિ ચોથી ...	૦—૪—૦ ...	૦—૦—૬
સાસુ વહુની લડાઇ	૧—૦—૦ ...	૦—૧—૬
જ્યોતિષ વિષે નિબંધ	૧—૦—૦ ...	૦—૧—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧ ...	૦—૪—૦ ...	૦—૦—૬
,, ,, ભાગ. ૨ ...	૦—૬—૦ ...	૦—૧—૦
હિંદુસ્તાનની ભુગોળ	૦—૫—૦ ...	૦—૦—૬
ઇશ્વર પ્રાર્થના માળા	૧—૦—૦ ...	૦—૨—૦
પુસ્તકમાળા અંક ૧૩થી તે ૨૫ સુધી ...	૦—૦—૧થી૪પાઇસુધીની	૦—૦—૬ દરેક
યજુર વેદની સંધ્યા	૦—૨—૦ ...	૦—૦—૬
ભર્તૃશતક	૧—૦—૦ ...	૦—૦—૬
સપ્તશતી સટીક	૨—૦—૦ ...	૦—૨—૦
શિવપુરાણ	૨—૮—૦ ...	૦—૨—૦
મહીમ્નમૂળ	૦—૧—૬ ...	૦—૦—૬
વૃંદમૂળ	૦—૬—૦ ...	૦—૦—૬
પંચીકરણ	૦—૮—૦ ...	૦—૦—૬
સુંદર શૃંગાર	૨—૮—૦ ...	૦—૨—૦
વૃંદ સટીક	૧—૪—૦ ...	૦—૧—૦
વ્યંગ્યાર્થ કૌમુદી ... — ...	૦—૬—૦ ...	૦—૧—૦
અંધેરી નગરીનો ગર્દ્ધવસેન	૧—૪—૦ ...	૦—૨—૦
ખાંડ બનાવવા વિષે નિંબધ	૦—૪—૦ ...	૦—૦—૬
પ્રથુરાજ ચહુઆણ	૧—૦—૦ ...	૦—૧—૦
સંયોગ જંન્યરોગ	૧—૧૨—૦ ...	૦—૨—૦
કચ્છ ગરબાવળી	૦—૬—૦ ...	૦—૦—૬
બાળ સંધ્યોપાસના	૦—૧—૦ ...	૦—૦—૬
ફ્રાંસ રેવોલ્યુશન	૦—૧૨—૦ ...	૦—૧—૦
શિરસ્તેદાર	૦—૬—૦ ...	૦—૦—૬
ટુંકી કહાણી ભાગ ૧	૦—૮—૦ ...	૦—૧—૦
,, ભાગ. ૨	૦—૮—૦ ...	૦—૧—૦
સિધરાજ જયસિંહ	૧—૪—૦ ...	૦—૨—૦
કુસુમ માળા	૦—૮—૦ ...	૦—૧—૦
મેવાડની જાહોજલાલી	૨—૦—૦ ...	૦—૨—૦
હંટરકૃત હિંદના ઇતિહાસનોસાર... ...	૦—૫—૦ ...	૦—૦—૬
કંજુસનાં કર્મની કહાણીઓ.	૦—૬—૦ ...	૦—૦—૬
મોતીની માળા	૦—૬—૦ ...	૦—૦—૬
હલાહલ	૦—૬—૬ ...	૦—૦—૬
મિત્રતા વિષે નિબંધ	૦—૬—૦ ...	૦—૦—૬
દલપત શત શહી	૦—૭—૦ ...	૦—૦—૬
સ્વાભાવિક ધર્મ	૦—૧૦—૦ ...	૦—૦—૬
નવા મોટા અંકગણિતના મનો[illegible]	૦—૮—૦ ...	૦—૦—૬
ચતુરસિંહ પ્રવાસ...	૧—૮—૦ ...	૦—૨—૦
જાત-મહેનત (Self-help) ...	૩—૦—૦ ...	૦—૪—૬

ચોપડીઓનું લીસ્ટ.

	કીમત.	ટપાલ ખરચ
બાલલગ્ન બત્રીશી...	૦—૨—૬ ...	૦—૦—૬
નિબંધ રીત......	૦—૬—૦ ...	૦—૦—૬
હિંદુસ્તાનનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
મુંબઇ ઇલાકાનો નકશો	૦—૦—૮ ...	૦—૦—૬
કાઠીઆવાડનો ,, ...	૦—૦—૮ ...	૦—૦—૬
શંકર દિગ્વજય મૂળ સહિત ભાષાંતર ...	૪—૦—૦ ...	૦—૩—૬
ગૂજરાતી પ્રાઇમરી નિશાળના બાળવર્ગની સઘળી બાબતોની ખુલાસાવાર નોટ...	૦—૧—૦ ...	૦—૦—૬
,, પહેલા ધોરણની નોટ... ...	૦—૧—૬ ...	૦—૦—૬
,, બીજા ધોરણની નોટ... ...	૦—૫—૦ ...	૦—૦—૬
,, પાંચમા ધોરણની નોટ ...	૦-૧૦—૦ ...	૦—૧—૦

મેહતાજી અને નિશાળીઆ માટે ઉપયોગી.

કાઠિયાડની ભૂગોળ વિદ્યા એક રૂપિઆની અઢાર પ્રત. **મુંબઇની ભૂગોળ વિદ્યા—ગૂજરાતના પૂરેપૂરા ઇતિહાસ સાથે,** એક રૂપિઆની ૧૧ પ્રત; બે રૂપિઆ કરતાં વધારે રાખો તો તેર પ્રત મુજબ. **ભરતખંડની ભૂગોળ વિદ્યા**—ભાવ, મુંબાઇ ઇલાકાની ભૂગોળ વિદ્યા પ્રમાણે. **પૃથ્વીની ભૂગોળ વિદ્યા**—એક રૂપિઆની ૭ પ્રત. ગૂજરાતી ચોથા ધોરણ માટે **મુસલમાની રાજ્યનો ઇતિહાસ**—એક રૂપિઆની સાત પ્રત. **ભૂમિતિ પ્રકાશ**—એક રૂપિઆની પાંચ પ્રત; દરેકને **માટે પોસ્ટેજ માફ.**

પુરૂષોત્તમ કહાનજી ગાંધી—લીંબડી. કાઠિયાવાડ.

સમાચાર.

૧૮૯૦ના જાન્યુઆરીની બીજી તારીખથી ઉપરના નામવાળું ગૂજરાતી ભાષાનું વર્તમાન પત્ર અમારા તરફથી બહાર પડશે.

જેઓ ચોકસ ઠેકાણા સાથે પોતાનાં નામ લખી મોકલશે તેને

ઉપલું પત્ર

વગર લવાજમે અને વગર પોસ્ટેજે મોકલવામાં આવશે.

આ પત્રના ગ્રાહકોને ભેટ આપવા માટે પંદર વીશ ઉમદા પુસ્તકો પસંદ કરેલાં છે.

તથા

ભેટ આપવાનાં સુંદર પિક્ચરો માટે ખાસ વિલાયતથી મંગાવવા ગોઠવણ કરીછે.

વગર પૈસે આવડો મોટો લાભ લેવા માટે એક કાર્ડથી ચોકસ નામ ઠામ લખી મોકલો એટલે દર વખત પહોંચતું કરવામાં આવશે.

જામનગર આતંક નિગ્રહઔષધાલય.	વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી